# પ્રવચનસાર – પીયૂષ

## જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન

❖ પ્રકાશક ❖

શ્રી ગ્રાંડ રેપિડ અમેરિકા મુમુક્ષુ મંડળ

અમેરિકા

# પ્રવચનસાર – પીયૂષ

## જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન

❖ કમ્પ્યુટર ઈ-બુક ❖

**ઈન્ફોસોફ્ટ સર્વિસીઝ**

૭૦૭, સ્ટાર ચેમ્બર્સ, હરીહર ચોક,

રાજકોટ ૩૬૦૦૦૧, ફોનઃ (૦૨૮૧) ૨૫૭૧૨૮૬

❖ પ્રથમ આવૃત્તિ ❖

પ્રત : ૫૦૦ વિ.સં. ૨૦૬૨ ઈ.સ. ૨૦૦૬

❖ કિંમત ❖

રૂા. ૧૦/-

❖ કોમ્પ્યુટર ટાઈપસેટીંગ ❖

**શિવાની કોમ્પ્યુટર્સ-પ્રિન્ટર્સ**

૧૧૧, કોમલ ચેમ્બર્સ, ચૌધરી હાઈસ્કૂલ સામે, કસ્તુરબા રોડ,

રાજકોટ - ૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૪૭૧૭૧૪

❖ મુદ્રક ❖

**કિતાબઘર પ્રિન્ટરી**

શ્રોફ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

ફોન : (૦૨૮૧) ૨૪૪ ૯૬૭૮

# અનુક્રમણિકા


| ગાથા નં. | પાના નં. | ગાથા નં. | પાના નં. | ગાથા નં. | પાના નં. |
|---|---|---|---|---|---|
| ગાથા – ૧,૨,૩,૪,૫ | ૧૩ | ગાથા – ૩૫ | ૬૪ | ગાથા – ૬૨ | ૧૨૨ |
| ગાથા – ૬ | ૧૮ | ગાથા – ૩૬ | ૬૭ | ગાથા – ૬૩ | ૧૨૫ |
| ગાથા – ૭ | ૧૯ | ગાથા – ૩૭ | ૭૧ | ગાથા – ૬૪ | ૧૨૮ |
| ગાથા – ૮ | ૨૧ | ગાથા – ૩૮ | ૭૨ | ગાથા – ૬૫ | ૧૩૦ |
| ગાથા – ૯ | ૨૨ | ગાથા – ૩૯ | ૭૩ | ગાથા – ૬૬, ૬૭ | ૧૩૨ |
| ગાથા – ૧૦ | ૨૫ | ગાથા – ૪૦ | ૭૪ | ગાથા – ૬૮ | ૧૩૪ |
| ગાથા – ૧૧, ૧૨ | ૨૭ | ગાથા – ૪૧ | ૭૫ | ગાથા – ૬૯ | ૧૩૫ |
| ગાથા – ૧૩ | ૨૮ | ગાથા – ૪૨ | ૭૮ | ગાથા – ૭૦, ૭૧ | ૧૩૮ |
| ગાથા – ૧૪ | ૩૨ | ગાથા – ૪૩ | ૮૦ | ગાથા – ૭૨ | ૧૪૦ |
| ગાથા – ૧૫, ૧૬ | ૩૫ | ગાથા – ૪૪ | ૮૨ | ગાથા – ૭૩ | ૧૪૧ |
| ગાથા – ૧૭ | ૩૭ | ગાથા – ૪૫ | ૮૩ | ગાથા – ૭૪, ૭૫ | ૧૪૨ |
| ગાથા – ૧૮ | ૩૯ | ગાથા – ૪૬ | ૮૮ | ગાથા – ૭૬ | ૧૪૩ |
| ગાથા – ૧૯ | ૪૧ | ગાથા – ૪૭ | ૯૦ | ગાથા – ૭૭ | ૧૪૪ |
| ગાથા – ૨૦ | ૪૨ | ગાથા – ૪૮ | ૯૨ | ગાથા – ૭૮ | ૧૪૫ |
| ગાથા – ૨૧ | ૪૫ | ગાથા – ૪૯ | ૯૬ | ગાથા – ૭૯ | ૧૪૮ |
| ગાથા – ૨૨ | ૪૬ | ગાથા – ૫૦, ૫૧ | ૯૮ | ગાથા – ૮૦ | ૧૪૯ |
| ગાથા – ૨૩ | ૪૮ | ગાથા – ૫૨ | ૧૦૦ | ગાથા – ૮૧ | ૧૫૪ |
| ગાથા – ૨૪, ૨૫, ૨૬ | ૫૦ | ગાથા – ૫૩ | ૧૦૩ | ગાથા – ૮૨, ૮૩ | ૧૫૫ |
| ગાથા – ૨૭ | ૫૨ | ગાથા – ૫૪ | ૧૦૬ | ગાથા – ૮૪, ૮૫ | ૧૫૯ |
| ગાથા – ૨૮, ૨૯ | ૫૪ | ગાથા – ૫૫ | ૧૦૭ | ગાથા – ૮૬ | ૧૬૧ |
| ગાથા – ૩૦ | ૫૫ | ગાથા – ૫૬ | ૧૧૦ | ગાથા – ૮૭ | ૧૬૩ |
| ગાથા – ૩૧ | ૫૭ | ગાથા – ૫૭ | ૧૧૧ | ગાથા – ૮૮, ૮૯ | ૧૬૫ |
| ગાથા – ૩૨ | ૫૮ | ગાથા – ૫૮ | ૧૧૨ | ગાથા – ૯૦ | ૧૬૬ |
| ગાથા – ૩૩ | ૫૯ | ગાથા – ૫૯ | ૧૧૩ | ગાથા – ૯૧ | ૧૬૮ |
| ગાથા – ૩૪ | ૬૨ | ગાથા – ૬૦ | ૧૧૭ | ગાથા – ૯૨ | ૧૬૯ |
| | | ગાથા – ૬૧ | ૧૨૦ | | |

# પ્રસ્તાવના

મહાવિદેહ ક્ષેત્રેના વર્તમાન તીર્થંકરદેવ શ્રી સીમંધર સ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી કુંદકુંદઆચાર્ય વડે બોધ ન આવ્યો હોત, શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવે તેમના હૃદયમાં પેસી જઈને ગંભીર આશયોને વ્યક્ત ન કર્યા હોત અને જેમનો આપણા ઉપર અસીમ ઉપકાર વર્તે છે તેવા પરમ મહામંગલકારી સદ્‌ગુરુ કહાન ગુરુદેવ, સ્વાનુભૂતિ પ્રકાશિત પૂ. બહેનશ્રી અને કુંદકુંદ ભારતીના પનોતા પુત્ર આદરણીય પંડિતજીની આપણી જ માતૃભાષામાં થયેલી જિનવાણી માતાની પ્રભાવના અત્યારે જો વિદ્યમાન ન હોત તો આવા દુષમ કાળના પ્રભાવ નીચે સાચા માર્ગથી વિખૂટા પડેલા પાત્ર જીવોને ફરી પાછા સાચા માર્ગમાં સુસ્થાપિત કોણ કરત ?

એજ દુષમકાળની ઘેરી અસર ઉપરાંત થોડા વર્તમાન પુણ્યના ઉદયફળરૂપ અને બાહ્યમાં થોડી સાધન સંપન્નતાની માદક અસર વચ્ચે અમો શાંતિભર્યું જીવન વીતાવતા અને અમારી ''માનેલી સાચી સમજણપૂર્વક'' યથાશક્તિ સ્વાધ્યાય કરતા હતા. ત્યાં કેમ જાણે ''સદ્ અવસર આ ચુકા હૈ'' એવા એક અચંબારૂપે પૂ. ગુરુદેવશ્રી અને પૂ. ભગવતી માતાના અચિંત્ય પ્રતાપથી શ્રી સોનગઢ ટ્રસ્ટ પ્રેરિત પાંચ માસના ટૂંકા ગાળામાં ઉપરાઉપરી ચાર ચુનંદા વિદ્વાન સ્કોલરોને અમારા ઘરે મોકલી અને દરરોજ બારથી ચૌદ કલાક અવિરત પ્રતિબોધ આપી એમણે એકવાર તો સાક્ષાત્ સુવર્ણપુરીનું સ્વાધ્યાય મંદિર જીવંતરૂપે ખડું કરી દીધું હતું અને કેમ જાણે જ્ઞાનીઓના સાક્ષાત્ આશીર્વાદ અમારા ઉપર વરસી રહ્યા હતા.

મનુષ્યભવની દુર્લભતા, વર્તમાન મનુષ્યભવની સાચી સાર્થકતા, સાચા સુખનું સ્વરૂપ, સાચા વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર, વિશ્વનું ખરું બંધારણ, દ્રવ્યનું અંતરંગ બંધારણ, વિશ્વનું અનેકાંતમય સ્વરૂપ અને તેને વ્યક્ત કરનારી સ્વાદ્‌વાદ કથનશૈલી, નય અને પ્રમાણ જ્ઞાનનું સ્વરૂપ, આપણી મૂળમાં ભૂલ, અને તેનો અકસીર ઉપાય. આવી તદ્દન પાયાની અને મૂળભૂત માહિતીથી પણ વંચિત એવા અમ સુવર્ણપુરીથી વિખુટા પડેલા અને પરદેશમાં વસતા, પણ પરંતુ પાત્ર જીવોને આ વિદ્વાન સ્કોલરોએ આવી અને પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂ. ભગવતી માતાએ પ્રરૂપેલ શુદ્ધ જૈનદર્શનના સિદ્ધાંત મુજબ અમારા જ્ઞાનને વ્યવસ્થિત ન કર્યું હોત તો પૂ. ગુરુદેવના શુદ્ધ માર્ગમાં અમે પ્રવેશ કેમ કરી શક્યા હોત ?

જે જૈન દર્શનના શુદ્ધ સિદ્ધાંતો અમને પ્રાપ્ત થયા તે, જિજ્ઞાસુ પાત્ર જીવોને થોડો શ્રમ લઈને પણ વ્યવસ્થિત અભ્યાસ કરવો હોય તો ઉપયોગી થાય તે આશયથી જેન તત્ત્વદર્શન ભાગ ૧ થી ૫ નું પ્રકાશન કરવામાં સક્રિય ભાગ લેવાનો સુઅવસર અમને પ્રાપ્ત થયો હતો. તેને મળેલા પ્રતિસાદથી અમો વધુ ઉત્સાહિત થયા છીએ

આચાર્ય ભગવંતના મૂળ શાસ્ત્રોના અભ્યાસ બધા મુમુક્ષુઓએ કરવો જોઈએ એવો બધા જ્ઞાનીઓનો અભિપ્રાય છે. પૂ. ગુરુદેવશ્રીએ બધા શાસ્ત્રો ઉપર પ્રવચનો આપ્યા છે અને એના દ્વારા શાસ્ત્રના અર્થ કરવાની રીત, ચાવી બધા મુમુક્ષુઓને આપી છે. જેથી શાસ્ત્ર સ્વાધ્યાય કરવા ઈચ્છુક જીવોને યોગ્ય માર્ગદર્શન અવશ્ય મળ્યું છે. શુદ્ધાત્માને કેન્દ્રમાં રાખીને જ શાસ્ત્ર સ્વાધ્યાય કરવાની રીત અને તેની અગત્યતા પૂ. ગુરુદેવે સ્પષ્ટપણે સમજાવી છે. પાંચ

પરમાગમોમાં પ્રવચનસાર શાસ્ત્રનો અભ્યાસ બધાને કઠીન લાગે છે. પરંતુ પં.કા. શ્રી હિંમતભાઈ તેનો જ અભ્યાસ પ્રથમ કરવા ઉપર ભાર મૂકતા હતા. અને તે યોગ્ય જ છે એમ અમોને પણ લાગ્યું છે. રાજકોટમાં નિયમિત બે વખત શાસ્ત્ર સ્વાધ્યાય થાય છે. અમોએ પણ તેનો પ્રત્યક્ષ લાભ લીધો છે. વળી પરોક્ષપણે તે લાભ હજુ પણ ચાલુ જ છે. રાજકોટમાં પ્રવચનસાર શાસ્ત્ર ઉપર સ્વાધ્યાય ચાલતો હતો ત્યારે ડૉ. પ્રવીણભાઈએ પોતાના માટેની એક હાથ નોંધ પણ તૈયાર કરી છે. જે બધાને લાભનું કારણ થાય તેમ છે. તેના આધારે આ લખાણ તૈયાર કરવામાં આવ્યું છે જે પ્રવચનસાર પીયૂષ ભાગ ૧, ૨ અને ૩ રૂપે જિજ્ઞાસુ જીવોના નિજકલ્યાણ અર્થે પ્રસ્તુત કરતાં અમો અત્યંત ધન્યતા અનુભવીએ છીએ.

સોનગઢથી પ્રકાશિત પ્રવચનસાર શાસ્ત્રની પ્રસ્તાવનામાં પં. શ્રી હિંમતભાઈએ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર વિષે જે લખ્યું છે તે અહીં તેમના શબ્દોમાં વાંચીએ.

એવા આ પરમ પવિત્ર શાસ્ત્રને વિષે ત્રણ શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધનું નામ જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન છે. અનાદિ કાળથી પરસન્મુખ જીવોને ''હું જ્ઞાનસ્વભાવ છું અને મારું સુખ મારામાં જ છે'' એવી શ્રદ્ધા કદી થઈ નથી અને તેથી તેની ઓશિયાળી પરસન્મુખ વૃત્તિ કદી ટળતી નથી. એવા દીન દુઃખી જીવો પર આચાર્ય ભગવાને પરમ કરુણા કરી આ અધિકારમાં જીવનો જ્ઞાનાનંદસ્વભાવ વિસ્તારથી સમજાવ્યો છે. તેમ જ કેવળીના જ્ઞાન અને કેવળીના સુખ માટેની ધોધમાર ઉત્કૃષ્ટ ભાવના વહાવી છે. ''ક્ષાયિક જ્ઞાન જ ઉપાદેય છે, ક્ષાયોપશમિક જ્ઞાનવાળા તો કર્મભારને જ ભોગવે છે, પ્રત્યક્ષ જ્ઞાન જ એકાંતિક સુખ છે, પરોક્ષ જ્ઞાન તો અત્યંત આકુળ છે, કેવળીનું અતીંદ્રિય સુખ તે જ સુખ છે, ઈંદ્રિયજનિત સુખ તો દુઃખ જ છે, સિદ્ધભગવાન સ્વયમેવ જ્ઞાન, સુખ ને દેવ છે, ઘાતિકર્મરહિત ભગવાનનું સુખ સાંભળીને પણ જેમને તેની શ્રદ્ધા થતી નથી તેઓ અભવ્ય (દૂરભવ્ય) છે'' એમ અનેક અનેક પ્રકારે આચાર્ય ભગવાને કેવળજ્ઞાન અને અતીંદ્રિય પરિપૂર્ણ સુખ માટે પોકાર કર્યો છે. કેવળીનાં જ્ઞાન અને આનંદ માટે આચાર્ય ભગવાને એવી ભાવભીની ધૂન મચાવી છે કે તે વાંચીને સહેજે એમ લાગી જાય છે કે વિદેહવાસી સીમંધર ભગવાન પાસેથી અને કેવળીભગવંતોના ટોળા પાસેથી ભરતક્ષેત્રમાં આવીને તુરત જ કદાચ આચાર્ય ભગવાને આ અધિકાર રચી પોતાની હૃદયોર્મિઓ વ્યક્ત કરી હોય. આ રીતે જ્ઞાન અને સુખનું અનુપમ નિરૂપણ કરી આ અધિકારમાં આચાર્ય ભગવાને મુમુક્ષુઓને અતીંદ્રિય જ્ઞાન અને સુખની રુચિ તથા શ્રદ્ધા કરાવી છે અને છેલ્લી ગાથાઓમાં મોહ-રાગ-દ્વેષને નિર્મૂળ કરવાનો જિનોક્ત યથાર્થ ઉપાય સંક્ષેપમાં દર્શાવ્યો છે.

અમારી આ ભાવના જિનવાણીમાતા પ્રત્યેની ભક્તિથી અને ભવભયથી ડરતાં ડરતાં સાકાર પામે છે. જે કોઈ ક્ષતિ રહી ગઈ હોય તે તો અમારી અપૂર્ણતા જ દર્શાવે છે. સહુ ભવ્ય જીવો આનો પૂરો લાભ લે એવી ભાવના સહિત,

**''મહિમા અહો એ કેવળ જ્ઞાનનો**
**મહિમા અહો એ ભાવિ તીર્થંકરદેવા સૂર્યકીર્તિનાથનો.''**

**શ્રી ગ્રાંડ રેપિડ અમેરિકા મુમુક્ષુ મંડળ વતી,**
**શ્રી નીતિનભાઈ ભીમાણી**

# પ્રવચનસાર

કુંદકુંદાચાર્યદેવ રચિત પાંચ પરમાગમોમાં પ્રવચનસારનું એક આગવું સ્થાન છે. સમયસાર શાસ્ત્રમાં નવતત્ત્વના વિસ્તાર દ્વારા શુદ્ધાત્માના સ્વરૂપને દર્શાવવામાં આવ્યું છે. શુદ્ધાત્માને કેન્દ્રમાં રાખીને જીવનું સ્વરૂપ અને જીવના પરિણામને તથા દ્રવ્યકર્મને જે પ્રકારે નિયમભૂત નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. નવતત્ત્વના અભ્યાસ દ્વારા શુદ્ધાત્માની પ્રાપ્તિ કઈ રીતે થાય તે પ્રકાર સમયસારમાં લીધો છે.

આપણું વર્તમાનજ્ઞાન ગુણભેદને સમજી શકે છે. દ્રવ્યનું સીધું જ્ઞાન થતું નથી તેથી પ્રવચનસાર શાસ્ત્રમાં જીવના ગુણો દ્વારા જીવની ઓળખાણ કરાવવામાં આવી છે. જીવના ત્રણ પ્રધાન ગુણો તે જ્ઞાન, દર્શન અને ચારિત્ર. તે ગુણભેદ દ્વારા જીવનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. પ્રવચનસાર શાસ્ત્રનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને મુમુક્ષુ સમાજ ઉપર મહાન ઉપકાર કરનારા આદરણીય પં.શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે સુંદર મધુરો ઉપોદ્ઘાત લખ્યો છે. પોતે જે રીતે આ શાસ્ત્રને સમજયા છે અને પોતાને જેનો અંતરંગમાંથી  મહિમા આવ્યો છે તેને પોતે પણ પોતાના સુંદર શબ્દો દ્વારા વર્ણવ્યો છે. ઉપોદ્ઘાતનો તેટલો ભાગ વાંચવાથી આપણને આ શાસ્ત્રનું શું હાર્દ છે તેની સામાન્ય સમજણ થાય છે. આચાર્યદેવના આશયને, હૃદયને સ્પર્શીને ટીકાનો અનુવાદ કરવાની તેમની આવડત એ પણ અદ્ભુત છે. તો ચાલો આપણે આ શાસ્ત્રના ત્રણ અધિકારની ભૂમિકા સમજવાનો પ્રયત્ન કરીએ.

## જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન

આ અધિકારમાં જ્ઞાન અને સુખ જે બે જીવના અસાધારણ ગુણો છે તેની વાત લીધી છે. આ બન્ને ગુણો અસાધારણ હોવા ઉપરાંત વેદનભૂત પણ છે. જેમ ઈન્દ્રિયજ્ઞાન વડે પુદ્ગલના સ્પર્શ-રસ વગેરે ગુણો ખ્યાલમાં આવે છે અને તેના વડે પુદ્ગલની ઓળખાણ થાય છે, તેવી રીતે જ્ઞાન અને સુખ મારફત જીવમાં પ્રાથમિક પ્રવેશ મળે છે. જીવને સુખની મુખ્યતા હોવા છતાં જીવની ઓળખાણ અને ભેદજ્ઞાન માટે જ્ઞાનીઓએ સર્વાનુમતે જ્ઞાનની જ મુખ્યતા કરી છે. આવા જ્ઞાન અને સુખના પરિણામો આબાળગોપાળ સર્વને અનુભવમાં આવતાં હોવા છતાં આશ્ચર્ય સાથે દુઃખની વાત છે કે અજ્ઞાની જીવને પોતે જ્ઞાન અને સુખ સ્વભાવી છે એવી  શ્રદ્ધા કદી થઈ નથી. પંડિતજીએ આ વાત સર્વ પ્રથમ કહી છે. અજ્ઞાનીની મૂડી ઈન્દ્રિયજ્ઞાન અને ઈન્દ્રિય સુખ છે. ઈન્દ્રિયો દ્વારા તે પુદ્ગલને જાણે છે. અજ્ઞાની સ્વને જાણતો નથી અને માત્ર પુદ્ગલને જાણે છે. તેથી તેની માન્યતામાં એમ છે કે જ્ઞેયને કારણે જ્ઞાન છે. વળી તેને જે ઈન્દ્રિય સુખનો અનુભવ છે તે સુખ પણ બાહ્ય વિષયોમાંથી આવે છે એવી તેની માન્યતા છે.

અજ્ઞાનીએ હુંપણું પણ પરમાં માન્યું છે, શરીરમાં માન્યું છે અને જ્ઞાન અને સુખની ખતવણી પણ તે ઈન્દ્રિયોની ઓથમાં નાખી દે છે. પરિણામે તે બાહ્ય વિષયો મેળવવા તેનો માલિક થવા અને તેને ભોગવીને તેને ભોગવતાં સુખ મેળવવા માટે અનાદિથી પ્રયત્ન કરતો આવ્યો છે. અજ્ઞાનીની આ

પરાધીનવૃત્તિને પંડિતજી ''ઓશિયાળી પરસન્મુખ વૃત્તિ'' એવા શબ્દો વડે વર્ણવે છે.

## જ્ઞાન અને સુખ

આ અધિકારમાં આચાર્યદેવ કેવળજ્ઞાન અને અનંત સુખની જ વાત કરે છે. ઈન્દ્રિયજ્ઞાન અને ઈન્દ્રિયસુખને આચાર્યદેવ ગણતરીમાં જ લેતા નથી. પોતે સદેહે સીમંધર ભગવાનની સાક્ષાત્ વાણી સાંભળીને આવેલા હોવાથી તેમને પરિપૂર્ણતાના જ ભણકારા વાગે છે. એક અપેક્ષાએ આચાર્યદેવની વાત સાચી છે. અજ્ઞાની તો પરમાર્થે એકાંત દુઃખમાં જ ઉભા છે. એ અપેક્ષાએ જ્ઞાનીએ નિર્વિકલ્પ અનુભૂતિ સાથે સ્વભાવની જાતનો અતીન્દ્રિય આનંદ અનુભવ્યો છે. પરંતુ ફરીને સવિકલ્પદશા આવે છે. વિકલ્પ એ રાગ છે અને તે આકુળતાનો દેનારો છે. આ અપેક્ષાએ જેટલી સવિકલ્પતા છે તેટલું દુઃખ જ છે. સાધક એવી દશા તોડીને, વિશેષ પુરુષાર્થ ઉપાડીને ફરી નિર્વિકલ્પ થાય છે. અતીન્દ્રિય આનંદ એ સ્વાભાવિક પરિણામ છે. એવા પરિણામ ધારા પ્રવાહરૂપે અંત મુહૂર્ત ટકી જાય તો પરમાત્માદશાની પ્રગટતા થાય. જ્ઞાન અને સુખના સંબંધની આપણે વિચારણા કરી લીધી છે. આ બધું સમજવા છતાં જયારે પરમાત્મા સુખનો વિચાર કરવામાં આવે છે ત્યારે અશરીરી પરમાત્મા પોતાની મેળે અર્થાત્ ચૈતન્ય તત્ત્વ એકલું કેવી રીતે અને કયા પ્રકારના સુખનો અનુભવ કરતું હશે તેની કોઈ કલ્પના આપણને આવી શકતી નથી. બાહ્ય વિષયો અને ઈન્દ્રિયની ઓથમાં જ સુખનો અનુભવ રહે છે. તેથી જીવ સિદ્ધ દશામાં અનંત આવ્યાબાધ સુખનો અનુભવ કરે છે. એવી વાત આવે ત્યારે હા પાડીએ પરંતુ તેની પાછળ કોઈ જોર નથી. ખરેખર અંતરંગના ઊંડાણમાંથી એવી હા આવતી નથી. છ દ્રવ્યોમાં માત્ર જીવને જ સુખ દુઃખનું વેદન છે એ વાત માત્ર ન્યાય સંગત જ નથી પરંતુ અનુભવમાં પણ એમ આવે છે. આમ હોવા છતાં જીવને ઈન્દ્રિયના માધ્યમ દ્વારા જ સુખનો અનુભવ છે. અહીં આચાર્યદેવ એવી રજૂઆત કરે છે કે જેને પરમાત્માના સુખની હા આવે છે એ ભવી છે અને જેને નકાર આવે છે તે અભવ્ય છે દૂરભવી છે. અભવ્ય શબ્દ આકરો લાગે પરંતુ દૂરભવી પણ અભવી જેવો જ માનવો રહ્યો. વર્તમાનમાં સાચી વાત સમજવા મળે તે સમયે જે ન સમજે તેને બીજું શું કહેવું ? મૂળ વાત તો સુખના સ્વરૂપની છે. સુખને જીવના પોતાના પરિણામ સાથે સંબંધ છે. પરંતુ તે સુખનો સંબંધ સંયોગો સાથે માની બેઠો છે. જેને ઈન્દ્રિય સુખનો અનુભવ છે, તે તેને દુઃખ કરતાં સારું માને છે. અતીન્દ્રિય સુખનો અનુભવ નથી તેથી તેની સાથે સરખામણી શક્ય નથી. આ રીતે અજ્ઞાની જીવ ઈન્દ્રિય સુખને જ સુખ માની બેસે છે. તેમ હોવાથી તે સુખ સાથે ઈન્દ્રિયો અને બાહ્ય વિષયોનો સંબંધ અનિવાર્ય માને છે. ખરેખર તે સુખ પણ પોતાના જ પરિણામ છે. પોતાના જ પરિણામનું ફળ છે, એ વાત તેના લક્ષમાં રહેતી નથી. ઈન્દ્રિય સુખ અને અતીન્દ્રિય સુખ બન્ને પોતાના પરિણામનું જ ફળ છે. પરંતુ બન્નેમાં મોટો તફાવત છે. નિર્વિકલ્પ અનુભૂતિ સમયે અતીન્દ્રિય આનંદ છે. ઈન્દ્રિય સુખ સમયે પણ તે સુખને જીવના પરિણામ સાથે જ સંબંધ છે. બાહ્ય વિષયોનો સંયોગ હોવા છતાં સુખને તેની સાથે સંબંધ નથી આ વાત જો યથાર્થપણે લક્ષમાં આવે તો જ સ્વાધીન સુખનો સાચો સ્વીકાર થાય. પેટમાં દુઃખતું હોય ત્યારે રમતમાં કે વાતોમાં એકાગ્ર થઈ જાય તો દુઃખનો અનુભવ થતો નથી. પાત્ર જીવ પ્રતિકૂળ સંયોગો સમયે પણ પોતાનો ઉપયોગ તત્ત્વના ચિંતવનમાં રાખી શકે છે. સાધક જીવો તો મારણાંતિક ઉપસર્ગ સમયે પણ સ્વરૂપમાં જામી જાય છે. આ રીતે બધે પડખેથી વિચારતાં ખ્યાલ આવે કે જીવના સુખ-દુઃખનો આધાર જીવના પોતાના તે સમયના ભાવો

જ છે. પરમાત્માના સુખમાં બાહ્યની કોઈ અપેક્ષા નથી. જીવ સુખ સ્વભાવી છે અને તેથી સુખી થાય છે. આવી સમજણ સાચા અર્થમાં આવે તે પાત્રતા છે. આચાર્યદેવે આ કથન દ્વારા બાહ્ય સમસ્ત વિષયોથી અત્યંત વિરક્તિની વાત દર્શાવી છે. જે આખું વિશ્વ છોડવા તૈયાર થાય તેને જ સાચા સુખની પ્રાપ્તિ થાય એવું દર્શાવવા માગે છે. જેને ઈન્દ્રિય સુખ પણ એકાંત દુઃખરૂપ લાગે તે જ સાચા સુખની શોધમાં લાગી જાય છે. મારું સુખ મારામાં જ છે. એવા વિશ્વાસ સાથે પુરુષાર્થ કરે તો જ સાચી વાત સમજાય અને પ્રાપ્ત થાય એમ છે. આ રીતે આ અધિકારમાં જ્ઞાન અને સુખને પરમાત્માના પરિણામ દ્વારા ઓળખાવીને તે બેના પરિણામ વચ્ચેનો સંબંધ દર્શાવ્યો છે.

શાસ્ત્રની શરૂઆત નમઃ શ્રી સિદ્ધેભ્યઃ અને નમો અનેકાંતાય એવા માંગલિકથી કરવામાં આવી છે. સિદ્ધ ભગવંતને મંગળઅર્થે યાદ કરે તેતો સમજી શકાય એવું છે પરંતુ અનેકાંતને નમસ્કાર શા માટે કરવામાં આવે છે તે ખરેખર વિચાર માગી લે છે. વસ્તુના અનેકાંત સ્વરૂપની અધિકતા જેના ખ્યાલમાં આવે તેને જ અનેકાંતનો મહિમા આવે. સમયસાર શાસ્ત્રમાં જેમ નવતત્ત્વના વર્ણન દ્વારા શુદ્ધાત્મા દર્શાવવામાં આવ્યો છે. તેમ આ શાસ્ત્રમાં અનેકાંતની મુખ્યતાથી વર્ણન કરવામાં આવ્યું છે.

| | | | |
|---|---|---|---|
| **શાસ્ત્રનું નામ** | **પ્રવચનસાર** | **રચયિતા** | **કુંદકુંદાચાર્યદેવ** |
| **ટીકા** | **તત્ત્વપ્રદીપિકા** | **રચયિતા** | **અમૃતચંદ્રાચાર્યદેવ** |
| **ટીકા** | **તાત્પર્યવૃત્તિ** | **રચયિતા** | **જયસેનાચાર્ય** |

## કળશ - ૧

***સર્વવ્યાપી એક ચૈતન્યરૂપ જેનું સ્વરૂપ છે અને જે સ્વાનુભવપ્રસિદ્ધ છે તે જ્ઞાનાનંદાત્મક ઉત્કૃષ્ટ આત્માને નમસ્કાર.***

આ માંગલિકના શ્લોકમાં પરમાત્માને નમસ્કાર કરવામાં આવ્યા છે. પર અર્થાત્ ઉત્કૃષ્ટ આત્મા કેવો છે ? પરમાત્મા સર્વવ્યાપી છે. આ શબ્દ જ્ઞાનની અપેક્ષાએ લેવામાં આવ્યો છે. પરમાત્મા લોકાલોકને જાણે છે. જ્ઞાનને જ્ઞેય પ્રમાણ ગણીને જ્ઞેય જ્ઞાયક સંબંધ અપેક્ષાએ જ્ઞાનને સર્વવ્યાપી ગણવામાં આવે છે. ત્યાં આત્મા આખા વિશ્વમાં ફેલાઈ જાય છે, એવી અન્યમતિની માન્યતા ખોટી છે. જ્ઞાન અને દર્શન ગુણને સર્વજ્ઞત્વ અને સર્વદર્શિત્વ શક્તિ દ્વારા દર્શાવવામાં આવ્યા છે. પરમાત્માને તે ગુણોનું પરિપૂર્ણ શુદ્ધ પરિણમન થયું હોવાથી પરમાત્માને અનંત દર્શન અને અનંતજ્ઞાનની પ્રગટતા છે તે અપેક્ષાએ તેમને સર્વવ્યાપી ગણવામાં આવ્યા છે.

એક ચૈતન્ય તેનું રૂપ છે. અર્થાત્ આત્મા સિવાય અન્ય પાંચ દ્રવ્યો અચેતન છે. માત્ર આત્મા જ ચૈતન્યમય છે. બધા જીવો ચૈતન્ય સ્વભાવી હોવા છતાં અજ્ઞાનીએ શરીરમાં હુંપણું માન્યું છે. શરીર અર્થાત્ પુદ્ગલ સાથેની એકત્વબુદ્ધિના કારણે એ પણ જડમય થઈ ગયો છે. એ જીવ જયારે પોતાનું અજ્ઞાન દૂર કરીને જ્ઞાની થાય છે ત્યારે પુદ્ગલથી પોતાનું ભિન્નપણું અનુભવમાં લે છે. સાધકદશામાં તે પર સાથેના દોષિત સંબંધ કાપતો જાય છે. છેવટે સિદ્ધ દશામાં પુદ્ગલ સાથેના બધા સંબંધો કાપીને ચૈતન્ય ગોળો એકલો લોકાગ્રે સ્થિત થાય છે ત્યારે તે સાચા અર્થમાં ચૈતન્યમય થાય છે.

સ્વાનુભવ પ્રસિદ્ધ - આત્માનું અસલ સ્વરૂપ તો જે છે તે કાયમ માટે છે. ભવી કે અભવી બધા જીવો સામર્થ્ય અપેક્ષાએ સમાન જ છે. બધા જીવો પરિપૂર્ણ અને શુદ્ધ છે. પરંતુ અજ્ઞાનીને પોતાના સ્વભાવના સામર્થ્યનો ખ્યાલ નથી. અજ્ઞાનીને પોતાના સ્વભાવને જાણવાની પડી જ નથી. અહીં પરમાત્માએ પોતાના આત્માને સ્વાનુભવ વડે જાણી લીધો છે. જે સ્વભાવ ત્રણે કાળે વ્યક્ત છે, પ્રગટ

છે, તેને પરમાત્માએ પ્રગટ કર્યો છે અને પોતાની જ્ઞાનની પર્યાયમાં પોતાને પોતે જેવો છે તેવો જાણી લીધો છે. જેવું પોતાનું શક્તિરૂપ સામર્થ્ય છે એવી પર્યાય પ્રગટ કરીને એવી સર્વજ્ઞ પર્યાય વડે પોતાને જાણી લીધો છે. સર્વજ્ઞ દશાએ સર્વજ્ઞ સ્વભાવને પ્રસિદ્ધ કર્યો છે. જીવ જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. પરમાત્માએ પોતાના આત્માને જ્ઞાનાનંદ સ્વરૂપ સ્વીકાર્યો છે.

પરાત્મા - કહેતા - પર અર્થાત્ ઉત્કૃષ્ટ આત્માને માંગલિકરૂપે નમસ્કાર કરવામાં આવ્યા છે. આ વાત કાયમ રાખીને મારે માટે મારો આત્મા જ ઉત્કૃષ્ટ છે. તેથી પોતે પોતાને જ, પોતાના શુદ્ધાત્માને જ નમસ્કાર કર્યો છે.

## કળશ - ૨

***મહામોહરૂપી અંધકારના સમૂહને જે લીલામાત્રમાં નષ્ટ કરે છે અને જગતના સ્વરૂપને પ્રકાશે છે એવું અનેકાંતમય તેજ સદા જયવંત વર્તે છે.***

પરમાત્માને માંગલિકરૂપે નમસ્કાર કરીને હવે ટીકાકાર આચાર્ય અનેકાંત જ્ઞાનનો મહિમા કરે છે. વિશ્વના પદાર્થો તો અનેકાંત સ્વરૂપ લઈને રહેલા છે. તે તો મહિમાવંત અવશ્ય છે. પરંતુ એવા સ્વભાવનો અજ્ઞાનીએ સ્વીકાર કર્યો નથી. તેથી જે એવા અનેકાંત સ્વરૂપનો સ્વીકાર કરે છે એવા જ્ઞાનનો મહિમા કરવામાં આવે છે. તે જ અંધકારનો નાશ કરે છે. અહીં અનેકાંત જ્ઞાનને તેજની ઉપમા આપી છે. જ્યારે અંધકારમાં અજ્ઞાનની વાત ન લેતા મોહને અંધકાર ગણ્યો છે. મોહ અર્થાત્ મિથ્યાત્વ. તેનેઅનેકાંત જ્ઞાન દૂર કરે છે. નષ્ટ કરે છે. મિથ્યાત્વ એટલે એકાંત માન્યતા એવો ભાવ અહીં મુખ્યપણે દર્શાવવામાં આવ્યો છે. જ્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રગટતા ન થાય ત્યાં સુધી એ જીવ કોઈને કોઈ પ્રકારની એકાંત માન્યતામાં સ્થિત છે. આવી એકાંત માન્યતા ગૃહિત મિથ્યાદૃષ્ટિમાં સહજરૂપે જોવા મળે છે. વેદાંત વસ્તુને સર્વથા નિત્ય માને છે. જ્યારે બૌદ્ધ વસ્તુને સર્વથા ક્ષણિક માને છે. તેની માન્યતા મુજબ એકપણ દ્રવ્ય વિશ્વમાં નથી. અગૃહિત મિથ્યાદૃષ્ટિ પણ આવી કોઈ એકાંત માન્યતા ધરાવે છે. ગૃહિત અને અગૃહિત મિથ્યાદૃષ્ટિ વચ્ચે તફાવત એટલો છે કે ગૃહિત મિથ્યાદૃષ્ટિને કોઈ એક ચોક્કસ એકાંત માન્યતાનો આગ્રહ હોય છે. જ્યારે અગૃહિત મિથ્યાદૃષ્ટિ કયારેક પોતાને સર્વથા નિત્ય માને છે અને કયારેક સર્વથા ક્ષણિક માને છે. તે કયારેક સાંખ્ય અથવા નૈયાયિક પણ થઈ જાય છે.

એકાંત માન્યતાવાળા ૩૬૩ મત છે. તેની સામે વસ્તુના અનેકાંત સ્વરૂપને માન્ય રાખનાર એક જૈનદર્શન જ છે. અર્થસમય અને જ્ઞાનસમયનો સુમેળ છે. અર્થાત્ જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું જ પરમાત્માના જ્ઞાનમાં આવે છે. માટે તે બે વચ્ચે કોઈ તફાવત આવતો નથી. અજ્ઞાની જીવો સર્વજ્ઞ ન હોવાથી તેને કલ્પના કરવા સિવાય અન્ય વિકલ્પ ન હતો. કલ્પનામાં અનેક પ્રકારની ભૂલો થાય જ તેથી બધા એકાંત માન્યતાવાળા ધર્મોની સામે જૈનદર્શન ટક્કર ઝીલી શકે છે. માટે અહીં કહે છે કે અનેકાંત જ્ઞાન જ મોહ અંધકારનો નાશ કરી શકે છે. ઊંધી માન્યતાઓ અનેક પ્રકારની હોય છે તેથી મોહ અંધકાર સમૂહ એવો શબ્દ પ્રયોગ કર્યો છે. સાચો જવાબ એક જ હોય છે અને તેમાં જ બધા અન્ય જવાબને ખોટા દર્શાવવાનું સામર્થ્ય છે. તેમાં જ બધી ઊંધી માન્યતાનો અભાવ કરવાનું સામર્થ્ય છે. મોહ અંધકાર સમૂહને દૂર કરવામાં જેટલો સમય લાગે તે દર્શાવતા કહે છે કે લીલા માત્રમાં નષ્ટ કરે છે અર્થાત્ ચપટી વગાડતા નાશ થઈ જાય. આશય એ છે કે લાંબો સમય નથી લાગતો, સમયસાર શાસ્ત્રમાં છ મહિના અભ્યાસ કરવાનું કહ્યું છે. ત્યાં ''કામ એક આત્માર્થનું'' એવી શરત મૂકી છે. અર્થાત્ જીવ જો તેની પાછળ પડી જાય તો કામ થાય. વાસ્તવિકતા એ છે કે આગલા સમયે મિથ્યાત્વ અને

પછીના સમયે સમ્યગ્દર્શન થાય છે. ત્યાં સમયભેદ દર્શાવીએ ખરા પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તે સમયે મિથ્યાત્વ ઉત્પન્ન જ નથી થતું તેને મિથ્યાત્વનો નાશ થયો એવું નામ આપવામાં આવે છે. આ રીતે સમકિતની પ્રાપ્તિ અને મિથ્યાત્વના નાશનો એક જ સમય છે. અનેકાંત જ્ઞાન ''જગતના સ્વરૂપને'' પ્રકાશે છે. અર્થાત્ વિશ્વમાં રહેલા પદાર્થોનું જે સ્વરૂપ છે તેને તે જે રીતે છે, તે રીતે દર્શાવે છે, પ્રતિપાદન કરે છે.

અનાદિનું અજ્ઞાન દૂર થાય અને મુક્તિનો માર્ગ ખૂલી જાય એવું આ અનેકાંત જ્ઞાન સદાય જયવંત રહો એવી ભાવના રજૂ કરે છે. ખરેખર તો આવું અનેકાંત જ્ઞાન શાશ્વત જ છે.

## કળશ - ૩

***પરમાનંદરૂપી સુધારસના પિયાસુ ભવ્ય જીવોના હિતને માટે, તત્ત્વને જે પ્રગટ કરે છે એવી પ્રવચનસારની આ ટીકા કરવામાં આવે છે.***

પ્રવચનસાર શાસ્ત્ર પોતે શું છે તે વિચારીએ. પ્રવચન અર્થાત્ પરમાત્માની દિવ્યધ્વનિ અને ૐ ધ્વનિમાં ઘણી બધી વાત આવે છે. ગણધરદેવ જે બાર અંગની રચના કરે છે તેમાં પણ વિષયોનું વૈવિધ્ય રહેલું છે. ચાર અનુયોગોમાં પણ ઘણો જ વિસ્તાર આવે છે. એ દિવ્યધ્વનિમાં અને બાર અંગમાં જે વર્ણન છે તે બધાનું પ્રયોજન તો પાત્ર જીવને આત્માનો અનુભવ થાય તે છે. હવે સ્વાનુભવ માટે જે કાંઈ જરૂરી - આવશ્યક ગણાય તેને પ્રવચનનો સાર કહેવાય. અહીં ટીકાકાર આચાર્યદેવ કહે છે કે કુંદકુંદાચાર્યદેવે આ શાસ્ત્રમાં ભગવાનની વાણીમાં જે સારભૂત તત્ત્વ છે તે વિષય લીધો છે. આચાર્યદેવે બે લીટીની ૨૭૫ ગાથાઓમાં સારભૂત વિષય દર્શાવી દીધો છે.

પોતાને આ પ્રવચનસાર શાસ્ત્રની ટીકા કરવાનો ભાવ આવ્યો છે. એ ભાવ ખરેખર તો અમૃતચંદ્રાચાર્યદેવને પોતાને જ લાભનું કારણ છે. સવિકલ્પ દશામાં કોઈ પણ પ્રકારના નિરર્થક વિકલ્પો આવે એના બદલે ઉપયોગ જેટલો સમય (વિકલ્પરૂપે પણ) ભગવાનની અનેકાંત વસ્તુ સ્વરૂપને સમજાવનારી દિવ્યધ્વનિ અને તદ્અનુરૂપ આ પ્રવચનસાર શાસ્ત્રમાં રહે તેટલો સમય અનેકાંત વસ્તુ સ્વરૂપનો મહિમા વધારવાનું કામ થાય છે. વસ્તુના અનેકાંત સ્વરૂપના જ્ઞાનમાં જ સમ્યક્ એકાંત એવા શુદ્ધાત્માનું ઘોલન અંતરંગમાં ચાલે છે, જેના ફળસ્વરૂપે વિકલ્પ માત્રનો અભાવ થઈને નિર્વિકલ્પ દશાની પ્રગટતા અને અલ્પકાળમાં જીવને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## ગાથા ૧ થી ૫ નું મથાળું

આ ઉત્થાનિકામાં ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય ફરમાવે છે કે કુંદકુંદાચાર્ય પ્રતિજ્ઞા કરે છે. અર્થાત્ આચાર્યદેવ મોક્ષની પ્રાપ્તિ પ્રગટ કરવા માટે ઉપાદેય છે એમ નક્કી કરીને મહાવીરસ્વામીને માંગલિકરૂપે નમસ્કાર કરતાં આ શાસ્ત્રની રચના કરવાની પ્રતિજ્ઞા કરે છે એવો ભાવ દર્શાવવા માગે છે.

## કુંદકુંદાચાર્યદેવ કેવા છે ?

***૧) સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે :-***

આ પ્રકારે આચાર્યદેવ આસન્નભવ્ય છે અર્થાત્ તેઓ શ્રી અલ્પકાળમાં પરમાત્મદશા પ્રગટ કરવાના છે એવો ભાવ દર્શાવવામાં આવ્યો છે. આ શાસ્ત્રના અભ્યાસ દ્વારા કુંદકુંદાચાર્યદેવની અંતરંગ પરિણતિ કઈ રીતે કાર્ય કરી રહી છે, તેનો અંદાજ લગાવીને આ કથન કરવામાં આવ્યું છે. આ કથન દ્વારા આચાર્યદેવનો મહિમા કરવામાં આવ્યો છે.

***૨) સાતિશય વિવેક જયોતિ જેમને પ્રગટ થઈ છે:-***

વિવેક જયોતિ દ્વારા આચાર્યદેવને સ્વ અને પરનું ભેદજ્ઞાન નિરંતર વર્તે છે એવો ભાવ વ્યક્ત

કરવામાં આવ્યો છે. ભેદજ્ઞાન તો ચોથા ગુણસ્થાનથી જ લાગુ પડે છે પરંતુ ''ચારિત્ર ખલુ ધમ્મ'' અનુસાર પોતે ભાવલિંગદશાને પ્રાપ્ત હોવાથી ભેદજ્ઞાનનું ઘણું કાર્ય તેઓશ્રીએ કરી લીધું છે. એવો ભાવ છે. મુનિદશામાં દેહપ્રત્યે અત્યંત ઉદાસીનતા વર્તે છે. પદ્મપ્રભમલધારી દેવના શબ્દોમાં તેમને પાંચ ઈન્દ્રિયના ફેલાવ રહિત દેહ માત્ર પરિગ્રહ છે.

### ૩) સમસ્ત એકાંતવાદની વિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે :-

આચાર્યદેવે આ શાસ્ત્રમાં અનેકાંત વસ્તુસ્વરૂપની બ્રીફ લીધી છે. અર્થાત્ અનેકાંતની વકીલાત કરી છે. સમસ્ત એકાંત માન્યતા, જે અનંત સંસારનું મૂળ છે, તેને નિર્મૂળ કરવાનો એકમાત્ર ઉપાય અનેકાંતનું જ્ઞાન છે. અભિનિવેશ શબ્દનો અર્થ થાય છે:- અભિપ્રાય-નિશ્ચય-આગ્રહ- આચાર્યદેવને કોઈ વિપરીત માન્યતા નથી અને અન્ય પાત્ર જીવો પણ એવી ઊંધી માન્યતાઓ છોડે એવી એમને ભાવના છે. આ ભાવના અનુસાર પોતે આ શાસ્ત્રમાં પદાર્થના અનેકાંત સ્વરૂપને સારી રીતે દર્શાવવા માગે છે એનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

### ૪) પારમેશ્વરી અનેકાંત વિદ્યાને પામીને :-

પોતે એવી અનેકાંત વિદ્યા પ્રગટ કરી છે. તેના ફળસ્વરૂપે અતીન્દ્રિય આનંદનો અનુભવ કર્યો છે અને ત્યારબાદ જ અન્ય જીવોને પણ વસ્તુના અનેકાંત સ્વરૂપને જાણવા માટે અનુરોધ કરે છે. જાતઅનુભવપૂર્વકનો ઉપદેશ આપવાના છે. આ વિદ્યા જિનેન્દ્ર ભગવાનની દેન છે. તેમનો જ ઈજારો છે.

### ૫) ''સમસ્ત પક્ષનો પરિગ્રહ છોડયો હોવાથી અત્યંત મધ્યસ્થ થઈને'' :-

અહીં ''પક્ષ'' શબ્દના જુદા જુદા અર્થ વિચારી શકાય. સૌ પ્રથમ તો પક્ષ કહેતાં એકાંત માન્યતાનો આગ્રહ આચાર્યદેવે અનેકાંત વિદ્યા વડે એ સમસ્ત એકાંત માન્યતાઓ છોડી છે અર્થાત્ એનો પરિગ્રહ છોડયો છે. પરિગ્રહ-અર્થાત્ પરિ-સમસ્ત પ્રકારે ગ્રહણ કરવું. અજ્ઞાનીને એકાંત માન્યતાનો પરિગ્રહ છે. જયારે જ્ઞાનીએ તે બધી એકાંત માન્યતાઓ એક જ ઝાટકે છોડી છે. અનેકાંત વિદ્યા-વસ્તુના અનંત ધર્માત્મકપણાને સ્પષ્ટ રીતે દર્શાવે છે. ત્યાં વસ્તુના બધા ધર્મો કોઈ અપેક્ષાએ પોતાનું અતદ્‌પણું ટકાવીને પદાર્થની સત્તાની સમીપ જઈને જોતાં ત્યાં તાદાત્મ્યરૂપ રહેલા છે. અવિનાભાવપણું બધા ધર્મોનું પરસ્પર સાપેક્ષપણું દર્શાવે છે. નિત્યધર્મ અનિત્ય ધર્મની અપેક્ષા રાખે છે. એક અને અનેક પણ પરસ્પર સાપેક્ષ છે. મહાસત્તા અને અવાંતર સત્તાને સપ્રતિપક્ષ ગણવામાં આવે છે. માત્ર મહાસત્તા અથવા માત્ર અવાંતર સત્તા માનવાથી - એવી એકાંત માન્યતા હોય તો - એવી સત્તા નિરકુંશ બનીને નાશ પામે છે. આવું કયારેય બનવાનું નથી માટે આવું સપ્રતિપક્ષપણું માન્ય કરવામાં આવે છે. ત્રિકાળ સ્વભાવમાં જે સામર્થ્ય ન હોય તે પર્યાયમાં કયારેય પ્રગટ ન થાય માટે સ્વભાવનો મહિમા છે. તેની કોટી હંમેશા ઊંચી છે. પર્યાયને પોતાનું મહિમાવંત સ્થાન છે. અભવ્ય જીવનો સ્વભાવ તો પરમાત્માના સ્વભાવ જેવો જ છે. અભવ્ય જીવ પર્યાયમાં શુદ્ધતા કયારેય પ્રગટ કરતો નથી. પોતે સુખસ્વભાવી હોવા છતાં પોતાને સુખનો અનુભવ થતો નથી. ત્રિકાળ સ્વભાવ અને પર્યાય બન્ને વચ્ચે અતદ્‌ભાવ હોવા છતાં બેમાંથી કોઈને બીજા વિના ચાલે તેમ નથી. માટે આવું અનેકાંત સ્વરૂપ જ્ઞાન પ્રગટ થાય તે જ્ઞાન, આ અપેક્ષાએ મધ્યસ્થ ગણવામાં આવે છે. વસ્તુનું સ્વરૂપ દર્શાવવા માટે જ્ઞાનીઓ વસ્તુના સ્વરૂપને જેમ છે તેમ અર્થાત્ અનેકાંતરૂપે દર્શાવે છે. આ એમની મધ્યસ્થતા છે. વસ્તુના બધા પડખા દર્શાવવાનો અર્થ એ નથી કે જ્ઞાની બધાને

સરખા માને છે. જ્ઞાનીને દ્રવ્ય અને પર્યાય બન્નેનું જ્ઞાન છે અને તે તેમને તેમની કિંમત અનુસાર જાણે છે.

પરદ્રવ્યથી જયારે વિચાર કરવામાં આવે ત્યારે જ્ઞાનીને કોઈ પરદ્રવ્યનો પક્ષ નથી અર્થાત્ પક્ષપાત નથી. અજ્ઞાનીને હીરા અને કોલસા વચ્ચે ઘણો મોટો તફાવત લાગે છે. જયારે જ્ઞાની જાણે છે કે તે બન્ને મારાથી અત્યંત ભિન્ન છે. મારે તેની સાથે કોઈ નિસ્બત નથી. મારા માટે બન્ને સમાન જ છે. તેથી તે બન્ને પ્રત્યે મધ્યસ્થ છે.

અજ્ઞાની પુણ્ય અને પાપ પ્રકૃતિઓ તથા તેમના ફળ વચ્ચે મોટો તફાવત છે, એવું જાણે છે. જયારે જ્ઞાનીને ખ્યાલ છે કે પોતે દ્રવ્યકર્મથી અત્યંત ભિન્ન છે. કોઈ જીવે દ્રવ્યકર્મ બાંધ્યા નથી કે કોઈ કર્મના ફળને ભોગવ્યા નથી માટે જ્ઞાની દ્રવ્યકર્મો તથા તેમના ઉદયો પ્રત્યે મધ્યસ્થ છે.

અજ્ઞાની જીવ શુભ અને અશુભ ભાવો વચ્ચે ભેદ પાડે છે. તે શુભ ભાવને મોક્ષમાર્ગમાં સ્થાન આપે છે અને અશુભ ભાવને બંધમાર્ગમાં સ્થાપે છે. વસ્તુના સ્વરૂપને યથાર્થપણે જાણનારો શુભાશુભ ભાવો જીવને બંધનું જ કારણ જાણતો હોવાથી તે બન્ને ભાવોને છોડીને શુદ્ધતા પ્રગટ કરે છે. વીતરાગતા પ્રગટ કરે છે. અજ્ઞાની જીવને શુભભાવનો પક્ષ છે જયારે જ્ઞાની તેના પ્રત્યે પણ ઉદાસીન છે.

જ્ઞાન વસ્તુના અનેકાંત સ્વરૂપને જાણે છે. આવા અનેકાંતના જ્ઞાનની પશ્ચાદ્ભૂમિકામાં શ્રદ્ધા સમ્યક્ એકાંત કરીને દ્રવ્યસામાન્ય સ્વરૂપમાં હુંપણું સ્થાપે છે. ચારિત્ર અપેક્ષાએ જીવ તે જ્ઞાયકભાવનો આશ્રય કરે છે. શ્રદ્ધા ત્રિકાળ સ્વભાવનો જ સ્વીકાર કરે છે. ત્યારે અનાદિ કાળથી પ્રગટ થતાં અજ્ઞાનમય ભાવોનો અભાવ થઈને ત્યાં શુદ્ધ પર્યાયની પ્રગટતા થાય છે. દુઃખ ટળીને અતીન્દ્રિય આનંદ પ્રગટે છે. જ્ઞાન આ બધુ જેમ છે તેમ જાણે છે. પરંતુ શ્રદ્ધા તો સ્વભાવમાં જ સ્થિત છે. તે દૃષ્ટિમાં પર્યાય જાણાતી જ નથી. આ અપેક્ષાએ જ્ઞાનીને ભવ અને મોક્ષ પ્રત્યે પણ સમભાવ-મધ્યસ્થતા વર્તે છે. હું તો એક જ્ઞાયક ભાવ જ છું. એના જોરમાં તે પર્યાય માત્રની ઉપેક્ષા કરે છે. આ રીતે 'પક્ષ' શબ્દ દ્વારા અનેક પ્રકારના ભાવો લેવામાં આવે છે.

આટલી વાત ગ્રંથકર્તા અંગે લઈને હવે મોક્ષદશાની વાત કરે છે. કેવી છે.

## કેવી છે મોક્ષદશા ?

### ૧) *સર્વ પુરુષાર્થમાં સારભૂત હોવાથી જે આત્માને અત્યંત હિતતમ છે :-*

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પ્રકારના પુરુષાર્થની વાત આવે છે. ધર્મ, અર્થ અને કામ આ પુરુષાર્થ સંસારનું કારણ છે માટે હેય છે. છોડવાલાયક છે. અજ્ઞાની જીવ અનાદિકાળથી આ પ્રકારના પ્રયત્નો જ કરતો આવ્યો છે. આ બધા ઊંધા પુરુષાર્થ છે. રખડવા માટેના પ્રયત્નો છે. મોક્ષની પ્રાપ્તિ માટેના પ્રયત્નને જ સમ્યક્ પુરુષાર્થ અથવા પુરુષાર્થ શબ્દથી ઓળખાવવામાં આવે છે. તે પુરુષાર્થથી આત્મકલ્યાણ થાય છે માટે તેને હિતતમ કહ્યો છે. હિતતમ શબ્દ વાંચીને એમ ન વિચારવું કે મોક્ષના પુરુષાર્થ ઉપરાંત બીજા પુરુષાર્થ હિતરૂપ અથવા હિતતર હશે. અન્ય ત્રણ પ્રકારના પુરુષાર્થો હેયરૂપ જ છે.

સમ્યક્ પુરુષાર્થનું ફળ મોક્ષની પ્રાપ્તિ છે માટે જીવે સમ્યક્ પુરુષાર્થ વડે મોક્ષદશાને હિતસ્વરૂપ નક્કી કરવી રહી.

### ૨) *ભગવન્ત પંચપરમેષ્ઠીના પ્રસાદથી ઉપજવા યોગ્યઃ-*

સમ્યગ્દર્શનથી લઈને પરમાત્મદશાની પ્રાપ્તિ જીવના પોતાના સ્વભાવ સન્મુખના પુરુષાર્થ દ્વારા

જ થાય છે. તેથી પુરુષાર્થની વાત પ્રથમ લીધી છે. તેની મુખ્યતા કાયમ રાખીને એવી દશાની પ્રગટતામાં નિમિત્ત કોણ છે તેનું જ્ઞાન કરાવતા કહે છે કે પંચપરમેષ્ઠીના પ્રસાદથી તેની પ્રાપ્તિ થાય છે. નિમિત્તનું કોઈ કાર્ય ઉપાદાનમાં થતું નથી. આ વાત જીવની નિમિત્તાધીન દૃષ્ટિ છોડાવવા માટે લેવામાં આવે છે. દરેક પદાર્થ સ્વતંત્રપણે પોતાના સ્વભાવરૂપે પરિણમે છે એ વાત પાકી રાખીને નિમિત્ત નૈમિત્તિક સંબંધ સમજવા જેવો છે. અહીં એ સંબંધને આગળ કરીને કહે છે કે પંચપરમેષ્ઠીના પ્રસાદ વડે મોક્ષદશા ઉપજવા યોગ્ય છે. પંચપરમેષ્ઠી શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવે, મોક્ષદશા તથા સાધકદશાનું સ્વરૂપ સમજાવે મોક્ષની પ્રાપ્તિનો ઉપાય દર્શાવે એજ તેમનો પ્રસાદ છે. અહીં જ્ઞાની ગુરુ શિષ્ય ઉપર અનુગ્રહ કરીને તેના હિતની વાત કરે છે તે અનુગ્રહને જ પ્રસાદ કહ્યો છે. આ રીતે પાત્ર જીવ જેના વડે-જેના દ્વારા પોતે શુદ્ધાત્માના સ્વરૂપને જાણ્યું તેના પ્રત્યે ઉપકારની ભાવના વ્યક્ત કરે છે. મેં મારા પુરુષાર્થ વડે મોક્ષની પ્રાપ્તિ કરી છે. પરમેષ્ઠી તો તેમાં નિમિત્ત માત્ર છે. અને નિમિત્ત તો કોઈ કરતું નથી. એવો ભાવ અને એવી ભાષા પાત્ર જીવની ન હોય. જ્ઞાનીને નિમિત્તનું પણ યથાર્થ જ્ઞાન છે અને પંચપરમેષ્ઠીને નિમિત્તરૂપે જે સ્થાન મળે છે તેનો તેને અંતરંગના ઊંડાણમાંથી સ્વીકાર છે. વિશેષ જ્ઞાનીઓ પ્રત્યે એવો જ ભક્તિભાવ તેની ભૂમિકાને યોગ્ય છે. ભક્તિના શુભભાવને તે બંધનું કારણ જાણે છે અને એવા શુભ વિકલ્પનો પણ અભાવ કરીને સ્વરૂપમાં જામી જવાનો પુરુષાર્થ તેને ચાલુ જ હોય છે.

### ૩) *પરમાર્થ સત્ય :-*

મોક્ષદશા પરમાર્થ સત્ય છે. એવી દશા પ્રગટ કરવી એજ ખરેખર સાચું છે. એજ કરવા જેવું છે. અહીં સત્ય શબ્દ સાચા ખોટાના-અર્થમાં નથી. પરંતુ સારા નરસાના અર્થમાં લેવો. અર્થાત્ મોક્ષદશા જ સારી હોવાથી તે પ્રગટ કરવા યોગ્ય છે.

### ૪) *અવિનાશી :-*

પરિપૂર્ણ પવિત્ર દશા એકવાર પ્રગટ થઈ તે હવે સાદિ અનંત કાળ એવીને એવી રહેશે. એ દશાને ધ્રુવ ગતિ પણ કહે છે. ફરીને મનુષ્યાદિ ચાર ગતિ આવશે નહીં એ અપેક્ષાએ અચળગતિ પણ કહેવામાં આવે છે. આ અર્થમાં મોક્ષને અવિનાશી પદ ગણવામાં આવે છે.

ભરતક્ષેત્રમાં વર્તમાનમાં તીર્થંકર નથી તેથી હાલમાં ૨૪મા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનું શાસન પ્રવર્તે છે. તેથી આચાર્યદેવ એ અંતિમ તીર્થંકર દ્વારા બધા પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરે છે. નમસ્કારમાં પ્રણમન-અર્થાત્ દેહથી નમન અને વંદન-અર્થાત્ વચનથી સ્તુતિ બન્ને આવી જાય છે. આ રીતે માંગલિકરૂપે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીને પોતે પણ મોક્ષમાર્ગમાં સ્થિત રહ્યા થકા શાસ્ત્રની રચના કરવાની પ્રતિજ્ઞા કરે છે.

## ◆ ગા. ૧ થી ૫

**સુર-અસુર-નરપતિવંદ્યને, પ્રવિનષ્ટઘાતિકર્મને,**
**પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રી મહાવીરને; ૧.**

**વળી શેષ તીર્થંકર અને સૌ સિદ્ધ શુદ્ધાસ્તિત્વને,**
**મુનિ જ્ઞાન-દૃગ-ચારિત્ર-તપ-વીર્યાચરણસંયુક્તને. ૨.**

**તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને,**
**વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને, ૩.**

**અર્હંતને, શ્રી સિદ્ધનેય નમસ્કરણ કરી એ રીતે,**
**ગણધર અને અધ્યાપકોને, સર્વસાધુસમૂહને; ૪.**

**તસુ શુદ્ધદર્શનજ્ઞાનમુખ્ય પવિત્ર આશ્રમ પામીને,**
**પ્રાપ્તિ કરું હું સામ્યની, જેનાથી શિવપ્રાપ્તિ બને. ૫.**

*આ હું સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને નરેન્દ્રોથી જે વંદિત છે અને ઘાતિકર્મમળ જેમણે ધોઈ નાખેલ છે. એવા તીર્થરૂપ અને ધર્મના કર્તા શ્રી વર્ધમાનસ્વામીને પ્રણમું છું.*

*વળી વિશુદ્ધ સત્તાવાળા શેષ તીર્થંકરોને, સર્વ સિદ્ધ ભગવંતો સાથે અને જ્ઞાનાચાર દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર તથા વિર્યાચારવાળા શ્રમણોને પ્રણમું છું.*

*તે તે સર્વને તથા મનુષ્યક્ષેત્રમાં વર્તતા અર્હન્તોને સાથે સાથે સમુદાયરૂપે અને પ્રત્યેકને વ્યક્તિગત વંદુ છું.*

*એ રીતે અર્હન્તોને અને સિદ્ધોને, આચાર્યોને, ઉપાધ્યાય વર્ગને અને સર્વ સાધુઓને નમસ્કાર કરીને, તેમના વિશુદ્ધ દર્શનજ્ઞાન પ્રધાન આશ્રમને પામીને હું સામ્યને પ્રાપ્ત કરું છું કે જેનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય.*

*આ હું વર્ધમાનદેવને પ્રથમ જ પ્રણમું છું. હું કોણ છું? હું સ્વસંવેદન પ્રત્યક્ષ દર્શનજ્ઞાન સામાન્યસ્વરૂપ છું.*

- **સ્વસંવેદન પ્રત્યક્ષ :**

સ્વ - પોતે સમ્ = સમ્યક્ પ્રકારે, વેદન = અનુભવન, આત્મા પોતે જ પોતાના અનુભવમાં આવી શકે એવો પદાર્થ છે. અજ્ઞાની જીવે પોતાને રાગી-દ્વેષી અનુભવ્યો છે. તે જીવનો સાચો અનુભવ નથી. પોતે સુખસ્વભાવી છે માટે પોતાને અતીન્દ્રિય સુખસ્વરૂપે અનુભવમાં લેવો જરૂરી છે. જ્ઞાનનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે. જ્ઞાન પરને જાણે પરંતુ પર સાથે તન્મય ન થાય. પરમાં તન્મય ન થાય તેથી તેને પરનું વેદન ન હોય. અજ્ઞાનીને પણ પોતાના પરિણામનું જ વેદન છે. તે પણ પોતાની જ્ઞેયાકાર જ્ઞાનની અવસ્થાને જ ભોગવે છે પરંતુ સાથે રાગ છે. પર સાથે એકત્વબુદ્ધિ છે. તેથી હું પરદ્રવ્યને ભોગવું છું એવું માને છે. જીવો સુખને ઈચ્છે છે. પોતે સ્વયં સુખ સ્વભાવી છે. પોતે પોતાને પોતાથી જ અનુભવે તેને અહીં સ્વસંવેદન પ્રત્યક્ષ કહ્યા છે. મનના સંગે પોતાનો નિર્ણય અનુમાનજ્ઞાનમાં થાય ત્યાં આનંદનો અનુભવ નથી કારણકે મનનો સંગ હોવાથી પરોક્ષપણું છે. પ્રત્યક્ષપણું નથી. જયારે પરિણામ સ્વભાવ સન્મુખ થાય છે ત્યારે જ તેને સ્વાનુભૂતિ કહેવામાં આવે છે. કુંદકુંદાચાર્યદેવે આ રીતે પોતાના આત્માને પોતે સ્વાનુભવ પ્રત્યક્ષપૂર્વક પોતાના વેદનમાં લીધો છે.

- **દર્શનજ્ઞાન સામાન્ય સ્વરૂપ :**

દર્શન અને જ્ઞાનને ચૈતન્યમાં અભેદ કરીને આ શબ્દ પ્રયોગનો હું ચૈતન્ય સ્વરૂપ છું એવો અર્થ પણ કરવામાં આવે છે. બીજી રીતે વિચારીએ તો આ શબ્દપ્રયોગ દ્વારા જીવની વાત કરવા માગે છે. જ્ઞાન અને દર્શન ગુણો છે. દ્રવ્ય અનંત ગુણાત્મક છે. અનંત ગુણોના સમુદાયરૂપ છે. ગુણોને વિસ્તાર વિશેષ પણ કહે છે. તેમના વિશેષપણાને ગૌણ કરીએ તો ત્યાં દ્રવ્યરૂપ સામાન્યપણું લક્ષમાં આવે છે. આ રીતે ''જ્ઞાનદર્શન સામાન્ય'' શબ્દ દ્વારા જીવ દ્રવ્ય લક્ષ્યગત થાય છે.

સ્વસંવેદન પ્રત્યક્ષ અને જ્ઞાનદર્શન સામાન્ય -સ્વરૂપ બન્ને શબ્દપ્રયોગો શુદ્ધાત્માને લાગુ પડે છે. તદ્ઉપરાંત આવા શુદ્ધાત્માને પોતે જ અનુભવમાં લીધો છે એવો ભાવ પણ પ્રગટ થાય છે. ત્યારે જ જેવું કારણ છે તેવું કાર્ય થયું કહી શકાય છે. આવી સાતિશય ભૂમિકામાં રહેલા કુંદકુંદાચાર્ય શ્રી વર્દ્ધમાનદેવને નમસ્કાર કરે છે. પરમાત્મા કેવા છે. તેનું હવે વર્ણન કરે છે.

પરમાત્મા વિશ્વના બધા જીવોના સર્વોત્કૃષ્ટ ગુરુ છે. ખરેખર તો તેઓ સર્વના ગુરુ હોવાથી વંદનીય છે. પરંતુ અહીં સો ઈન્દ્રો દ્વારા પૂજનિક હોવાથી ગુરુ છે એવો શબ્દ વાપર્યો છે. દેવ-દાનવ

અને માનવમાં જે શ્રેષ્ઠ હોય તે ઈન્દ્ર છે. જીવોને તેનો મહિમા છે. એવા સો ઈન્દ્રો જેનો મહિમા કરે તે કેવા મહિમાવંત હોય! એ રીતે મહિમા દ્વારા ભગવાનની ઓળખાણ કરાવી છે. પરમાત્મા સર્વજ્ઞ છે. પોતે પહેલા અલ્પજ્ઞ હતા અને પછી સર્વજ્ઞ થયા. પોતે જે રીતે પરમાત્મા થયા એ રીત તેઓ બધાને સમજાવે છે. મુક્તિનો માર્ગ એક જ છે અને કાયમ માટે એ પ્રમાણે જ રહેવાનો છે. ભગવાન ભવિષ્યની પણ બધી વાત જાણતા હોવાથી નિઃશંકપણે વસ્તુના યથાર્થસ્વરૂપને અને મુક્તિના માર્ગને સરળપણે સમજાવી શકે છે. માટે તેને સર્વોત્કૃષ્ટ ગુરુ માનવામાં આવ્યા છે. સર્વજ્ઞતાના કારણે તેમને પરમગુરુ માનવામાં આવ્યા છે. સર્વજ્ઞનું જ્ઞાન, સર્વજ્ઞની વાણી અને મુક્તિનો માર્ગ બધુ અફર છે. એ માર્ગે જવાથી જ જીવનું કલ્યાણ થાય છે. અન્ય કોઈ મુક્તિનો માર્ગ નથી.

- **ઘાતિકર્મમળ ધોઈ નાખેલ હોવાથી જેમને જગત ઉપર અનુગ્રહ કરવામાં સમર્થ એવી અનંતશક્તિરૂપ પરમેશ્વરતા છે :-**

ચાર ઘાતિકર્મોનો અભાવ થતાં પરમાત્માને અનંત વીર્યની પ્રગટતા થાય છે. જીવ પોતાના વિભાવનો, ભાવ ઘાતિ કર્મોનો નાશ કરવામાં સમર્થ છે. તેમ થતાં નિમિત્ત નૈમિત્તિક સંબંધથી દ્રવ્ય ઘાતિકર્મોનો પણ અભાવ થઈ જાય છે. પોતાનો સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ ઉપાડવામાં અંતરાયરૂપ (નિમિત્તરૂપ) એવા ચાર ઘાતિકર્મોનો અભાવ થાય ત્યારે જીવમાં અનંત વીર્યની પ્રગટતા થાય છે. જીવનું સર્વસ્વ જીવમાં જ છે. કર્તાપણું અને ભોક્તાપણું પોતાનામાં જ છે. એ અપેક્ષાએ જીવને પ્રગટ થયેલો અનંત પુરુષાર્થ જીવમાં જ કાર્યકારી છે અન્યમાં નહીં. પરંતુ જેમ પોતાના વિભાવને દૂર કરતાં દ્રવ્યકર્મો સહજપણે ખસી જાય છે. તેવા જ નિમિત્ત નૈમિત્તિક સંબંધ દ્વારા ભગવાનના ઉપદેશ વડે પાત્ર જીવ સ્વાનુભૂતિ અને પરમાત્મદશા પ્રગટ કરી લે છે. પરમાત્માને દિવ્યધ્વનિ છૂટે છે. તેનો લાભ સમોસરણમાં આવેલા બધા જીવોને મળે છે. પરંતુ બીજી રીતે વિચારીએ તો એવો લાભ મળવો પણ દુર્લભ છે. અસંજ્ઞી જીવને તો એ લાભ ન મળે પરંતુ બધા સંજ્ઞી જીવોને પણ એની દુર્લભતા છે. લૌકિકમાં કોઈ આપણને ઉપયોગી થાય તો આપણે તેને ભૂલતા નથી. તેનો ઉપકાર માનીએ છીએ. તેથી આ લોકોત્તર માર્ગનો ઉપદેશ આપનારે આપણા ઉપર અનુગ્રહ કરીને આ ઉપદેશ આપ્યો છે. એવો ભાવ સહજપણે આવે છે. પરમાત્મા વીતરાગ છે. માટે અહીં શુભભાવરૂપનો અનુગ્રહ ન સમજવો.

પરમાત્મા તીર્થંકર હોવાથી તે યોગીઓને તારવાને સમર્થ છે. પાત્ર જીવ પોતાની મેળે તરે ત્યારે ભગવાને તાર્યા એવો આરોપ આવે. અહીં પણ પરમાત્મા પ્રત્યેનો આદરભાવ છે. જેણે પોતાના પરિણામને પોતાના સ્વભાવમાં જોડયા છે તે યોગી છે. તે પોતે જ તરે છે ત્યારે ભગવાને તાર્યા એમ કહેવાય છે. પરમાત્મા ધર્મના કર્તા છે અર્થાત્ તેઓ પોતાની શુદ્ધ પર્યાયના કરનારા છે. એવા વર્ધમાનદેવને કુંદકુંદાચાર્યદેવ પ્રથમ નમસ્કાર કરે છે.

ભગવાન મહાવીરને નમસ્કાર કર્યા બાદ અન્ય સમસ્ત ભૂતકાળના તીર્થંકરોને સિદ્ધ ભગવંતોને તથા પંચાચારનું પાલન કરનારા સમસ્ત આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર કરે છે. મનુષ્યક્ષેત્રમાં વર્તમાનમાં માત્ર મહાવિદેહ ક્ષેત્રમાં જ વીસ તીર્થંકરો બિરાજમાન છે. હવે આચાર્યદેવ ત્રણે કાળના પંચપરમેષ્ઠી ભગવંતો, વર્તમાન વિદ્યમાન હોય અને પોતાની સન્મુખ હોય એવું જ્ઞાનમાં લે છે. એ પ્રમાણે કરીને જેમ ગ્રુપ ફોટો પાડીએ તે રીતે તે ત્રિકાળવર્તી પંચ પરમેષ્ઠીને એકી સાથે યુગપદ નમસ્કાર કરે છે. એ રીતે બધાને નમસ્કાર કર્યા બાદ તે બધાને એક પછી એક અલગ રીતે પણ નમસ્કાર કરે છે.

## દ્વૈત - અદ્વૈતની રમત

હવે આચાર્યદેવ પંચ પરમેષ્ઠીને કેવી રીતે નમસ્કાર કરવા એ શીખવે છે. તે નમસ્કારનું શું ફળ પ્રાપ્ત થાય એ વાત પણ દર્શાવે છે. પોતે તેવી દશા પ્રાપ્ત કરવા માગે છે તે આ નમસ્કારનું પ્રયોજન છે. વંદુ તદગુણ લબ્ધયે, હવે આટલી વાત સમજાવવા માટે દ્વૈત અને અદ્વૈત એવા શબ્દપ્રયોગ કઈ રીતે કરે છે તે જોઈએ. નમસ્કારમાં પ્રણમન અને વંદન બન્નેનો સમાવેશ થાય છે. નમસ્કાર એ અદ્વૈત છે. પ્રણમન અને વંદન દ્વૈત છે. પ્રણમન એટલે દેહથી નમવું જ્યારે વંદનમાં વચનથી કરવામાં આવતી સ્તુતિ. આ રીતે દ્વૈત-અદ્વૈત લીધા બાદ હવે બીજી રીતે દ્વૈત-અદ્વૈતની વાત કરે છે. પોતે ધ્યાન કરનારા. પંચપરમેષ્ઠી તે ધ્યાનના ધ્યેય. ધ્યાનની શરૂઆતમાં ધ્યાતા અને ધ્યેય જુદા છે. દૃષ્ટાંત : માણસ પાડાનું ધ્યાન કરવા બેસે છે ત્યારે પોતે માણસ છે એવો ખ્યાલ છે. પાડાના ધ્યાનમાં એકાગ્ર થાય ત્યારે હું જ પાડો છું. એવું માનવા લાગે છે. પહેલા મનુષ્ય અને પાડા વચ્ચે દ્વૈત હતું. પછી તેનું અદ્વૈત થયું. સિદ્ધાંતમાં જીવ જ્યારે પંચપરમેષ્ટીનું ધ્યાન કરે છે ત્યારે પહેલા દ્વૈત હોય અને પછી અદ્વૈત થાય છે.

અહીં આ ભાવ નમસ્કાર દર્શાવવામાં આવ્યો છે. આચાર્યદેવ પોતે પંચપરમેષ્ટીને નમસ્કાર કરે છે ત્યારે શરૂઆતમાં પોતે અને પરમેષ્ટી એવું દ્વૈત છે અને પછી અદ્વૈત સર્જાય છે. આ વાત સમજીએ. પંચ પરમેષ્ટીમાં અરિહંત અને સિદ્ધપરમાત્માએ પરિપૂર્ણ પવિત્રદશા પ્રગટ કરી લીધી છે. જ્યારે સાધુત્રય ભાવલિંગ - સાધકદશામાં છે. આ રીતે પંચ પરમેષ્ટીમાં શુદ્ધ પર્યાયની પ્રગટતાની મુખ્યતા છે. પાત્ર જીવને એવી દશાનો મહિમા છે. પોતે તેવી દશા પ્રગટ કરવા માગે છે જેણે એ દશા પ્રગટ કરી છે તેનો તેને મહિમા છે. તેથી તે દશા તેને માટે પૂજનિક-વંદનિક છે. તે દશાને નમસ્કાર કરવામાં આવે છે. ત્યારબાદ તેનું ધ્યાન તે દશા જેમાંથી પ્રગટ થઈ તે સ્વભાવ તરફ જાય છે. પર્યાય કરતાં ત્રિકાળ સ્વભાવના સામર્થ્ય નો મહિમા વધારે છે તેથી તે પરમેષ્ઠી પર્યાયને ગૌણ કરીને પરમેષ્ટીના સ્વભાવને લક્ષ્યગત કરે છે. ત્યારબાદ જેવો સ્વભાવ પરમાત્માનો છે તેવો જ પોતાનો સ્વભાવ છે માટે હવે તેનું લક્ષ પરમેષ્ટી પરથી હઠીને પોતાના સ્વભાવ પર આવે છે. આ રીતે પરમાત્માને નમસ્કાર કરવા જતાં ઉપયોગ પોતાને નમસ્કાર કરવા લાગે છે. પોતાના અને પરમાત્માના દ્વૈતને દૂર કરીને અદ્વૈત કરે છે. અર્થાત્ બન્નેનું સમાનપણું અદ્વૈતનું કારણ ગણીને પરથી ખસીને પોતે પોતાના સ્વભાવમાં સ્થિત થાય છે. પોતે અને પરમાત્મા એક થઈ જાય છે એવું અદ્વૈત નથી લેવું પરંતુ બન્ને વચ્ચેના સામ્યરૂપ અદ્વૈતપણું વિચારીને પોતે પરમાત્મા તરફનું લક્ષ છોડીને પોતાનામાં આવે એવો ભાવ આચાર્યદેવ દર્શાવવા માગે છે.

પોતે જ્યારે પરમેષ્ટીને એ રીતે નમસ્કાર કરે છે ત્યારે તેના ફળસ્વરૂપે પોતે પણ પરમેષ્ટી પદમાં સમાઈ જાય છે. સ્વભાવને નમસ્કાર કરવાના ફળમાં પોતે ભાવલિંગી સંત થઈ જાય છે. આચાર્યદેવ જે રીતે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરે છે એ રીતે આપણે પણ નમસ્કાર કરવા જોઈએ. અર્થાત્ ભગવંતને નમસ્કાર કરવાની આ રીત છે. આપણને શુદ્ધતા ગમે છે એવું ત્યારે કહી શકીએ કે જ્યારે આપણે આપણી દશામાં આંશિક શુદ્ધતા પ્રગટ કરીએ ધર્મની શરૂઆત કરીએ. સમ્યગ્દર્શનની પ્રગટતા કરીએ, જો આપણે આવી શરૂઆત પણ ન કરીએ તો ખરેખર આપણે ભગવાનને પૂજનિક માન્યા નથી. માત્ર ઓઘે ઓઘે જ નમસ્કાર કરીએ છીએ. અજ્ઞાન ચાલુ રાખવું એ શુદ્ધ સ્વભાવનો અનાદર છે.

## સાધકદશા - મુનિદશા

સાધકને આ જ્ઞાયક તે હું છું એવું જ્ઞાન છે.

જ્ઞાનને અનુસરીને શ્રદ્ધાન થાય છે તેથી શ્રદ્ધાનમાં આ જ્ઞાયક તે હું છું એવું શ્રદ્ધાન થાય છે. તે દેહાધ્યાસ છોડીને જ્ઞાયકમાં હુંપણું સ્થાપે છે. જ્ઞાયકનો આશ્રય કરવાથી અવશ્ય કર્મથી છૂટાશે એવા શ્રદ્ધાનપૂર્વક તે જ્ઞાયક સ્વભાવનો આશ્રય કરે છે. તે જ્ઞાયકના આશ્રયે તેને પર્યાયમાં શુદ્ધતાની વૃદ્ધિ થતી જાય છે. અને અશુદ્ધતાની, કષાયની હાનિ થતી જાય છે. છેવટે પરિપૂર્ણ શુદ્ધતા પ્રગટતા તે પરમાત્મા થઈ જાય છે. આ રીતે જ્ઞાનીને જ્ઞાનશ્રદ્ધાનની મુખ્યતા પૂર્વકનું આચરણ હોય છે. જ્ઞાયકને અવલંબનારી જ્ઞાતૃત્વધારાથી તે ક્રમશઃ સાધકદશામાં આગળ વધે છે.

જ્ઞાનીને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનપૂર્વક ચારિત્રદશામાં નીચે પ્રમાણે ફેરફાર થાય છે.

| **ધર્મની શરૂઆત સમ્યગ્દર્શન** | **શુદ્ધતા-વીતરાગતા** | **કષાય** |
|---|---|---|
| અવિરત સમ્યગ્દષ્ટિ | + | +++ ત્રણ કષાય વિદ્યમાન |
| શ્રાવક દશા. | ++ | ++ |
| મુનિદશા | +++ | + |
| પરમાત્મદશા | ++++ | - |

મુનિરાજને ત્રણ કષાયના અભાવપૂર્વકની વીતરાગતા પ્રગટ છે. માત્ર એક જ સંજ્વલન કષાય તેમને વિદ્યમાન છે. મુનિરાજ તેને પુણ્યબંધના કારણરૂપ માને છે. તેથી તેમાં તેને હેયપણું વર્તે છે. તે ચારિત્ર ગુણની પર્યાય હોવાથી તેને સરાગ ચારિત્ર કહેવામાં આવે છે. સાધકની એક સમયની ચારિત્ર પર્યાયને જોવાની બે દૃષ્ટિઓ છે. તે પર્યાયમાં જેટલી શુદ્ધતા છે અર્થાત્ કષાયના અભાવપૂર્વકની પવિત્રતા છે તે વીતરાગ ચારિત્ર છે અને જે કષાય વિદ્યમાન છે તે સરાગ ચારિત્ર છે. તે કષાયનું હેયપણું લક્ષમાં હોવાથી જ્ઞાન શ્રદ્ધાનમાં તેનું હેયપણું હોવાથી તે સાધક તેને દૂર કરતો જાય છે.

## સરાગ ચારિત્ર ક્રમે આવી પડયું હોવાથી

સાધકદશાના ક્રમનો આપણે ખ્યાલ કર્યો છે. વધતા જતા શુદ્ધતાના અંશો અનુસાર રાગનો અભાવ થતો જાય છે. આ ક્રમ છે. પ્રથમ અનંતાનુબંધી, પછી અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને છેલ્લે સંજ્વલન કષાય દૂર થાય છે આ ક્રમ છે. કષાયો આ ક્રમ અનુસાર દૂર થાય છે. શુદ્ધતાની ભૂમિકા અનુસાર જે કષાયો વિદ્યમાન હોય છે તેને ''ક્રમે આવી પડયા છે'' એવું કહેવામાં આવે છે. અહીં આચાર્યદેવ ક્રમબદ્ધપર્યાય અર્થાત્ જે પર્યાય જે સમયે થવાની હોય તે થાય છે એવું દર્શાવવા માગતા નથી. પોતાના પુરુષાર્થની કચાશના કારણે એટલો કષાય રહી જાય છે. એટલો પોતાનો દોષ છે. નિમિત્તની મુખ્યતાથી વાત કરીએ તો તે સમયે ચારિત્ર મોહનીય કર્મનો મંદ ઉદય વર્તે છે. સંજ્વલન કષાય છે માટે મંદઉદય શબ્દ વાપરવામાં આવ્યો છે.

અહીં આચાર્યદેવ એ પરિણામને પોતે કરે છે એવું દર્શાવવા માગતા નથી. એ પરિણામ પોતાના પુરુષાર્થની કચાશથી થયા છે એવું પણ દર્શાવવા માગતા નથી. કર્મની બળજોરીની પણ ના પાડવી છે. એ પર્યાય પોતાને દુઃખરૂપે અનુભવાય છે એવું પણ કહેવું નથી પરંતુ એવું કહેવું છે કે પોતે તે પરિણામોને દૂરથી જ ઓળંગી જાય છે. થોડું વિચિત્ર જરૂર લાગે પરંતુ શાંતિથી વિચારતા ખ્યાલ આવશે કે તેમાં તથ્ય છે. પોતે તે પરિણામને કરવા જેવા તો માનતા નથી. છોડવા જેવા માને છે. તે માન્યતા અનુસાર પુરુષાર્થ કરીને ચારિત્ર અપેક્ષાએ તે કષાયોનો અભાવ કરતા જાય છે. સાધક સ્વતંત્રપણે કર્તા થઈને વીતરાગ પર્યાયને કરે છે અને કર્તાના ઈષ્ટરૂપે તે વીતરાગ પર્યાય જ તે સાધકનું કર્મ છે. સાધક રાગને સ્વતંત્રપણે કરતો નથી. તેથી તે તેને તે અપેક્ષાએ ભોગવતો પણ નથી. જેમ ખેડૂતની નજર અનાજ ઉપર છે - રાડા ઉપર નહીં. તેમ

સાધકતો મોક્ષના ધ્યેય તરફ પ્રયાણ કરી રહ્યો છે. આ અપેક્ષાએ તે રાગભાવને દૂરથી ઓળંગી જાય છે તે તેની નજીકપણ જવા માગતો નથી એવો ભાવ દર્શાવવામાં આવ્યો છે.

કષાયથી દુર ભાગીને શું કરે છે ? વીતરાગ ચારિત્ર એવા સામ્યભાવની પ્રાપ્તિ કરે છે. વીતરાગ ચારિત્ર કષાય કલેશરૂપ કલંકથી અત્યંત ભિન્ન છે. જાત્યાંતરરૂપ છે. વળી તે ચારિત્ર મોક્ષની પ્રાપ્તિનું કારણ છે. પોતે વીતરાગ દશા પ્રગટ કરીને, નિર્વિકલ્પ અનુભૂતિ પ્રગટ કરીને એ કષાયકણને ઓળંગી જાય છે. વિભાવનો અભાવ કરીને વીતરાગતા પ્રગટ કરે છે. મુનિરાજ આ રીતે વારંવાર છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલે છે.

## ◆ ગાથા - ૬

**સુર-અસુર-મનુજેન્દ્રો તણા વિભવો સહિત નિર્વાણની**
**પ્રાપ્તિ કરે ચારિત્રથી જીવ જ્ઞાનદર્શનમુખ્યથી. ૬.**

***જીવને દર્શનજ્ઞાનપ્રધાન ચારિત્રથી દેવેન્દ્ર, અસુરેન્દ્ર અને નરેન્દ્રના વૈભવ સહિત નિર્વાણ પ્રાપ્ત થાય છે. (જીવને સરાગ ચારિત્રથી દેવેન્દ્ર વગેરેના વૈભવની અને વીતરાગ ચારિત્રથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે)***

મોક્ષમાર્ગની પર્યાય એક હોવા છતાં તે મિશ્ર પર્યાય છે. તે પર્યાયમાં અંશે શુદ્ધતા છે તેને નિશ્ચય મોક્ષમાર્ગ કહેવાય છે. તે મોક્ષનું સાચું કારણ છે. તેને અહીં વીતરાગ ચારિત્ર કહેવામાં આવ્યું છે. ભૂમિકા પ્રમાણેના શુભભાવો છે તે વ્યવહારે મોક્ષમાર્ગ છે અર્થાત્ તે ખરેખર મોક્ષનું કારણ નથી. તે ભાવોથી જીવને કર્મબંધ થાય છે. શુદ્ધતારૂપના મોક્ષમાર્ગની સાથે સહચર હોવાથી તેને વ્યવહાર મોક્ષમાર્ગ એવું નામ મળે છે. તેને અહીં સરાગચારિત્ર કહ્યું છે. શુભભાવોના ફળમાં પુણ્યપ્રકૃતિ બંધાય છે જે અનુકૂળ સંયોગો આપે છે, જેને અહીં નરેન્દ્ર વગેરેના વૈભવ દ્વારા ઓળખાવવામાં આવે છે.

જ્ઞાનીને આવા શુભભાવો હેયરૂપે લક્ષગત થતાં હોવાથી તે તેને છોડતો જાય છે. જ્ઞાનીને સ્વર્ગના ઈન્દ્રોના ભોગ પણ તુચ્છ લાગે છે. શુભભાવના ફળ જીવે સંસાર દશામાં ઘણા ભોગવ્યા છે. તે તેને માટે નવા નથી. તેનું ફળ ચાર ગતિના પરિભ્રમણ છે જે પરમાર્થે દુઃખરૂપ જ છે. સાધકને શુભભાવો ભૂમિકાને યોગ્ય હોવા છતાં દુઃખના કારણો છે તો પછી અજ્ઞાનીના શુભભાવ તો એકાંત દુઃખનું જ કારણ થાય છે. સાધક પોતાના જ્ઞાન અને શ્રદ્ધાનના જોરમાં કષાયનો અભાવ કરતો જાય છે. ચારિત્ર અપેક્ષાએ વિકલ્પ માત્ર દુઃખરૂપે અનુભવાતા હોવાથી જ્ઞાની વિકલ્પ તોડીને નિર્વિકલ્પ થાય છે. રાગને છોડીને વીતરાગ થાય છે.

શુભભાવથી પરંપરાએ મુક્તિ થાય છે એવી માન્યતા ખોટી છે. અજ્ઞાની અનાદિ કાળથી શુભભાવ કરતો આવ્યો છે પરંતુ તેની મુક્તિ થતી નથી. પરંપરાએ મુક્તિની વાત છે તેનો અર્થ એ પ્રમાણે લેવો કે વીતરાગ ચારિત્ર વૃદ્ધિગત થઈને પરમાત્મદશાની પ્રગટતા કરે છે. શુભભાવને પરંપરા લાગુ પડતી નથી.

ગાથામાં અસુરેન્દ્રની વાત પણ લીધી છે. તે કઈ રીતે છે તેનો ખુલાસો જયસેનાચાર્યની ટીકામાં છે. સમ્યગ્દૃષ્ટિ જીવ અસુરેન્દ્ર કઈ રીતે થાય તેનો જવાબ છે કે તે નિદાન બંધ કરીને ત્યાં જાય છે. ભાવલિંગી સંતને તપના ફળમાં અનેક પ્રકારની લબ્ધિ પ્રાપ્ત થવાની હોય પરંતુ તે જીવને કોઈ ચોક્કસ પ્રકારના પુણ્યના ફળને જોઈને પોતાને તેનું ફળ મળે એવી ઈચ્છા થાય તેને નિદાનબંધ કહે છે. જુઓ અનાદિના પુણ્યના ફળની મીઠાશના સંસ્કારનું ફળ! તે જીવ પોતાની ઈચ્છા મુજબનું ફળ મેળવે છે. પરંતુ સાદિ મિથ્યાદૃષ્ટિ થઈને અસુરગતિમાં ચાલ્યો જાય છે.

## ◆ ગાથા - ૭

**ચારિત્ર છે તે ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે;**
**ને સામ્ય જીવનો મોહક્ષોભવિહીન નિજ પરિણામ છે. ૭.**

***ચારિત્ર ખરેખર ધર્મ છે. જે ધર્મ છે તે સામ્ય છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. સામ્ય મોહક્ષોભરહિત એવો આત્માનો પરિણામ (ભાવ) છે.***

''ચારિત્ર ખલુ ધમ્મો'' ચારિત્ર છે તે ખરેખર ધર્મ છે. આ ગાથામાં આચાર્યદેવ ચારિત્ર, ધર્મ અને સામ્ય એ ત્રણને સમાનાર્થી દર્શાવે છે. આ ગાથામાં આચાર્યદેવ મુનિદશા કેવી હોય તે કહેવા માગે છે. આચરણ હંમેશા જ્ઞાનશ્રદ્ધાનપૂર્વક જ હોય છે. જ્ઞાનીએ પોતાના જ્ઞાયક સ્વભાવને સ્વપણે જાણ્યો છે. તેને સ્વ-પરના જુદાપણાનો વિવેક છે અર્થાત્ જ્ઞાનીને સ્વ-પરનું ભેદજ્ઞાન વર્તે છે. તેને શરીર અને પરદ્રવ્યોથી અત્યંત ભિન્ન એવા પોતાના સ્વભાવનું શ્રદ્ધાન છે. તેણે દેહાધ્યાસ છોડીને પોતાના સ્વભાવમાં હુંપણું સ્થાપ્યું છે. તેને સમ્યગ્દર્શન અર્થાત્ ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. ''દંસણમૂલો ધમ્મો'' એટલે કે સમ્યગ્દર્શન એ ધર્મની શરૂઆત છે. ચારિત્ર તે ખરેખર ધર્મ છે પરંતુ તેની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન વિના ધર્મ હોઈ શકે નહીં. જયાં જ્ઞાન અને શ્રદ્ધાનમાં ભિન્ન આત્માની પ્રતીતિ થઈ ત્યાં હવે આચરણમાં એ પરથી જુદા પડવાનું કાર્ય કરે છે. એ રીતે તે પરથી જુદો પડે તેને ચારિત્ર કહે છે. અજ્ઞાનીએ શરીર તે હું છું એવું માનીને પોતાનું જીવન ગોઠવ્યું હતું. એ બધું હવે ઉથાપવાનું છે. જ્ઞાનીએ દેહમાંથી મમત્વ છોડયું છે. તે હવે દેહલક્ષી પ્રવૃત્તિ છોડતો જાય છે. શરીર જુદું છે. સંયોગો એનાથી પણ જુદા છે. જીવને પરદ્રવ્ય સાથે માત્ર જ્ઞેયજ્ઞાયક સંબંધ જ છે. પાંચ ઈન્દ્રિયના વિષયો ભોગવાતા જ નથી એ વાત લક્ષમાં રાખીને, તે જીવને તો મળતા નથી પરંતુ પરમાર્થે શરીરને પણ મળતા નથી. મને આ બધું મળે છે એવી ભ્રમણા જે અજ્ઞાન દશામાં હતી તે અજ્ઞાન દૂર થતાં તે ભ્રમણા નીકળી ગઈ પરંતુ ભ્રમણા અનુસાર જે પ્રકારે જીવન જીવતો હતો તે ટેવ રહી ગઈ છે. તેથી હવે તે ટેવ સુધારવાની વાત છે. દૃષ્ટાંત : ભિખારી કદાચ રાજા થાય તો તેને રાજા તરીકે જીવવાની ટેવ અને ભિખારીવેડા છોડવાની ટેવ પાડવી પડે છે. તેમ સાધક છે તે જીવને શોભે એવું પોતાનું જીવન જીવવાની શરૂઆત કરે છે. સાથોસાથ જે પ્રકારે શરીરથી ઉદાસીનતા આવતી જાય છે તે પ્રકારે તેના દેહલક્ષી પરિણામમાં પણ ફેર પડતો જાય છે. મુનિદશા આવે ત્યારે તે દેહથી અત્યંત વિરક્ત થઈ જાય છે. પદ્મપ્રભમલધારી દેવના શબ્દોમાં કહીએ તો તેને પાંચ ઈન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર પરિગ્રહ છે. આ દશાને અહીં આચાર્યદેવ ચારિત્ર શબ્દથી ઓળખાવે છે. આ ગાથામાં ચારિત્ર શબ્દનો અર્થ મુનિદશાને યોગ્ય જીવના શુદ્ધ પરિણામ છે.

### ધર્મ

ધર્મ શબ્દના પણ અનેક અર્થ થાય છે. અહીં મુનિદશાને ધર્મ કહ્યો છે. ધારયતિ ઈતિ ધર્મ અર્થાત્ જે પોતાને પોતાના સ્વભાવમાં ધારી રાખે તે ધર્મ છે. પોતાના સ્વભાવમાં હિતબુદ્ધિપૂર્વક ટકી જવું તે ધર્મ છે. મુનિદશાને યોગ્ય વીતરાગ ચારિત્રને અહીં ધર્મ કહેવા માગે છે. ચારિત્ર છે તે ખરેખર ધર્મ છે. વીતરાગ ચારિત્ર વડે, એવી શુદ્ધ પર્યાય વડે તે પોતાના સ્વભાવમાં ટકી રહે છે.

અજ્ઞાની જીવ સ્વભાવનો એવો અનાદર કરે છે કે તે સ્વભાવને કયારેય યાદ પણ કરતો નથી. પરિણામે એવી સ્થિતિ આવે છે કે કોઈ પાત્ર જીવ આત્મઅનુભવ કરવા માગે ત્યારે તે વિકલ્પની ભૂમિકામાં પણ સ્વભાવ નજીક રહી શકતો નથી માટે પાત્ર જીવે સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવા માટે વિકલ્પાત્મક ભૂમિકામાં પણ સ્વભાવનું ચિંતવન

પ્રયત્નપૂર્વક ટકાવવું પડે છે. તે માટે પણ જબ્બર પુરુષાર્થ કરવો પડે છે. સ્વાનુભૂતિ એ નિર્વિકલ્પ અનુભૂતિ છે. સાધકદશા પ્રગટ કર્યા પછી પણ એવી નિર્વિકલ્પતા ટકતી નથી. અનાદિના સંસ્કાર એના ઉપયોગને બહાર ધકેલી દે છે. વિકલ્પ તોડીને નિર્વિકલ્પ થવામાં પણ એટલો જ પ્રયત્ન જરૂરી છે. આ ભગીરથ કાર્ય એટલે સાધકદશા. આવા પ્રયત્ન કરીને જીવ મુનિદશા સુધી પહોંચે છે. મુનિદશા એટલે રસ્સી ખેંચની રમત. એક બાજુ શુદ્ધ પર્યાયની પ્રગટતા જે અતીન્દ્રિય આનંદ આપે છે ત્યારે સામે પક્ષે અનાદિના સંસ્કાર. સમ્યગ્દર્શન થયા પછી રહી ગયેલા અસ્થિરતાના રાગમાં પણ કેટલું જોર! મુનિદશાએ પહોંચ્યા પછી માત્ર સંજ્વલન કષાયમાં પણ કેટલું જોર! સ્વભાવના અનાદરના કેટલા દૂરોગામી પરિણામ ! મુનિરાજ કેટલો લાંબો સમય છઠ્ઠે-સાતમે ઝૂલે છે ! નિર્વિકલ્પ અનુભૂતિમાંથી ફટ કરતાં વિકલ્પની ભૂમિકામાં આવે તુરતજ પુરુષાર્થ વધારીને નિર્વિકલ્પ થાય. પાછો વિકલ્પ જોર કરે. આ રીતે પ્રમત્ત અપ્રમત્ત દશા વારંવાર બદલાયા કરે. છેવટ વીતરાગ ચારિત્રનો વિજય થાય છે. મુનિરાજ સાતિશય ભૂમિકામાં આવીને શ્રેણી માંડે છે અને કેવળજ્ઞાન પ્રગટ કરી લે છે.

સાચા સિદ્ધાંતને બહિર્લક્ષી જ્ઞાનમાં લેવા, તેનો ન્યાય યુક્તિથી સ્વીકાર કરવો, ત્યાંથી લઈને પરમાત્મપદ સુધીનો આખો સંઘર્ષનો જ માર્ગ છે. અધ્યાત્મમાં ડગલેને પગલે પુરુષાર્થ જ ઉપયોગી છે. તેને ઢીલો પાડયો જરાય પોષાય તેમ નથી. આ વીતરાગ પર્યાય જ જીવને પોતાનામાં ધારી રાખે છે. માટે તેને અહીં ચારિત્ર અથવા ધર્મ એવું નામ આપવામાં આવ્યું છે.

### સામ્ય

સામ્ય શબ્દના પણ અનેક પ્રકારે અર્થ કરી શકાય છે. અહીં આચાર્યદેવ, ચારિત્ર-ધર્મ અને સામ્યને એકાર્થમાં લઈ ગયા બાદ પોતે જ સામ્ય શબ્દથી અહીં એવો અર્થ કરે છે કે તે જીવના મોહ અને ક્ષોભ વિનાના પરિણામ છે. મોહ શબ્દથી ભાવ મિથ્યાત્વ ખ્યાલમાં આવે છે. ક્ષોભ શબ્દ ચારિત્રમોહ અર્થાત્ રાગ-દ્વેષ અને શુભાશુભ ભાવોને સૂચવે છે. સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો અભાવ થાય છે. તેને સામ્યભાવ નથી કહેતા પરંતુ ત્યારબાદ અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન કષાયનો અભાવ થાય ત્યારે જે વીતરાગ ચારિત્રની પ્રાપ્તિ થાય છે તેને આચાર્યદેવ સામ્યભાવ કહેવા માગે છે. જીવ જયારે આ કક્ષાએ પહોંચે છે ત્યારે તેના પરિણામ અત્યંત મધ્યસ્થ થઈ જાય છે. તે મધ્યસ્થતા અનેક પ્રકારે જોવા મળે છે.

જ્ઞાનીને સ્વ અને પરનો વિવેક છે. તે પોતાને પરથી જાુદો પાડીને અનુભવમાં લે છે. વિશ્વના સમસ્ત પદાર્થો મારાથી અત્યંત ભિન્ન છે. હું પરદ્રવ્યને ભોગવી શકતો નથી. તેથી તેમાં ભેદ પાડવાનું હવે કોઈ પ્રયોજન નથી. અજ્ઞાનદશામાં આ ગમે અને આ ન ગમે - આ ઉપયોગી આ બિનઉપયોગી એવા ભેદ પડતા હતા તે બંધ થઈ ગયા. મુનિદશામાં પોતે અત્યંત વિરક્ત થયો હોવાથી હવે તેને બધા પરદ્રવ્યો સમભાવમાં આવી ગયા છે. તેને હીરા અને કોલસા વચ્ચે અથવા ગોળ અને ખોળ વચ્ચે કોઈ તફાવત લાગતો નથી. તે બન્નેથી સમાનપણે પોતાને જાુદો રાખે છે.

શરીર પ્રત્યે પણ એટલી ઉદાસીનતા છે કે તેને જીવન અને મરણ વચ્ચે પણ કોઈ ભેદ લાગતો નથી. જેણે શરીરથી પોતાનું જાુદાપણુ અનુભવ્યું તેને પુણ્ય અને પાપ પ્રકૃતિઓ અને તેના નિમિત્ત કારણ એવા શુભાશુભ ભાવો પ્રત્યે પણ સમભાવ છે. તેને બેમાંથી કોઈના ફળ જોઈતા નથી. જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાય તે ભાવની પણ તેને ઉપેક્ષા વર્તે છે.

સાધકે શુદ્ધાત્મામાં પોતાનું હુંપણું સ્થાપ્યું છે. પોતે તેમાં જ લીન રહે છે. તેને પોતાની પર્યાયની પણ ઉપેક્ષા વર્તે છે. દૃષ્ટિ પર્યાયનો પણ સ્વીકાર કરતી નથી. આ અપેક્ષાએ તેને સંસાર અને મોક્ષ વચ્ચે પણ સમભાવ છે. આ પ્રકારે આચાર્યદેવ મુનિદશા વર્ણવે છે.

ટીકાકાર આચાર્યદેવ ચારિત્રનું સ્વરૂપ સમજાવે છે. સ્વરૂપમાં રમવું તે ચારિત્ર છે. અજ્ઞાની બાહ્ય વિષયોમાં રમે છે. તેમાંથી સુખ મેળવવાનો પ્રયત્ન કરે છે. જ્ઞાની જાણે છે કે સુખ મારો સ્વભાવ છે. પોતાનામાંથી જ સુખ આવે છે. બાહ્યમાંથી સુખ આવતું નથી. અજ્ઞાનદશામાં પણ જે સુખનો અનુભવ થતો હતો તે સુખ મારામાંથી જ આવતું હતું. આ રીતે સાચી સમજણ અને શ્રદ્ધાન થતાં હવે એ પોતાના સ્વરૂપમાં રમે છે, કેલી કરે છે. તેને સ્વસમય પ્રવૃત્તિ કહેવામાં આવે છે. સ્વસમય પ્રવૃત્તિનો અર્થ પોતાને જાણવું એવો  નથી થતો. એનો અર્થ એ રીતે છે કે જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપીને તેને અનુરૂપ આચરણ કરવું તે સ્વસમય પ્રવૃત્તિ છે.

તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે. સ્વભાવના આશ્રયે શુદ્ધતા પ્રગટ કરવી તે જ વસ્તુનો સ્વભાવ છે. તેને અહીં ધર્મ કહે છે. શુદ્ધ પર્યાયમાં એવી શક્તિ છે કે બાહ્યમાં ગમે તેવા પ્રતિકૂળ સંયોગો આવે, વજ્રપાત થાય, તોપણ જ્ઞાનીને પોતાના માર્ગથી ચ્યુત કરવાનું તેમાં સામર્થ્ય નથી. બીજા શબ્દોમાં કહીએ જ્ઞાની શુદ્ધ પર્યાયના બળથી પોતાનામાં ટકી રહે છે. પોતાના પોતાનામાં ધારી રાખે છે. તેથી તે ધર્મ છે. તેવા પરિણામ વડે પોતાનો શુદ્ધાત્મા પ્રસિદ્ધ થાય છે માટે તેના વડે શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું કહેવામાં આવે છે.

આ પરિણામને સામ્ય કહે છે. તેને યથાસ્થિત આત્મગુણ કહે છે. ભાવ મિથ્યાત્વના કારણે અજ્ઞાનીને સ્વ-પરના જુદાપણાનો વિવેક નથી. મોહની અસર નીચે અજ્ઞાની જીવ પોતાને જાણતો નથી. ઈન્દ્રિય જ્ઞાનમાં માત્ર રૂપી પદાર્થો જ જણાય છે. અરૂપી આત્મા જણાતો નથી તેથી અજ્ઞાનીની દુનિયા રૂપી જ છે. ચારિત્રમાં રાગ-દ્વેષના કારણે તે અનેક પરદ્રવ્યોમાં આ કામનું અને આ નકામું એવા ભેદ કરે છે. મોહ અર્થાત્ વિપરીતતાને કારણે જીવના પરિણામમાં મધ્યસ્થતા નથી. જયારે મોહ-રાગ-દ્વેષનો અભાવ થાય છે ત્યારે મધ્યસ્થતા પ્રગટ થાય છે. તે પરિણામને સામ્ય કહે છે.

આ રીતે આત્માની મુનિદશાને ચારિત્ર, ધર્મ અને સામ્ય એવું નામ આપ્યું છે.

## ◆ ગાથા - ૮

**જે ભાવમાં પ્રણમે દરવ, તે કાળ તન્મય તે કહ્યું;**
**જીવદ્રવ્ય તેથી ધર્મમાં પ્રણમેલ ધર્મ જ જાણવું. ૮.**

***દ્રવ્ય જે કાળે જે ભાવરૂપે પરિણમે છે તે કાળે તે મય છે. એમ જિનેન્દ્રદેવે કહ્યું છે તેથી ધર્મ પરિણત આત્મા ધર્મ જાણવો.***

આ ગાથામાં આચાર્યદેવ દ્રવ્યબંધારણ સમજાવવા માગે છે. છ દ્રવ્યોને લાગુ પડતા સિદ્ધાંત એ પ્રમાણે છે કે પદાર્થની એક સત્તા છે. તેથી દ્રવ્ય-પર્યાયની એક સત્તા છે. દ્રવ્ય સામાન્ય પોતે વ્યાપક થઈને દરેક પર્યાયરૂપે થાય છે અર્થાત્ પર્યાય એ દ્રવ્યનું વ્યાપ્ય છે. સોનામાંથી અનેક જાતના  ઘાટ થાય છે. દરેક વખતે તે સોનું તે ઘાટરૂપે જોવા મળે છે. આ રીતે સોનુ અને તેનો ઘાટ બન્નેની એક સત્તા છે. ગોરસ કયારેક દૂધરૂપે, દહીંરૂપે, માખણ કે ઘી રૂપે જોવા મળે છે. ગોરસની એક વખતે એક દશા છે. અર્થાત્ ગોરસ એક સમયે દૂધરૂપે છે એટલે કે તે સમયે ગોરસ અને દુધ તન્મય છે. દ્રવ્ય અને પર્યાયનું તન્મયપણું છે. જીવ કયારેક મનુષ્યરૂપે કે દેવ નારકીરૂપે છે અથવા ક્રોધ-માનના પરિણામરૂપે છે.

સર્વથા એકાંત માન્યતાવાળા દ્રવ્ય અને પર્યાયની એક સત્તા માની શકતા નથી. નિત્ય અને અનિત્ય બે ધર્મો સાથે અવિરોધપણે રહે છે તે વાત તેને માન્ય નથી. જૈનોમાં પણ બંધારણનું જ્ઞાન ઓછું જોવા મળે છે. એક સમય એવો હતો જયારે પર્યાય શબ્દ બોલીએ એટલે કહે કે તમો સોનગઢવાળા લાગો છો. જિનાગમમાં દ્રવ્ય અને પર્યાય વચ્ચે અતદ્ભાવ દર્શાવવામાં આવે છે. દરેક સમયે એની ચોખવટ ન થાય. વળી જીવમાં આશ્રયભૂત તત્ત્વની વાત આવે ત્યારે તેમાં ગુણ અને પર્યાયના ભેદ નથી એવું કથન આવે તેથી જેને બંધારણનો ખ્યાલ ન હોય તેતો જે રીતે બે પદાર્થો જાુદા છે. એવી રીતે દ્રવ્ય અને પર્યાયનું જાુદાપણું માની લે. તેથી આચાર્યદેવ આ શાસ્ત્રમાં બંધારણની મુખ્યતા રાખીને અનેકાંત વસ્તુ સ્વરૂપને સલામત રાખીને સમજાવે છે. આ ગાથામાં અતદ્ભાવની વાત નથી કરવી પરંતુ તન્મયપણાની વાત લેવી છે.

ચારિત્ર, ધર્મ અને સામ્ય એ એકાર્થવાચી શબ્દો જીવની મુનિદશા વર્ણવે છે. એ વાત સાતમી ગાથામાં લીધી. અહીં હવે જીવ અને તેના પરિણામનું એકપણું દર્શાવીને જે ચારિત્ર છે તે જીવ જ છે અથવા જીવ છે તે ચારિત્ર જ છે. એવું સમજાવવા માગે છે.

આચાર્યદેવ આ ગાથામાં કાળ અને ભાવ બે શબ્દોનો પ્રયોગ કરે છે. બન્ને શબ્દો પર્યાય માટે વાપરવામાં આવ્યા છે. જે સમયે પરિણામ થાય તે સમયને કાળ શબ્દ લાગુ પડે છે અને તે સમયે તે દ્રવ્ય જે રૂપ ધારણ કરે છે તેને ભાવ કહેવામાં આવે છે. પદાર્થને દ્રવ્યગુણ-પર્યાયરૂપ આપણે ખ્યાલમાં લઈએ છીએ તે જ પ્રમાણે પદાર્થને દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવ એવા ભેદરૂપે પણ લક્ષમાં લઈ શકાય છે. શાસ્ત્રમાં કાળલબ્ધિ અને ભવિતવ્યતા એવા શબ્દો પણ આવે છે ત્યાં પણ આજ ધ્વનિ છે.

| કાળ સમયમાં | ગોરસ | સોનું | જીવ |
|---|---|---|---|
| ૧ | દૂધ | હાર | ક્રોધ |
| ૨ | દહીં | બંગડી | માન |
| ૩ | માખણ | બાજાુબંધ | માયા |
| ૪ | ઘી | કડું | લોભ |

આ રીતે ગોરસ સોનું અને જીવના પરિણામનો વિચાર કરીએ તો ત્રીજા સમયે જીવ માયારૂપે પરિણમે છે તો ત્રીજો સમય તે કાળ છે અને માયાના પરિણામ તે ભાવ છે. તેથી ત્રીજા સમયે આખો જીવ માયારૂપે પરિણમ્યો છે. આ પ્રકારે બધા પદાર્થમાં સમજી લેવું. પદાર્થ જે સમયે જે ભાવરૂપે પરિણમે છે તે ભાવ સાથે તે તે સમયે તન્મય છે.

આ ગાથામાં આચાર્યદેવે લોખંડના ગોળાનો દૃષ્ટાંત આપ્યો છે. અગ્નિના નિમિત્તે તે જયારે ગરમ થાય છે ત્યારે લોખંડનો ગોળો અને તેની ઉષ્ણતા અને અગ્નિ જાુદા નથી. આ ગાથામાં આચાર્યદેવે બધા દ્રવ્યોને લાગુ પડતો સિદ્ધાંત દર્શાવ્યો છે અને જીવ ચારિત્રરૂપે પરિણમે છે એવું દર્શાવે છે તેથી જીવના પણ સ્વાભાવિક શુદ્ધ પરિણામની વાત લીધી છે. ત્યારે અગ્નિ અને ઉષ્ણતા જાુદા નથી એ વાત વિશેષ ન્યાય સંગત લાગે. જીવના શુભાશુભ ભાવોની વાત હવે પછીની ગાથામાં આચાર્યદેવ લેવાના છે.

## ◆ ગાથા - ૯

**શુભ કે અશુભમાં પ્રણમતાં શુભ કે અશુભ આત્મા બને,**
**શુદ્ધે પ્રણમતાં શુદ્ધ, પરિણામસ્વભાવી હોઈને. ૯.**

***જીવ, પરિણામ સ્વભાવી હોવાથી, જયારે શુભ કે અશુભ ભાવે પરિણમે છે ત્યારે શુભ કે અશુભ થાય છે અને જયારે શુદ્ધ ભાવે પરિણમે છે ત્યારે શુદ્ધ થાય છે.***

ચારિત્ર દશામાં રાગ દ્વેષની વાત કર્યા બાદ હવે આચાર્યદેવ શુભાશુભ ભાવોને પણ યાદ કરે છે. જીવ તો અનાદિકાળથી અશુદ્ધતારૂપે જ શુભાશુભ ભાવોરૂપે જ પરિણમતો આવ્યો છે. એ જ જીવનો અનાદિ સંસાર છે. તે જ દુઃખનું કારણ છે અને તેમાંથી છૂટવા માટેનો જ ઉપદેશ છે. તેથી માત્ર શુદ્ધ પર્યાયરૂપે જીવ પરિણમે છે એટલું પર્યાપ્ત નથી. કોઈ અન્યમત જીવને સર્વથા શુદ્ધ જ માને છે. સંસાર તો પ્રકૃતિનું કાર્ય માને છે પરંતુ તે માન્યતા ખોટી છે. કોઈ માત્ર ત્રિકાળ સ્વભાવ જ માને છે પર્યાય માનતા નથી. એની માન્યતાનું નિરાકરણ તો દ્રવ્ય-પર્યાયરૂપ અનેકાંત વસ્તુ સ્વરૂપ સમજવાથી થયું.

દરેક દ્રવ્ય પરિણામ સ્વભાવી છે. દરેક પદાર્થ સત્‌મય છે. સત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ જ છે. અન્ય દ્રવ્યો સ્વભાવે શુદ્ધ છે અને તેની પર્યાયો પણ શુદ્ધ જ છે. જીવ પણ સ્વભાવે તો શુદ્ધ જ છે પરંતુ તેની પર્યાયો અનાદિકાળથી ધારાપ્રવાહરૂપ અશુદ્ધ જ છે. જીવની પર્યાય અશુદ્ધ છે પરંતુ એવા અશુદ્ધ પરિણામને કરે એવો કોઈ ત્રિકાળ સ્વભાવ જીવમાં નથી. સ્વભાવમાં ન હોય એવા પરિણામ થઈ શકે નહીં. તેથી જીવની પર્યાય અશુદ્ધ છે એવું કોઈ અન્યમતિ માનતા નથી. જીવને શુદ્ધ જ માને છે અને જે અશુદ્ધતા જોવા મળે છે તેને પ્રકૃતિનું કાર્ય માને છે પરંતુ તેની તે માન્યતા ખોટી છે. સાચી વાત સંક્ષેપમાં આ પ્રકારે છે.

જીવમાં એક વૈભાવિક શક્તિ છે. અર્થાત્ વિભાવરૂપે પરિણમવાની એક યોગ્યતા છે. વિભાવ પરિણામ એ નૈમિત્તિક પરિણામ છે. તેમાં નિમિત્ત દ્રવ્યકર્મનો ઉદય છે અર્થાત્ તેમાં નિમિત્ત પુદ્‌ગલ દ્રવ્યની અશુદ્ધ પર્યાય છે. પુદ્‌ગલમાં પણ એજ પ્રકારે વૈભાવિક શક્તિ છે. તે અનુસાર પુદ્‌ગલ દ્રવ્યકર્મરૂપે પરિણમે છે. દ્રવ્યકર્મ એ પુદ્‌ગલની નૈમિત્તિક પર્યાય છે. તેમાં નિમિત્ત જીવના વિભાવભાવો છે. આ રીતે જીવ અને પુદ્‌ગલ બન્નેના અરસ પરસ નિમિત્ત નૈમિત્તિક સંબંધથી ભાવકર્મ અને દ્રવ્યકર્મની રચના થાય છે. તે સમયે બન્નેના પરિણામોની સ્વતંત્રતા રાખીને જ આ સંબંધને સમજવો જોઈએ. આ રીતે સમજતાં અન્યમત કયાં અને કેવા પ્રકારે ભૂલ કરે છે તે સારી રીતે સમજી શકાય છે.

આ ગાથામાં જીવની વૈભાવિક શક્તિ અનુસાર જીવમાં શુભ-અશુભ ભાવો થાય છે એવું સમજાવવામાં આવે છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ સમજાવવા માટે ટીકાકાર સ્ફટિકનું દૃષ્ટાંત આપે છે. આચાર્યદેવ નિર્દોષતા દર્શાવવા અરીસાનું દૃષ્ટાંત આપે છે અને દોષ દર્શાવવા માટે સ્ફટિકનું દૃષ્ટાંત આપે છે. ખરેખર તો અરીસા અને સ્ફટિકના દૃષ્ટાંતમાં કોઈ તફાવત નથી. ફેર એટલો જ છે કે અરીસામાં માત્ર થોડા ભાગમાં પ્રતિબિંબ પડે છે જયારે સ્ફટિક આખામાં ઝાંય ઉઠે છે.

સ્ફટિક - સ્વભાવ સ્વચ્છ

| | |
|---|---|
| લાલ ઝાંય | લાલ પુષ્પ |
| કાળી ઝાંય | કાળું પુષ્પ |

સ્ફટિક સ્વચ્છ હોવા છતાં તેને જેવા રંગના પદાર્થના સંગમાં જોવામાં આવે એવી ઝાંય તેમાં જોવા મળે છે. અહીં લાલ અને કાળી ઝાંયને સ્ફટિકની અવસ્થા લેવામાં આવે છે. પોતે સ્વભાવે સ્વચ્છ છે તેથી તેની પર્યાય પણ સ્વચ્છ છે છતાં અન્ય રંગના પદાર્થના સંગમાં સ્ફટિકમાં તેવા પ્રકારની ઝાંય જોવા મળે છે.

સિદ્ધાંતમાં સ્વભાવ શુદ્ધ છે. તેથી તેની પર્યાય પણ શુદ્ધ હોવી જોઈએ પરંતુ અજ્ઞાની જીવ કર્મના ઉદયમાં જોડાઈને પરદ્રવ્ય સાથે એકત્વ બુદ્ધિ કરીને પોતે એ પ્રકારે મોહ-રાગ-દ્વેષ એવા અજ્ઞાનમય ભાવરૂપે પરિણમે છે. તે ભાવોને અહીં શુભાશુભ ભાવોરૂપે દર્શાવવામાં આવ્યા છે. શુભાશુભ ભાવો

ચારિત્રના દોષ છે. ત્યાં મિથ્યાત્વના ભાવો ગર્ભિત છે તેનું અલગ નિરૂપણ કર્યું નથી પરંતુ તે ભાવ મિથ્યાત્વના પરિણામ સાથે છે એ રીતે આપણી સમજણ કરવી રહી.

જીવ શુભ-અશુભ કે શુદ્ધ જે પરિણામે પરિણમે તે પરિણામ સાથે તે સમયે તે તન્મય જ છે એવું આચાર્યદેવ આ ગાથામાં સમજાવવા માગે છે. આટલી વાત લક્ષમાં લીધા બાદ આ વિષય અગત્યનો હોવાથી તેનો વિશેષ વિચાર કરીએ.

શુભ અને અશુભ એ બે અશુદ્ધ પર્યાયો છે. તે સ્વભાવથી વિરુદ્ધ જાતની છે. મિથ્યાત્વના સદ્ભાવમાં ચારિત્રની પર્યાયમાં આવા બે પ્રકારના ભેદો અનાદિકાળથી જોવા મળે છે. અજ્ઞાની જીવે શુદ્ધ પર્યાય કયારેય પ્રગટ કરી નથી તેથી તેને પર્યાયની શુદ્ધતાનો કોઈ ખ્યાલ નથી. અજ્ઞાની પોતાનું અજ્ઞાન, મિથ્યાત્વ લક્ષમાં લેતો નથી. તે શુભ અને અશુભ ભાવોને જ મુખ્ય કરે છે કારણકે તે ભાવો તેના ખ્યાલમાં આવે છે. તે નિમિત્તે બંધાતા દ્રવ્યકર્મો અને તે કર્મના ઉદયના ફળમાં પ્રાપ્ત થતી સંયોગરૂપ સામગ્રી તેના ખ્યાલમાં આવે છે. તે આ બધા વચ્ચે તફાવત પાડે છે. સંયોગરૂપ સામગ્રીને ભોગવતા પોતાને પ્રાપ્ત થતાં ફળને ઈન્દ્રિય સુખ-દુઃખના અનુભવને અનુસરીને તે શુભ ભાવને ભલો લાભનું, સુખનું કારણ માને છે. અશુભ ભાવને પોતાનું અહિત કરનાર માને છે કારણકે પાપ પ્રકૃતિના ફળમાં તેને પ્રતિકૂળ સંયોગોની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાની જીવ શુભાશુભ ભાવો કરતો રહે છે કારણકે શુભ ભાવના ફળમાં પ્રાપ્ત અનુકૂળ સંયોગને ભોગવે છે તે અશુભ ભાવ છે. ભોગવટો ગમે છે પરંતુ તેના ફળમાં પ્રાપ્ત થતી પ્રતિકૂળતા ગમતી નથી તેથી ફરી અનુકૂળતા મેળવવા શુભ ભાવો કરે છે. અજ્ઞાનીને મિથ્યાત્વના કારણે અનંત સંસાર વિદ્યમાન હોવાથી પરમાર્થે શુભાશુભ બન્ને ભાવો જીવનું અહિત કરનારા છે. માટે છોડવા યોગ્ય છે. કમનસિબે અજ્ઞાની આ બન્ને પ્રકારના ભાવોને કરવા જેવા માનીને કરે છે. કૂતરાને લાકડી મારવી અને વડીલોને માન આપવું આ બન્ને કાર્ય તે કરવા જેવા માનીને કરે છે.

સાધકની ભૂમિકામાં જયાં સુધી જીવ છે ત્યાં સુધી શુદ્ધતાની સાથે શુભાશુભ ભાવો પણ તેને હોય છે. જ્ઞાની તે ભાવોને કરવા જેવા માનતો નથી છોડવાલાયક માને છે. પરંતુ જયાં સુધી પરમાત્મપદની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી એવા પરિણામ સાધકદશામાં જોવા મળે છે. જ્ઞાની તે પરિણામોને સ્વભાવના આશ્રયે છોડતો જાય છે. સાધકદશામાં શુદ્ધતાના અંશો વધતા જાય છે અને અશુદ્ધ પર્યાયો ઘટતી જાય છે. મિથ્યાત્વ જાય ત્યારે અનંતાનુબંધીના શુભાશુભ બન્ને ભાવોનો અભાવ થાય છે. ત્યારબાદ અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન કષાય પણ ક્રમશઃ જાય છે. આ સિદ્ધ કરે છે કે પર્યાયની શુદ્ધતા પ્રગટ થતાં અશુદ્ધતા દૂર થાય છે અર્થાત્ શુભ અને અશુભ બન્ને ભાવો સાથે જાય છે. શુભ ભાવના પક્ષવાળા, આગ્રહવાળા જીવને આ વાત સમજાતી નથી. તે માને છે કે અશુભ ભાવ સંસારનું કારણ છે. તે શુભ ભાવને મોક્ષમાર્ગમાં સ્થાન આપે છે. શુભ ભાવ પણ બંધનું કારણ છે. એની ન્યાય યુક્તિથી ના પાડી શકાય નહીં તેથી તે શુભભાવને વર્તમાન બંધનું અને પરંપરાએ મોક્ષનું કારણ માને છે. હકીકત એ છે કે શુભ ભાવ માત્ર બંધનું જ કારણ છે. જ્ઞાનીને જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય છે એવો સોલહકારણ ભાવનારૂપનો શુભ ભાવ પણ તીર્થંકર પ્રકૃતિના બંધનું કારણ થાય છે. એના કરતાં ઉંચો કોઈ શુભ ભાવ નથી. જ્ઞાનીના શુભભાવો પણ જો બંધનું જ કારણ હોય તો અજ્ઞાનીના શુભભાવો તો અવશ્ય બંધનું જ કારણ હોય. જ્ઞાનીની શુદ્ધતા વૃદ્ધિગત થઈને પરીપૂર્ણ શુદ્ધતારૂપે પરિણમે છે ત્યાં પરમાત્મ દશાનું કારણ અપૂર્ણ શુદ્ધતા છે શુભભાવ નહીં. પરંતુ અજ્ઞાનીને

તે શુભ ભાવનો આગ્રહ હોવાથી તે શુભભાવને પરંપરાએ મુક્તિનું કારણ માની લે છે.

સિદ્ધાંત એમ કહે છે કે જે બંધના કારણ હોય તે મુક્તિના કારણ ન હોય શકે. જેણે શરીરમાં હુંપણું માન્યું છે તેના બધા પરિણામો અશુદ્ધ છે. જેણે પોતાના જ્ઞાયક સ્વભાવમાં હુંપણું માન્યું છે. તેના બધા પરિણામો જ્ઞાનમય છે. જીવના પરિણામ તરફથી ભેદ પાડીએ તો જ્ઞાની અને અજ્ઞાની એવા ભેદ પડે. અજ્ઞાની, સાધક અને પરમાત્મા એવા ત્રણ ભેદ પણ પડે છે. બન્ને પ્રકારના ભેદથી વિચારી શકાય અને બન્ને પ્રકાર સાચા છે. પ્રયોજનથી વિચારીએ તો ત્યાં અજ્ઞાની અને જ્ઞાની એવા બે ભેદથી વિચારવું યોગ્ય છે. અજ્ઞાનીને અશુદ્ધ પર્યાય છે. તે અજ્ઞાનમય ભાવ છે. જ્ઞાનીને શુદ્ધ પર્યાય છે તે જ્ઞાનમય ભાવ છે. જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય ગણવામાં આવ્યા છે અને અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનમય માનવામાં આવ્યા છે. ત્યાં પરિણામોમાં જાત્યાંતરપણું જોવા મળે છે.

સાધક અને પરમાત્મા એ બન્ને જ્ઞાનીના પેટાભેદરૂપ છે. ત્યાં અપૂર્ણ શુદ્ધતા અને પરિપૂર્ણ શુદ્ધતા એવો ભેદ છે ખરો પરંતુ ત્યાં પરિણામોમાં જાત્યાંતરપણું નથી. ત્યાં એક સળંગ પ્રક્રિયા છે માટે જિનાગમમાં સમ્યગ્દર્શનનો મહિમા કરવામાં આવ્યો છે. ગાથાના ભાવાર્થમાં ૧૪ ગુણ સ્થાનની પરિપાટીમાં ત્રણ પ્રકારના ભાવોને કેવી રીતે સ્થાન મળે છે તે વાત લીધી છે.

| | | |
|---|---|---|
| ૧ ગુણસ્થાન | — | અશુભ ભાવ |
| ૪ થી ૬ ગુણસ્થાન | — | શુભ ભાવ |
| ૭ થી ૧૪ ગુણસ્થાન | — | શુદ્ધ ભાવ |

અજ્ઞાનની ભૂમિકા એ પહેલું ગુણસ્થાન છે અજ્ઞાનીને મિથ્યાત્વ છે. મિથ્યાત્વને મોટામાં મોટું પાપ ગણવામાં આવ્યું છે. તેથી અજ્ઞાનીને શુભભાવો થતાં હોવા છતાં પણ તેને ગૌણ કરીને તેને અશુભભાવ છે એવી પ્રરૂપણા આવે છે.

સાતમા ગુણસ્થાનથી ઉપરના ગુણસ્થાનોમાં શુદ્ધતા જ છે. ત્યાં શુભાશુભ ભાવો નથી અહીં અબુદ્ધિપૂર્વકના (પોતાના જ્ઞાનમાં ન પકડાય એવા) ભાવોને ગણતરીમાં લીધા નથી. ચારથી છ ગુણસ્થાનોમાં શુભભાવ લીધો છે. અહીં સવિકલ્પપદશાને મુખ્ય રાખીને વાત કરવામાં આવી છે. સાધક શુભાશુભ ભાવોને બંધનું કારણ માને છે તેથી તેને છોડતો જાય છે. અશુભ ભાવો તો પોતાને અત્યંત અહિતનું કારણ છે માટે તેનું ચાલે ત્યાં સુધીએ અશુભ ભાવમાં જતો નથી. અશુભના વંચનાર્થે (ત્યાગઅર્થે) તે પ્રયત્નપૂર્વક શુભભાવમાં રહે છે. સાધકનો પ્રયત્ન તો શુદ્ધતા પ્રગટ કરવાનો જ છે પરંતુ તેટલો પુરુષાર્થ ઉપડતો નથી ત્યારે તે શુભભાવને કરે છે. તે અશુભમાં તો જવા માગતો જ નથી તેથી તે અપેક્ષાએ તેને વધતો શુભભાવ અને ઘટતો અશુભભાવ કહેવામાં આવે છે.

## ◆ ગાથા - ૧૦

**પરિણામ વિણ ન પદાર્થ, ને ન પદાર્થ વિણ પરિણામ છે;**
**ગુણ-દ્રવ્ય-પર્યયસ્થિત ને અસ્તિત્વસિદ્ધ પદાર્થ છે.૧૦.**

***આ લોકમાં પરિણામ વિના પદાર્થ નથી, પદાર્થ વિના પરિણામ નથી; પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલો અને (ઉત્પાદ વ્યય ધ્રૌવ્યમય) અસ્તિત્વથી બનેલો છે.***

આચાર્યદેવ દ્રવ્ય બંધારણ તો બીજા અધિકારમાં વિસ્તારથી સમજાવવાના છે પરંતુ અહીં જીવ અને તેના પરિણામો - તે સાથે તન્મયપણાની વાત લીધી છે તેથી આ એક ગાથામાં ટૂંકામાં દ્રવ્યબંધારણ દર્શાવે છે. મૂળ વાત દ્રવ્ય અને પર્યાયના અવિનાભાવપણાની છે. દ્રવ્ય વિના પર્યાય ન હોય અને પર્યાય વિના દ્રવ્ય ન હોય. બન્નેની એક સત્તા છે અર્થાત્ બન્નેનું એકપણું તે પદાર્થ છે. વસ્તુ છે.

પદાર્થ સત્‌મય છે. વિશ્વમાં શૂન્ય કયાંય નથી. સત્‌ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ જ છે. ટકીને બદલવું એ વસ્તુનું સ્વરૂપ છે. સત્‌મય પદાર્થ એકાંતરૂપ નથી, અનેકાંત સ્વરૂપ છે. વસ્તુનું આ અનેકાંત સ્વરૂપ પર્યાયના કરાણો પૂરા પાડે છે. વસ્તુને સર્વથા એકાંત માનનારા દ્રવ્ય કે પર્યાય કોઈની યથાર્થ સ્થાપના કરી શકતા નથી. દ્રવ્ય વિના પર્યાયને માનનારાને શૂન્યમાંથી સર્જન અને સત્‌નો વિનાશ માન્ય કરવો પડે. વિશ્વમાં શૂન્યને સ્થાન નથી અને સત્‌નો વિનાશ થઈ શકતો નથી તેથી માત્ર પર્યાયને માનનારા વસ્તુ સ્વરૂપને સમજતા નથી. તે જ પ્રકારે સર્વથા કૂટસ્થ પદાર્થો પણ વિશ્વમાં કયાંય જોવા મળતા નથી.

દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુ સ્વરૂપ દર્શાવતા જયાં નિત્ય અને અનિત્ય એવા પરસ્પર વિરોધી દેખાતા ધર્મોનો અવિરોધપણે સમન્વય કરવામાં આવ્યો તેની સાથે એ જ રીતે મહાસત્તા અને અવાંતર સત્તારૂપે રહેલા એક-અનેકની વાત પણ પદાર્થ બંધારણમાં લેવામાં આવી છે. આ રીતે પદાર્થને દ્રવ્ય-ગુણ અને પર્યાયરૂપે દર્શાવવામાં આવે છે. અહીં દ્રવ્યને ઉર્ધ્વતા સામાન્ય રૂપ કહેવામાં આવ્યું છે. ઉર્ધ્વતા એ પર્યાયના પ્રવાહને લાગુ પાડવામાં આવે છે. ૯૩મી ગાથામાં દ્રવ્યને આયત સામાન્ય સમુદાયાત્મક કહ્યું છે. અહીં ઉર્ધ્વતા સામાન્યરૂપ શબ્દથી પણ એ જ ભાવ દર્શાવવામાં આવ્યો છે. અહીં પર્યાયનો અનાદિથી અનંત કાળ સુધીનો પ્રવાહ નથી લેવો તેમજ ત્રણ કાળની પર્યાયનો ઈતિહાસ એકત્વરૂપ એવું પણ નથી દર્શાવવું. અહીં સમુદાય શબ્દ વાપર્યો નથી પરંતુ એનો ભાવ ખ્યાલમાં લઈને પર્યાયનું ઉદ્‌ભવ સ્થાન એવો ભાવ દર્શાવવો છે અર્થાત્‌ પર્યાય અવાંતર સત્તા છે તો દ્રવ્ય મહાસત્તા છે. દ્રવ્ય પોતાનું એકત્વપણું રાખીને, પોતાનામાં શક્તિરૂપ સામર્થ્ય રાખીને, ટકાવીને પોતે જ પર્યાય અપેક્ષાએ અનેક નવા નવા ભાવો, રૂપો દર્શાવે છે. આ દ્રવ્ય સામાન્ય વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક પણ છે અર્થાત્‌ તે અનંતગુણાત્મક છે. અનંત ગુણોના એકત્વરૂપ છે. મહાસત્તા રૂપ છે. અનંત ગુણો કાયમ ટકતા હોવાથી તેને સહ્‌ભાવી કહ્યા છે. જયારે પર્યાયો ક્રમભાવી છે. આ રીતે વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ છે. પદાર્થનું સ્વરૂપ આ રીતે સમજાવી શકાય છે.

પદાર્થ

|

દ્રવ્ય - પર્યાય

|

ગુણ

જીવના ચારિત્ર અપેક્ષાના ત્રણ પ્રકારના પરિણામની વાત લીધા પછી હવે એ ત્રણેનું ફળ શું મળે છે એ વાત હવેની બે ગાથાઓમાં આચાર્યદેવ કરે છે. જીવ જે જાતના પરિણામને કરે છે તેની સાથે તે તન્મય છે. તે પરિણામનું ફળ તે જ સમયે તે જીવ ભોગવે છે. એટલી વાત ખ્યાલમાં રાખીને હવે બીજી રીતે તેનું ફળ દર્શાવે છે.

જિનાગમની શૈલી એ છે કે શુદ્ધ પર્યાય અને અશુદ્ધ પર્યાય એમ બે પ્રકારના પરિણામ છે. તે અશુદ્ધ પર્યાયમાં શુભ અને અશુભ ભાવો આવે છે. તે બન્ને પરિણામોનું ફળ કર્મબંધન અને સંસાર છે. બેમાંથી એકપણ પરિણામ જીવને મુક્તિનું કારણ થતા નથી. અજ્ઞાની જીવ શુભ અને અશુભ ભાવો વચ્ચે મોટો તફાવત માને છે. તે શુભ ભાવને મુક્તિનું કારણ માને છે. જ્ઞાની કહે છે કે આ પ્રકારની માન્યતાનું ફળ ઘોર સંસાર છે. અર્થાત્‌ આ પ્રકારની માન્યતા રાખનારા જીવો અનંત સંસારમાં ભ્રમણ કરે છે. બંધન અપેક્ષાએ શુભ અને અશુભ ભાવો વચ્ચે કોઈ તફાવત નથી. પર્યાયના તીવ્ર-મંદ એવા તરતમ ભેદની કોઈ ઉપયોગિતા નથી. આ ભૂમિકા આપણા જ્ઞાનમાં બરોબર આવી જવી જોઈએ.

### ◆ ગાથા - ૧૧

**જો ધર્મપરિણતસ્વરૂપ જીવ શુદ્ધોપયોગી હોય તો,**
**તે પામતો નિર્વાણસુખ, ને સ્વર્ગસુખ શુભયુક્ત જો. ૧૧.**

***ધર્મે પરિણમેલો આત્મા જો શુદ્ધોપયોગમાં જોડાયેલો હોય તો મોક્ષના સુખને પામે છે અને જો શુભઉપયોગવાળો હોય તો સ્વર્ગના સુખને પામે છે.***

આ ગાથામાં શુદ્ધોપયોગ અને શુભભાવનું ફળ દર્શાવવામાં આવ્યું છે. જ્ઞાનીને આવા બે પ્રકારના ભાવો હોય છે. સાધકની દશામાં કયારેક અશુભ ભાવો પણ હોય છે પરંતુ અહીં તેની વાત લીધી નથી. સાધકની પર્યાયમાં શુદ્ધતાના અંશો તો સવિકલ્પદશામાં પણ હોય છે. જેટલા કષાયનો અભાવ કરવામાં આવ્યો છે તેટલી શુદ્ધતા તો નિરંતર હોય જ છે. તેશુદ્ધતાના અંશો વધતા પણ જાય છે. અહીં તો શુદ્ધોપયોગથી અર્થાત્ નિર્વિકલ્પ અનુભૂતિથી વાત લીધી છે. તે શુદ્ધોપયોગમાં અંતમુહૂર્ત ટકી જાય તો મોક્ષની પ્રાપ્તિ થાય છે. નિર્વિકલ્પ દશા થોડો સમય તો ચોથા-પાંચમા ગુણ સ્થાને પણ હોય છે. મુનિદશામાં વારંવાર આવે છે. તે શુદ્ધતા અતીન્દ્રિય આનંદરૂપી ફળ અવશ્ય આપે છે અને તે વૃદ્ધિગત થઈને છેવટ પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. આ રીતે શુદ્ધોપયોગનું ફળ મોક્ષ ગણી શકાય પરંતુ અહીં તો આવો પુરુષાર્થ ધારાપ્રવાહરૂપ ચાલુ રહે તે વાત લેવી છે.

જો ઉગ્ર પુરુષાર્થ ધારાપ્રવાહરૂપ ન રહે તો ફરી સવિકલ્પ દશા આવે છે. તે જીવ શુભ ભાવરૂપે પરિણમે છે. સાધકના આવા શુભભાવનું ફળ સ્વર્ગની પ્રાપ્તિ બતાવવામાં આવ્યું છે. અહીં જો અને તો એવું નથી દર્શાવવું. ચોથા ગુણસ્થાનમાં પણ શુદ્ધોપયોગ અને શુભઉપયોગ થાય છે. અર્થાત્ સાધકને આવા પરિણામો થાય છે. પરંતુ જો તે ધારાપ્રવાહરૂપ એક અંતમુહૂર્ત માટે શુદ્ધોપયોગ કરે તો તેની મુક્તિ થાય. મુનિપણું લીધા બાદ પણ જો ફરી ફરીને શુભભાવરૂપે પરિણમે તો તેની મુક્તિ ન થાય પરંતુ તેને દેવગતિની પ્રાપ્તિ થાય. અર્થાત્ ગુણસ્થાનની પરિપાટીમાં સાતમા ગુણસ્થાનમાંથી નીચે ઉતરીને ચોથા ગુણસ્થાને આવી જાય છે. અજ્ઞાની જીવને દેવગતિ સુખરૂપ ભાસે છે. જ્ઞાનીને તે ખરેખર દુઃખરૂપ લાગે છે. આ ગાથામાં ઘીનો દૃષ્ટાંત છે. ઘી સ્વભાવે શીતળ છે પરંતુ ઉષ્ણ ઘીથી દાઝી જવાય છે. અહીં શુભ ભાવના ફળને ઉષ્ણ ઘીના અનુભવ સાથે સરખાવવામાં આવ્યું છે.

આ ગાથામાં જીવના ભાવનું ફળ તે જ સમયે મળે છે એ વાત નથી લીધી. શુભ ભાવના ફળમાં ગતિનો બંધ પડે છે એમ લીધું છે. શુભભાવની વાત સાધક દશામાં લેવા પાછળનો આશય એ છે કે જેણે શુભાશુભ ભાવનું હેયપણું લક્ષમાં લીધું છે અને જે સ્વભાવના આશ્રયે તેનો અભાવ કરતો જાય છે તે જીવ મુનિદશાને પ્રાપ્ત થાય પછી પણ તે ધારાપ્રવાહરૂપ શુદ્ધોપયોગ ટકાવી શકતો નથી. આ રીતે શુદ્ધોપયોગની દુર્લભતા દર્શાવવામાં આવી છે. કયાંય જરા જેટલો પણ પ્રમાદ કરવા લાયક નથી એવું સમજાવવું છે. સાધકને પણ શુભભાવ મુક્તિનું કારણ નથી બલ્કે જેટલો સમય તે શુભ ઉપયોગમાં રહે છે તેટલી મુક્તિ દૂર જાય છે.

### ◆ ગાથા - ૧૨

**અશુભોદયે આત્મા કુનર, તિર્યંચને નારકપણે,**
**નિત્યે સહસ્ર દુખે પીડિત સંસારમાં અતિ અતિ ભમે. ૧૨.**

***અશુભ ઉદયથી આત્મા કુનર, તિર્યંચ અને નારક થઈને હજારો દુ:ખોથી સદા પીડિત થતો (સંસારમાં) અત્યંત ભમે છે.***

સંસારી જીવોને અશુભ ભાવ, ભોગવટાનો ભાવ, સુખરૂપે અનુભવાય છે તેથી તેમાં તેને ઘણી હોંશ વર્તે છે પરંતુ તેનું ફળ તિર્યંચ અને નરક ગતિ

છે. મિથ્યાત્વ એ મોટામાં મોટું પાપ છે. તેનું ફળ અનંત સંસાર છે. તીવ્ર અશુભ ભાવનું ફળ નરક ગતિ છે. અન્ય અશુભ ભાવોના ફળમાં તિર્યંચ ગતિ પ્રાપ્ત થાય છે. કદાચ આયુષ્યનો બંધ પહેલા પડી ગયો હોય તો તે મનુષ્ય થાય ખરો પરંતુ મનુષ્ય થઈને પણ તે અનેક પ્રકારના દુઃખોને ભોગવે છે. શુભ ભાવના ફળમાં મનુષ્ય અને દેવગતિ મળે છે. જ્ઞાનીને સમ્યગ્દર્શન પછી આયુષ્યનો બંધ પડે તો આ બે ગતિમાં જ તે જાય છે. શુભભાવનું ફળ મનુષ્ય ગતિ લેવામાં આવે છે તેથી અહીં અશુભભાવમાં કુનર એવો શબ્દ વાપરવામાં આવ્યો છે.

## ◆ ગાથા - ૧૩

**અત્યંત, આત્મોપ્તન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને,**
**વિચ્છેદહીન છે સુખ અહો ! શુદ્ધોપયોગપ્રસિદ્ધને. ૧૩.**

***શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા આત્માઓનું (કેવળી ભગવંતોનું અને સિદ્ધ ભગવંતોનું) સુખ અતિશય, આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપમ, અનંત અને અવિચ્છિન્ન છે.***

શુદ્ધોપયોગના ફળ સ્વરૂપ પરમાત્મદશા છે. તે પરમાત્મદશાનું ફળ અનંત સુખ છે. આ ગાથામાં આ સુખ કેવું છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. એ સુખના સ્વરૂપનો સાચો ખ્યાલ આવે તો પાત્ર જીવને એવું સુખ પ્રગટ કરવા માટે ભાવ જાગે. મોક્ષનું સ્વરૂપ જાણ્યા વિના - ''મારે મોક્ષ પ્રાપ્ત કરવો છે'' તેની કોઈ કિંમત નથી આવું કહેનારા જયારે મોક્ષનું સાચું સ્વરૂપ જાણે ત્યારે કદાચ તે મોક્ષમાં જવાનું માંડી વાળે. જીવને સુખની માંગણી અવશ્ય છે. તે સુખ કાયમ ટકે એવું એ ઈચ્છે છે. તેને જે સુખનો અનાદિકાળથી અનુભવ છે. તે ક્ષણિક જ છે. તેથી શાશ્વત સુખનું સ્વરૂપ તેણે સમજવું રહ્યું. તો જ તે ઈન્દ્રિય સુખ અને અતીન્દ્રિય આનંદ વચ્ચેનો તફાવત ખ્યાલમાં લઈ શકશે. અજ્ઞાનીને અનાદિકાળથી ઈન્દ્રિય સુખનો અનુભવ હોવા છતાં તે સુખ કેવી રીતે થાય છે તે સમજવાની જરૂર છે. જીવ કયાં ભૂલ કરે છે. તે સમજવાથી જ તે ભૂલ ભાંગવાનો ઉપાય કરી શકે માટે તે વાત સૌ પહેલાં વિચારીએ.

અજ્ઞાનીને અનાદિકાળથી મિથ્યાત્વ છે. પરમાં હુંપણું રાખીને પરનું કાર્ય હું કરી શકું છું અને પરદ્રવ્યને હું ભોગવી શકું છું એવી અજ્ઞાનીની માન્યતા હોવાથી તેને ચારિત્રના પરિણામમાં બાહ્ય વિષયોને ભોગવવાની ઈચ્છા થાય છે. જયારે ઈચ્છા છે ત્યારે ઈચ્છિત વિષયો સંયોગરૂપે નથી. તે ઈચ્છિત વિષયોને મેળવવા માટે પ્રયત્ન કરે છે. બાહ્ય વિષયો તો કર્મના ઉદય અનુસાર જીવને પ્રાપ્ત થાય છે. જીવની ઈચ્છા અને તે અનુસાર પ્રયત્નો પ્રમાણે સંયોગો મળતા નથી. ઈચ્છા પ્રમાણે સંયોગો મળતા તે ભોગવવા લાગે છે અને સુખનો અનુભવ કરે છે. આવો અનુભવ થતાં તે પોતાની ઊંધી માન્યતાને પુષ્ટ કરે છે. નવી નવી ઈચ્છાઓ કરતો રહે છે. આવુ અનાદિ કાળથી ચાલ્યા કરે છે.

હવે જીવ કયાં ભૂલ કરે છે તેનો વિચાર કરીએ પહેલી ભૂલ એ છે કે જીવને પોતાના સ્વભાવનો ખ્યાલ નથી. છ દ્રવ્યોના સ્વભાવો તદ્દન ભિન્ન છે તેનો તેને ખ્યાલ નથી. બીજી ભૂલ એ છે કે તે નિમિત્ત નૈમિત્તિક સંબંધને કર્તા કર્મ સંબંધ માની લે છે. કર્તાપણું અને ભોક્તપણું એક જ દ્રવ્યમાં દ્રવ્ય અને પર્યાય વચ્ચે હોય છે. જીવ પરદ્રવ્યમાં કાંઈ કરી શકે નહીં અને ભોગવી પણ શકે નહીં.

ભૂલ સુધારવી હોય તો તે કઈ રીતે સુધરે ? પ્રથમ તો તેણે દ્રવ્ય બંધારણનો અભ્યાસ કરવો જોઈએ. બધા પદાર્થોના ભિન્ન અસ્તિત્વનો સ્વીકાર કરવો જોઈએ. બધા પદાર્થો ખરેખર ભિન્ન જ છે. એની ખાત્રી કરવાથી મિથ્યાત્વ મંદ પડે છે. બધા પદાર્થો તદ્દ્ન જુદા રહીને એકબીજા સાથે કઈ રીતે સંબંધમાં આવી શકે છે તે સમજવાથી આ સહેલું લાગે છે. એકવાર ન્યાય યુક્તિથી સિદ્ધાંત નક્કી

થાય તો પછી તે પ્રકારે તેના પુરાવા ભેગા કરી શકાય. અસ્તિપણે જ્ઞાન વિભાગમાં આ પ્રકારે નિર્ણય લીધા પછી તેની મજબૂતી માટે અને પ્રયોજનની સિદ્ધિ માટે બીજે છેડેથી શરૂઆત કરવી પડે. અર્થાત્ જેને આપણે ભોગવટો કહીએ છીએ ત્યાંખરેખર શું થાય છે તે તપાસવું રહ્યું. દૃષ્ટાંત : ગુલાજાંબુ ખાવાથી જીભમાં ગળપણનો સ્વાદ આવે છે ત્યારે ત્યાં વિચારવું કે ગુલાબજાંબુમાંથી કેટલુ ગળપણ જીભમાં આવે છે ? ગુલાબજાંબુ લાંબો સમય મોઢામાં રાખીએ તો છેવટ ગુલાબજાંબુમાં જરાપણ ગળપણ ન રહેને ! જવાબમાં આવશે કે ગુલાબજાંબુમાં જે સ્વાદગુણ છે તે કાયમ રહે છે. તેનું પરિણમન પણ ગુલાબજાંબુમાં જ રહે છે. ગુલાબજાંબુમાંથી કાંઈ જીભમાં જતું નથી. આ વાસ્તવિકતા સમજવામાં જો મુશ્કેલી નડે તો અરીસા સામે એક કલાક ઉભા રહેવાથી કેટલું વજન ઘટે તે વિચારવું. આપણામાંથી જો કાંઈ અરીસામાં ન જાય તો ગુલાબજાંબુમાંથી કાંઈ જીભમાં ન જાય. આ હકીકતને ફરી ફરીને વાગોળવી. તેમ કરવાથી બે પદાર્થો હંમેશા જુદા જ રહે છે તેનો નિર્ણય થશે. એક પદાર્થનો કોઈ ગુણ કે ગુણની કોઈ પર્યાય પણ પરદ્રવ્ય સાથે તાદાત્મ્યરૂપ થઈ શકે નહીં. અહીંથી શરૂઆત કરવાથી ભોગવટાની ઈચ્છાની નિરર્થકતા ભાસે છે. વિષયોનો ભોગવટો જો શક્ય જ નથી તો ઈચ્છા વાંઝણી છે. આ પ્રકારે વિચારતાં મિથ્યાત્વ મંદ પડે છે. ઈચ્છા મુજબ વિષયો ભોગવવાથી સુખ થાય છે એવા અનુભવ ઉપર જોર આપવાથી તો મિથ્યાત્વ દૃઢ થાય છે. જયારે ખ્યાલમાં આવે કે મારે જીભ સાથે અને ગુલાબજાંબુ સાથે માત્ર નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ હતો. ત્યાં કર્તા કર્મ કે ભોક્તા ભોગ્યપણું ન હતું ત્યારે મિથ્યાત્વ મંદ પડે છે.

જીવને તે સમયે ગુલાબજાંબુ સાથે જ્ઞેય જ્ઞાયક સંબંધ જ છે. તે સંબંધનું સ્વરૂપ એવું છે કે જાણે કે ગુલાબજાંબુ પોતાનામાં (જીવમાં) આવી ગયું એવું લાગે - પરંતુ કાંઈ ખરેખર ગુલાબજાંબુ જીવમાં (જ્ઞાનમાં) આવતું નથી. સંબંધના કારણે જ્ઞેયાકાર (ગુલાબજાંબુના આકારે) જ્ઞાનની પર્યાય થાય છે. જીવ પોતાની જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને ભોગવે છે ત્યાં પરદ્રવ્ય ભોગવાયા જેવું કામ થઈ જાય છે. અહીં ભૂલ થવાના કારણો છે અને જીવ ભૂલ કરે છે. જ્ઞેય જ્ઞાયક સંબંધ પણ એક પ્રકારનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ છે. જ્ઞાન અને જ્ઞેય જુદા છે અને જુદા જ રહે છે- ચારિત્રના પરિણામ અને જ્ઞાનની ખતવણીમાં જયાં ભૂલ થાય છે તેના ઉપર જાગૃતિ રાખવાની જરૂર છે. તે સમયે જ્ઞાનમાં વિકલ્પ દશારૂપે પણ એ વિવેક રહેવો જોઈએ કે બાહ્ય વિષયો મારાથી અત્યંત જુદા છે. જે ઈન્દ્રિય સુખનો અનુભવ થાય છે તે મારા જ પરિણામ છે. મારા જ પરિણામનું ફળ છે. મને બાહ્યમાંથી કાંઈ જ ઉપલબ્ધ થતું નથી. આ વાસ્તવિકતા ફરી ફરીને યાદ કરવાથી મિથ્યાત્વ મંદ પડે છે. તે સમયે અસ્તિપણે જ્ઞાયક સ્વભાવ ઉપર જોર દેવાથી પ્રયોજન સિદ્ધ થઈ શકે છે.

## અતિશય

હવે પરમાત્માનું સુખ કેવું છે તેનું વર્ણન કરે છે. તેને અતિશય એવું વિશેષણ લગાવે છે. ટીકાકાર તેમાંથી એવો ભાવ કાઢે છે કે અનાદિ સંસારથી પૂર્વે કદી ન અનુભવાયું હોય એવું આ સુખ છે. ઈન્દ્રિય સુખ કરતાં આ પ્રકાર જુદો છે તે વાત તદ્દન સાચી છે પરંતુ અહીં એ પ્રશ્ન ઉઠે છે કે જ્ઞાનીને નિર્વિકલ્પ અનુભૂતિમાં જે અતીન્દ્રિય આનંદ આવે છે તેને પણ જાત્યાંતરરૂપે જ લેવામાં આવે છે. પરમાત્માના સુખની અને જ્ઞાનીના અતીન્દ્રિય આનંદની એક જ જાત છે, જે ઈન્દ્રિય સુખથી વિલક્ષણ છે. અહીં સુખની માત્રામાં તફાવત છે એવો ખ્યાલ આવે છે.

આચાર્યદેવ આ ગાથામાં શુદ્ધોપયોગનું ફળ

| જીવ તેના પરિણામો | સુખનો પ્રકાર | દુઃખના કારણો | અન્ય સંયોગો |
|---|---|---|---|
| ૧) અજ્ઞાની | ઈન્દ્રિય સુખ-દુઃખ<br>તેનું કારણ | મિથ્યાત્વ-રાગ-દ્વેષ<br>ઈચ્છાનો ભાવ | શરીર સંયોગો અને<br>કર્મના ઉદયો<br>સંયોગ સાથે મેળ વિશેષ |
| ૨) જ્ઞાની સવિકલ્પ દશા | ઈન્દ્રિય સુખ-દુઃખ | અસ્થિરતાનો રાગ<br>ઈચ્છાનો ભાવ | શરીર - કર્મના ઉદયો<br>સંયોગો સાથે મેળવિશેષ |
| ૩) જ્ઞાની નિર્વિકલ્પ દશા | અતિન્દ્રિય આનંદ | અબુદ્ધિપૂર્વકનો રાગ | બાહ્ય સંયોગો હોવા<br>છતાં કોઈ સંબંધ નથી |
| ૪) અરિહંત દશા | અનંત સુખ | અશાતા વેદનીય<br>કર્મનો ઉદય | બાહ્ય સંયોગો હોવા<br>છતાં કોઈ સંબંધ નથી |
| ૫) સિદ્ધ દશા | અનંત અવ્યાબાધ સુખ | — | બાહ્યમાં કોઈ સંયોગો નહીં. |

નિર્વાણ છે એમ દર્શાવવા માગે છે. ગાથાઓની સંધિનો વિચાર કરીએ ત્યારે આચાર્યદેવે ચારિત્ર, ધર્મ અને સામ્યની વાત લીધી છે. ત્યાં મુનિદશાના શુદ્ધોપયોગને દર્શાવ્યો છે. તેનું ફળ નિર્વાણ છે તેથી અહીં મુનિરાજના સુખ કરતાં પણ અલગ પ્રકારનું સુખ છે એવું લેવાને બદલે મુનિરાજને અપૂર્ણ સુખ છે અને પરમાત્માને પરિપૂર્ણ સુખ છે એમ સામાન્ય રીતે લક્ષમાં આવે. જ્ઞાની અને પરમાત્માને બન્નેને આ સુખ પોતાના સ્વભાવના આશ્રયે જ પ્રગટ થાય છે. આ સુખને સમજાવવા માટે પછીના વિશેષણમાં તેને આત્મ-ઉત્પન્ન દર્શાવે છે.

જીવના પરિણામને સુખના અનુભવ સાથે જોડીને વિચારીએ ત્યારે તેમાં આ પ્રકારના ભેદ પડી જાય. અજ્ઞાનીને ઈન્દ્રિય સુખ-દુઃખનો અનુભવ છે. જયારે જ્ઞાનીને નિર્વિકલ્પ અનુભૂતિ સમયે અને પરમાત્માને અતીન્દ્રિય સુખ છે. જ્ઞાની અને અજ્ઞાની બન્નેને ઈન્દ્રિય સુખ દુઃખ હોય છે. ત્યાં તફાવત એટલો જ છે કે અજ્ઞાનીને મિથ્યાત્વ છે જયારે જ્ઞાનીને નથી. અજ્ઞાનીએ પોતાના સ્વભાવને જાણ્યો જ નથી માટે તે દુઃખી છે, જયારે જ્ઞાનીને પોતાના સ્વભાવનો ખ્યાલ છે તેથી તેને અજ્ઞાનજન્ય આકુળતા નથી. તેને પરદ્રવ્યથી પોતાનું અત્યંત ભિન્નપણું જ્ઞાન અને શ્રદ્ધાનમાં વર્તે છે તેથી બાહ્યમાંથી સુખ મેળવવાનો ભાવ તેને નથી. ઈન્દ્રિય સુખ-દુઃખને ઈચ્છાના ભાવ અને બાહ્ય સંયોગો સાથે સંબંધ છે જયારે અતીન્દ્રિય જ્ઞાનમાં બાહ્ય સાથે કોઈ સંબંધ નથી. આ બધું એક ટેબલના રૂપમાં લેવાથી ચોખવટ થાય છે.

આ પ્રકારે વિચારવાથી ખ્યાલ આવશે કે સિદ્ધ પરમાત્માનું સુખ સૌથી ઉત્તમ છે. અરિહંત પરમાત્માને અશાતા વેદનીય કર્મનો અત્યંત મંદ ઉદય હોય છે જે પરમાત્માના અનંત સુખને બાધા કરતાં નથી. અરિહંત પરમાત્મા કૃતકૃત્ય છે. તેમણે પરિપૂર્ણ શુદ્ધ દશા પ્રગટ કરી લીધી છે પરંતુ ભૂતકાળની ભૂલ અનુસાર પ્રાપ્ત શરીર અને અઘાતિ કર્મો હજુ જીવ સાથે સંબંધમાં છે તેથી ઉપચાર કથનથી કહી શકાય કે અરિહંત પરમાત્માને અવ્યાબાધ સુખ નથી.

## આત્મોત્પન્ન

સુખનું આ સ્વરૂપ યથાર્થરૂપે લક્ષમાં લેવાથી તે સુખ આત્મોત્પન્ન છે તે સહજરૂપે સમજી જવાય છે. અજ્ઞાની, જ્ઞાની કે પરમાત્મા દરેકને જે સુખનો અનુભવ થાય છે તે જીવના પોતાના જ પરિણામોનું ફળ છે. તે અપેક્ષાએ તે બધું ખરેખર આત્મોત્પન્ન જ છે. ઈન્દ્રિયસુખ અને અતીન્દ્રિય સુખ બન્ને જો આત્મોત્પન્ન છે તો બે વચ્ચે તફાવત શા માટે છે એવો પ્રશ્ન જરૂર થાય તેનું. સમાધાન એક દૃષ્ટાંતથી સુગમ થશે. દૃષ્ટાંત : એક અબજપતિ પિતાને એકનો એક દિકરો હોય પરંતુ તે બાપની આમન્યામાં ન હોય. ''મને મારા મિત્રો પૈસા આપશે'' એવી ઉદ્ધતાઈ કરતો હોય તો બાપ તેને કાંઈ આપે નહીં પરંતુ તેને માત્ર ઘરમાં રહેવા અને ખાવાનું જ મળે, પરંતુ જો પુત્ર તેની આમન્યા જાળવે તો બાપ તેને બધું આપે છે. જે ઈન્દ્રિય સુખ છે એ ઘરમાં રહેવા અને ખાવા મળે તેની સાથે સરખાવી શકાય.

આત્મોત્પન્ન એવું સુખનું વિશેષણ એ દર્શાવે છે કે સુખ છે તે પોતાના જ પરિણામો છે. તે પોતાના સ્વભાવના સંપૂર્ણ આશ્રયે જ પ્રાપ્ત થાય છે. નાસ્તિની વાત હવે પછીના વિશેષણમાં લેવામાં આવશે.

પરમાત્માનું સુખ વિષયાતીત છે અર્થાત્ બાહ્ય વિષયની ભૂમિકાને ઓળંગી ગયું છે. તે સુખને બાહ્ય વિષયો સાથે કોઈ પ્રકારનો સંબંધ નથી. આપણે એ વાત લક્ષમાં લીધી છે કે ઈન્દ્રિય સુખને બાહ્ય વિષયો સાથે સંબંધ છે તેથી સંસાર અવસ્થામાં જીવને બાહ્ય વિષયો સાથે સંબંધ હતો જે પરમાત્મા થતાં છૂટી ગયો છે. ઈન્દ્રિય સુખનું કારણ પણ જીવના પોતાના જ પરિણામો છે. તે કાંઈ બહારથી આવતું ન હતું. બાહ્ય સંયોગો તે સમયે નિમિત્તરૂપે હાજર હતા. જ્ઞાનીને નિર્વિકલ્પ અનુભૂતિ સમયે જે અતીન્દ્રિય આનંદ અનુભવાય છે. તે પણ ખરેખર વિષયાતીત જ છે. તે સમયે તેને ભાવકર્મનો અભાવ હોવાથી બાહ્ય શરીરને પ્રાપ્ત એવી ઈન્દ્રિયો, અને પરદ્રવ્ય સાથેનો સંબંધ જ નથી વળી જ્ઞાન પણ પોતાને જ વિષય કરે છે તેથી તે સમયે તેને પરદ્રવ્ય સાથે જ્ઞેય જ્ઞાયક સંબંધ પણ નથી. જ્ઞાનીને નિર્વિકલ્પ અનુભૂતિ સમયે અબુદ્ધિપૂર્વકના કષાયો વિદ્યમાન છે તેથી તેટલા પુરતો વિષયો સાથેનો સંબંધ ગણી શકાય. પરમાત્માને તેનો પણ અભાવ હોવાથી તે સંપૂર્ણપણે વિષયાતીત છે.

અજ્ઞાનીએ અજ્ઞાનદશાને કારણે ઈન્દ્રિય સુખને વિષયને આશ્રિત, પરાશ્રિત માન્યું હતું. માન્યતા પ્રમાણે તે પરનો આશ્રય લેતો હતો. સુખ પોતાનો જ સ્વભાવ છે તે પરમાંથી આવતું નથી એવું શ્રદ્ધાન થતાં જ્ઞાનીને પણ પરાશ્રય છૂટી જાય છે જયારે પરમાત્માને તો પરાશ્રય જરાપણ નથી. આદરણીય પં. શ્રી હિંમતભાઈએ વિશેષ સ્પષ્ટતા માટે પુદ્ગલના અસાધારણ ધર્મો એવા સ્પર્શ વગેરે રૂપી ગુણો અને તેને જાણવામાં નિમિત્ત એવી શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયોની વાત લીધી છે. વળી મનના સંગે અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પની વાત પણ લીધી છે. મનરૂપી-અરૂપી બન્નેને વિષય કરી શકે છે તેથી મનના સંગે માત્ર રૂપી પદાર્થના જ ચિંતવનની વાત ન લેતાં ત્યાં જીવ સંબંધી ભેદ ભંગથી નયાત્મક ચિંતવનનો પણ પરમાત્માને નિષેધ છે. ઈન્દ્રિય અને મનના સંગે જે જ્ઞાન છે તે પરોક્ષ જ્ઞાન છે. જયાં સુધી જ્ઞાન પરોક્ષ છે ત્યાં સુધી અતીન્દ્રિય જ્ઞાન નથી. અતીન્દ્રિય સુખ નથી. પરમાત્મા સંપૂર્ણપણે અંતર્મુખાકાર થયા છે. વિશ્વના પદાર્થો સાથેનો સંબંધ સર્વથા કાપી નાખ્યો છે. આ રીતે પરમાત્મપદ પ્રાપ્ત થતાં ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મની ભૂમિકાનો સદંતર અભાવ છે.

અજ્ઞાની, જ્ઞાની અને પરમાત્મા બધાને જે કોઈ પ્રકારે સુખનો અનુભવ છે તે સર્વથા આત્મોત્પન્ન જ છે. ઈન્દ્રિય સુખ દુ:ખના સમયે બાહ્ય વિષયો સાથે ઈન્દ્રિય અને મન દ્વારા સંબંધ છે તે

સમયે પણ જે સુખ દુ:ખનું વેદન છે તે તો પોતાના જ પરિણામ છે. તો પછી પરમાત્માના સુખને પણ આત્મોત્પન્નપણું જ લાગુ પડે છે.

કેવળજ્ઞાન અને કેવળસુખ વચ્ચે એક મોટો તફાવત છે. જ્ઞાનમાં વિશ્વ આખું જણાય છે તેથી તે અપેક્ષાએ જ્ઞાનને વિશ્વ સાથે સંબંધ છે. પરમાત્મા બાહ્યમાં ઉપયોગ મૂકતાં નથી છતાં વિશ્વ જણાય છે. તે વિશ્વથી અત્યંત જુદા રહીને વિશ્વને જાણે છે. તેની સામે જયારે કેવળસુખનો વિચાર કરીએ ત્યારે સુખને બાહ્ય વિષયો સાથે કોઈ પ્રકારનો સંબંધ નથી. કેવળજ્ઞાન અને અનંતસુખમાં આટલો તફાવત રહેલો છે. પરમાત્માનું સુખ સાચા અર્થમાં વિષયાતીત છે.

મોક્ષના સુખને અનુપમ, અનંત અને અવિચ્છિન્ન કહ્યું છે. મોક્ષના સુખની સાથે સરખાવી શકાય એવું કોઈ સુખ અજ્ઞાની સંસારી જીવે અનુભવ્યું નથી માટે મોક્ષનું સુખ અનુપમ છે. ઉપમાલાયક બીજાું એક પણ સુખ નથી. આ સુખ પરિપૂર્ણ અને સાદિ અનંતકાળ સુધી ટકવાનું છે માટે તેને કાળ અપેક્ષાએ અનંત કહ્યું છે. પરિપૂર્ણ હોવાથી ભાવ અપેક્ષાએ તો અનંત છે જ. વળી આ સુખમાં કયારેય વિક્ષેપ પડવાનો નથી માટે તે સુખને અવિચ્છિન્ન કહેવામાં આવે છે.

આ રીતે આચાર્યદેવે આ ગાથામાં શુદ્ધોપયોગથી પ્રાપ્ત થતાં નિર્વાણની વાત કરી. પરમાત્માને કેવા પ્રકારનું અદ્ભૂત સુખ હોય છે તેનું પણ વર્ણન કર્યું.

## ◆ ગાથા - ૧૪

**સુવિદિતસૂત્રપદાર્થ, સંયમતપ સહિત, વીતરાગ ને,**
**સુખદુ:ખમાં સમ શ્રમણને શુદ્ધોપયોગ જિનો કહે. ૧૪.**

***જેમણે (નિજ શુદ્ધાત્માદિ) પદાર્થોને અને સૂત્રોને સારી રીતે જાણ્યા છે જે સંયમ અને તપ સહિત છે, જે વીતરાગ અર્થાત્ રાગરહિત છે અને જેમને સુખ દુ:ખ સમાન છે એવા શ્રમણને શુદ્ધોપયોગી કહેવામાં આવ્યા છે.***

આગલી ગાથામાં શુદ્ધોપયોગનું ફળ મુક્તિ છે તેમ લીધું. ત્યાં મોક્ષને પ્રાપ્ત જીવોને કેવા પ્રકારનું સુખ હોય છે તેનું વર્ણન કર્યું. અહીં હવે શુદ્ધોપયોગ જેમને વર્તે છે તેવા મુનિરાજ કેવા હોય છે તેનું વર્ણન કરે છે તેમાં સૌ પ્રથમ

## સુવિદિત સૂત્રપદાર્થ

સૂત્ર કહેતાં જિનાગમ. સર્વજ્ઞ પરમાત્માએ જાણીને કહેલું. દિવ્ય ધ્વનિ, તેની પરંપરામાં ગણધરદેવ દ્વારા થતી બાર અંગની રચના અને ત્યારબાદ તદ્અનુસાર અન્ય આચાર્યો દ્વારા રચાયેલા આગમો અને પરમાગમો તેને સૂત્ર કહે છે. પોતાના ભાવશ્રુત જ્ઞાન અનુસાર થતી તે રચના સૂત્ર નામથી ઓળખાય છે. સૂત્રમાં શુદ્ધાત્માની વાત આવે, શુદ્ધાત્માને મુખ્ય રાખીને જીવનું સ્વરૂપ દર્શાવે, વળી જીવને કેન્દ્રમાં રાખીને તેનો છ દ્રવ્યો સાથેનો નિર્દોષ સંબંધ કેવો હોવો જોઈએ અને અજ્ઞાની કેવા સંબંધો માની બેઠો છે એ બધી વાત સૂત્રમાં આવે છે. સૂત્રના (શાસ્ત્રના) શબ્દો વાચક થઈને વાચ્ય એવા જીવ અને અન્ય દ્રવ્યોના સ્વરૂપને સમજાવે છે. ગુરુ અને શિષ્ય વચ્ચે સંબંધ છે ત્યારે અર્થાત્ ગુરુ જયારે શિષ્યને સમજાવે છે ત્યારે શબ્દોનું માધ્યમ વચ્ચે આવ્યા વિના રહેતું નથી. શબ્દોની જાણકારી ગૌણ છે પરંતુ તે જે વાચ્યને દર્શાવે છે તેની મુખ્યતા છે. મુનિરાજને જીવનું છ દ્રવ્યોનું, નવ તત્ત્વનું જાણપણું બરોબર હોય છે. એવું આ શબ્દ દ્વારા સમજાવવામાં આવ્યું છે. ટીકાકાર આચાર્યદેવ આનો વિશેષ ખુલાસો કરે છે.

જાણવામાં, આચાર્યદેવ જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ એ ત્રણે વાત લે છે. જીવના અને છ દ્રવ્યોના

જ્ઞાનમાં સ્વ અને પરના ભિન્ન લક્ષણોના જાણપણાની વાત છે. સ્વપરના ભિન્ન લક્ષણો જાણવાનું પ્રયોજન સ્વપરના ભેદજ્ઞાનનું છે અર્થાત્ પરથી જીવને જાુદો પાડીને સ્વનું ગ્રહણ કરવાનું પ્રયોજન છે. આ પ્રયોગાત્મક ભેદજ્ઞાન છે. ભેદજ્ઞાનનો પ્રયોગ કરતા પહેલાં જીવ અને પરદ્રવ્યના લક્ષણો જાણવા જરૂરી છે. આ કાર્ય જ્ઞાનનું છે. વસ્તુના સ્વરૂપને બધા પડખેથી જાણવું જરૂરી છે. તેમ કરવાથી જ જ્ઞાન નિર્ણયાત્મક થાય છે. એવા નિર્ણયાત્મક જ્ઞાન ઉપર શ્રદ્ધા પોતાનું કામ કરે છે. સ્વભાવને જાણવો. સ્વભાવને ગ્રહણ કરવો. સ્વભાવમાં હુંપણું સ્થાપવું અને સ્વભાવનો આશ્રય કરવો એવું કરવાથી જ અવશ્ય મુક્તિ થશે એવું જ્ઞાન શ્રદ્ધાન જરૂરી છે. એકવાર એ પ્રકારનો નિર્ણય થાય એવી નિઃશંક્તા આવે પછી જ એ પ્રમાણેનું આચરણ કરવામાં આવે છે. અર્થાત્ સ્વરૂપલીનતા એ જ આચરણ છે. આ કરવા જેવું છે એ જાણ્યું કયારે કહી શકાય ? જયારે તે પ્રમાણે કરવામાં આવે ત્યારે સાચા અર્થમાં જાણ્યું કહી શકાય.

જીવે પ્રયોજનભૂત શું કરવા જેવું છે તેનો નિર્ણય તો સમ્યગ્દષ્ટિને છે. જયાં સમ્યગ્દર્શન છે ત્યાં અનંતાનુબંધી કષાયના અભાવરૂપનું સ્વરૂપાચરણ ચારિત્ર છે, પરંતુ તે દશા ચારિત્ર નામ નથી પામતી. જયારે જાુદા પડવાની પ્રક્રિયા આગળ વધે છે ત્યારે મુનિદશા આવે છે. ત્યારે તે ચારિત્ર નામ પામે છે.

અજ્ઞાનની ભૂમિકામાં શરીરમાં હુંપણું હતું અને શરીરને કેન્દ્રમાં રાખીને તેનો જીવન વ્યવહાર હતો. તેને માટે શરીર જ સર્વસ્વ હતું. સમ્યગ્દર્શન થતાં તે પોતાનું ''જીવ'' તરીકેનું એક નવું જીવન શરૂ કરે છે. તેની શરીરલક્ષી પ્રવૃત્તિઓ દૂર થાય છે. જીવને કેન્દ્રમાં રાખીને દેહલક્ષી પ્રવૃત્તિ થોડી ચાલે છે. થોડો સમય ચાલે છે પરંતુ તે પ્રવૃત્તિઓમાં ઓટ આવે છે. તે જયારે મુનિદશાએ પહોંચે છે ત્યારે તેને દેહની અત્યંત ઉપેક્ષા વર્તે છે. તે પોતાના સ્વરૂપમાં જ ટકી રહેવા માટે નિરંતર પ્રયત્નશીલ રહે છે. પદ્મપ્રભમલધારી દેવના શબ્દોમાં મુનિરાજને પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ છે અર્થાત્ તેને દેહલક્ષી પ્રવૃત્તિ નહિવત્ છે. જે કોઈ પ્રવૃત્તિ છે તે સંયમના હેતુ માટે જ છે. પોતાની આત્મ આરાધના માટે જ છે.

## સંયમ સહિત

શુદ્ધોપયોગી મુનિ સંયમ સહિત હોય છે. સંયમમાં  છ કાય જીવની રક્ષાનો ભાવ લેવામાં આવે છે. આ પ્રકારનું લખાણ આવે ત્યારે મુનિરાજને મહાવ્રત હોય છે એવું લક્ષમાં આવે ટીકામાં આચાર્યદેવે ''છ જીવનિકાયને હણવાના વિકલ્પથી રહિત'' એ પ્રકારે આ વાત લીધી છે. ઉપલક દૃષ્ટિએ તો બન્ને વાત સમાન લાગે. એક અસ્તિનું કથન છે બીજાું નાસ્તિ કથન છે. હવે તે કથનમાં તફાવત કઈ રીતે લક્ષમાં લેવાય તે વિચારીએ.

અજ્ઞાનીની માન્યતા છે કે હું પર જીવને મારી શકું છું, જીવાડી શકું છું. બન્ને માન્યતા ગલત છે. જ્ઞાની માને છે કે પરદ્રવ્યનું જીવન-મરણ મારે આધીન નથી. તેથી તેને અન્ય જીવને મારવાનો અથવા જીવાડવાનો ભાવ નથી. અન્ય જીવ તરફ જ્ઞાનીનું લક્ષ જાય અને એ જીવ મરતો દેખાય તો, અર્થાત્ કોઈ મનુષ્ય પાણીમાં ડૂબતો હોય તો, તેને બચાવવાનો ભાવ આવે. અન્ય જીવને મારવાનો ભાવ હિંસાનો ભાવ તેને આવે નહીં. આ રીતે જ્ઞાનીને અશુભભાવ નથી પરંતુ શુભભાવ છે એ પ્રકારે કથન કરીએ છીએ. નિર્વિકલ્પ દશા રહેતી નથી અને વિકલ્પ આવે જ છે તો તે શુભ વિકલ્પ કરે છે એવું સામાન્યપણે કહીએ છીએ. શ્રાવકને અણવ્રત અને મુનિને મહાવ્રત હોય છે એ પણ આપણા ખ્યાલમાં છે. આ વાત કાયમ રાખીને હવે આપણે આચાર્યદેવના શબ્દોનો ભાવ સમજવા

પ્રયત્ન કરીએ. મુનિને છ કાયના જીવને હણવાનો ભાવ નથી એમ કહ્યું. ત્યાં અન્ય જીવને મારી શકું છું એવી માન્યતા ન હોવાથી તેને અન્ય જીવની હિંસાનો ભાવ નથી. તેથી શ્રદ્ધા અને ચારિત્ર અપેક્ષાએ તેને હિંસાનો અભાવ છે. મુનિને એવો ભાવ છે કે હું એવી સ્વરૂપ સાવધાની રાખું કે જેથી હું અન્ય જીવના મરણમાં નિમિત્ત પણ ન બનું. આ રીતે મારી શકું છું એવી માન્યતા નથી, મારવાનો ભાવ નથી અને અન્યના મરણમાં નિમિત્ત પણ બનવું નથી. બધી નાસ્તિની વાત આવી, હિંસાના સર્વ પ્રકારે ત્યાગની વાત આવી. ત્યાં શુભભાવની વાત ન આવી. અન્ય જીવને જીવાડી શકું છું એવી માન્યતા નથી, અન્યને જીવાડવાનો ભાવ (ચારિત્રની પર્યાય) પણ નથી. અર્થાત્ મુનિ અશુભભાવ છોડીને શુભભાવ કરે છે હિંસાના ભાવને સ્થાને બચાવવાનો ભાવ કરે છે એવી વાત ન આવી. સિદ્ધાંત એ છે કે મારવાના અને જીવાડવાના બન્ને પ્રકારના ભાવો વાસ્તવમાં સમાન જ છે. બન્ને સમાનપણે હેય છે. આ પ્રકારે વિચારવાથી ખ્યાલ આવે છે કે જ્ઞાની સમસ્ત પ્રકારના વિભાવનો અભાવ કરીને શુદ્ધતા વધારતો જાય છે.

## ઈન્દ્રિય-મનનો નિરોધ

મુનિરાજને જિતેન્દ્રિય જિન કહેવામાં આવે છે. જિતેન્દ્રિયપણું તો સમ્યગ્દર્શન થતાં પ્રગટ થયેલું. અહીં તો તેઓ સાક્ષાત્ જિતેન્દ્રિય થાય છે. ઈન્દ્રિયોનો વિષય રૂપી પદાર્થ છે. મુનિરાજને રૂપી વિષયોમાં જરાપણ રસ નથી. ઈન્દ્રિયો વિદ્યમાન છે. ઈન્દ્રિય જ્ઞાન વડે રૂપી વિષય જે જણાય તેમાં મુનિરાજને જરાપણ હિતબુદ્ધિ નથી. તેથી તે જિતેન્દ્રિય જિન છે. દેહલક્ષી જે પ્રવૃત્તિ જોવા મળે છે તે સંયમના હેતુ માટે જ છે. મુનિને દેહને નભાવવો એવો ભાવ પણ પરમાર્થે નથી.

મુનિને મનના સંગે ઉત્પન્ન થતાં વિકલ્પો પણ ઓછા છે. પ્રત્યક્ષ ઈન્દ્રિયના વિષયમાં પણ રસ નથી ત્યાં અન્ય વિકલ્પને તો સ્થાન જ નથી. ભૂત અને ભવિષ્યનું ચિંતવન મુનિને સતાવતું નથી. વિકલ્પની લાળ લંબાતી નથી. આ રીતે ઈન્દ્રિય અને મનનો તેને નિરોધ વર્તે છે.

મુનિરાજ અસ્તિભાવે પોતાના સ્વભાવમાં જ સ્થિત છે. હિતબુદ્ધિપૂર્વક તે સ્વરૂપમાં ટકે છે. તેને તપ કહેવામાં આવે છે. તેને ત્રણ કષાયના અભાવપૂર્વકની શુદ્ધતા વર્તે છે. તેથી તે વીતરાગ પણ કહેવાય છે. અલ્પકાળમાં સંજ્વલન કષાયનો અભાવ કરીને ક્ષીણ મોહદશા પ્રાપ્ત કરશે.

## સમ સુખ દુઃખ

શુદ્ધોપયોગી મુનિ સમ સુખ દુઃખ છે. ઈન્દ્રિય સુખ પણ પરમાર્થે દુઃખ જ છે. અજ્ઞાનીને ઈન્દ્રિય સુખ અને દુઃખ વચ્ચે મોટો તફાવત લાગે છે. જ્ઞાનીને નિર્વિકલ્પ અનુભૂતિ સમયે અતીન્દ્રિય સુખનો અનુભવ છે. તે સુખની સરખામણીમાં ઈન્દ્રિય સુખ પણ દુઃખરૂપે વેદનમાં આવે છે. જ્ઞાનીને વિકલ્પ માત્ર દુઃખરૂપે અનુભવાય છે. આ આશય અહીં દર્શાવવામાં આવ્યો છે. મુનિરાજ વિકલ્પ તોડીને વારંવાર નિર્વિકલ્પ દશા પ્રગટ કરે છે.

અહીં કોઈ એકાંત કરે કે મુનિરાજને ઈન્દ્રિય સુખ હોય જ નહીં તો તે યોગ્ય નથી. ઈચ્છાનો સદ્ભાવ તે દુઃખ છે. ઈચ્છા અટકે તે સુખનું કારણ છે એવું જ્ઞાની જાણે છે. જ્ઞાનીને પણ જેટલી માત્રામાં અસ્થિરતાના ભાવરૂપ ઈચ્છા છે તે દુઃખરૂપે વેદનમાં આવે છે. જ્ઞાનીને પણ ભૂખ લાગે તે દુઃખરૂપે અનુભવમાં આવે છે અને ખોરાક મળતાં તેને શાતાનો અનુભવ પણ અવશ્ય થાય છે. તેથી જ્ઞાનીને સવિકલ્પદશામાં માત્ર દુઃખ જ હોય એવું એકાંત ન કરવું.

શુદ્ધોપયોગી મુનિની આ દશા છે.

## ◆ ગાથા - ૧૫

**જે ઉપયોગવિશુદ્ધ તે મોહાદિઘાતિરજ થકી,**
**સ્વયમેવ રહિત થયો થકો જ્ઞેયાન્તને પામે સહી. ૧૫.**

***જે ઉપયોગ વિશુદ્ધ (અર્થાત્ શુદ્ધોપયોગી)છે. તે આત્મા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય અને મોહરૂપ રજથી રહિત સ્વયમેવ થયો થકો જ્ઞેયભૂત પદાર્થોના પારને પામે છે.***

મુનિદશાની પ્રાપ્તિ બાદ તુરત જ પરમાત્મ દશા પ્રગટ થાય છે એવું કહેવામાં આવ્યું છે પરંતુ વિશિષ્ટતા એ છે કે આચાર્યદેવ આ ગાથા દ્વારા જીવની સ્વાધીનતા દર્શાવવા માગે છે. મુનિદશા એ કેવળજ્ઞાનની તળેટી છે.

ઉપયોગ અંતમુહૂર્ત માટે સ્વરૂપમાં જામી જાય એટલે પરમાત્મદશા. અનંતકાળની સરખામણીમાં અંતમુહૂર્ત એ તદ્દન અલ્પ છે. તેથી કહે છે કે શુદ્ધોપયોગ બાદ તુરત જ ભાવમોક્ષ દશા પ્રાપ્ત થાય છે. મુનિ સાતિશય ગુણ સ્થાનમાં આવીને શ્રપકશ્રેણી માંડે છે ત્યારે ચારિત્ર મોહનીય કર્મોનો ક્ષય કરતો જાય છે. બારમા ગુણસ્થાનના પહેલા સમયે સમસ્ત મોહનીય કર્મનો નાશ થઈને વીતરાગતાની પ્રાપ્તિ થાય છે. બારમા ગુણસ્થાનના છેલ્લા સમયે દર્શનાવરણીય, જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મોનો અભાવ થતાં તે પરમાત્મા થાય છે. ત્યારે તેને અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંત વીર્ય અને અનંત સુખની પ્રગટતા થાય છે. અહીં આ ગાથામાં તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે એટલી જ વાત લીધી છે. સાધકને પુરુષાર્થની ઉગ્રતા થતાં તે પરમાત્મા થાય છે એમ લીધું છે.

વીતરાગતા અને કેવળજ્ઞાનને સંબંધ છે. વીતરાગતા થાય પછી જ સર્વજ્ઞતા પ્રગટે છે. રાગી જીવ કયારેય સર્વજ્ઞ ન થઈ શકે તેથી અન્યમતમાં ભલે પરમાત્માની કલ્પના કરવામાં આવતી હોય, ભલે તેઓ ભગવાનને સર્વજ્ઞ માનતા હોય તો પણ જયાં સુધી રાગની ભૂમિકા છે ત્યાં સુધી સર્વજ્ઞતા શક્ય નથી. તેથી પરમાત્મા હંમેશા વીતરાગ જ હોય. પહેલા વીતરાગી થાય પછી સર્વજ્ઞ થાય.

આચાર્યદેવ આ અધિકારમાં જ્ઞાન કઈ રીતે કાર્ય કરે છે તે દર્શાવવાના છે. અહીં તેનો એક ભાગ દર્શાવે છે. જીવ પરદ્રવ્યથી ભિન્ન રહીને પરદ્રવ્યને જાણે છે. જ્ઞેય-જ્ઞાયક સંબંધનું સ્વરૂપ એવું છે કે જાણે કે જ્ઞાન જ્ઞેયમાં પહોંચી ગયું હોય એવું લાગે આના અનુસંધાનમાં જ્ઞાનની પર્યાયનું વ્યવહાર ક્ષેત્ર જ્ઞેયપ્રમાણ દેખાય છે દરિયાને જાણનારી જ્ઞાનની પર્યાય દરિયા જેવડું રૂપ લે છે. પરમાત્મા આખા વિશ્વને એકી સાથે એક સમયમાં જાણતા હોવાથી જ્ઞાનની પર્યાય વિશ્વરૂપ ગણવામાં આવે છે. જ્ઞાન જ્ઞેયના અંતને પામે છે તેવો શબ્દ પ્રયોગ કરવાથી જ્ઞાન સમસ્ત જ્ઞેયના પારને પામે છે એવો ભાવ છે. જ્ઞેયનો અંત આવે નહીં કારણકે જ્ઞેયો અનંત છે. આકાશનું ક્ષેત્ર અનંત છે. જ્ઞાન અનંતને અનંતરૂપે જ જાણે છે. જ્ઞાનમાં આકાશનો છેડો જણાય નહીં કારણકે આકાશનો અંત છે જ નહીં.

જીવ પરમાત્મદશા પોતાની મેળે પ્રાપ્ત કરે છે. તેને અન્ય મદદ મળતી નથી. જીવ પરમાત્મા થાય છે ત્યારે કર્મોનો નાશ થાય છે. એ પણ દ્રવ્યકર્મનું સ્વતંત્ર કાર્ય છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ જીવ અને દ્રવ્યકર્મની સ્વતંત્રતાને દર્શાવે છે ત્યાં પરાધીનતા નથી. વિશ્વના પદાર્થો જ્ઞાનના જ્ઞેય થાય છે ત્યારે પણ તે પદાર્થોનું સ્વતંત્રપણું જ છે.

## ◆ ગાથા - ૧૬

**સર્વજ્ઞ, લબ્ધસ્વભાવ ને ત્રિજગેંદ્રપૂજિત એ રીતે**
**સ્વયમેવ જીવ થયો થકો તેને સ્વયંભૂ જિનો કહે. ૧૬.**

***એ રીતે તે આત્મા સ્વભાવને પામેલો, સર્વજ્ઞ અને સર્વ(ત્રણ) લોકના અધિપતિઓથી પૂજિત સ્વયમેવ થયો હોવાથી ''સ્વયંભૂ'' છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.***

પરમાત્મા સર્વજ્ઞ છે. એ વાત આગલી ગાથામાં આવી ગઈ છે. સર્વજ્ઞ દશા એટલે જેવો સ્વભાવ છે એવી દશાની પ્રગટતા. તેને ''લબ્ધ સ્વભાવ'' કહ્યો. સ્વભાવને પ્રાપ્ત કર્યો સ્વભાવને અનુરૂપ દશા પ્રગટ કરી. આ પ્રમાણેની દશા પ્રગટ કરી હોવાથી તે ત્રિજગેન્દ્ર વડે પૂજનિક થયા. ત્રિજગેન્દ્ર અર્થાત્ ત્રણ લોકના અધિપતિ ઈન્દ્રો, વિશ્વમાં મનુષ્યોને (આપણને) અધિપતિનો રાજા-ચક્રવર્તિ વગેરેનો મહિમા છે. સ્વર્ગના દેવો અને ઈન્દ્રોનો મહિમા છે. આપણને જેનો (જે વ્યક્તિનો) મહિમા છે. તેને પરમાત્માનો મહિમા છે. વંદન-પૂજાનો આશય એ છે કે પોતે તેવા થવા માગે છે. ત્રણ લોકના સો ઈન્દ્રો વડે ભગવાન પૂજાને યોગ્ય છે. ''વંદુ તદ્‌ગુણ લબ્ધયે'' જે દશા પોતે પ્રાપ્ત કરવા માગે છે તે દશા પરમાત્માએ પ્રગટ કરી લીધી છે માટે પરમાત્માની પૂજા કરવામાં આવે છે. પોતે જે માર્ગે ચાલીને પરમાત્મ દશા પ્રાપ્ત કરી તે રીત અને વિધિનો પરમાત્મા ઉપદેશ આપે છે માટે પરમાત્મા પૂજનિક છે. આ રીતે પરમાત્મા સર્વજ્ઞ લબ્ધસ્વભાવ અને ત્રિજગેન્દ્ર પૂજિતપણું આચાર્યદેવે આ ગાથામાં દર્શાવ્યું.

## ષટ્‌કારકો

દરેક જીવ એકલો, પરનિરપેક્ષપણે પોતાની મેળે જ પરમાત્મા થાય છે તેથી તેને સ્વંયભૂ કહેવામાં આવે છે. અહીં સ્વયંભૂ શબ્દની ચોખવટ કરવા માટે આચાર્યદેવ ક્રિયાના ષટ્‌કારક વિસ્તારથી સમજાવે છે. દ્રવ્ય પોતે કર્તા થઈને અનાદિથી અનંત કાળ સુધીના પોતાના પરિણામને કરે છે. નવા નવા પરિણામરૂપે થવું એ એક સળંગ પ્રક્રિયા છે. દરેક દ્રવ્ય દરેક સમયે કોઈ એક પરિણામને અવશ્ય કરે છે. એક દ્રવ્ય એક સમયે એક પર્યાયને કરે છે. તેને એક સળંગ ક્રિયા કહેવામાં આવે છે. તે ક્રિયાને ભેદરૂપે અપેક્ષાપૂર્વક સમજવાનો પ્રયત્ન એ કારકો છે. દરેક ક્રિયાને છ અપેક્ષા લાગુ પડે છે. માટે છ કારકો પ્રસિદ્ધ છે. કારકો એક જ દ્રવ્યમાં લાગુ પડે છે. બે દ્રવ્યો વચ્ચે કારક સંભવી શકતા નથી. જયાં કર્તા કર્મ સંબંધ છે ત્યાં જ કારકો લાગુ પડે છે. બે પદાર્થ વચ્ચે કર્તા કર્મ સંબંધ નથી. બે દ્રવ્યોની સમયવર્તી પર્યાયો વચ્ચે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે તેથી ત્યાં કારક લાગુ ન પડે.

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ છ કારકો છે. કોઈપણ ક્રિયા થાય ત્યારે તેનો કર્તા અવશ્ય હોવો જોઈએ. દ્રવ્ય પોતે જ પર્યાયનો કર્તા છે માટે અહીં કર્તામાં દ્રવ્ય લેવામાં આવે છે. જયારે આપણે કારકના ભેદથી સમજવાનો પ્રયત્ન કરીએ ત્યારે ''પર્યાયનો કર્તા કોણ ?'' એ રીતે ન વિચારતા ''ક્રિયાનો કર્તા કોણ ?'' એવી ટેવ પાડવી જરૂરી છે. એવું કરવાથી ''પર્યાયના ષટકારક'' ના સ્થાને ''ક્રિયાના ષટ્‌કારક'' એવી ટેવ પડશે. દ્રવ્ય-પર્યાયરૂપ એક સળંગ પ્રક્રિયા છે એવી દૃઢતા થશે તેથી સહજપણે દ્રવ્ય જ કર્તા છે એવી મજબૂતી થશે. દ્રવ્ય અને પર્યાયની અલગ સત્તા નથી. કાર્ય ધ્યેયલક્ષી હોય છે. ક્રિયાનું પ્રાપ્ત કાર્ય તે કર્મ છે. અહીં કર્મ શબ્દ દ્વારા ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મની વાત નથી. બીજ ઉગે તે પૂનમ થવા માટે. આ રીતે પૂનમ તે કર્મ કહેવાય છે. આ કારકને સમજવાનું ફળ એ છે કે બધા કર્મો ધ્યેયલક્ષી હોવા જોઈએ. ધ્યેય વિના છોડેલું તીર નિરર્થક છે. આપણો મોટા ભાગનો સમય નિરર્થક પ્રવૃત્તિમાં જાય છે. જેમ આજીવિકા માટે પ્રયત્ન કરીએ છીએ તેમ આત્મકલ્યાણ માટે પણ પ્રયત્ન કરવો જરૂરી છે. આ સિવાય અન્ય બધી પ્રવૃત્તિઓમાં તદ્દન નકામો સમય જાય છે. એ સમય બચાવીને તેનો ઉપયોગ આત્મકલ્યાણ માટે કરવો જરૂરી છે. તેમ કરવાથી તેના આજીવિકા માટેના પ્રયાસમાં અવરોધ નહીં આવે. કરણ કારક સાધનમાં અર્થમાં લેવામાં આવે છે. અહીં પદાર્થથી અન્ય સાધનની વાત નથી. જીવ પોતે જ કર્તા છે અને પોતે જ કરણ છે. ભેદથી વિચારીએ ત્યારે જ્ઞાનને સાધન ગણી શકાય. જે કાંઈ કાર્ય કરવામાં આવે છે, તે કોના માટે છે તે

પ્રશ્નના જવાબમાં પોતે જ સંપ્રદાન છે. કોઈ બહેન એકલી રહેતી હોય તો પોતે રસોઈ બનાવે અને તે રસોઈ પોતે જ જમે.

આ રીતે દરેક જીવ દરેક સમયે પોતાના સ્વભાવથી એક નવી પર્યાય, નવી રચના કરે છે અને પોતે જ તેને ભોગવે છે. આ રીતે કર્તા પણ પોતે જ છે અને ભોક્તા પણ પોતે જ છે અને સંપ્રદાન પણ પોતે જ છે. અચેતન પદાર્થમાં થતી રચના એ જીવના ઉપભોગ માટે છે એવી એક વ્યાપક માન્યતા છે. આ માન્યતા યોગ્ય નથી. વિશ્વ જીવના ઉપભોગ માટે નથી. દરેક પદાર્થનું કર્તાપણું અને ભોક્તાપણું દરેક પદાર્થ પૂરતું જ સીમિત છે. માટે દરેક પદાર્થ પોતાની પર્યાય માટે સંપ્રદાન સ્વરૂપ છે. પોતાના સ્વભાવમાંથી દરેક સમયે ક્ષણિક ઉપાદાન અનુસાર, કર્તા અંશ અનુસાર, કાર્ય થાય છે. એ વાત ખ્યાલમાં લીધા પછી એ જ સ્વભાવ દરેક સમયે નવા પરિણામ માટે તૈયાર જ છે એ તેનું ધ્રુવપણું છે. અર્થાત્ સ્વભાવ એવોને એવો સલામત છે. દૃષ્ટાંત : કેમેરામાં ફોટા પાડીએ ત્યારે નવો રોલ ચડાવવો પડે. આંખ કેમેરા જેવું કાર્ય જ કરે છે પરંતુ આંખમાં એવા કોઈ રોલ ચડાવવા પડતા નથી. આંખ દરેક સમયે નવા દૃશ્યો ઝડપવા તૈયાર જ છે. સિદ્ધાંતમાં દરેક પદાર્થ પોતાના સ્વભાવને એકરૂપ સલામત રાખીને દરેક સમયે નવા નવા રૂપ ધારણ કરે છે. તે અપાદાન કારક છે. તેને ધ્રુવ અપાદાન પણ કહેવામાં આવે છે. આ રીતે વિચારતાં કર્તા કારક ક્ષણિક ઉપાદાન અને ધ્રુવ અપાદાન ત્રિકાળ ઉપાદાનરૂપે ખ્યાલમાં આવે છે. અધિકરણ કારક દ્વારા દરેક દ્રવ્ય પોતાના સ્વક્ષેત્રમાં રહીને જ કાર્ય કરે છે. આ રીતે છ કારકો દ્વારા દ્રવ્ય પર્યાય રૂપ ક્રિયા સારી રીતે સમજી શકાય છે. એકવાર આ ખ્યાલ આવી જાય પછી કારકના ભેદનું પ્રયોજન રહેતું નથી. દરેક ક્રિયા આ કારકો અનુસાર જ હંમેશા થાય છે એટલું જાણપણું રહી જાય તે જ પર્યાપ્ત છે. કારકનું સ્વરૂપ આ રીતે લક્ષમાં લેતાં હવે ત્યાં ભિન્ન કારકોને સ્થાન નથી તે સારી રીતે સમજી શકાય છે. ભિન્ન કારકોની વાત માત્ર નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ સમજાવે છે.

અજ્ઞાની પ્રમાદી જીવ પ્રતિકૂળ સંયોગોના બહાના કાઢે છે. વાસ્તવમાં પ્રતિકૂળ સંયોગો નડતા નથી અને અનુકૂળ સંયોગો ઉપયોગી નથી. જીવ પોતે જે પ્રકારનો પુરુષાર્થ કરે છે તે પ્રમાણે કાર્ય થાય છે. જીવ પણ પોતાના ઉપાદાનની યોગ્યતા અનુસાર પરિણમે છે. જીવના બધા પરિણામોમાં અન્ય દ્રવ્યોનું યથા યોગ્ય નિમિત્તપણું છે. તે વિભાવ કરે છે તો દ્રવ્યકર્મ બંધાય છે. તે શુદ્ધતા પ્રગટ કરે છે તો કર્મતંત્ર વિખરાઈ જાય છે. ભગવાનની વાણી સાંભળીને પણ જીવ પોતાનું અજ્ઞાન છોડતો નથી અને સાતમી નરકની પ્રતિકૂળતામાં પણ સમકિત પ્રાપ્ત કરે છે. પરસમય અને સ્વસમય બન્ને પ્રકારના પરિણામ કરવામાં જીવ સ્વતંત્ર છે.

***જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે !***<br>
***જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે***

*નિયમસાર ગા. ૧૦૧*

### ◆ ગાથા - ૧૭

**વ્યયહીન છે ઉત્પાદ ને ઉત્પાદહીન વિનાશ છે,**<br>
**તેને જ વળી ઉત્પાદધ્રૌવ્યવિનાશનો સમવાય છે. ૧૭.**

***તેને (શુદ્ધાત્મ સ્વભાવને પામેલા આત્માને) વિનાશ રહિત ઉત્પાદ છે અને ઉત્પાદ રહિત વિનાશ છે તેને જ વળી સ્થિતિ, ઉત્પાદ અને વિનાશનો સમવાય છે.***

શુદ્ધોપયોગના પ્રતાપથી પ્રાપ્ત થયેલી પરમાત્મદશા એવીને એવી કાયમ ટકે છે. એવું આ ગાથામાં સમજાવે છે. ૧૩મી ગાથામાં પરમાત્મ-દશાનું ધ્રુવ અને અચલપણું આપણે લક્ષમાં લીધું છે તે અહીં જુદી રીતે દર્શાવે છે. જે સિદ્ધ દશાની પ્રગટતા થઈ તે હવે એવીને એવી કાયમ રહેશે. જે સંસાર અવસ્થાનો અભાવ થયો તે હવે કાયમ અભાવરૂપ જ રહેશે. આ વાત સમયસારમાં ૩૭

અને ૩૮ શક્તિમાં લીધી છે. ભાવભાવ શક્તિ એ સિદ્ધદશાની વાત છે અને અભાવ અભાવ શક્તિ એ સંસાર દશાની વાત છે. સિદ્ધ દશાની એકરૂપતા થોડી વિશેષ સ્પષ્ટતાથી સમજવાનો પ્રયત્ન કરીએ.

આવી વિશિષ્ટતા અન્ય દ્રવ્યોમાં જોવા મળતી નથી. પર્યાયને જોવાની બે દૃષ્ટિઓ છે. સદૃશ પરિણામ અને વિસદૃશ પરિણામ. સદૃશ પરિણામનો પ્રવાહ અનાદિથી અનંતકાળ એકરૂપ જ છે. જયારે વિસદૃશ દૃષ્ટિમાં પરિણામોની વિધવિધતા હંમેશા જોવા મળે છે. વિસદૃશતામાં થોડો સમય સદૃશતા જોવા મળે ખરી પરંતુ તે કાયમ ટકતી નથી. પદાર્થોના પરિણામની વિધવિધતા તેના વિશેષ ગુણને આભારી છે. વિશેષ ગુણો અંતરંગ વિધવિધતા લઈને રહેલા છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ ચાર અરૂપી દ્રવ્યો છે, જે આપણા જ્ઞાનમાં આવતા નથી તેથી તેની પર્યાયમાં એકરૂપતા અને વિધવિધતાનો આપણને ખ્યાલ નથી. સિદ્ધાંતરૂપે દરેક પર્યાયમાં આ બે દૃષ્ટિઓને અવશ્ય સ્થાન હોવું જોઈએ. પુદ્‌ગલના પરિણામ આપણા ઈન્દ્રિય જ્ઞાનમાં જણાય છે. ત્યાં સ્પર્શ, રસ વગેરેના પરિણામો અનેક પ્રકારના છે અને બદલાતા રહે છે. પરમાણુ જેને શુદ્ધ ગણવામાં આવે છે તેના પરિણામો પણ એકરૂપ નથી. અર્થપર્યાય અર્થાત્ પ્રદેશત્વ ગુણની પર્યાયને છોડીને અન્ય સમસ્ત ગુણોની પર્યાય પરમાણુમાં પણ એકરૂપ રહેતી નથી. તેથી એ પાંચ દ્રવ્યોમાં તો પરિણામોની વિધવિધતા છે. જીવની સંસાર દશામાં પરિણામોની એકરૂપતા રહેતી નથી એ બધાના અનુભવની વાત છે. હવે વાત રહી સિદ્ધ દશાની.

દરેક પદાર્થના શક્તિરૂપ સામર્થ્યનો વિચાર કરીએ ત્યારે અનાદિથી અનંતકાળ સુધીના બધા પરિણામોને પહોંચી વળવાની શક્તિ લઈએ છીએ. જીવમાં જયારે શક્તિરૂપ સામર્થ્યનો વિચાર કરીએ છીએ ત્યાં તે બધા પરિણામોને પ્રાપ્ત થાય એવા સામર્થ્યની વાત કાયમ રાખીને તેની એક બીજી વિશિષ્ટતાનો પણ ખ્યાલ કરવો જરૂરી છે. મોટર કે સ્કૂટર કેટલી ઝડપથી ચાલી શકે તે તેનું સામર્થ્ય ગણવામાં આવે. મશીન એક હોર્સપાવર જેટલું કામ આપી શકે તેને તેનું શક્તિરૂપ સામર્થ્ય ગણવામાં આવે છે. જીવનો સર્વજ્ઞ સ્વભાવ છે તેથી બધાને એકી સાથે જાણી લે તેવી શક્તિ છે. જીવ જયારે પરમાત્મદશા પ્રગટ કરે છે ત્યારે જેવું શક્તિરૂપ સામર્થ્ય છે એવી દશા પ્રગટ થાય છે. અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્યની પ્રગટતા થાય છે. જીવના અનંત ગુણો આ રીતે પરિપૂર્ણતાને પ્રાપ્ત થાય છે. જીવના પરિણામોની વિશેષતા એ છે કે એકવાર પરિપૂર્ણદશાની પ્રગટતા થઈ તે એવી ને એવી કાયમ રહેશે. તેમાં ફેરફાર નહીં થાય. મોટર પૂરી ઝડપથી ચલાવીને પછી ઝડપ ઓછી કરી શકાય. જીવમાં એવી શક્યતા નથી. બધા સિદ્ધ ભગવંતોની અર્થ પર્યાયો એકસ્વરૂપ જ હોય છે. એક સિદ્ધ ભગવાનની સાદિ અનંતકાળની બધી પર્યાયો તો એકરૂપ રહે જ પરંતુ ખરેખર તો બધા પરમાત્માના પરિણામો એકસરખા રહે છે. વ્યંજન પર્યાય અર્થાત્ પ્રદેશત્વ ગુણની પર્યાયમાં આકાર અને અવગાહન બધા સિદ્ધ પરમાત્માના અલગ અલગ હોય છે પરંતુ અન્ય બધા પરિણામો એક સરખા જ રહે છે. તેથી ભાવ ભાવ શક્તિ અને અભાવ અભાવ શક્તિનું કાર્ય માત્ર જીવની સિદ્ધદશામાં જ જોવા મળે છે. અન્ય દ્રવ્યોની શુદ્ધ પર્યાયો પણ આ રીતે એકસરખી કયારેય હોતી નથી. વળી સિદ્ધદશા પ્રગટે ત્યારે જીવનો જે આકાર અને અવગાહન હોય છે તે પછી એક સરખો જ રહે છે. તેથી સિદ્ધ ભગવંતના બધા પરિણામો સાદિ અનંત કાળ સુધી એકરૂપ જ રહે છે. બધા સિદ્ધ પરમાત્માના આકાર અને અવગાહન અલગ છે એ વાત પહેલા નક્કી કરી લીધી છે.

જીવોને અનાદિકાળથી ઈન્દ્રિય સુખ-દુઃખનો અનુભવ છે. તે સંયોગાધીન હોવાથી તે પરિણામ એકરૂપ નથી. જીવ નિરંતર સુખી થવા માટે પ્રયત્ન

કરતો રહ્યો છે. કયારેક સુખ મળે પણ ખરું. ત્યાં નિયમ નથી. પુણ્યનો ઉદય હોય તો જ મળે અને તેટલા સમય પૂરતું જ મળે. જીવે અતીન્દ્રિય સુખ કયારેય અનુભવ્યું નથી. તે માટેના પ્રયત્નો કર્યા નથી. વળી જેને ઈન્દ્રિય સુખની માગણી છે તેને અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થતું જ નથી. જેને ઈન્દ્રિય સુખની નિરર્થકતા લાગે, જેને તે દુઃખરૂપ છે એવો નિર્ણય થાય, જેને તે દુઃખરૂપ લાગે, જે વિષયસુખથી પાછો ફરવા માગે છે તેને જ અતીન્દ્રિય સુખ મળે. બન્ને પ્રકારના સુખ મેળવવા માગે તેને કાંઈ હાથ ન આવે. તીવ્ર વૈરાગ્યની ભાવના જેને છે તેને તો સ્વાનુભૂતિ થાય. જયારે અહીં તો પરમાત્માના સુખની વાત કરીએ છીએ. જે ઈન્દ્રિય સુખ-દુઃખ છોડીને પરમાત્મદશા પ્રગટ કરવા માગે છે તેને આચાર્યદેવ એક વિશ્વાસ જન્માવે છે. સંયોગી સુખ પ્રાપ્ત થાય અથવા ન પણ થાય. જયારે સ્વભાવ સન્મુખના પુરુષાર્થથી અવશ્ય અતીન્દ્રિય સુખ મળે. વળી સંયોગી સુખનો અભાવ અવશ્ય થવાનો છે તેની સામે પરમાત્માનું સુખ શાશ્વત છે. આ પ્રકારના કોલ કરાર જ્ઞાની કરે છે. આ પ્રમાણે સધિયારો મળતા પાત્ર જીવનો ઉત્સાહ વધી જાય છે, વિશ્વાસ વધી જાય છે. તે અવશ્ય ઉગ્ર પુરુષાર્થી બને છે. જીવે એક જ વાર અને એક જ પ્રકારનો પુરુષાર્થ કરવાનો છે અને તેના ફળમાં સાદિ અનંતકાળ અનંત અવ્યાબાધ સુખની તેને પ્રાપ્તિ થવાની છે. આવો નિર્ણય આવવો એ કાંઈ નાની સુની વાત નથી. આવો નિર્ણય આવ્યા બાદ પણ અનાદિના ઈન્દ્રિય સુખને કાયમ માટે દૂર કરવાની વાત પણ સહેલી નથી. તીવ્ર વૈરાગ્યની ભૂમિકા આ માટે જરૂરી છે.

સિદ્ધદશાની આ વાત સાંભળીને કોઈને એમ થાય કે સિદ્ધદશા પ્રગટ થયા પછી પર્યાય ન હોય તો તેની તે વાત સાચી નથી. સત્ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્ત જ હોય એ સિદ્ધાંત પરમાત્માને પણ લાગુ પડે છે. આ વાત ગાથાની બીજી લીટીમાં લેવામાં આવી છે. ટકીને બદલવું દરેક પદાર્થમાં જોવા મળે છે. પદાર્થ અનેકાંત સ્વરૂપ જ છે. એકાંત માન્યતાને સ્થાન નથી. વિશ્વમાં સર્વથા નિત્ય કોઈ પદાર્થ શક્ય જ નથી તેથી સિદ્ધ પરમાત્માને પણ સમયે સમયે નવી નવી પર્યાયો પ્રગટ થયા કરે છે. સિદ્ધ પર્યાયો એકરૂપ અવશ્ય છે પરંતુ એની એ પર્યાય કાયમ નથી રહેતી. એવી ને એવી પર્યાયો સાદિ અનંતકાળ સુધી પ્રગટ થયા કરે છે.

## ◆ ગાથા - ૧૮

**ઉત્પાદ તેમ વિનાશ છે સૌ કોઈ વસ્તુમાત્રને,**
**વળી કોઈ પર્યયથી દરેક પદાર્થ છે સદ્ભૂત ખરે. ૧૮.**

***કોઈ પર્યાયથી ઉત્પાદ અને કોઈ પર્યાયનો વિનાશ સર્વ પદાર્થ માત્રને હોય છે. વળી કોઈ પર્યાયથી પદાર્થ ખરેખર ધ્રુવ છે.***

ગા. ૧૭ની બીજી લીટીમાં જે વાત લીધી છે તે જ વાત આ ગાથામાં લેવામાં આવી છે. બધા દ્રવ્યોમાં સત્ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત જ હોય એ વાત અહીં લીધી છે. આ વાત નવી નથી પરંતુ જયસેનઆચાર્યદેવની ટીકામાં આ વાત એક પ્રશ્નોત્તરરૂપે સારી રીતે લેવામાં આવી છે. તેનો ગુજરાતી અનુવાદ ભાવાર્થરૂપે રહેલો છે. તેથી તેનો અભ્યાસ કરીએ.

પ્રશ્ન કરનાર વસ્તુને ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ માનવા તૈયાર નથી તેની દલીલ છે કે વસ્તુને ધ્રુવ અર્થાત્ સર્વથા નિત્ય જ માનવું યોગ્ય છે. તેની સામે ત્રણ દૃષ્ટાંત આપીને વાત કરે છે. માટી, સોનું અને દૂધ એ ત્રણ સદાય એકરૂપ જોવા મળતા નથી. માટીમાંથી વાસણ, સોનામાંથી દાગીના અને દૂધમાંથી દહીં વગેરે બને છે. આ ત્રણે તો દૃષ્ટાંત જ છે. ખરેખર બધા પદાર્થોમાં નિત્ય અને અનિત્ય બન્ને ધર્મો અવશ્ય વિદ્યમાન છે. પ્રશ્ન કરનારને આ વાસ્તવિકતાનો સ્વીકાર કર્યા વિના બીજો રસ્તો નથી.

હવે જ્ઞાનથી વિચારીએ. જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે. જ્ઞાન વિશ્વના બધા પદાર્થોને જાણે છે. વિશ્વના બધા પદાર્થો દરેક સમયે પોતાનું રૂપ બદલાવે છે. પરમાત્માનું જ્ઞાન સર્વને જાણે છે એ વાત માન્ય રાખીએ છીએ તેથી તેનું જ્ઞાન જ્ઞેય જ્ઞાયક સંબંધથી જ્ઞેયાકાર થાય છે. વિશ્વના પદાર્થો (જ્ઞેયો) નવા નવા રૂપ લેતા હોવાથી પરમાત્માની જ્ઞાનની પર્યાય પણ દરેક સમયે નવા રૂપ ધારણ કરે છે. વિશ્વના પદાર્થો ઉત્પાદ-વ્યયને પ્રાપ્ત છે એ વાતનો સ્વીકાર કરનારાને હવે પરમાત્માની જ્ઞાનની પર્યાય પણ જ્ઞેય જ્ઞાયક સંબંધના કારણે જ્ઞેયાકારરૂપ નવા નવા ભાવો પ્રગટ કરતી જાય છે તેથી એ રીતે પરમાત્માની જ્ઞાનની પર્યાયમાં પણ ઉત્પાદ-વ્યય જોવા મળે છે. જે પરમાત્માને કૃતકૃત્ય માનીને પરમાત્માને ઉત્પાદ-વ્યય ન હોય એવું માનતા હતા તેણે પણ હવે એ વાત માન્ય કરવી રહી કે પરમાત્માના જ્ઞાનની પર્યાય દરેક સમયે નવા નવા રૂપ લે છે માટે ત્યાં પણ ઉત્પાદ-વ્યય અવશ્ય છે. જ્ઞાનની પર્યાયમાં ઉત્પાદ-વ્યય છે માટે અભેદપણે પરમાત્મામાં પણ ઉત્પાદ-વ્યય અવશ્ય છે.

આગળ વધતાં પહેલાં એક તર્કનો વિચાર કરીએ. પરમાત્મા દરેક પદાર્થની ત્રણ કાળની પર્યાયોને એકી સાથે એક સમયમાં જાણી લે છે તેથી તેને જાણપણામાં નવું જાણવાપણું રહેતું નથી. વળી એકને એક જાણવાનો કંટાળો પણ આવે. આ તર્ક યોગ્ય નથી. પરમાત્મા ત્રણ લોક-ત્રણકાળ એક સમયમાં જાણી લે છે તે વાત સાચી છે. તે અપેક્ષાએ નવું જાણપણું તેને નથી એ દલીલ પણ માન્ય છે. આ વાત કાયમ રાખીને પરમાત્મા માટે વિશ્વ દરેક સમયે નવું છે. આ સમજવા માટે એક દૃષ્ટાંત : તમે કોઈ એક મોટી વાર્તાની ચોપડી વાંચી છે તમને તે વાર્તા ગમી છે. ફરી ફરીને તે વાંચવાનું મન થાય છે. તમે ગમે ત્યારે તે પુસ્તક ખોલો છો. તેમાં એક પાનું ખોલ્યું. તેમાંથી થોડું વાંચ્યું ત્યારે તમને એ પ્રસંગ પહેલાં શું હતું અને પછી શું હશે તે બધા ખ્યાલ આવી જાય છે. હવે આવો પ્રસંગ ફરીવાર કરો. અન્ય પાનું ખોલીને વાંચો ત્યાં જે લખાણ છે તે ધરી બની જશે તેની સાથે પૂર્વાપર સંબંધ બદલાઈ જશે. હવે સિદ્ધાંતનો વિચાર કરીએ ત્યારે વિશ્વના પદાર્થો સમયે સમયે નવા રૂપ લે છે. તેથી તે પદાર્થની ધરી હંમેશા બદલાતી રહે છે. પરમાત્મા તેને જાણે છે ત્યારે દરેક સમયે નવી ધરી અનુસાર તેની ત્રણ કાળની પર્યાયને જાણે છે માટે દરેક પદાર્થનો ઈતિહાસ દરેક સમયે બદલાતો રહે છે.

પરમાત્મા પોતાના ત્રણ કાળના પરિણામને જાણે છે ખરા પરંતુ તે ભવિષ્યની પર્યાયરૂપે વર્તમાનમાં પરિણમતા નથી. ભવિષ્યની પર્યાય તેના સ્વકાળે પ્રગટ થશે. જે પર્યાય વર્તમાનમાં ભાવરૂપ હોય છે. તે તેની ધરી બની જાય છે. આ ધરી બદલતી રહે છે. વર્તમાન પર્યાયનો અભાવ થાય છે. ભવિષ્યની જે પર્યાય અભાવરૂપ હતી તે ભાવરૂપ થાય છે. આ રીતે પરમાત્મા પોતે પોતાના ત્રણ કાળને જાણે છે ખરા પરંતુ પોતે વર્તમાનમાં જીવે છે તે ધરી આસપાસ તેનો પૂર્વાપર સંબંધ પણ બદલાતો જાય છે માટે પરમાત્માનું વાસ્તવિક જીવન પણ દરેક સમયે નવું નવું જ રહે છે. પરમાત્માને પણ ઉત્પાદ-વ્યય અવશ્ય હોય છે. વળી દરેક સમયે નવીનતા હોવાથી ત્યાં કંટાળાનો પ્રશ્ન નથી. જાણવું એ જીવનો સ્વભાવ છે. સ્વભાવભૂત પરિણમન કંટાળાનું કારણ ન હોય શકે. અજ્ઞાની જીવ વિભાવમાં ઉભો છે માટે તેને એક સરખા પરિણામ રહે નહીં, અને એક સરખા રહે તે પણ તેને કંટાળાનું કારણ બને છે.

હવે જયસેનાચાર્ય આગળ વાત કરે છે. સૂક્ષ્મતાથી વિચારે છે. પદાર્થ દરેક સમયે નવા ભાવ પ્રગટ કરે છે ત્યાં એક સમયના એકરૂપ ભાવમાં પણ દરેક સમયે ષટ્ગુણ વૃદ્ધિ હાનિ થઈ રહી છે. અર્થાત્ પરિણામ તરફથી વિચારીએ તો ત્યાં સ્થિરતા

કયારેય શક્ય નથી. એક સમય દરમ્યાન પણ ઉત્પાદ-વ્યયરૂપ પ્રવાહ ચાલુ જ છે. પદાર્થના પરિણામ અસંખ્ય સમય એકરૂપ રહે તો જ આપણું જ્ઞાન જાણી શકે છે. પરમાત્મા દરેક સમયના પરિણામને તો જાણે જ છે પરંતુ ષટ્ગુણ વૃદ્ધિ હાનિરૂપના પરિણામોને પણ જાણે છે. પદાર્થમાં જેમ સૂક્ષ્મ પ્રવાહ ચાલે છે તેમ પરમાત્માના જ્ઞાનમાં પણ તે પ્રકારે ઉત્પાદ-વ્યય થયા કરે છે. આ રીતે વિશ્વના પદાર્થોમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ વસ્તુ વ્યવસ્થા સ્થાપીને તેની ઓથમાં જ્ઞેય જ્ઞાયક સંબંધ મારફત જ્ઞાનમાં અને અભેદપણે પરમાત્મામાં પણ ઉત્પાદ-વ્યય દર્શાવવામાં આવ્યા છે.

## ◆ ગાથા - ૧૯

**પ્રક્ષીણઘાતિકર્મ, અનહદવીર્ય, અધિકપ્રકાશ ને**
**ઈંદ્રિય-અતીત થયેલ આત્મા જ્ઞાનસૌખ્યે પરિણમે. ૧૯**

***જેના ઘાતિ કર્મો ક્ષય પામ્યા છે. જે અતીન્દ્રિય થયો છે, અનંત જેનું ઉત્તમ વીર્ય છે અને અધિક જેનું (કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ) તેજ છે એવો (સ્વંયભૂ આત્મા) જ્ઞાન અને સુખરૂપે પરિણમે છે.***

ઈન્દ્રિયો જ્ઞાનમાં સહાયક છે ઈન્દ્રિયોની મદદ વિના જ્ઞાન થતું નથી એવો જેને અનાદિનો અનુભવ છે એવા અજ્ઞાની જીવને એ પ્રશ્ન થાય છે કે પરમાત્માને ઈન્દ્રિયોનો અભાવ છે તો તે કેવી રીતે જાણી શકતા હશે ? તેનો આચાર્યદેવ આ ગાથામાં જવાબ આપે છે. એક અપેક્ષાએ જોતાં આ ગાથા માત્ર પરમાત્મદશાનું વર્ણન કરે છે. પરમાત્માના અનંત ચતુષ્ટયના વર્ણનમાંથી ટીકાકાર આચાર્યદેવે ઈન્દ્રિયાતીત શબ્દનો વિસ્તાર આ ગાથામાં લીધો છે તે ખરેખર તો જ્ઞાનના ક્ષાયિક ભાવનો, પરિપૂર્ણ પર્યાયનો મહિમા છે.

મૂળભૂત વાત મોહ-રાગ-દ્વેષની છે. અજ્ઞાનની ભૂમિકામાં મોહ રાગ-દ્વેષ છે. ત્યાં મોહનીય કર્મ સાથેનો બંધ પણ છે. અજ્ઞાન છે ત્યાં સુધી બધા પ્રયોજનભૂત ગુણોનું અશુદ્ધ પરિણમન છે. સમ્યગ્દર્શન થતાં મોહનો અભાવ થાય છે. સર્વ ગુણાંશ તે સમ્યકત્વ. પ્રયોજનભૂત બધા ગુણોમાં અંશે શુદ્ધ પર્યાયની પ્રગટતા થાય છે. બધા ગુણો નિરપેક્ષ દૃષ્ટિમાં પોતાની રીતે પૂર્ણતાને પ્રાપ્ત થાય છે. જીવ પાસે જોતા તે બધાં એકબીજા સાથે સંબંધમાં છે. જયાં સુધી રાગનો અંશ પણ પર્યાયમાં વિદ્યમાન છે ત્યાં સુધી બીજા ગુણોની પરિપૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થતી નથી. મોહરાગદ્વેષના કારણે જીવ અશુદ્ધ છે ત્યાં સુધી બીજા ગુણો પણ અશુદ્ધરૂપે પરિણમે છે. બારમા ગુણસ્થાને વીતરાગતાની પ્રગટતા થાય છે. રાગનો અભાવ થતાં જીવ શુદ્ધ થાય છે. ત્યારે દર્શન સામાન્ય, જ્ઞાન અને વીર્યની પર્યાયમાં અનંત દર્શન, અનંત જ્ઞાન અને અનંત વીર્યની પ્રગટતા થાય છે. રાગ છે ત્યાં સુધી જ્ઞાન અલ્પજ્ઞ છે. એક સમયે એક વિષયને જાણવાના કારણે વિષયની પસંદગી અર્થાત્ રાગ અવશ્ય હોય છે તે રાગ અનુસાર વિષયની પસંદગી કરે છે રાગને કારણે મુખ્ય ગૌણ થાય છે. ત્યાં સુધી જ્ઞાન ક્ષયોપશમ ભાવે છે જેને જાણવા માગે તેમાં ઉપયોગ મૂકવો પડે છે. યોગ્ય ઈન્દ્રિયની પસંદગી કરે છે. બાહ્યમાં પ્રકાશ-હવા વગેરે સાધનો જરૂરી બને છે. ત્યારબાદ પણ જ્ઞાનના ઉઘાડ અનુસાર જાણપણું થાય છે. આ ક્ષાયોપશમિક જ્ઞાનનું સ્વરૂપ છે.

જયારે વીતરાગ થાય છે ત્યારે રાગ નથી. મુખ્ય ગૌણ નથી. બાહ્ય વિષયોની નિસ્બત નથી. પરિણામે બધા વિષયો આખું વિશ્વ યુગપદ જ્ઞાનમાં, કેવળજ્ઞાનમાં જણાઈ જાય છે. કેવળજ્ઞાન એ ક્ષાયિક જ્ઞાન છે. પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાન છે. તે જ્ઞાનને હવે ઈન્દ્રિય અને મનના અવલંબનની જરૂર નથી.

આ શાસ્ત્રમાં આચાર્યદેવ કેવળજ્ઞાનનેજ

અતીન્દ્રિય જ્ઞાન કહે છે. તેને જ જ્ઞાન કહે છે. સ્વાનુભૂતિ થતાં જીવને પૂર્વે ન આવેલો એવો, ઈન્દ્રિય સુખથી વિલક્ષણ, અતીન્દ્રિય આનંદ આવે છે પરંતુ અહીં તો પરમાત્માના સુખને જ અતીન્દ્રિય સુખ કહ્યું છે. અરિહંત ભગવંતને શરીર વિદ્યમાન છે. શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો અને મન વિદ્યમાન છે પરંતુ જ્ઞાન ક્ષાયિક થયું હોવાથી તેને અવલંબનની જરૂર નથી. નબળાઈ હોય ત્યાં સુધી લાકડીનો ટેકો, શક્તિ આવી જાય પછી લાકડીનું શું કામ છે ? બાળક ચાલતા શીખતું હોય ત્યારે સમતુલા જાળવી ન શકે ત્યાં સુધી ચાલણગાડી વાપરે છે. ચાલણગાડી બાળકને ચલાવતી નથી. બાળક ચાલણગાડીને ચલાવે છે. બાળક એકવાર સમતુલા જાળવતું થઈ જાય તો પછી તેને ચાલણગાડીની જરૂર નથી. તેમ હારી ગયેલા જ્ઞાનમાં ઈન્દ્રિયનું અવલંબન જરૂરી બને છે. તે સમયે પણ જાણવાનું કામ તો જ્ઞાન જ કરે છે. ઈન્દ્રિયો જ્ઞાનમાં કોઈ ફાળો આપતી નથી. જેમ ચશ્મા જોવાનું કાર્ય નથી કરતા. ચશ્મા પહેરીએ ત્યારે પણ જોવાનું કાર્ય તો નબળી આંખ જ કરે છે તેમ સ્વભાવનો અનાદર કરવાથી અલ્પજ્ઞ દશા પ્રગટ થઈ છે તેજ જાણવાનું કામ કરે છે ઈન્દ્રિયો નહીં. જે ઈન્દ્રિયોનું ક્ષેત્ર છે તે દેહનું ક્ષેત્ર છે જીવ ત્યાં જ એક ક્ષેત્રાવગાહરૂપે રહેલ છે. રૂપી પદાર્થોના સ્પર્શ, રસ વગેરે ગુણોના પરિણામ જેવા જ પરિણામ નિમિત્ત નૈમિત્તિક સંબંધને કારણે ઈન્દ્રિયોમાં થાય છે ત્યારે તે જ ક્ષેત્રે રહેલું જ્ઞાન તેને જાણી લે છે. પરમાત્માના જ્ઞાનને ઈન્દ્રિયની જરૂર નથી. પ્રકાશ-હવા વગેરે અન્ય સાધનોની જરૂર નથી. તેને વિષયની પસંદગી નથી માટે કયાંય ઉપયોગ મૂકવાનું રહ્યું નથી. જ્ઞાનાવરણીય કર્મનો તેને અભાવ છે. આ રીતે પરમાત્મા અન્ય સાધનથી નિરપેક્ષપણે સ્વયં જાણ્યા કરે છે. જ્ઞાન અને સુખ જીવનો સ્વભાવ છે. સ્વભાવરૂપ પરિણમનમાં અન્ય અપેક્ષા રહેતી નથી.

### ◆ ગાથા - ૨૦

**કંઈ દેહગત નથી સુખ કે નથી દુઃખ કેવળજ્ઞાનીને,**
**જેથી અતીંદ્રિયતા થઈ તે કારણે એ જાણજે. ૨૦.**

***કેવળજ્ઞાનીને શરીર સંબંધી સુખ કે દુઃખ નથી કારણકે અતીન્દ્રિયપણું થયું છે તેથી એમ જાણવું.***

અરિહંત પરમાત્માને દેહગત સુખ દુઃખ નથી એવું આ ગાથામાં દર્શાવે છે. તે અતીન્દ્રિયતાનું ફળ છે. મોહ રાગ-દ્વેષનો અભાવ થાય ત્યારે જ પરમાત્મ દશા અતીન્દ્રિયતા પ્રગટ થાય છે. હવે આપણે દેહગત ઈન્દ્રિય સુખ દુઃખ કઈ રીતે થાય છે તેનો અભ્યાસ કરીએ.

## અજ્ઞાની જીવ

અજ્ઞાની જીવ અનાદિનો અજ્ઞાની છે. તેના પરિણામમાં મોહ-રાગ-દ્વેષના ભાવો છે અર્થાત્ તેની શ્રદ્ધા અને આચરણ વિપરીત છે. તેને દ્રવ્ય કર્મો સાથે ઉભયબંધ છે. શરીર સાથે વિશિષ્ટ સંબંધ બંધ છે. તેને અનેક પ્રકારના સંયોગો પણ આવી મળે છે. પુણ્ય પ્રકૃતિના ઉદય અનુસાર અનુકૂળ સંયોગો અને પાપ પ્રકૃતિના ઉદય અનુસાર પ્રતિકૂળ સંયોગો તેને પ્રાપ્ત થાય છે.

જીવ જે ગતિમાં જાય ત્યાં જે શરીર મળે તેમાં તે એકત્વબુદ્ધિ-મિથ્યાત્વ-ભાવ કરે છે. સંયોગોમાં ઈષ્ટ-અનિષ્ટપણું માનીને સંયોગોમાં રાગ-દ્વેષ કરે છે. આયુષ્યનો બંધ જે સમયે પડે તે સમયના ભાવ અનુસાર તે ભવિષ્યમાં નવો દેહ ધારણ કરે છે. તે દેહ સાથે ફરી એકત્વબુદ્ધિ કરે છે. આ રીતે અનાદિનો સંસાર છે. સંયોગો સાથે સંયોગી ભાવથી જોડાઈને તે ઈન્દ્રિય સુખ-દુઃખનો અનુભવ કરે છે. આ બધાંને અહીં દેહલક્ષી સુખ-દુઃખરૂપે ગણવામાં આવ્યા છે.

અજ્ઞાની જીવે શરીરમાં હુંપણું માન્યું છે. તેને

સુખ દુઃખનો અનુભવ થાય છે. સંયોગો વેદનીય કર્મના ઉદય અનુસાર પ્રાપ્ત થાય છે ત્યારે તેને સુખ દુઃખનું કારણ શું ? એ વિચારીએ ત્યારે મોહ એક જ તેનું કારણ છે. આ વાત બરોબર આપણા જ્ઞાનમાં આવવી જરૂરી છે. સમયસાર બંધ અધિકારમાં આવો જ દૃષ્ટાંત લઈને બંધનું કારણ જીવનો રાગ જ છે એ સિદ્ધ કર્યું છે. રાગને ચીકાશના સ્થાને ગણીને કર્મ રજ ચોંટવાનું કારણ કહ્યું છે.

## જ્ઞાની

જ્ઞાનીને મિથ્યાત્વનો અભાવ છે. શરીરમાં એકત્વબુદ્ધિ નથી. તેમાં હિન બુદ્ધિ પણ નથી. જ્ઞાનીને પૂર્વકર્મના ઉદય અનુસાર સંયોગો છે. કર્મોદયની મુખ્યતા અનુસાર સંયોગોમાં અનુકૂળ અને પ્રતિકૂળ એવા બે ભાગ પડે છે. જ્ઞાની પુરુષાર્થપૂર્વક તો પોતાના સ્વભાવમાં જ લીન રહે છે. કયારેક અસ્થિરતાના ભાવથી સંયોગોમાં જોડાય છે અને ઈન્દ્રિય સુખ-દુઃખનો અનુભવ પણ કરે છે ત્યારે પણ અશાતા વેદનીય કર્મના ઉદય ઉપરાંત ચારિત્ર મોહ એટલે કે રાગદ્વેષ અનુસાર તેને દુઃખ થાય છે. નિર્વિકલ્પ અનુભૂતિ સમયે માત્ર અતીન્દ્રિય આનંદનો જ અનુભવ છે.

## મુનિદશા

આ ઉત્કૃષ્ટ સાધકદશા છે. તેને સ્વરૂપલીનતા ઘણી છે. રાગ-દ્વેષ દેખાવા છતાં તેની કષાય શક્તિ ઘણી અલ્પ છે. દેહ પ્રત્યે અત્યંત ઉદાસીનતા છે. પાંચ ઈન્દ્રિયોના વિષયોના ભોગવટા પ્રત્યે અત્યંત વૈરાગ્ય દશા જોવા મળે છે. સહજપણે પ્રતિકૂળતા ન આવે તો સામેથી પ્રતિકૂળતા ઉભી કરે છે. મારણાંતિક ઉપસર્ગ આવે ત્યારે શુરવીર સાધકનો પુરુષાર્થ ઘણો ઉગ્ર બની જાય છે. મુનિ સંયમના હેતુએ ઉપવાસ કરે છે અને આહારગ્રહણ કરે છે તે પણ સંયમના જ હેતુ અર્થે. તેને મનુષ્ય દેહને નભાવવાનો ભાવ નથી. તેને મરણનો પણ ભય નથી તો પછી તે સામાન્ય પ્રતિકૂળતાને શા માટે ગણકારે ? મુનિને વિકલ્પ માત્ર દુઃખરૂપે વેદાય છે એ વાત કાયમ રાખીને તેને ઈન્દ્રિય સુખ-દુઃખનો પણ અનુભવ વર્તે છે.

## અરિહંત

તે અશરીરી પરમાત્મા છે. વીતરાગતા પ્રગટ થઈ છે. ભાવ મોક્ષદશા પ્રાપ્ત થઈ છે. અઘાતિ કર્મોદયો વિદ્યમાન છે. તેને શાતા વેદનીય કર્મનો ઘણો ઉદય છે. તીર્થંકર પ્રકૃતિનો પણ ઉદય હોય. અશાતાનો ઉદય નહીંવત છે પરંતુ છે ખરો. તેને અનંત સુખની પ્રગટતા છે. મોહનીય કર્મનો સર્વથા અભાવ હોવાથી શાતા વેદનીય એવો પુણ્યનો ઉદય તેને ઈન્દ્રિય સુખનું કારણ નથી અને અલ્પ અશાતાનો ઉદય તેને જરાપણ ઈન્દ્રિય દુઃખ આપી શકતો નથી. પરમાત્મા તે બધાથી પર છે. મોહનીયનો અભાવ થતાં તુરત જ અન્ય ત્રણ ઘાતિકર્મો નાશ પામે છે અને પરમાત્મદશા પ્રગટ થાય છે.

શરીરના પરમાણુ પલટી જાય છે. શરીર પરમ ઔદારિક બની જાય છે. તે શરીર લાંબો કાળ ટકે છે પરંતુ તેને આહાર-પાન નથી હોતા. ભગવાન ૧૮ દોષથી રહિત હોય છે. તેમને ભૂખ-તરસ-રોગ વગેરે કાંઈ નથી હોતું. આથી તેમને શરીર વિદ્યમાન હોવા છતાં દેહલક્ષી સુખ-દુઃખનો અભાવ છે.

સિદ્ધ ભગવંતોને દેહ જ નથી તેથી દેહગત સુખદુઃખનો તેમને પ્રશ્ન જ નથી. જીવની બધી અવસ્થાઓનો આ રીતે વિચાર કરવાથી ખ્યાલ આવે છે કે જીવના મોહ-રાગ-દ્વેષના ભાવો જ તેને દેહગત ઈન્દ્રિય સુખ-દુઃખના કારણો છે.

ટીકામાં અગ્નિ અને લોખંડનો દૃષ્ટાંત છે. બન્ને જુદા છે. કોઈ અગ્નિ ઉપર ઘણના ઘા કરતા

નથી પરંતુ અગ્નિ જો લોખંડનો સંગ કરે છે તો તેને ઘણના ઘા પડે છે. તે રીતે જીવને શરીરનો સંગ કરવાથી ઈન્દ્રિય સુખ-દુ:ખ થાય છે. શરીર સુખ-દુ:ખનું કારણ નથી. સ્વર્ગના દેવનું શરીર દેવને સુખનું કારણ નથી. પરમાત્માને શરીર દુ:ખનું કારણ નથી. શરીર પ્રત્યે એકત્વબુદ્ધિ તે પરમાર્થે દુ:ખનું કારણ છે. મિથ્યાત્વ ગયા બાદ પણ અસ્થિરતાના રાગ-દ્વેષ સાધકને સુખ-દુ:ખનું કારણ બને છે.

અજ્ઞાની જીવ અનાદિકાળથી પોતાના અજ્ઞાનના કારણે દુ:ખી છે ત્યારે તેના દુ:ખમાં નિમિત્ત એવા શરીર સાથે તેને વિશિષ્ટ સંબંધ બંધ છે. અજ્ઞાનીને બાહ્યમાં અનેક પ્રકારની અનુકૂળતા વચ્ચે પણ મરણભય સતાવે છે. અર્થાત્ શરીર હંમશા તેને દુ:ખના કારણરૂપે જ રહેલું છે. તે જીવ જયારે જ્ઞાની થાય ત્યારે હવે તેને શરીરમાં હુંપણું ન હોવાથી તેને નિર્ભયપણુ પ્રગટ થાય છે. તે સાત પ્રકારના ભયથી રહિત છે. તેનો શરીર સાથેનો સંબંધ બદલાયા કરે છે. પોતાના ભાવમાં જે પ્રકારે ભોક્તાભાવ પ્રત્યે વૈરાગ્ય વધતો જાય છે તે પ્રકારે પાંચ ઈન્દ્રિયોની પ્રવૃત્તિ પણ બદલાતી જાય છે. વિરક્તિના કારણે દુ:ખની માત્રા ઘટતી જાય છે. મુનિદશામાં તે અત્યંત વિરક્ત છે. પાંચ ઈન્દ્રિયના ફેલાવરહિત દેહમાત્ર તેને પરિગ્રહ છે. હવે માત્ર અલ્પ એવો સંજ્વલન કષાય વિદ્યમાન છે છતાં દેહને કારણે ભૂખ તરસ શરીરમાં રોગ વગેરે છે. જયારે વીતરાગતા પ્રગટ થાય છે ત્યારે મોહ રાગ-દ્વેષનો સર્વથા અભાવ થવાથી તેને દુ:ખનું કોઈ કારણ રહેતું નથી. પરમાત્મદશા થતાં તેને હજુ શરીર સાથેનો સંબંધ રહે છે પરંતુ હવે શરીર તેને કોઈ રીતે દુ:ખનું કારણ બનતું નથી. શરીરને નભવા માટે આહારની પણ જરૂર ન રહે તેથી શરીરના બધા પરમાણુ પલટી જાય છે. શરીર પરમ ઔદારિક બની જાય છે. આ રીતે પરમાત્માને દેહલક્ષી સુખ કે દુ:ખ નથી.

| અજ્ઞાની જીવ | જ્ઞાની |
|---|---|
| ➢ જીવ-મોહ-રાગ-દ્વેષ દ્રવ્યકર્મો સાથે ઉભયબંધ શરીર સાથે વિશિષ્ટ સંબંધબંધ સંયોગો-નોકર્મ | ➢ જીવ - અસ્થિરતાના રાગ-દ્વેષ દ્રવ્યકર્મો સાથે ઉભયબંધ શરીર સાથે વિશિષ્ટ સંબંધબંધ સંયોગો |
| ➢ મોહ શરીરમાં એકત્વબુદ્ધિ | ➢ સમ્યગ્દર્શનના સદભાવથી દેહાધ્યાસનો અભાવ જ્ઞાયકમાં હુંપણું |
| ➢ રાગદ્વેષ સંયોગો | ➢ જ્ઞાનમાં - કર્મ - નોકર્મને ભિન્ન જાણે છે. |
| ➢ સંયોગી ભાવ | ➢ નિર્વિકલ્પ અનુભૂતિ - અતીન્દ્રિય સુખ. સવિકલ્પ દશા - જેટલી માત્રામાં |
| ➢ ઈન્દ્રિય સુખ-દુ:ખનો અનુભવ નવા દ્રવ્યકર્મનો બંધ | ➢ અસ્થિરતાનો રાગ - તેટલું ઈન્દ્રિય સુખ-દુ:ખ. આ સુખ - દુ:ખ તેને પરમાર્થે દુ:ખરૂપે જ અનુભવાય છે. |
| ➢ શરીરમાં હુંપણું હોવાથી સુખ-દુ:ખનો અનુભવ - તેની ખતવણી દેહમાં કરવામાં આવે છે તેને માટે દેહગત સુખ દુ:ખ ઈન્દ્રિય સુખ સમયે પણ સાત પ્રકારના ભયો સતાવે. | ➢ શરીરમાં અશક્તિના અભાવને લીધે સાત પ્રકારના ભયનો અભાવ. નિર્ભયતા. |

| મુનિ દશા | અરિહંત દશા |
| --- | --- |
| ➢ સવિકલ્પ દશામાં - દેહલક્ષી પ્રવૃત્તિ અત્યંત ક્ષીણ રાગની પ્રવૃત્તિમાં પણ કષાય શક્તિ ઘણી અલ્પ.<br>➢ વૈરાગ્યની તીવ્ર ભૂમિકા - વિષયોમાં પ્રવૃત્તિ નહીંવત્ શરીરમાં ભુખ-તરસ લાગે તેના પ્રત્યે તથા શરીરના રોગ વગેરે અત્યંત ઉપેક્ષા ભાવ. | ➢ જીવ - મોહ રાગ દ્વેષના અભાવથી પ્રગટેલી વીતરાગતા વાર ઘાતિકર્મોના અભાવથી થયેલી પરમાત્મ દશા - અતીન્દ્રિયતા.<br>➢ અઘાતિ કર્મો - વિદ્યમાન સંયોગો વિદ્યમાન - સંયોગી ભાવનો અભાવ.<br>➢ શાતા વેદનીય કર્મોદય<br>➢ અશાતા વેદનીય કર્મોદય +++<br>➢ ઈન્દ્રિય સુખ-દુઃખનો અભાવ. ±<br>➢ અનંત સુખની પ્રગટતા<br>શરીર - પરમ ઔદારિક તેથી દુઃખનું જરાપણ જાત્યાંતરપણું કારણ નથી. ભૂખ-તરસ-રોગ વગેરે બધાનો અભાવ |

### ◆ ગાથા - ૨૧

**પ્રત્યક્ષ છે સૌ દ્રવ્યપર્યય જ્ઞાન-પરિણમનારને;**
**જાણે નહીં તે તેમને અવગ્રહ-ઈહાદિ ક્રિયા વડે. ૨૧.**

***ખરેખર જ્ઞાનરૂપે(કેવળજ્ઞાનરૂપે) પરિણમતા કેવળી ભગવાનને સર્વ દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ છે; તે તેમને અવગ્રહ આદિ ક્રિયાઓથી નથી જાણતા.***

કેવળજ્ઞાન એ યુગપદ જ્ઞાન છે. પ્રત્યક્ષ જ્ઞાન છે. ક્ષાયિકજ્ઞાન છે. મતિ-શ્રુતજ્ઞાન ક્રમપૂર્વક જાણે છે. તે પરોક્ષ જ્ઞાન છે. તે ક્ષાયોપશમિકજ્ઞાન છે. ૧૯ મી ગાથામાં જ્ઞાનને ઈન્દ્રિયોનું અવલંબન નથી. કેવળજ્ઞાની ઈન્દ્રિયના અવલંબનને ઓળંગી ગયા છે એ રીતે રજૂઆત હતી. ઈન્દ્રિયજ્ઞાન અવરાયેલું હોવાથી એવી રજૂઆત હતી. આ ગાથામાં પ્રત્યક્ષતાની મુખ્યતા છે.

પ્રત્યક્ષ = પ્રતિ + અક્ષ. અક્ષ = ઈન્દ્રિય, અક્ષ = આત્મા.

આપણે ઈન્દ્રિયજ્ઞાન વડે જાણીએ છીએ ત્યારે જ્ઞેય પદાર્થો ઈન્દ્રિયની પ્રત્યક્ષ છે. ''મેં રામજીભાઈને પ્રત્યક્ષ જોયા છે.'' વગેરે. અહીં અક્ષનો અર્થ આત્મા કરવાનો છે. ખરેખર તો જ્ઞાનની પર્યાય પોતાના સ્વભાવ સન્મુખ થઈને આત્માનો અનુભવ કરે છે. અનુભૂતિ પહેલાં મનનું અવલંબન છે ત્યાં સુધી આત્મા પરોક્ષ છે. જયારે મનનું અવલંબન પણ અંશે છૂટી જાય છે ત્યારે અનુભૂતિ થાય છે. તેને વેદન પ્રત્યક્ષ કહે છે. તે અનુભૂતિ પણ કેવળજ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ જ છે. અહીં તો પરમાત્માના જ્ઞાનને જ જ્ઞાન માન્ય કર્યું છે. તે જ્ઞાન જ પ્રત્યક્ષ છે. તેની અપેક્ષાએ અન્ય ચાર સમ્યક્જ્ઞાનો પણ પરોક્ષ જ છે. મતિ-શ્રુતજ્ઞાનો પરોક્ષ જ છે પરંતુ શ્રુતજ્ઞાનને સ્વાનુભૂતિ સમયે ભાવશ્રુત પ્રમાણ માનવામાં આવ્યું છે.

પ્રત્યક્ષ શબ્દનો ભાવ ખ્યાલમાં લઈએ ત્યારે અજ્ઞાનીનું જ્ઞાન ઈન્દ્રિય પ્રત્યક્ષ છે. બાહ્ય વિષયોનો ઈન્દ્રિય સાથે સંબંધ થાય ત્યારે જ જાણપણું થાય

છે એ સંબંધ ન થાય તો જાણપણું થતું નથી. એકવાર ઈન્દ્રિય પ્રત્યક્ષ થયા હોય તે વિષયો મનના સંગે જાણી શકાય છે. અજ્ઞાની કયારેય આત્માના (પોતાના) સ્વરૂપને જાણવા જતો નથી. કયારેક પોતાનું સ્વરૂપ જાણવાનું મન કરે તોપણ ભેદભંગમાં જ અટકી જાય છે. શાસ્ત્ર જ્ઞાનથી જ સંતોષ માને છે. નિશ્ચયનયનો વિષય જે શુદ્ધાત્માને તેનું શાબ્દિક જ્ઞાન જ કરે છે. વિકલ્પની ભૂમિકામાં રાચે છે. ત્યાં સુધી પરોક્ષપણું છે. શબ્દની ઓથ છોડીને વિકલ્પને પણ તોડીને મનનું અવલંબન છોડવાનું કાર્ય કરતો નથી. બાહ્ય વિષયોને છોડીને ઉપયોગ અંદરમાં આવે છે પરંતુ તેનું ફળ તેને પ્રાપ્ત થતું નથી. વિકલ્પ તોડીને નિર્વિકલ્પ થાય ત્યારે સ્વભાવ સન્મુખતા થાય છે, ત્યારે જ્ઞાનની પર્યાય જ્ઞાયક સ્વભાવની સન્મુખ થાય છે. જ્ઞાનની પર્યાય પ્રતિ + અક્ષ (આત્મા) થાય છે. આ કાર્ય કરવા જેવું છે. ત્યારે અજ્ઞાન ટળીને જ્ઞાન થાય છે. આ ગાથામાં તો હવે આગળ પરમાત્મદશા પ્રગટે છે તેની વાત છે. કેવળજ્ઞાનનો વિષય આખું વિશ્વ છે માટે જયારે કેવળજ્ઞાન પ્રગટે છે ત્યારે આખું વિશ્વ જ્ઞાનની પર્યાય સન્મુખ છે અથવા બીજા શબ્દોમાં જ્ઞાન આખા વિશ્વને પ્રત્યક્ષપણે જાણી લે છે. પરમાત્માનું જ્ઞાન વિશ્વના પદાર્થો સન્મુખ છે અને વિશ્વ જ્ઞાન સન્મુખ છે. એવો શબ્દ પ્રયોગ જરા વિચિત્ર લાગે છે. પરંતુ તે વાસ્તવિકતા છે. બે અપેક્ષાએ એ સમજવાનો પ્રયત્ન કરીએ. જીવ બે પ્રકારે પરદ્રવ્ય સાથે સંબંધમાં આવે છે. ભાવકર્મ-દ્રવ્યકર્મ અને નોકર્મરૂપે અથવા સીધા જ્ઞેયજ્ઞાયક સંબંધરૂપે પહેલા પ્રકારમાં શરીર, શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો તથા મન, દ્રવ્યકર્મ વગેરે વચ્ચે આવે છે. જયારે તે પરમાત્મા થાય છે ત્યારે જીવને સીધો જ્ઞેયજ્ઞાયક સંબંધ જ રહે છે. બીજી દૃષ્ટિમાં જયાં સુધી જ્ઞાન ક્ષયોપશમ ભાવરૂપે છે ત્યાં સુધી પરોક્ષતા છે. જયારે જ્ઞાન ક્ષાયિક થાય છે ત્યારે પરિપૂર્ણ ખીલેલા જ્ઞાનમાં આખું વિશ્વ પ્રત્યક્ષ છે. ઈન્દ્રિય-મન વગેરે બાહ્ય સાધનોની તેને જરૂર નથી.

આ ગાથામાં આચાર્યદેવ આ વાત સ્પષ્ટ કરવા માગે છે. મતિજ્ઞાનમાં અવગ્રહ-ઈહા વગેરે ક્રમ પડે છે. વિષયને ક્રમપૂર્વક ગ્રહણ કરવા એ ક્ષયોપશમ જ્ઞાનનું લક્ષણ છે.જયારે યુગપદ જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે હવે ક્રમપૂર્વક જાણવાની જરૂર નથી. સત્તર પંચા પંચ્યાશી જેને સીધું આવડે તેને ૧૭ x ૫ = ૮૫ કરવાની જરૂર ન રહે.

## ◆ ગાથા - ૨૨

**ન પરોક્ષ કંઈ પણ સર્વતઃ સર્વાક્ષગુણસમૃદ્ધને,**
**ઈન્દ્રિય-અતીત સદૈવ ને સ્વયમેવ જ્ઞાન થયેલને. ૨૨.**

***જે સદા ઈન્દ્રિયાતીત છે, જે સર્વે તરફથી (સર્વ આત્મપ્રદેશે) સર્વ ઈન્દ્રિયગુણો વડે સમૃદ્ધ છે અને જે સ્વયમેવ જ્ઞાનરૂપ થયેલા છે, તે કેવળી ભગવાનને કાંઈપણ પરોક્ષ નથી.***

પરમાત્માને કાંઈપણ જાણવાનું પરોક્ષ નથી એવું નાસ્તિનું કથન આ ગાથામાં લીધું છે. આ ગાથામાં સર્વઅક્ષગુણ સમૃદ્ધ એવો શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે. આ વિશેષણ પરમાત્માનું છે. અહીં અક્ષનો અર્થ ઈન્દ્રિય લેવાનો છે. ખરેખર તો આચાર્યદેવ આ શબ્દ દ્વારા માત્ર ઈન્દ્રિયની વાત કરવા માગતા નથી પરંતુ બધા ક્ષયોપશમ જ્ઞાનની વાત લે છે દરેક ઈન્દ્રિયને પોતાનો નિશ્ચિત વિષય છે. જેમ કે આંખ વડે રંગ જણાય છે. પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયો છે. પરમાત્માનું જ્ઞાન આ બધા વિષયોને એક સમયમાં એકી સાથે જાણી લે છે. તેથી ''સર્વ'' શબ્દ વાપર્યો છે. સર્વાક્ષગુણ સમૃદ્ધ એટલે કે બધા ઈન્દ્રિયગુણો વડે સમૃદ્ધ.

ક્ષયોપશમ જ્ઞાન વડે જેટલું કાંઈ જાણવામાં આવે છે તે ઘણુ અલ્પ છે. અનાદિથી આજ પર્યંત જીવે ક્ષયોપશમ જ્ઞાન વડે જેટલા વિષયોને જાણ્યા

છે તે પણ કેવળજ્ઞાનની અપેક્ષાએ બિંદુ માત્ર છે. ગણધરદેવના જેટલું ક્ષયોપશમ જ્ઞાન અન્ય કોઈને હોતું નથી. સર્વજ્ઞના જ્ઞાન પાસે ગણધરનું જ્ઞાન પણ અલ્પ જ છે. મતિ-શ્રુત આદિ જ્ઞાનના વિષયો બધા કેવળજ્ઞાનમાં આવી જાય છે. પરંતુ ત્યાં મતિજ્ઞાન વગેરે નથી.

આ ગાથામાં ટીકાકાર આચાર્યદેવે ઈન્દ્રિયોને સાંસારિક જ્ઞાનના કારણ (નિમિત્ત) ગણી છે. ઈન્દ્રિયનો વિષય અરૂપી આત્મા થઈ શકતો નથી. તેથી ઈન્દ્રિયો જીવને સ્વભાવથી દૂર લઈ જાય છે. સ્વભાવથી વિમુખ કરે છે. તેથી તેને સંસારની વૃદ્ધિમાં નિમિત્ત ગણવામાં આવી છે. ઈન્દ્રિયજ્ઞાનની વૃદ્ધિ એ સાંસારિક જ્ઞાનની વૃદ્ધિ છે. તે જ્ઞાન સંસાર વધારવામાં સહાયક છે. ઈન્દ્રિયોને ઈન્દ્રજાળ પણ ગણવામાં આવે છે. તેને ભૂલાવનાર પણ કહેવામાં આવે છે. માટે ઈન્દ્રિયજ્ઞાન હેય છે. એ જ્ઞાનમાં નિમિત્ત એવી ઈન્દ્રિયોનું અવલંબન છોડવાલાયક છે. ખરેખર તો બધા ક્ષયોપશમ જ્ઞાનનો આ રીતે નિષેધ કરવામાં આવ્યો છે.

ગાથામાં ''સમન્તત:'' શબ્દ છે. તેનો અર્થ સર્વ તરફથી સર્વ પ્રકારે થાય છે. જયસેનાચાર્યે તેનો અર્થ સર્વ આત્મપ્રદેશેથી એવો કર્યો છે. પરમાત્માનું જ્ઞાન પોતાના અસંખ્ય પ્રદેશે થાય છે. ખરેખર તો ક્ષયોપશમ જ્ઞાન પણ પોતાના અસંખ્ય પ્રદેશમાં જ થાય છે. પદાર્થનું અખંડિતપણું હોવાથી ક્ષેત્રનું પણ અખંડિતપણું છે માટે પદાર્થ અને તેના ગુણ બધા પોતાના સ્વક્ષેત્રમાં જ પરિણમન કરે છે. એક સમયે એક જ પર્યાય હોય છે અને તે અસ્તિકાય પદાર્થોમાં બધા પ્રદેશોમાં એકરૂપ જ હોય છે. ઈન્દ્રિયજ્ઞાન માટે પણ એજ નિયમ છે. એવું નથી કે રંગનું જ્ઞાન આંખના ક્ષેત્રે રહેલા જીવના પ્રદેશોમાં જ થાય છે. જો એવું માનવામાં આવે તો જીવના બાકીના ક્ષેત્રમાં જાણવાનું કાર્ય થાય જ નહીં અથવા તે સમયે ત્યાં અન્ય વિષયનું જ્ઞાન થાય એવો પ્રસંગ આવે પરંતુ એવું તો બનતું નથી. દરેક સમયે જાણવાનું કાર્ય પોતાના અસંખ્ય પ્રદેશે એકસરખું જ થાય છે. તેથી આત્માના સર્વ પ્રદેશે એ કાર્ય થાય છે એવા કથનની કોઈ ઉપયોગિતા રહેતી નથી.

પાંચ ઈન્દ્રિયોના વિષયનું એકી સાથે ગ્રહણ પરમાત્માને થાય છે. આ વાતમાં કોઈ નવીનતા ન લાગે. પરંતુ શાંતિથી વિચાર કરીએ. સંસારી જીવને પાંચેય ઈન્દ્રિયના વિષયનો પરિચય છે, અનુભવ છે. તેણે તે વિષયો અનંતવાર ભોગવ્યા છે અને તે તેને ફરી ફરી ભોગવવા માગે છે. જીવ એક સમયે એક જ ઈન્દ્રિયના વિષયને ભોગવી શકે છે. તેથી તે સમયે તેને અન્ય ઈન્દ્રિયોના વિષયને ભોગવવાની ઈચ્છા, આકુળતા વિદ્યમાન છે એવું આપણે કહીએ છીએ. અર્થાત્ તે આખો પદાર્થ બધી ઈન્દ્રિયોના વિષયોને ભોગવવા ઈચ્છે છે. અહીં વિશેષ સમજણ માટે એક તર્ક કરીએ. પાંચ ઈન્દ્રિયોના વિષયોને એકી સાથે ભોગવી શકાય એવું કોઈ વરદાન આપે તો તેને ગમે કે નહીં? તાત્કાલિક જવાબ હા હશે. પરંતુ શાંતિથી વિચારશો તો તેને તેની ના આવશે. કારણ શું ? અજ્ઞાની જીવને ભોગવટાના ભાવની (ચારિત્રના ભાવની) સાથે ભોગવવાની ગૃદ્ધિ (એકત્વબુદ્ધિરૂપનું મિથ્યાત્વ) છે. જેને સ્વાદની ગૃદ્ધિ છે તેને અન્ય (સ્પર્શ-ગંધ) માં રસ નથી. પાંચ ઈન્દ્રિયના વિષયો એકી સાથે જ્ઞાનમાં જણાય તો ગૃદ્ધિભાવનું પોષણ ન થાય માટે તે બધા વિષયોને એકી સાથે મેળવવા માગતો નથી. હું બાહ્ય વિષયોને ભોગવી શકતો જ નથી એવો જયારે તેને નિર્ણય થાય ત્યારે જ ગૃદ્ધિભાવ છૂટે. અર્થાત્ તે જીવ જ્ઞાની થાય ત્યારે જ જ્ઞેયલુબ્ધતા છૂટે આ વાત બધા ક્ષયોપશમનો લાગુ પડે છે તેથી જયારે વીતરાગદશાની પ્રાપ્તિ થાય પછી જ જ્ઞાન સમભાવમાં આવી જાય છે ત્યારે તે સમસ્ત પદાર્થોને સમાનપણે જાણે છે.

સમાનપણાનો બીજી રીતે અર્થ વિચારીએ. હીરો અને કોલસો બન્ને સમાન છે અર્થાત્ બન્ને કાર્બન છે એવું પણ સમાનપણું વિચારી શકાય, પરંતુ અહીં એવું સમાનપણું નથી લેવું. વિશ્વના બધા પદાર્થો જેમ છે તેમ જાણવા પરંતુ તે બધા મારાથી સમાનપણે અત્યંત ભિન્ન છે એમ જાણવું તે પ્રયોજનવાન છે.

જે વીતરાગ થાય તે સર્વજ્ઞ થાય. તેને આખું વિશ્વ યુગપદ જણાય છે માટે તેને માટે કોઈ વિષય અજ્ઞાત નથી કે પરોક્ષ નથી.

## ◆ ગાથા - ૨૩

**જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ ભાખ્યું, જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે;**
**ને જ્ઞેય લોકાલોક તેથી સર્વગત એ જ્ઞાન છે. ૨૩.**

***આત્મા જ્ઞાનપ્રમાણ છે; જ્ઞાન જ્ઞેયપ્રમાણ કહ્યું છે. જ્ઞેય લોકાલોક છે તેથી જ્ઞાન સર્વગત (અર્થાત્ સર્વવ્યાપક) છે.***

આત્માનો જ્ઞાનસ્વભાવ છે. ''આત્મા જ્ઞાનં સ્વયં જ્ઞાનં જ્ઞાનાત્ અન્યત્ કરોતિ કિમ્'' આ રીતે આત્માનો એક માત્ર વ્યવસાય જ્ઞાન જ છે. આત્મા અનંત ધર્માત્મક છે. આત્મા અને તેના અનંત ગુણોમાં સમયે સમયે નવા નવા પરિણામો થયા જ કરે છે. અહીં જ્ઞાનને મુખ્ય કરીને વાત લેવામાં આવી છે.

## આત્મા જ્ઞાન પ્રમાણ છે.

પદાર્થનું અંતરંગ બંધારણ લઈએ તો તેમાં આ દ્રવ્ય આ ગુણ અને આ પર્યાય એવા ભેદ છે ખરા. પરંતુ પદાર્થની એક અખંડ અવિભાજય સત્તા હોવાથી જે પદાર્થનું ક્ષેત્ર છે તે જ તેના અનંત ગુણોનું અને બધી પર્યાયનું ક્ષેત્ર છે. તેથી આત્મા તેનો જ્ઞાન ગુણ અને આત્માની પર્યાય, જ્ઞાનની પર્યાય તે બધાનું એક જ ક્ષેત્ર છે. આત્માને જ્ઞાન પ્રમાણ કહેવા પાછળનો આશય આત્મા જ્ઞાન જેવડો જ છે એમ નથી પરંતુ આત્મા અને જ્ઞાન બન્નેનું એક જ ક્ષેત્ર છે એવો ભાવ આપણા ખ્યાલમાં લેવો. આત્મા દ્રવ્ય છે અને જ્ઞાન તેનો એક ગુણ છે. જ્ઞાન એક સ્વભાવી છે તો આત્મા બહુસ્વભાવી છે. દ્રવ્ય -ગુણ-પર્યાય વચ્ચે અતદ્ભાવ છે ત્યાં તાદાત્મ્યપણું પણ છે તેથી તેના એકપણાને લક્ષમાં લઈને આત્માને જ્ઞાન માત્ર કહી શકાય. એજ પ્રમાણે જ્ઞાનને આત્મારૂપ કહી શકાય. આ અપેક્ષાએ પણ આત્માને જ્ઞાનપ્રમાણ કોઈ અપેક્ષાએ કહી શકાય ખરો. આ ગાથામાં દ્રવ્ય ગુણ અને પર્યાયનું એક જ ક્ષેત્ર છે એની મુખ્યતા લેવી છે. દ્રવ્ય અને પર્યાયના ક્ષેત્ર અલગ ન હોય.

## જ્ઞાન જ્ઞેય પ્રમાણ છે.

આ પદમાં જ્ઞાન આત્માપ્રમાણ છે એમ ન લેતાં જ્ઞાનને જ્ઞેય પ્રમાણ કહ્યું છે. અહીં જ્ઞેય શબ્દથી પરજ્ઞેય સમજવું. પરજ્ઞેય હંમેશા આત્માથી જુદા જ છે. જયાં બે પદાર્થો જુદા છે ત્યાં બન્નેના ક્ષેત્ર પણ અવશ્ય જુદા છે. તેથી જ્ઞાન અને જ્ઞેયના ક્ષેત્ર પણ અલગ જ છે તો હવે જ્ઞાનને જ્ઞેયપ્રમાણ કહેવાનો અર્થ શું કરવો ? સિદ્ધાંત તો એમ કહે છે કે જ્ઞાન જ્ઞેય પ્રમાણ હોઈ શકે નહીં કારણ કે બન્ને પદાર્થો જુદા છે. જ્ઞાન જ્ઞેયને જાણે છે માટે જ્ઞાન જ્ઞેય પ્રમાણ છે એમ લઈ શકાય નહીં કારણકે અહીં પ્રમાણ શબ્દ દ્વારા ક્ષેત્રની વાત લેવી છે.

જ્ઞાન જુદા જુદા પદાર્થોને જાણે છે. તેથી જ્ઞેયો બદલાયા કરે છે. દરેક જ્ઞેયના ક્ષેત્રો અલગ હોય છે. આ ગાથામાં પરમાત્માના જ્ઞાનની વાત લીધી છે તેથી જ્ઞેયરૂપે લોક અને અલોક બન્ને લીધા છે. જ્ઞાન જ્ઞેય પ્રમાણ છે એ સિદ્ધાંત માત્ર પરમાત્માને જ લાગુ પડે છે એમ નથી. એ સિદ્ધાંત બધા જ્ઞાનને લાગુ પડે છે. નાના મોટા જે કોઈ પદાર્થને જ્ઞાન જાણે છે તે આકારે જ્ઞાનની પર્યાય થાય છે. તેથી આ પદમાં જ્ઞાનની પર્યાયનો જ્ઞેય સાથેનો સંબંધ

લક્ષમાં રાખીને કથન આવ્યું છે એવો ખ્યાલ કરવો જરૂરી છે. કેરીને જાણતા જ્ઞાનની પર્યાય કેરીના જેવું રૂપ ધારણ કરે છે. કેરીની મીઠાશને જાણતા જ્ઞાન તે આકારે થાય છે એવું આપણે આપણી સમજણમાં લઈએ છીએ અને એ વાત સાચી છે. જે પ્રકારે જ્ઞેય જ્ઞાયક સંબંધ થાય છે તે પ્રકારે જ્ઞાનમાં જણાય છે. આ વાત કાયમ રાખીને આ ગાથામાં ક્ષેત્રની વાત વિશેષરૂપે લીધી છે. જીવ જાણવાનું કાર્ય કેવી કરે છે તે વિષય સ્પષ્ટરીતે ગા. ૨૯માં આવે છે. આ વાત સમજવી આપણા માટે અત્યંત જરૂરી છે કારણકે જ્ઞાન એ એક જ જીવનું કાર્ય ગણવામાં આવ્યું છે. આની સમજણમાં જેટલી ભૂલ હશે તે નડયા જ કરશે. ૨૩મી ગાથાથી આ વિષયની શરૂઆત થઈ છે તેથી ''જ્ઞાન જ્ઞેય પ્રમાણ'' નો ભાવ બરોબર લક્ષમાં લેવો જરૂરી છે. જીવ (જ્ઞાન અને જ્ઞાનની પર્યાય બધું) પોતાના સ્વક્ષેત્રમાં રહીને જ પરક્ષેત્રે રહેલા પરજ્ઞેયોને જાણે છે. અર્થાત્ જ્ઞાન અને જ્ઞેય બન્ને ભિન્ન પદાર્થો હોવાથી બેના ક્ષેત્ર અલગ જ કાયમ રહે છે. જ્ઞાન અને જ્ઞેયના સંબંધ તરફથી વિચારતા કેમ જાણે જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા હોય એવું લાગે છે. વળી જ્ઞાન પણ જ્ઞેયના આંગણામાં જોવા મળે છે. અરીસાના દૃષ્ટાંતે જ્ઞેયોનો પ્રતિભાસ જ્ઞાનમાં જણાય છે અને જેમ પ્રકાશ બધે ફેલાઈ ગયેલો દેખાઈ છે તેમ તે દૃષ્ટાંતે જ્ઞાન પણ જ્ઞેયના ક્ષેત્રમાં જોવા મળે છે. અંધારામાં પડેલું ટેબલ દીપક વડે પ્રકાશિત થાય છે. તે રીતે જ્ઞેય જ્ઞાયક સંબંધના કારણે જ્ઞાન પ્રકાશ પણ જ્ઞેયના ક્ષેત્રમાં જોવા મળે છે. દીપકનો પ્રકાશ રૂપી છે માટે આપણે તેની હા પાડીએ છીએ. જ્ઞાન પ્રકાશ અરૂપી હોવાથી એની હા આવતી નથી. જેમ જગતનો પદાર્થ (બિંબ) અરીસામાં આવતો નથી પરંતુ તેનું પ્રતિબિંબ અરીસામાં જોવા મળે છે. તેમ જ્ઞાન વિશ્વના પદાર્થોને જાણે છે. આ સમજવું સહેલું છે પરંતુ આ ગાથામાં એ વાત નથી લેવી. અહીં તો પ્રકાશના દૃષ્ટાંતે જ્ઞાન જ્ઞેયના ક્ષેત્રમાં પહોંચીને તેના પૂરા ક્ષેત્રરૂપે થઈ જાય છે એવી વાત લેવી છે. ગા.૩૦માં ઈન્દ્રનીલમણિનો દૃષ્ટાંત આવશે. મણિનો પ્રકાશ જેમ દૂધમાં ફેલાઈ જાય છે તેમ જ્ઞાન પણ અર્થોમાં (જ્ઞેયોમાં) ફેલાઈ જાય છે.

ગાથાની પહેલી લીટીના બે પદનો સાથે વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે તે બન્ને પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધરૂપે આપણે ખ્યાલમાં લેવા જોઈએ. પૂર્વાર્ધને કાયમ રાખીને ઉત્તરાર્ધ સમજવો જોઈએ. જ્ઞાન પોતાના નિશ્ચિત્ત અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્રમાં રહીને જ કામ કરે છે આ તેનું નિશ્ચય ક્ષેત્ર છે. જ્ઞેય જ્ઞાયક સંબંધ તરફથી જોતા જાણે કે જ્ઞાન જ્ઞેયના આંગણામાં પહોંચીને તેને જાણે છે એ રીતે વિચારતા જ્ઞાનને જ્ઞેયગત માનીને જેવડું જ્ઞેયનું ક્ષેત્ર છે એવડું જ્ઞાનની પર્યાયનું ક્ષેત્ર ગણવામાં આવ્યું છે. આ જ્ઞાનની પર્યાયનું વ્યવહાર ક્ષેત્ર છે. ટીકામાં આચાર્યદેવે અગ્નિનો દૃષ્ટાંત આપેલ છે. દૃષ્ટાંતમાં અગ્નિને પોતાનો કોઈ આકાર જ નથી કારણકે અગ્નિ એકલી કયાંય જોવા જ મળતી નથી. અગ્નિ હંમેશા બળવાલાયક પદાર્થમાં જ જોવા મળે છે. લાકડાની, છાણાની, તણખલાની અગ્નિ વગેરે. અહીં અગ્નિ બળવાલાયક પદાર્થના આકારે જોવા મળે છે. અહીં ક્ષેત્ર અને તેના આકારની વાત છે. તે રીતે જ્ઞાનની પર્યાય જ્ઞેયના ક્ષેત્રમાં તેના આકારે જોવા મળે છે. અન્ય દૃષ્ટાંતથી આ વાત વધુ સ્પષ્ટ થશે. ઘરમાં ટેલિવિઝન છે. ૧૮ ઈંચના એ સ્ક્રીન ઉપર જ્યારે દરિયો દેખાય છે ત્યારે તે દરિયાનું ચિત્ર જોઈએ છીએ તો ૧૮'' ના સ્ક્રીન ઉપર પરંતુ તે આપણને વાસ્તવિક દરિયાના ક્ષેત્રની વિશાળતાનો ખ્યાલ કરાવે છે. નાના પ્લેનેટોરીયમમાં બેસીએ ત્યારે તો આપણે નાના બંધ ઓરડામાં જ બેઠા છીએ પરંતુ આકાશ દર્શન શરૂ થાય ત્યારે ખુલ્લા મેદાનમાં બેસીને વાસ્તવિક આકાશ જોઈએ છીએ એવો જ આભાસ થાય છે. આ રીતે નિશ્ચય

અને વ્યવહાર ક્ષેત્રને યથાર્થ રીતે સમજવાથી જ્ઞાન કઈ રીતે કાર્ય કરે છે તે આપણે સમજી શકીએ છીએ. જ્ઞાન પોતાના સ્વક્ષેત્રમાં રહીને જ્ઞેય જ્ઞાયક સંબંધ દ્વારા આખા વિશ્વમાં ફેલાય છે એવો ભાવ આચાર્યદેવ દર્શાવવા માગે છે.

## ◆ ગાથા - ૨૪-૨૫

**જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ નહિ - એ માન્યતા છે જેહને,**
**તેના મને જીવ જ્ઞાનથી હીન કે અધિક અવશ્ય છે. ૨૪**

**જો હીન આત્મા હોય, નવ જાણે અચેતન જ્ઞાન એ,**
**ને અધિક જ્ઞાનથી હોય તો વણ જ્ઞાન કયમ જાણે અરે? ૨૫.**

***આ જગતમાં જેના મતમાં આત્મા જ્ઞાન પ્રમાણ નથી, તેના મતમાં તે આત્મા અવશ્ય જ્ઞાનથી હીન અથવા અધિક હોવો જોઈએ. જો તે આત્મા જ્ઞાનથી હીન હોય તો જ્ઞાન અચેતન થવાથી જાણે નહિ, અને જો (આત્મા) જ્ઞાનથી અધિક હોય તો તે (આત્મા) જ્ઞાન વિના કેમ જાણે?***

પદાર્થ બંધારણ મુજબ પદાર્થ અંતર્ગત જે દ્રવ્ય-ગુણ-પર્યાયો છે તે બધા અતદ્ભાવરૂપે ભિન્ન ગણવામાં આવે તો પણ તે બધાનું ક્ષેત્ર એક જ છે. પદાર્થ એક છે. તેનું અખંડ સત્ એક છે તેથી તેનું ક્ષેત્ર પણ એક જ છે. બે પદાર્થ જુદા હોય ત્યાં જ જુદા ક્ષેત્રની વાત છે. આ વાત આગળ ગા. ૧૦૬માં સ્પષ્ટ કરવામાં આવી છે. આ નિયમ બધા દ્રવ્યોને લાગુ પડે છે. તેથી આત્મા, જ્ઞાન ગુણ અને જ્ઞપ્તિ ક્રિયા તે બધાનું એક જ ક્ષેત્ર છે.

કોઈ અન્ય મતમાં દ્રવ્ય અને ગુણની એક અભેદ સત્તા માનવામાં આવતી નથી. લાકડી હાથમાં લેવાથી દંડી પુરુષ જેમ કહેવાય છે તે પ્રકારે તે આત્મા અને જ્ઞાનનો સંબંધ માને છે પરંતુ તેની તે માન્યતા ખોટી છે. જ્ઞાન આત્મા સાથે જોડાવાને બદલે પુદ્ગલ સાથે જોડાય તો ત્યાં પુદ્ગલ જાણવાનું કાર્ય કરવા લાગે એવો પ્રસંગ પણ બને પરંતુ એવું કયારેય બનતું નથી. દરેક દ્રવ્ય સ્વથી એકત્વ અને પરથી વિભક્તરૂપે જ સદાય રહેલા છે.

જે દ્રવ્ય અને ગુણનું એક ક્ષેત્ર ન માને તે દ્રવ્યનું ક્ષેત્ર ગુણના ક્ષેત્રથી ઓછુ માને અથવા અધિક માને પરંતુ બન્ને માન્યતામાં દૂષણ આવે છે. જો દ્રવ્યનું ક્ષેત્ર નાનુ માને અને ગુણનું ક્ષેત્ર મોટુ માને તો જેટલા ભાગમાં દ્રવ્ય નથી તેટલા ભાગમાં દ્રવ્યના આધાર વિના ગુણ ટકી શકે નહી. ''દ્રવ્ય આશ્રિતા નિર્ગુણ ગુણા'' અર્થાત્ દ્રવ્યથી ભિન્ન કયાંય એકલા સ્વતંત્ર ગુણો જોવા મળતા નથી. જો ગુણનું ક્ષેત્ર નાનુ અને દ્રવ્યનું ક્ષેત્ર મોટુ માનવામાં આવે તો આત્માના જેટલા ક્ષેત્રમાં જ્ઞાન નથી તેટલા ક્ષેત્રમાં આત્મા જાણવાનું કાર્ય કરી શકે નહીં. આ રીતે બન્ને માન્યતામાં બાધા આવે છે. જાણવાનો સ્વભાવ જ્ઞાન ગુણનો છે. જાણવાનું કામ જ્ઞાન કરે છે. જ્ઞાન હંમશા આત્માના આશ્રયે જ રહેલુ છે. દ્રવ્ય અને ગુણ પર્યાયની એક સત્તા માનવાથી અલગ ક્ષેત્રની વાત રહેતી નથી.

આચાર્યદેવ જ્ઞેય જ્ઞાયક સંબંધ દર્શાવવાના છે. તેમાં ક્ષેત્રની મુખ્યતાથી સમજવાનું હોવાથી પદાર્થ બંધારણનો આ સિદ્ધાંત મહત્વનો બની જાય છે.

## ◆ ગાથા - ૨૬

**છે સર્વગત જિનવર અને સૌ અર્થ જિનવરપ્રાપ્ત છે,**
**જિન જ્ઞાનમય ને સર્વ અર્થો વિષય જિનના હોઈને. ૨૬.**

***જિનવર સર્વગત છે અને જગતના સર્વ પદાર્થો જિનવરગત (જિનવરમાં પ્રાપ્ત) છે; કારણકે જિન જ્ઞાનમય છે અને સર્વ પદાર્થો જ્ઞાનના વિષય હોવાથી જિનના વિષયો કહેવામાં આવ્યા છે.***

આ ગાથામાં પણ દ્રવ્ય અને ગુણનું અભેદપણું-એકપણુ દર્શાવ્યુ છે. આચાર્યદેવે જ્ઞાનનું સર્વગતપણુ ગા.૨૩માં સિદ્ધ કર્યું છે. જ્ઞેયો જ્ઞાનમાં

આવી ગયા પ્રતિભાસે છે. ખરેખર જ્ઞાન (અભેદપણે આત્મા) પરદ્રવ્યથી ક્ષેત્રે જાુદું રહીને જ પરદ્રવ્યને જાણે છે પરંતુ જ્ઞેય જ્ઞાયક સંબંધનું એવું સ્વરૂપ છે કે જાણે કે જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા અને જ્ઞાન જ્ઞેયના આંગણામાં પહોંચી ગયું તેવું કામ થઈ જાય છે. એકવાર જ્ઞાનમાં આ વાત યથાર્થપણે સમજાય તો પછી જ્ઞાનનું આત્મા સાથે અભેદપણુ લક્ષમાં લેતા જિનવરને સર્વગત માનવામાં વાંધો ન આવે. તે જ પ્રમાણે વિશ્વ જિનવરને પ્રાપ્ત થયું તેની પણ હા આવે.

આ ગાથામાં પરમાત્માની વાત લીધી છે. કેવળજ્ઞાનનો વિષય આખું વિશ્વ છે. તેથી જાણે કે જ્ઞાન વિશ્વવ્યાપી થઈને વિશ્વને જાણે છે એવો ભાવ લઈને જ્ઞાનને સર્વગત કહ્યું છે. પરમાત્માને સર્વગત કહ્યા છે. બીજી રીતે વિશ્વ આખું આત્માના આંગણામાં આવી ગયું હોય અને આત્મા તેને જાણી લે છે એવી વાત લેવામાં આવી છે. હવે આ ગાથા મૂકવા પાછળનો આચાર્યદેવનો ભાવ શું છે તે સમજવા માટે થોડા પ્રશ્નો વિચારીએ.

અન્ય મતમાં આત્માના ક્ષેત્ર અંગે અનેક પ્રકારની કલ્પનાઓ ચાલે છે. કોઈ આત્માને ચોખાના દાણા જેવડો પણ માને છે. મોટા ભાગના હીંદુ ધર્મો પરમાત્માને સર્વવ્યાપી (સર્વગત) માને છે. પરમાત્મા ચર-અચર બધા પદાર્થોમાં વ્યાપેલા છે. ચેતન-અચેતન બધામાં ભગવાન વસે છે. એવી માન્યતાઓ પ્રવર્તે છે. એમની એ માન્યતા ખોટી છે. જિનાગમ પરમાત્માને સર્વગત કહે છે ખરા પરંતુ ત્યાં અપેક્ષા સમજવી જરૂરી છે. પરમાત્માનું કેવળજ્ઞાન આખા વિશ્વને જાણે છે માટે જ્ઞાનને સર્વગત કહેવામાં આવ્યું છે. જ્ઞાન અને આત્માને અભેદ ગણીને જિનવરને સર્વગત કહેવાય છે. જીવ લોકનું દ્રવ્ય છે. કેવળ સમુદઘાત સમયે જ જીવના પ્રદેશો આખા લોકમાં વ્યાપીને ફરી પોતાના દેહ પ્રમાણ સ્વક્ષેત્રમાં આવી જાય છે. અલોકમાં જવાનો તો પ્રશ્ન જ નથી. તેથી અન્યમતની જે માન્યતા છે કે પરમાત્મા સર્વવ્યાપી છે તે ભૂલ ભરેલી છે પરંતુ જૈનો જે રીતે આત્માને સર્વગત માને છે તે પ્રમાણે છે.

કોઈ માને છે કે બંધને પ્રાપ્ત જીવ દેહના ક્ષેત્રમાં રહે છે. જીવ જયારે મુક્ત થાય છે. બંધનમાંથી છૂટે છે ત્યારે તે આખા વિશ્વમાં ફેલાય જાય છે, પરંતુ એ વાત યોગ્ય નથી. તેને વિશ્વના લોક-અલોક વિભાગનો પણ ખ્યાલ નથી તેથી જીવ અલોકમાં જઈ શકે જ નહીં તેવી કોઈ ચોખવટ તેને નથી.

ઈન્દ્રિય જ્ઞાનથી વિચારીએ ત્યારે ખ્યાલ આવે છે કે ઈન્દ્રિયનો બાહ્ય વિષય સાથે સન્નિકર્ષ (સંબંધ) થાય ત્યારે જ જ્ઞાન થાય છે. જેમકે સ્પર્શ અને સ્વાદના જ્ઞાન માટે બાહ્ય વિષયનો ઈન્દ્રિય સાથે સંબંધ અનિવાર્ય છે. રંગ પ્રકાશના માધ્યમ દ્વારા અને ગંધ તેમજ શબ્દો હવા દ્વારા ઈન્દ્રિયો સુધી પહોંચે છે. જીવ અને દેહ એકક્ષેત્રાવગાહી હોવાથી એ રીતે જયારે બાહ્ય વિષયો જીવના ક્ષેત્રમાં પહોંચે છે ત્યારે જ્ઞાન તેને જાણે છે. અહીં બાહ્ય વિષયો જીવના ક્ષેત્ર સુધી પહોંચે ત્યારે જીવ જાણે છે એવું લાગે છે તેની સામે પરમાત્માના જ્ઞાનને ઈન્દ્રિયો મન વગેરે તથા પ્રકાશ-હવા વગેરે અન્ય સાધનોની જરૂર નથી.

ઈન્દ્રિય જ્ઞાન સમયે પણ બાહ્ય વિષયો તો જીવના ક્ષેત્રમાં આવતા જ નથી. ઈન્દ્રિય જ્ઞાન પણ જ્ઞાન છે. તે જ્ઞાનને બાહ્ય વિષયો સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધ છે. જ્ઞેય જ્ઞાયક સંબંધનું સ્વરૂપ જ એવું છે કે જાણે કે જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા એવું લાગે. ક્ષયોપશમ જ્ઞાનને ઈન્દ્રિય વગેરે બાહ્ય સાધનની (નિમિત્તની) જરૂર લાગે છે. પરિપૂર્ણ જ્ઞાનને બાહ્ય અવલંબન નથી. એક વિશેષતાઃ- પરમાત્માના જ્ઞાનમાં પણ જાણે કે જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા

હોય એવું જ કામ થાય છે તે અપેક્ષાએ બન્ને જ્ઞાનમાં કોઈ તફાવત નથી. પરજ્ઞેય ક્યારેય જીવના ક્ષેત્રમાં આવતા નથી.

આ ગાથાનો ભાવ સમજતા ક્ષેત્રની મુખ્યતા કઈ રીતે છે તે ખ્યાલમાં આવશે. દરેક પદાર્થ જેને શાસ્ત્ર ભાષામાં સ્વરૂપ અસ્તિત્વ કહેવામાં આવે છે. તેનું અંતરંગ બંધારણ સિલબદ્ધ જ છે. પદાર્થમાંથી દ્રવ્ય-ગુણ કે પર્યાય કોઈ જુદા ન પડે. દ્રવ્ય અને ગુણ તો નિત્ય જ છે. એક સમયની પર્યાય પણ પદાર્થમાં તાદાત્મ્યરૂપ જ છે. બે પદાર્થના સમયવર્તી પરિણામો(પર્યાયો) વચ્ચે સંબંધ છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ સમયે પણ એક દ્રવ્યની પર્યાયને બીજા દ્રવ્ય સાથે તાદાત્મ્યપણુ ક્યારેય થતું નથી. જ્ઞેય જ્ઞાયક સંબંધ પણ એક પ્રકારનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ છે. તેથી જ્ઞાન અને પરજ્ઞેય ક્યારેય એક થઈ શકે નહીં. તેમના ક્ષેત્ર અલગ જ રહે છે.

જ્ઞેય જ્ઞાયક સંબંધની તરફ જોતા જ્ઞેયો જ્ઞાનમાં સ્વભાવથી આવી ગયા એવું માનીને અજ્ઞાની જ્ઞેય જ્ઞાયક સંકર દોષ કરી બેસે છે. તે સ્વ-પરના સ્વભાવ ભેળસેળ થઈ ગયા એવું માનવા લાગે છે, જે મિથ્યાત્વ છે. તેને જયારે ખ્યાલ આવે કે જ્ઞાન અને પરજ્ઞેય તો સદાય જુદા જ છે ત્યારે તે સંકર દોષ નથી કરતો. બે પદાર્થને એક માનવારૂપ મિથ્યાત્વ નાશ પામે છે.

### ◆ ગાથા - ૨૭

**છે જ્ઞાન આત્મા જિનમતે; આત્મા વિના નહિ જ્ઞાન છે,**
**તે કારણે છે જ્ઞાન જીવ, જીવ જ્ઞાન છે વા અન્ય છે.૨૭.**

***જ્ઞાન આત્મા છે એમ જિનદેવનો મત છે. આત્મા વિના (બીજા કોઈ દ્રવ્યમાં) જ્ઞાન હોતું નથી. તેથી જ્ઞાન આત્મા છે; અને આત્મા તો (જ્ઞાનગુણ દ્વારા) જ્ઞાન છે અથવા (સુખાદિ અન્ય ગુણ દ્વારા) અન્ય છે.***

આ ગાથામાં પણ જ્ઞાન અને આત્માનું એકપણુ દૃઢ કરાવે છે. કોઈ અન્ય મતમાં આત્મા અને જ્ઞાનની એક સત્તા માનવામાં આવતી નથી. માત્ર સંયોગ સિદ્ધ સંબંધ માનવામાં આવે છે. જેના હાથમાં દંડ છે તે દંડી પુરુષ કહેવાય છે. દ્રવ્ય અને ગુણ વચ્ચે એવો સંબંધ માનવામાં આવે તો ક્યારેક જ્ઞાન જીવને બદલે પુદ્ગલ સાથે સંબંધમાં આવે અને પુદ્ગલ જાણવાનું કામ કરવા લાગે પરંતુ એવું ક્યારેય બનતું નથી. કારણકે જીવ અને જ્ઞાનની એક સત્તા છે. એક પદાર્થમાં આ દ્રવ્ય અને આ ગુણ એવા અતદ્ભાવરૂપના ભેદ પડે છે ખરા પરંતુ તે વસ્તુને ખંડિત નથી કરતા. એક પદાર્થમાં અનંત ગુણો છે. એક ગુણને એક સ્વભાવ કહીએ તો દ્રવ્યને બહુ સ્વભાવી એક ગણી શકાય. દ્રવ્ય-ગુણને એકરૂપે જોઈએ તેને ટીકામાં સમવાય સંબંધ શબ્દથી દર્શાવવામાં આવેલ છે. ત્યાં તાદાત્મ્ય અને તન્મય સંબંધ પણ કહેવામાં આવે છે.

જ્ઞાન ગુણ અભેદપણે જીવ છે. તેમ જીવ પણ જ્ઞાન સ્વરૂપ છે. એક વિશેષતાઃ- જીવમાં જ્ઞાન ઉપરાંત અન્ય અનંત ગુણો પણ છે તેથી જીવ અન્ય ગુણ દ્વારા અન્ય પણ ખ્યાલમાં આવે છે. જેમકે જીવ દર્શક છે. ચેતયિતા છે. સુખ સ્વભાવી છે.

આચાર્યદેવ ટીકામાં આ વાતને અનેકાંતરૂપે સમજાવે છે. આત્મા અને જ્ઞાન એક છે. આત્મા અને જ્ઞાન કથંચિત્ જુદા પણ છે. એકપણુ પણ છે અને ભિન્નપણુ પણ છે. સર્વથા એક અથવા સર્વથા ભિન્ન માનવા એ એકાંત છે. એવી એકાંત માન્યતામાં શું દોષ આવે છે તે દર્શાવીને યુક્તિપૂર્વક અનેકાંત દૃઢ કરે છે.

ગુણ સમુદાયો દ્રવ્યમ્ દ્રવ્ય અને ગુણ બન્ને છે. હવે એકાંત કરનારા દ્રવ્યને ન માને અને ગુણને માને અથવા ગુણને ન માને પરંતુ દ્રવ્યને માને ત્યારે શું દોષ આવે તે દર્શાવે છે.

એકાંતે જ્ઞાન આત્મા છે એવું માનવાથી તેણે આત્મા માન્યો પરંતુ જ્ઞાનને ગુણરૂપે ન માન્યો. ગુણને ન માનવાથી જ્ઞાન ગુણનો અભાવ થયો. જ્ઞાન ગુણને અહીં ચૈતન્યરૂપ માન્યો છે. તેથી આત્મામાં જ્ઞાનનો અભાવ માનવાથી આત્માને અચેતનપણાનો પ્રસંગ આવે અથવા કોઈ દ્રવ્ય તેના વિશેષ (અસાધારણ) ગુણ વિનાનું ન હોય. તેથી જો જ્ઞાનરૂપી અસાધારણ ગુણ ન માનવામાં આવે તો દ્રવ્ય જ સાબિત ન થાય અર્થાત્ આત્માનો અભાવ થાય.

એકાંતે આત્માને જ્ઞાન માનવાથી તેણે ગુણને માન્ય કર્યા અને દ્રવ્યને ન માન્યું. તેથી દ્રવ્યના આશ્રય વિના ગુણ ટકે નહી માટે જ્ઞાનનો પણ અભાવ થાય. અથવા આત્માને દર્શન-ગુણ વગેરે સાથેનો સંબંધ ન રહેતા. એક જ્ઞાન ગુણ અલગ જ સત્તા ભોગવે છે એવો પ્રસંગ આવે અર્થાત્ અન્ય ગુણો પણ સાબિત ન થાય. માટે દ્રવ્ય અને ગુણનું કથંચિત એકપણુ અને કથંચિત્ જાુદાપણુ લક્ષમાં લેવું.

હવે દ્રવ્ય અને ગુણ બન્નેને માનનારા પણ કેવા પ્રકારની ભૂલ કરે છે તેનો વિચાર કરીએ. આપણું જ્ઞાન ગુણ ભેદને તથા તેના પરિણામને જાણી શકે છે. મનના સંગે ગુણોનો સમન્વય કરીને આપણે દ્રવ્યને પણ જાણીએ છીએ. દ્રવ્યની હા આવે છે છતાં તે ગુણોના સમુદાયરૂપે જ તેની હા આવે છે. જેમ ગુણની સત્તા છે એ જ રીતે દ્રવ્યને પણ સત્તા છે. ગુણને તેના પરિણામ છે એમ દ્રવ્યને પણ તેના પરિણામ છે એવી હા નથી આવતી. તેને માટે દ્રવ્ય એ સમૂહવાચક નામ છે અને અનંતગુણોનું કાર્ય તે જ તેને દ્રવ્યનું કાર્ય દેખાય છે.

બીજા પક્ષે જે પોતાની એક જીવ દ્રવ્યરૂપે સ્થાપના કરે છે તે સ્વભાવ અને કાર્ય બધું જીવમાં જ અર્પે છે. તે ગુણભેદની હા પાડે છે પરંતુ તે ગુણોને જીવના વિશેષણરૂપે જ સ્થાન આપે છે. જાણવા દેખવાનું કાર્ય જીવ કરે છે. જ્ઞાનને ગુણરૂપે દર્શાવે. તેને જાણવાના સાધનરૂપે દર્શાવે. જીવ જ્ઞાન વડે જાણે છે એમ કહે પરંતુ તે જાણવાનું કાર્ય જ્ઞાન ગુણનું છે એવું માનતો નથી. વિશેષણના વળી કાર્ય હોય ? એવી દલીલ કરે છે. ગુણો પદાર્થની રચનાનુ એક અગત્યનું અંગ છે. અંતરંગ બંધારણનો એક ભાગ છે. એ વાત એના ખ્યાલમાં આવતી નથી. સમજવા માટે દૃષ્ટાંત લઈએ. દૃષ્ટાંત તો સંયોગી પદાર્થનો લેવો પડશે. ઘડિયાળ, મોટર અને જમ્બો વિમાનમાં કેટલા સ્પેર પાર્ટસ હશે તેનો વિચાર કરો. પછી એ વિચારો કે તેમાં કેટલા પાર્ટસ નકામા હશે. ત્યાં તુરત જ જવાબ મળશે કે જેનું કોઈ કાર્ય જ ન હોય એવા એકપણ સ્પેરપાર્ટસ હોય નહીં. અર્થાત્ તે દરેકને પોતાનું ચોક્કસ કાર્ય અવશ્ય હોય છે. જીવના અનંત ગુણો છે. દરેક ગુણ નિર્ગુણ છે અર્થાત્ એવા સ્વભાવવાળો બીજો કોઈ ગુણ એ દ્રવ્યમાં હોય નહીં. તેથી સહજપણે ખ્યાલ આવશે કે દ્રવ્યમાં (એક પ્રદેશી પુદ્ગલ પરમાણુમાં પણ) જે અનંત ગુણો છે તે બધાને પદાર્થમાં સ્થાન છે અને તે દરેકનું એક ચોક્કસ નિશ્ચિત કાર્ય અવશ્ય છે.

***વિશ્વ સત્‌મય છે. શૂન્યને વિશ્વમાં સ્થાન નથી.***

***સત્ અનેકાંતસ્વરૂપ છે. એકાંતને કયાંય સ્થાન નથી.***

***સત્ એ વસ્તુનો સ્વભાવ છે.***

***ટકીને બદલવું એ વસ્તુનો સ્વભાવ છે.***

***દ્રવ્ય અને ગુણ બન્ને સ્વભાવો છે અને બન્નેને પોતાના કાર્યો છે.***

***દ્રવ્ય અને ગુણ મહાસત્તા અને અવાંતર સત્તારૂપ છે.***

***એક અને અનેક એ વસ્તુનું સ્વરૂપ છે.***

***દ્રવ્યએ અનંત ગુણાત્મક છે. ગુણોના એકત્વરૂપ છે. મહાસત્તારૂપ છે.***

***ગુણો એ દ્રવ્યમાં તેની અવાંતર સત્તારૂપે રહેલા છે.***

### ◆ ગાથા - ૨૮

**છે ‘જ્ઞાની’ જ્ઞાસ્વભાવ, અર્થો જ્ઞેયરૂપ છે ‘જ્ઞાની’ના,**
**જ્યમ રૂપ છે નેત્રો તણાં, નહિ વર્તતા અન્યોન્યમાં. ૨૮.**

***આત્મા જ્ઞાન સ્વભાવ છે અને પદાર્થો આત્માના જ્ઞેય સ્વરૂપ છે, જેમ રૂપ (રૂપી પદાર્થો) નેત્રોના હોય છે તેમ તેઓ એકબીજામાં વર્તતા નથી.***

ગાથાના મથાળામાં એમ કહે છે કે જ્ઞાન અને પરજ્ઞેય બન્નેના ક્ષેત્ર જુદા જ રહે છે. જ્ઞાન અને જ્ઞેય ભિન્ન પદાર્થો હોવાથી બન્નેના ક્ષેત્ર અલગ જ છે. જ્ઞેય જ્ઞાયક સંબંધ સમયે પણ બન્નેના ક્ષેત્રતો અલગ જ રહે છે.

આંખ જેમ દૃશ્ય પદાર્થથી ક્ષેત્રે જુદી રહીને પરપદાર્થને જાણે છે તેમ જ્ઞાન પણ પરથી જુદું રહીને પરને જાણે છે. આ પ્રકારની ગાથા સમયસારમાં પણ છે.

***જ્યમ નેત્ર તેમજ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !***
***જાણે જ કર્મોદય નિર્જરા, બંધ તેમજ મોક્ષને.***

*સમયસાર ગા. ૩૨૦*

સમયસારની આ ગાથામાં પરદ્રવ્યનું કર્તાપણું અને ભોક્તાપણું જીવને નથી એમ દર્શાવે છે. અગ્નિને કોઈ પેટાવે છે અને અગ્નિનો અનુભવ (વેદન) રોટલાનો છે (લોખંડના ગોળાને) છે. આંખ માત્ર દૂર રહીને તેને જુએ છે તેમ જ્ઞાન પણ પરદ્રવ્યના પરિણામને કરતું નથી વેદતું નથી અર્થાત્ જીવ પોતાના સ્વભાવને જાળવીને પોતાના સ્વાભાવિક પરિણામને કરે છે. તે રીતે પરદ્રવ્ય પણ તેના સ્વભાવને ટકાવીને તેનું સ્વાભાવિક કાર્ય કરે છે.

સમયસાર ગા. ૩૭૫માં કહે છે કે શબ્દ વગેરે જીવને કહેતા નથી કે તું મને જાણ અને જીવ પણ પોતાનું સ્થાન છોડીને તેને જાણવા જતો નથી. આ રીતે અહીં જ્ઞાન અને શબ્દ વચ્ચે જે જ્ઞેય જ્ઞાયક સંબંધ દર્શાવવામાં આવ્યો છે ત્યાં બન્નેના ક્ષેત્ર જુદા રહે છે તેની મુખ્યતા છે. જીવ શબ્દને જાણતો નથી એવું નથી કહેવું પરંતુ જીવ પોતાના ક્ષેત્રમાં રહીને પરજ્ઞેયને જાણે છે. અર્થાત્ જીવ અને પરદ્રવ્યો સ્વભાવથી અને ક્ષેત્રથી જુદા રહે છે. તે જુદાપણાને કાયમ રાખીને જીવ પરદ્રવ્યને જાણે છે એવો વ્યવહાર કરવામાં આવે છે. જ્ઞેય જ્ઞાયક સંબંધ તરફથી જોતા એકબીજામાં ગમન થયું હોય એવું કામ થઈ જાય છે.

આ ગાથાની ટીકામાં પણ એ જ વાત આચાર્યદેવ કરે છે. આત્મા અને પદાર્થો સ્વલક્ષણભૂત પૃથકપણાને લીધે એકબીજામાં વર્તતા નથી પરંતુ તેમને માત્ર જ્ઞાન જ્ઞેય સ્વભાવ સંબંધથી સધાતુ એકબીજામાં વર્તવું છે અર્થાત્ સંબંધ તરફથી જોતા જ્ઞાન જ્ઞેયમાં આવી ગયું હોય અને જ્ઞેય જ્ઞાનમાં આવી ગયા હોય એવું કાર્ય થાય છે.

### ◆ ગાથા - ૨૯

**જ્ઞેયે પ્રવિષ્ટ ન, અણપ્રવિષ્ટ ન, જાણતો જગ સર્વને,**
**નિત્યે અતીંદ્રિય આતમા, જ્યમ નેત્ર જાણે રૂપને. ૨૯.**

***જેવી રીતે ચક્ષુ રૂપને (જ્ઞેયોમાં અપ્રવેશેલું રહીને તેમજ અપ્રવેશેલુ નહિ રહીને જાણે દેખે છે) તેવી રીતે આત્મા ઈન્દ્રિયાતીત થયો થકો અશેષ જગતને (સમસ્ત લોકાલોકને) જ્ઞેયોમાં અપ્રવિષ્ટ રહીને તેમજ અપ્રવિષ્ટ નહિ રહીને નિરંતર જાણે દેખે છે.***

## જ્ઞેયે પ્રવિષ્ટન

| | | |
|---|---|---|
| જીવ | સ્વભાવ-સલામત જાુદો | (બધા |
| જ્ઞાન | સ્વભાવભૂત પરિણામ | સલામત |
| | સ્વક્ષેત્ર | અને જાુદા) |
| જ્ઞેય | સ્વભાવ-સલામત જાુદો | |
| | સ્વભાવભૂત પરિણામ | |
| | સ્વક્ષેત્ર (બધા સલામત અને જાુદા) | |

## અણ પ્રવિષ્ટન

| | | |
|---|---|---|
| જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા | **જાણે કે** | જ્ઞાન જ્ઞેયમાં પહોંચી ગયું. |

જીવ અને પરદ્રવ્ય બન્ને પોતાના સ્વભાવ, સ્વભાવભૂત પરિણામ અને સ્વક્ષેત્રની સલામતી રાખે છે. જ્ઞેય જ્ઞાયક સંબંધ સમયે પણ બન્નેનું જાુદાપણુ એવું જ રહે છે. સંબંધ તરફથી જોતા અરીસાના દૃષ્ટાંતે જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા અને પ્રકાશના દૃષ્ટાંતે જ્ઞાન પરજ્ઞેયમાં પહોંચી ગયું એવું કાર્ય થઈ જાય છે.

અનેક પ્રકારના નિમિત્ત નૈમિત્તિક સંબંધો બને છે. જ્ઞેય જ્ઞાયક સંબંધ પણ એક પ્રકારનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ છે. આ સંબંધનો પ્રકાર એવો છે કે સંબંધ તરફથી જોતા એકબીજામાં એકબીજાનું સ્વરૂપ દેખાય. બધા નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં એવું બનતું નથી. કાકા અને ભત્રીજાને સંબંધ છે પરંતુ ત્યાં કાકામાં ભત્રીજાનું રૂપ ન જણાય. જ્ઞાનમાં જ્ઞેય જણાય. જ્ઞાનમાં જ્ઞેય જણાય ત્યાં અરીસાનું દૃષ્ટાંત યોગ્ય છે પરંતુ તે એકતરફી છે. અરીસામાં કેરી જણાય છે પરંતુ કેરીમાં અરીસો નથી દેખાતો. સિદ્ધાંતમાં સામસામુ છે માટે જ્ઞેયના આંગણામાં જ્ઞાન જોવા માટે આપણે પ્રકાશનો દૃષ્ટાંત લેવો જોઈએ. ગા. ૩૦માં આ વાત દૃષ્ટાંત સહિત સમજાવવામાં આવી છે.

ગા. ૨૯માં પહેલી લીટીમાં બે પદ દ્વારા જ્ઞાન કેવી રીતે કાર્ય કરે છે તે સારી રીતે સમજાવ્યું છે. જીવનું એક જ કાર્ય છે જાણવું. અન્ય ગુણો પોતાના કાર્ય અવશ્ય કરે છે પરંતુ તેમાં એક જ્ઞાન ગુણ જ પરદ્રવ્ય સાથે સીધા સંબંધમાં આવે છે. ઈન્દ્રિય જ્ઞાનમાં પરદ્રવ્ય જણાય છે ત્યારે જ્ઞાન કેવી રીતે કાર્ય કરે છે તેની ચોખવટ ન હોય તેથી ગંભીર ભૂલ થઈ જાય છે. પહેલુ પદ એ પૂર્વાર્ધ છે. તે કાયમ રાખીને ઉત્તરાર્ધ સમજવો જોઈએ. બે પદાર્થો જાુદા જ છે પરંતુ સંબંધ તરફથી જોઈએ ત્યારે એકબીજાનું રૂપ અરસપરસ દેખાય છે ત્યાં છે ''જાણે કે'' પરંતુ અજ્ઞાની જીવ તેને સાચુ માનવાની ભૂલ કરે છે, અરીસામાં કેરીનું પ્રતિબિંબ પડે છે પરંતુ અરીસામાં કેરી આવતી નથી. કેરીના પ્રતિબિંબને સાચી કેરી માનવાની ભૂલ નાનું બાળક કરે છે. તેમ અજ્ઞાની પણ શરીર તે હું છું એવું માનવાની ભૂલ કરે છે. જો તેને જ્ઞાન કેવી રીતે કામ કરે છે તેનો ખ્યાલ આવે તો તે ભૂલ ન કરે નાના બાળકને અરીસાના સ્વભાવનો ખ્યાલ આવે ત્યારે તે અરીસામાં પોતાનું મોઢુ જોશે પરંતુ દાંતિયો અરીસા ઉપર ફેરવવાની ભૂલ નહી કરે. એ રીતે અજ્ઞાની જયારે જ્ઞાની થાય ત્યારે હું વિશ્વના સમસ્ત પદાર્થોથી ત્રણે કાળ જાુદો જ છું અને જાુદો રહીને જ પરને જાણું છું એવો વિવેક તેને સદાય જાગૃત રહે છે. તે પરમાં એકત્વબુદ્ધિ, મમત્વ અને હિતબુદ્ધિ નથી રાખતો પરંતુ તેને પર જાણીને તેને ત્યાગે છે. જ્ઞાન કઈ રીતે કામ કરે છે તે સાચી રીતે સમજવાનુ આ ફળ છે. જ્ઞાનીને સવિકલ્પ દશા વખતે સ્વ-પરનું ભેદજ્ઞાન નિરંતર વર્તે છે. જ્ઞાન પરને જાણે પરંતુ તેને આ સિવાય અન્ય કોઈ સંબંધ પરદ્રવ્ય સાથે નથી.

### ◆ ગાથા - ૩૦

**જ્યમ દૂધમાં સ્થિત ઈંદ્રનીલમણિ સ્વકીય પ્રભા વડે**
**દૂધને વિષે વ્યાપી રહે, ત્યમ જ્ઞાન પણ અર્થો વિષે. ૩૦.**

***જેમ આ જગતને વિષે દૂધમાં રહેલું ઈન્દ્રનીલ***

*રત્ન પોતાની પ્રભા વડે તે દૂધમાં વ્યાપીને વર્તે છે, તેમ જ્ઞાન (અર્થાત્ જ્ઞાતૃદ્રવ્ય) પદાર્થોમાં વ્યાપીને વર્તે છે.*

ગાથાનો ભાવ સમજવા માટે પ્રકાશનો દૃષ્ટાંત લઈએ. એક અંધારા ઓરડામાં વસ્તુઓ પડી છે પરંતુ દેખાતી નથી. ઓરડામાં દીપક લાવીએ ત્યારે બધુ દેખાવા લાગે છે. સમજવા માટે ટેબલ લઈએ. ટેબલ પહેલા દેખાતું ન હતું. હવે દેખાય છે. શું ફેર પડયો. આપણે ટેબલ દેખાય છે એમ કહીએ છીએ.

**પ્રશ્ન : આપણને ટેબલ દેખાય છે કે પ્રકાશિત ટેબલ ?**

ઉત્તર : પ્રકાશિત ટેબલ. માત્ર ટેબલ નહીં કહી શકીએ કારણકે ટેબલ તો પહેલેથી જ ત્યાં હતું.

**પ્રશ્ન : ટેબલ સ્વભાવથી જ પ્રકાશિત છે ?**

ઉત્તર : ના. દીપક સાથેના પ્રકાશ્ય પ્રકાશક સંબંધથી ટેબલ પ્રકાશિત છે.

**પ્રશ્ન : આપણે દીપક સામે જોઈને પ્રકાશની હા પાડી છે કે ટેબલ તરફ નજર રાખીને પ્રકાશનો સ્વીકાર કરીએ છીએ ?**

ઉત્તર : આપણે ટેબલના ક્ષેત્રમાં પ્રકાશને જોઈને તેની હા પાડીએ છીએ. દીપકનો રૂપી પ્રકાશ ટેબલ ઉપર સંબંધને કારણે જોવા મળે છે. હવે સિદ્ધાંત વિચારીએ.

જ્ઞાનને સૂર્ય સાથે સરખાવવામાં આવે છે. અરૂપી જાણન ક્રિયાને જ્ઞાન પ્રકાશ કહેવામાં આવે છે. જેમ સૂર્ય અથવા દીપકના પ્રકાશથી અન્ય વસ્તુઓ પ્રકાશિત થાય છે. તેમ અહીં જ્ઞાનનો અરૂપી પ્રકાશ હવે આપણને જ્ઞેયમાં જોવા મળે છે. જેમ પ્રકાશ્ય પ્રકાશક સંબંધથી ટેબલ પ્રકાશિત થાય છે તેમ ટેબલ સાથે જયારે જ્ઞેય જ્ઞાયક સંબંધ થાય છે ત્યારે ટેબલના ક્ષેત્રમાં જ્ઞાનનો પણ આપણે સ્વીકાર કરવો રહ્યો. રૂપી પ્રકાશને જોવાને આપણે ટેવાયેલા છીએ તેથી તેની હા પાડીએ છીએ. અરૂપીને જોવાની ટેવ ન હોવાથી તેની હા આવતી નથી. પરંતુ અરૂપી જ્ઞાન હવે સંબંધના કારણે જ્ઞેયમાં જોવા મળે છે એવી નવી ટેવ પાડવી પડશે. જેમ અરીસામાં જે પ્રતિબિંબ જોવા મળે છે તે ખરેખર છે. માત્ર કહેવા પુરતું નથી. તેમ જ્ઞેયના ક્ષેત્રમાં પણ જ્ઞાન છે. માત્ર ઉપચારથી કહેવાય એવું નથી. અલબત જ્ઞાન કે અભેદપણે આત્મા પોતાના સ્વક્ષેત્રને છોડીને પરજ્ઞેયમાં જતો જ નથી આ વાત કાયમ રાખીને જ્ઞેયમાં જ્ઞાન જોવાની વાત છે.

હવે ટીકાકાર આચાર્યદેવ વાત કઈ રીતે સમજાવે છે તે વિચારીએ. આચાર્યદેવ ક્રિયાના કારકની વાત અહીં લાવે છે. દ્રવ્યપર્યાયરૂપ અખંડ દ્રવ્યનું અખંડપણુ સલામત રાખીને સમજાવવું છે.

**પ્ર. જાણવાની ક્રિયાનો કર્તા કોણ ?**

ઉ. જ્ઞાન જાણવાની ક્રિયાનો કર્તા છે.

**પ્ર. જીવ જાણવાનું કાર્ય કરે છે એમ કહી શકાય ?**

ઉ. હા, દ્રવ્ય અને ગુણની એક સત્તા છે. વળી હું જીવ દ્રવ્ય છું. મારું એક ગુણરૂપે સ્થાન નથી. તેથી હું જાણું છું એવું કથન આપણે કરીએ છીએ. આ રીતે કારકથી વિચારીએ તો જીવ કર્તા છે અને જ્ઞાન કરણ (સાધન) છે. એક જ દ્રવ્યમાં કર્તા અને કરણના ભેદ પાડીને વિચારીએ છીએ

**પ્ર. જીવ જે જાણવાનું કાર્ય કરે છે તે એકરૂપ છે કે વિધવિધતારૂપ ?**

ઉ. જીવ જાણવાનું કાર્ય કરે છે તે એકરૂપ જ છે.

**પ્ર. જ્ઞાનની પર્યાયમાં વિધવિધતા જોવા મળે છે તે જીવનું કાર્ય નથી ?**

ઉ. ના, જીવ તો એકરૂપ કાર્ય જ કરે છે. અહીં તો પરમાત્માની વાત છે પરંતુ અલ્પજ્ઞ જીવ પણ પોતાના ક્ષયોપશમ અનુસાર માત્ર જાણવાનું કાર્ય જ કરે છે. જ્ઞાનની પર્યાયમાં વિધવિધતા તો જ્ઞેયની સાપેક્ષતાથી આવે છે. જ્ઞેય જ્ઞાયક

સંબંધ થતા જ્ઞાન જ્ઞેયાકાર થાય છે. તેથી જ્ઞાનની એકરૂપતા જ માન્ય કરવી. દરેક દ્રવ્ય પોતાના સ્વભાવની મર્યાદામાં રહીને જ કાર્ય કરી શકે. જે પોતાના સ્વભાવમાં ન હોય તે કાર્ય થઈ શકે જ નહીં.

આટલા સિદ્ધાંતો બરોબર ખ્યાલમાં રાખીએ તો નીચે પ્રમાણે નિર્ણય થાય. જ્ઞાન જાણવાનું કાર્ય કરે છે. અભેદ વિવક્ષાથી જીવમાં હુંપણું હોવાથી જીવ કર્તા થઈને જ્ઞાનરૂપી કરણ વડે જાણવાનું કાર્ય કરે છે. એ જ્ઞપ્તિ ક્રિયા એકરૂપ છે. જ્ઞાન જે જ્ઞેયને જાણે છે તે જ્ઞેયના આકારરૂપ જ્ઞાનની પર્યાય થાય છે. જ્ઞાન પરજ્ઞેયને જાણે છે ત્યારે જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય છે. જ્ઞાન જયારે પોતાને જાણે છે ત્યારે જ્ઞાનની પર્યાય જ્ઞાનાકાર કહેવાય છે. જીવ પરદ્રવ્યથી જાુદો રહીને પરને જાણે છે તેથી તે સંબંધ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

| | |
|---|---|
| જીવ | પરદ્રવ્ય |
| જ્ઞાનની પર્યાય | પરદ્રવ્યની પર્યાય |

**જ્ઞે. જ્ઞા. સંબંધ થતાં**

જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર

| | |
|---|---|
| કાર્ય | કારણ |
| નૈમિત્તિક | નિમિત્ત |
| | પરદ્રવ્યમાં જ્ઞાન. |

જીવ તો પોતાની પર્યાયમાં જ વ્યાપે છે. તે પરદ્રવ્યમાં વ્યાપી શકે નહીં. પરદ્રવ્યના પરિણામને અને જ્ઞાનની પર્યાયને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. તેને કારણ કાર્ય પણ કહેવાય છે. પરંતુ ત્યાં કર્તા કર્મ નથી. અર્થાત્ બે પદાર્થના પરિણામ વચ્ચે કર્તા કર્મ સંબંધ શક્ય જ નથી. જીવ પોતાની પર્યાયમાં વ્યાપે છે. જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયનું રૂપ પરજ્ઞેય જેવું જ હોવાથી ઉપચારથી જ્ઞાન જ્ઞેયમાં વ્યાપે છે એમ કહેવામાં આવે છે. આચાર્યદેવે આ રીતે જ્ઞાન જ્ઞેયમાં વ્યાપે છે એવું સિદ્ધ કર્યું. જ્ઞાનનું જીવથી અભિન્નપણુ આ ગાથામાં દૃઢ કર્યું હોવાથી એ રીતે જીવ પણ જ્ઞેયમાં વર્તે છે એમ કહ્યું. અહીં પરમાત્માની વાત હોવાથી જ્ઞાન અને આત્મા બન્ને સર્વગત છે એમ કહ્યું.

### ◆ ગાથા - ૩૧

**નવ હોય અર્થો જ્ઞાનમાં, તો જ્ઞાન સૌ-ગત પણ નહીં,**
**ને સર્વગત છે જ્ઞાન તો કયમ જ્ઞાનસ્થિત અર્થો નહીં ? ૩૧.**

***જો તે પદાર્થો જ્ઞાનમાં ન હોય તો જ્ઞાન સર્વગત ન હોય શકે અને જો જ્ઞાન સર્વગત છે તો પદાર્થો જ્ઞાનસ્થિત કઈ રીતે નથી? (અર્થાત્ છે જ).***

અરીસાનો (દર્પણ) દૃષ્ટાંત આપીને જ્ઞેયો જ્ઞાનમાં સ્થિત છે એમ કહ્યું છે. જ્ઞેય જ્ઞાયક સંબંધને સમજવા માટે આપણે બે અલગ દૃષ્ટાંતો લઈએ છીએ. પૂર્વાર્ધ તો જીવ અને પરદ્રવ્યોને અલગ દ્રવ્યોરૂપે અલગ ક્ષેત્રમાં જ સ્થાપિત કરે છે. સંબંધની મુખ્યતાથી જોઈએ ત્યારે જ્ઞાન જ્ઞેયના ક્ષેત્રમાં અને જ્ઞેય જ્ઞાનના ક્ષેત્રમાં આવી ગયા હોય એવું કાર્ય થાય છે. આ રીતે ત્યાં બે તરફી વ્યવહાર છે. આપણા દૃષ્ટાંતો એકતરફી છે. અરીસામાં મોર દેખાય છે પરંતુ મોરમાં અરીસો કયારેય જોવા મળતો નથી. દીપકનો પ્રકાશ ટેબલ ઉપર જોવા મળે છે પરંતુ દીપકમાં ટેબલ જોવા મળતું નથી. ખરેખર આપણે દૂધમાં સાકર નાખીએ એવો દૃષ્ટાંત લેવો જોઈએ. દૂધ ગળ્યુ થાય છે એમ કહીએ છીએ ત્યારે પણ સાકર દૂધવાળી અવશ્ય થઈ છે. અહીં આચાર્યદેવ એવી જ વાત કરવા માગે છે. તમો અરીસા અથવા દીપક કોઈ એક દૃષ્ટાંત વડે એક સંબંધ દર્શાવો ત્યારે ત્યાં સહજપણે બીજો સંબંધ પણ અવશ્ય છે માટે તે પણ માન્ય કરવો રહ્યો. મૂળ ગાથાના શબ્દો જોઈએ તો તે સ્પષ્ટ સમજાય છે. જો તમે જ્ઞેય જ્ઞાયક સંબંધ તરફથી જોતા વિશ્વના પદાર્થો જ્ઞાનમાં સ્થિત

છે એવું માન્ય નથી કરતા તો જ્ઞાન સર્વગત છે એ વાત પણ રહેશે નહીં. જ્ઞાન સર્વગત છે એ વાત જો માન્ય છે તો તે જ રીતે વિશ્વના પદાર્થોને પણ જ્ઞાનમાં સ્થાન આપવું પડશે.

બિંબ પ્રતિબિંબ સંબંધ દર્શાવ્યો છે. એ રીતે જ્ઞેય જ્ઞાયક સંબંધ સમજવાનો છે. બિંબ (જ્ઞેય) તેની ઝલક જ્ઞાનમાં પ્રતિબિંબ (જ્ઞેયાકાર) રૂપે જોવા મળે છે. હવે આચાર્યદેવ કહે છે કે વિશ્વનો પદાર્થ જે જ્ઞેય છે તે પોતાના સમયવર્તી પરિણામરૂપે થાય છે તેને જ્ઞેયાકાર શબ્દથી દર્શાવે છે. જ્ઞેય જ્ઞાયક સંબંધથી જ્ઞાનની પર્યાયમાં પણ એવું જ જ્ઞેયાકાર સ્વરૂપ જોવા મળે છે.

વિશ્વનો પદાર્થ (જ્ઞેય) — જીવ જ્ઞાયક
↓ ↓
જ્ઞે. જ્ઞા. સંબંધ →
તેની સમયવર્તી પર્યાય (જ્ઞેયાકાર) — તેની સમયવર્તી જ્ઞાનની એકરૂપ પર્યાય
↓
જ્ઞે. જ્ઞા. સંબંધ → જ્ઞેયાકાર જ્ઞાન.

વિશ્વનો પદાર્થ (જ્ઞેય) પોતાની પર્યાયરૂપે (જ્ઞેયાકાર) થાય છે ત્યાં તો એકદ્રવ્યપણુ છે અને માટે ત્યાં કર્તાકર્મપણુ (ષટ્કારકની અપેક્ષાએ) છે. જેવું વિશ્વના પદાર્થનું જ્ઞેયાકારપણુ છે એવું જ જ્ઞેયાકારપણું (જ્ઞેય જ્ઞાયક સંબંધના કારણે) જ્ઞાનની પર્યાયમાં જણાય છે. આ બે જ્ઞેયાકારો વચ્ચે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. જેને કારણ કાર્યરૂપે અહીં ગણ્યા છે. તેથી વિશ્વનો પદાર્થ (જ્ઞેય) પોતાની જ્ઞેયાકાર અવસ્થાનું કારણ છે અને નિમિત્ત નૈમિત્તિક સંબંધથી જ્ઞાનની પર્યાયમાં રહેલા જ્ઞેયાકારનું પણ કારણ છે. આ રીતે વિશ્વના પદાર્થનું જ્ઞાન સ્થિતપણુ આચાર્યદેવે આ ગાથામાં દર્શાવ્યું છે.

### ◆ ગાથા - ૩૨

**પ્રભુકેવળી ન ગ્રહે, ન છોડે, પરરૂપે નવ પરિણમે;**
**દેખે અને જાણે નિઃશેષે સર્વતઃ તે સર્વને. ૩૨.**

***કેવળી ભગવાન પરને ગ્રહતા નથી, છોડતા નથી, પરરૂપે પરિણમતા નથી; તેઓ નિરવશેષપણે સર્વને (આખા આત્માને, સર્વ જ્ઞેયોને) સર્વ તરફથી (સર્વ આત્મ પ્રદેશેથી) દેખે જાણે છે.***

આ ગાથામાં ફરીને સર્વજ્ઞ પરમાત્મા કેવી રીતે બધુ જાણે છે તે વાત લીધી છે. અજ્ઞાની પરનું કર્તા-ભોક્તાપણુ માને છે. તેને પરદ્રવ્યના ગ્રહણ ત્યાગ માન્ય છે. તે જીવ જયારે અજ્ઞાન છોડીને જ્ઞાની થાય છે ત્યારે તેને દરેક પદાર્થના ભિન્ન અસ્તિત્વનો ખ્યાલ છે. તેણે ભેદજ્ઞાનનો પ્રયોગ કરીને પોતાના આત્માને બધાથી જુદો પાડીને અનુભવમાં લીધો છે. સાધકને અસ્થિરતાના ભાવ વડે પરદ્રવ્ય સાથે થોડી પણ નિસ્બત છે એવો ખ્યાલ આવે છે. પરમાત્મદશા પ્રગટ થાય છે ત્યારે તે અસ્થિરતાનો રાગ પણ છૂટી જાય છે. ત્યારે પરમાત્માને પરદ્રવ્ય સાથે માત્ર જ્ઞેય જ્ઞાયક સંબંધ રહી જાય છે. મોહ-રાગ-દ્વેષનો સર્વથા અભાવ થતાં જ્ઞાન પણ ક્ષયોપશમ ભાવ છોડીને ક્ષાયિક ભાવરૂપે થાય છે. અલ્પજ્ઞતા છૂટીને સર્વજ્ઞતા થાય છે.

અજ્ઞાની જીવ પણ પરદ્રવ્યથી જુદો રહીને જ પરને જાણે છે પરંતુ તે સંકર દોષ કરીને સ્વ-પરના સ્વભાવ એકરૂપ થઈ ગયા એવું માને છે. પોતે અરૂપી જ્ઞાયક હોવા છતાં પોતે શરીર છે એવું માને છે. જીવ પોતાના ચેતન સ્વભાવને છોડીને કયારેય જડરૂપ થઈ શકતો જ નથી પરંતુ અજ્ઞાનીને એ સિદ્ધાંત માન્ય નથી.

સમયસાર શાસ્ત્રમાં એક ત્યાગ ઉપાદાન શૂન્યત્વ શક્તિની વાત છે. તે સિદ્ધાંત બધા દ્રવ્યોને

લાગુ પડે છે. પદાર્થ પોતાના સ્વભાવને છોડી શકતો નથી માટે ત્યાગ શૂન્યત્વ પદાર્થ પરદ્રવ્યના સ્વભાવને ગ્રહણ કરી શકતો નથી માટે ઉપાદાન શૂન્યત્વ. આ રીતે દરેક પદાર્થ સ્વથી એકત્વ અને પરથી સદાયને માટે વિભક્ત ખ્યાલમાં આવે છે. આ રીતે જીવ પણ પોતાના સ્વભાવની મર્યાદા, સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદામાં જ રહે છે પરંતુ અજ્ઞાની એ મર્યાદાને જાણતો નથી તે મર્યાદા બહાર નવી મર્યાદા બાંધે છે જે આઘી પાછી થાય છે. અજ્ઞાનીએ શરીરમાં હુંપણુ માન્યું છે. તેને પરદ્રવ્યોમાં મારાપણુ છે તે મારાપણાની મર્યાદા તે આઘીપાછી કરે છે. આ મોટર મારી, આ બંગલો મારો હવે મેં મોટર વહેંચી નાખી તેથી તે હવે મારી નથી ઈત્યાદિ અનેક પ્રકારના ભાવોને તે કરે છે. આ રીતે તે પરદ્રવ્યમાં પણ ગ્રહણ ત્યાગ કરે છે. તે પૈસા કમાય છે. પૈસા પોતાના ઉપભોગ માટે વાપરે છે અને દાનમાં આપે છે. પૈસા પરદ્રવ્ય હોવા છતાં પોતે તેનો માલિક છે એવું માનીને તેના ગ્રહણ ત્યાગ કરે છે. પરમાત્માને આ બધાનો અભાવ છે.

## જ્ઞાનમાં ગ્રહણ ત્યાગ

સિદ્ધાંત વિચારીએ ત્યારે ખ્યાલ આવે છે કે પરદ્રવ્યના ગ્રહણ ત્યાગ નથી. એ વાત કાયમ રાખીને હવે જ્ઞાનની પર્યાયમાં વિષયોના ગ્રહણ ત્યાગની વાત કરે છે. વર્તમાન આપણું જ્ઞાન બાહ્ય વિષયોને એક પછી એક ગ્રહણ કરે છે જાણે છે. ક્ષયોપશમ જ્ઞાનનું એ જ લક્ષણ છે. અનેક પદાર્થમાંથી એક સમયે એકને જાણવા હોય ત્યારે મુખ્ય ગૌણ શૈલીથી કામ થાય તેથી રાગની ભૂમિકા આવે છે. પરમાત્માને આખું વિશ્વ એકી સાથે જ્ઞાનમાં જણાય છે. ત્યારબાદ સાદિ અનંત કાળ સુધી તે વિશ્વને એજ રીતે જાણ્યા કરે છે. તેથી તેને વિષયથી વિષયાંતર નથી. જ્ઞપ્તિ પરિવર્તન નથી. આ અપેક્ષાએ જ્ઞાનમાં પણ હવે ગ્રહણ ત્યાગ નથી જ્ઞાનમાં નવો વિષય ગ્રહણ કરવાનો નથી અને જાુના વિષયોને છોડવાના નથી.

જ્ઞાનનું કાર્ય જીવના સર્વપ્રદેશે થાય છે. દ્રવ્ય અને તેના બધા ગુણોનું કાર્ય દ્રવ્યના પૂરા ક્ષેત્રમાં જ થાય છે. ત્યાં જ્ઞાની-અજ્ઞાનીના ભેદ નથી. ઈન્દ્રિય જ્ઞાન ઈન્દ્રિયના ક્ષેત્રમાં થાય છે એવું માનવામાં આવે છે પરંતુ એમ નથી. પદાર્થનું અખંડ ક્ષેત્ર હોવાથી દરેક પર્યાય જીવના અસંખ્ય પ્રદેશોમાં જ થાય છે. દ્રવ્ય ઈન્દ્રિયો ક્ષેત્રે અલગ હોવાથી ઈન્દ્રિયજ્ઞાન સર્વપ્રદેશે નથી એવો ઉપચાર કરવામાં આવે છે.

## ◆ ગાથા - ૩૩

**શ્રુતજ્ઞાનથી જાણે ખરે જ્ઞાયકસ્વભાવી આત્મને,**
**ઋષિઓ પ્રકાશક લોકના શ્રુતકેવળી તેને કહે. ૩૩.**

***જે ખરેખર શ્રુતજ્ઞાન વડે સ્વભાવથી જ્ઞાયક (અર્થાત્ જ્ઞાયક સ્વભાવ આત્માને જાણે છે, તેને લોકના પ્રકાશક ઋષિશ્વરો શ્રુત કેવળી કહે છે.***

આ ગાથામાં કેવળી ભગવાન અને આત્મ જ્ઞાનીને સમાન દર્શાવવામાં આવ્યા છે. બન્ને પોતાના શુદ્ધાત્માને જાણે છે માટે બન્ને સમાન છે. પરમાત્મા લોકાલોકને જાણે છે જયારે જ્ઞાની લોકાલોકને નથી જાણતો. આ મોટો તફાવત છે પરંતુ આ ગાથામાં આચાર્યદેવ એ ભેદ દર્શાવવા માગતા નથી. મારા માટે વિશ્વમાં જાણવા લાયક પદાર્થ હું જ છું. અજ્ઞાનીએ અનાદિકાળથી પોતાને જ જાણ્યો નથી. પોતાને જાણ્યો નથી માટે સ્વભાવમાં હુંપણું સ્થાપ્યું નથી. બાહ્યમાં અહમ્ ભાવ અને હિતબુદ્ધિ હોવાથી તેનો ઉપયોગ બાહ્યમાં જ ભટકયા કરે છે. તેવા જીવ માટે પોતાના આત્માને જાણવો અને ત્યાં હુંપણુ સ્થાપવું જરૂરી છે. તે પ્રમાણે કરવાથી જ સાધકદશા પ્રાપ્ત થાય છે. ધર્મની શરૂઆત થાય છે.

જ્ઞાયકનો અનાદર કરવાથી જીવની શક્તિમાં આવરણ હતું. જ્ઞાન પણ અલ્પજ્ઞ હતું. જ્ઞાયકનો સ્વીકાર અને જ્ઞાયકનો મહિમા કરવાથી જ્ઞાન પણ

ઉઘાડને પ્રાપ્ત થાય છે. અહીં બહિર્લક્ષી જ્ઞાનના ઉઘાડની વાત નથી. જયાં સુધી થોડો પણ અસ્થિરતાનો રાગ છે ત્યાં સુધી જ્ઞાન ક્ષયોપશમ ભાવરૂપ જ રહે છે. જયારે જીવ સંપૂર્ણપણે પોતાની મર્યાદામાં આવી જાય છે, મોહ-રાગ-દ્વેષનો સર્વથા અભાવ થઈને વીતરાગ થાય છે ત્યારે જ્ઞાન પણ પરિપૂર્ણતાને પામીને સર્વજ્ઞદશાની પ્રગટતા કરી લે છે. આ જ્ઞાનનો વિકાસ છે.

નિર્વિકલ્પદશા સમયે જીવ પોતે જાણનાર થઈને પોતાને ઉપયોગાત્મકપણે જાણે છે. ત્યાં જ્ઞાતા-જ્ઞાન અને જ્ઞેયનું અભેદ એકાકારપણુ સધાય છે. પરમાત્મદશામાં એવી નિર્વિકલ્પતા સાદિ અનંતકાળ સુધી રહે છે. તેથી એ અપેક્ષાએ પરમાત્મા પોતાને જ નિરંતર જાણ્યા કરે છે. આ દૃષ્ટિએ જ્ઞાની અને પરમાત્મા બન્ને એક શુદ્ધાત્માને જ જાણે છે એમ કહી શકાય. વિકલ્પ તોડીને અંતર્મુહૂર્ત ધારાપ્રવાહરૂપ સ્વભાવમાં ટકવાના ફળમાં તેને સર્વજ્ઞદશા પ્રાપ્ત થાય છે.

## શ્રુત કેવળી

આ ગાથામાં સમ્યગ્દૃષ્ટિને શ્રુતકેવળી કહ્યા છે. જેને બાર અંગનું જ્ઞાન હોય તેને શ્રુતકેવળી કહેવામાં આવે છે. બાર અંગનું પ્રયોજન તો આત્માની ઓળખાણ છે. જેણે તે કાર્ય સાધી લીધું તેને બાર અંગના અભ્યાસનું પ્રયોજન ન રહ્યું માટે તેને બાર અંગના અભ્યાસની અધિકતા નથી. તેનો અર્થ એ પ્રમાણે ન લેવો કે જ્ઞાની શાસ્ત્રાભ્યાસ નથી કરતા. ખરેખર તો જ્ઞાની જ સારી રીતે શાસ્ત્ર સ્વાધ્યાય કરે છે. અવિરત સમ્યગ્દૃષ્ટિને વિકલ્પ-દશાનો કાળ લાંબો હોય છે. તેને અશુભ ભાવમાં તો જવું નથી તેથી તે કોઈને કોઈ પ્રકારના શુભ ભાવોમાં રોકાયેલા રહે છે. ભગવાનની પૂજા-ભક્તિ એક શુભભાવ છે. શાસ્ત્ર સ્વાધ્યાય-સાધર્મી સાથે તત્ત્વચર્ચા, ચિંતવન-મનન એ બધું ખરેખર તો જ્ઞાનનું કાર્ય છે પરંતુ તેનું ફળ શુભભાવ આવે છે. તેથી તેને પણ શુભભાવમાં ગણી શકાય. ખરેખર તો જે તત્ત્વ નિર્ણયમાં ઉપયોગ લગાવે છે તેને ઘણા ઊંચા પ્રકારના પુણ્ય બંધાય છે. પોતાને તત્ત્વની સ્પષ્ટતા જેટલી થાય તે પોતાને સ્વરૂપ વિશ્રાંતિમાં સાનુકૂળ છે. માટે જ્ઞાનીને શાસ્ત્ર સ્વાધ્યાય-ચિંતવન વગેરેની મુખ્યતા રહે છે. વસ્તુ સ્વરૂપને અનેક પડખેથી ખ્યાલમાં લેવાથી પોતાની નિઃશંકતા વધે છે.

## પરને જાણવાની ઈચ્છા

જીવનો સર્વજ્ઞ સ્વભાવ છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાનની શક્તિ છે પરંતુ જ્ઞાનીને તથા પરમાત્માને પરના જાણવાની અધિકતા નથી. ઈચ્છા નથી. પરમાત્મા વીતરાગ હોવાથી તેને ઈચ્છાનો અભાવ છે. પરને જાણવાની ઈચ્છા ન હોવા છતાં સર્વજ્ઞ દશામાં તે બધા પરદ્રવ્યને સહજપણે જાણે છે. અજ્ઞાનીને બાહ્ય વિષયો ભોગવવા છે માટે તેની ચેતન જાગૃતિ હંમેશા બહાર જ રહે છે. જ્ઞાનીને જ્ઞાન ચેતના છે માટે જ્ઞાનીને પોતાની જ મુખ્યતા છે અને પરની અત્યંત ગૌણતા છે. તેને અજ્ઞાન ચેતનાનો અભાવ છે માટે તેને કર્મ અને કર્મફળ ચેતના નથી. બાહ્ય વિષય ભોગવી શકાતા જ નથી એવી નિઃશંકતા જ્ઞાનીને વર્તે છે તેથી તે પરને પર જાણીને તેને ત્યાગે છે. જ્ઞાનીને અસ્થિરતાનો રાગ આવે છે ત્યારે જ્ઞાન પણ બાહ્યને જાણે છે, પરંતુ જ્ઞાની એ રાગને તોડતો જાય છે. તે સ્વરૂપમાં રહેવા માટે જ પ્રયત્નશીલ છે.

જે જાણપણું થાય છે તે જ્ઞાનના ઉઘાડને અનુસરીને થાય છે. પરદ્રવ્યને જ્ઞાન જાણે છે. તે જાણપણું પરદ્રવ્યના કારણે નથી પરંતુ પોતાની શક્તિ અનુસાર છે. જ્ઞાનનો ઉઘાડ જ્ઞાયકના આશ્રયે થાય છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ અનુસાર જ્ઞાન થતું દેખાય છે પરંતુ દ્રવ્યકર્મ તો પરદ્રવ્ય છે

ત્યાં તો માત્ર નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ છે. ખરું કારણ તો અંદરમાં જ છે. પૂ. બહેનશ્રીના વચનામૃતમાં આવે છે કે તારે પરદ્રવ્યને જાણવા હોય તો પણ સ્વભાવ સન્મુખ થા. જ્ઞાનીને ખ્યાલ છે કે પરમાત્મદશા પ્રગટ થશે ત્યારે બધું એકી સાથે જણાશે તેથી તેને પરદ્રવ્યને જાણવાની ઈચ્છા નથી.

ટીકામાં આચાર્યદેવ શુદ્ધાત્માનું વર્ણન કરે છે. તેને માટે અનેક વિશેષણો વાપરે છે. સ્વભાવ અનાદિનિધન છે. અર્થાત્ સ્વભાવ શાશ્વત છે. નિષ્કારણ અર્થાત્ શુદ્ધાત્મા પોતે પોતાથી જ સિદ્ધ છે. કોઈ અન્ય દ્રવ્યને કારણે સ્વભાવની વિદ્યમાનતા નથી. સ્વભાવને પરાશ્રય નથી. દરેક પદાર્થને તેનું અસાધારણપણુ હોય છે. તેથી તો દરેક પદાર્થ એકબીજાથી જુદા છે. ચૈતન્ય સામાન્ય લક્ષણના કારણે જીવ અન્ય પાંચ અચેતન દ્રવ્યોથી જુદો છે. દરેક જીવ અન્ય જીવ કરતા પણ જુદો જ છે.

## કેવળ

શુદ્ધાત્મા માટે ''કેવળ'' વિશેષણ વાપરવામાં આવ્યું છે. કૌંસમાં તેના ચાર પ્રકારના અર્થ દર્શાવ્યા છે. અહીં કેવળનો અર્થ નિર્ભેળ શુદ્ધ અખંડ ગણવામાં આવ્યો છે. અર્થાત્ આત્મજ્ઞાની અને પરમાત્મા પોતાના આત્માને નિર્ભેળ જાણે છે. અર્થાત્ પોતાનો આત્મા અન્ય દ્રવ્યથી જુદો જ છે અને જ્ઞાની તેને તે રીતે અર્થાત્ જુદો જ જાણે છે. અજ્ઞાનીએ પોતાની માન્યતામાં સ્વ અને પરના સ્વભાવને ભેળસેળ કરી નાખ્યા છે. કોઈ તો આત્માની સત્તા પણ સ્વીકારવા તૈયાર નથી. જ્ઞાનીએ ભેદજ્ઞાનનો પ્રયોગ કર્યો છે. પોતાના આત્માને બધાથી જુદો પાડીને અનુભવમાં લીધો છે. સંયોગની વચ્ચે સંયોગી ભાવથી જીવ જોડાયેલો છે ત્યારે પણ જીવનો સ્વભાવ તો બધાથી જુદો જ છે. માટે અહીં શુદ્ધાત્માને કેવળ કહ્યો છે.

કેવળનો અર્થ ''એકલો'' થતો નથી. કોઈ માને કે પરમાત્મા પોતાને જ જાણે છે તો તે વાત યોગ્ય નથી. પરમાત્મા સર્વજ્ઞ છે. તે સ્વ-પર બધું જાણે છે. જ્ઞાન કેવી રીતે કાર્ય કરે છે. તેનો જેને ખ્યાલ નથી એ આ પ્રકારની અનેક ખોટી માન્યતા ધરાવે છે. કોઈ તત્ત્વવેદી પરમાત્મા પરને નથી જાણતા એમ કહે અને વળી તે પોતાને નથી જાણતા એમ પણ કહે પરંતુ તે બન્ને પ્રકારના કથન તે કોઈ પ્રયોજનવશ કરે છે. તેને સાચી વાતનો બરોબર ખ્યાલ જ છે. ત્યાં કોઈ દોષ નથી. પરંતુ અજ્ઞાનીની તો એવી એકાંત માન્યતા જ છે તેથી ત્યાં જરૂર દોષ છે.

આ ગાથામાં આ રીતે સમ્યગ્દૃષ્ટિ અને પરમાત્માને સરખા દર્શાવ્યા કારણકે બન્ને પોતાના શુદ્ધાત્માને જાણે છે. પરમાત્મા જે રીતે અન્ય દ્રવ્યોથી સર્વથા જુદા પડી ગયા છે. તે રીતે જ્ઞાની પણ વિશ્વના સમસ્ત પદાર્થો પ્રત્યે ઉદાસીન છે. જ્ઞાની પરને પર જાણીને તેને ત્યાગે છે. તેને પર સાથે હવે કોઈ પરમાર્થ નિસ્બત નથી. અસ્થિરતાનો રાગ છે એટલું પર તરફ લક્ષ જાય છે. તેણે પોતાનો માર્ગ નક્કી કરી લીધો છે. જ્ઞાન પોતાના જ્ઞાયક સ્વભાવને પરથી જુદો દર્શાવે છે. ત્યારે શ્રદ્ધા દેહાધ્યાસ છોડીને જ્ઞાયક સ્વભાવમાં હુંપણુ સ્થાપે છે. તેને જ્ઞાયકમાં જ હુંપણુ, જ્ઞાયકમાં જ મારાપણુ અને હિતબુદ્ધિ રહે છે. પરદ્રવ્યમાંથી મમત્વ અને હિતબુદ્ધિનો તેને ત્યાગ વર્તે છે માટે તે હવે ચારિત્ર અપેક્ષાએ સ્વરૂપલીનતા વધારતો જાય છે. જ્ઞાયક તે હું છું એવા જ્ઞાન-શ્રદ્ધાનપૂર્વક હવે એ સ્વરૂપમાં ટકવાનો જ પ્રયત્ન કરે છે.

જ્ઞાનમાં પરદ્રવ્ય પરરૂપે જણાય ત્યારે પરદ્રવ્ય પ્રત્યે ચેતન જાગૃતિ રહેતી નથી. આ રીતે તેણે અજ્ઞાન ચેતનાનો અભાવ કર્યો છે. પર પ્રત્યે અપોહકપણાનો ભાવ વર્તે છે. જ્ઞાન પરને જાણે ત્યારે પણ સ્વ-પરનું જુદાપણુ સતત ભાસે છે. તેને હવે એકપણ પરદ્રવ્યમાં રસ રહ્યો નથી તેથી તેને પરની ઉપેક્ષા વર્તે છે. માટે જ્ઞાનીને પરદ્રવ્યની ઈચ્છા નથી. આગળ વધીને વિચારીએ તો તેને પરદ્રવ્યને

જાણવાની પણ ઈચ્છા નથી. અહીં પરપ્રકાશક જ્ઞાન સ્વભાવનો અનાદર નથી. પરંતુ અજ્ઞાનદશામાં પરને જાણતાવેંત તે ઉપયોગી બિનઉપયોગી એવી ખતવણી કરવાની ટેવ હતી. પરમાં રાગ દ્વેષ કરી લેતો હતો તેથી તેની ટેવ સુધારવા માટે તે સ્વરૂપમાં જ રહેવાનું પસંદ કરે છે. દૃષ્ટાંતઃ જેમ દારૂડિયો દારૂ છોડવાનું નક્કી કરે તો તે દારૂના પીઠા તરફ જ જતો નથી. કારણકે ત્યાં જાય તો દારૂ પીવાનું મન થાય. આ રીતે જ્ઞાની એક અપેક્ષાએ સ્વરૂપમાં રહેવા માગે છે ત્યાં ઉપયોગાત્મકપણે પોતાને જાણે છે. બીજી અપેક્ષાએ પરને જાણવા પણ નથી માગતો કારણકે તેને પરને જાણતા જે અસ્થિરતાનો રાગ થાય તે પણ પોસાતો નથી. જયાં આ રીતે જ્ઞાની પરને જાણવા પણ નથી માગતો ત્યાં પરને ભોગવવાની તેને ઈચ્છા કયાંથી હોય શકે !

### ◆ ગાથા - ૩૪

**પુદ્‌ગલસ્વરૂપ વચનોથી જિન-ઉપદિષ્ટ જે તે સૂત્ર છે,**
**જે જ્ઞપ્તિ તેની જ્ઞાન, તેને સૂત્રની જ્ઞપ્તિ કહે. ૩૪.**

***સૂત્ર એટલે પુદ્‌ગલ દ્રવ્યાત્મક વચનો વડે જિનભગવંતે ઉપદેશેલું તે, તેની જ્ઞપ્તિ તે જ્ઞાન છે અને તેને સૂત્રની જ્ઞપ્તિ (શ્રુતજ્ઞાન) કહી છે.***

અર્થ સમય = પદાર્થનું અંતરંગ બંધારણ.

જ્ઞાન સમય = વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું જ્ઞાનમાં જણાવું.

શબ્દ સમય = જ્ઞાનમાં જે રીતે વસ્તુનું સ્વરૂપ સમજાયુ તે પ્રમાણે શબ્દો દ્વારા વર્ણવવું.

અહીં સિદ્ધાંતમાં અર્થસમય કહેતા શુદ્ધાત્મ સ્વભાવની મુખ્યતાથી જીવનું સ્વરૂપ. જ્ઞાનસમય કહેતા સર્વજ્ઞ પરમાત્માના જ્ઞાનમાં જીવનું સ્વરૂપ જે સંપૂર્ણપણે જણાય તે જ્ઞાન. શબ્દ સમય કહેતા ભગવાનની દિવ્યધ્વનિ.

આ ત્રણ પ્રકારના સમયના ભેદ દર્શાવ્યા પરંતુ ત્રણેનું વર્ણન એક સરખું છે. જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું જ જ્ઞાનમાં જણાય છે અને એને અનુરૂપ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. તે શબ્દો વાચક થઈને વાચ્ય એવા અર્થ સમયને દર્શાવે છે. વાચક અને વાચ્ય બન્ને સમાન છે. શબ્દનો પ્રયોગ અન્ય પાત્ર જીવને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવવા માટે કરવામાં આવે છે.

અજ્ઞાની જીવને પોતાના સ્વરૂપનો ખ્યાલ નથી. પાત્ર જીવ પોતાનું સ્વરૂપ સમજવા માગે છે. કોણે આત્મા જાણ્યો છે એની શોધ કરીને તે જ્ઞાની ગુરુ અથવા સર્વજ્ઞ પરમાત્મા પાસે જાય છે. ગુરુ તેને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવે છે. પરમાત્માની દિવ્યધ્વનિ અને જ્ઞાનીનો ઉપદેશ એ બોલાયેલા શબ્દો છે. શાસ્ત્ર છે તે લખાયેલા શબ્દો છે.

આ ગાથામાં આત્મજ્ઞાનમાં શાસ્ત્રનું નિમિત્તપણુ લઈને કથન કરવામાં આવ્યું છે. શાસ્ત્રને સૂત્ર કહેવાય છે. તેને દ્રવ્યશ્રુત પણ કહેવામાં આવે છે. ભાવશ્રુત જ્ઞાન એ આત્માનું જ્ઞાન છે અર્થાત્ જ્ઞાની ભાવશ્રુત જ્ઞાન વડે પોતાના આત્માને જાણે છે. તે જ્ઞાનમાં શાસ્ત્રનું નિમિત્ત છે માટે શાસ્ત્રને પણ દ્રવ્યશ્રુત કહેવાય છે. દ્રવ્યશ્રુત એ પુદ્‌ગલ છે. જયારે ભાવશ્રુત જ્ઞાન એ જીવની પર્યાય છે. ટીકાકાર આચાર્યદેવ શાસ્ત્રની પ્રમાણિકતા દર્શાવવા માટે સર્વજ્ઞના જ્ઞાનની સાક્ષી આપે છે. શાસ્ત્રની રચના સ્યાદવાદ શૈલી અનુસાર થઈ છે એમ કહીને વસ્તુના અનેકાંત સ્વરૂપનો સ્વીકાર કરાવે છે. દરેક ધર્મમાં તેના દેવ-ગુરુ અને શાસ્ત્રો હોય છે પરંતુ સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ અને કુદેવાદિનો વિવેક પાત્ર જીવે કરવો જરૂરી છે. અરિહંત પરમાત્મા વીતરાગ-સર્વજ્ઞ છે. અન્યમતમાં રાગનું પોષણ છે. જયાં રાગ છે ત્યાં વીતરાગતા ન હોય. જયાં વીતરાગતા ન હોય ત્યાં સર્વજ્ઞતા ન હોય. સર્વજ્ઞતા વિના અરૂપી

આત્માનું સાચુ જાણપણુ ન હોય. અન્ય મતમાં પરમાત્માને સર્વજ્ઞ માનવામાં આવ્યા છે પરંતુ તે સર્વજ્ઞ હોય શકે નહીં. જે વીતરાગ અને સર્વજ્ઞ હોય તે જ હિતોપદેશક હોય શકે. રાગી જીવો રાગને કારણે અન્યથા કથન કરે. ત્યાં નિષ્પક્ષતા ન હોય. વળી અલ્પજ્ઞતાના કારણે વસ્તુનું પરિપૂર્ણ સ્વરૂપ યથાર્થરૂપે જ્ઞાનમાં પણ ન આવે. તેથી રાગી જીવના ઉપદેશમાં વસ્તુના સ્વરૂપને પોતાની માન્યતા પ્રમાણેના રંગ ચડાવીને અનેક પ્રકારની કલ્પના કરીને વર્ણન આવે. ત્યાં એકાંત માન્યતાનું પોષણ હોય. સમજવા આવનારને કાંઈ ખ્યાલ નથી તેથી તે એકાંત માર્ગે ખોટે રસ્તે દોરવાય જાય છે.

દિવ્ય ધ્વનિ તો સાક્ષાત્ સર્વજ્ઞના જ્ઞાનને અનુસરનારી છે માટે તે પ્રમાણિત છે. તેની પરંપરામાં બાર અંગની રચના અને અન્ય પરમાગમો એ પણ વીતરાગ માર્ગમાં આગળ વધેલા ગણધરો અને આચાર્યોના લખેલા છે. તેથી ત્યાં દિવ્યધ્વનિની પરંપરા ચાલુ રહે છે. વળી અહીં પ્રસ્તુત વિષયનો (શુદ્ધાત્મા) વિચાર કરીએ તો આચાર્યદેવ ભાવશ્રુતજ્ઞાની અને કેવળજ્ઞાનીને શુદ્ધાત્માના જ્ઞાનમાં કોઈ ફેર નથી એવું સિદ્ધ કરે છે. તેથી આગમો અને પરમાગમોની પણ પ્રમાણિતતા સિદ્ધ થાય છે.

| શાસ્ત્ર - સૂત્ર | સૂત્રની જ્ઞપ્તિ. |
|---|---|
| ↓ | ↓ |
| પુદ્‌ગલ | જીવની પર્યાય |

શાસ્ત્ર છે તે પુદ્‌ગલની રચના છે પરંતુ શાસ્ત્રનું જે જ્ઞાન છે તે જીવની પર્યાય છે. તે પૌદગલિક નથી. તમે સોનગઢ ગયા. ત્યાંના ગગનચૂંબી જિનાલયો જોયા. એ જિનાલયો પુદ્‌ગલની રચના છે. તેનું જે દૃશ્ય આંખમાં આવ્યું તે પુદ્‌ગલની રચના છે. તમે તમારા કેમેરામાં ફોટા પાડયા એ પુદ્‌ગલની રચના છે. જિનાલયનું જે જ્ઞાન થયું તે જીવની પર્યાય છે. લૌકિકમાં જિનાલય તમારા નથી પરંતુ તેના ફોટા તમારા છે. લોકોત્તર માર્ગમાં માત્ર જ્ઞાન જ તમારું છે.

પૂ. ગુરુદેવના પ્રવચનમાં કોઈ સુંદર ન્યાય આવ્યો. તમને ગમ્યો. એ ન્યાય તો પૂ. ગુરુદેવનું જ્ઞાન છે. તમારા જ્ઞાનમાં તે ન્યાય બેઠો એ જ્ઞાન તમારું છે પરંતુ તેના ભરોંસે જવા જેવું નથી. આપણે તેને સહેલાઈથી સહજપણે ભૂલી જશું. પરંતુ જો એની ઉપયોગિતા આપણને લાગે તથા તેના ઉપર ચિંતવન મનન કરીશું તો જ તે આપણો થશે.

શાસ્ત્ર તો જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞેયો તો જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞેયથી જ્ઞાન થતું નથી. જ્ઞાયક છે માટે જ્ઞાન થાય છે. જ્ઞાન જ્ઞેયના સહારાનું નથી. જ્ઞાન જ્ઞાનના (જ્ઞાયકના) સહારાનું છે.

## જ્ઞાનનું એકાકારપણું

આચાર્યદેવ જ્ઞાનનું એકાકારપણું આપણને દર્શાવવા માગે છે માટે આ વાત આપણે બરોબર આપણા જ્ઞાનમાં નક્કી કરવી જરૂરી છે. અહીં શાસ્ત્રજ્ઞાનની વાત થોડો સમય ગૌણ કરીને સામાન્ય રીતે શું બને છે તેનો વિચાર કરીએ.

| વિશ્વના પદાર્થો (જ્ઞેયો) | જ્ઞાનમાં સાધન | જ્ઞેયાકાર જ્ઞાન | જ્ઞાન |
|---|---|---|---|
| સંખ્યાએ અનંત | ઈન્દ્રિયો અને મન | અનેકરૂપ | એકરૂપ |
| વિધવિધતા લઈને રહેલા | અનેક વિધવિધ | વિધવિધ | સદૃશ |

આનો અભ્યાસ કરીએ તો વિશ્વના પદાર્થો આત્માથી અન્ય હોવાથી અચેતન. શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો અને મન એ પણ પૌદગલિક, એ બન્નેમાં અનેકરૂપતા અને વિધવિધતા જોવા મળે છે. હવે જીવનો વિચાર કરીએ તો જીવ તો જાણનાર હોવાથી જાણવાનુ કાર્ય જ કરે છે. તે કાર્ય તો એકરૂપ જ છે. જ્ઞાનનો વિષય શું છે તેની સાથેનો સંબંધ વિચારીએ ત્યારે જ્ઞાનની એકરૂપ પર્યાય જ્ઞેય જ્ઞાયક સંબંધને

કારણે જ્ઞેયાકાર થાય છે. જ્ઞેયાકાર લક્ષણને મુખ્ય કરીએ તો ત્યાં જ્ઞાનની પર્યાય અનેકરૂપ વિધવિધ જોવા મળે છે. આ રીતે જ્ઞાનની પર્યાયમાં એકરૂપતા-સદ્દશતા અને વિધવિધતા-વિસદ્દશતા જોવા મળે છે. જ્ઞાનની પર્યાય સદ્દશતા અને વિસદ્દશતા બન્ને લઈને રહેલી છે. જ્ઞેયની મુખ્યતાથી જ્ઞાનની પર્યાયને જોવામાં આવે તો તે જ્ઞાનની પર્યાય જ્ઞેયાકારરૂપે અનેક પ્રકારની વિધવિધતાવાળી લક્ષમાં આવે છે. તે જ પર્યાયને જો જ્ઞાયકની મુખ્યતાથી જોવામાં આવે તો તે જ્ઞાયક પણ એકરૂપ છે અને જ્ઞાનની પર્યાય પણ એકરૂપ છે.

**પ્રશ્ન :** જ્ઞાનની પર્યાયની એકરૂપતામાં મને પ્રશ્ન ઉઠે છે. ક્ષયોપશમ જ્ઞાન એકરૂપ કઈ રીતે હોય શકે ? તમારો તર્ક બરોબર છે. પરંતુ જ્ઞાન ક્ષયોપશમ ભાવે હોવા છતાં એકરૂપ રહે છે. તેનું સમાધાન આ પ્રમાણે છે. આપણે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છીએ. તેટલો જ્ઞાનનો ઉઘાડ આ ભવપર્યંત જોવા મળે છે. તમે સ્પર્શેન્દ્રિય વડે જાણો કે મનના સંગે ચિંતવન કરો. તમારો જ્ઞાનનો ઉઘાડ તો સંજ્ઞી પંચેન્દ્રિયને યોગ્ય જ રહે છે. અર્થાત્ જીવ કયા સાધનનો ઉપયોગ કરે છે અથવા કોને જાણે છે તે ગૌણ છે. જ્ઞાનની પર્યાય તો પોતાના ઉઘાડ અનુસાર થયા કરે છે. દૃષ્ટાંત : મોટી સભાનો ફોટો પાડો કે ટાંચણીનો. કેમેરાની ફિલ્મ તો એકસરખી જ વપરાવાની છે. આતો ક્ષયોપશમ જ્ઞાનની વાત થઈ. ક્ષાયિક જ્ઞાન - કેવળ જ્ઞાન તો એકરૂપ જ છે. હવે એ વાત અહીં બીજી રીતે લેવામાં આવી છે.

સિદ્ધાંતમાં જ્ઞેયરૂપે શુદ્ધાત્મા લેવામાં આવે છે. તેને શ્રુતજ્ઞાન વડે જાણો કે કેવળજ્ઞાન વડે આત્માના જ્ઞાનમાં બન્ને સમાન છે. તેથી શ્રુતજ્ઞાન શબ્દમાં શ્રુતને ઉપાધી ગણી છે તેને ગૌણ કરવાથી જ્ઞાન માત્ર રહી જાય છે.

## ◆ ગાથા - ૩૫

**જે જાણતો તે જ્ઞાન, નહિ જીવ જ્ઞાનથી જ્ઞાયક બને;**
**પોતે પ્રણમતો જ્ઞાનરૂપ, ને જ્ઞાનસ્થિત સૌ અર્થ છે. ૩૫.**

***જે જાણે છે તે જ્ઞાન છે (અર્થાત્ જે જ્ઞાયક છે તે જ જ્ઞાન છે,) જ્ઞાન વડે આત્મા જ્ઞાયક છે એમ નથી. પોતે જ જ્ઞાનરૂપે પરિણમે છે અને સર્વ પદાર્થો જ્ઞાન સ્થિત છે.***

આ ગાથામાં પણ આચાર્યદેવ જ્ઞાનનું જીવથી અભિન્નપણુ દર્શાવવા માગે છે. જીવ પદાર્થ એક અખંડ સત્તા છે. ત્યાં દ્રવ્યપર્યાયરૂપ સત્તા ખ્યાલમાં લઈને જીવ જાણનાર હોવાથી જાણવાનું કાર્ય કરે છે. આ ક્રિયાને કારકના ભેદથી સમજાવી શકાય છે. કારકના ભેદમાં અહીં કર્તા અને કરણના ભેદથી વાત લેવામાં આવી છે.

જીવ જાણે છે. માટે જીવ કર્તા છે.

જીવ જ્ઞાન વડે જાણે છે માટે જ્ઞાન કરણ(સાધન) છે.

ખરેખર તો હું જીવ છું માટે જાણવાનુ કાર્ય કરું છું. એટલુ જ પર્યાપ્ત છે.

**પ્ર. જીવ જાણવાનું કાર્ય કરે છે તેમાં સાધન શું છે ?**

ઉ. ખરેખર કોઈ સાધન દર્શાવવાની જરૂર નથી કારણકે જીવ પોતે જ્ઞાયક જાણનાર છે. તે જાણનાર હોવાથી જાણવાનું કાર્ય કરે છે.

**પ્ર. જીવ જાણવાનું કાર્ય કરે ત્યારે ઈન્દ્રિય-મન વગેરે સાધન ખરા ને ?**

ઉ. સંસારી જીવ અલ્પજ્ઞ છે. તે જયારે બાહ્ય વિષયોને જાણે છે ત્યારે ઈન્દ્રિય-મન તે જ્ઞાનમાં નિમિત્ત છે. તે સમયે પણ જાણવાનું કાર્ય તો જીવ જ કરે છે. ક્રિયાના ષટ્કારકો અભેદ દ્રવ્યમાં જ લાગુ પડે છે. બે પદાર્થો વચ્ચે કર્તા કર્મપણુ ન હોવાથી બે પદાર્થ વચ્ચે કારકો પણ સંભવતા

નથી. બે પદાર્થવચ્ચેના નિમિત્ત નૈમિત્તિક સંબંધને લક્ષમાં લઈને અજ્ઞાની જીવ ત્યાં કર્તા કર્મ કહે છે. માને છે. તે અનુસાર તે ભિન્ન કારકનું વર્ણન પણ કરે છે. તે કુંભારને ઘડાનો કર્તા માને છે. તેને ભિન્ન સાધ્ય સાધન પણ માન્ય છે. મોટા ભાગના અજ્ઞાની જીવોને આવા જ ભિન્ન કારકોનો ખ્યાલ છે, અનુભવ છે. તેને અભિન્ન કારકના સ્વરૂપનો જરાપણ ખ્યાલ નથી. અજ્ઞાનીએ શરીરમાં હુંપણુ માન્યુ છે તેથી શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો જ જાણવાનું કાર્ય કરે છે એવી એની માન્યતા છે. જીવ જાણે છે એવું કહે ત્યારે પણ તેના ખ્યાલમાં ઈન્દ્રિયો કરણ અર્થાત્ સાધન છે એવી એની માન્યતા છે. તેથી તે જીવ જાણે છે. ત્યાં (કરણ) સાધન શું છે તેવો પ્રશ્ન કરે છે. ઈન્દ્રિયો જ્ઞાનમાં સાધન છે એવા જવાબની તે અપેક્ષા રાખે છે પરંતુ આચાર્યદેવ તે અભિન્ન ષટ્કારકને જ માન્ય કરે છે. તેને ષટ્કારકના ભેદમાં રસ નથી. પોતે તે ભૂમિકાને ઓળંગી ગયા છે. પરંતુ જયારે આવો પ્રશ્ન આવે છે ત્યારે જ્ઞાન ગુણને કરણરૂપે દર્શાવે છે. તેથી જીવ કર્તા અને જ્ઞાન કરણ એવો ભેદ દર્શાવે છે. ભેદ દર્શાવતા સમયે પણ તેનું અભેદપણાનું લક્ષ તો છોડતા જ નથી.

## અન્યત્વ અને પૃથક્ત્વ

અન્યત્વ અને પૃથક્ત્વ બન્નેનો અર્થ જુદાપણુ થાય છે પરંતુ તે સમાનાર્થી નથી. જિનાગમ બન્ને શબ્દોનો ચોક્કસ પ્રકારે ઉપયોગ કરે છે. બે પદાર્થોનું જુદાપણુ દર્શાવવા માટે પૃથક્ત્વ શબ્દ વાપરે છે. દરેક પદાર્થ અખંડ એકરૂપ હોવા છતાં દરેક પદાર્થ અનેકાંત સ્વરૂપ છે. અર્થાત્ દરેક પદાર્થમાં અનેક અંત અર્થાત્ ભેદ રહેલા છે. દરેક પદાર્થમાં ગુણભેદ અને પર્યાયભેદ એમ બે પ્રકારના ભેદ અવશ્ય હોય છે. અસ્તિકાયરૂપ પદાર્થોમાં તદ્ઉપરાંત પ્રદેશભેદ પણ હોય છે. પદાર્થમાં રહેલા આવા ભેદો વસ્તુના અખંડપણાને બાધા કરતા નથી. અર્થાત્ આ ભેદો વસ્તુના કટકા કરતા નથી. આવા ભેદને દર્શાવવા માટે અન્યત્વ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આવા ભેદ સર્વથા ન હોવાથી વસ્તુ કથંચિત્ ભેદરૂપ માન્ય કરવામાં આવે છે.

બે પદાર્થનું જુદાપણુ દર્શાવવા માટે અસ્તિ-નાસ્તિ એવો શબ્દ પ્રયોગ પણ કરવામાં આવે છે. જયારે એક જ પદાર્થમાં કથંચિત્ જુદાપણા માટે અતદ્ભાવ એવો શબ્દ વાપરવામાં આવે છે. 'તત્' એ સ્વભાવનું સૂચક છે. દ્રવ્યને તત્ કહીએ તો ગુણ તેનાથી કથંચિત્ જુદો હોવાથી ગુણને માટે 'અતત્' શબ્દપ્રયોગ થાય છે. અર્થાત્ ગુણ-દ્રવ્યના સ્વભાવરૂપ નથી.

## પદાર્થનું અખંડપણું

પદાર્થમાં ભેદની વાત લીધા પછી ફરીથી તેના અખંડપણાને ખ્યાલમાં લેવું રહ્યું. જયાં એક બીજા વચ્ચે અતદ્ભાવ છે. ત્યાં બધા વચ્ચે તાદાત્મ્યપણું પણ છે. પદાર્થના અખંડપણાને દર્શાવવા માટે તાદાત્મ્ય, તન્મય - અવિનાભાવ વગેરે શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આ ગાથામાં તો જીવ અને જ્ઞાન વચ્ચે કર્તા-કરણ એવા અતત્ભાવ દર્શાવીને તેનું અખંડપણુ દર્શાવવા માગે છે.

આચાર્યદેવ કર્તૃત્વ અને કરણત્વના અપૃથ-કર્તૃપણાની વાત લે છે. જીવ દ્રવ્યકર્તા અને જ્ઞાન કરણ. એ રીતે જે જ્ઞાયક છે તે જ જ્ઞાન છે એમ સમજાવે છે.

## જ્ઞાન વડે આત્મા જ્ઞાયક નથી

અન્વયાર્થમાં રહેલું આ કથન પ્રથમ દૃષ્ટિએ વિરોધાભાસી લાગે. જ્ઞાન ગુણની મુખ્યતાથી આત્માને જ્ઞાયક કહેવામાં આવે છે. આવા અનેક પ્રકારના કથનો દ્વારા આ વાત આપણે સહજપણે

માન્ય કરી છે. આત્મા અનંત ધર્માત્મક છે. તેમાં જ્ઞાન મુખ્ય છે.

જેમ સાકર એટલે ગળપણ. મરચું એટલે તીખાશ તેમ આત્મા એટલે જ્ઞાયક. આત્માની આ પ્રકારની ઓળખાણ આપણને છે. લક્ષણ દ્વારા લક્ષ્ય જણાય છે. લક્ષણ અને લક્ષ્યનું અભેદપણું છે. અહીં આચાર્યદેવ કઈ રીતે સમજાવવા માગે છે તે વિચારીએ.

વિશ્વના દરેક પદાર્થ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. દરેક પદાર્થ અનેકાંત સ્વરૂપ છે. માટે દ્રવ્યમાં અંતર્ગત અનંત ગુણો રહેલા છે. આ રીતે ''ગુણ સમુદાયો દ્રવ્યમ્'' એવી વ્યવસ્થા છે. વળી સત્ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ જ હોય છે. પદાર્થનું અખંડપણું કાયમ રાખીને તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની આ પ્રકારે વ્યવસ્થા રહેલી છે. અનંત ગુણાત્મક દ્રવ્ય છે. તેમાં દ્રવ્ય પણ ત્રિકાળ શાશ્વત છે અને ગુણો પણ ત્રિકાળ શાશ્વત છે. દ્રવ્ય મહાસત્તા છે અને ગુણો અવાંતર સત્તાઓ છે.

પદાર્થનું અખંડપણું રાખીને દ્રવ્યની અને ગુણની ત્રિકાળ સત્તા માન્ય રાખવાની છે. જયારે ત્રિકાળ સ્વભાવની વાત થાય ત્યારે તેને સ્વતઃસિદ્ધ અને અહેતુક માન્ય કરવો આવશ્યક છે. ત્યાં પરાધીનતા નથી. આ સિદ્ધાંતને લક્ષમાં રાખીએ તો દ્રવ્ય અને ગુણ બન્ને સત્ અહેતુક અને સ્વતઃસિદ્ધ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો દ્રવ્ય છે માટે તેના આશ્રયે ગુણો છે એમ નથી. વળી અનંતગુણો તે જ દ્રવ્ય છે એમ નથી. દ્રવ્ય અને ગુણ બન્ને અવિનાભાવિ છે. દ્રવ્ય વિના ગુણ નથી અને ગુણ વિના દ્રવ્ય નથી. પરંતુ એ બેની સ્વતંત્રતા પહેલા સ્થાપીને પછી તેમની વચ્ચે સંબંધ જોવાથી પદાર્થની અંતરંગ વ્યવસ્થા સાચી રીતે અને સારી રીતે સમજી શકાય છે. બન્નેની ત્રિકાળ સત્તાઓને સ્વતંત્ર સ્થાન આપ્યા પહેલા સંબંધનો વિચાર કરવાથી જાણ્યે અજાણ્યે પરાધીનતાનો ભાવ આવી જવાની શક્યતા છે.

દ્રવ્ય અને ગુણ બન્નેને સ્વતંત્ર સ્વભાવરૂપે લક્ષમાં લીધા બાદ બન્ને વચ્ચે સંબંધનો વિચાર કરીએ તો દ્રવ્ય મહાસત્તારૂપે અને ગુણો અવાંતર સત્તારૂપે ખ્યાલમાં આવશે. આ દ્રવ્યના આ ગુણો છે અને આ ગુણો આ દ્રવ્યના આધારે રહેલા છે એવો ખ્યાલ આવશે. ગુણના સ્વભાવને એક સ્વભાવ કહીએ તો દ્રવ્યના સ્વભાવને બહુસ્વભાવી એક કહેવું પડે. દ્રવ્યને દ્રવ્યની પર્યાય છે તેમ ગુણને ગુણની પર્યાય છે. બન્નેના સ્વભાવ અલગ છે માટે બન્નેના પરિણામો પણ અલગ છે.

આ અતદ્ભાવને લક્ષમાં લીધા પછી પદાર્થની એક સત્તા લક્ષમાં રાખીને તેના પરિણામનો વિચાર કરીએ ત્યારે દ્રવ્ય કર્તા અને ગુણ કરણ એવા ભેદ પડે છે.

ટીકામાં આચાર્યદેવ બે દૃષ્ટાંત આપે છે. અગ્નિ અને ઉષ્ણતા. ત્યાં એક સત્તા બીજા છે. દૃષ્ટાંતમાં દેવદત્ત દાતરડા વડે ઘાસ કાપે છે ત્યાં ઘાસ કાપનાર (કર્તા) દેવદત્ત છે અને દાતરડું તેમાં કરણ સાધન છે. ત્યાં દેવદત્ત અને દાતરડું બે જુદા પદાર્થો છે. જીવ અને જ્ઞાન માટે અગ્નિ અને ઉષ્ણતા લાગુ પડે છે. જીવ અને જ્ઞાનની એક જ સત્તા છે.

દેવદત્ત દાતરડા વડે ઘાસ કાપે છે. જો દાતરડું બીજાના હાથમાં આવે તો તે ઘાસ કાપવા લાગે. જીવ અને જ્ઞાન જો જુદા પદાર્થો હોય તો જ્ઞાન જેની સાથે જોડાય તે જાણવાનું કામ કરવા લાગે. તો અચેતન પદાર્થો ટેબલ વગેરે પણ જાણવા લાગે. પરંતુ તેમ તો કયારેય થતું નથી તેથી જીવ અને જ્ઞાન જુદા નથી.

વળી બીજી રીતે વિચારીએ. જીવમાં જ્ઞાન ન હોય તો જીવ જાણવાનું કામ ન કરી શકે. વળી જ્ઞાન

એક ગુણ છે. તે દ્રવ્યના આધારે જ રહે છે. જો જ્ઞાનને જીવનો આધાર ન હોય તો જ્ઞાન ટકી શકે જ નહીં. તેથી પણ જાણવાનું કાર્ય થઈ શકે નહીં માટે જીવ અને જ્ઞાન એક જ પદાર્થ છે એ વાત માન્ય કરવી.

## જ્ઞાન સ્થિત સૌ અર્થ છે.

આ વાત આગળ આવી ગઈ છે. જ્ઞેય જ્ઞાયક સંબંધથી જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય છે. તેમાં નિમિત્ત જ્ઞેયની સમયવર્તી પર્યાય છે. તે જ્ઞેયની પર્યાયને અને જ્ઞેયને કર્તા કર્મ સંબંધ છે કારણકે એક જ પદાર્થ છે. આ રીતે જ્ઞેયાકાર પર્યાયના કારણ (નિમિત્ત)નું કારણ જ્ઞેય હોવાથી જ્ઞેય પણ જાણે કે જ્ઞાનમા આવી ગયા હોય એવું કાર્ય થાય છે માટે વિશ્વના પદાર્થો જ્ઞાન સ્થિત ગણવામાં આવે છે.

## ◆ ગાથા - ૩૬

**છે જ્ઞાન તેથી જીવ, જ્ઞેય ત્રિધા કહેલું દ્રવ્ય છે;**
**એ દ્રવ્ય પર ને આતમા, પરિણામસંયુત જેહ છે. ૩૬.**

***તેથી જીવ જ્ઞાન છે. અને જ્ઞેય ત્રિધા વર્ણવવામાં આવેલું (ત્રિકાળ સ્પર્શી) દ્રવ્ય છે (એ જ્ઞેયભૂત) દ્રવ્ય એટલે આત્મા (સ્વાત્મા) અને પર કે જેઓ પરિણામવાળા છે.***

આ ગાથામાં આચાર્યદેવ નીચે પ્રમાણેના સિદ્ધાંત દર્શાવવા માગે છે.

૧) જીવ જ્ઞાન સ્વભાવી છે. જ્ઞાન અને અભેદપણે જીવ પરદ્રવ્યને જાણે છે. આ વાત પહેલાની ગાથાઓમાં સિદ્ધ કરવામાં આવી છે.

૨) જ્ઞેય આખું વિશ્વ છે. વિશ્વમાં પોતાનો આત્મા અને પરદ્રવ્ય બન્ને આવી જાય છે.

૩) વિશ્વના બધા પદાર્થો સત્‌મય છે. સત્‌ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ જ છે. તેથી આ નિયમ સ્વ-પર બધાને લાગુ પડે છે.

૪) દ્રવ્ય પોતે પર્યાયનું કર્તા છે. પર્યાય પોતે કર્તા થઈને પર્યાયને કરતી નથી.

૫) બૌદ્ધ માને છે એવા સર્વથા ક્ષણિક પદાર્થો પણ વિશ્વમાં નથી.

૬) વેદાંતી માને છે એવા સર્વથા નિત્ય પદાર્થો પણ વિશ્વમાં નથી.

૭) નૈયાયિકો-સાંખ્ય એવું માને છે કે દ્રવ્ય પોતાના પરિણામને નથી કરતું પણ એક દ્રવ્ય અન્ય દ્રવ્યના પરિણામને જ કરે છે. પોતે પોતાનામાં કાંઈ કરી શકતું નથી. માટી ઘડારૂપે સ્વયં નથી થતી પરંતુ કુંભાર ઘડાને કરે છે એ ન્યાયે જ્ઞાન માત્ર પરને જ જાણે છે જ્ઞાન પોતાને નથી જાણતું એવું માને છે. પરંતુ એ માન્યતા ખોટી છે. દરેક પદાર્થ પોતાના પરિણામને જ કરે છે. જેવો સ્વભાવ છે તે અંતર્ગત બધા પરિણામ થઈ શકે છે. એક દ્રવ્ય અન્ય દ્રવ્યના પરિણામને કયારેય કરી શકે નહીં.

નૈયાયિકોના ઘડાના દૃષ્ટાંતની સામે દીપકનો દૃષ્ટાંત લઈએ તો દીપકની જયોત જે પરને પ્રકાશે છે તે જ જયોત પોતાને (દીપકને) પણ પ્રકાશે છે. માટે નૈયાયિકોની માન્યતા ખોટી છે. જ્ઞાનની પર્યાય પોતાને નથી જાણતી એવું માનવામાં મોટો દોષ પણ આવે છે. એક દ્રવ્યના પરિણામ બીજા દ્રવ્યથી (દ્રવ્યના આધારે) થાય છે એવું માનવા જતાં તે બીજાના પરિણામ પણ કોઈ ત્રીજા દ્રવ્યના આધારે માનવા પડશે. એ રીતે માનવા જતાં અન્‌ અવસ્થા દોષ આવશે.

૮) દરેક પદાર્થ શાશ્વત છે. પદાર્થ પર્યાય વિના હોતા નથી તેથી પરિણામ વિભાગ પણ અનાદિ અનંત કાળનો છે. આ રીતે અનાદિથી અનંત કાળની અનંત પર્યાયોને વર્તમાન, ભૂતકાળ અને ભવિષ્યકાળ એમ ત્રણ કાળમાં વિભાજીત કરીને એ રીતે પદાર્થ પર્યાય અપેક્ષાએ ભૂત-વર્તમાન-ભાવીરૂપ છે એમ ત્રણ પ્રકારે વર્ણવી શકાય છે. પદાર્થ દ્રવ્ય-ગુણ પર્યાયરૂપ અથવા

ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ એ રીતે પણ ત્રણ પ્રકારે વર્ણવી શકાય પરંતુ અહીં એ અપેક્ષા લાગુ પડતી નથી. હવે પછીની ગાથાઓમાં ભૂતકાળ-વર્તમાન અને ભવિષ્ય એ રીતે જ એનો વિસ્તાર લેવામાં આવ્યો છે.

ટીકાકાર આચાર્યદેવ સૌ પ્રથમ જીવ જ્ઞાન સ્વભાવી છે એમ દર્શાવે છે અન્ય અચેતન દ્રવ્યોમાં જ્ઞાનત્વ નથી. જ્ઞેયત્વ છે. જ્ઞેયભૂત દ્રવ્યોને સ્વ અને પર એવા બે પ્રકારે જોઈ શકાય છે. દ્રવ્ય પોતે ત્રિકાળ એકરૂપ રહેનાર છે. આ અપરિણામી દૃષ્ટિ કાયમ રાખીને દરેક દ્રવ્ય પરિણામ તરફથી જોતા અનાદિથી અનંત કાળમાં અનંત ક્ષણિક પર્યાયરૂપે થાય છે. દ્રવ્ય પર્યાયરૂપ અવશ્ય હોય છે. દ્રવ્યની તે પર્યાયને વર્તમાન પર્યાય ગણીએ તો ભૂતકાળમાં અનંત પર્યાયો વીતી ચૂકી છે અને એ દ્રવ્યમાં ભવિષ્યકાળમાં અનંત પર્યાયો થવાની છે. આ રીતે દરેક પદાર્થને તેની ત્રણ કાળને સ્પર્શનારી પર્યાયોનો અવશ્ય હોય છે. મૂળ ગાથાના ભાવને અનુસરીને આ પ્રકારે વિસ્તાર કર્યા બાદ આચાર્યદેવ જીવના જ્ઞાનત્વ અને જ્ઞેયત્વ બન્ને ધર્મોને લક્ષમાં રાખીને વિશેષ સ્પષ્ટતા કરે છે.

## અન્યમતીની માન્યતા

આચાર્યદેવ પ્રશ્ન અને ઉત્તરરૂપે નૈયાયિક વગેરેની માન્યતા પ્રશ્નરૂપે રજુ કરીને ઉત્તરમાં તેનું સમાધાન કરે છે. જીવ પોતાને જાણતો નથી એવી તેની માન્યતા છે. તેવી માન્યતાના મૂળમાં એવું છે કે તેને દરેક પદાર્થની ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ વ્યવસ્થાનો સ્વીકાર નથી. તે પદાર્થને સર્વથા કૂટસ્થ નથી માનતો. તે પરિણામનો સ્વીકાર કરે છે પરંતુ એક દ્રવ્ય અન્ય દ્રવ્યનું કાર્ય કરે એવું માને છે. તેની માન્યતા મુજબ દરેક પદાર્થના પરિણામનું કાર્યક્ષેત્ર પરદ્રવ્યમાં છે પરંતુ તેની તે માન્યતા ખોટી છે. અજ્ઞાની જીવોને આવી અનેક પ્રકારની માન્યતા કેવી રીતે થાય છે તે સમજવાનો સૌ પ્રથમ પ્રયાસ કરવો જરૂરી છે. તે યોગ્ય રીતે ખ્યાલમાં આવે તો જ આચાર્યદેવ તેનું સમાધાન કઈ રીતે કરે છે તે સમજી શકાશે.

## માન્યતા - ૧

કુંભાર ઘડો બનાવે છે માટી સ્વયં પોતાની મેળે ઘડારૂપ ન થાય એવી એની માન્યતા છે. માટી લાખ વર્ષ સુધી પડી રહે તોપણ તેમાંથી ઘડો ન થાય એવો બધાનો અનુભવ છે. તેથી અજ્ઞાનીનું અજ્ઞાન ચાલુ રહે છે. જ્યાં સુધી કર્તાકર્મપણુ અને નિમિત્ત નૈમિત્તિક સંબંધ વચ્ચેનો તફાવત ખ્યાલમાં ન આવે ત્યાં સુધી તેનું સમાધાન શક્ય નથી. તેણે વિચારવું જોઈએ કે કુંભારને બરોબર ખ્યાલ છે કે માટી જ ઘડારૂપે થઈ શકે. માટે તો તે ઘડો બનાવવા માટે જમીન ખોદીને ઘડાને યોગ્ય માટી લઈ આવે છે. તેને બરોબર ખ્યાલ છે કે ઘડામાં આદિ-મધ્ય-અંતમાં માટી જ વ્યાપે છે. કુંભાર પોતે ઘડારૂપ થતો નથી. કાપડમાંથી લેંઘો બને. સોનામાંથી હાર બને. એ રીતે દરેક પદાર્થ પોતાની ઉપાદાન શક્તિ અનુસાર પરિણમે છે પરંતુ જેની નિમિત્ત આધીન દૃષ્ટિ છે તે નિમિત્ત જ ઉપાદાનમાં જઈને કામ કરે છે એવું માનવા લાગે છે. નિયમભૂત નિમિત્ત નૈમિત્તિક સંબંધને કર્તાકર્મ માનવાની ભૂલ થાય છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ સમયે પણ બન્ને દ્રવ્યો સ્વતંત્રપણે પરિણમીને એકબીજા સાથે સંબંધમાં આવે છે એ સત્‌નો તેને સ્વીકાર નથી. કુંભારને ઘડો બનાવવાની ઈચ્છા તે અનુસાર નિમિત્ત નૈમિત્તિક સંબંધ અને તે પ્રમાણે માટીમાં ઘડારૂપી નૈમિત્તિક કાર્ય થાય છે એવી અજ્ઞાની માન્યતા છે. તે માટીનું તે સમયે સ્વતંત્રપણે ઘડારૂપનું કાર્ય થાય છે એવું માનતો નથી.

સારૂં કામ થાય ત્યારે જશ લેવાની તૈયારી હોય તો બાહ્યમાં સારૂં કાર્ય ન થાય અને ખરાબ

થાય ત્યારે જવાબદારી લેવા તૈયારી ન થાય એ યોગ્ય નથી. દર્દી સાજો થાય ત્યારે મેં સાજો કર્યો એવું જો ડૉકટર કહેવા માગે તો દર્દી સાજો ન થાય ત્યારે અન્ય કારણોની વાત કરાય નહીં. ખરેખર તો દર્દી સાજો માંદો પોતાની યોગ્યતા અનુસાર થાય છે અને એમાં નિમિત્ત તો વેદનીય કર્મ છે.

## માન્યતા - ૨

પદાર્થ પોતાના પરિણામને કરે અને તે પરિણામની અસર અન્ય દ્રવ્યમાં થાય છે પોતાનામાં નહીં એવી પણ એક વ્યાપક માન્યતા છે. તેવી માન્યતા થવાના કારણો છે. તેવા દૃષ્ટાંતો પણ મોજુદ છે. કુંભાર ઘડો બનાવવાની ઈચ્છા કરે ત્યારે ખરૂં કામ તો માટીમાં થવાનું છે. શરીરની અનેક પ્રકારની ક્રિયાની ઈચ્છા જીવ કરે છે અને કાર્ય શરીરમાં થાય છે. વળી ચાર અરૂપી દ્રવ્યોનો વિચાર કરીએ ત્યારે તે દરેકના અસાધારણ ધર્મો અનુસારનું કાર્ય બહારમાં જ થાય છે. આકાશ અન્ય સમસ્ત દ્રવ્યોને અવગાહન આપે છે. ધર્માસ્તિકાય અનુસાર જીવ-પુદ્‌ગલ ક્ષેત્રથી ક્ષેત્રાંતર કરે છે. આ રીતે જે પોતાના પરિણામ પોતે કરે છે એ વાતનો સ્વીકાર કરે ત્યારે પણ એ પરિણામનું કાર્યક્ષેત્ર તો પરદ્રવ્ય જ છે એવી એની માન્યતા છે. દરેક પદાર્થ પોતે સ્વતંત્રપણે પરિણમે પછી જ નિમિત્ત નૈમિત્તિક સંબંધ લાગુ પડે છે તે સિદ્ધાંતનો સ્વીકાર કરે તો જ તેને મનનું સમાધાન થાય છે. જીવ-પુદ્‌ગલ પોતાની ગતિક્રિયારૂપ ઉપાદાન અનુસાર ગતિ કરે છે ત્યારે ધર્માસ્તિકાય નિમિત્ત કહેવાય છે. અન્ય દ્રવ્યો સ્વયંગતિ નથી કરતાં તો ધર્માસ્તિકાય તેમાં નિમિત્ત નથી. ધર્માસ્તિકાય એ દ્રવ્યોને ગતિ કરાવી શકતું નથી. આપણે અગ્નિથી દાઝી જઈએ ત્યારે જીવ અને શરીર બન્ને એક જ ક્ષેત્રે સાથે જ છે. શરીર દાઝે છે જીવ દાઝતો નથી. એક શિક્ષક વર્ગના ૩૫ વિદ્યાર્થીઓને શીખવે છે પરંતુ બધા વિદ્યાર્થીઓને એક સરખું જ્ઞાન થતું નથી. દરેક વિદ્યાર્થી પોતાની યોગ્યતા અનુસાર જ શીખે છે. શિક્ષક તો નિમિત્ત માત્ર છે. તેનું અન્ય ઉપાદાનમાં કાંઈ ઉપજતું નથી.

ટીકામાં શિષ્યનો પ્રશ્ન આ પ્રમાણે છે. પોતામાં ક્રિયા થઈ શકવાનો વિરોધ હોવાથી આત્માને સ્વજ્ઞાયકપણુ કઈ રીતે ઘટે છે ? આપણે તૈયાર કરેલી પૂર્વભૂમિકાને કારણે આ પ્રશ્ન કઈ રીતે ઉદભવે છે તે સારી રીતે સમજાયું હશે પ્રશ્નને બે ભાગમાં જોઈએ.

૧) પોતામાં ક્રિયા થવાનો વિરોધ અર્થાત્ દ્રવ્ય પોતાના પરિણામને ન કરી શકે એવી માન્યતા. પોતે પરના કાર્ય કરી શકે પણ પોતાનું કાર્ય ન કરી શકે એવી માન્યાતા.

૨) જીવ જાણવાનું કાર્ય કરીને પરદ્રવ્યને જાણે પરંતુ પોતાને ન જાણે અર્થાત્ પોતે જે પરિણામને કરે છે તેનું કાર્યક્ષેત્ર પરમાં છે. ધર્માસ્તિકાય વત્.

આપણને હવે ખ્યાલ આવશે કે તે બન્ને બાબત ખોટી છે માટે તે પ્રશ્ન જ અસ્થાને છે. જીવ જાણનાર હોવાથી જાણવાનું કાર્ય કરે છે અને સ્વ-પર બધું જાણે છે. આચાર્યદેવ આ પ્રશ્નનો ઉત્તર આપતા સામો પ્રશ્ન કરે છે આચાર્યદેવની શૈલી સમજવા જેવી છે. (ઉત્તર) કઈ ક્રિયા અને કયા પ્રકારનો વિરોધ ? આ રીતે પ્રશ્ન કરીને પોતે જ તેની ચોખવટ કરીને છણાવટ કરે છે.

જીવની વાત ચાલે છે માટે ત્યાં બે પ્રકારની ક્રિયાની વાત કરે છે. એક ઉત્પત્તિરૂપ અને અન્ય જ્ઞપ્તિરૂપ. તેમાં સૌ પ્રથમ ઉત્પત્તિરૂપ ક્રિયાની વાત લે છે અને તેમાં વિરોધ કયા પ્રકારનો આવે છે તે સમજાવે છે. દરેક દ્રવ્ય પોતાની પર્યાયને કરે છે. એવી વ્યવસ્થા છે પરંતુ અજ્ઞાનીને તે વાત માન્ય

નથી. જીવ જાણનાર છે માટે જાણવાનું કાર્ય કરે છે. તે વાત તો હવે પછી જ્ઞપ્તિ ક્રિયામાં લેશે.

અજ્ઞાની બે પ્રકારે ઉત્પત્તિ ક્રિયા માને છે જે બન્ને મિથ્યા છે. કોઈ માને છે કે પર્યાય પર્યાયને કરે છે. સમયસારમાં જયાં સાંખ્યમતની વાત લીધી છે. ગા. ૩૩૨ થી ૩૪૪ ત્યાં આની ઘણી સ્પષ્ટતા કરવામાં આવી છે. જીવ પોતાના રાગના પરિણામનો કર્તા છે તે ન માને અને કર્તાપણાનો સ્વીકાર એવી રીતે કરે કે દ્રવ્ય દ્રવ્યને કરે છે તો તે વાત ખોટી છે. ત્રિકાળ સ્વભાવમાં કાંઈ કરવાપણુ નથી. તે સ્વતઃસિદ્ધ છે. તે કાર્ય નથી. માટે દ્રવ્ય દ્રવ્યને કરે એમ કહેવું વ્યર્થ છે. વળી જીવના અસંખ્ય પ્રદેશોમાં પણ કાંઈ વધઘટ થતી નથી. તેથી ત્યાં પણ કાંઈ કરવાપણું નથી.

શાસ્ત્રમાં એક સમયની પર્યાયને પણ કોઈ અપેક્ષાએ સત્ અહેતુક દર્શાવી છે. પર્યાય દ્રવ્યથી નિરપેક્ષ નથી પરંતુ ત્રિકાળ ઉપાદાન કાયમ રાખીને એક સમયની પર્યાયને સ્વતંત્ર દર્શાવવામાં આવે. સોનામાંથી અનેક જાતના ઘાટ થાય એ કાયમ રાખીને વર્તમાનમાં તેમાંથી હાર જ કેમ થયો તેનો જવાબ તો તત્ સમયની યોગ્યતાથી જ આપી શકાય છે. તે સમયે હાર જ થાય એવી એની સ્વતંત્રતા દર્શાવવામાં આવે તેને સાચા અર્થમાં ન સમજતાં પર્યાયના ષટ્કારક પર્યાયમાં છે. દ્રવ્યને અપરિણામી માને. તેને ફૂટસ્થ માનીને દ્રવ્ય ન પરિણમે, જે પરિણમે તે પર્યાય છે એવું માનીને પર્યાય પર્યાયને કરે છે એમ કહે છે. પરંતુ પર્યાય પોતે કાર્ય છે માટે તે કર્તા ન હોય શકે. આ રીતે દ્રવ્ય દ્રવ્યને કરે છે અથવા પર્યાય પર્યાયને કરે છે એવી બન્ને વાતમાં દેખીતો વિરોધ રહેલો છે. માટે જીવમાં કે કોઈપણ દ્રવ્યમાં આ પ્રકારની ઉત્પત્તિરૂપ ક્રિયાનો નિષેધ કરવામાં આવે છે. તેથી જીવમાં પણ એવી ક્રિયા થતી નથી.

## જ્ઞપ્તિ ક્રિયા

જીવ જાણવાની ક્રિયા કરે છે. તે સ્વભાવભૂત છે. જેમ દીપકનો પ્રકાશ સ્વ-પર બધાને પ્રકાશે છે તેમ જ્ઞાન પણ સ્વ-પર બધાને જાણે છે. જીવ જાણવાની ક્રિયા કરે છે અને તે પોતાની તે જ્ઞાન ક્રિયાને જાણે છે. તે જ્ઞાનની પર્યાયનો વિષય કોઈ પદાર્થ અવશ્ય હોય છે તેથી તે જ્ઞેયને પણ જાણે છે. જ્ઞપ્તિ ક્રિયા જ્ઞાયક સ્વભાવ વિના હોય નહીં. જ્ઞપ્તિ જણાય છે માટે તે જ્ઞાયકની પ્રસિદ્ધિ અવશ્ય કરે છે પરંતુ અજ્ઞાની જ્ઞેય લુબ્ધ જીવને જ્ઞાયકની પડી નથી તેથી તે જ્ઞાનની પર્યાય કયાંથી આવી તેનો વિચાર કરવાને બદલે તે જ્ઞાનની પર્યાય જે પરજ્ઞેયને જાણે છે તે જ્ઞેયને ભોગવવા લાગી જાય છે. તેથી અજ્ઞાની સ્વને નથી જાણતો. જ્ઞાનીને નિર્વિકલ્પ દશા સમયે પોતાનો આત્મા ઉપયોગાત્મકપણે જણાય છે. જ્ઞાની સવિકલ્પદશા સમયે આ જ્ઞાયક તે હું છું અને જે અન્ય જણાય છે તે મારાથી ભિન્ન છે એમ જાણે છે તેથી સવિકલ્પદશામાં પણ જ્ઞાયકને (લબ્ધરૂપે) જાણે છે. આ રીતે જ્ઞાન સ્વ અને પર બધું જાણે છે.

જીવ અને પરદ્રવ્ય સ્વભાવ અપેક્ષાએ જુદા જ છે. તેમની વચ્ચે સંબંધ નથી. બન્નેને પરિણામ તરફથી જોતા એકબીજા વચ્ચે સંબંધ છે. જીવ જ્ઞાનરૂપે પરિણમે છે. જીવ જાણવા માગે છે. પરદ્રવ્યમાં પ્રમેયત્વ ગુણ છે. જ્ઞેયત્વ છે. તે પરદ્રવ્ય પોતાનું સ્વરૂપ જ્ઞાનને જણાવવા માગે છે. આ રીતે જીવ જાણવા માગે છે અને પરદ્રવ્ય પોતાનું સ્વરૂપ જણાવવા માગે છે. આ રીતે તે બન્નેમો મેળ વિશેષ છે. માટે જ્ઞેય જ્ઞાયક સંબંધ થાય છે. જ્ઞેય જ્ઞાયક સંબંધમાં પરસ્પર સાપેક્ષતા છે. તે અપેક્ષાએ જ્ઞાનને જ્ઞેયનું અવલંબન અને જ્ઞેયને જ્ઞાનનું અવલંબન ગણવામાં આવે છે. તે પદાર્થની સ્વતંત્રતા કાયમ રાખીને સંબંધની મુખ્યતાથી આ રીતે સાપેક્ષતા દર્શાવવામાં આવે છે.

## ◆ ગાથા - ૩૭

**તે દ્રવ્યના સદ્ભૂત-અસદ્ભૂત પર્યાયો સૌ વર્તતા,**
**તત્કાળના પર્યાય જેમ, વિશેષપૂર્વક જ્ઞાનમાં. ૩૭.**

***તે (જીવાદિ) દ્રવ્ય જાતિઓના સમસ્ત વિદ્યમાન અને અવિદ્યમાન પર્યાયો, તત્કાળિક (વર્તમાન) પર્યાયોની માફક, વિશિષ્ટતાપૂર્વક (પોત પોતાના ભિન્ન ભિન્ન સ્વરૂપે) જ્ઞાનમાં વર્તે છે.***

ઈન્દ્રિય જ્ઞાન તો જે વિષય ઈન્દ્રિય પ્રત્યક્ષ હોય તેને જ જાણી શકે છે. આ રીતે તે જ્ઞાન માત્ર વર્તમાનને જ જાણે છે. પરમાત્માનું ક્ષાયિક જ્ઞાન વિશ્વના સમસ્ત પદાર્થોને તેના ત્રણ કાળના પરિણામો સહિત જાણે છે. ભૂતકાળ અને ભવિષ્યના પર્યાયો વર્તમાનમાં વિદ્યમાન નથી. પર્યાય ક્ષણિક છે. ભૂતકાળની પર્યાયનું ક્ષણિક સત્ વીતી ચૂકયું છે. જયારે ભવિષ્યની પર્યાય તો પ્રગટ જ નથી થઈ. અહીં એ પ્રશ્ન ઊઠે છે કે જ્ઞાન સત્‌ને તો જાણી શકે પરંતુ જે અસત્ અવિદ્યમાન હોય તેને કેવી રીતે જાણી શકે ? આચાર્યદેવ તેનું સમાધાન આ ગાથામાં કરાવવા માગે છે કે જ્ઞાન તે બધું જાણી શકે છે.

ભૂત અને ભવિષ્યની પર્યાય કેમ જાણે વર્તમાનમાં વિદ્યમાન હોય એ રીતે જ્ઞાન જાણે છે. અહીં એક વાત સ્પષ્ટ કરી લઈએ કે ત્રણ કાળની પર્યાયો તો ત્રણ કાળમાં ફેલાયેલી છે. તે પર્યાયો વર્તમાનમાં આવતી નથી. પ્રાક્ અભાવ અને પ્રધ્વંસ અભાવને લક્ષમાં લેતાં એ વાત ખ્યાલમાં આવે છે. અહીં તો જ્ઞાન ભૂત-ભાવિની પર્યાયોને કેવી રીતે જાણે છે તે વાત લેવી છે. આપણને ઈન્દ્રિય જ્ઞાનમાં વર્તમાનને જાણવાની ટેવ છે. તેથી અહીં કહે છે કે ભૂત અને ભાવિની પર્યાયો કેમ જાણે વર્તમાનમાં વિદ્યમાન હોય એ રીતે જ્ઞાન તેને જાણી લે છે.

બધી પર્યાયો વર્તમાન વત્ જણાય છે એનો એવો અર્થ નથી કે બધી પર્યાયો એકમેક થઈ જાય છે. બધી પર્યાયો પોતાની વિશિષ્ટતા એવીને એવી જાળવે છે. તેથી જ્ઞાનમાં બધું ભેગું થાય ત્યાં પણ અર્થાત્ જ્ઞાનમાં કાંઈ શંભૂમેળો નથી થતો. જ્ઞાન બધા પરિણામોને તેમની વિધવિધતાપૂર્વક જાણે છે. આ રીતે આ બે પ્રકારે જ્ઞાન પદાર્થોની પર્યાયોને જાણે છે.

૧) હવે આચાર્યદેવ યુક્તિ દ્વારા સમજાવે છે. તેમાં સૌ પ્રથમ અનુમાન જ્ઞાનની વાત કરે છે. ઈન્દ્રિય જ્ઞાન તો માત્ર વર્તમાનને જ વિષય કરે છે. તેની સરખામણીમાં મનના સંગે ભૂત અને ભવિષ્યને પણ જાણી શકાય છે. ભૂતકાળમાં જોયેલા ગામ, મકાન, જોવાલાયક સ્થળો, વ્યક્તિ વગેરેને આપણે મન વડે ખ્યાલમાં લઈએ છીએ. વળી પ્રત્યભિજ્ઞાન વડે વર્ષો પહેલા જોયેલી વ્યક્તિને આપણે ઓળખી જઈએ છીએ. અનુમાન જ્ઞાન વડે ભવિષ્યને પણ જાણી શકીએ છીએ. આપણી ત્રણ પેઢી પછી જે બાળક જન્મશે તેને બે હાથ, બે પગ વગેરે હશે એમ નિઃશંકપણે કહી શકીએ છીએ. સારા ચિત્રકારો નાના બાળકના ફોટા ઉપરથી તે ૨૧ વર્ષનો જુવાન થાય ત્યારે કેવો લાગશે તેનું ચિત્ર બનાવી શકે છે. નાના બાળકરૂપે વાર્તા સાંભળતા સમયે આપણે રાજા અને રાણીના માનસિક ચિત્રો અવશ્ય ઊભા કરતા હતા. આ રીતે મનના સંગે પૂર્વે દૃષ્ટ અથવા અદૃષ્ટ બધાને જાણી શકાય છે. આપણા અધૂરા જ્ઞાનમાં પણ ભૂત-ભાવિના પર્યાયો જાણી શકાય છે. તો પછી કેવળજ્ઞાનમાં તો તે બધા અવશ્ય જણાય એની હા આવે છે.

૨) જ્ઞાન ચિત્રપટ સમાન છે. અહીં આચાર્યદેવ ચિત્રપટનો દૃષ્ટાંત આપે છે. ત્રણ કાળના પદાર્થો ચિત્રપટ ઉપર ભેગા થઈ શકે છે. ત્રણ ચોવીસીના ભગવાન એક ચિત્રપટ ઉપર અથવા એક વેદી ઉપર બિરાજમાન થઈ શકે છે. એવું જ અરીસામાં એકી સાથે દેખાય છે અને તેનો

ફોટો પણ પાડી શકાય છે. આ રીતે ભૂત અને ભાવિના પદાર્થો વર્તમાનવત્ ચિત્રપટ-અરીસો-ફોટો વગેરેમાં દેખાય છે તે જ પ્રમાણે આ બધું જ્ઞાનમાં એકી સાથે જાણી શકાય છે.

૩) વળી સર્વ જ્ઞેયાકારોનું તાત્કાળિકપણું (વર્તમાનપણું) અવિરુદ્ધ છે. આ વાક્ય વાંચીએ ત્યારે આશ્ચર્ય જરૂર થાય. પહેલા અનુમાન જ્ઞાનનો આધાર આપ્યો. પછી જ્ઞાનના સામર્થ્યનો ચિતાર આપ્યો અને ચિત્રપટના દૃષ્ટાંતે તે યુક્તિપૂર્વક સમજાવ્યું. પરંતુ જયારે તે વાત વિશ્વના પદાર્થોમાં (જ્ઞેયમાં) લાગુ પાડવાની વાત આવે ત્યારે ત્રણ કાળના પરિણામો વર્તમાનમાં તો વિદ્યમાન ન જ હોય. અહીં તેનું વર્તમાનપણુ અવિરુદ્ધ છે એમ કહે છે ત્યારે તે કઈ રીતે કહેવા માગે છે તે જાણવાનો પ્રયત્ન કરવો આવશ્યક બની જાય છે.

પદાર્થની મૂળભૂત વ્યવસ્થાને સમજવાનો પ્રયત્ન કરીએ ત્યાં તેનું સમાધાન છે. સ્વભાવમાં ત્રિકાળિક સામર્થ્ય છે એવું આપણે સમજીએ છીએ એટલે કે દરેક પદાર્થમાં પોતાના અનાદિથી અનંત કાળના પર્યાયને પહોંચી વળવાનું સામર્થ્ય છે. દરેક પદાર્થ સ્વથી એકત્વ અને પરથી વિભક્ત હોવાથી એક પદાર્થ અન્ય પદાર્થમાં કાંઈ કરી શકતો નથી. દરેક પદાર્થ પોતાના સ્વભાવને ટકાવીને સ્વભાવ અંતર્ગત પોતાની ખૂબીઓને સમયે સમયે દર્શાવે છે. આ વાત યથાર્થપણે ખ્યાલમાં આવે પછી આપણે એ નિર્ણય કરવાનો છે કે પદાર્થના પરિણામો આયોજનપૂર્વકના છે કે અવ્યવસ્થિત. પરિણામો અવ્યવસ્થિત છે એવું આપણે સાબિત કરી શકતા નથી પરંતુ અકસ્માત-આપઘાત વગેરેનો વિચાર કરીએ ત્યારે ઓચિંતુ-અણધાર્યું પણ બની શકે એવું આપણને લાગે છે. ભૂતકાળના પરિણામો તો થઈ ગયા છે તેથી તેનો વિચાર નકામો છે.

ભવિષ્યના પરિણામ અનિશ્ચિત છે એવું માનનારને સંયોગાધીન દૃષ્ટિ છે એવો ખ્યાલ આવે. જો સંયોગ સાથે સંબંધ ન હોય, બધા પદાર્થો સ્વતંત્રપણે જ પરિણમે છે એવો વિશ્વાસ હોય તો પરિણામની અનિશ્ચિતતાનું કોઈ કારણ રહેતું નથી. દરેક પદાર્થ સ્વતંત્રપણે પરિણમીને જ એકબીજા સાથે સંબંધમાં આવે છે. બીજો મોટો પ્રશ્ન પુરુષાર્થ અંગે રહે છે. બધા પરિણામ ક્રમબદ્ધ માની લેવામાં આવે તો પુરુષાર્થને અને જ્ઞાનીઓના ઉપદેશને કયાં સ્થાન રહે એવો મોટો પ્રશ્ન બધાને મૂંઝવે છે. બીજે છેડે જોઈએ તો સર્વજ્ઞના જ્ઞાનમાં બધા પદાર્થોમાં ભવિષ્યમાં કઈ પર્યાય કયા રૂપે થવાની છે તેની જાણકારી છે. સર્વજ્ઞના જ્ઞાન સામે જોવા જઈએ તો ભવિષ્યની પર્યાયોની અનિશ્ચિતતાની વાત ટકતી નથી.

આ રીતે વિચારતા વિશ્વના દરેક પદાર્થમાં પોતાના અનાદિથી અનંતકાળ સુધીના પરિણામોનું આયોજન છે. તે આયોજન (પ્રમેયત્વગુણ દ્વારા) જ્ઞાન જાણી લે છે. પદાર્થમાં આ આયોજન વર્તમાનમાં પણ જોવા મળે છે. દૃષ્ટાંતઃ- પંચ કલ્યાણક મહોત્સવમાં આઠ દિવસના પ્રોગ્રામનું આયોજન પહેલેથી કરી રાખવામાં આવે છે. પ્રસંગ શરૂ થાય ત્યારે તે મુજબ થશે પરંતુ આયોજન તો બે મહિના પહેલા થઈ ગયું હોય છે. આ રીતે ભૂત-ભાવિના પર્યાયોનું આયોજન વર્તમાનમાં પ્રમેયત્વ ગુણ દ્વારા જાણી શકાય છે. આ રીતે ત્રણ અપેક્ષા લઈને આચાર્યદેવે પરમાત્માનું જ્ઞાન ભૂત-ભાવિની પર્યાયને જાણે છે તેમ સિદ્ધ કરે છે.

### ◆ ગાથા - ૩૮

**જે પર્યયો અણજાત છે, વળી જન્મીને પ્રવિનષ્ટ જે,**
**તે સૌ અસદ્ભૂત પર્યયો પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. ૩૮.**

***જે પર્યાયો ખરેખર ઉત્પન્ન થયા નથી, તથા જે પર્યાયો ખરેખર ઉત્પન્ન થઈને નાશ પામી ગયા છે. તે અવિદ્યમાન પર્યાયો જ્ઞાન પ્રત્યક્ષ છે.***

અવિદ્યમાન પર્યાયો વિદ્યમાન હોવારૂપ વિરોધાભાસી વાત આ ગાથામાં કરવામાં આવી છે. દરેક પદાર્થમાં વર્તમાનમાં કોઈ એક પર્યાય જ વિદ્યમાન હોય એ ભાવ શક્તિ છે. તે સમયે ભૂત અને ભાવીની પર્યાયો એ અવિદ્યમાન જ છે એવી અભાવ શક્તિ છે. આ રીતે ભૂત ભાવીની પર્યાયો દ્રવ્યમાં અવિદ્યમાન જ છે. જે પર્યાય વર્તમાનમાં વિદ્યમાન છે તેનો અભાવ થાય છે તે ભાવ અભાવ શક્તિ છે. જે ભવિષ્યકાળની પર્યાય વિદ્યમાન નથી તે હવે ભાવરૂપ થાય છે. તે અભાવભાવ શક્તિ છે. આ પ્રમાણે ચાર શક્તિઓનો વિચાર કરવાથી ખ્યાલ આવે છે કે પદાર્થમાં ભૂત ભાવીની પર્યાયો અભાવરૂપ જ છે. કાંડા ઘડિયાળમાં સાત વારના નામો તથા એકત્રીસ આંકડા લખેલા જ હોય છે પરંતુ તેમાંથી એકવાર અને એક તારીખ આપણને જોવા મળે છે. બાકીની ત્યાં હોવા છતાં જોવા મળતી નથી. દિવસ બદલાતા તારીખ અને વાર બદલાતા દેખાય છે. પરંતુ પર્યાયનું એવું નથી. આ રીતે ભૂત ભાવીની પર્યાયો ખરેખર અવિદ્યમાન જ છે.

સર્વજ્ઞનું જ્ઞાન આવી ભૂત ભાવીની પર્યાયોને વર્તમાનવત્ જાણે છે. તેથી તે અવિદ્યમાન પર્યાયોને પણ કેવળજ્ઞાન પ્રત્યક્ષરૂપે વિદ્યમાન માનવામાં આવી છે. અર્થાત્ જે જ્ઞેયાકારરૂપે જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ છે, વિદ્યમાન છે, તેને કેમ જાણે તે જ્ઞેયરૂપ પદાર્થમાં વિદ્યમાન છે એમ ગણવામાં આવી છે. ભૂત ભાવીની પર્યાયો પદાર્થમાં અવિદ્યમાન હોવા છતાં જ્ઞાન પ્રત્યક્ષ હોવારૂપે પદાર્થમાં વિદ્યમાન છે એવો આરોપ કરવામાં આવ્યો છે. ગાથા ૩૭માં વિચાર્યા મુજબ ભૂત ભાવીની પર્યાયોનું પણ યોગ્ય આયોજન તો પદાર્થમાં છે જ. અર્થાત્ આયોજનરૂપે ભૂત ભાવીની પર્યાયો પદાર્થમાં વિદ્યમાન ગણવામાં આવી છે. વળી આ બધી પર્યાયોની નોંધ પદાર્થના પ્રમેયત્વ ગુણમાં હોવાથી એ ભૂત ભાવીની પર્યાયો પણ પ્રમેયત્વ ગુણમાં વિદ્યમાન છે એવું કહી શકાય ખરું. પ્રમેયત્વ ગુણનું આ પ્રકારનું કાર્ય અહીં દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં આવ્યું છે. પથ્થરના સ્તંભમાં કોતરાયેલા ભૂત અને ભાવીના તીર્થંકર દેવોની પ્રતિમાઓ જેમ જણાય છે તેમ પ્રમેયત્વ ગુણ પદાર્થનું સંપૂર્ણ સ્વરૂપ જ્ઞાનને અર્પણ કરે છે. એ રીતે આ ગાથામાં ભૂત-ભાવીની અવિદ્યમાન પર્યાયોનું પણ કોઈ અપેક્ષાએ વિદ્યમાનપણું દર્શાવવામાં આવ્યું છે.

## ◆ ગાથા - ૩૯

**જ્ઞાને અજાત-વિનષ્ટ પર્યાયો તણી પ્રત્યક્ષતા,**
**નવ હોય જો, તો જ્ઞાનને એ 'દિવ્ય' કોણ કહે ભલા ? ૩૯.**

***જો અનુત્પન્ન તથા નષ્ટ પર્યાય જ્ઞાનને (કેવળજ્ઞાનને) પ્રત્યક્ષ ન હોય, તો તે જ્ઞાનને 'દિવ્ય' કોણ પ્રરૂપે ?***

આ ગાથા દ્વારા જ્ઞાનની દિવ્યતા દર્શાવવામાં આવે છે. ભૂત અને ભાવિની પર્યાયો જે ઈન્દ્રિય જ્ઞાનનો વિષય થતી નથી. તે કેવળજ્ઞાનનો વિષય થાય છે. અવિદ્યમાન પર્યાયોને પણ કેવળજ્ઞાન જાણી લે છે તે તેની દિવ્યતા છે. આ ગાથામાં કેવળજ્ઞાન કેવું છે તે વર્ણવે છે. અહીં જ્ઞાનની પર્યાય નિર્વિઘ્ને ખીલી છે એમ કહે છે. પોતે સર્વજ્ઞ સ્વભાવી હોવા છતાં પોતાના સામર્થ્યનો સ્વીકાર ન કરવો તે ભાવ આવરણ છે. તેના નિમિત્તે જ્ઞાનાવરણીયકર્મનો બંધ થાય છે. તે કર્મ જ્ઞાનના આવરણમાં નિમિત્ત ગણવામાં આવ્યું છે. ભાવ અને દ્રવ્ય જ્ઞાનાવરણીય કર્મોનો અભાવ થવાથી જેવો સર્વજ્ઞ સ્વભાવ છે એવી સર્વજ્ઞદશા પ્રગટ થાય છે. કેવળજ્ઞાનની પર્યાય અખંડિત પ્રતાપવાળી છે. કર્મનું આવરણ દૂર થતાં જે સર્વજ્ઞદશા પ્રગટ થઈ છે તેનો પ્રતાપ અખંડિત છે. અર્થાત્ હવે તે પ્રગટ પર્યાયને કોઈ ખંડિત કરી શકે તેમ નથી.

સર્વજ્ઞ પરમાત્મા ફરીને પાછા કયારેય અલ્પજ્ઞ

થવાના નથી. પરમાત્મામાં એવી પ્રભુત્વ શક્તિનું સાચું પ્રભુત્વ જયાં પ્રગટ થયું ત્યાં હવે વિશ્વના કોઈ પદાર્થ ન જણાય એવું બનવાનું નથી. તેથી કહે છે કે જ્ઞાન બધા વિષયોને આવરી લે છે. જેમ નદીનું પૂર બધે ફેલાય જાય છે. સૂર્યનો પ્રકાશ બધે ફેલાય છે. ચક્રવર્તીની સેના જેમ છ ખંડ સાધી લે છે તેમ આ જ્ઞાનની પર્યાય સામે વિશ્વના બધા પદાર્થો ઝૂકી જાય છે અને પોતાનું સર્વસ્વ જ્ઞાનને અર્પણ કરી દે છે. બધા પદાર્થોમાં રહેલો પ્રમેયત્વગુણ તો પોતાનું પૂરું સ્વરૂપ જ્ઞાનને અર્પણ કરવા માટે સદાય તૈયાર જ છે. જયાં સુધી જ્ઞાન ક્ષયોપશમભાવે છે ત્યાં સુધી તે જ્ઞાન ઈન્દ્રિય તથા મન અને પ્રકાશ-હવા વગેરે અન્ય સાધનોની હાજરીમાં કામ કરે છે. ત્યાં સુધી બાહ્ય વિષયો ઈન્દ્રિય પ્રત્યક્ષ ગણવામાં આવે છે. પરિપૂર્ણ જ્ઞાનની પર્યાયને આવા સાધનોની જરૂર નથી તેથી તે જ્ઞાન સીધે સીધું વિષયોને જાણી લે છે અર્થાત્ હવે તે સર્વ વિષયો જ્ઞાયકની પ્રત્યક્ષ છે એમ ગણવામાં આવે છે. સમસ્ત જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં આવી ગયા હોય એ રીતે જ્ઞાન તેને જાણે છે.

કેવળજ્ઞાન પોતાના મહા સામર્થ્ય વડે જોરથી અત્યંત આક્રમીને તે પર્યાયો પોતાના સ્વરૂપ સર્વસ્વને એકી સાથે જ્ઞાનમાં જણાવે એ રીતે તેમને પોતાનામાં નિશ્ચિત ન કરે, પ્રત્યક્ષ ન જાણે તો તે જ્ઞાનની દિવ્યતા શી ? આ પ્રકારના વાક્ય દ્વારા જ્ઞાનના સામર્થ્યનો આચાર્યદેવ મહિમા કરે છે. સર્વજ્ઞ દશા સામે બધા પદાર્થો ડાહ્યા ડમરા થઈને પોતાનું સર્વસ્વ સ્વરૂપ જ્ઞાનના આંગણામાં જઈને જ્ઞાનને ભેટ ધરે છે એવો ભાવ આચાર્યદેવ દર્શાવવા માગે છે. પરિપૂર્ણ જ્ઞાન આ પ્રકારે જ કામ કરે છે.

### ◆ ગાથા - ૪૦

**ઈહાદિપૂર્વક જાણતા જે અક્ષપતિત પદાર્થને,**
**તેને પરોક્ષ પદાર્થ જાણવું શક્ય ના - જીનને કહે. ૪૦.**

***જેઓ અક્ષપતિત અર્થાત્ ઈન્દ્રિયગોચર પદાર્થને ઈહાદિક વડે જાણે છે, તેમને માટે પરોક્ષભૂત પદાર્થને જાણવાનું અશક્ય છે એમ સર્વજ્ઞ દેવે કહ્યું છે.***

આચાર્યદેવ વિષયાંતર નથી કરતાં પરંતુ કેવળજ્ઞાનમાં ભૂત-ભાવિની પર્યાયો જાણી શકાય છે જયારે ઈન્દ્રિય જ્ઞાનમાં એવી કોઈ શક્યતા નથી. તેથી આ ગાથામાં ઈન્દ્રિયજ્ઞાનનું હેયપણુ દર્શાવીને કેવળજ્ઞાનનો અને સર્વજ્ઞ સ્વભાવનો મહિમા કરાવવા માગે છે.

દરેક ઈન્દ્રિયને તેનો નિશ્ચિત વિષય છે. તે વિષય પુદ્ગલ દ્રવ્યની રૂપી પર્યાય છે. પુદ્ગલ દ્રવ્યરૂપી છે. પરંતુ પુદ્ગલના અનંત ગુણોમાં અસાધારણ એવા રૂપી ગુણો તો ચાર જ છે. સ્પર્શ-રસ-ગંધ અને વર્ણ એ પુદ્ગલના રૂપી ગુણો છે. શબ્દ એ ઈન્દ્રિયજ્ઞાનનો વિષય છે પરંતુ શબ્દ એ સ્કંધની પર્યાય છે. એક પરમાણુમાં શબ્દની, ધ્વનિની, શક્યતા નથી. પાંચ ઈન્દ્રિયોને પાંચ રૂપી પર્યાય સાથે સંબંધ થાય છે. તેને અહીં સન્નિકર્ષ કહેવામાં આવે છે. તે એક પ્રકારનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ બે પદાર્થના સમયવર્તી પરિણામ સાથે જ થાય છે. તેથી ઈન્દ્રિયોને બાહ્ય વિષયની વર્તમાન પર્યાય સાથે જ આ પ્રકારનો સંબંધ શક્ય બને છે. ભૂત ભાવિની પર્યાયો જે અવિદ્યમાન છે. તેની સાથે ઈન્દ્રિયનો સન્નિકર્ષ શક્ય જ નથી.

સ્પર્શ અને રસનો ઈન્દ્રિય સાથે સંબંધ થાય છે તે આપણા ખ્યાલમાં આવે છે. ત્યાં પ્રત્યક્ષતા - પ્રતિ + અક્ષ (ઈન્દ્રિય) ખ્યાલમાં આવે છે. રંગ પ્રકાશના માધ્યમ દ્વારા આંખ સુધી પહોંચે છે જયારે ગંધ અને શબ્દમાં હવાનું માધ્યમ રહેલુ છે. આ રીતે વિશ્વના પદાર્થો શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો સુધી પહોંચે છે. તેને ઈન્દ્રિય પ્રત્યક્ષતા અથવા સન્નિકર્ષ કહેવામાં આવે છે. આવી પૂર્વભૂમિકા ખ્યાલમાં રાખીને હવે

જ્ઞાન કઈ રીતે જાણે છે તેનો વિચાર કરીએ.

જ્ઞાન ઈન્દ્રિયોને સાધન બનાવીને એ રીતે બાહ્ય વિષયો સુધી પહોંચે છે. બાહ્ય વિષયોને જાણે છે. જ્ઞાન એક સમયે એક જ ઈન્દ્રિયને સાધન બનાવી શકે છે. તેથી બાહ્ય વિષયો ક્રમપૂર્વક જ જાણી શકાય છે. ખરેખર તો પુદ્‌ગલમાં રહેલા સ્પર્શ-રસ વગેરેને જ્ઞાન ક્રમપૂર્વક જાણી શકે છે. જોવાનું તથા સાંભળવાનું કામ એકી સાથે થાય છે. એવું આપણને લાગે છે. પરંતુ ખરેખર તેમ નથી. ઉપયોગ ઝડપથી બદલાય છે તેથી બન્ને કાર્ય સાથે થાય છે એવો આભાસ થાય છે. છદ્મસ્થ જીવો પાસે મતિ-શ્રુત જ્ઞાન જ છે. તે મતિજ્ઞાન કેવી રીતે કામ કરે છે તે હવે કહે છે. મતિજ્ઞાનમાં અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એવા ક્રમપૂર્વક જાણપણુ થાય છે. આ કાંઈક છે એવો ખ્યાલ તે અવગ્રહ છે. આ માણસ લાગે છે. ત્યાં ઈહા છે. આ મનુષ્ય જ છે ત્યાં અવાય છે. આ રીતે જાણેલા પદાર્થો યાદ રહી જાય તે ધારણા છે. અવગ્રહ થઈને જ્ઞાન છૂટી જાય અન્ય વિષયોમાં ચાલ્યું જાય. કયારેક અવગ્રહ અને ઈહા થાય પરંતુ અવાય ન થાય. આ રીતે ક્રમિક જ્ઞાન વચ્ચે બંધ પણ થઈ જાય. આપણે મોટરમાં ઝડપથી પ્રવાસ કરીએ ત્યારે રસ્તાની બન્ને બાજુના દ્રશ્યો ઝડપથી બદલાય છે. આંખ પાસેથી દ્રશ્યો બદલાતા જાય તેમ આંખની અંદરનો પ્રતિભાસ પડદા ઉપરનું ચિત્ર પણ બદલાતુ જાય તેથી જ્ઞાન એવા વિષયોને પકડે ન પકડે ત્યાં સુધીમાં નવા વિષયો આવી જાય છે. તેથી જ્ઞાન ખરેખર શું જાણે છે તેનો જવાબ મુશ્કેલ બની જાય છે. રસ્તા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ તો તેનું વિશેષ જાણપણુ રહે. બાહ્યના દ્રશ્યોમાં કયાંય રસ પડે તો ત્યાં આપણે એકાગ્ર થઈએ છીએ.

એક અપેક્ષાએ જ્ઞાનના ઉઘાડને ઈન્દ્રિયોની પ્રવૃત્તિ સાથે નિસ્બત નથી. સંજ્ઞી પંચેન્દ્રિય જે જ્ઞાનનો ઉઘાડ લઈને આવે છે તે ભવપર્યંત રહે છે. કોઈ વ્યક્તિ આંધળી થાય અથવા આંખ બંધ કરી દે તો કાંઈ જ્ઞાનનો ક્ષયોપશમ ઘટી જતો નથી. સંજ્ઞી પંચેન્દ્રિય જ્ઞાનના ઉઘાડપૂર્વક જીવ જે ઈન્દ્રિયને સાધન બનાવીને જાણવાનું કાર્ય કરે છે ત્યારે તે ઈન્દ્રિયને બાહ્યના જે વિષયની વર્તમાન પર્યાય સાથે સન્નિકર્ષ છે એટલું જ જ્ઞાનમાં જણાય છે.

ઈન્દ્રિય જ્ઞાન ભૂત-ભાવિની પર્યાયને જાણી શકતી નથી અને એ જ્ઞાન ક્રમપૂર્વક જ જાણે છે. કેવળજ્ઞાન યુગપદ્ બધું જાણે છે. ત્યાં ક્રમ નથી અને તે જ્ઞાન ભૂત-ભાવિના બધા પરિણામોને વર્તમાનવત્ સ્પષ્ટ જાણી લે છે. આ રીતે કેવળજ્ઞાન અને ઈન્દ્રિય જ્ઞાનની સરખામણી કરીને ઈન્દ્રિય જ્ઞાનનું હેયપણુ આચાર્યદેવ દર્શાવે છે. તેમ કરવા પાછળનો આશય કેવળ જ્ઞાનનો અને સર્વજ્ઞ સ્વભાવનો મહિમા કરાવવાનો છે.

### ◆ ગાથા - ૪૧

**જે જાણતું અપ્રદેશને, સપ્રદેશ, મૂર્ત, અમૂર્તને,**
**પર્યાય નષ્ટ-અજાતને, ભાખ્યું અતીંદ્રિય જ્ઞાન તે. ૪૧.**

***જે જ્ઞાન અપ્રદેશને, સપ્રદેશને, મૂર્તને અને અમૂર્તને તથા અનુત્પન્ન તેમજ નષ્ટ પર્યાયને જાણે છે, તે જ્ઞાન અતીઈન્દ્રિય કહેવામાં આવ્યું છે.***

અપ્રદેશ = એક પ્રદેશી. કાળાણું અને પુદ્‌ગલ પરમાણુ.

સપ્રદેશી = અસ્તિકાય. જીવ - ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય અને આકાશ બહુપ્રદેશી દ્રવ્યો અસ્તિકાય છે. પુદ્‌ગલના સ્કંધો બહુપ્રદેશી છે. તેથી શાસ્ત્રમાં પાંચ દ્રવ્યો અસ્તિકાય છે એમ પણ લેવામાં આવે છે.

આ ગાથામાં પણ કેવળજ્ઞાનનો વિષય દર્શાવ્યો છે. ટીકામાં ઈન્દ્રિયજ્ઞાનમાં આ બધું જાણવું શક્ય નથી એમ કહે છે, ત્યાં શબ્દ પ્રયોગ તો ઈન્દ્રિય જ્ઞાન એમ કર્યો છે પરંતુ ત્યાં ક્ષયોપશમ જ્ઞાન કહેવા માગે છે. તે જ પ્રમાણે અતીન્દ્રિય જ્ઞાન શબ્દથી પણ કેવળજ્ઞાન જ સમજવું જરૂરી છે. આપણે જે જ્ઞાન પોતાના આત્માને જાણે તેને અતીન્દ્રિય જ્ઞાન કહીએ છીએ. જ્ઞાની પોતાના આત્માને ઈન્દ્રિયાતીત થઈને જાણે છે પરંતુ એવા અતીન્દ્રિય જ્ઞાનમાં અન્ય અરૂપી દ્રવ્યો કે ભૂત-ભાવિની પર્યાયો જણાતી નથી.

ટીકામાં ક્ષયોપશમ જ્ઞાનમાં બહિરંગ અને અંતરંગ એમ બે પ્રકારના સાધનોની વાત લેવામાં આવી છે. બહિરંગ સાધનમાં ઉપદેશ, મન અને ઈન્દ્રિયો લીધા છે. જ્ઞાન પોતાની મેળે જ જાણે છે પરંતુ લૌકિક જ્ઞાન કે આત્મિક જ્ઞાન ત્યાં અન્ય દ્વારા સમજાવવાની વાત આવે છે. શબ્દોનું માધ્યમ વચ્ચે આવે છે અને તે રીતે આપણે વિષયોની ઓળખાણ કરીએ છીએ. આ વાત ઉપદેશ શબ્દથી દર્શાવવામાં આવી છે. જીવ પોતાની ભૂમિકા અનુસાર ઈન્દ્રિય અને મનને સાધન બનાવીને જાણે છે. ઈન્દ્રિયોનો વિષય માત્રરૂપી પદાર્થો છે જયારે અનુમાન જ્ઞાન રૂપી-અરૂપી બન્નેને વિષય કરી શકે છે.

અંતરંગ સાધનમાં ઉપલબ્ધિ તથા સંસ્કારની વાત લીધી છે. ફૂટનોટમાં ઉપલબ્ધિ શબ્દનો આ પ્રમાણે અર્થ કર્યો છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના નિમિત્તે ઉપજેલી પદાર્થોને જાણવાની શક્તિ આ લબ્ધિ = શક્તિ જયારે ઉપર્યુક્ત થાય ત્યારે જ પદાર્થ જણાય છે. ઉપલબ્ધિ એટલે જ્ઞાનનો ઉઘાડ. સર્વજ્ઞ સ્વભાવ હોવા છતાં આપણે અલ્પજ્ઞ છીએ. આપણું જ્ઞાન આવરણયુક્ત છે. પોતાના સર્વજ્ઞ સ્વભાવના અનાદરપૂર્વક ''મને આ ન સમજાય'' એવો ભાવ જ આપણા જ્ઞાનમાં આવરણરૂપ છે. તે ભાવ આવરણ છે ત્યારે ત્યાં જ્ઞાનાવરણીય દ્રવ્યકર્મનું નિમિત્ત છે. તે કર્મના ક્ષયોપશમ અનુસાર જ્ઞાનનો ઉઘાડ જોવા મળે છે.

જ્ઞાનમાં ઉપયોગ અને લબ્ધ એવા શબ્દોનો આપણને પરિચય છે. આપણે જેમાં ઉપયોગ મૂકીએ છીએ તેને જાણી શકીએ છીએ. જે વિષય આપણે એકવાર જાણ્યો હોય અને વર્તમાનમાં તેને જાણતા ન હોઈએ ત્યારે તે વિષયનું જ્ઞાન લબ્ધરૂપ છે એમ કહેવાય છે. જેમકે આપણે જયારે શાસ્ત્ર સ્વાધ્યાય કરીએ છીએ ત્યારે આપણા ધંધા સંબંધી જ્ઞાન લબ્ધરૂપ છે. જયારે ધંધો કરવા બેસીએ ત્યારે તે જ્ઞાન ઉપયોત્મક થાય છે અને શાસ્ત્રજ્ઞાન લબ્ધરૂપ થઈ જાય છે. બાહ્ય વિષયોના જાણપણા માટે આ અર્થ ખ્યાલમાં રાખીને હવે જ્ઞાનની મુખ્યતાથી વિચારીએ. અજ્ઞાનીએ પોતાના આત્માને જાણ્યો જ નથી. તેથી તેને તો આત્મા સંબંધી કાંઈ જ્ઞાન નથી. તેની સામે જ્ઞાની પોતાને કયારેય ભૂલતો નથી. અર્થાત્ હું તો જ્ઞાયક છું એવું જ્ઞાન તેને નિરંતર વર્તે છે. જ્ઞાની નિર્વિકલ્પ અનુભૂતિ કરે છે ત્યારે તો તે પોતાને ઉપયોગાત્મકપણે જાણે છે. સવિકલ્પ દશા સમયે તે ઉપયોગાત્મકપણે પરદ્રવ્યને જાણે છે. જ્ઞાની સવિકલ્પ દશામાં પોતાને લબ્ધરૂપે જાણે છે એમ કહેવામાં આવે છે. અહીં આ લબ્ધપણુ શક્તિરૂપે નહીં પરંતુ પરિણતિરૂપે છે. આ રીતે આત્માનું લબ્ધરૂપ જ્ઞાન અન્ય વિષયોના લબ્ધરૂપ જ્ઞાનથી જાુદું પડે છે.

જયારે જ્ઞાની પરદ્રવ્યને જાણે છે ત્યારે આત્મા કેવી રીતે જણાય એવો પ્રશ્ન જરૂર થાય માટે તેની વિચારણા જરૂરી છે.

જ્ઞાની પોતાની એકરૂપ જ્ઞાનની પર્યાયને કરે છે.

જ્ઞાની તે જ્ઞાનની પર્યાયને
જ્ઞેયાકાર જ્ઞાનરૂપે જાણે છે.

જ્ઞાની પોતાને જ્ઞાનની પર્યાય સાથે અને

જ્ઞાનની પર્યાયને પોતાના સ્વભાવની સાથે (પોતાની સાથે) અભેદપણે નિરંતર અનુભવે છે. તેણે પોતાના આત્માને પરદ્રવ્યથી ભિન્ન પાડીને અનુભવમાં લઈ લીધો છે. પોતે પરથી જુદો રહીને જ પરને જાણે છે એવું એને જ્ઞાન અને શ્રદ્ધાન હોવાથી તે જયારે પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે ત્યારે જ્ઞેય જ્ઞાયક સંબંધથી જે પરજ્ઞેયો પોતાની જ્ઞાનની પર્યાયમાં જણાય છે તે બધા મારાથી ભિન્ન છે એવું તે જાણે છે. જ્ઞાનીને જ્ઞાયકની મુખ્યતા કાયમ રહે છે તેથી તેને પરદ્રવ્ય હંમેશા ગૌણ રહે છે. ચારિત્રમાં અન્ય દ્રવ્ય પ્રત્યે અસ્થિરતાનો રાગ છે. તેથી જીવ તેને ઉપયોગાત્મકપણે જાણે છે તે સમયે પણ તેનું જ્ઞાન આ જાણનાર તે હું છું અને જે જણાય છે તે મારાથી ભિન્ન છે એ રીતે જ કાર્ય કરી રહ્યું છે. આ રીતે જ્ઞાની પોતાને જાણતા પરને જાણે છે તેથી જયારે તે ઉપયોગાત્મકપણે પરને જાણે છે. ત્યારે પણ તેને પોતાના આત્માનું જાણપણુ વર્તે જ છે.

આ રીતે જ્ઞાનીને જ્ઞાન શ્રદ્ધાનની મુખ્યતાથી વિચારીએ ત્યારે પોતાની જ અધિકતા છે. પરદ્રવ્ય ગૌણ જ છે. ચારિત્ર અપેક્ષાએ જેટલી વીતરાગતા છે. જેટલો કષાયનો અભાવ છે તેટલી તો સ્વરૂપ લીનતા છે. જેટલો અસ્થિરતાનો રાગ છે તે અનુસાર તે પરદ્રવ્યને મુખ્ય કરીને ઉપયોગાત્મકપણે તે પરદ્રવ્યને જાણે છે. આ અપેક્ષાએ તે સમયે આત્માનું જાણપણું લબ્ધરૂપ (ગૌણરૂપ) ગણવામાં આવે છે. જ્ઞાનીને આ રીતે જ્ઞાયકનું જાણપણું ઉપયોગાત્મક અથવા લબ્ધાત્મક હોય છે અર્થાત્ જ્ઞાની જ્ઞાયકને નિરંતર જાણે છે.

અંતરંગ સાધનમાં સંસ્કારની વાત લીધી છે. અજ્ઞાનીને અજ્ઞાનમય સંસ્કાર અનાદિના છે. બાહ્ય વિષયોમાં હિતબુદ્ધિપૂર્વક જોડાવાના સંસ્કાર છે. અહાર ભય, પરિગ્રહ અને મૈથુન આ ચાર પ્રકારની સંજ્ઞા(સંસ્કાર) તે ભવાંતરમાં પણ લઈને જાય છે. તેથી જયાં જે પ્રકારનો દેહ મળે ત્યાં તે પ્રકારનું જીવન તે સહજપણે ચાલુ કરી દે છે. પાત્ર જીવને અધ્યાત્મના સંસ્કાર હોય છે. તે નાના બાળકો પાઠશાળામાં ભણે છે પછી લૌકિક અભ્યાસની ભીંસ વધતા તથા ભણી લીધા બાદ ધંધામાં સ્થિર થતાં અધ્યાત્મનો અભ્યાસ મંદ અથવા નહિંવત્ થઈ જાય છે પરંતુ બાળપણમાં જે સંસ્કાર પડયા છે તે તેને ફરીને અધ્યાત્મ તરફ ખેંચી જાય છે. ઉગ્ર પુરુષાર્થ કરે તો અનુભવ પણ કરી લે છે.

બાહ્ય અને અંતરંગ સાધનની આ રીતે વિચારણા કરીને હવે આપણે ફરી મૂળ વિષય ઉપર આવીએ. ટીકાકાર આચાર્યદેવ આપણને એમ સમજાવવા માગે છે કે ઈન્દ્રિય જ્ઞાન સપ્રદેશને એટલે કે અસ્તિકાયરૂપ પદાર્થોને જ જાણી શકે છે કારણકે તે જ્ઞાન સ્થૂળ છે. એકપ્રદેશી અથવા સૂક્ષ્મ સ્કંધોને તે જ્ઞાન જાણી શકતું નથી. ઈન્દ્રિય જ્ઞાનનો વિષય માત્ર રૂપી પદાર્થો જ છે તેથી તે જ્ઞાન અરૂપી વિષયોને જાણતું નથી. વળી રૂપી વિષયોની વર્તમાન પર્યાયને જ ઈન્દ્રિયો સાથે સન્નિકર્ષ શક્ય છે તેથી ઈન્દ્રિયજ્ઞાન રૂપી પદાર્થની વર્તમાન પર્યાયને જ જાણી શકે છે. ભૂત-ભાવિની પર્યાયને નહીં. આ રીતે ઈન્દ્રિય જ્ઞાન અપ્રદેશને, અમૂર્તને અને ભૂત ભાવિની પર્યાયને જાણી શકતું નથી.

હવે મૂળ વાત કહે છે. અનાવરણ અતીન્દ્રિય જ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન સંપૂર્ણ સામર્થ્યરૂપ જ્ઞાન હોવાથી એ જ્ઞાન બધું જાણી લે છે. અર્થાત્ એકપ્રદેશી કાળાણું અને અનંત પ્રદેશી આકાશ, રૂપી-અરૂપી અથવા ચેતન-અચેતન છ પ્રકારના દ્રવ્યો તથા તે બધાના ત્રણ કાળના પરિણામોને કેવળજ્ઞાન જાણી લે છે. દૃષ્ટાંત અગ્નિનો આપે છે. પ્રજવલિત અગ્નિ બધા બળવાલાયક પદાર્થોને બાળે છે. તેમ કેવળજ્ઞાન વિશ્વના બધા જ્ઞેયોને એકી સાથે એક સમયમાં યુગપદ જાણી લે છે.

## ◆ ગાથા - ૪૨

**જો જ્ઞેય અર્થે પરિણમે જ્ઞાતા, ન ક્ષાયિક જ્ઞાન છે;**
**તે કર્મને જ અનુભવે છે એમ જિનદેવો કહે. ૪૨.**

***જ્ઞાતા જો જ્ઞેય પદાર્થરૂપે પરિણમતો હોય તો તેને ક્ષાયિક જ્ઞાન નથી જ. જિનેન્દ્રોએ તેને કર્મને જ અનુભવનાર કહ્યો છે.***

આચાર્યદેવ આ ગાથામાં જ્ઞેયાર્થ પરિણમનની વાત કરે છે તેથી જ્ઞેયાર્થ પરિણમન શું છે તે પહેલા સમજવાનો પ્રયત્ન કરીએ.

દ્રવ્યાર્થિક નય શબ્દનો આપણને ખ્યાલ જ છે. દ્રવ્ય જ જેનું અર્થ અર્થાત્ પ્રયોજન છે તે દ્રવ્યાર્થિક. તે રીતે જ્ઞેયાર્થ એટલે જ્ઞેય જ જેનું અર્થ અર્થાત્ પ્રયોજન છે તે. અજ્ઞાની જીવ પોતાને જાણતો નથી. તેણે દેહમાં હુંપણું રાખ્યું છે અને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં હિતબુદ્ધિ રાખી છે. આ રીતે તેને અજ્ઞાનચેતના વર્તે છે. તે જીવ ભોગવટા પ્રધાની હોવાથી તેની પ્રવૃત્તિ બાહ્ય વિષયોને ભોગવવા તરફ જ ચાલે છે. તેને જ્ઞેયલુબ્ધ વેપાર પણ કહેવામાં આવે છે. ખરેખર તો તેના માટે પરદ્રવ્યો જ્ઞેય પણ નથી તેને માટે તો પરદ્રવ્યો ભોગ-ઉપભોગની સામગ્રી જ છે.

વાસ્તવિકતા એ છે કે અજ્ઞાની જીવ પણ પરદ્રવ્યથી અત્યંત ભિન્ન જ છે. તે પરથી જાુદો રહીને જ પરને જાણે છે. પરજ્ઞેયને જાણતા જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય છે. જીવ પોતાની એકરૂપ જ્ઞાનની પર્યાયને કરે છે અને જ્ઞેય જ્ઞાયક સંબંધથી થયેલી જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને ભોગવે છે. જ્ઞેયાકાર અવસ્થાને ભોગવતા જાણે કે જ્ઞેયો જ ભોગવાયા હોય એવું કાર્ય થાય છે કારણકે જ્ઞેયના આકારો અને જ્ઞેયાકાર જ્ઞાનનું વર્ણન એક સરખું જ છે. આથી પોતે પોતાના જ પરિણામને કરતો અને ભોગવતો હોવા છતાં હું પરદ્રવ્યોને ભોગવું છું એવી ખોટી માન્યતા-મિથ્યાત્વને કરે છે. મિથ્યાત્વના કારણે અજ્ઞાનીને પરમાં (શરીરમાં) હુંપણું અને પરદ્રવ્યોમાં કર્તાપણા અને ભોક્તાપણાની માન્યતા છે. અજ્ઞાની ખરેખર માત્ર જ્ઞેયાકાર જ્ઞાનને નથી ભોગવતો પણ તેની સાથોસાથ પોતાના મોહ-રાગ-દ્વેષ ભાવોને પણ ભોગવે છે.

જ્ઞાની અને અજ્ઞાનીના પરિણામોની જાત જ જાુદી છે. જ્ઞાની જ્ઞાતાભાવે વિશ્વનો ઉદાસીન સાક્ષી રહે છે જયારે અજ્ઞાની અભિપ્રાયમાં પરદ્રવ્યનો કર્તા ભોક્તા થાય છે. પરના કર્તાપણાના ભાવને કરોતિ ક્રિયા કહે છે જયારે સાક્ષીભાવને જ્ઞપ્તિ ક્રિયા કહે છે. જે કરે છે તે જાણતો નથી અને જે જાણે છે તે કરતો નથી. આ રીતે જ્ઞાતાપણાને અને કર્તાપણાને વિરોધ છે. મોહ-રાગ-દ્વેષના ભાવો એ કરોતિ ક્રિયા છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં જ્ઞાતાપણાની, અકર્તાપણાની, શરૂઆત થાય છે જે પરમાત્મદશા પ્રગટતા પૂરી થાય છે. પરમાત્મા સંપૂર્ણ જ્ઞાતા છે. સંપૂર્ણ અકર્તા છે. જયાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી જીવના પરિણામમાં મોહ-રાગ-દ્વેષના વિભાવ ભાવો છે. જયારે જ્ઞાની થાય છે ત્યારે મિથ્યાત્વ નથી પરંતુ માત્ર અસ્થિરતાના રાગ અને દ્વેષના ભાવો છે. આ બધા ભાવોને આચાર્યદેવ જ્ઞેયાર્થ પરિણમનરૂપે દર્શાવે છે.

અજ્ઞાની જીવ અલ્પજ્ઞ છે. એક સમયે એક વિષયને જાણે છે. અનાદિ કાળથી તેણે અનંત પદાર્થોને જાણ્યા છે પરંતુ તેણે કયારેય પોતાના શુદ્ધાત્માને જાણ્યો નથી એ દર્શાવે છે કે અજ્ઞાનીને પોતાના જ્ઞાયક સ્વભાવ પ્રત્યે અનંતાનુબંધીનો ક્રોધ વર્તે છે. જીવ જ્ઞાયક છે માટે જ્ઞાન એક જ એનું કાર્ય છે. જીવ પરમાં કાંઈ કરી શકતો જ નથી એ નક્કર વાસ્તવિકતા છે. યુક્તિથી તેનો નિર્ણય પણ થઈ શકે છે પરંતુ આમ હોવા છતાં તે જ્ઞેયાર્થ પરિણમન છોડતો નથી પોતાનો ભ્રમ ભાંગતો નથી એ એક મોટું આશ્ચર્ય છે.

જ્ઞાનીને નિર્વિકલ્પ દશામાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. તે જયારે સવિકલ્પ દશામાં આવે ત્યારે આકુળતા અને દુઃખને ભોગવે છે. ફરી નિર્વિકલ્પ થતાં સુખ અનુભવે છે. તેથી તે જ્ઞાની સવિકલ્પદશામાં ફરી આવવો જ ન જોઈએ પરંતુ જેટલી માત્રામાં પુરુષાર્થ ઓછો પડે છે તેટલી માત્રામાં પૂર્વના સંસ્કારના જોરમાં તેની બહિર્લક્ષી પ્રવૃત્તિ ચાલે છે. તેને પણ આ ગાથામાં આચાર્યદેવ જ્ઞેયાર્થ પરિણમન કહે છે. મુનિની સવિકલ્પદશાને પણ સૂક્ષ્મ પરસમય પ્રવૃત્તિ ગણી છે.

જીવના વિભાવ ભાવને અને દ્રવ્યકર્મના ઉદયને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. કર્મના ઉદયમાં જોડાયને જીવ વિભાવ કરે છે. જીવ પોતાના વિભાવને જ ભોગવે છે ત્યારે તે વિભાવમાં કર્મોદયનું નિમિત્તપણુ દેખીને જીવ દ્રવ્યકર્મને ભોગવે છે એમ પણ કહી શકાય. તે કર્મને જ ભોગવે છે એવા કથનમાં ભાવકર્મને અને દ્રવ્યકર્મને બન્નેને ભોગવે છે એમ અપેક્ષાએ કથન યથાયોગ્ય સમજી લેવા જોઈએ.

જીવના પરિણામમાં જ્ઞાન ગુણનું કાર્ય અને શ્રદ્ધા તથા ચારિત્ર ગુણના કાર્યોને જુદા પાડીને વિચારીએ. અજ્ઞાની જીવમાં અનાદિકાળથી મિથ્યા દર્શન અને મિથ્યા ચારિત્ર છે. મોહ રાગ-દ્વેષના પરિણામો છે. તે વિભાવરૂપ છે. તેમાં નિમિત્ત દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય કર્મો છે.

જાણવાના કાર્યમાં અનાદિથી અલ્પજ્ઞતા છે. પરંતુ ત્યાં વિપરીતતા નથી. જ્ઞાનમાં વિપરીતપણું ન હોવાથી જ્ઞાનને બંધનું કારણ ગણવામાં આવ્યું નથી. જ્ઞાન જયારે બંધનું કારણ નથી તો તે અપેક્ષાએ એ મોક્ષનું પણ કારણ નથી. વિભાવ ભાવ બંધનું કારણ છે અને તેનો અભાવ કરીને પ્રગટ થતી વીતરાગતા તે મુક્તિનું કારણ છે.

જીવમાં અનાદિકાળથી આ રીતે જ્ઞાન (નિર્દોષ-શુદ્ધ) પરિણામ અને રાગ (અશુદ્ધ) પરિણામ થાય છે. ત્યાં રાગના પરિણામમનો આવિર્ભાવ અને જ્ઞાનનો તિરોભાવ ગણવામાં આવે છે. અર્થાત્ રાગના દોષને કારણે જ્ઞાનની નિર્દોષતા ગૌણ થઈ જાય છે ન હોવા બરોબર થઈ જાય છે.

ટીકામાં આચાર્યદેવ મૃગજળનો દૃષ્ટાંત આપે છે. તેમાંથી પાણી કયારેય ન મળે. અજ્ઞાની જીવ આ દૃષ્ટાંતે બાહ્ય વિષયોમાંથી સુખ મેળવવાનો પ્રયત્ન કરે છે. પરદ્રવ્યને હું ભોગવી શકું છું એવો મિથ્યાત્વભાવ અને તદ્અનુસાર ભોગવવાની ઈચ્છારૂપ રાગ એવા પ્રયત્નો અજ્ઞાની અનાદિકાળથી કરે છે. બાહ્ય વિષયોમાં કયાંય સુખ નથી તેથી તેમાંથી સુખ પ્રાપ્ત થાય જ નહીં. તેથી આવી પ્રવૃત્તિ કરનારા જીવને ભાગે સુખ છે જ નહીં ત્યાં એકાંત દુઃખ જ છે.

રૂપી વિષયોમાં સ્પર્શ-રસ વગેરે ધર્મો છે પરંતુ જીવને તે ધર્મો પણ મળતા નથી. ''પરિગ્રહ કદિ મારો બને તો હું અજીવ બનું ખરે'' રૂપી અને અચેતન ધર્મો જીવમાં આવી જાય તો જીવને જડપણુ થાય જીવનો નાશ થાય. ચેતન અને અચેતન સ્વભાવો એક દ્રવ્યમાં સાથે ન રહી શકે. રૂપી ધર્મોનો જીવને અનાદિનો પરિચય છે, પ્રેમ છે, તેથી પોતે તેને ભોગવવા માગે છે પરંતુ એટલુ સારું છે કે એમ બનવું અશક્ય છે. આ રીતે પાંચ ઈન્દ્રિયના વિષયોમાંથી સુખ અથવા રૂપી ધર્મો કાંઈ પ્રાપ્ત થઈ શકે તેમ નથી. જડ પદાર્થમાં સુખ નથી તેથી તેમાંથી સુખ આવી શકે નહીં. તેમાં રૂપી ધર્મો છે પરંતુ તે રૂપી ધર્મો પણ તે કોઈને આપી શકે તેમ નથી. તેથી અજ્ઞાનીના પ્રયત્નો નકામા છે. આ સિદ્ધાંત માન્ય કરવાથી બે પદાર્થને એક માનવારૂપ મોહ નાશ પામે છે. પરદ્રવ્યને ભોગવવારૂપ ઈચ્છા પણ નાશ પામે છે.

અજ્ઞાનીને એવી માન્યતા છે કે પરદ્રવ્ય છે તો તેનું જ્ઞાન છે. જે વિષય સત્‌મય હોય એ જણાય

એ વાત સાચી છે. પરંતુ આની તો જ્ઞેયથી જ્ઞાન થાય છે એવી માન્યતા છે. જ્ઞાન જ્ઞેયના સહારાનું નથી. જ્ઞાયક છે માટે જાણવાનું કાર્ય થાય છે. જ્ઞાન જ્ઞાનના સહારાનું છે. આપણો અનુભવ છે કે જે વિષયને જાણવો હોય તેમાં ઉપયોગ મૂકીએ ત્યારે તે જણાય છે. ઈચ્છા અનુસાર વિષયની પસંદગી કરીએ છીએ તે વાતને ગૌણ કરીએ તો ઉપયોગ મૂકવાથી જ પરદ્રવ્ય જણાય છે એવો પણ સિદ્ધાંત નથી. પરમાત્મા લોકાલોકને ઉપયોગ મૂક્યા વિના જ જાણે છે. વળી વચનામૃતમાં આવે છે કે તારે પરદ્રવ્ય જાણવા હોય તો પણ સ્વભાવ સન્મુખ થા. અર્થાત્ વિષય અનુસાર જ્ઞાન નથી થતું પરંતુ જ્ઞાનના ઉઘાડ અનુસાર જ્ઞાન થાય છે. જ્ઞાનનો સાચો ઉઘાડ તો જ્ઞાયકના આશ્રયે જ થાય છે.

સમગ્ર રીતે વિચારતા ખ્યાલ આવે છે કે અચેતન પદાર્થોમાં જ્ઞાન અને સુખ નથી. તેથી તેને અવલંબતા જીવને જ્ઞાન અને સુખ નથી. આવો જ ભાવ રાજમલજીએ સમયસાર કળશ ટીકામાં લીધો છે.

આચાર્યદેવ આ બધી ગાથાઓમાં કેવળજ્ઞાનનો મહિમા કરાવવા માગે છે. તેની સાથોસાથ વિભાવ ભાવની નિરર્થકતા દર્શાવતા જાય છે. વીતરાગતાની પ્રાપ્તિ પછી જ સર્વજ્ઞતા પ્રગટે છે. અનેક પદાર્થમાંથી કોઈ એકને જાણવા હોય તો મુખ્ય ગૌણ કરવું જ પડે, ત્યાં રાગ-દ્વેષ દાખલ થાય છે. એ જ વાત બીજી રીતે વિચારીએ તો ખ્યાલ આવે કે જયાં રાગની ભૂમિકા છે ત્યાં સુધી મુખ્ય ગૌણ છે. તે અનુસાર વિષયની પસંદગી છે. તે પ્રમાણે ઉપયોગ અલ્પજ્ઞરૂપે કાર્ય કરે છે. જયારે રાગ સર્વથા અભાવને પ્રાપ્ત થાય છે ત્યારે હવે મુખ્ય-ગૌણ કરવાપણુ રહ્યું નહીં. જીવ હિતબુદ્ધિપૂર્વક સંપૂર્ણપણે પોતાના સ્વભાવમાં સ્થિત થાય છે ત્યારે સર્વજ્ઞતા પ્રગટ થાય છે. બાહ્ય વિષયનો પ્રેમ છોડે, તેની નિરર્થકતા ભાસે ત્યારે તો સૌ પ્રથમ ઉપયોગ અંદરમાં જાય છે. અનુભૂતિ થાય છે. જેને એવી અનુભૂતિ થાય એને જ પરમાત્મ પદની શક્યતા છે. જ્ઞેયાર્થ પરિણમન અર્થાત્ જ્ઞેયમાં જ જયાં સુધી હિતબુદ્ધિપૂર્વકનું રોકાણ છે ત્યાં સુધી અનુભવ નથી. અનુભવ નથી તો મુક્તિ નથી.

૪૨ ગાથાના ભાવાર્થમાં આચાર્યદેવ જ્ઞાનનું સાચું સ્વરૂપ દર્શાવે છે. નિર્વિકાર સહજ આનંદમાં લીન રહી સહજપણે જાણ્યા કરવું તે જ જ્ઞાનનું સ્વરૂપ છે. અહીં નિર્વિકલ્પ દશા અને તેના ફળ સ્વરૂપ આનંદની વાત લીધી છે. નિર્વિકલ્પ દશા કહેતા સહજપણે આપણે સાધકને યાદ કરીએ છીએ. સાધકને સવિકલ્પ-નિર્વિકલ્પ દશા હોય છે. પરંતુ અહીં પરમાત્મદશાની વાત લેવી છે. કારણકે અહીં તે સમયે પરદ્રવ્યોને સહજપણે જાણ્યા કરે છે એમ લીધું છે. સાધકને નિર્વિકલ્પ દશા સમયે પરદ્રવ્ય જરાપણ જાણાતા નથી.

સહજપણે જાણવામાં પણ બે પ્રકાર લક્ષમાં લેવા. રાગ દ્વેષ વિના પરનું જાણપણુ થાય છે. અર્થાત્ પરમાત્માને જ્ઞેયાર્થ પરિણમન નથી. વળી પરદ્રવ્યને જાણવા માટે બાહ્યમાં ઉપયોગ મૂકવો પડતો નથી. પરમાત્મા સર્વથા અંતર્મુખાકાર થયા છે ત્યારે જ અલ્પજ્ઞતાનો અભાવ થઈને સર્વજ્ઞતા પ્રગટ થઈ છે. અલ્પજ્ઞતા છે ત્યાં સુધી મુખ્ય-ગૌણ છે. ત્યાં સુધી ઉપયોગ મૂકવાની વાત છે. સર્વજ્ઞતા થતાં સ્વ-પર આખું વિશ્વ સહજપણે જણાય છે. કયાંય ઉપયોગ મૂકવાનો નથી.

### ◆ ગાથા - ૪૩

**ભાખ્યાં જિને કર્મો ઉદયગત નિયમથી સંસારીને,**
**તે કર્મ હોતાં મોહી-રાગી-દ્વેષી બંધ અનુભવે. ૪૩.**

***(સંસારી જીવને) ઉદય પ્રાપ્ત કર્માંશો (જ્ઞાનાવરણીયાદિ પુદ્‌ગલ કર્મના ભેદો) નિયમથી જિનવર વૃષભોએ કહ્યા છે. જીવ તે કર્માંશો***

*હોતાં, મોહી, રાગી અથવા દ્વેષી થયો થકો બંધને અનુભવે છે.*

આ ગાથામાં હવે જ્ઞેયાર્થ પરિણમન શા કારણે થાય છે તેની સ્પષ્ટતા કરે છે. જીવના મોહ-રાગ-દ્વેષ એવા અજ્ઞાનમય-અશુદ્ધ વિભાવ પરિણામ કારણ છે અને જ્ઞેયાર્થ પરિણમન તેનું કાર્ય છે એવું દર્શાવવા માગે છે.

વિભાવ પરિણામ એ જીવનું સ્વાભાવિક કાર્ય નથી. નૈમિત્તિક પરિણમન છે. તે પરિણામમાં નિમિત્ત દ્રવ્યકર્મનો ઉદય છે. અજ્ઞાની જીવને અનાદિકાળથી દ્રવ્યકર્મ સાથે ઉભયબંધ છે. એક પણ સમય એવો નથી જયારે કોઈ કર્મ ઉદયમાં ન આવતું હોય. દ્રવ્યકર્મનો ઉદય આવે ત્યારે જીવ વિભાવ કરે એ એવો નિયમ નથી. પરંતુ જીવ જો પોતાને ભૂલીને કર્મના ઉદયમાં જોડાય તો વિભાવ થાય છે. જીવ જો પોતાના સ્વભાવમાં લીન રહે તો મોહ-રાગ-દ્વેષ થતાં નથી.

પરમાં એકત્વબુદ્ધિ અને પરમાં હિતબુદ્ધિ તે મિથ્યાત્વ મોહનું લક્ષણ છે. તે હોતા બાહ્ય વિષયોમાં કોઈ પદાર્થ કયારેક ગમે છે અને કયારેક નથી ગમતો. તેથી રાગ દ્વેષરૂપ દ્વૈત થાય છે. આ રીતે રાગ-દ્વેષરૂપ ચારિત્રના દોષનું કારણ મિથ્યાત્વ છે. તે સમયે ચારિત્ર મોહનીય કર્મનો ઉદય પણ છે અને જીવ તેમાં જોડાયને રાગ દ્વેષ કરે છે. જીવ જયારે આ રીતે પોતાની ભૂલને કારણે રાગરૂપે પરિણમે છે ત્યારે બાહ્યમાં રહેલા અનેક પદાર્થોમાંથી કોઈને કોઈ પદાર્થ રાગના કારણરૂપે તેના ખ્યાલમાં આવે છે. તે પદાર્થ પ્રત્યે તે સમયે તે જ્ઞેયાર્થ પરિણમન કરે છે અને તેના ફળસ્વરૂપે નવીન બંધને પ્રાપ્ત થાય છે.

આપણી પ્રવર્તમાન માન્યતા કરતાં અહીં જુદી રીતે વાત લેવામાં આવી છે. આપણે કોઈ પદાર્થ જાણીએ છીએ. તેને જાણીએ પછી તે ગમે કે ન ગમે અથવા તે ઉપયોગી અથવા બિનઉપયોગી એ પ્રકારે વિચારણા ચાલે છે અને તે અનુસાર રાગ દ્વેષ થાય છે. આમ હોવાથી આપણે રુચિકર વિષયને મેળવવા રાખવા ભોગવવા માગીએ છીએ અને અરુચિકર વિષયોને દૂર કરવાનો પ્રયત્ન કરીએ છીએ. અન્ય વિષયને જાણ્યા પછી રાગ-દ્વેષ એવી આપણી માન્યતા છે. જયારે અહીં આચાર્યદેવ કહે છે કે તું પ્રથમ તારામાં રાગ-દ્વેષ ઉત્પન્ન કરી રહ્યો છો અને તે અનુસાર તારું જ્ઞેયાર્થ પરિણમન ચાલે છે.

જો આ સિદ્ધાંત માન્ય કરીએ તો સંયોગોને આઘા-પાછા કરવાના પ્રયત્નો કરવાના સ્થાને રાગ-દ્વેષ અને તદ્અનુસાર થતું જ્ઞેયાર્થ પરિણમન બંધનું કારણ છે એવો ખ્યાલ આવે છે. મિથ્યાત્વ છે ત્યાં સુધી રાગ-દ્વેષ થવાના જ છે. તેથી મારે મિથ્યાત્વ પ્રથમ દૂર કરવું રહ્યું એવું તેના લક્ષમાં આવે છે.

આચાર્યદેવ મોહ-રાગ-દ્વેષના ભાવ સમયે બાહ્યમાં નિમિત્તરૂપે દ્રવ્યકર્મનો ઉદય છે તેવી રજૂઆત કરીને સ્પષ્ટ કરે છે કે તે કર્મનો ઉદય નવા બંધનું કારણ નથી. જીવ જો વિભાવ ન કરે તો નવીન કર્મબંધ થતો નથી. તેથી કર્મોદય વિદ્યમાન હોવા છતાં તેને બંધના કારણમાં ન ગણ્યા. અહીં જે કર્મોદયની વાત લીધી છે તે જીવના વિભાવમાં જે નિમિત્ત થાય છે તેની વાત છે અર્થાત્ અહીં ઘાતિ કર્મના ઉદયની વાત છે એમ સમજવું રહ્યું.

રાગના સમયે જ્ઞાનનું કાર્ય થઈ રહ્યું છે. આગલી ગાથામાં જેમ લીધું કે જીવને રાગનો ભોગવટો છે માટે જીવ રાગનો કર્તા છે. જીવને જ્ઞાનનો ભોગવટો નથી માટે જાણે કે જ્ઞાનનું કાર્ય થતું જ નથી. તે કથન જે આશયથી લીધું હતું તે તેટલી જ અપેક્ષાએ સમજવું. ''ક્ષાયિક જ્ઞાન નથી અથવા તેને જ્ઞાન જ નથી'' તેનો અર્થ એમ ન

લેવો કે તે સમયે જ્ઞાન ગુણનું કોઈ કાર્ય જ નથી. જાણવાનું કાર્ય થાય છે પરંતુ તે જ્ઞાન બંધનું કારણ નથી

આ રીતે કર્મોદય અને જ્ઞાન બન્નેને નવીન બંધના કારણ ન કહ્યા માત્ર મોહ-રાગ-દ્વેષને જ બંધના કારણ કહ્યા છે.

ટીકામાં આવે છે કે જીવને સંસાર અવસ્થામાં કર્મના ઉદયો હંમેશા હોય છે. તે હોતા અર્થાત્ કર્મોદયની હયાતીમાં ચેતતા-જાણતા-અનુભવતાં જીવ મોહી રાગી-દ્વેષી થાય છે. અહીં કર્મોદય જીવમાં મોહ-રાગ-દ્વેષ કરાવે છે એમ નથી લેવું પરંતુ કર્મોદયની હાજરીમાં **ચેતતાં :-** અર્થાત્ જીવ તે સમયે અજ્ઞાન ચેતનારૂપે પરિણમે છે. તેની ચેતન જાગૃતિ પોતાના સ્વભાવને છોડીને પરદ્રવ્ય તરફ છે. તેનું પરદ્રવ્યમાં હિતબુદ્ધિ પૂર્વકનું રોકાણ છે. **જાણતા :-** તે સમયે તે જીવ પરદ્રવ્યને એવી લોલુપ નજરથી જ જાણે છે. **અનુભવતાં :-** અને પરનો જ અનુભવ કરે છે. ખરેખર તો તેને તે સમયે પોતાની રાગમિશ્રિત જ્ઞેયાકર જ્ઞાન પર્યાયનો જ ભોગવટો છે પરંતુ માને છે કે હું બાહ્ય વિષયોને ભોગવું છું. આ રીતે તે પરને અનુભવે છે એમ લીધું છે. આવું કરતાં તે પોતાના મોહ-રાગ-દ્વેષ ભાવો વડે જ્ઞેયાર્થ પરિણમન કરે છે.

જીવ પોતાના મોહ રાગ દ્વેષના ભાવ વડે જ્ઞેયાર્થ પરિણમનરૂપ ક્રિયા કરે છે ત્યારે તેને ભાવબંધરૂપ ફળ પ્રાપ્ત થાય છે. દ્રવ્ય કર્મ તો ઉદયમાં આવીને ખરી ગયું છે પરંતુ તે સમયે જીવના વિભાવના નિમિત્તે જે નવું કર્મ બંધાય છે તે દ્રવ્યબંધ છે. જીવનો તે દ્રવ્યકર્મ સાથે ઉભયબંધ થાય છે. તે પણ ક્રિયાનું ફળ જ છે.

આ રીતે જીવ પોતાના વિભાવના કારણે જ્ઞેયાર્થ પરિણમન કરીને ભાવબંધ-ઉભયબંધને પામે છે. માટે વિભાવ છોડવા લાયક છે.

## ◆ ગાથા - ૪૪

**ધર્મોપદેશ, વિહાર, આસન, સ્થાન શ્રી અર્હંતને**
**વર્તે સહજ તે કાળમાં, માયાચરણ જ્યમ નારીને. ૪૪.**

***તે અર્હંત ભગવંતોને તે કાળે ઊભા રહેવું, બેસવું, વિહાર અને ધર્મોપદેશ, સ્ત્રીઓને માયાચારની માફક, સ્વાભાવિક જ – પ્રયત્ન વિના જ હોય છે.***

સંસારી જીવ પોતાના વિભાવ અનુસાર સમયે સમયે સાત પ્રકારના નવા દ્રવ્ય કર્મોને બાંધે છે. આઠ પ્રકારના કર્મોમાં ચાર ઘાતિ કર્મો છે. ચાર અઘાતિ કર્મો છે.

પરમાત્માએ પોતાની પર્યાયમાંથી અશુદ્ધતા દૂર કરીને વીતરાગતાની પ્રગટતા કરી છે. નિમિત્તરૂપ રહેલા ચાર ઘાતિ કર્મોનો પણ ક્ષય થયો છે. અઘાતિ કર્મો અને તેના ઉદયો વિદ્યમાન છે. અઘાતિકર્મના ઉદય અનુસાર શરીર અને સંયોગોની પ્રાપ્તિ થાય છે. અઘાતિ કર્મોમાં પુણ્ય અને પાપ બે પ્રકારની પ્રકૃતિઓ છે. પરમાત્માને પુણ્ય પ્રકૃતતિનો ઉદય ઘણો હોય છે. પાપ પ્રકૃતિનો ઉદય નહીંવત હોય છે. સંસારમાં જીવ પોતે જે પ્રકારે શુભાશુભ ભાવો કરે તે અનુસાર પુણ્ય-પાપ પ્રકૃતિનો તેને બંધ થાય છે. જીવ જે ભાવ કરે છે તેનું ફળ તે સમયે જ ભોગવે છે એ વાત કાયમ રાખીને બંધાયેલા કર્મો ઉદયમાં આવીને જીવને ભવિષ્યમાં તેનું ફળ પણ આપે છે. તે સમયે જીવ તેમાં જોડાઈને ફરી વિભાવ કરીને તે ફળને જ્ઞેયાર્થ પરિણમનરૂપે ભોગવે છે.

તીર્થંકર પ્રકૃતિ તે ઉત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ છે. જે તીર્થંકરનું દ્રવ્ય હોય તે સોલહ કારણરૂપ શુભભાવો વડે તીર્થંકર પ્રકૃતિ બાંધે છે. આ પ્રકૃતિ એવી છે કે તે જીવ જયારે પરમાત્મા થાય ત્યારે જ ઉદયમાં આવે. પરમાત્મા તો વીતરાગ થઈ ગયા છે. તેને વિભાવ નથી તેથી તે તીર્થંકર પ્રકૃતિનું ફળ કયારેય

ભોગવવાના નથી. સાધકની નિર્વિકલ્પ અનુભૂતિ સમયે બાહ્યમાં અનેક પ્રકારના સંયોગો હોવા છતાં તેને તેનું લક્ષ નથી. જયારે અહીં તો પરમાત્મ દશા છે.

અઘાતિ કર્મના ઉદય અનુસાર પરમાત્મ દશામાં બાહ્યમાં ખ્યાલ આવતી એવી ચાર ક્રિયાની વાત આચાર્યદેવ આ ગાથામાં કરે છે. ઊભા રહેવું. બેસવું. વિહાર અને ધર્મોપદેશ. પહેલી ત્રણ શરીરની ક્રિયાઓ છે અને દિવ્યધ્વનિ તે વચનક્રિયા છે.

આ બધી ક્રિયાઓને સહજ કીધી. ત્યાં જીવની ઈચ્છાનું નિમિત્ત નથી. માત્ર અઘાતિ કર્મોદય અનુસાર તે થાય છે. મિથ્યાત્વ-અવિરતિ અને કષાય જેને આસ્રવ-બંધના કારણ ગણવામાં આવ્યા છે. તેનો પરમાત્મામાં અભાવ છે. પરમાત્માને માત્ર યોગનું કંપન છે તેથી અહીં શરીર અને વચન સાથે યોગ દ્વારા જોડાણ છે. પરમાત્મા વીતરાગ હોવાથી કર્મના ઉદય અનુસાર થતી આ પ્રકારની ક્રિયા પણ તેને બંધનું કારણ નથી. આ પ્રકારે આચાર્યદેવ વિભાવ ભાવ જ બંધનું કારણ છે તેવી દૃઢતા કરાવે છે.

## થોડી વિશેષ સ્પષ્ટતા

પરમાત્મદશા સમયે ઉપરોક્ત ચાર પ્રકારની બાહ્ય ક્રિયાની વાત આવી તેના ઉપરથી કોઈ તેને લંબાવીને માને કે પરમાત્માને ભૂખ અને તરસ પણ હોય છે. વળી શરીર છે માટે રોગ પણ આવે પરંતુ તેમ નથી. પરમાત્મ દશા પ્રગટ થતાં શરીર પણ પરમ ઔદારિક બની જાય છે. વળી ભૂખ-તરસ તે માત્ર વેદનીય કર્મ અનુસાર જ નથી. જીવ મોહનીય કર્મમાં જોડાય છે ત્યારે જ તેને ભૂખ-તરસનું દુઃખ છે. પરમાત્માને મોહ-રાગ-દ્વેષનો સર્વથા અભાવ છે. તેથી તેને ભૂખ-તરસ-રોગ વગેરે માનવાની ભૂલ કરાય નહીં.

વળી શરીરાદિ ક્રિયાને અઘાતિ કર્મોદયના ફળ સ્વરૂપ લક્ષમાં લેતા આપણે વિચારવું જોઈએ કે તે ક્રિયા હું કરી શકું છું, મારી ઈચ્છા મુજબ થાય છે, એવું લાગે છે તેમાં કેટલું તથ્ય છે. શાંતિથી વિચારતા એવું લાગે છે કે તે બાહ્ય ક્રિયા માત્ર અઘાતિ કર્મના ઉદય અનુસાર જ થાય છે. જીવની વર્તમાન ઈચ્છા તેમાં અકિંચિત્કર છે. આપણી ઈચ્છાને તથા બાહ્યની ક્રિયાને માત્ર નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે કારણકે એ સંબંધ પણ નિયમરૂપ નથી. દૃષ્ટાંત લઈને તો સમજાય. આપણે ખાવાની ઈચ્છા કરીએ છીએ અને ખોરાક લઈએ પણ છીએ. આપણે ઉપવાસનો નિર્ણય કરીએ અને તે અનુસાર ખોરાક લેતા નથી. આમાં કાંઈ ખોટુ હોય એવું આપણને લાગતું નથી. કોઈ પૂ. ગુરુદેવ પાસે તર્ક કરતા કે ગરીબને ખાવાની ઈચ્છા છે અને ખોરાક મળતો નથી. માટે ભૂખ્યો રહે છે. જયારે અમોને તે ઈચ્છા મુજબ બધું ખાવા મળે છે અને અમો ઉપવાસનું નક્કી કરીને આહાર છોડીએ છીએ ત્યારે ગુરુદેવ કહેતા કે શરીરને રોટલા મળવાના ન હતા માટે તને ઉપવાસનો ભાવ આવ્યો. કારણકે શરીરને રોટલા આપવા કે ન આપવા એનો નિર્ણય કરનાર જીવ નથી. આપણે જમવા બેસીએ અને ધાન એક બાજુ પડયું રહે એવું પણ બને. જીવે શરીરમાં હુંપણું માન્યું છે તેથી શરીરના બધા કાર્ય હું કરી શકું છું એવી એની માન્યતા છે. શરીરનું સ્વતંત્ર ઉપાદાન કારણ માન્ય રાખીને શરીરમાં મમત્વ અને કર્તૃત્વ છોડવું રહ્યું.

### ◆ ગાથા - ૪૫

**છે પુણ્યફળ અર્હંત, ને અર્હંતકિરિયા ઉદયકી;**
**મોહાદિથી વિરહિત તેથી તે ક્રિયા ક્ષાયિક ગણી. ૪૫.**

***અર્હંત ભગવંતો પુણ્યના ફળવાળા છે અને તેમની ક્રિયા ઔદયિકી છે; મોહાદિકથી રહિત છે તેથી તે ક્રિયા ક્ષાયિકી માનવામાં આવી છે.***

અરિહંત પરમાત્મા ભાવમોક્ષ દશાને પામેલા છે. પર્યાયમાં પરિપૂર્ણ શુદ્ધતા વર્તે છે. જીવની તે દશા તેના સ્વભાવ સન્મુખના પુરુષાર્થનું ફળ છે. તીર્થંકર પરમાત્માને ભાવમોક્ષદશામાં તીર્થંકર પ્રકૃતિ ઉદયમાં આવે છે. તેના ફળ સ્વરૂપે સમવસરણની રચના અને અનેક પ્રકારના અતિશયો સંયોગરૂપે જોવા મળે છે. એ પરમાત્માના પરિણામો નથી. એ તો બાહ્ય પદાર્થોના પરિણામો છે. ૪૪મી ગાથામાં ઊભા રહેવું. સ્થાન, વિહાર અને ધર્મોપદેશ એવી ક્રિયાની વાત લેવામાં આવી છે. તેનું જ અનુસંધાન આ ગાથામાં લેવું છે. સમવસરણ વગેરે અન્ય અતિશયની અહીં વાત કરવી નથી.

અરિહંત પરમાત્માને ઉપરોક્ત શરીર અને વાણીની જે ક્રિયા થાય છે તે છેતો પોતાના ઉપાદાનની યોગ્યતા અનુસાર અર્થાત્ તે શરીર અને ભાષા વર્ગણાનું કાર્ય છે. સંસાર અવસ્થામાં જીવની ઈચ્છા અનુસાર આ પ્રકારની ક્રિયા જોવા મળે છે. ઈચ્છા એ ઔદયિકભાવ છે. તેમાં નિમિત્ત ઘાતિકર્મોદય છે. આ જીવનું આ શરીર છે એવો જે વ્યવહાર લોકમાં પ્રસિદ્ધ છે તે અનુસાર જીવ આ ક્રિયા કરે છે. એવું માનવામાં આવે છે. આપણે ભેદ પાડીને વિચારીએ તો ઘાતિ કર્મના ઉદય અનુસાર થતા જીવના પરિણામ તે ઔદયિક ભાવ છે. તેને અનુરૂપ શરીરની ક્રિયા તે ઔદયિક ક્રિયા છે. જીવના પરિણામને ''ભાવ'' કહ્યા છે અને શરીરની ક્રિયાને ''ક્રિયા'' કહેવામાં આવી છે. ઘાતિકર્મોદય → જીવનો ઔદયિક ભાવ → શરીરની હલનચલનરૂપ ઔદયિક ક્રિયા. આ પ્રકારે અનાદિકાળથી બની રહ્યું છે. આ રીતે આપણી સમજણ પણ કામ કરે છે. તેથી તે અપેક્ષાએ તે જ્ઞાન સાચું છે.

હવે પરમાત્માનો વિચાર કરીએ. પરમાત્માને ઘાતિ કર્મોનો અભાવ-ક્ષય છે. પરમાત્માને પર્યાયમાં ક્ષાયિક ભાવ છે. પરમાત્માને ઈચ્છારૂપ ઔદયિક ભાવ નથી. તેથી તેની સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધરૂપ શરીરના હલનચલનરૂપ ઔદયિકી ક્રિયા પણ શરીરમાં ન થાય. પરંતુ પરમાત્મા ક્ષાયિક ભાવરૂપે પરિણમ્યા હોવા છતાં તેને શરીરની હલનચલનરૂપ ક્રિયાનો સદ્ભાવ જોવા મળે છે.

શરીરની ક્રિયાને પરમાત્માના ભાવ સાથે મેળવિશેષ નથી તો તેને કોની સાથે મેળવિશેષ છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં અહીં કહે છે કે તે પુણ્યનું ફળ છે. તે તીર્થંકર પ્રકૃતિના ઉદયનું ફળ છે અર્થાત્ તે અઘાતિ કર્મના ઉદય અનુસાર થતી ક્રિયા હોવાથી તે ક્રિયાને ઔદયિકી ક્રિયા ગણવામાં આવી છે.

આના અનુસંધાનમાં થોડો સમય અજ્ઞાન દશાનો ફરીથી વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે છે. ઘાતિ કર્મના ઉદય અનુસાર જીવ વિભાવ કરે છે તે વાત સાચી છે. તે સમયે જે અઘાતિકર્મો ઉદયમાં આવે છે તેનું ફળ તો શરીર અને સંયોગોમાં જ છે. આ રીતે અઘાતિકર્મોદયના ફળ સ્વરૂપ શરીર અને તેની ક્રિયા છે. બીજા શબ્દોમાં કહીએ તો વર્તમાનમાં આપણે જે શરીરની ક્રિયાઓ જોવા મળે છે તેને પૂર્વના કર્મોદય સાથે સંબંધ છે. આપણે વર્તમાનમાં તેની સાથે જોડાણ કરીએ છીએ તે તો નવો વિભાવ ભાવ છે. શરીરાદિની ક્રિયા કર્મોદયના ફળરૂપે લઈને મારે તેની સાથે કર્તા કર્મ તો નથી પરંતુ પરમાર્થે નિમિત્ત નૈમિત્તિક સંબંધ પણ નથી એમ લક્ષમાં લઈને સ્વભાવ સન્મુખ થવું યોગ્ય છે.

## પરમાત્માના દેહની ક્રિયા – ઔદયિકી છે કે ક્ષાયિક ?

ખરેખર તો દેહની ક્રિયા દેહની જ છે ત્યાં દેહ જ તેનું ઉપાદાન કારણ છે. તે ક્રિયાને અઘાતિ કર્મોદય અનુસાર થઈ હોવાને કારણે ઔદયિકી કહેવામાં આવે છે. તીર્થંકર પરમાત્મા પરમાર્થે વિશ્વના સમસ્ત અન્ય પદાર્થોથી તદન જુદા પડી ગયા છે. તે પોતાનામાં સંપૂર્ણપણે લીન છે. તેમને પોતાની ભૂતકાળની ભૂલને કારણે બંધાયેલા

અઘાતિકર્મો હજુ ઉભયબંધને પ્રાપ્ત થઈને રહેલા છે. તે કર્મો દરેક સમયે ઉદયમાં આવીને તેનું ફળ પણ આપે છે. અહીં તીર્થંકર પ્રકૃતિ તેનું ફળ આપે છે એમ લેવું. પરમાત્મા શરીર અને શરીરની ક્રિયા સાથે ઔદયિક ભાવથી જોડાયેલા નથી. પરમાત્મા ક્ષાયિકભાવે રૂપે ક્ષાયિક જ્ઞાનરૂપે પરિણમ્યા છે. તેથી શરીર અને તેની ક્રિયા તેના માટે જ્ઞાનનું જ્ઞેય જ છે. એક ચોખવટ પરમાત્મા તો આખા વિશ્વને જાણે છે તેમાં શરીર સંબંધી જ્ઞાન આવી જાય છે. તે આ મારું શરીર છે અને આ મારું કાર્ય છે એમ તો નથી જાણતાં પરંતુ તે વિશ્વના સમસ્ત પદાર્થોમાંથી શરીરને મુખ્ય કરીને પણ જાણતાં નથી. સર્વજ્ઞ દશામાં શરીર અને તેની ક્રિયાનું જ્ઞાન આવી ગયું એટલો જ ભાવ લેવાનો છે.

અજ્ઞાની જીવ પોતાના ઔદયિક ભાવ વડે તેની સાથે જોડાય છે તેથી તે અપેક્ષાએ શરીર અને તેની ક્રિયા ઔદયિકી ક્રિયા છે. પરમાત્મા ક્ષાયિક ભાવરૂપે પરિણમ્યા છે. સશરીરિ પરમાત્માને શરીર છે અને તેની ક્રિયા પણ છે, પરંતુ પોતે ક્ષાયિક ગણવામાં આવી છે. જીવની ભૂતકાળની ભૂલ અનુસાર શરીરની પ્રાપ્તિ હોવાથી જીવ પરમાત્મદશાને પામ્યો હોવા છતાં એટલો વ્યવહાર લાગુ પડે છે.

સ્વતંત્ર ઉપાદાનની યોગ્યતા અનુસાર ➔ શરીર અને તેની ક્રિયા.

અઘાતિ કર્મોદય અનુસાર ➔ તે ક્રિયા ઔદયિકી ક્રિયા છે.

અજ્ઞાની જીવ ઔદયિકભાવે પરિણમ્યો છે તે અનુસાર તે ક્રિયા ઔદયિકી ક્રિયા છે. પરમાત્મા ક્ષાયિકભાવે પરિણમ્યા છે તે અનુસાર તે ક્રિયા ક્ષાયિકી ક્રિયા છે.

આ રીતે શરીરની ક્રિયા ઔદયિક ભાવરૂપે પરિણમેલા જીવની સાપેક્ષતાથી ઔદયિકી ક્રિયા એવું નામ પામે છે. જયારે ક્ષાયિકભાવરૂપે પરિણમેલા પરમાત્માની સાપેક્ષતાથી તે ક્રિયા ક્ષાયિકી ક્રિયા એવું નામ પામે છે.

## છે પુણ્યફળ અર્હંત

અહીં અર્હંતમાં તીર્થંકર પરમાત્મા લેવામાં આવે છે. ૧) તીર્થંકર પ્રકૃતિના ઉદય અનુસાર તીર્થંકર પદની પ્રગટતા થાય છે. ૨) તીર્થંકર ભગવાનને તીર્થંકર પ્રકૃતિનો ઉદય(ફળ) હોય છે.

આ બન્ને કથનો અપેક્ષા લઈએ તો સાચા છે.

બીજી રીતે વિચારતા બન્ને કથનો ખોટા પણ ગણી શકાય.

તીર્થંકર પ્રકૃતિનો ઉદય ભાવ મોક્ષદશાનું કારણ નથી. પુરુષાર્થ અનુસાર પરમાત્મદશાની પ્રગટતા થાય છે. બધા અરિહંત ભગવંતોને તીર્થંકર પ્રકૃતિનો બંધ અને ઉદય નથી હોતા. વળી તીર્થંકરને વીતરાગતાની પ્રાપ્તિ થયા બાદ જ તીર્થંકર પ્રકૃતિ ઉદયમાં આવે છે. તેથી ભલે તેનું ફળ બાહ્યમાં દેખાય પરંતુ પરમાત્મા તે ફળને ભોગવતા નથી તેથી તેમને તે ફળ મળ્યું ગણી શકાય નહીં.

ટીકામાં લખે છે કે અર્હંત ભગવંતોને પુણ્ય રૂપી કલ્પવૃક્ષનાં (તીર્થંકર પ્રકૃતિના) સમસ્ત ફળો બરોબર પરિપક્વ થયા છે. અર્થાત્ પોતે ભાવ મોક્ષ દશાને (પોતાના પુરુષાર્થ દ્વારા) પ્રાપ્ત થાય છે ત્યારે તીર્થંકર પ્રકૃતિ ઉદયમાં આવીને ફળ આપે છે.

''તેમને જે કાંઈ ક્રિયા છે'' અર્થાત્ પરમાત્માને જે કાંઈ ક્રિયા છે તે અહીં પરમાત્માના અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્યરૂપના પરિણામની વાત નથી કરવી. અહીં તો શરીરની ક્રિયાની વાત કરવી છે. ૪૪ મી ગાથામાં જે ઊભા રહેવું, સ્થાન, વિહાર અને ધર્મોપદેશની વાત હતી તેને અહીં ''ક્રિયા'' શબ્દથી વર્ણવવા માગે છે. ભગવાનને ઈચ્છા નથી. ભગવાનમાં ઔદયિક ભાવ

નથી. શરીરની ક્રિયા શરીરના ઉપાદાન અનુસાર થાય છે. તે ક્રિયા ''પુણ્યના ઉદયના પ્રભાવથી ઉત્પન્ન થઈ'' છે. અહીં જે પુણ્યના ઉદયની વાત છે તે તીર્થંકર પ્રકૃતિના ઉદયની વાત છે. અઘાતિ કર્મોદયની વાત છે. અઘાતિ કર્મના ઉદય અનુસાર (નિમિત્ત નૈમિત્તિક સંબંધથી) પરમાત્માના શરીરની ઉપરોક્ત જે ક્રિયાઓ થાય છે તેને ઔદયિકી ક્રિયા કહેવામાં આવે છે. અહીં યાદ રહે કે તે સમયે પરમાત્મામાં ઔદયિક ભાવનો અભાવ છે તેથી પરમાત્મા સાથેના સંબંધની અપેક્ષાએ તેને ઔદયિકી ક્રિયા નથી કહી પરંતુ અઘાતિ કર્મના ઉદય અનુસાર થઈ હોવાથી તે ક્રિયાને ઔદયિકી કહેવામાં આવી છે.

આવી ઔદયિકી ક્રિયા કયારે થાય છે તેનું વર્ણન આ પ્રકારે કરે છે. ''મહા મોહરાજાની સમસ્ત સેનાના અત્યંત ક્ષયે'' અર્થાત્ જીવ જયારે સમસ્ત ઘાતિ કર્મોનો અભાવ કરે છે ત્યારે આ ઔદયિકી ક્રિયા શરૂ થાય છે. ઘાતિકર્મના ક્ષયને અને આ ઔદયિકી ક્રિયાને કારણ કાર્ય અથવા નિમિત્ત નૈમિત્તિક સંબંધ નથી. અહીં માત્ર કાળ અપેક્ષાએ સંબંધ છે. જે સમયે ઘાતિકર્મો નાશ પામ્યા. તે જ સમયે તીર્થંકર પ્રકૃતિ ઉદયમાં આવી. તે જ સમયે શરીરમાં સ્થાન-વિહાર વગેરે ઔદયિકી ક્રિયા જોવા મળી. તે જીવ તો ભાવ મોક્ષદશાને પામ્યા છે.

## એક જ સમયે

ઘાતિકર્મનો ક્ષય - ભાવમોક્ષ દશાની પ્રગટતા - તીર્થંકર પ્રકૃતિનો ઉદય - શરીરમાં સ્થાન વિહાર વગેરે ઔદયિકી ક્રિયા.

ઘાતિ-અઘાતિ બે પ્રકારના કર્મો - જીવ અને શરીર એ ચાર વચ્ચે કયા પ્રકારના નિમિત્ત નૈમિત્તિક સંબંધો છે તે વિચારીએ.

- ***ભાવમોક્ષદશાની પ્રગટતા અને ઘાતિકર્મોનો ક્ષય.***
- ***તીર્થંકર પ્રકૃતિનો ઉદય અને શરીરાદિની ક્રિયા (અહીં તીર્થંકર પ્રકૃતિના ઉદય અનુસાર સમવસરણ વગેરે વાત નથી લેવી)***
- ***ઘાતિ અને અઘાતિકર્મો વચ્ચે કોઈ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી. (આ બન્ને ક્રિયા એક જ સમયે થાય છે એટલો જ સંબંધ છે.)***
- ***પરમાત્માને અને શરીરની ક્રિયાને કાંઈ સંબંધ નથી.***

પરમાત્માને શરીરાદિ જે ક્રિયા જોવા મળે છે. તેને ઔદયિકી ક્રિયા શા માટે કહી છે તે વાત અહીં પુરી થાય છે. અઘાતિ કર્મોદય અનુસાર થતી હોવાથી તે ઔદયિકી છે.

હવે એજ શરીરાદિની ક્રિયા ક્ષાયિકી કઈ રીતે કહેવાય તેનું વર્ણન કરે છે. જીવ સાથેના સંબંધની વાત લઈએ તો પરમાત્મા ક્ષાયિક ભાવરૂપે પરિણમ્યા છે માટે તે શરીરાદિ ક્રિયાને ક્ષાયિકી ક્રિયા કહેવાય છે. તે સમજાવે છે. તેનો વિચાર કરીએ ત્યારે પહેલા અજ્ઞાન દશામાં જીવના ભાવને અને શરીરની ક્રિયાને કેવા પ્રકારનો સંબંધ છે તે વિચારીએ. જીવના ભાવને અનુસરીને બાહ્યની ક્રિયા થાય છે અને સંયોગો અનુસાર જીવ સંયોગી ભાવ કરે છે. આ રીતે બન્ને તરફી વ્યવહાર-નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. આના અનુસંધાનમાં શાસ્ત્રમાં એવું કથન આવે છે કે જીવના વિભાવ અનુસાર જીવને બંધ થાય છે. સંયોગો જીવના વિભાવનું નિમિત્ત કારણ છે પરંતુ સંયોગો સીધા બંધનું કારણ થતાં નથી. ખરેખર તો ઘાતિકર્મોદય જ વિભાવમાં નિમિત્ત છે. આ રીતે ત્યાં સંયોગ અને સંયોગી ભાવ સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ દર્શાવ્યો છે.

અહીં એ વાત નથી. અહીં તો પરમાત્માને જે શરીરાદિ ક્રિયા જોવા મળે છે તેની વાત કરે છે. તે અઘાતિકર્મોદય સાથે નિમિત્ત નૈમિત્તિકરૂપ હોવાથી ઔદયિકી ક્રિયા છે એ વાત દર્શાવીને હવે તે ક્રિયાને જીવની સાથે કેવો સંબંધ છે. તે દર્શાવે છે.

''મોહરાગ દ્વેષરૂપ ઉપરંજકોના અભાવને લીધે ચૈતન્યના વિકારનું કારણ નહિ થતી હોવાથી'' આ શબ્દોથી આચાર્યદેવ સમજાવવામાં માગે છે કે પરમાત્માને જયારે આ પ્રકારની ક્રિયા થાય છે ત્યારે પરમાત્મા મોહ રાગ-દ્વેષ થી સર્વથા રહિત છે. અર્થાત્ પરમાત્મામાં મલિનતા જરાપણ નથી. જીવ પોતાના ઉપાદાનની યોગ્યતાથી પરમાત્મદશારૂપે પરિણમે છે તેથી શરીરની ક્રિયા તેને વિકાર કરાવતી નથી અર્થાત્ તે ક્રિયા વિકારનું નિમિત્ત નથી. અજ્ઞાન દશામાં જે ક્રિયા ઉપચાર કથનથી જીવને મોહ રાગ-દ્વેષનું નિમિત્ત હતી. તે ક્રિયામાં હવે એવું નિમિત્તપણું પણ રહ્યું નથી.

અહીં થોડો વિષયાંતર કરીને વિચારીએ તો ખ્યાલ આવે કે બાહ્યમાં વજ્રપાત થાય તો પણ તેમાં એવી શક્તિ નથી કે સમ્યગ્દૃષ્ટિ જીવને તેના માર્ગથી ચ્યુત કરી શકે. અર્થાત્ સમ્યગ્દૃષ્ટિને અનંત સંસારનું કારણ થાય એવો કર્મબંધ થતો નથી. મિથ્યાત્વ જતાં આ પ્રમાણે બને છે તો પછી વીતરાગ પરમાત્માને તો પ્રશ્ન જ નથી. અહીં નિમિત્તની મુખ્યતા કરાવવાનો પ્રશ્ન નથી.

આ પ્રકારે શરીરની ક્રિયા થતી હોવા છતાં પરમાત્માને વિકાર નથી તેથી તે ક્રિયાને ''કાર્યભૂત બંધના અકારણભૂત પણા વડે'' એવા શબ્દોથી ઓળખાવવામાં આવે છે.

''કાર્યભૂત મોક્ષના કારણભૂતપણું'' ઉપાદાનમાં જે પ્રકારે કાર્ય થાય તે પ્રકારે નિમિત્ત ઉપર આરોપ આપવાની પદ્ધતિને અનુસરીને વિચારીએ તો પરમાત્મા ક્ષાયિકભાવરૂપે પરિણમ્યા છે માટે ઉપચારથી શરીરની ક્રિયાને પણ ક્ષાયિકભાવપણુ લાગુ પાડીને શરીરની ક્રિયાને ક્ષાયિક ભાવના કારણપણે ગણવામાં આવી છે. જીવનો ક્ષાયિકભાવ મોક્ષનું કારણ છે. તેથી શરીરની ક્રિયાને મોક્ષના કારણપણે દર્શાવવામાં આવી છે. ટીકાના શબ્દો પ્રમાણે અર્થ કર્યા બાદ હવે તેનો બીજી રીતે વિચાર કરીએ.

પરમાત્મા ક્ષાયિક ભાવરૂપે પરિણમી ગયા છે. તેથી તેને બાહ્ય પદાર્થો સાથે માત્ર જ્ઞેયજ્ઞાયક સંબંધ જ છે. કોઈ પ્રકારનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ નથી. પોતે પરમાત્મદશાને પ્રાપ્ત થયા હોવા છતાં પૂર્વે કરેલા ભાવો અનુસાર બંધાયેલા અઘાતિ કર્મો અને તેના ઉદય અનુસાર ઉપલબ્ધ શરીર અને સંયોગો વિદ્યમાન છે ત્યાં સુધી ભગવાને વિહાર કર્યો. ભગવાને ઉપદેશ આપ્યો એવો વ્યવહાર લાગુ પડે છે. પરમાત્માને શરીર સાથે આવો સંબંધ છે. પોતે ક્ષાયિક ભાવરૂપે પરિણમી ગયા છે તેથી પરમાત્માની સાપેક્ષતાથી શરીરની ક્રિયાને જોવી હોય તો તેને ક્ષાયિક ક્રિયા એવું નામ આપી શકાય છે. પરમાત્માના જ્ઞાનની અપેક્ષાએ એ ક્રિયા જ્ઞાનનું જ્ઞેય છે. ક્ષાયિક ભાવની અપેક્ષાએ એ ક્રિયા ક્ષાયિકી ક્રિયા છે. યાદ રહે કે પરમાત્માને શરીર સાથે કોઈ નિમિત્ત નૈમિત્તિક સંબંધ નથી. માત્ર ઉપચાર જ લાગુ પડે છે.

ભાવાર્થમાં જીવના નિષ્ક્રિય સ્વભાવને યાદ કર્યો છે. જીવમાં એક નિષ્ક્રિયત્વ શક્તિ છે. જીવમાં સંસાર અવસ્થામાં તેના પ્રદેશોનું કંપન (યોગ) થાય છે. કર્મના ઉદયના નિમિત્તે આ કંપન થાય છે. પરમાત્માને જયાં સુધી અઘાતિ કર્મોનો ઉદય છે સદ્ભાવ છે ત્યાં સુધી યોગ દ્વારા તેનું શરીર અને વચન સાથે જોડાણ છે. કાયયોગ અને વચનયોગ છે. અઘાતિકર્મોનો ઉદય મટે ત્યારે જીવમાં નિષ્ક્રિયપણું પ્રગટ થાય છે. તેથી જીવના સ્વભાવને નિષ્ક્રિય કહેવામાં આવે છે. અહીં નિષ્ક્રિય એટલે અપરિણામી અથવા પરિણામનો અભાવ એવો અર્થ નથી. પ્રદેશોનું કંપન અટકે તે નિષ્ક્રિયપણું છે.

## ◆ ગાથા - ૪૬

**આત્મા સ્વયં નિજ ભાવથી જો શુભ-અશુભ બને નહીં,**
**તો સર્વ જીવનિકાયને સંસાર પણ વર્તે નહીં! ૪૬.**

***જો એમ માનવામાં આવે કે આત્મા સ્વયં સ્વભાવથી (પોતાના ભાવથી) શુભ કે અશુભ થતો નથી (અર્થાત્ શુભાશુભ ભાવે પરિણમતો જ નથી) તો સર્વ જીવનિકાયોને સંસાર પણ વિદ્યમાન નથી એમ ઠરે!***

આ ગાથા સાંખ્યમત જૂઠો છે તે દર્શાવવા માટે લીધી છે. વેદાંત વસ્તુને સર્વથા નિત્ય માને છે. જીવ સદાય શુદ્ધ જ છે એવું માને છે. વિભાવ અને તે અનુસાર થતી સાંસારિક પ્રવૃત્તિઓ તે બધું ભ્રમણા છે એવું માને છે. સાંખ્યમત એ વેદાંતને મળતો છે. તે જીવને રાગનો અકર્તા જ માને છે. તેમ છતાં જીવમાં રાગ થાય છે તેનો સ્વીકાર કરે છે. પ્રકૃતિ તે રાગને કરે છે તેવી તેની માન્યતા છે. બે પદાર્થો સ્વતંત્રપણે કર્તા થઈને પોતાના પરિણામોને કરે છે એવું ન માનતા એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે છે અને તે બીજું દ્રવ્ય પહેલા દ્રવ્યનું અથવા કોઈ ત્રીજા જ દ્રવ્યનું કાર્ય કરે છે. પરંતુ તેની તે માન્યતા ખોટી છે. અજ્ઞાની જીવ પોતે સ્વતંત્રપણે કર્તા થઈને પોતાના અજ્ઞાનમય ભાવને કરે છે માટે તો સંસાર છે. બંધન છે. સંસાર છે તો સંસારનો અભાવ કરીને મોક્ષની વાત છે. દૃષ્ટાંત : કોઈ વ્યક્તિ જેલમાં ગઈ જ ન હોય તો તેને જેલમાંથી છૂટવા બદલ અભિનંદન ન આપી શકાય. જીવ સંસારમાં ચાર ગતિના પરિભ્રમણથી દુઃખી જ ન હોય તો તેને દુઃખથી મુક્તિરૂપ મોક્ષનો ઉપદેશ જ ન હોય. આસ્રવનો નિરોધ તે સંવર અને બંધનો નિરોધ તે મોક્ષ. આ રીતે બધા અજ્ઞાની સંસારી જીવો અનાદિ કાળથી મોહ-રાગ-દ્વેષ એવા અશુદ્ધ પરિણામને કરતા જ આવ્યા છે.

જીવમાં જ્ઞાન અને રાગ અનાદિકાળથી છે. વળી અન્ય અચેતન પદાર્થોમાં જ્ઞાન અને રાગ જોવા મળતા નથી તેથી જ્ઞાન અને રાગ બન્ને જીવનો સ્વભાવ છે એવું માનવાની ભૂલ થાય છે. જીવમાં બન્ને અનાદિના હોવા છતાં જ્ઞાન એ સ્વાભાવિક ક્રિયા છે જયારે રાગ તો જીવનો વિભાવ છે. જીવની ભૂલ છે. આ ગાથામાં આચાર્યદેવ જીવ રાગના પરિણામને કરે છે એવું દર્શાવવા માગે છે. આસ્રવ-બંધ તત્ત્વ સિદ્ધ કરવા માગે છે. વેદાંતની માફક 'અહં બ્રહ્માસ્મિ' એ માન્યતા ખોટી છે એ દર્શાવવા માગે છે.

બધા જીવો શક્તિ અપેક્ષાએ પરમાત્મા છે પરંતુ વર્તમાનમાં મોહી-રાગી-દ્વેષી સંસારી છે. બંધનગ્રસ્ત છે. દુઃખી છે. એવું સિદ્ધ કરે છે. તેથી અન્વયાર્થમાં લખ્યું કે જો એમ માનવામાં આવે કે આત્મા સ્વયં સ્વભાવથી શુભ કે અશુભ થતો નથી તો સર્વ જીવનિકાયોને સંસાર પણ વિદ્યમાન નથી એમ ઠરે. આ વાક્ય વાંચતા થોડી દ્વિધા ઉત્પન્ન થાય તેમ છે. ''આત્મા સ્વભાવથી શુભાશુભ ભાવરૂપ નથી થતો'' આ વાક્યમાં કયાંય વિરોધ ન લાગે અર્થાત્ રાગને કરે એવો કોઈ ત્રિકાળ સ્વભાવ જીવમાં નથી. આ વાત તો તદન સાચી છે. અહીં આદરણીય પં. શ્રી હિંમતભાઈએ કૌસમાં ખુલાસો કર્યો છે. (પોતાના ભાવથી) અહીં સ્વ-ભાવ એટલે પોતાનો ભાવ એવું નથી કહેવા માગતા પરંતુ પોતાના ભાવથી એટલે તે જીવ સ્વતંત્રપણે રાગને કરવા માગે છે એવો આશય સમજવો જોઈએ. અર્થાત્ સ્વભાવથી એટલે ત્રિકાળ સ્વભાવ નહીં. પરંતુ જીવ (અજ્ઞાનદશામાં પણ) જો સ્વયં શુભાશુભ ભાવને ન કરે તો સંસાર સાબિત ન થાય એવું કહેવા માગે છે.

ટીકામાં સાંખ્યમતની એકાંત માન્યતા શું છે તે પ્રથમ કહે છે ''શુભાશુભ ભાવરૂપ સ્વભાવે સ્વયં આત્મા પરિણમતો નથી'' આ કથમ સ્યાદવાદ શૈલીનું હોય તો સાચું છે. કારણકે શુભાશુભ

ભાવરૂપે પરિણમવાનો આત્માનો કોઈ સ્વભાવ નથી. વળી જ્ઞાની સ્વતંત્રપણે સ્વયં શુભાશુભ ભાવરૂપે નથી પરિણમતો જ્ઞાનીનો પુરુષાર્થ તો શુદ્ધ પર્યાયને પ્રગટ કરવાનો જ છે. પુરુષાર્થની કચાશને કારણે જે શુભાશુભ ભાવો થાય છે. તે કર્મની બળજોરીથી થાય છે એવું પણ કહેવામાં આવે છે.

સાંખ્યમતની માન્યતા એવી છે કે જીવની દશામાં જે રાગના પરિણામો થાય છે તે પ્રકૃતિનું કાર્ય છે. જીવ સ્વયં નં.૧:- તે કરતો નથી. તેથી જીવને સંસારના પરિભ્રમણ નથી. જીવ તો શુદ્ધ છે પરંતુ તે વાત પ્રત્યક્ષ વિરુદ્ધ જ છે.

અજ્ઞાની જીવ સ્વયં પોતાની મેળે શુભાશુભ ભાવરૂપે પરિણમે છે. અહીં અજ્ઞાની જીવ પોતે જ વિભાવરૂપે પરિણમે છે. પોતે તેવા ભાવરૂપે પરિણમવા માગે છે માટે પરિણમે છે. તેમ કરવાથી પોતે સુખી થશે એવી માન્યતા હોવાથી તેવા પરિણામને કરે છે. અહીં સ્વયં શબ્દ દ્વારા જીવ પોતે જ રાગરૂપે થાય છે. તે પરિણામનો કર્તા અન્ય નથી એમ દર્શાવવું છે. વળી ''સ્વભાવે (પોતાના ભાવે)'' શબ્દ દ્વારા પોતે સ્વતંત્રપણે કર્તા થઈને, આ ભાવ કરવા જેવા માનીને કરે છે એવું આપણા ખ્યાલમાં આવવું. અહીં સ્વભાવનો નં.૨:- અર્થ ત્રિકાળ સ્વભાવ ન કરાય. હવે આ પ્રકારે ન માનતા અજ્ઞાની જીવ અન્યથા માને છે.

***કર્મો જીવને રાગ કરાવે છે :-*** અજ્ઞાનીની માન્યતા એવી છે કે જેવા દ્રવ્યકર્મોના ઉદય આવે એ અનુસાર જીવ વિભાવ કરે છે. સમયસાર શાસ્ત્ર ગા. ૩૩૨ થી ૩૩૯ ગાથામાં આ અંગે ઘણો વિસ્તાર લીધો છે પરંતુ એ માન્યતા ખોટી છે. કર્મની મુખ્યતાથી વિચારતા જીવનું સ્થાન કઠપૂતળી તરીકે જ દેખાય છે. પૂ. ગુરુદેવશ્રીનો આપણા ઉપર પરમ ઉપકાર છે કે જીવની મુખ્યતાથી જ વિચારતા શીખવ્યું. તેમ કરવાથી દ્રવ્યકર્મો તો માત્ર નિમિત્ત જ છે. જીવ પોતાના અજ્ઞાનના કારણે સંસારમાં રખડે છે અને પોતાના સ્વભાવમાં હુંપણુ સ્થાપીને તેનો આશ્રય કરવાથી મોક્ષને પામે છે. અજ્ઞાનમય અને જ્ઞાનમય બન્ને પ્રકારના ભાવો કરવામાં જીવ સ્વતંત્ર છે. અજ્ઞાનમય ભાવનું ફળ સંસાર અને દુઃખ છે જયારે જ્ઞાનમય ભાવોના ફળમાં જીવ મોક્ષની પ્રાપ્તિ કરીને અનંત અવ્યાબાધ સુખને પામે છે.

***ઈશ્વરની ઈચ્છા મુજબ ચેતન-અચેતનના પરિણામો થાય છે :-*** પરના કાર્ય હું કરી શકું છું એવી જેની માન્યતા છે તે અજ્ઞાની જીવ અવ્યક્ત કે વ્યક્તપણે ઈશ્વરકર્તાવાદિ જ છે. સૂર્ય-ચંદ્ર-વગેરેના પરિભ્રમણ અને દરીયામાં ભરતી-ઓટ એવા દૃષ્ટાંતો જયાં પોતાની ચાંચ ન ડૂબે ત્યાં ઈશ્વર આ બધું કરે છે એવું માને છે. માત્ર આવા અચેતન પદાર્થો જ નહીં પરંતુ જીવના રાગ-દ્વેષ અથવા ભક્તિના ભાવો પણ ઈશ્વરની પ્રેરણા અનુસાર થાય છે એવું માને છે. જીવ સ્વયં રાગ દ્વેષ કરે છે. પરને રાગ દ્વેષ કરાવે એવા કોઈ ઈશ્વર વિશ્વમાં છે જ નહીં. તે તો અનીતિ કહેવાય. જે જીવ સ્વયં રાગ દ્વેષ કરે છે. તે પોતે જ તેને ભોગવે છે. માટે તો સંસાર છે.

આ વાતના અનુસંધાનમાં આચાર્યદેવ આગળ ફરમાવે છે કે ''આત્મા પરિણામ ધર્મવાળો હોવાથી, જેમ સ્ફટિકને જાસુદપુષ્પના અને તમાલપુષ્પના રંગરૂપ સ્વભાવવાળાપણું પ્રકાશે છે તેમ, તેને (આત્માને) શુભાશુભ સ્વભાવવાળાપણુ પ્રકાશે છે.'' અહીં આત્માને પરિણામ ધર્મવાળો કહ્યો છે. ત્યાં પરિણામ ધર્મનો અર્થ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત સત્ એવો ન કરાય. અર્થાત્ જીવ પરિણામ સ્વભાવી છે એવું કહેવા માગતા નથી. અહીં તો એવો ભાવ છે કે આત્મા સ્વભાવે શુદ્ધ હોવા છતાં કર્મોદયમાં જોડાયને વિભાવરૂપે પરિણમવાની તેનામાં યોગ્યતા છે. તે યોગ્યતા અનુસાર તે અનાદિકાળથી અશુદ્ધતારૂપે પરિણમે છે. આ રીતે અહીં અશુદ્ધતારૂપે

પરિણમવાની જીવની યોગ્યતા છે તે વાત લેવા માગે છે. કોઈ જીવ કયારેય નિશ્ચય કે વ્યવહારે અશુદ્ધતારૂપે પરિણમતો જ નથી એવી જેની માન્યતા છે તેનો અહીં આ ગાથામાં નિષેધ કરવો છે. જીવ સ્વભાવે શુદ્ધ હોવા છતાં અનાદિકાળથી અશુદ્ધતારૂપે પરિણમે છે. અલબત એવા રાગના પરિણામને કરે એવો કોઈ ત્રિકાળ સ્વભાવ જીવમાં નથી. પરમાર્થે તો જીવ રાગનો અકર્તા છે. તેથી તો જીવ રાગને છોડીને કાયમ માટે વીતરાગ થઈ શકે છે. રાગના પરિણામ માત્ર દોષરૂપ છે. એટલું ન લેતા તે પરિણામને નૈમિત્તિક પરિણામરૂપે દર્શાવ્યા છે. તેટલા માટે સ્ફટિકનો દૃષ્ટાંત આપ્યો છે. સ્ફટિકનો દૃષ્ટાંત અહીં જીવ પોતે સ્વયં પોતાથી જ રાગરૂપે પરિણમે છે તે દર્શાવવા માટે છે. અન્યસ્થળે (સમયસાર ગા. ૨૭૮-૭૯માં) આ જ દૃષ્ટાંત જીવનું અકર્તાપણુ દર્શાવવા માટે આપવામાં આવે છે. બે પદાર્થનું સ્વતંત્રપણુ રાખીને જો નિમિત્ત નૈમિત્તિક સંબંધને સાચા અર્થમાં સમજવામાં આવે તો કયાંય વિરોધ દેખાશે નહીં. અજ્ઞાન (આસ્રવ-બંધ તત્ત્વ) સિદ્ધ કરવા માટે જીવ પોતે જ વિભાવને સ્વયં પોતાની મેળે કરે છે તેમ કહેવામાં આવે છે. હવે જયારે તે વિભાવને છોડવાની વાત આવે ત્યારે સંવર-નિર્જરા તત્ત્વ દર્શાવવા માટે રાગને કરે એવો જીવમાં સ્વભાવ જ નથી એવી વાત લક્ષમાં રાખીને તેના જોરમાં પોતે દશામાં શુદ્ધતા પ્રગટ કરે છે.

### ◆ ગાથા - ૪૭

**સૌ વર્તમાન-અવર્તમાન, વિચિત્ર, વિષમ પદાર્થને**
**યુગપદ સરવતઃ જાણતું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે. ૪૭.**

***જે જ્ઞાન યુગપદ સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી) તાત્કાલીક કે અતાત્કાલીક, વિચિત્ર (અનેક પ્રકારના) અને વિષમ (મૂર્ત, અમૂર્ત આદિ અસમાન જાતિના) સર્વ પદાર્થોને જાણે છે, તે જ્ઞાનને ક્ષાયિક કહ્યું છે.***

આચાર્યદેવ ફરીને મૂળ વાત ઉપર આવી જાય છે અને પરમાત્માનું કેવળજ્ઞાન કઈ રીતે કામ કરે છે અને તે જ્ઞાનનો વિષય શું છે તેનું વર્ણન કરે છે. પરમાત્માનું કેવળજ્ઞાન એ ક્ષાયિક જ્ઞાન છે. જ્ઞાનના આવરણમાં, અલ્પજ્ઞતામાં, નિમિત્ત એવું એક જ્ઞાનાવરણીય કર્મ છે. છદ્મસ્થ જીવો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ અનુસાર જે જ્ઞાનનો ઉઘાડ થાય છે તે અનુસાર જાણે છે. પરમાત્માએ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે તેથી તે કેવળજ્ઞાન ક્ષાયિક જ્ઞાન એવું નામ પામે છે.

સૌ પ્રથમ કેવળજ્ઞાન કઈ રીતે કાર્ય કરે છે તે સમજીએ. તે જ્ઞાન બધા વિષયોને યુગપદ જાણે છે અને પોતાના અસંખ્ય પ્રદેશેથી જાણે છે હવે તેનો વિસ્તાર.

### યુગપદ્ જ્ઞાન

ક્ષયોપશમ જ્ઞાન વિષયોને ક્રમપૂર્વક જાણે છે જયારે ક્ષાયિક જ્ઞાન સંપૂર્ણ વિશ્વને યુગપદ્ અર્થાત્ એકી સાથે જાણે છે. અલ્પજ્ઞતા અને સર્વજ્ઞતામાં આ મોટો તફાવત છે. જાણવા લાયક આખું વિશ્વ છે જેમાં અનંત પદાર્થો છે. જો અનંતને જાણવા હોય તો એક પછી એક જાણવા જતાં ત્યાં અનંત સમય જોઈએ. વળી એવા અનંત સમયો ફાળવો તો પણ જો એ રીતે બધું જાણી શકાય તો વિષયોની બેહદતા ન રહી. માટે અનંતને જાણવાનો એક જ પ્રકાર શક્ય છે. બધું એકી સાથે જાણવા સિવાય બીજો રસ્તો જ નથી. દૃષ્ટાંતઃ બે ચાર પદાર્થોનું ચિત્ર દોરવું હોય તો કાગળ પેન્સીલ કામ આવે. પરંતુ પહાડ ઉપરથી દેખાતું દશ્ય ચિતરવું હોય તો કેમેરા જ કામ આવે. જેથી આખું દશ્ય એકી સાથે આવી જાય. સર્વજ્ઞદશા એ કેવળજ્ઞાન ક્ષાયિકજ્ઞાન છે. તેમાં વિશ્વના બધા પદાર્થો એકી સાથે જણાય છે.

## કેવળજ્ઞાન સર્વપ્રદેશેથી જાણે છે.

આ વાત જિનાગમમાં આવે છે. છદ્મસ્થનું જ્ઞાન પ્રતિનિયત પ્રદેશેથી જાણે છે એવી વાત પણ આવે છે. આ કથનનો ભાવ આપણા ખ્યાલમાં લેવો જરૂરી છે. સિદ્ધાંત એ છે કે આત્મા પોતાનું અસંખ્ય પ્રદેશી અખંડ સ્વક્ષેત્ર લઈને રહેલો છે. તેથી જ્ઞાનનું પણ અખંડ ક્ષેત્ર છે. પર્યાયમાં આખું દ્રવ્ય આવી જાય છે માટે જ્ઞાનનું કાર્ય પણ પોતાના અસંખ્ય પ્રદેશી અખંડ સ્વક્ષેત્રમાં જ થાય. ત્યાં જીવ અલ્પજ્ઞ છે કે સર્વજ્ઞ એવા ભેદ નથી. તેથી અલ્પજ્ઞનું જ્ઞાન પણ અસંખ્ય પ્રદેશમાં એકસરખું જ થાય છે. તેનું જ્ઞાન અમુક પ્રદેશોમાં થાય અને અન્ય પ્રદેશોમાં ન થાય એવું ન બને. વળી જુદા જુદા પ્રદેશોમાં એક જ સમયમાં અલગ અલગ કાર્ય થાય એ પણ ન બને. આપણે જોવાનું તથા સાંભળવાનું કામ એકી સાથે કરીએ છીએ એવું માનીએ છીએ પરંતુ તે આપણી ભૂલ છે. આપણે આંખ અને કાનનો ઉપયોગ વારાફરતી પરંતુ એટલી ઝડપથી કરીએ છીએ કે બન્ને કાર્ય સાથે થાય છે એવું લાગે છે. શાસ્ત્રમાં કાગડાની બે આંખ વચ્ચે એક જ ગોલક છે એવી વાત આવે છે.

આ પ્રમાણે અલ્પજ્ઞને પણ જે જાણપણું થાય છે તે પોતાના અખંડ અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્રમાં જ થાય છે. પ્રતિનિયત પ્રદેશોમાં થતું નથી. તો પછી શાસ્ત્રમાં અલ્પજ્ઞ અમુક પ્રદેશોથી જાણે છે જયારે પરમાત્મા સર્વપ્રદેશેથી જાણે છે એવી વાત શા માટે આવે છે તે સમજવું જરૂરી છે. આ ગાથામાં પરમાત્માની વિશેષતારૂપે તે સર્વ પ્રદેશેથી જાણે છે તેમ લીધું છે માટે આ સમજણ જરૂરી છે. દૃષ્ટાંત : ખેતરમાં શેરડી ઉગી છે. તમે તેમાં એક શેરડીના સાંઠાની એક કાતરીને પકડીને હલાવશો તો ખ્યાલ આવશે કે આખો શેરડીનો સાંઠો હલે છે. કારણકે કાતરી અને શેરડીની એક સત્તા છે. ત્યાં અખંડપણું છે. શેરડીના કટકા કરી નાખીને તમે એક કટકો હાથમાં લેશો તો બાકીના કટકા જમીન ઉપર પડયા જ રહેશે.

દરેક ઈન્દ્રિયોને પોત પોતાના વિષયો છે. ઈન્દ્રિયોરૂપી પદાર્થને વિષય કરે છે. આંખ રંગને તથા કાન શબ્દને ગ્રહણ કરે છે. બાહ્ય વિષયોનો ઈન્દ્રિય સાથે સંબંધ થાય, સન્નિકર્ષ થાય, ત્યારે જ ઈન્દ્રિય જ્ઞાન કામ કરે છે તે વાત આપણે અભ્યાસમાં લઈ ચૂક્યા છીએ. શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો છે ત્યાં જ એક ક્ષેત્રાવગાહે જ્ઞાન પણ છે. જ્ઞાન ઈન્દ્રિય દ્વારા ગ્રહવામાં આવેલા વિષયને જાણી લે છે. હવે ઈન્દ્રિયને દૃષ્ટાંતમાં લીધેલી કાતરીના સ્થાને મૂકશો તો ખ્યાલ આવશે કે આંખના ક્ષેત્રે રહેલા જ્ઞાનમાં જે જાણવાની ક્રિયા થાય છે તે જ્ઞાનનું અભેદપણું હોવાથી એ જ જાણવાની ક્રિયા જીવના અસંખ્ય પ્રદેશમાં તે જ સમયે એક સરખી થશે. આ રીતે પ્રતિનિયત અને સર્વપ્રદેશેની અથડામણ ન રહી. જ્ઞાન જે ઈન્દ્રિયને સાધન બનાવે ત્યાં પ્રતિનિયતપણું આવ્યું અને જાણવાનું કાર્ય તો પોતાના અસંખ્ય પ્રદેશોમાં એકસરખું જ થવાનું છે.

હવે આચાર્યદેવ જ્ઞાનનો વિષય કેટલો છે તે દર્શાવે છે. ક્ષાયિક જ્ઞાન બધું જાણે છે. વિચિત્ર અને વિષમ પદાર્થોને જાણે છે. વિચિત્ર એટલે અનેક પદાર્થો. વિષમ એટલે પરસ્પર વિરોધી અસમાન જાતના જેમ કે રૂપી-અરૂપી અથવા ચેતન-અચેતન પદાર્થો. ટીકામાં આચાર્યદેવે જ્ઞાનાવરણીય કર્મના જુદા જુદા ભેદોની વાત લીધી વળી તેમના ક્ષયોપશમની તથા ક્ષયની વાત લીધી. જીવને છદ્મસ્થ અવસ્થામાં જે જ્ઞાનનો ઓછો કે વધારે ઉઘાડ જોવા મળે છે, તેથી અમુક વિષયો ન જણાય એવું જે આવરણ જોવા મળે છે, તે જીવના પોતાના જ ભાવથી થયેલું છે. જેને પોતાના સર્વજ્ઞ સ્વભાવનો સ્વીકાર નથી તેને વ્યક્ત-અવ્યક્તપણે પોતાના સ્વભાવનો અનાદર છે. તેના ફળ સ્વરૂપે જ્ઞાન આવરણ યુક્ત થાય છે. તેમાં નિમિત્ત જ્ઞાનાવરણીય કર્મ છે.

ક્ષાયિક જ્ઞાન આવરણ વિનાનું છે. જેવો સર્વજ્ઞ સ્વભાવ છે. એવી સર્વજ્ઞ દશા છે. જ્ઞાનની પર્યાયનું જાણવાનું સામર્થ્ય અમર્યાદ છે. વિશ્વ અમર્યાદ હોવા છતાં એક ન્યાય એવો છે કે હજુ વિશ્વમાં વધું હોત તો જ્ઞાન તેને જાણવાની ના ન પાડત. અહીં તેને માટે ''જેનો ફેલાવ રોકી ન શકાય'' એવા શબ્દો વાપરવામાં આવ્યા છે. આ જ્ઞાની સર્વદા અર્થાત્ સર્વકાળે આગામી અનંતકાળ પર્યંત, સર્વત્ર અર્થાત્ પોતાના અખંડ અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્રમાં રહીને જ્ઞાનનું વ્યવહાર ક્ષેત્ર વિશ્વ વ્યાપી રાખીને, સર્વથા અર્થાત્ બધા પડખેથી સંપૂર્ણપણે સર્વને જાણે છે.

આ રીતે. આ જ્ઞાનમાં ક્ષયોપશમ જ્ઞાન અને ક્ષાયિક જ્ઞાનની સરખામણી કરીને ક્ષાયિક જ્ઞાનનો મહિમા કર્યો.

## ◆ ગાથા - ૪૮

**જાણે નહીં યુગપદ ત્રિકાળિક ત્રિભુવનસ્થ પદાર્થને,**
**તેને સપર્યય એક પણ નહિ દ્રવ્ય જાણવું શક્ય છે. ૪૮.**

***જે એકી સાથે ત્રૈકાલિક ત્રિભુવનસ્થ પદાર્થોને જાણતો નથી, તેને પર્યાય સહિત એક દ્રવ્ય પણ જાણવું શક્ય નથી.***

આચાર્યદેવ આ ગાથામાં પણ યુગપદ્ જ્ઞાનની વાત કરે છે. યુગપદ્ જ્ઞાન એટલે જે જ્ઞાન બેહદને એકી સાથે જાણી લે તે જ્ઞાન. જાણવાનો વિષય જ્યારે અમર્યાદ હોય ત્યારે યુગપદ્ જ્ઞાન વડે જ જાણી શકાય. ક્રમિક જ્ઞાન વડે (ક્ષયોપશમ જ્ઞાન વડે) ન જાણી શકાય. વિશ્વમાં રહેલા અનંત પદાર્થો પોતાના ત્રણ કાળની પર્યાયના ઈતિહાસ લઈને રહેલા છે. યુગપદ્ જ્ઞાન વિના આ જાણવું અશક્ય છે. પરમાત્મા ક્ષાયિક જ્ઞાન વડે વિશ્વના સમસ્ત પદાર્થોને તેના ત્રણ કાળના ઈતિહાસ સહિત યુગપદ્ જ્ઞાન વડે જાણે છે. આ તો વિશ્વના સમસ્ત પદાર્થોને જાણવાની વાત થઈ. મારે અનંત પદાર્થોને ન જાણવા હોય માત્ર એક જ પદાર્થને જાણવો હોય તો મારે તો યુગપદ્ જ્ઞાનની, ક્ષાયિક જ્ઞાનની, કેવળજ્ઞાનની જરૂર નથીને ! મારા ક્ષયોપશમ જ્ઞાન દ્વારા હું એક પદાર્થ તો જાણી શકુ ને ? જીવ જ્ઞાન સ્વભાવી છે. જાણવાનું કાર્ય નિરંતર થાય છે. જ્ઞપ્તિ ક્રિયા થાય અને જાણવાનો વિષય ન હોય એવું બને નહીં. હું છદ્મસ્થ છું. અલ્પજ્ઞ છું. હું ક્ષયોપશમ જ્ઞાન દ્વારા એક પદાર્થને જાણું છું. આવું અનાદિ કાળથી કરું છું. જ્ઞાન વેદનભૂત હોવાથી એવા જ્ઞાનનો મને નિરંતર અનુભવ વર્તે છે. આ રીતે ક્ષયોપશમ જ્ઞાન એક વિષયને જાણે છે. જુદા જુદા વિષયોને એક પછી એક જાણે છે. એવો ક્ષયોપશમ જ્ઞાનનો એક પક્ષ રજૂ કરવામાં આવે છે.

અહીં આ ગાથામાં આચાર્યદેવ એની ના પાડે છે. એક પદાર્થ જાણવો હોય તો પણ કેવળજ્ઞાન-ક્ષાયિકજ્ઞાન-યુગપદજ્ઞાન જરૂરી છે. ક્ષયોપશમ જ્ઞાન વડે એક પદાર્થ પણ જાણી ન શકાય એવો ભાવ દર્શાવવા માગે છે. આચાર્યદેવની રજૂઆત, તેની દલીલ, યુક્તિ સમજવા જેવી છે. જેને આપણે એક કહીએ છીએ તે પણ પોતાનું અમર્યાદપણું લઈને જ રહેલો છે. આપણી દલીલમાં અનંત વિરુદ્ધ એક એમ હતું. બન્નેને પ્રતિપક્ષમાં રાખીને વાત કરતા હતા. અનંત પદાર્થો યુગપદ જ્ઞાનનો વિષય થાય જ્યારે એક પદાર્થ ક્ષયોપશમ જ્ઞાનનો વિષય થાય એવી આપણી દલીલ હતી. જ્યારે આચાર્યદેવ કહે છે કે ખરેખર એક પદાર્થ પણ અનેકાંત સ્વરૂપ છે. તે એકાંતિક એક નથી. જે એક પદાર્થ છે તે અનંત ધર્માત્મક છે એ વાત કાયમ રાખીને અહીં જે એક પદાર્થ છે તેને અનાદિથી અનંતકાળ સુધીની અનંત પર્યાયો છે. તેથી મૂળ ગાથામાં શબ્દો મૂકવામાં આવ્યા કે ''તેને સપર્યય એકપણ નહિ દ્રવ્ય જાણવું શક્ય છે'' એક દ્રવ્ય સપર્યય કહેતા તેના ત્રણ કાળના પરિણામના ઈતિહાસ સહિત. હવે એક પદાર્થને તેના ત્રણ કાળની પર્યાય સહિત જાણવો

હોય અને એક સમયે એક પર્યાય જાણીએ તો એક પદાર્થનું સાચું જ્ઞાન પણ ક્ષયોપશમ જ્ઞાન વડે શક્ય નથી. ત્રણ કાળની પર્યાય સહિતનું એક દ્રવ્યનું જ્ઞાન પણ ક્ષાયિક જ્ઞાન યુગપદ જ્ઞાન વડે જ જાણી શકાય. અન્યથા એનું જાણપણું પણ શક્ય નથી. આ રીતે આચાર્યદેવ એક પદાર્થ જાણવો હોય કે અનંત પદાર્થો જાણવા હોય. યુગપદજ્ઞાન એક જ કાર્યકારી છે એવું સમજાવવા માગે છે.

આપણે વર્તમાનમાં ક્ષયોપશમ જ્ઞાન વડે જાણીએ છીએ તેની કિંમત કેટલી તેનો વિચાર કરી લેવા જેવો છે. અજ્ઞાની જીવ માત્ર પરદ્રવ્યોને જાણે છે. પોતાના આત્માને જાણતા નથી.

***નહીં જાણતો જયાં આત્મને જ અનાત્મ પણ નહીં જાણતો***
***તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ અજીવને નહીં જાણતો***

*સમયસાર ગા. ૨૦૨*

જ્ઞેય જ્ઞાયક સંબંધમાં તો જીવ પરથી જુદો રહીને પરને જાણે છે પરંતુ અજ્ઞાની જીવને જુદાપણાનો ખ્યાલ નથી. તે તો બે પદાર્થોના સ્વભાવને ભેળસેળ કરીને સંકર દોષ કરે છે. શરીરમાં સ્પર્શ-વર્ણ વગેરે પુદ્ગલના ધર્મો ઉપરાંત જ્ઞાન અને સુખ જે જીવના ગુણો છે તેને પણ શરીરના ધર્મો માનવાની ભૂલ કરે છે. તેથી ઉપરોક્ત ગાથામાં કહ્યું છે કે જીવને જીવ નથી જાણતો એ ખરેખર અજીવને પણ નથી જાણતો.

## ભાવશ્રુત પ્રમાણ જ્ઞાન એ યુગપદ જ્ઞાન છે કે નહીં ?

અહીં જ્ઞાનીની નિર્વિકલ્પદશાને અનુલક્ષીને આ પ્રશ્ન કરવામાં આવ્યો છે. પ્રવચનસારની મૂળ ગાથાના અનુસંધાનમાં ના પાડવી જરૂરી છે. કારણકે અનુભૂતિ સમયે પોતાની ભૂત-ભાવિની પર્યાયો જણાતી નથી. તેથી ત્યાં ક્ષાયિકજ્ઞાન નથી.

આ ગાથામાં ક્ષાયિક જ્ઞાનને જ યુગપદ જ્ઞાનરૂપે દર્શાવવામાં આવ્યું છે.

હવે બીજી રીતે વિચારીએ. પાત્ર જીવ સૌ પ્રથમ ગુરુગમે પોતાનું સ્વરૂપ નય વિભાગથી જાણે છે. અનુમાન જ્ઞાન વડે જ્ઞાયક સ્વભાવનો, દ્રવ્ય-પર્યાય સ્વરૂપ પોતાનો યથાર્થ નિર્ણય કરે છે. એ અનુમાન જ્ઞાન જે અનુભવ વત્ કહી શકાય તેને પણ પરોક્ષ પ્રમાણ ગણવામાં આવે છે. તે ખરેખર નય જ્ઞાન જ છે. જીવ જયારે પક્ષાતિકાંત થાય છે ત્યારે અનુભૂતિ થાય છે. તેને ભાવશ્રુત પ્રમાણજ્ઞાન પણ કહેવામાં આવે છે. નય જ્ઞાનની અપેક્ષાએ આ જ્ઞાન યુગપદ જ્ઞાન ગણી શકાય. અનુભૂતિ સમયે દ્રવ્યપર્યાયરૂપ જે પોતાનું સ્વરૂપ છે તે તેને ખ્યાલમાં આવી જાય છે. તે સમયે તેને ગુણભેદો કે ગુણની પર્યાયોનો અલગ ખ્યાલ નથી અને ભૂત-ભાવિની પર્યાયો તો જણાતી જ નથી પરંતુ અનુભૂતિ સમયે તેને પોતાના શક્તિરૂપ સામર્થ્યનો સાચો ખ્યાલ આવી જાય છે. નય જ્ઞાનની અપેક્ષાએ અનુભૂતિ સમયે દ્રવ્ય-પર્યાયનું યુગપદ જ્ઞાન થાય છે પરંતુ તે પરમાત્માના જ્ઞાન જેવું નથી. અર્થાત્ તેને પોતાનો પણ સંપૂર્ણ ખ્યાલ આવતો નથી.

સાધકની સવિકલ્પ દશાની વાત તો આચાર્યદેવ ગાથા. ૪૨માં કરી જ ગયા છે ત્યાં જ્ઞેયાર્થ પરિણમન છે. અસ્થિરતાના રાગને અનુરૂપ આવું પરિણમન છે તેથી તે જ્ઞાન જ નથી. જયાં જ્ઞેયાર્થ પરિણમન છે ત્યાં માત્ર કર્મનો જ અનુભવ છે એવી જિનદેવની સાક્ષી ત્યાં આપવામાં આવી છે.

આ રીતે બધી રીતે વિચારતા- આ ગાથામાં અને ૪૯મી (હવે પછીની) ગાથામાં આચાર્યદેવ એક જ વાત કરે છે કે એક પદાર્થ જાણવો હોય કે અનંત યુગપદ્ જ્ઞાનથી જ તે શક્ય છે. જો ક્ષાયિક જ્ઞાન નથી તો એક પદાર્થ પણ સંપૂર્ણ જાણી શકાતો નથી. બન્ને ગાથાઓમાં ''સપર્યય'' શબ્દ પ્રયોગ

કરવામાં આવ્યો છે અને તેનો ભાવ ત્રણ કાળની પર્યાય લેવા માગે છે.

ટીકાકાર આચાર્યદેવ આ ગાથાના મથાળામાં જણાવે છે કે સર્વને નહીં જાણનાર એકને પણ જાણતો નથી. મૂળ ગાથાના આ ભાવને લક્ષમાં રાખીને અમૃતચંદ્રાચાર્યદેવ પોતાના ભાવ રજા કરે છે.

અહીં એક પદાર્થને જાણવાની વાત છે ત્યાં આચાર્યદેવ પોતાના આત્માને જાણવાની વાત કરે છે. પોતે જાણનાર અને આખું વિશ્વ જ્ઞાનનું જ્ઞેય. પોતાના આત્માની મુખ્યતાથી વિચારવું લાભનું કારણ થાય છે માટે તે રીતે વિચારવામાં આવે છે. એકની અનંત પર્યાયની વાત જયાં મૂળ ગાથામાં લીધી છે ત્યાં ટીકાકાર આચાર્યદેવ એ અનંત પર્યાયોની ગંગોત્રી એવા પોતાના જ્ઞાયક સ્વભાવની વાત લેવા માગે છે. અર્થાત્ ત્રણ કાળની પર્યાયો નહીં પરંતુ તે બધા પરિણામોને પહોંચી વળવાનું સામર્થ્ય જે સ્વભાવમાં છે તેને યાદ કરે છે.

અન્ય પદાર્થોની માફક શુદ્ધાત્મામાં ત્રણ કાળના પરિણામોને પ્રગટ કરવાની શક્તિ તો છે જ પરંતુ જીવમાં જયારે શક્તિરૂપ સામર્થ્યનો વિચાર કરીએ છીએ ત્યારે તે જાુદી રીતે વિચારીએ છીએ. જીવમાં સર્વજ્ઞ સ્વભાવ છે તે શક્તિરૂપ સામર્થ્ય છે. તેથી સર્વજ્ઞ દશા એ જ સ્વાભાવિક પર્યાય છે. અલ્પજ્ઞતા એતો અધુરપ છે-અશક્તિ છે.

અજ્ઞાની જીવે પોતાના સ્વભાવને જાણ્યો નથી. પરને પોતાના માનવારૂપ મિથ્યાત્વ અશુદ્ધ પર્યાય અનાદિ કાળથી જીવની દશામાં થાય છે. જીવ સિવાય અન્ય દ્રવ્યોમાં રાગ થતો નથી. તેથી રાગને કરે તે જીવ - એ રીતે જીવનું લક્ષણ દર્શાવવામાં આવે. જાણે તે જીવ સુખ દુ:ખનો અનુભવ કરે તે જીવ, રાગ-દ્વેષ કરે તે જીવ, ઈત્યાદિ અનેક પ્રકારે જીવની ઓળખાણ કરાવવામાં આવે છે.

***જે શુદ્ધ જાણે આત્મને, તે શુદ્ધ આત્મ જ મેળવે,***
***અણશુદ્ધ જાણે આત્મને, અણશુદ્ધ આત્મ જ તે લહે.***

*સમયસાર ગા. ૧૮૬*

તમે તમારા સ્વભાવને જે પ્રકારે જાણો તે પ્રકારે તમારા પરિણામો થાય છે. જે પોતાને રાગનો કર્તા માને તેની પર્યાયમાં રાગ જ થાય. જે પોતાને અલ્પજ્ઞ માને તે અલ્પજ્ઞ જ રહે. આ રીતે પોતાના સામર્થ્યનો (સર્વજ્ઞ સ્વભાવનો) અજાણ એવો અજ્ઞાની જીવ પોતાની દશામાં અલ્પજ્ઞ જ રહે છે.

પર્યાયમાં અશુદ્ધતા, વિપરીતતા, અલ્પજ્ઞતા એવું સંભવી શકે. પરંતુ તે સમયે પણ તે જેની પર્યાય છે તે સ્વભાવ તો હંમેશા પરિપૂર્ણ, શુદ્ધ અને અમર્યાદ સામર્થ્ય જ લઈને રહેલો છે. સ્વભાવ શાશ્વત અને નિરપેક્ષ જ હોય છે. પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં પણ સ્વભાવના સામર્થ્યનો નિર્ણય થઈ શકે છે. આ સિદ્ધાંત લક્ષમાં લેવો જરૂરી છે. સમયસાર ગા. ૨૦૪ની ટીકામાં સૂર્ય અને વાદળનો દૃષ્ટાંત છે. સૂર્યનો જે આછો પ્રકાશ જણાય છે તે પ્રકાશ સૂર્યને અભિનંદે છે. તેમ મતિ-શ્રુત વગેરે અલ્પજ્ઞ પર્યાય પણ આવે છે પોતાના સર્વજ્ઞ સ્વભાવમાંથી. જે સર્વજ્ઞ સ્વભાવમાંથી આવી અલ્પજ્ઞ પર્યાય આવે છે તે જ સ્વભાવમાંથી સર્વજ્ઞ દશા અવશ્ય પ્રાપ્ત થાય. મીણબતીમાંથી તો ઓછો પ્રકાશ જ મળે. પરંતુ જો તેટલો પ્રકાશ ઈલેકટ્રીક બલ્બમાંથી (ઓછા વોલ્ટેઝને કારણે) આવતો હોય તો તે પ્રકાશ વધી શકે. આપણા ઘરમાં જે પંખો ફરે છે તે ધીમો પણ ફરે અને ઝડપથી પણ ફરી શકે છે. આવા બધા દૃષ્ટાંતો લક્ષમાં લેવાથી આપણને વિશ્વાસ આવે છે કે જો મારો સ્વભાવ પરમાત્માના સ્વભાવ જેવો જ છે.- ''સર્વ જીવ છે સિદ્ધ સમ'' - તો હું પણ પરમાત્મા થઈ શકું. પોતાના સામર્થ્યનો સ્વીકાર કરવાથી આ ફળ પ્રાપ્ત થાય છે. પાત્ર જીવને અનુભૂતિ પહેલા પણ પોતાના સ્વભાવનો સ્વીકાર અનુમાન જ્ઞાનમાં અવશ્ય આવે છે.

જયારે અનુભૂતિ થાય છે ત્યારે પર્યાયમાં શુદ્ધતાની શરૂઆત થાય છે પરંતુ જ્યાં સુધી વીતરાગતાની પ્રગટતા થતી નથી ત્યાં સુધી સર્વજ્ઞ દશા પ્રગટ થતી નથી. જેવો સ્વભાવ છે, જેવું શક્તિરૂપ સામર્થ્ય છે, એવી દશા પ્રગટ થાય ત્યારે સ્વભાવને જાણ્યો એમ સાચા અર્થમાં કહી શકાય. જ્યાં સુધી એવી સર્વજ્ઞ દશા પ્રગટ ન થાય ત્યાં સુધી એટલું નિર્ણયાત્મક જોર ન આવે એવો ભાવ લેવો રહ્યો.

જ્ઞાનીને પોતાનો આત્મા અનુભવમાં આવે છે. આ જ શાસ્ત્રમાં ગા. ૩૩માં આચાર્યદેવ ફરમાવે છે કે પરમાત્મા કેવળજ્ઞાન વડે પોતાના નિર્ભેળ સ્વભાવને જાણે છે. અમે અપૂર્ણ ખીલેલી જ્ઞાનની પર્યાય વડે એ જ શુદ્ધાત્માને જાણીએ છીએ. જાણવા જેવો શુદ્ધાત્મા જ છે અને એ કાર્ય તો થઈ રહ્યું છે માટે અમોને વિશેષ જાણવાનો લોભ નથી. આ જ પ્રકારે અન્ય શાસ્ત્રોમાં અને ગાથાઓમાં પણ આ જ ભાવ દર્શાવવામાં આવે છે. પરંતુ અહીં આ ગાથામાં એ વાત લેવી નથી અલ્પજ્ઞ પોતાને જાણે છે એવું કહેવું નથી. જ્ઞાની પોતાના સ્વભાવને તેના સામર્થ્યરૂપે જાણે છે એવી રજૂઆત કરવી નથી. અહીં તો એમ સિદ્ધ કરવું છે કે સર્વજ્ઞ ન હોય તે એક ને પણ જાણી ન શકે અર્થાત્ સર્વજ્ઞ ન હોય તે પોતાના આત્માને જાણી ન શકે. અલ્પજ્ઞ પોતાના સ્વભાવને જાણી ન શકે.

આ પૂર્વભૂમિકા ખ્યાલમાં રાખીએ તો અમૃતચંદ્રાચાર્યદેવ આ પ્રમાણે સમજાવવા માગે છે. પરમાત્માએ પરમાત્મ દશા પ્રગટ કરી છે તેથી તેણે પોતાના સ્વભાવને સાચા અર્થમાં તેના સામર્થ્ય સહિત જાણ્યો છે. તે પરમાત્મા વિશ્વના સમસ્ત પદાર્થોને યુગપદ જાણે છે. અલ્પજ્ઞ જીવે સર્વજ્ઞ દશા પ્રગટ કરી નથી તેથી તે પોતાના સ્વભાવને સાચા અર્થમાં જાણતો નથી. (પરિપૂર્ણ સર્વજ્ઞદશા પ્રગટ કરે ત્યારે જ પોતાના સ્વભાવને તેણે ખરેખર જાણ્યો છે આ અપેક્ષાનું આ કથન છે) તે અલ્પજ્ઞ જીવ વિશ્વના સમસ્ત પદાર્થોને પણ જાણતો નથી. ટીકાકાર આચાર્યદેવ - જે સર્વને નથી જાણતો તે એકને પણ નથી જાણતો એ સિદ્ધાંત આ રીતે ટીકામાં રજૂ કરે છે.

ટીકામાં વિશ્વના સમસ્ત પદાર્થો જ્ઞેય છે અને તેમાં એક જીવ નામનો પદાર્થ જ્ઞાતા છે એ વાત પ્રથમ લીધી. અર્થાત્ હું જાણનાર થઈને વિશ્વના સમસ્ત પદાર્થોને જાણું છું. અહીં અગ્નિનો દૃષ્ટાંત છે.

અગ્નિ - અગ્નિની પર્યાય - બળવા લાયક સમસ્ત દાહ્ય પદાર્થો

અગ્નિની સર્વોત્કૃષ્ટ પર્યાયની કલ્પના કરો તો તે અગ્નિ વિશ્વના સમસ્ત બળવા લાયક પદાર્થોને એકી સાથે બાળી નાખે. તેમ સિદ્ધાંત

| જીવ | કેવળજ્ઞાનની પર્યાય |
|---|---|
| ↓ | ↓ |
| સર્વજ્ઞ સ્વભાવ | વિશ્વના સમસ્ત જ્ઞેય |

જીવ પોતાના સર્વજ્ઞ સ્વભાવ વડે જયારે સર્વજ્ઞ દશા પ્રગટ કરે છે ત્યારે વિશ્વના સમસ્ત પદાર્થોને એકી સાથે એક સમયમાં જાણી લે છે.

અજ્ઞાની જીવને પોતાના સર્વજ્ઞ સ્વભાવનો ખ્યાલ નથી તેથી તે સર્વજ્ઞદશા પ્રગટ કરતો નથી. તેથી વિશ્વના સમસ્ત પદાર્થો જણાતા નથી. આચાર્યદેવ આટલું લખીને અટકી ગયા છે. આગળ વિશેષ સ્પષ્ટતા-ખુલાસો પોતે કર્યો નથી. હવે અહીં આપણે જે પૂર્વભૂમિકા તૈયાર કરી છે તે ઉપયોગી થશે.

પાત્ર જીવ પહેલા પોતાના સર્વજ્ઞ સ્વભાવને જાણે છે. તે સ્વભાવનો મહિમા કરે છે. પંચ પરમેષ્ટિએ શુદ્ધ પર્યાય પ્રગટ કરી લીધી છે અને પોતે તેવી દશા પ્રગટ કરવા માગે છે તેથી હું સર્વજ્ઞ

સ્વભાવી છું. એવો અનુભવ કરે છે. સર્વજ્ઞ સ્વભાવ હોવા છતાં પર્યાય અલ્પજ્ઞ કેમ છે તેનો વિચાર કરે છે. પરદ્રવ્યમાં એકત્વબુદ્ધિ અને હિતબુદ્ધિરૂપ મોહ-રાગ-દ્વેષ એવા પોતાના વિભાવ અજ્ઞાનમય પરિણામને કારણે સર્વજ્ઞતા નથી પ્રગટતી. તેવો નિર્ણય કરીને પ્રથમ મોહ-મિથ્યાત્વ અને ક્રમે રાગ-દ્વેષને દૂર કરી વીતરાગ થાય છે. વીતરાગતા ન પ્રગટે ત્યાં સુધી મુખ્ય ગૌણ થયા કરે છે અને જ્ઞાન ક્ષયોપશમ ભાવે રહે છે. વીતરાગતા પ્રગટે એટલે તુરત જ જ્યાં મુખ્ય ગૌણ કરવાનું ન રહ્યું, જીવ શુદ્ધતારૂપે પરિણમ્યો, ત્યાં સર્વજ્ઞદશા પ્રગટ થાય છે. જેવો સર્વજ્ઞ સ્વભાવ એવી સર્વજ્ઞદશા - ત્યારે તેણે પોતાના જ્ઞાનના શક્તિરૂપ સામર્થ્યને જાણ્યું એવો ભાવ આ ગાથામાં લેવાનો રહે છે.

અહીં આચાર્યદેવે સર્વજ્ઞદશારૂપે પરિણમતો નથી પરંતુ અલ્પજ્ઞદશારૂપે પરિણમે છે એવું કહ્યું નથી. અલ્પજ્ઞ દશામાં શું જણાય તેની કોઈ ચર્ચા કરી નથી. જાણવાની ક્રિયા થાય તો તેનો કોઈ વિષય અવશ્ય હોય જ. તેથી આચાર્યદેવે એ વિષય જ ખોલ્યો નથી. જેવો સ્વભાવ એવી પર્યાય થાય ત્યારે જ સ્વભાવને (સ્વને-પોતાને) જાણ્યો કહેવાય એ પ્રકારની રજૂઆત ગર્ભિતપણે કરી છે.

## ◆ ગાથા - ૪૯

**જો એક દ્રવ્ય અનંતપર્યય તેમ દ્રવ્ય અનંતને**
**યુગપદ ન જાણે જીવ, તો તે કેમ જાણે સર્વને? ૪૯.**

***જો અનંત પર્યાયવાળા એક દ્રવ્યને તથા અનંત દ્રવ્ય સમૂહને યુગપદ જાણતો નથી તો તે પુરુષ સર્વને કઈ રીતે જાણી શકે? (અર્થાત્ જે આત્મ દ્રવ્યને ન જાણતો હોય તે સમસ્ત દ્રવ્યસમૂહને ન જાણી શકે).***

આગલી ગાથામાં સર્વની વાત લઈને એકની વાત લીધી હતી. અહીં એકની વાત લઈને સર્વની વાત લીધી છે. કુંદકુંદાચાર્યદેવ એમ કહેવા માગે છે કે દરેક દ્રવ્યને અનંત પર્યાયો હોય છે. અનંત પર્યાયવાળુ એક દ્રવ્ય યુગપદજ્ઞાન વડે જણાય. એવા અનંત દ્રવ્યો છે. તેથી તે અનંત દ્રવ્યો પણ યુગપદ જ્ઞાન વડે જ જણાય. જો યુગપદ જ્ઞાન ન હોય તો સર્વ પદાર્થો જાણી શકાય નહીં.

| | | |
|---|---|---|
| આત્માનો દ્રવ્ય સામાન્ય સ્વભાવ. | આત્માની અનાદિથી અનંતકાળ સુધીની પર્યાયો | વિશ્વના સમસ્ત પદાર્થો તે દરેક પદાર્થની અનાદિથી અનંતકાળ સુધીની અનંત પર્યાયો |
| સર્વજ્ઞ સ્વભાવ | કેવળજ્ઞાનની સાદિ અનંતકાળની અનંત પર્યાયો | |
| જ્ઞાયક સ્વભાવ | જ્ઞપ્તિ ક્રિયા | જ્ઞેય |

| | | | | |
|---|---|---|---|---|
| પ્રતિભાસમય મહાસામાન્ય જ્ઞાયક | ⟷ | પ્રતિભાસમય અનંત પર્યાયો જ્ઞપ્તિ ક્રિયા | ⟷ | જ્ઞેય |
| | વ્યાપ્ય વ્યાપક સંબંધ | | જ્ઞેય જ્ઞાયક સંબંધ | |

ટીકાકાર આચાર્યદેવ એ વાત બીજી રીતે રજૂ કરે છે. પોતાના આત્માની મુખ્યતાથી વાત કરે છે. જે પોતાના આત્માને જાણે તે જ વિશ્વના સમસ્ત પદાર્થોને જાણે છે. જે પોતાને નથી જાણતો તે સર્વને નથી જાણતો. હવે આચાર્યદેવની રજૂઆત કઈ રીતે છે તે જોઈએ.

આચાર્યદેવ સૌ પ્રથમ તો આત્માને દ્રવ્યરૂપે અને જ્ઞાનને ગુણરૂપે લક્ષમાં લઈને ભેદને ગૌણ કરીને દ્રવ્ય અને ગુણનું અભેદપણું દર્શાવે છે. જ્ઞાન ગુણ-સર્વજ્ઞ શક્તિ-એ ગુણરૂપે છે. ગુણને દ્રવ્યમાં અભેદ કરીએ ત્યારે એ આત્માને જ્ઞાયક એવું નામ આપવામાં આવે છે. જ્ઞાયક પોતે જાણવાનુ કાર્ય કરીને જ્ઞેયોને જાણે છે. આ શબ્દો અને ભાવથી આપણે પરિચિત છીએ. આચાર્યદેવે તેના સ્થાને કયા શબ્દો વાપર્યા છે તે ટેબલનો અભ્યાસ કરતા ખ્યાલ આવશે. પ્રતિભાસમય → જાણવાના શક્તિરૂપ સામર્થ્યવાળો. અરીસામાં આપણે પ્રતિબિંબ શબ્દ વાપરીએ છીએ અહીં આપણે પ્રતિભાસ શબ્દ વાપરીએ છીએ. પ્રતિભાસ એટલે જાણવું. અહીં જ્ઞાનમાં પહેલા (અરીસાની માફક) પ્રતિબિંબ પડે અને પછી જ્ઞાન જાણે એવી બે ક્રિયા નથી દર્શાવવી. પ્રતિભાસમય એટલે જેનામાં જાણવાની શક્તિ છે તે.

દ્રવ્યસામાન્યને અહીં મહાસામાન્ય કહ્યું છે. દ્રવ્ય અને પર્યાય વચ્ચે વ્યાપ્ય વ્યાપક સંબંધ છે. જયારે જ્ઞાનની પર્યાયને પરદ્રવ્ય સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધ છે. અમૃતચંદ્રાચાર્યદેવ આત્માના સર્વજ્ઞ સ્વભાવનો મહિમા કરાવવા માગે છે. જેને પોતાના સ્વભાવનો મહિમા આવે એજ સર્વજ્ઞદશા પ્રગટ કરે. જ્યાં સુધી સ્વભાવનો મહિમા ન આવે ત્યાં સુધી પરમાત્મદશા ન પ્રગટે. આ રીતે તેઓ સ્વભાવની મુખ્યતાથી વાત કરે છે. એ મહાસામાન્ય વ્યાપક થઈને પોતાની કેવળજ્ઞાનની પર્યાયમાં વ્યાપે છે. તે કેવળજ્ઞાનની પર્યાયનો વિષય વિશ્વના સમસ્ત પદાર્થો છે. તેને અહીં જ્ઞાનમાં નિમિત્ત ગણ્યા છે.

જ્ઞાયક → જ્ઞપ્તિ ક્રિયા → જ્ઞેય આ રીતે વાત લઈને હવે ક્રમ ફેરવે છે.

જ્ઞેય → જ્ઞપ્તિ ક્રિયા → જ્ઞાયક. વિશ્વના પદાર્થો જેમાં નિમિત્ત છે એવી જ્ઞાનની પર્યાય અને એ જ્ઞાનની પર્યાયમાં જે વ્યાપે છે એવા જ્ઞાયક સ્વભાવને જો કોઈ જાણતું નથી તો તેને વિશ્વના સમસ્ત પદાર્થો જણાતા નથી. જ્ઞેયજ્ઞાયક સંબંધમાં જ્ઞાયક અને જ્ઞેય બન્ને જરૂરી છે. પરંતુ મુખ્યતા જ્ઞાયકની છે. જ્ઞેય છે માટે જણાય છે તેમ નહીં પરંતુ જ્ઞાયક છે માટે જણાય છે. તેથી જે જ્ઞાયકનો સ્વીકાર કરે છે તે જ વિશ્વના સમસ્ત પદાર્થોને જાણી શકે છે. આ રીતે જે જ્ઞાયકને નથી જાણતો તે વિશ્વના સમસ્ત પદાર્થોને નથી જાણતો એ વાત સિદ્ધ થઈ. એ વાત ખ્યાલમાં રહે કે અમૃતચંદ્રાચાર્યદેવે યુગપદ જ્ઞાન ઉપર વજન નથી આપ્યું. જ્ઞાયક સ્વભાવ તો દૃષ્ટિનો વિષય છે. તે નિશ્ચયનય-શુદ્ધનયનો વિષય છે. જ્ઞાયકને જાણવામાં યુગપદ જ્ઞાનની વાત ન આવે. અનુભૂતિ સમયે જે યુગપદ જ્ઞાન છે. ભાવશ્રુત -પ્રમાણજ્ઞાન છે તે સાચા અર્થમાં યુગપદ જ્ઞાન નથી. તે નય જ્ઞાનની સરખામણીમાં જ પ્રમાણજ્ઞાન-યુગપદજ્ઞાન છે પરંતુ તે જ્ઞાનમાં પોતાના આત્માની ત્રણ કાળની પર્યાયો જણાતી નથી.

## ગા. ૪૮-૪૯ નો ભાવ

કુંદકુંદાચાર્યદેવ બન્ને ગાથાઓમાં યુગપદ જ્ઞાનની વાત લેવા માગે છે. અનંત પદાર્થો તો યુગપદ જ્ઞાન વડે જ જાણી શકાય. વાસ્તવિકતા એ છે કે જેને આપણે એક કહીએ- (જે એક આપણા વર્તમાન ક્ષયોપશમ જ્ઞાનમાં જાણી શકીએ છીએ) તે એક પણ અનંત પર્યાયરૂપ છે તેથી ત્યાં પણ બેહદપણું જ છે માટે એકને જાણવા માટે પણ યુગપદ જ્ઞાન જ જરૂરી છે. આ રીતે આચાર્યદેવે- સર્વને જાણો-કે-એકને જાણો-યુગપદજ્ઞાન વડે જ

એ શક્ય છે એવી રજૂઆત કરી છે. દલીલ એ છે કે જે એક છે તે પણ બેહદનો સભ્ય છે. અનેકાંત સ્વરૂપ છે. અનંત પર્યાયરૂપ છે.

અમૃતચંદ્રાચાર્યદેવ એકમાં પોતાના આત્માની વાત લે છે. ત્રણ કાળની પર્યાયની વાત આવે ત્યાં તે ત્રણ કાળની પર્યાયને પહોંચી વળવાનું જેનામાં સામર્થ્ય છે એ આત્માના દ્રવ્ય સામાન્ય (મહા સામાન્ય) સ્વભાવની વાત કરે છે. જેને સામર્થ્યનો મહિમા અને સ્વીકાર આવે તે જ પર્યાયમાં તે પ્રમાણે કાર્ય કરી શકે. જીવમાં સામર્થ્યની વાત આવે તે સર્વજ્ઞ સ્વભાવની વાત છે. જેને સર્વજ્ઞ સ્વભાવનો સ્વીકાર આવ્યો તે પર્યાયમાં સર્વજ્ઞદશા પ્રગટ કર્યા વિના રહે નહીં. આયુધશાળામાં ચક્રરત્ન પ્રગટ થાય ત્યારે ચક્રવર્તી છ ખંડ સાધવા નીકળી જ પડે. આ રીતે જે પોતાને જાણે છે-પોતાના સામર્થ્યને જાણે છે તે વિશ્વના સમસ્ત પદાર્થોને જાણે છે એવું દર્શાવવા માગે છે.

એક તર્ક - જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટ ન થાય ત્યાં સુધી એક (પોતાનો આત્મા) જાણી શકાય નહીં. વળી જ્યાં સુધી પોતાના સામર્થ્યને જાણે નહીં ત્યાં સુધી કેવળજ્ઞાન થાય નહીં. તો જીવ શુ કરે!

તેનું સમાધાન - આ બે ગાથાનો ભાવ તો પોતાના સામર્થ્યને જાણનારો તેના જોરમાં પુરુષાર્થ ઉપાડીને પરમાત્મા અવશ્ય થાય છે એ દર્શાવવાનો છે વાસ્તવિકતા નીચે મુજબ છે.

૧) પાત્ર જીવ ગુરુગમે આત્મા-દ્રવ્યો વગેરેના સ્વરૂપને જાણે છે. જીવનું અસાધારણ લક્ષણ જ્ઞાન છે તેમ જાણે છે. સર્વ જીવો સર્વજ્ઞ સ્વભાવી છે તેમ જાણે છે. આ રીતે પુરુષ પ્રમાણ-વચન પ્રમાણ છે.

૨) પોતે મનના સંજ્ઞે - ન્યાય યુક્તિથી નિર્ણય કરે છે. પરમાત્મા પંચ પરમેષ્ટિ જે રીતે આત્માનું સ્વરૂપ સમજાવે છે તે જ પ્રમાણે છે એવો નિર્ણય કરે છે. આ અનુમાન જ્ઞાન છે. એ અનુભવ જ્ઞાન જેવું જ લાગે છે. તેને અનુમાન પ્રમાણ કહેવાય છે. પોતાને અન્યથા ભાસે તો તે અનુમાન જ્ઞાન ન કહેવાય. તે અનુમાન પ્રમાણ નથી.

૩) અનુમાન પ્રમાણ સમયે પણ જીવને જાત્યાંતર એવો અતીન્દ્રિય આનંદ આવતો નથી. અનુભૂતિ કરવા લાયક છે. સ્વભાવ સર્વજ્ઞ હોવા છતાં પર્યાયમાં અલ્પજ્ઞતા કેમ છે તેનો વિચાર કરતા તેને ખ્યાલ આવે છે કે સ્વભાવનું અજાણપણું, સ્વભાવનો અનાદર, તેના ફળમાં આ વર્તમાન હાલત છે. મારી દશામાં જ્યાં સુધી મોહ-રાગ-દ્વેષ એવા વિભાવભાવો છે ત્યાં સુધી સર્વજ્ઞતા પ્રગટ થાય તેમ નથી. માટે તે સ્વાનુભૂતિ પ્રગટ કરીને મિથ્યાત્વનો અભાવ કરે છે. સાધકદશામાં આગળ વધતા તે ક્રમશઃ રાગ-દ્વેષને દૂર કરીને વીતરાગતા પ્રગટ કરે છે તે જયારે વીતરાગ થાય કે તુરતજ જ્ઞાન ક્ષાયિકભાવરૂપ થઈ જાય છે. રાગ અને અલ્પજ્ઞતા; વીતરાગતા અને સર્વજ્ઞતા આ બન્ને એકબીજા સાથે સંકળાયેલા છે.

### ◆ ગાથા - ૫૦

**જો જ્ઞાન 'જ્ઞાની' નું ઊપજે ક્રમશઃ અરથ અવલંબીને,**
**તો નિત્ય નહિ, ક્ષાયિક નહીં ને સર્વગત નહિ જ્ઞાન એ. ૫૦.**

***જો આત્માનું જ્ઞાન ક્રમશઃ પદાર્થોને અવલંબીને ઉત્પન્ન થતું હોય તો તે જ્ઞાન નિત્ય નથી, ક્ષાયિક નથી, સર્વગત નથી.***

### ◆ ગાથા - ૫૧

**નિત્યે વિષમ, વિધવિધ, સકળ પદાર્થગણ સર્વત્રનો**
**જિનજ્ઞાન જાણે યુગપદે, મહિમા અહો એ જ્ઞાનનો! ૫૧.**

***ત્રણે કાળે સદાય વિષમ (અસમાન જાતિના) સર્વ ક્ષેત્રના અને અનેક પ્રકારના સમસ્ત પદાર્થોને જિનદેવનું જ્ઞાન યુગપદ જાણે છે. અહો! જ્ઞાનનું મહાત્મ્ય!***

શાસ્ત્રમાં આ બે ગાથાઓ અલગ છે, બન્ને ગાથાઓ સંબંધવાળી હોવાથી સાથે સમજવી સહેલી પડશે. ગા. ૫૦માં ક્ષયોપશમ જ્ઞાનની વાત છે અને ગાથા ૫૧માં ક્ષાયિક જ્ઞાનની વાત છે. છદ્મસ્થના જ્ઞાન અને પરમાત્માના જ્ઞાનની ત્રણ અપેક્ષા લઈને સરખામણી કરવામાં આવી છે.

| **છદ્મસ્થનું જ્ઞાન** | **પરમાત્માનું જ્ઞાન** |
|---|---|
| અનિત્ય | નિત્ય |
| ક્ષયોપશમ ભાવ (ક્ષાયિક નથી) | ક્ષાયિક જ્ઞાન |
| બધા પદાર્થોને નથી જાણતું | બધા પદાર્થોને જાણે છે. (સર્વગત) |

હવે ત્રણેના ભાવ સમજવાનો પ્રયત્ન કરીએ.

અહીં નિત્ય-અનિત્યમાં જ્ઞાનનો વિષય શું છે તેની મુખ્યતાથી વાત લીધી છે. દ્રવ્ય-ગુણ નિત્ય અને પર્યાય અનિત્ય એ ભાવ અહીં નથી. બધા પર્યાયો ક્ષણિક છે માટે અનિત્ય છે તે વાત પણ નથી. પરમાત્મદશા એક સમયની પર્યાય અપેક્ષાએ અનિત્ય અને સાદિ અનંતકાળ અપેક્ષાએ નિત્ય એવી કોઈ વાત અહીં લેવી નથી. અહીં તો જ્ઞાનની પર્યાયનો વિષય શું છે તે અનુસાર નિત્ય-અનિત્ય વિચારવું છે. ક્ષયોપશમ જ્ઞાનમાં એક સમયે એક વિષય જણાય છે. ત્યાં જ્ઞપ્તિ પરિવર્તન છે. અર્થાત્ જ્ઞાન એક વિષયને છોડીને અન્ય વિષયને જાણવા જાય છે. પહેલા સમયે ટેબલને જાણતા જ્ઞાનની પર્યાય તે આકારે જ્ઞેયાકારરૂપ થાય છે. બીજા સમયે ખુરશીને જાણતા જ્ઞાનની પર્યાય તે રૂપે થાય છે. આ રીતે ટેબલ અને ખુરશી વિષયો અલગ થઈ ગયા. તે અપેક્ષાએ ત્યાં નિત્યપણું નથી અર્થાત્ અનિત્યપણું છે.

પરમાત્મા એક સમયમાં વિશ્વના સમસ્ત પદાર્થોને તેની ત્રણ કાળની પર્યાયો સહિત જાણે છે. હવે સાદિ અનંતકાળ સુધી પરમાત્માના જ્ઞાનનો વિષય એ જ રહે છે. આ અપેક્ષાએ ત્યાં નિત્યપણું લેવામાં આવ્યું છે. પરમાત્માનું પોતાનું જ્ઞાન દરેક સમયે નવી નવી પર્યાયરૂપે થાય છે અને વિશ્વના પદાર્થોમાં પણ દરેક સમયે વર્તમાન પર્યાયો નવી નવી હોય છે તેથી ત્યાં વિધવિધતા છે એ અપેક્ષા અહીં લાગુ નથી પાડવી. પરમાત્મા વિશ્વના સમસ્ત પદાર્થોને તેની ત્રૈકાલિક પર્યાયો સહિત જાણે છે અને એ વિષય બદલાતો નથી એવું સમજાવવા માગે છે.

ટીકામાં શબ્દો છે ''પોતામાં સમસ્ત વસ્તુઓના જ્ઞેયાકારો ટંકોત્કીર્ણ ન્યાયે સ્થિત હોવાથી જેણે નિત્યત્વ પ્રાપ્ત કર્યું છે'' જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયમાંથી જ્ઞાનપણું અને જ્ઞેયોનું વર્ણન જુદા થઈ શકતા નથી. (દૃષ્ટાંત : અરીસાની સપાટી પરથી પ્રતિબિંબ દૂર નથી થતું) એક સમયની કોઈપણ જ્ઞેયાકાર જ્ઞાનરૂપની પર્યાય માટે આ નિયમ લાગુ પડે છે. અહીં તો કેવળજ્ઞાનની પર્યાયની વાત લેવી છે. વિશ્વના પદાર્થો જાણે કે પરમાત્માના જ્ઞાનમાં ખોડાઈ ગયા હોય એ રીતે પ્રતિભાસે છે. હવે તે જ્ઞેયાકારો પરમાત્માના જ્ઞાનમાં સાદિ અનંતકાળ (ટંકોત્કીર્ણ) રહેશે. જ્ઞાનની પર્યાયો બદલાયા કરશે (ક્ષણિક લક્ષણના કારણે) પરંતુ જ્ઞાનનો વિષય નિત્ય રહેશે.

## ક્ષયોપશમ જ્ઞાન - ક્ષાયિક જ્ઞાન

જેવો સર્વજ્ઞ સ્વભાવ છે તેવી સર્વજ્ઞદશા પરમાત્માને પ્રગટ થઈ છે. જેટલું શક્તિરૂપ સામર્થ્ય હતું તે બધું વ્યક્ત પ્રગટ થઈ ગયું છે. નિમિત્તરૂપે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય છે તેને લક્ષમાં રાખીને પરિપૂર્ણ વ્યક્તતાને પામેલ કેવળજ્ઞાન ક્ષાયિક જ્ઞાન એવું નામ પામે છે. નીચલી અવસ્થામાં જ્ઞાનની પર્યાયમાં પરિપૂર્ણ ખીલવટ નથી. બધી શક્તિ બહાર આવીને વ્યક્ત થઈ નથી. થોડું જ સામર્થ્ય પ્રગટ થયું છે. નિમિત્ત અપેક્ષાએ જ્ઞાનાવરણીય કર્મનો

ક્ષાયોપશમ છે-ક્ષય નથી. માટે આ જ્ઞાન ક્ષયોપશમિક જ્ઞાન એવું નામ પામે છે. ક્ષાયિક જ્ઞાન કહેવાતું નથી.

## સર્વગત - અસર્વગત

પરમાત્માના જ્ઞાનનો વિષય વિશ્વના સમસ્ત પદાર્થો છે તેથી જાણે કે જ્ઞાન જ્ઞેયમાં પહોંચી ગયું એ રીતે તેને સર્વગત કહેવામાં આવે છે. વિશ્વના સમસ્ત પદાર્થો સંખ્યાએ અનંત (વિચિત્ર)છે. વળી તેમાં મૂર્ત-અમૂર્ત અથવા ચેતન-અચેતન એવા રૂપે સદાયને માટે રહેલા પદાર્થો (વિષમ) છે. આ રીતે પરમાત્માનું જ્ઞાન બધું જાણે છે.

છદ્મસ્થના જ્ઞાનનો વિષય મર્યાદિત છે. એક સમયે એક વિષયને જાણે છે માટે ત્યાં સર્વગતપણું નથી. અર્થાત્ તે જ્ઞાન વિશ્વના સમસ્ત પદાર્થોને તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે એકી સાથે એક સમયમાં જાણતું નથી.

આ પ્રકારે આ બે ગાથાઓમાં ક્ષયોપશમ જ્ઞાન અને ક્ષાયિકજ્ઞાન વચ્ચેનો તફાવત દર્શાવવામાં આવ્યો છે.

## ◆ ગાથા - ૫૨

**તે અર્થરૂપ ન પરિણમે જીવ, નવ ગ્રહે, નવ ઊપજે,**
**સૌ અર્થને જાણે છતાં, તેથી અબંધક જિન કહે. ૫૨.**

***(કેવળજ્ઞાની) આત્મા પદાર્થોને જાણતો હોવા છતાં તે રૂપે પરિણમતો નથી, તેમને ગ્રહતો નથી અને તે પદાર્થોરૂપે ઉત્પન્ન થતો નથી. તેથી તેને અબંધક કહ્યો છે.***

આ ગાથાથી આચાર્યદેવ જ્ઞાન અધિકાર પૂર્ણ કરે છે આ અપેક્ષાએ આ અંત્યમંગળજ્ઞાની ગાથા છે. કેવળી ભગવાનને વિહાર-ધર્મોપદેશ વગેરે ક્રિયાઓ થાય છે પરંતુ પરમાત્મા પોતે ક્ષાયિક ભાવરૂપે પરિણમ્યા હોવાથી તેને બંધ નથી. આ જે બાહ્ય ક્રિયા જોવા મળે છે તે અઘાતિકર્મોદય અનુસાર થઈ હોવાથી ઔદયિકી કહેવામાં આવી છે. અજ્ઞાની જીવ પોતે ઘાતિકર્મોદયમાં જોડાયને પોતાની દશામાં મોહ-રાગ-દ્વેષ એવા વિભાવભાવ ને પ્રગટ કરીને અઘાતિકર્મોદય અનુસાર પ્રાપ્ત સંયોગોમાં જોડાય છે જેને જ્ઞેયાર્થ પરિણમન એવું નામ આપવામાં આવે છે. જીવના મોહ-રાગ-દ્વેષ ભાવો જીવને બંધનું કારણ થાય છે. જીવ પોતે ઔદયિકી ભાવરૂપે પરિણમ્યો માટે શરીરાદિની ક્રિયા ઔદયિકી નથી કહેવાતી પરંતુ અજ્ઞાની માને છે કે પોતે ઈચ્છા મુજબ બાહ્યની ક્રિયા કરી શકે છે.

જે કર્તા છે તે જ્ઞાતા નથી અને જે જ્ઞાતા છે તે કર્તા નથી. અજ્ઞાની જીવ (ઉપલક્ષણથી જ્ઞાની અસ્થિરતાના રાગનો કર્તા હોવાથી) કર્તા છે. તે જ્ઞાતા નથી. અહીં પરમાત્મામાં મોહ કે અસ્થિરતાનો રાગ નથી તેથી પરમાત્મા સાચા અર્થમાં અકર્તા છે એટલે કે જ્ઞાતા છે. જ્ઞાનીને પણ ઉપલક્ષણથી અકર્તા કહેવામાં આવે છે. ત્યાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો અભાવ છે એ અપેક્ષાએ અકર્તાપણું છે. તેને અકર્તાપણાની (જ્ઞાતાપણાની) શરૂઆત થઈ છે જે પરમાત્મદશા પ્રગટ થતા પૂર્ણ થાય છે.

મિથ્યાત્વ છે ત્યાં પરમાં એકત્વબુદ્ધિ છે. તેને પરના કર્તાપણાનો અને ભોક્તાપણાનો ભાવ છે. તેથી જેને કર્મ અને નોકર્મ (શરીર-સંયોગો)માં કર્તાપણાનું છે તે અજ્ઞાની છે. (સમયસાર ગા. ૧૯). અજ્ઞાની અજ્ઞાન છોડીને જ્ઞાની થાય છે ત્યારે કર્તાપણું છોડે છે. જ્ઞાતાપણુ પ્રગટે છે. તેથી જ્ઞાની કર્મ અને નોકર્મના પરિણામોને કરતો નથી માત્ર જાણે છે એ રીતે લેવામાં આવે છે. (સમયસાર ગા.૭૫) અહીં પરના જાણપણાની મુખ્યતા નથી પરંતુ કર્તાપણાના ભાવની સામે જ્ઞાતાભાવ દર્શાવવામાં આવે છે. ખરેખર તો જીવ પરદ્રવ્ય સાથે બે પ્રકારે સંબંધમાં આવી શકે તે વાત કરોતિ ક્રિયા અર્થાત્ વિભાવરૂપે પરિણમીને અથવા જ્ઞપ્તિ ક્રિયા અર્થાત્ શુદ્ધતારૂપે પરિણમીને.

અહીં તો પરમાત્માની વાત લેવી છે એટલે સંપૂર્ણપણે જ્ઞાતાભાવ જ છે. રાગનો અંશ પણ નથી. કેવળજ્ઞાનમાં આખું વિશ્વ જણાય છે તેમાં શરીરાદિની વિહારરૂપ અને ધર્મોપદેશરૂપની ક્રિયાનું જ્ઞાન આવી ગયું. પરંતુ ત્યાં મુખ્ય ગૌણપણું નથી. તેથી પરમાત્મા વિહારને કરતા નથી પણ આ પ્રકારે શરીરની ક્રિયા થઈ એવું જાણે છે એમ કહેવામાં આવ્યું છે.

સમયસાર ગા. ૪૯માં અરસના બોલમાં આવે છે. ચોથા બોલમાં જીવ ભાવેન્દ્રિય વડે રસને જાણતો નથી માટે અરસ છે તેમ કહ્યું કારણકે ભાવેન્દ્રિય (ખંડખંડજ્ઞાન) તે જીવનું સ્વરૂપ નથી. પાંચમાં બોલમાં કેવળજ્ઞાનથી વાત લીધી. કેવળજ્ઞાનમાં રસ જણાય છે ત્યારે કહે છે કે તે કેવળજ્ઞાન વડે રસને જાણતો હોવા છતાં અરસ છે કારણકે અન્યને જે રીતે રસની મુખ્યતા છે તેવી પરમાત્માને નથી. વિશ્વના જ્ઞાનમાં તેનું જ્ઞાન આવી ગયું છે એટલું જ. આ રીતે એ બોલમાં કેવળજ્ઞાન વડે રસને જાણતો નથી એમ દર્શાવ્યું છે. આ ગાથામાં પણ એ અપેક્ષા છે જ, પરંતુ શરીરની ક્રિયાને પરમાત્મા નથી કરતાં પરંતુ માત્ર જાણે છે એ અપેક્ષા આ ગાથામાં લેવામાં આવે છે.

ટીકામાં આચાર્યદેવે ગા. ૪૩નો આધાર આપીને પરમાત્માને જ્ઞેયાર્થપરિણમન નથી એમ દર્શાવ્યું. ક્ષાયિક ભાવની પ્રગટતાને કારણે બંધનો અભાવ કહ્યો. વળી આ ગાથામાં જે ભાવ દર્શાવવામાં આવ્યો છે તેવો જ ભાવ લગભગ તેવા જ શબ્દોમાં પહેલા ૩૨ ગાથામાં છે તેની યાદી આપી છે.

આ ગાથામાં પરિણમવું-ગ્રહણ કરવું અને તે રૂપે ઉપજવું એવી જે વાત લીધી છે તેને ભાવાર્થમાં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવા ત્રણ પ્રકારના કર્મભેદથી સમજાવ્યું છે. તે શબ્દોનો અર્થ સમયસાર ગા. ૭૬માં લીધો છે. જે પ્રથમ ન હોય એવું નવીન કોઈ ઉત્પન્ન કરવામાં આવે તે નિર્વર્ત્ય કર્મ છે. પદાર્થમાં ફેરફાર - વિકાર કરીને જે કરવામાં આવે તે વિકાર્ય કાર્ય છે. કર્તા, જે નવું ઉત્પન્ન કરતો નથી તેમ જ વિકાર કરીને પણ કરતો નથી, માત્ર જેને પ્રાપ્ત કરે છે તે પ્રાપ્ય કાર્ય છે. ખરેખર તો આ ત્રણ પ્રકારના કર્મો-કાર્યો નથી પરંતુ કાર્યને જોવાની ત્રણ દૃષ્ટિઓ છે. માત્ર ઉત્પાદ ઉપર નજર રાખતા ત્યાં નિર્વર્ત્ય કાર્ય જણાય. પૂર્વ પર્યાયના વ્યયપૂર્વક નવી પર્યાયની ઉત્પત્તિ થાય છે તે દૃષ્ટિમાં વિકાર્ય કાર્ય છે. એવી કોઈ અપેક્ષા ન લેવામાં આવે માત્ર ગ્રહણનો જ ભાવ છે તેને પ્રાપ્ય કાર્ય કહેવાય છે.

પરમાત્મા માત્ર જ્ઞાન પરિણામને કરે છે. કેવળજ્ઞાન એકરૂપ જ છે. તેથી ત્યાં પરમાર્થે ભેદ નથી. જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય અથવા ધ્યાતા-ધ્યાન-ધ્યેય તેનું અભેદપણું જ છે. વળી ક્રિયા પણ એકરૂપ-સદૃશ થયા કરે છે. માત્ર જ્ઞપ્તિ ક્રિયા જ છે માટે તે બંધનું કારણ નથી. અઘાતિકર્મોદય અનુસાર શરીરની વિહાર વગેરે ઔદયિકી ક્રિયા બાહ્યમાં થાય છે પરંતુ પરમાત્મા ક્ષાયિક ભાવરૂપે પરિણમી ગયા હોવાથી તેને બંધ નથી.

## જ્ઞાન અને સુખનો સંબંધ

હવે આચાર્યદેવ જ્ઞાન અને સુખ વચ્ચે કેવી રીતે સંબંધ છે તે દર્શાવે છે. ત્યાં બે પ્રકાર દર્શાવે છે. ઈન્દ્રિય જ્ઞાન અને ઈન્દ્રિય સુખ તથા અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખ. ગાથાઓ શરૂ કરતાં પહેલા એ બે વચ્ચેનો સંબંધ ખ્યાલમાં લેવો જરૂરી છે. જ્ઞાન અને સુખ બે અલગ ગુણો છે પરંતુ એક આત્માના ગુણો હોવાથી એ બન્ને સંબંધમાં પણ છે.

## ઈન્દ્રિય જ્ઞાન - ઈન્દ્રિય સુખ

જે ક્ષયોપશમ જ્ઞાન ઈન્દ્રિયને સાધન બનાવીને રૂપીપદાર્થને જાણે છે તેને ઈન્દ્રિય જ્ઞાન કહેવામાં આવે છે. તેને ભાવેન્દ્રિય પણ કહેવામાં આવે છે. ક્ષયોપશમજ્ઞાન એ અલ્પજ્ઞ દશા છે. તે અધૂરું જ્ઞાન

છે. તે જ્ઞાન બાહ્ય વિષયને સીધું ગ્રહણ કરી શકતું નથી. તે ઈન્દ્રિયને સાધન બનાવીને જાણે છે. તેથી તે ઈન્દ્રિય જ્ઞાન છે.

અજ્ઞાનીએ શરીરમાં હુંપણું રાખ્યું છે. અજ્ઞાનીની માન્યતામાં ઈન્દ્રિયો જાણવાનું કાર્ય કરે છે. જીવની હાજરીમાં એ કાર્ય થાય છે એટલું સ્વીકારે છે પરંતુ શરીરથી જુદો જીવ છે અને જાણવાનું કાર્ય જીવ કરે છે એવી તેને ચોખવટ નથી. ''હું જાણું છું'' એટલું રાખ્યું છે પરંતુ હું માં શરીર કે જીવ તેની તેને સ્પષ્ટતા નથી. દરેક ઈન્દ્રિયને તેનો નિશ્ચિત વિષય છે અર્થાત્ આંખ રંગને ગ્રહણ કરે છે. આંખ રંગને જાણે છે એવું માને છે. દૃષ્ટાંત : ઈલેકટ્રીક પાવર બધા સાધનોમાં એક સરખો છે પરંતુ પંખો ફરે છે, બલ્બ પ્રકાશ આપે છે, હીટર ગરમ થાય છે, રેફ્રીજરેટર ઠંડુ થાય છે તેમ જીવની હાજરીમાં ઈન્દ્રિયો પોતાના વિષયને ગ્રહણ કરે છે. શરીરમાં હુંપણું રાખનારની આવા પ્રકારની માન્યાઓ જીવ જાણે છે એવું કદાચ કહે ત્યારે પણ જ્ઞાન જીવનું જ અસાધારણ લક્ષણ છે એવી સ્પષ્ટતા તેને નથી.

જેમ ઈન્દ્રિયો વડે જાણપણું થાય છે તેમ ઈન્દ્રિયો વડે સુખ-દુઃખનો અનુભવ થાય છે પરંતુ આ સમજવા માટે આપણે થોડો પ્રયત્ન કરવો પડશે. ઈન્દ્રિય જ્ઞાન અને ઈન્દ્રિય સુખને સીધો સંબંધ નથી. જ્ઞાન પરજ્ઞેયને જાણે ત્યારે જ્ઞેયાકાર થાય છે. વિશ્વના પદાર્થો જુદા જ રહે છે પરંતુ જ્ઞેય જ્ઞાયક સંબંધને કારણે જાણે કે જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા એવું દેખાય છે. જ્ઞેયો ખરેખર જુદા જ છે. પરંતુ જ્ઞાન અને જ્ઞેયના જુદાપણાનો વિવેક ન રહેતા જીવ જ્ઞેય જ્ઞાયક સંકરદોષ કરે છે. પર સાથે એકત્વબુદ્ધિરૂપનું મિથ્યાત્વ કરે છે. દૃષ્ટાંતઃ ટીવીમાં મેચ જોતા સમયે સાચો મેચ જોતા હોઈએ એવું લાગે છે. તે રીતે જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને જીવ ભોગવે છે ત્યાં વિશ્વના પદાર્થો ભોગવાય છે એવું લાગે છે. પરદ્રવ્યને ભોગવી શકું છું એવું મિથ્યાત્વ પણ આ જ પ્રકારે માન્યતા ધરાવે છે. બાહ્ય વિષયને ભોગવતા સુખ થાય છે. તેવી માન્યતા હોવાથી તે બાહ્ય વિષયોને ભોગવવાની ઈચ્છા કરે છે. જયારે બાહ્ય સંયોગો હાજર નથી ત્યારે તેને ભોગવવાની ઈચ્છા થાય છે. ઈચ્છાના સમયે ઈચ્છિત ભોગવાતું નથી. તેથી તે સમય આકુળતામાં દુઃખમાં પસાર થાય છે. ઈચ્છિત વિષયની પ્રાપ્તિ થતાં તે તેને ભોગવવા લાગી જાય છે અને સુખનો અનુભવ કરે છે ત્યાં ખરેખર તો તે વિષય સંબંધેની ઈચ્છા અટકી છે તે સુખનું કારણ છે. બાહ્ય વિષયો તો ભોગવાતા જ નથી તેથી બાહ્ય વિષયોને ભોગવતા સુખ થાય છે એવી અજ્ઞાનીની માન્યતા ખોટી છે. સારાંશ આ છે કે ઈચ્છાનો સદ્‌ભાવ તે દુઃખ અને ઈચ્છાનું અટકવું તે ઈન્દ્રિય સુખ. માટે આ પ્રમાણે સમજવું જરૂરી છે.

## ઈન્દ્રિય સુખ

ઈન્દ્રિય જ્ઞાનને ઈન્દ્રિય સુખ સાથે સીધો સંબંધ નથી.

ઈચ્છાનો સદ્‌ભાવ ➔ ઈન્દ્રિય દુઃખ
ઈચ્છાનું અટકવું ➔ ઈન્દ્રિય સુખ

ઈન્દ્રિય જ્ઞાન વડે બાહ્ય વિષયો સાથે જ્ઞેય જ્ઞાયક સંબંધ થાય છે એટલા જ ભાગમાં ઈન્દ્રિયો વચ્ચે આવે છે. પોતે જ્ઞેયોને નથી ભોગવતો પરંતુ પોતાની જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને ભોગવે છે. તે પર્યાય જ્ઞેયના જેવું રૂપ લઈને રહેલી હોવાથી બાહ્ય વિષયો ભોગવાય છે એવી ભ્રમણા થાય છે.

જ્ઞેય જ્ઞાયક સંકર દોષને અને મિથ્યાત્વને અવિનાભાવ સંબંધ છે.

મિથ્યાત્વના કારણે (પરદ્રવ્યને ભોગવી શકું છું એવી માન્યતાને કારણે) વિષયને ભોગવવાની ઈચ્છા થાય છે.

ઈચ્છાને તથા બાહ્ય વિષયોને મેળ વિશેષ છે. ઈચ્છા છે ત્યારે બાહ્યમાં ઈચ્છિત વિષય નથી. બાહ્યમાં ઈચ્છિત વિષયની સંયોગરૂપે પ્રાપ્તિ થાય છે ત્યારે તે વિષય સંબંધની ઈચ્છા અટકી જાય છે.

ઈચ્છાનો સદ્ભાવ તે ઈન્દ્રિય દુઃખ
ઈચ્છાનું અટકવું તે ઈન્દ્રિય સુખ

જ્ઞાની અને અજ્ઞાની બન્નેને ઈન્દ્રિય સુખ દુઃખ તથા ઈચ્છા હોય છે. તેથી ઈચ્છાના ઉત્પત્તિમાં મૂળ કારણ મિથ્યાત્વ છે અને ઈચ્છાના કારણે ઈન્દ્રિય દુઃખ છે પરંતુ મિથ્યાત્વ સીધું ઈન્દ્રિય દુઃખમાં કારણ નથી. મિથ્યાત્વના કારણે ઈન્દ્રિય દુઃખ હોય તો બધા અજ્ઞાની જીવોને સદાય ઈન્દ્રિય દુઃખ જ રહેવું જોઈએ પરંતુ એમ તો થતું નથી. તેથી ઈન્દ્રિય સુખ દુઃખને ઈચ્છા સાથે જ સંબંધ છે તેમ લક્ષમાં લેવું યોગ્ય છે.

### ◆ ગાથા - ૫૩

**અર્થોનું જ્ઞાન અમૂર્ત, મૂર્ત, અતીંદ્રિ ને ઐન્દ્રિય છે,**
**છે સુખ પણ એવું જ, ત્યાં પરધાન જે તે ગ્રાહ્ય છે. ૫૩.**

***પદાર્થો સંબંધી જ્ઞાન અમૂર્ત કે મૂર્ત, અતીન્દ્રિય કે ઐંદ્રિય હોય છે, અને એ જ પ્રમાણે સુખ હોય છે. તેમાં જે પ્રધાન-ઉત્કૃષ્ટ છે તે ઉપોદેયપણે જાણવું.***

આ ગાથામાં ઈન્દ્રિય જ્ઞાન (સુખ) અને અતીન્દ્રિય જ્ઞાન (કેવળજ્ઞાન) સુખ એ બે વચ્ચે સરખામણી કરવામાં આવી છે.

| ઈન્દ્રિય જ્ઞાન | અતીન્દ્રિય જ્ઞાન |
|---|---|
| મૂર્ત અનિત્ય | અમૂર્ત નિત્ય |
| ક્રમપૂર્વક | યુગપદ |
| સપ્રતિપક્ષ | નિઃપ્રતિપક્ષ |
| હાનિવૃદ્ધિરૂપ | અહાનિવૃદ્ધિરૂપ |

આ પ્રમાણે સરખામણી કરીને ઈન્દ્રિયજ્ઞાન અને સુખ છોડવાલાયક છે અને અતીન્દ્રિય જ્ઞાન અને સુખ પ્રગટ કરવા લાયક છે એવું દર્શાવે છે.

### ઈન્દ્રિય જ્ઞાન - મૂર્ત

આ વાત શાંતિથી સમજવા જેવી છે. જ્ઞાનની પર્યાય અમૂર્ત જ છે. આત્મા તેનો જ્ઞાન ગુણ અને તેની ગમે તે પર્યાય - પોતાનું અરૂપી લક્ષણ છોડી શકતા જ નથી. જો તે રૂપી થાય તો તેને પુદગલપણાનો પ્રસંગ આવે કારણકે રૂપ એ તો પુદગલનો અસાધારણ ધર્મ છે. માટે ઈન્દ્રિય જ્ઞાન પણ અરૂપી જ છે એ વાત બરોબર આપણા ખ્યાલમાં રહેવી જોઈએ. આ વાત કાયમ રાખીને અહીં તેને મૂર્ત શા માટે કહે છે તે સમજવાનો પ્રયત્ન કરીએ.

જ્ઞાનની પર્યાય અરૂપી હોવા છતાં તે

૧) તે મૂર્ત એવી દ્રવ્ય ઈન્દ્રિયોને સાધન બનાવીને કામ કરે છે.

૨) તે મૂર્ત એવા રૂપી પદાર્થો ને જ જાણે છે.

૩) રૂપી પદાર્થોને જાણતા અજ્ઞાની જીવને રૂપનો પ્રેમ થઈ જતા તે પુદ્ગલો સાથે એકત્વબુદ્ધિ કરીને હિતબુદ્ધિપૂર્વક તેમાં રોકાય છે.

૪) જ્ઞાનાવરણીય દ્રવ્યકર્મના ક્ષયોપશમ અનુસાર થાય છે. મૂર્ત એવા દ્રવ્યકર્મ સાથે તેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે.

આ ચારનો વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે કે જે જ્ઞાન મિથ્યાત્વ સાથે જોડાયેલું છે તેને મૂર્ત જ્ઞાન કહે છે. તેવા જીવોની આખી દુનિયા જ મૂર્ત છે. વાસ્તવિકતા એ છે કે ઈન્દ્રિયજ્ઞાન હો કે અતીન્દ્રિય તે હંમેશા અમૂર્ત જ છે.

ઈન્દ્રિયજ્ઞાન-અનિત્ય ક્રમપૂર્વક છે. જે વિષય જાણ્યા વિનાના રહે છે તેને અહીં પ્રતિપક્ષી અજ્ઞાન કહ્યું છે અને જ્ઞાનના ઉઘાડમાં વૃદ્ધિ હાનિ થાય છે આ વાત આપણે જાણીએ છીએ. તે જ પ્રકારે

અતીન્દ્રિય જ્ઞાન નિત્ય-યુગપદ-નિઃપ્રતિપક્ષ અને અહાનિવૃદ્ધિરૂપ છે આ બધું આપણે જ્ઞાન અધિકારમાં વિસ્તારપૂર્વક શીખ્યા છીએ. તેથી હવે આ ગાથામાં આ બધા વિશેષપણે ઈન્દ્રિય સુખ-દુઃખમાં કેવી રીતે લાગુ પડે છે તેની મુખ્યતાથી વિચારીએ.

ગાથામાં ઈન્દ્રિયસુખ એ રીતે જ શબ્દપ્રયોગ કર્યો છે પરંતુ આપણે સુખ અને દુઃખ બન્ને અપેક્ષાથી વિચારવાનું રહેશે. જે સુખ દુઃખનો આપણને અનુભવ થાય છે તે અનિત્ય છે એ વાત પ્રગટ જ છે. અનુભવમાં પણ એમ જ આવે છે. આપણે જે અનુભવીએ છીએ તે સંયોગાધીન છે. સંયોગનો વિયોગ અવશ્ય થાય છે. જે સંયોગમાં સુખ માન્યું છે તેનો વિયોગ થતાં ત્યાં દુઃખ અવશ્ય થવાનું જ છે. તેથી એ સુખ ક્ષણિક જ છે. તે જ પ્રકારે જે સંયોગો પ્રતિકુળરૂપે દુઃખરૂપે અનુભવાય છે તે સંયોગો પણ મુદતબંધી હોવાથી તેનો જયારે વિયોગ થશે ત્યારે તે સમયે સુખ ઉત્પન્ન થશે. અનિષ્ટનો વિયોગ અને ઈષ્ટનો સંયોગ સુખરૂપે અનુભવાય છે જયારે ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ દુઃખરૂપે વેદાય છે. આ રીતે સંયોગને આધીન અનુભવમાં આવતું ઈન્દ્રિય સુખ-દુઃખ અનિત્ય જ છે.

ઈન્દ્રિય સુખ અને દુઃખ ક્રમપૂર્વક થાય છે એ પણ અનુભવ સિદ્ધ છે. તેથી અનિત્યપણું અને ક્રમ પરિણમન એ બન્ને એકબીજા સાથે સંકળાયેલા છે. ઈન્દ્રિય જ્ઞાન ક્ષયોપશમ જ્ઞાન ક્રમપૂર્વક થાય છે. તેથી તે અનુસાર થતું સુખ પણ ક્રમપૂર્વક જ અનુભવમાં આવે છે. આ રીતે અનિત્યપણું અને ક્રમ બન્ને અવિનાભાવરૂપે છે.

## સપ્રતિપક્ષપણું

ઈન્દ્રિય સુખને સપ્રતિપક્ષ દુઃખ છે. સામાન્ય સિદ્ધાંત એ છે કે જે સમયે ઈન્દ્રિય સુખ છે તે સમયે ઈન્દ્રિય દુઃખ નથી. જીવ જે સંયોગોમાં જોડાય છે ત્યાં સંયોગીભાવ કરે છે. તેથી રુચિકર વિષયમાં જોડાય છે ત્યારે ઈન્દ્રિય સુખનો અનુભવ થાય છે. તે સમયે તે અરુચિકર વિષયોમાં જોડાતો નથી માટે પ્રતિકૂળ સંયોગોને ભોગવવારૂપ દુઃખનો તેને અભાવ છે.

ઈન્દ્રિય સુખ છે ત્યારે ઈન્દ્રિય દુઃખ નથી. એ તો એના માટે આનંદની વાત છે પરંતુ એવું એકાંત નથી અને એવું અહીં કહેવા પણ માગતા નથી. અહીં તો કહેવું છે કે જે સમયે જીવને ઈન્દ્રિય સુખ છે તે જ સમયે તેને દુઃખ પણ છે. તે આ રીતે. મિથ્યાત્વના કારણે તેને વિશ્વના સમસ્ત પદાર્થોને ભોગવવાનો ભાવ છે. હું પરને ભોગવી શકું છું અને ભોગવતા મને સુખ થાય છે તેને સહજપણે વિષયોને ભોગવવાની ઈચ્છા થાય છે. મિથ્યાત્વને કેન્દ્રમાં રાખીને વિચારતાં તેને બધું ભોગવવાની ઈચ્છા છે એમ કહી શકાય. પરંતુ બધું એકી સાથે ભોગવી શકાય જ નહીં. જીવને પરદ્રવ્યનો ભોગવટો તો છે જ નહીં. તે તો અશક્ય જ છે. ઈન્દ્રિય જ્ઞાન જયારે બાહ્ય વિષયને જાણે છે ત્યારે જ્ઞેય જ્ઞાયક સંબંધથી જે જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય થાય છે તેને તે ભોગવે છે. પોતે જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને ભોગવે છે ત્યારે બાહ્ય વિષય ભોગવાયા જેવું કામ થાય છે. હવે ઈન્દ્રિય જ્ઞાનનો વિષય એક સમયે એક જ હોય છે તેથી તે સમયે અન્ય વિષયો ભોગવવા નથી તેનું તેને દુઃખ છે. વિષયો ભોગવવા છે - ભોગવતા સુખ થાય છે એવી માન્યતા છે પરંતુ જ્ઞાન અલ્પજ્ઞ હોવાથી માત્ર એક વિષય જણાય છે એક વિષય ભોગવાયા જેવું કામ થાય છે. ત્યારે જે વિષયો અનુભવમાં નથી આવ્યા તેનું તાણ એને દુઃખરૂપે વેદાય છે. જે સમયે એક વિષયના ભોગવટાનું સુખ છે તે જ સમયે અનંત ન ભોગવાયાનું દુઃખ પણ છે. આ રીતે વિચારીએ તો તેને ખરેખર દુઃખ જ છે. કારણકે સુખ તેના પ્રતિપક્ષ દુઃખ સાથે જ છે. દૃષ્ટાંતઃકોઈ ઝેર મીઠું હોય પરંતુ તે મીઠાશનો સ્વાદ

તેનું મરણ નીપજાવે છે તેમ એક વિષયના સુખની સાથે તેને અનંત વિષયો ન ભોગવાયાનું દુઃખ પણ સાથે જ છે. આ ઈન્દ્રિય સુખનું સપ્રતિપક્ષપણું છે.

## સહાનિવૃદ્ધિરૂપ

ઈન્દ્રિય સુખમાં હાનિ-વૃદ્ધિ થયા જ કરે છે. તે સુખ એક સરખું કયારેય રહી શકતું નથી. ઈન્દ્રિય જ્ઞાન છે ત્યાં ઈન્દ્રિય સુખ છે એટલી જ વિચારણાથી સુખની હાનિ-વૃદ્ધિ સમજી શકાતી નથી. દૃષ્ટાંત : એક જ રુચિકર વિષયને જાણ્યા કરીએ તો પ્રથમ સમયે જે સુખ થયું તે એવું ને એવું રહેતું નથી. માટે સુખમાં હાનિ વૃદ્ધિના કારણો શોધવા રહ્યા.

સુખના અનુભવ માટે જ્ઞેય જ્ઞાયક સંબંધ અનિવાર્ય છે પરંતુ એટલા માત્રથી સુખની વૃદ્ધિ હાનિ સાબિત થતી નથી. એ જ પ્રમાણે મિથ્યાત્વ એ પણ વૃદ્ધિ હાનિનું કારણ નથી કારણકે મિથ્યાત્વના સદ્ભાવમાં ઈન્દ્રિય સુખમાં હાનિ વૃદ્ધિ થાય છે. એટલું જ નહીં પરંતુ મિથ્યાત્વના અભાવમાં સમ્યગ્દૃષ્ટિ જીવને પણ ઈન્દ્રિય સુખમાં વૃદ્ધિ હાનિ જોવા મળે છે.

એક જ વિષયને જાણ્યા કરીએ ત્યારે પણ જીવના પરિણામો સમયે સમયે પલટતા રહે છે. અહીં આપણે ચારિત્ર અપેક્ષાએ રાગ-દ્વેષ અને ઈચ્છા આકાંક્ષાઓનો વિચાર કરીએ છે. જીવના આ ભાવો અનુસાર સુખમાં વૃદ્ધિ હાનિ જોવા મળે છે. કોઈ વિષયને ભોગવતા તેને તીવ્રપણે ભોગવવાનો ભાવ જોર કરતો દેખાય અને કયારેય ભાવ બદલી પણ જાય. જયારે તીવ્રભાવ થાય છે ત્યારે જીવ ગૃદ્ધિભાવપૂર્વક વિષયને ભોગવતો દેખાય છે. તેથી ચારિત્રના ભાવ અનુસાર સુખમાં વૃદ્ધિ હાનિ થાય છે એવું સમજાય છે.

## ઈન્દ્રિય સુખમાં હાનિનું કારણ

આ વિષય શાંતિથી વિચારવા જેવો છે. જે વિષયને ભોગવતા સુખનો અનુભવ થાય છે. તે વિષયને છોડીને ઉપયોગ અન્ય વિષયમાં શા માટે જાય છે તે સમજવું જરૂરી છે. વાસ્તવિકતા એ છે કે ત્યાં સુખનો અનુભવ ન હતો માટે વિષય બદલાવે છે પરંતુ અજ્ઞાનીને તેનું ભાન નથી. તે તો સુખને માટે નવા નવા વિષયોમાં ભમ્યા જ કરે છે. બાહ્યરૂપી વિષયોને ભોગવતા સુખ નથી કારણકે—

૧) એ અન્ય રૂપી વિષયોમાં સુખ નામનો કોઈ ગુણ નથી તેથી ત્યાં સુખરૂપની કોઈ પર્યાય નથી.

૨) બાહ્ય વિષયો - અરિહંત પરમાત્મા અનંત સુખને પ્રાપ્ત છે પરંતુ તેનું લક્ષ કરવાથી પણ સુખ થતું નથી. તે પણ અન્યને સુખ આપી શકતા નથી.

૩) ઉપરોક્ત બે હકિકતનું કારણ એ છે કે બાહ્ય વિષયો ખરેખર ભોગવી શકાતા જ નથી. દરેક દ્રવ્ય પોતે પોતાના પરિણામને કરે અને તેને જ ભોગવે એવી વ્યવસ્થા છે.

૪) અજ્ઞાની પોતાની જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને ભોગવે છે. તેમ થતાં બાહ્ય વિષયો ભોગવાયા જેવું કામ થઈ જાય છે જેને કારણે જીવને ભ્રમણા થાય છે.

૫) અજ્ઞાનીને પોતાની માન્યતા અનુસાર વિષયને ભોગવવાની ઈચ્છાઓ થાય છે.

૬) વિષય પ્રાપ્ત થતાં તે સંબંધી ઈચ્છા અટકે છે તે જીવને સુખનું કારણ છે પરંતુ અજ્ઞાનીને તેનું ભાન નથી. તેતો માને છે કે બાહ્ય વિષયને ભોગવતા મને સુખ થાય છે તેથી વિષયોને ભોગવવાની ઈચ્છાઓ કરે છે અને વિષયો તરફ ધસે છે.

બાહ્ય વિષયને ભોગવતા પહેલા સમયે જે સુખનો અનુભવ થયો તે ટકતો નથી કારણકે તે વિષયમાંથી સુખ આવતું નથી. માટે સુખમાં હાનિ

થાય છે. વળી ભોગવતા સુખ થયું એવું માનતો હોવાથી તે અનેક પ્રકારની નવી ઈચ્છાઓ કરે છે. તે નવી ઈચ્છાઓ જીવને દુ:ખનું કારણ હોવાથી સુખના પરિણામમાં ઓટ આવતી જાય છે.

અજ્ઞાનીના જીવનમાં આ ક્રમ ચાલતો જ રહે છે. તેથી ઈન્દ્રિય સુખની સાથે પ્રતિપક્ષ દુ:ખનું હોવાપણું અને સુખમાં હાનિવૃદ્ધિ થયા જ કરે છે. આ પ્રકારે અનિત્યપણું અને ક્રમવર્તીપણું એવું એક જોડકું અને પ્રતિપક્ષ સહાનિવૃદ્ધિરૂપ એવું બીજું જોડકું એ રીતે વિચારતા ઈન્દ્રિય સુખના સ્વરૂપનો આપણને ખ્યાલ આવે છે.

## ◆ ગાથા - ૫૪

**દેખે અમૂર્તિક, મૂર્તમાંય અતીંદ્રિને, પ્રચ્છન્નને,**
**તે સર્વને - પર કે સ્વકીયને, જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૪.**

***દેખનારનું જે જ્ઞાન અમૂર્તને મૂર્ત પદાર્થોમાં પણ અતીન્દ્રિયને, અને પ્રચ્છન્નને એ બધાયને સ્વ તેમજ પરને દેખે છે, તે જ્ઞાન પ્રત્યક્ષ છે.***

આ ગાથામાં આચાર્યદેવ અતીન્દ્રિય સુખના કારણરૂપ અતીન્દ્રિય જ્ઞાનનું સ્વરૂપ સમજાવે છે. પરમાત્માના કેવળજ્ઞાનનો વિષય નીચે પ્રમાણે દર્શાવે છે.

૧) અમૂર્ત પદાર્થોને ધર્મ-અધર્મ-આકાશ-કાળ એ ચાર અમૂર્ત દ્રવ્યો છે. અન્ય જીવો પણ અમૂર્ત જ છે. તે બધા કેવળજ્ઞાનના વિષયો થાય છે. અન્ય જ્ઞાન તેમને જાણતું નથી. મનના સંગે અરૂપીનો નિર્ણય અનુમાન જ્ઞાનમાં થાય. પોતાનો આત્મા સ્વાનુભવ પ્રત્યક્ષ થાય પરંતુ અમૂર્તનું પ્રત્યક્ષ જ્ઞાન તો કેવળજ્ઞાન થતાં જ થાય છે.

૨) રૂપી પદાર્થ એક પુદ્ગલ દ્રવ્ય છે. પરમાણુ અને સૂક્ષ્મ સ્કંધો ઈન્દ્રિય જ્ઞાનનો વિષય થતાં નથી. તે માત્ર કેવળજ્ઞાનમાં જ જણાય છે. તેથી મૂર્તમાં પણ અતીન્દ્રિયને કેવળજ્ઞાન જાણે છે એમ કહ્યું છે. અવધિ-મન:જ્ઞાનની પુદ્ગલને જાણે છે તે ગૌણ છે.

૩) પ્રચ્છન્ન-ગુપ્ત–તેના ચાર અપેક્ષાએ કથન છે.

(અ) દ્રવ્યે પ્રચ્છન્ન - અરૂપી પદાર્થો
(બ) ક્ષેત્રે પ્રચ્છન્ન - અલોકાકાશ

કાળે પ્રચ્છન્ન - બધા પદાર્થોના ભૂત અને ભાવિના પર્યાયો

ભાવે પ્રચ્છન્ન - સ્થૂળ પર્યાય અંતર્લીન સૂક્ષ્મ પર્યાયો આપણું વર્તમાન જ્ઞાન સ્થૂળ છે. કોઈ પરિણામ અસંખ્ય સમય સુધી એક સરખા રહે ત્યારે જ આપણે તેને જાણી શકીએ છીએ. એક એક સમય કરીને અસંખ્ય સમય થયા છે. તે સમયવર્તી પરિણામને આપણે જાણી શકતા નથી. દૃષ્ટાંત : સીનેમામાં કોઈ વ્યક્તિ હાથ ઊંચો કરે તે એક કાર્ય દેખાય પરંતુ ફીલ્મની પટ્ટી જોઈએ તો ત્યાં ૨૫ અલગ ચિત્રો પસાર થઈ ગયા છે. પરમાત્મા દરેક સમયના પરિણામને જાણે છે. એક સમયની ષટગુણ વૃદ્ધિ હાનિરૂપની અનંત પર્યાયોને પણ પરમાત્માનું અતીન્દ્રિય જ્ઞાન જાણે છે.

### પ્રત્યક્ષતા

પરમાત્મા આ બધું જાણે છે કારણકે તેમનું જ્ઞાન પ્રત્યક્ષ છે.

પ્રત્યક્ષ - પ્રતિ + અક્ષ

ઈન્દ્રિય આત્મા

અક્ષ શબ્દના બે અર્થ થાય છે. જે જ્ઞાનની પર્યાય ઈન્દ્રિય સાથે જોડાય છે તે ઈન્દ્રિય પ્રત્યક્ષ છે. જે જ્ઞાનની પર્યાય ઈન્દ્રિય સાથે જોડાતી નથી તેને અતીન્દ્રિય ગણવામાં આવે છે. તે જ્ઞાનની પર્યાય પોતાના જ્ઞાયક સ્વભાવની સાથે જોડાયેલી છે તેથી કેવળજ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાન છે.

કેવળજ્ઞાનની પર્યાયનું વર્ણન આ પ્રકારે કર્યું છે. ''જેને અનંત શુદ્ધિનો સદ્ભાવ પ્રગટ થયો છે'' જેવો સર્વજ્ઞ સ્વભાવ છે એવી સર્વજ્ઞ દશા પ્રગટ થઈ છે. જે જ્ઞાન છદ્મસ્થ દશામાં છે તે વિભાવ ભાવ (અશુદ્ધતા) સહિત છે. જીવ વીતરાગ થાય છે ત્યારે ત્યાં અશુદ્ધતા દૂર થઈ છે તેથી જે કેવળજ્ઞાન પ્રગટે છે તે અનંતશુદ્ધિ સહિત છે.

''ચૈતન્ય સામાન્ય સાથે અનાદિસિદ્ધ સંબંધ વાળા એક અક્ષ આત્મા પ્રતિ જે નિયત છે'' અર્થાત્ કેવળજ્ઞાનની પર્યાય પોતાના આત્માને સંપૂર્ણપણે વિષય કરે છે. આત્મા-જીવ પોતાના જીવત્વ સાથે નિત્ય તાદાત્મ્યરૂપ છે. જેમ સોનું અને સુવર્ણત્વ. તેમ જીવ અને જીવત્વ તાદાત્મ્યરૂપ જ કાયમ છે. એવા પોતાના આત્મા સાથે જ્ઞાનની પર્યાય હવે અભેદપણું અનુભવે છે. ત્યાં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય અભેદ એકાકાર છે. તે નિર્વિકલ્પ દશા છે અને એવી દશા હવે સાદિ અનંત કાળ સુધી રહેવાની છે.

જ્યાં આ પ્રકારનું પરિપૂર્ણ જ્ઞાન પ્રગટ થયું ત્યાં વિશ્વના સમસ્ત પદાર્થો તે જ્ઞાનના જ્ઞેય થાય છે. જ્ઞાનની પર્યાયમાં છદ્મસ્થ દશામાં ઈન્દ્રિય મન વગેરે બાહ્ય સાધનો હતા ત્યાં સુધી જ્ઞાન તેની મારફત જાણવાનું કાર્ય કરતું હતું. તેથી બાહ્ય વિષયો પરોક્ષ હતા.

પરમાત્માનું જ્ઞાન સંપૂર્ણપણે અંતર્મુખાકાર થાય છે ત્યારે અલ્પજ્ઞતા મટીને પરમાત્મ દશા પ્રગટ થાય છે. તેમ થતાં આખું વિશ્વ જણાય છે ત્યારે જ્ઞાનની પર્યાય અક્ષ (આત્મા) સન્મુખ છે તે સાચા અર્થમાં પ્રત્યક્ષતા છે. તે બાહ્ય વિષયોને જાણે છે ત્યાં પણ પ્રત્યક્ષતા કહેવાય છે. ત્યાં ઈન્દ્રિય અને મન એવા સાધન મારફત પરોક્ષતા નથી એ અપેક્ષાએ પ્રત્યક્ષપણું કહ્યું છે. જ્ઞાનની પર્યાયને વિશ્વના પદાર્થો પ્રત્યે સન્મુખતા છે એવો ભાવ નથી. જ્ઞાન સર્વગત છે અને વચ્ચે ઈન્દ્રિયરૂપી દલાલ નથી એ અપેક્ષાએ પ્રત્યક્ષતા કહેવામાં આવે છે.

## ◆ ગાથા - ૫૫

**પોતે અમૂર્તિક જીવ મૂર્તશરીરગત એ મૂર્તથી**
**કદી યોગ્ય મૂર્ત અવગ્રહી જાણે, કદીક જાણે નહીં. ૫૫.**

***સ્વયં અમૂર્ત એવો જીવ મૂર્ત શરીરને પ્રાપ્ત થયો થકો તે મૂર્ત શરીર વડે યોગ્ય મૂર્ત પદાર્થને અવગ્રહીને (ઈન્દ્રિય ગ્રહણ યોગ્ય મૂર્ત પદાર્થનો અવગ્રહ કરીને) તેને જાણે છે અથવા નથી જાણતો. (કોઈવાર જાણે છે અને કોઈ વાર નથી જાણતો)***

ઈન્દ્રિય જ્ઞાનનું હેયપણું દેખાડીને ખરેખર તો ઈન્દ્રિય સુખને હેય દર્શાવવું છે. જીવ પોતે અરૂપી છે. તે રૂપી શરીરને પ્રાપ્ત કરે છે. તે રૂપી શરીરને (શરીરને પ્રાપ્ત દ્રવ્ય ઈન્દ્રિયોને) સાધન બનાવીને ઈન્દ્રિયજ્ઞાન વડે જણાવા યોગ્ય રૂપી પદાર્થોને જાણે છે.

| | | |
|---|---|---|
| જીવ | શરીર અને તેને પ્રાપ્ત ઈન્દ્રિયો | ઈન્દ્રિય જ્ઞાનમાં જણાવા યોગ્ય રૂપી પુદ્ગલ સ્કંધો |
| ↓ | | |
| અમૂર્ત | મૂર્ત | મૂર્ત |

આપણને ખ્યાલ છે કે પુદ્ગલ પરમાણુ અને સૂક્ષ્મ સ્કંધો ઈન્દ્રિયજ્ઞાનનો વિષય નથી થતા. બાહ્ય વિષયોનો ઈન્દ્રિય સાથે સન્નિકર્ષ (સંબંધ) થાય તો જ જ્ઞાન તેને જાણી શકે છે. ત્યાં હવા પ્રકાશ વગેરે બાહ્ય સાધનો પણ જરૂરી છે. આટલી વિધિ થાય ત્યારે ઈન્દ્રિયજ્ઞાન જાણવાનું કામ શરૂ કરે છે. પ્રથમ કાર્ય મતિજ્ઞાનમાં અવગ્રહ છે. અવગ્રહ બાદ ઈહા-અવાય વગેરે કાર્ય થાય તો જ જાણપણું શક્ય છે. જો અવગ્રહથી આગળ જાણવાનું કાર્ય ન થાય તો વિષયનો બોધ થતો નથી. આ રીતે સમજણની ક્રિયાનો મુખ્ય આધાર જ્ઞાનનો ઉઘાડ છે. જે પ્રમાણે ઉઘાડ હોય તે પ્રમાણમાં કાર્ય થાય છે. આ રીતે ઈન્દ્રિય જ્ઞાનમાં અનેક બાહ્ય સામગ્રીની જરૂર પડે છે માટે જ્ઞાન પરાધીન છે. વળી જ્ઞાનના ઓછા-

વધારે ઉઘાડમાં નિમિત્ત જ્ઞાનાવરણીય કર્મ છે. આ પ્રકારે ઈન્દ્રિય જ્ઞાન છોડવાલાયક છે તેમ દર્શાવ્યું છે. ઈન્દ્રિયજ્ઞાન થાય છે ત્યારે જ્ઞેય જ્ઞાયક સંબંધથી જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય છે. જીવ પોતાના તે જ્ઞેયાકાર જ્ઞાનને ભોગવે છે. અજ્ઞાની માને છે કે હું બાહ્ય વિષયોને ભોગવું છું. તે સમયે પણ પોતે તો જ્ઞેયાકાર જ્ઞાનનો જ ભોગવટો કરે છે. આ રીતે જ્ઞાન અને સુખને સંબંધ છે.

જીવ ઈન્દ્રિયને સાધન બનાવીને કયારેક જાણે છે અને કયારેક નથી જાણતો માટે તે હેય છે એ વાત તેને ટીકાકાર વિસ્તારથી ત્રણ અપેક્ષાએ સમજાવે છે.

૧) સ્વભાવ સર્વજ્ઞ હોવા છતાં કાર્ય અલ્પજ્ઞરૂપનું થાય છે.
૨) બાહ્ય સાધનો શોધવાની વ્યગ્રતા.
૩) બાહ્ય વિષયોને પોતાની ઈચ્છા / જરૂરીયાત મુજબ બદલાવવાના પ્રયત્નો.

તેમાં સૌ પ્રથમ (૧) ''ચૈતન્ય સામાન્ય સાથે આત્માને અનાદિ સિદ્ધ સંબંધ હોવા છતાં જે અતિ દઢતર તમોગ્રંથી વડે અવરાઈ જવાથી બિડાઈ ગયો છે એવો આત્મા''

આ શબ્દો દ્વારા આચાર્યદેવ આપણને સમજાવવા માગે છે કે જીવ પોતે સર્વજ્ઞ સ્વભાવી હોવા છતાં તે વર્તમાનમાં અલ્પજ્ઞરૂપે પરિણમે છે. શબ્દોની રચના આ પ્રકારે છે. આત્માને પોતાના જ્ઞાયક સ્વભાવ સર્વજ્ઞ સ્વભાવ (અહીં તેને માટે ચૈતન્ય સામાન્ય શબ્દ વાપર્યો છે) સાથે અનાદિથી તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે. અર્થાત્ જીવ પોતે સર્વજ્ઞ સ્વભાવી છે. ભેદથી વિચારતા જ્ઞાન ગુણનું શક્તિરૂપ સામર્થ્ય પરિપૂર્ણ છે. અભેદથી વિચારતા જીવનું સામર્થ્ય પરિપૂર્ણ છે. જો વિશ્વના સમસ્ત પદાર્થોને એકી સાથે એક સમયમાં જાણવાનું જીવનું સામર્થ્ય હોય તો તે પ્રમાણે કાર્ય થવું જોઈએ. જેવો સ્વભાવ એવા પરિણામ. પરંતુ અહીં એમ બનતું નથી. સર્વજ્ઞ સ્વભાવ હોવા છતાં કાર્ય અલ્પજ્ઞરૂપનું થાય છે. કારણકે જીવની જાણવાની શક્તિ અવરાઈ ગઈ છે. આમ કેમ બન્યું ? તેનો જવાબ ઉપાદાન અને નિમિત્ત અપેક્ષાએ વિચારીએ. પોતાના અજ્ઞાન અંધકારના કારણે એવું બન્યું છે. પોતાનું અજ્ઞાન કેવું છે ? અતિ દઢતર. અર્થાત્ જે અજ્ઞાન અનાદિ કાળથી ધારાપ્રવાહરૂપ ચાલુ છે માટે પાકું થઈ ગયું છે. અજ્ઞાન થવાનું કારણ શું ? પોતાના સ્વભાવનું અજાણપણું. પોતે સ્વયં જ્ઞાયક સ્વભાવી છે. સ્વયં જાણવાનું કાર્ય કરે છે અને પોતાને જ નથી જાણતો એનાથી મોટું આશ્ચર્ય શું હોય શકે ? હવે જીવ જ્યાં પોતાને જાણતો જ નથી ત્યાં તેનો મહિમા આવે એવી શક્યતા જ નથી. બહુમાન તો દૂર રહ્યું જીવને પોતાના સ્વભાવનો અનાદર વર્તે છે. પોતે અરૂપી જ્ઞાયક હોવા છતાં આ રૂપી અચેતન શરીર છે તે હું છું એવું માને, એ શરીરમાં હુંપણું સ્થાપીને પોતાનું જીવન જીવે તેને પોતાના સ્વભાવનો સ્વીકાર જ નથી. શાસ્ત્રમાં વાત આવે છે કે અજ્ઞાનીને પોતાના સ્વભાવ પ્રત્યે અનંતાનુબંધીનો ક્રોધ છે. સ્વભાવના અનાદરના કારણે પોતાની શક્તિમાં આવરણ આવી જાય છે. જ્ઞાન એક ગુણ હોવાથી તેની પર્યાય ન હોય, અર્થાત્ જાણવાનું કાર્ય ન થાય એમ બનવું અશક્ય છે તેથી જીવની અલ્પજ્ઞ દશા છે. અર્થાત્ એક સમયે એકને જાણી શકે એવો જ્ઞાનનો ઉઘાડ છે. અન્ય પાંચ દ્રવ્યોમાં તો જેવો સ્વભાવ હોય એવી પર્યાય થાય છે પરંતુ જીવમાં સ્વભાવના અનાદરના ફળસ્વરૂપે ત્યાં અલ્પજ્ઞ પર્યાય થાય છે. તેવા પરિણામ રૂપે પરિણમવાની જીવમાં યોગ્યતા છે તેને ક્ષણિક અશુદ્ધ ઉપાદાન એવું નામ આપવામાં આવે છે. મિથ્યાત્વભાવના સદ્ભાવમાં આ પ્રમાણે થાય છે તેથી તે જ્ઞાનને મિથ્યાજ્ઞાન એવું નામ પણ મળે છે.

અલ્પજ્ઞ દશામાં નિમિત્ત જ્ઞાનાવરણીય કર્મ છે. જ્ઞાનની પર્યાયમાં ઔદયિક ભાવ નથી કારણકે તેમ થાય તો જ્ઞાનનું કોઈ કાર્ય જ ન થાય. વળી ત્યાં

ઔપશમિક ભાવ પણ નથી કારણકે તેમ થતાં જ્ઞાનની નિર્મળતા કેવળજ્ઞાન જેવી થાય. તેથી જ્ઞાન ક્ષાયોપશમ ભાવે જ છે અને ત્યાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમનું નિમિત્ત છે. જયારે સર્વજ્ઞ દશા પ્રગટ થાય છે ત્યારે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય છે અને એ કેવળજ્ઞાન ક્ષાયિક જ્ઞાન એવું નામ પામે છે.

સામર્થ્યની પરિપૂર્ણતા અને પરિણામમમાં અલ્પજ્ઞતા હોવાથી જીવને હંમેશા એક પ્રકારનું તાણ રહે છે. જ્યાં સુધી જેવો સ્વભાવ છે એવી પર્યાય પ્રગટ ન થાય ત્યાં સુધી તેને તાણ રહે છે. જે તેને આકુળતાનું કારણ થાય છે. જયારે અજ્ઞાની જાણે છે કે મારો સ્વભાવ પરિપૂર્ણ છે ત્યારે તેને વ્યક્તપણે આકુળતા થાય છે. પાત્ર જીવને જેવો સ્વભાવ છે તેવી પર્યાય પ્રગટ કરવાની ભાવના જાગે છે અને તે તથા પ્રકારનો પુરુષાર્થ કરે છે.

## બાહ્ય સાધનો શોધવાની વ્યગ્રતા

જીવને જે શરીર પ્રાપ્ત થાય છે. તે અનુસાર પોતાનું જીવન ચાલુ કરે છે ત્યાં તેને ઈન્દ્રિય-મન તથા પ્રકાશ-હવા વગેરે બાહ્ય સાધનો ઉપલબ્ધ છે. તે સાધન મારફત તે રૂપી વિષયોને જાણે છે. ટીકામાં લખે છે કે ''પદાર્થને સ્વયં જાણવાને અસમર્થ હોવાથી ઉપાત્ત અને અનુપાત્ત પરપદાર્થોરૂપ સામગ્રીને શોધવાની વ્યગ્રતાથી અત્યંત ચંચળ તરલ અસ્થિર વર્તતું થકું'' આચાર્યદેવ ઈન્દ્રિયને ઉપાત્ત અર્થાત્ મેળવેલા અને પ્રકાશ હવાને અનુપાત્ત એટલે અણમેળવેલા સાધનોરૂપે દર્શાવે છે. જીવને પોતના ભાવ અનુસાર ગતિનો બંધ પડે છે. તે અનુસાર પછીનો ભવ મળે છે ત્યાં જે શરીરને પ્રાપ્ત થાય છે તેમાં જેટલી ઈન્દ્રિયો છે તે તેનું સાધન બને છે. જીવ એ ઈન્દ્રિયોને સાધન બનાવીને જાણવા લાગે છે. ખરેખર તો વિષયોને ભોગવવા લાગી જાય છે. અસંજ્ઞી છે ત્યાં સુધી તો આ ક્રમ છે પરંતુ સંજ્ઞી પ્રાણી પણ અનાદિના સંસ્કાર અનુસાર એ જ પ્રકારે જીવન જીવવા લાગે છે. આ રીતે પોતાના પૂર્વભવના ભાવ અનુસાર શરીર અને ઈન્દ્રિયો પ્રાપ્ત થાય છે તેથી તેને મેળવેલા સાધન ગણવામાં આવે છે. જયારે પ્રકાશ અને હવા એ તો સામૂહિક સામગ્રી છે. તે કોઈની માલિકીની વસ્તુઓ નથી. સૌ કોઈ તેનો ઉપયોગ કરે છે માટે તેને અણમેળવેલી સામગ્રી ગણવામાં આવે છે.

શરીર છે માટે ઈન્દ્રિયો છે અને પ્રકાશ વગેરે સહજપણે પ્રાપ્ત થાય છે તેથી તે જાણવા લાગે છે પરંતુ અહીં તેને વ્યગ્રતા કહે છે અર્થાત્ જયારે પોતાનું જ્ઞાન હારી ગયેલું છે ત્યારે આવા બાહ્ય સાધનો મેળવવા અને ટકાવવા માટે તે પ્રયત્ન કરે છે જેને વ્યગ્રતા કહે છે. ઈન્દ્રિયો સતેજ રહે તે માટે દવા ઈલાજ વગેરે કરે. રાત્રીના ભાગમાં સૂર્યનો પ્રકાશ ન હોય ત્યારે અન્ય પ્રકાશ શોધવા માટે તે પ્રયત્ન કરે છે. આ રીતે તેને સાધનો મેળવવા અને ટકાવવાની આકુળતા રહે છે એવો ભાવ દર્શાવવામાં આવે છે.

## વિષયોને પરિણમાવવા

''મહા મોહમલ્લ જીવતો હોવાથી પરને પરિણમાવનો અભિપ્રાય કરતું હોવા છતાં પદે પદે છેતરાતું થકું''

આ શબ્દો જ્ઞાનના સ્થાને સુખને વધુ લાગુ પડે છે. હું પર પદાર્થોને મારી ઈચ્છા મુજબ પરિણમાવી શકું છું. અર્થાત્ મારી મરજી અનુસાર તેમને ભોગવી શકું છું. એવો અજ્ઞાનીને અભિપ્રાય છે. પર પદાર્થો અત્યંત ભિન્ન છે પરનું કર્તાપણું અને ભોક્તપણું જીવને સંભવી શકે જ નહીં. પરંતુ જીવની ઈચ્છાને અને બાહ્યના પદાર્થોને નિમિત્ત નૈમિત્તિક મેળ દેખીને કર્તા-ભોક્તાપણાનો અજ્ઞાનીને અભિપ્રાય થાય છે. તે ઊંધી માન્યતા પ્રમાણે તે પ્રયત્નો કરે છે. બાહ્ય વિષયો ભોગવતા

સુખ અનુભવે છે. પોતે તો પોતાની જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને જ ભોગવે છે. બાહ્ય પદાર્થો તો તેના પરિણમનના પ્રવાહમાં ચાલ્યા જાય છે. પોતાની જ્ઞાનની પર્યાયને ભોગવતા બાહ્ય વિષયો ભોગવાયા એવું માનીને આનંદ પામે છે. તેથી અહીં કહે છે કે અજ્ઞાની જીવ પગલે-પગલે છેતરાય છે. દૃષ્ટાંત : જેમ દારૂની અસર નીચે હોય તેને લાગે તો ખબર ન પડે તેમ મોહ મદિરાને કારણે પોતે છેતરાય છે પરંતુ તેનું તેને ભાન નથી. પોતે તો વિષયોને ભોગવીને સુખી છે એવું જ માને છે. લૌકિકમાં કયાંય છેતરાવાનો પ્રસંગ આવે તો બીજીવાર ત્યાં જાય નહીં પરંતુ અજ્ઞાનીને ભાન જ પડતું નથી. તેથી તે પદે પદે છેતરાય છે.

ખરેખર તો જયારે સંજ્ઞીપણું પ્રાપ્ત થાય ત્યારે જીવે વિચાર કરવો જોઈએ કે હું જાણનાર છું. જાણવાનું કાર્ય જે થાય છે તેની પાછળ જ્ઞાન સ્વભાવ કેવડો છે ? તેનું સામર્થ્ય કેટલું છે ? આ રીતે વિચાર કરે તો તેને પોતાના શક્તિરૂપ સામર્થ્ય અને પ્રગટ અવસ્થા વચ્ચેનો વિસંવાદ ખ્યાલમાં આવે. એ વિસંવાદ ખ્યાલમાં આવતા તે તેને દૂર કરવાનો પ્રયત્ન કરે. અજ્ઞાન અને અલ્પજ્ઞતાનું કારણ શોધવા નીકળે. તેથી વર્તમાનમાં જેટલો જ્ઞાનનો ઉઘાડ છે અને બાહ્યમાં જે ઈન્દ્રિય વગેરે સાધન છે તેને ટકાવવા તથા વિશેષ બાહ્ય સામગ્રી મેળવવાના લોભમાં પડવા જેવું નથી. દૃષ્ટિ ફેરવવાની જરૂર છે.

## ◆ ગાથા - ૫૬

**રસ, ગંધ, સ્પર્શ વળી વરણ ને શબ્દ જે પૌદ્‌ગલિક તે**
**છે ઈંદ્રિવિષયો, તેમનેય ન ઈંદ્રિયો યુગપદ ગ્રહે. ૫૬.**

***સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ કે જેઓ પુદ્‌ગલ છે તેઓ ઈન્દ્રિયોના વિષયો છે (પરંતુ) તે ઈન્દ્રિયો તેમને (પણ) યુગપદ ગ્રહતી (જાણતી) નથી.***

| | | |
|---|---|---|
| | સ્પર્શેન્દ્રિય | સ્પર્શ |
| | રસનાઈન્દ્રિય | રસ |
| જીવ | ઘ્રાણેન્દ્રિય | ગંધ |
| | ચક્ષુઈન્દ્રિય | રંગ |
| | કર્ણેન્દ્રિય | શબ્દ |

સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ પુદ્‌ગલ દ્રવ્યના રૂપી ગુણો છે. શબ્દ એ સ્કંધની રૂપી પર્યાય છે પુદ્‌ગલના આ પાંચ રૂપી ધર્મોને વિષય કરનારી મૂર્ત શરીરને પ્રાપ્ત પાંચ ઈન્દ્રિયો છે. જીવ જાણનાર છે. આ પાંચ ઈન્દ્રિયો છદ્મસ્થના ક્ષયોપશમ જ્ઞાનમાં રૂપી પદાર્થોને જાણવામાં બાહ્ય સાધન છે. બાહ્ય નિમિત્ત છે. આ ગાથામાં એમ કહેવા માગે છે કે પંચેન્દ્રિય જીવને આ બધી ઈન્દ્રિયો પ્રાપ્ત હોવા છતાં આ બધા વિષયો એકી સાથે જ્ઞાનમાં જણાતા નથી. ઈન્દ્રિય જ્ઞાનની વાત તો પહેલા આવી ગઈ છે અહીં તો કહેવું છે. શરીરને પ્રાપ્ત પાંચ ઈન્દ્રિયો હોવા છતાં જીવ એક સમયે માત્ર એક ઈન્દ્રિયને સાધન બનાવીને જાણવાનું કામ કરે છે.

આચાર્યદેવ એક દૃષ્ટાંત આપે છે. કાગડાને બે આંખ છે પરંતુ તે બન્ને આંખ વડે એકી સાથે જોઈ શકતો નથી કારણકે બે આંખ વચ્ચે માત્ર એક જ પૂતળી (કીકી) છે. તે પૂતળી જે આંખમાં આવે તે આંખ વડે જોવાનું કાર્ય થાય છે. તે પૂતળી બે આંખ વચ્ચે એટલી ઝડપથી ફરે છે કે કાગડો બન્ને આંખ વડે એકી સાથે જોઈ શકે છે એવું લાગે છે. સિદ્ધાંતમાં જીવ પાંચ ઈન્દ્રિયો વડે જાણે છે ત્યારે તે એક પછી એક ઈન્દ્રિયને સાધન બનાવે છે. ઈન્દ્રિયો પાંચ છે પરંતુ જાણનાર તો એક જ છે.

આપણને એ વાત ખ્યાલમાં છે કે આપણે ઈન્દ્રિયોની પસંદગી કરીને તેની મારફત વિષયોને જાણીએ છીએ તેથી આપણી માન્યતા છે કે જીવને પહેલા ઈન્દ્રિય સાથે સંબંધ થાય છે અને પછી તે ઈન્દ્રિય મારફત બાહ્ય પદાર્થને જાણે છે. શાંતિથી

વિચારશો તો ખ્યાલ આવશે કે એમ નથી. ઈન્દ્રિયોનો વિષયો સાથેનો સંબંધ તો સહજરૂપે થયા જ કરે છે. રૂમનું હવામાન બદલાય તેની અસર ચામડી ઉપર થાય જ છે. અરીસામાં જેમ બાહ્ય વસ્તુઓ સહજપણે પ્રતિબિંબિત થાય છે, ડીપાર્ટમેંટલ સ્ટોરમાં ગોઠવેલો કેમેરો તમારી હિલચાલને ગ્રહણ કરી લે છે તેમ આંખમાં બાહ્ય દૃશ્ય જણાય છે. તે જ પ્રમાણે આંખ દૃશ્યને ગ્રહણ કરે છે. જીભ સ્વાદને ગ્રહણ કરે છે. હવે આ રીતે વિશ્વના રૂપી પદાર્થો કોઈને કોઈ પ્રકારે ઈન્દ્રિયો સાથે સંબંધમાં આવતા જ રહે છે. હવે જીવ જયારે જાણવાનું કાર્ય કરે છે ત્યારે તે જે ઈન્દ્રિયોને સાધન બનાવે છે. તેના વિષયની જાણકારી તેને પ્રાપ્ત થઈ જાય છે. આ અપેક્ષા એટલા માટે લીધી છે કે બાહ્ય વિષયોનો ઈન્દ્રિયો સાથે સંબંધ થવો એ એક સ્વતંત્ર ક્રિયા છે. એક સ્વતંત્ર સંબંધ છે. તેને પરમાર્થે જીવ સાથે સંબંધ નથી.

આ ગાથાનું પ્રયોજન ઈન્દ્રિયજ્ઞાનનું હીનપણું દર્શાવવાનું છે. પાંચ ઈન્દ્રિયો દ્વારા જાણવાની શક્તિ હોવા છતાં તે જ્ઞાન પાંચ ઈન્દ્રિયોનો ઉપયોગ એકી સાથે કરી શકતું નથી. આ ગાથાઓના મૂળ આશયને લક્ષમાં રાખીને વિચારીએ ત્યારે જીવ નિમિત્ત નૈમિત્તિક સંબંધથી પાંચ ઈન્દ્રિયોના વિષયોને ભોગવી શકે છે. તેની પાસે પાંચ ઈન્દ્રિયોરૂપી સાધનો પણ જયારે વિદ્યમાન હોય ત્યારે પણ તે બધું એકી સાથે ભોગવી શકતો નથી. એક સમયે એક ઈન્દ્રિય દ્વારા જ તે કાર્ય કરી શકે છે.

બીજી રીતે વિચારીએ. અજ્ઞાની જીવ ભોગવટા પ્રધાની છે. તે બધું ભોગવવા માગે છે. કદાચ રૂપી પદાર્થના સ્પર્શ, રસ વગેરે એકી સાથે ભોગવવા મળે તો તે તૈયાર થશે ? જો એને વિષય ભોગવવાની ગૃદ્ધિ હશે તો જવાબ ના માં આવશે. એક સમયે એકને જ ભોગવવા માગશે. સાદો દૃષ્ટાંત એક માણસને સ્વાદની જ, ખાવાની જ ગૃદ્ધિ હશે તો તે માત્ર સ્વાદ જ ભોગવવા માગશે.

### ◆ ગાથા - ૫૭

**તે ઈંદ્રિયો પરદ્રવ્ય, જીવસ્વભાવ ભાખી ન તેમને;**
**તેનાથી જે ઉપલબ્ધ તે પ્રત્યક્ષ કઈ રીત જીવને ? ૫૭.**

***તે ઈન્દ્રિયો પરદ્રવ્ય છે, તેમને આત્માના સ્વભાવરૂપ કહી નથી; તેમના વડે જણાયેલું આત્માને પ્રત્યક્ષ કઈ રીતે હોય?***

### પ્રત્યક્ષ

હવેની ત્રણ ગાથાઓમાં પ્રત્યક્ષ જ્ઞાનની વાત આવે છે તેથી આપણે પ્રત્યક્ષ શબ્દ કયા અર્થમાં વાપરવામાં આવે છે તે સૌ પ્રથમ સમજી લઈએ જેથી ગાથાના ભાવ સમજવા સહેલા પડે.

પ્રત્યક્ષપણું બે અપેક્ષાએ લેવામાં આવે છે.

૧) જ્ઞાનની પર્યાય કોની સન્મુખ છે.

૨) જ્ઞાન કયા વિષયને જાણે છે.

**(૧) પ્રત્યક્ષ - પ્રતિ + અક્ષ.**

અક્ષ શબ્દના બે અર્થ થાય છે. ઈન્દ્રિય અને આત્મા.

(અ) જે જ્ઞાનની પર્યાય ઈન્દ્રિયની સન્મુખ છે, તે જ્ઞાન ઈન્દ્રિય જ્ઞાન છે અને તેને ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન કહેવામાં આવે છે.

(બ) જે જ્ઞાનની પર્યાય પોતાના સ્વભાવની સન્મુખ છે, પોતાની સન્મુખ છે તે જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાન છે. કેવળી ભગવાનને આ પ્રકારનું જ્ઞાન હોય છે. સાધકને નિર્વિકલ્પ દશા સમયે પણ આ પ્રકારનું જ્ઞાન હોય છે.

આ રીતે વિચારીએ ત્યારે જ્ઞાન કોની સન્મુખ છે એટલી જ અપેક્ષા લેવામાં આવે છે. આ બેનો વિચાર કરીએ ત્યારે ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન હેય છે અને જે જ્ઞાન પોતાના સ્વભાવની સન્મુખ છે તે ઉપાદેય છે. ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન એ હારી ગયેલું જ્ઞાન છે, અલ્પજ્ઞતારૂપનું જ્ઞાન છે, પરાવલંબી જ્ઞાન છે. ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન પરમાર્થે દુ:ખનું દેનારું છે.

જયારે સ્વભાવ સન્મુખ જ્ઞાનના ફળમાં જીવને અતીન્દ્રિય આનંદનો અનુભવ છે.

**(૨) જ્ઞાનનો વિષય શું છે ?**

જ્ઞાનનો વિષય (અ) પોતાનો આત્મા (બ) પરદ્રવ્ય.

(અ) જ્ઞાનનો વિષય જયારે પોતાનો આત્મા છે ત્યારે તે જ્ઞાન પોતાના આત્માને સીધું જાણે છે. પોતે જાણનાર, જાણવાની ક્રિયા કરીને પોતાને જાણે છે. ત્યાં જ્ઞાતા જ્ઞાન-જ્ઞેય ત્રણનું અભેદપણું સધાય છે. તે જ્ઞાન પ્રત્યક્ષ છે. તેનું ફળ જીવને અતીન્દ્રિય સુખ છે. ઈન્દ્રિયનો વિષય તો રૂપી પદાર્થ જ છે તેથી આત્મા તેનો વિષય ન થઈ શકે પરંતુ મન રૂપી-અરૂપી બન્નેને વિષય કરે છે અર્થાત્ મન અરૂપીને જાણવામાં પણ નિમિત્ત છે તેથી મનના સંગે અનુમાન જ્ઞાનમાં પોતાનો આત્મા જાણી શકાય છે. પરંતુ મન એ બાહ્ય સાધન છે માટે અનુમાન જ્ઞાન પરોક્ષ છે અને ત્યાં અતીન્દ્રિય આનંદ નથી. આ રીતે જે અનુમાન જ્ઞાન પોતાના આત્માને જાણે છે તે પણ પરોક્ષ જ છે.

(બ) જ્ઞાનનો વિષય જયારે પરદ્રવ્ય છે ત્યારે તે પણ પ્રત્યક્ષ અને પરોક્ષ એવા બે ભેદરૂપ છે. જે જ્ઞાન ઈન્દ્રિય અને મન દ્વારા પરદ્રવ્યને જાણે છે તે પરોક્ષ જ્ઞાન છે. જાણનાર જીવ અરૂપી છે તે મૂર્ત એવી ઈન્દ્રિયો દ્વારા પરને જાણે છે તેથી ત્યાં પરોક્ષપણું છે.

કેવળજ્ઞાન વિશ્વના સમસ્ત પદાર્થોને અન્ય અવલંબન વિના સીધું જાણે છે. માટે તે જ્ઞાન પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાનની પ્રત્યક્ષતા બે પ્રકારે આપણા ખ્યાલમાં આવે છે. જ્ઞાનની પર્યાય પોતાના સ્વભાવ સન્મુખ છે માટે પ્રત્યક્ષ અને જ્ઞાન વિશ્વના પદાર્થને સીધું જાણે છે માટે પ્રત્યક્ષ.

જ્ઞાન ઈન્દ્રિયના સાધન વડે જયારે પરદ્રવ્યને જાણે છે. ત્યારે ત્યાં પરમાર્થે દુઃખ જ છે. જયારે પરમાત્મા વિશ્વના સમસ્ત પદાર્થને જાણે છે ત્યારે તેને અનંત સુખ છે. આ રીતે પર પદાર્થના જ્ઞાનને સુખ સાથે સીધો સંબંધ નથી. જો ઈન્દ્રિય જ્ઞાન વડે જણાય છે તો દુઃખ છે અને કેવળ જ્ઞાન વડે જણાય છે તો સુખ છે તેથી ખરેખર તો ઈન્દ્રિય જ્ઞાન દુઃખરૂપ છે અને કેવળજ્ઞાન સુખરૂપ છે એ જ વાત નક્કી થાય છે.

ગા. ૫૭માં એ જ્ઞાન કોની સન્મુખ છે તે વાત લઈને પ્રત્યક્ષ અને પરોક્ષપણું દર્શાવ્યું છે. જે જ્ઞાન કેવળ આત્મા પ્રતિ જ નિયત છે તેને અહીં પ્રત્યક્ષ જ્ઞાન કહ્યું છે.

જે જ્ઞાન ઈન્દ્રિયોનું અવલંબન લઈને પરદ્રવ્યને જાણે છે તે પરોક્ષ જ્ઞાન છે. અહીં તે જ્ઞાન ઈન્દ્રિય પ્રતિનિયત છે માટે ઈન્દ્રિય પ્રત્યક્ષ છે એવું દર્શાવવું નથી પરંતુ તે જ્ઞાન પરદ્રવ્યને ઈન્દ્રિય વડે જાણે છે માટે તે જ્ઞાન પરોક્ષ છે એમ સમજાવવા માગે છે. કેવળ જ્ઞાનમાં પણ પરદ્રવ્ય જણાય છે પરંતુ તે જ્ઞાન પ્રત્યક્ષ છે. જયારે જીવ ઈન્દ્રિય જ્ઞાન વડે પરદ્રવ્યને જાણે છે ત્યારે તે પરોક્ષરૂપે પરદ્રવ્યને જાણે છે.

આ ગાથામાં ઈન્દ્રિયનું અસ્તિત્વ જીવથી તદ્દન જાુદુ છે એમ દર્શાવ્યું છે. ઈન્દ્રિયો તો શરીર પરિણામને પ્રાપ્ત છે. તે મૂર્ત છે. જીવ અને શરીર બન્ને વિશિષ્ટ એક ક્ષેત્રાવગાહ સંબંધને પ્રાપ્ત થઈને રહેલા છે અને લૌકિકમાં તેમને એકરૂપે જ ગણવામાં આવે છે. પરંતુ તે સમયે પણ ઈન્દ્રિયો જીવને સ્પર્શતી નથી. અર્થાત્ ઈન્દ્રિયો જીવથી અત્યંત ભિન્ન રહે છે.

## ◆ ગાથા - ૫૮

**અર્થો તણું જે જ્ઞાન પરતઃ થાય તેહ પરોક્ષ છે;**
**જીવમાત્રથી જ જણાય જો, તો જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૮.**

***પર દ્વારા થતું જે પદાર્થો સંબંધી વિજ્ઞાન તે તો પરોક્ષ કહેવામાં આવ્યું છે; જો કેવળ જીવ વડે જ જાણવામાં આવે તો તે જ્ઞાન પ્રત્યક્ષ છે.***

આ ગાથામાં પણ જીવ પરદ્રવ્યને જાણે છે તે કેવી રીતે તેની વાત લીધી છે. જો જીવ અન્ય સાધન દ્વારા ઈન્દ્રિયજ્ઞાન વડે પરદ્રવ્યને જાણે છે તો તે જ્ઞાન પરોક્ષ છે. જો જીવ કેવળજ્ઞાન વડે પરદ્રવ્યને જાણે છે તો તે જ્ઞાન પ્રત્યક્ષ છે.

આગલી ગાથામાં જે ઈન્દ્રિય જ્ઞાનની વાત લીધી હતી તે જ વાત આ ગાથામાં વિસ્તારથી લીધી છે. ઈન્દ્રિય જ્ઞાન માત્ર ઈન્દ્રિય વડે જ જાણે છે એવું એકાંત ન કરતાં છદ્મસ્થ જીવો પરદ્રવ્યને અનેક પ્રકારની સામગ્રી વડે જાણે છે. અહીં તેનું વર્ણન કરે છે. બાહ્ય સાધનો આ પ્રકારે લેવામાં આવ્યા છે.

(૧) અંતઃ કરણ અર્થાત્ મન.

(૨) ઈન્દ્રિયો

(૩) પરોપદેશ - અન્ય જીવો દ્વારા જે ઉપદેશ દેવામાં આવે છે તે અનુસાર પરદ્રવ્યનું જાણપણું થાય છે. ઉપદેશમાં શબ્દો વાચક થઈને વાચ્ય એવા પદાર્થને દર્શાવે છે. સાકર શબ્દ દ્વારા સાકરનું જ્ઞાન થાય છે. તે જ પ્રમાણે આત્મા શબ્દ દ્વારા આત્માનું જ્ઞાન થાય છે. આ રીતે અન્ય દ્વારા આત્મા તેમજ અન્ય દ્રવ્યોનું જ્ઞાન કરાવવામાં આવે છે.

(૪) ઉપલબ્ધિ - અહીં જ્ઞાનની પર્યાયના ઉઘાડની વાત લીધી છે. જ્ઞાનની પર્યાયનો ઉઘાડ ઓછો વધારે હોય છે. ત્યાં નિમિત્ત જ્ઞાનાવરણીય કર્મ છે. આ જ્ઞાનના ઉઘાડને ક્ષાયોપશમિક જ્ઞાન પણ કહેવામાં આવે છે. તે ઉઘાડમાં પોતાની યોગ્યતા એ ક્ષણિક ઉપાદાન છે અને દ્રવ્યકર્મ નિમિત્ત છે.

(૫) સંસ્કાર - પૂર્વે જે પદાર્થ જણાયા હોય તે ધારણામાં રહી ગયા હોય. ધારણા એ મતિજ્ઞાનનો પ્રકાર છે. તે વિષયને વર્તમાનમાં યાદ કરવો, તાજો કરવો તેને સંસ્કાર કહે છે. તેને પ્રત્યભિજ્ઞાન પણ કહેવામાં આવે છે. જાતિસ્મરણ જ્ઞાન પણ આ પ્રત્યભિજ્ઞાનનો જ એક પ્રકાર છે. જાતિસ્મરણ જ્ઞાનમાં પૂર્વભવોનું જ્ઞાન થાય છે.

(૬) પ્રકાશ - હવા વગેરે પણ અનઉપાત્ત સાધનો છે. બાહ્ય વિષયોનો ઈન્દ્રિયો સાથે સન્નિકર્ષ થવામાં તે જરૂરી છે. અંધારામાં આપણી આંખ જોઈ શકતી નથી. પ્રકાશની ઉપસ્થિતિમાં બાહ્ય પદાર્થના રંગ તથા આકાર આંખ (ઈન્દ્રિય) સુધી પહોંચે છે ત્યારે જ જીવ રંગને જાણી શકે છે.

આ રીતે આ ગાથામાં છદ્મસ્થ જીવ પરદ્રવ્યોને આવા અનેક પ્રકારના સાધનો વડે જાણે છે માટે તે જાણપણું પરોક્ષ જ છે. એમ દર્શાવવામાં આવ્યું છે.

## ◆ ગાથા - ૫૯

**સ્વયમેવ જાત, સંમત, અર્થ અનંતમાં વિસ્તૃત ને**
**અવગ્રહ-ઈહાદિ રહિત, નિર્મળ જ્ઞાન સુખ એકાંત છે. ૫૯.**

સ્વયં (પોતાથી જ) ઉપજતું, સમંત (અર્થાત્ સર્વ પ્રદેશેથી જાણતું), અનંત પદાર્થોમાં વિસ્તૃત, વિમળ અને અવગ્રહાદિથી રહિત એવું જ્ઞાન એકાંતિક સુખ છે એમ (સર્વજ્ઞ દેવે) કહ્યું છે.

આ ગાથામાં પ્રત્યક્ષ જ્ઞાનને પારમાર્થિક સુખરૂપે દર્શાવવું છે. ટીકાકાર આચાર્યદેવ સૌ પ્રથમ પરોક્ષ જ્ઞાનની વાત કરીને તેની સરખામણીમાં પ્રત્યક્ષ જ્ઞાન દર્શાવે છે.

| પરોક્ષ જ્ઞાન | પ્રત્યક્ષ જ્ઞાન |
|---|---|
| પર દ્વારા ઉપજતું | સ્વયં પોતાથી જ ઉપજતું |
| અસમંત | સમંત |
| કેટલાક પદાર્થોમાં પ્રવર્તતું | અનંત પદાર્થોમાં વિસ્તૃત |
| સમળ | વિમળ |
| અવગ્રહાદિ સહિત | અવગ્રહાદિ રહિત |

સૌ પ્રથમ પરોક્ષજ્ઞાન પરમાર્થે સુખરૂપ નથી એમ જણાવે છે. ગા. ૫૮માં જે વિસ્તાર લેવામાં આવ્યો છે એવા અનેક સાધનો દ્વારા આ જ્ઞાન કાર્ય કરે છે માટે તે જ્ઞાન પરાધીન છે. જ્ઞાનનો ક્ષયોપશમ હોવા છતાં જો દ્રવ્ય ઈન્દ્રિયો બરોબર ન હોય અથવા એને સાધન બનાવવામાં ન આવે તો જાણવાનું કાર્ય થતું નથી. માટે પરાધીનતા છે. જ્ઞાનની પર્યાય એકલી પોતાની મેળે જાણતી નથી. અસમંત :- આ વિશેષણ સમજવાની જરૂર છે. સમંત શબ્દ દ્વારા કેવળજ્ઞાન આત્માના સર્વપ્રદેશે જાણે છે એવું કહેવા માગે છે. અસમંતમાં ''અમુક પ્રદેશો દ્વારા'' જાણવાનું કાર્ય થાય છે. એ પ્રમાણે દર્શાવવામાં આવ્યું છે જેના ભાવની ચોખવટ જરૂરી છે.

જ્ઞાન (અભેદપણે જીવ) અસંખ્ય પ્રદેશી પોતાના સ્વક્ષેત્રમાં છે. આ ક્ષેત્ર અખંડિત છે. માટે જ્ઞાનની જે પર્યાય પ્રગટ થાય તે અખંડિત અસંખ્ય પ્રદેશમાં જ થાય. એ પર્યાય એકરૂપ જ હોય. આ સિદ્ધાંતને વળગીને આપણે ''અમુક પ્રદેશો દ્વારા'' શબ્દોનો ભાવ સમજવો જરૂરી છે. પરોક્ષ જ્ઞાન ઓછા ઉઘાડવાળુ હોવાથી તેને ઈન્દ્રિયરૂપ સાધનની જરૂર પડે છે માટે તે ઈન્દ્રિય દ્વાર વડે જાણે છે એમ કહેવામાં આવે છે. આપણને ખ્યાલ છે કે જીવ અને શરીર એક ક્ષેત્રાવગાહરૂપ છે. શરીરને પ્રાપ્ત આંખ વગેરે દ્રવ્ય ઈન્દ્રિયો શરીરના થોડા ભાગમાં જ છે. હવે જીવ જયારે રંગને જાણવા માગે છે ત્યારે આંખ તેનું સાધન છે. તેથી આંખના ક્ષેત્રે રહેલા જ્ઞાનના પ્રદેશો સક્રિય થઈને રંગને ગ્રહણ કરે છે. ખરેખર તો આંખને અને બાહ્ય દૂરના ક્ષેત્રે રહેલા પદાર્થના રંગને પ્રકાશરૂપી સાધન દ્વારા સંબંધ થાય છે. અર્થાત્ બાહ્ય પદાર્થનો રંગ પ્રકાશના માધ્યમ દ્વારા આંખના પડદા સુધી પહોંચે છે ત્યારે રંગનો ઈન્દ્રિય (આંખ) સાથે સન્નિકર્ષ થયો એમ કહેવામાં આવે છે. આંખના ક્ષેત્રે રહેલું જ્ઞાન તે રંગને જાણી લે છે. ત્યારે રંગને જાણવાનું કાર્ય તો જીવના અસંખ્ય પ્રદેશી ક્ષેત્રમાં એકસરખું જ થાય છે. આંખના ક્ષેત્રે રહેલા જ્ઞાનના પ્રદેશો જ રંગને જાણે છે અને તે સમયે જ્ઞાનના અન્ય પ્રદેશો અન્ય વિષયને જાણે અથવા ત્યાં કોઈ જાણવાનું કાર્ય થાય જ નહીં એવું બને નહીં. ''અમુક પ્રદેશો દ્વારા'' શબ્દ પ્રયોગનો અર્થ એવો છે કે ત્યાંથી કાર્ય શરૂ થયું અને સર્વ પ્રદેશોમાં વ્યાપ્યું. (ત્યાં સમયભેદ નથી).

**દૃષ્ટાંત :** ખેતરમાં ઉગેલા શેરડીના સાંઠાની એક કાતરી પકડીને હલાવીએ ત્યારે આખો સાંઠો હલે છે. એક ઈન્દ્રિયને એક કાતરીને સ્થાને ગણવાની રહે. આ રીતે મૂળ સિદ્ધાંત ન તૂટે એ પ્રકારે શબ્દનો ભાવ આપણા ખ્યાલમાં લેવો જરૂરી છે.

પરોક્ષ જ્ઞાન મર્યાદિત વિષયને જ જાણે છે. એક સમયે એક ઈન્દ્રિયના વિષયને ગ્રહણ કરે છે ત્યારે અન્ય વિષય જે જ્ઞાનમાં જણાયા નહીં તેની આકુળતા (દુઃખ) જીવને તે સમયે અનુભવાય છે.

સમળ - પરોક્ષ જ્ઞાનમાં વિપરીતતા પણ આવે છે. અપૂર્ણ જ્ઞાનમાં આ પ્રકારના દોષો હંમેશા જોવા મળે છે. જ્ઞાન અનિર્ણયાત્મક બને અથવા કયારેક ખોટો નિર્ણય પણ થઈ જાય છે. જ્ઞાનમાં મિથ્યાત્વના કારણે સ્વ પરનો વિવેક ન રહે તે મોટો દોષ છે. મલિનતા છે. તે અપેક્ષાએ અન્ય દોષો અલ્પ છે પરંતુ તેની અવગણના કરવા જેવી નથી.

અવગ્રહાદિ સહિત :- મતિજ્ઞાન-અવગ્રહ-ઈહા-અવાય-ધારણા આ ક્રમથી જ જાણે છે. તે ક્રમ વચ્ચેથી છૂટી પણ જાય તો જ્ઞાન થાય જ નહીં અથવા સંશયાત્મક રહી જાય માટે તે દુઃખના કારણરૂપ છે. આ રીતે પાંચ ભેદથી પરોક્ષ જ્ઞાનનું હેયપણું દર્શાવ્યું.

## પ્રત્યક્ષ જ્ઞાન

સ્વયં ઊપજતું જ્ઞાન - આ કેવળજ્ઞાનનું લક્ષણ છે. ત્યાં સ્વાધીનતાની વાત છે. પરાધીનતાનો ત્યાં અભાવ છે. જે જીવને પરોક્ષજ્ઞાન હતું તેને પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થયું. જે સાધક હતો તે પરમાત્મા થયો. ઈત્યાદિ પ્રકારે આપણે કહીએ છીએ. જીવ બન્ને પ્રકારના પરિણામોને કરે છે. પોતે જ તેને કરે છે માટે સ્વયં કરે છે એવું કહીએ છીએ. અજ્ઞાની જીવ અજ્ઞાન ભાવે પણ પોતે જ પરિણમે છે. અજ્ઞાન પરિણામમાં કર્મોદયનું નિમિત્તપણું છે પરંતુ તે સમયે પણ અજ્ઞાનભાવરૂપે તો જીવ પોતે જ પરિણમે છે. અહીં એ વાત નથી લેવી. જ્ઞાનીને જે અસ્થિરતાનો રાગ થાય છે તે પણ સાધક સ્વયં કરે છે. તે જ પરિણામને તે તો કર્મ દ્વારા કરાવવામાં આવ્યા છે જ્ઞાની સ્વતંત્રપણે તો શુદ્ધ પર્યાયને જ કરે છે. રાગને નથી કરતો એ પ્રમાણે પણ કહેવામાં આવે છે. અહીં એ અપેક્ષાએ પણ નથી લેવી. અહીં તો જીવ પ્રત્યક્ષ જ્ઞાન કેવળજ્ઞાનરૂપે સ્વયં પરિણમે છે. કહીને ત્યાં અન્ય દ્રવ્યની કોઈ અપેક્ષા લાગુ નથી પડતી એવો ભાવ દર્શાવવા માગે છે. જેવો પોતાનો સર્વજ્ઞ સ્વભાવ છે તેવી સર્વજ્ઞ દશા પ્રગટ થઈ. આ સ્વાભાવિક કાર્ય છે. તેમાં જીવ એકલો જ છે એવો ભાવ દર્શાવવા માગે છે. અધુરી પર્યાય પણ જીવ સ્વયં કરતો હતો પરંતુ તે અધુરી પર્યાય ઈન્દ્રિયના અવલંબન વિના કાર્ય કરી શકતી ન હતી. માટે પરાધીન હતી. જયારે સર્વજ્ઞ દશા જીવ સ્વયં કરે છે. અને તે પર્યાય સ્વયં સ્વતંત્રપણે જાણવાનું કાર્ય કરે છે માટે ત્યાં પરાધીનતા નથી એમ દર્શાવ્યું છે. જે પરાધીનતા હતી તે ગઈ અને સ્વાધીનતા આવી એવો ભાવ આચાર્યદેવ સમજાવવા માગે છે. આ રીતે સ્વયં શબ્દની સાથે સ્વાધીનતાનો ભાવ જોડાયેલો છે. દૃષ્ટાંત : કોઈ રોગી વ્યકિતને નબળાઈ લાગે અને ટેકો લેવાની જરૂર પડે તે જયારે સશક્ત થાય ત્યારે તેને ટેકાની જરૂર નથી રહેતી. તેને ત્યારે આનંદ થાય છે. આ ગાથાનો ભાવ આ રીતે લક્ષમાં લીધા બાદ હવે આચાર્યદેવ આ વાત કઈ રીતે રજુ કરે છે તે જોઈએ.

**અનાદિ જ્ઞાનસામાન્યરૂપ સ્વભાવ ઉપર મહા વિકાસથી વ્યાપીને સ્વતઃ (પોતાથી) જ રહ્યું હોવાથી ''સ્વયં ઉપજે છે'' તેથી આત્માધીન છે.**

અહીં ટીકાકાર જુદી રીતે રજૂઆત કરે છે. જ્ઞાનની પર્યાય પ્રત્યક્ષ છે એ રીતે રજૂઆત કરે છે. પ્રતિ + અક્ષ (આત્મા). પોતાની જ્ઞાનની પર્યાય પોતાના આત્માની સન્મુખ થઈને પરિણમે છે માટે તે જ્ઞાનની પર્યાય પ્રત્યક્ષ છે. તે પ્રત્યક્ષ જ્ઞાન છે એવું સમજાવવા માગે છે.

એક અપેક્ષાએ સમ્યગ્જ્ઞાન-શુદ્ધોપયોગ- એવી જ્ઞાનની પર્યાય પણ પોતાના આત્માની સન્મુખ જ છે. પરંતુ તે પર્યાય ક્ષયોપશમ ભાવે છે. તે શ્રુતજ્ઞાનની પર્યાય છે. ઓછા ઉઘાડવાળી પર્યાય છે. સંપૂર્ણ વિકસિત પર્યાય નથી. નિર્વિકલ્પ દશા લાંબી ટકતી નથી. ફરી સવિકલ્પ દશા આવે છે. ત્યારે જ્ઞાનની પર્યાય ઈન્દ્રિયની સન્મુખ થાય છે. તે ઈન્દ્રિયો દ્વારા બાહ્ય વિષયોને પરોક્ષ જ્ઞાન વડે જાણે છે. સવિકલ્પ દશા સમયે તે જ્ઞાન પરોક્ષ છે. પ્રત્યક્ષ નથી. અર્થાત્ તે સમયે તે જ્ઞાનની પર્યાય પોતાના આત્માની સન્મુખ નથી. સાધક દશામાં આવું સવિકલ્પ નિર્વિકલ્પપણું ચાલ્યા જ કરે છે. તેની વાત અહીં કહેવા માગતા નથી. હવે તો તે ભૂમિકાને ઓળંગીને પરમાત્મદશા પ્રગટ થઈ છે. તે પર્યાય પોતાના સ્વભાવ તરફ જ સન્મુખ છે. તે ફરીને પોતાના આત્માથી વિમુખ થવાની નથી. વળી તે પર્યાય સંપૂર્ણતાને સર્વજ્ઞતાને પામેલી છે. પરમાત્મા કેવળજ્ઞાનરૂપે પરિણમ્યા છે એમ કહેવાને બદલે અહીં કેવળજ્ઞાનની પર્યાયની મુખ્યતાથી વાત લીધી છે. સંપૂર્ણ વિકાસને પામેલી તે પર્યાય પોતાના સ્વભાવને વળગીને રહેલી છે એમ કહેવા માગે છે. જે પર્યાય પહેલા અધૂરી હતી તે હવે વિકાસને પામી છે.

આ પર્યાયનો વિષય આખું વિશ્વ છે પરંતુ તે જ્ઞાનની પર્યાયનો વિષય શું છે તે વાત અહીં નથી લેવી. પરમાત્માનું જ્ઞાન સર્વગત છે એ અહીં નથી કહેવું. વિશ્વના સમસ્ત પદાર્થોને આ જ્ઞાન પ્રત્યક્ષ જાણે છે એવું પ્રત્યક્ષપણું અહીં નથી દર્શાવવું. જે જ્ઞાન પહેલા પરપદાર્થોને ઈન્દ્રિય જ્ઞાન વડે જાણતું હતું. અર્થાત્ પરોક્ષરૂપે પરદ્રવ્યને જાણતું હતું. તે જ્ઞાન હવે અન્ય સાધનની મદદ વિના સીધું વિશ્વના સમસ્ત પદાર્થોને જાણે છે માટે તે જ્ઞાન પ્રત્યક્ષ છે એ અપેક્ષા અહીં લાગુ નથી પડતી. પરંતુ આ જ્ઞાનની પર્યાય સંપૂર્ણપણે પોતાના સ્વભાવની સન્મુખ છે તે તેની પ્રત્યક્ષતા છે. જ્ઞાનની પર્યાય પોતાના સ્વભાવમાંથી ઉત્પન્ન થઈ અને તેણે સ્વભાવ સન્મુખતા જ કરી. સર્વજ્ઞ સ્વભાવમાંથી સર્વજ્ઞ દશા પ્રગટ થઈ અને તે સર્વજ્ઞ પર્યાય પોતાના સ્વભાવને જ વળગી છે ત્યાં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય ત્રણે અભેદપણે પોતે જ છે. તેથી તે પર્યાય સંપૂર્ણપણે આત્માધીન છે, ત્યાં પરના જાણપણાની વાત નથી અને પરને જાણવામાં નિમિત્ત એવા બાહ્ય ઈન્દ્રિયાદિ સાધનની વાત પણ નથી.

સંપૂર્ણ વિકાસને પામેલી કેવળજ્ઞાનની પર્યાય પોતાના દ્રવ્ય સામાન્યરૂપ સ્વભાવમાં જ વ્યાપીને રહી છે. એવું ટીકાકાર આચાર્યદેવ કહેવા માગે છે. આ જ જ્ઞાનની પ્રત્યક્ષતા છે. આ જ જ્ઞાનની સ્વાધીનતા છે.

સમસ્ત આત્મપ્રદેશોમાં, પરમ સમક્ષ (પ્રત્યક્ષ) જ્ઞાનોપયોગરૂપ થઈ, વ્યાપી રહેલું હોવાથી ''સમંત છે'' તેથી અશેષ દ્વારો ખુલ્લા થયા છે.

ક્ષયોપશમ જ્ઞાનની એક મર્યાદા હતી કે તે ઈન્દ્રિયાદિ દ્વારો મારફત જ (સાધન દ્વારા જ) જાણપણું કરી શકતું હતું. ક્ષાયિક જ્ઞાનને એવી કોઈ મર્યાદા નથી. અમુક જ પ્રદેશોથી જાણપણું થાય તેના સ્થાને સર્વ પ્રદેશેથી જાણપણું થાય છે. એ જ વાત બીજી રીતે લઈએ તો ઈન્દ્રિયોના માધ્યમ દ્વારા જ વિશ્વના પદાર્થો જ્ઞાન સુધી પહોંચતા હતા. હવે તે પદાર્થો સીધા જ્ઞાનમાં પહોંચે છે. દૃષ્ટાંતરૂપે વિચારીએ કે એક પહાડ ઉપર એક મંદિર છે, તેને એક જ દ્વાર છે. અંદર રહેલી પ્રતિમા માત્ર એ દ્વારમાંથી જ જોઈ શકાય છે. હવે કોઈ મંદિરની દીવાલો દૂર કરી નાખે તો પ્રતિમા બધી બાજુથી જોઈ શકાય છે. કોઈ ઊંચા મકાનની અગાસી ઉપર ઊભા રહીને એક ભુંગળા મારફત જ જોવાનો આગ્રહ રાખે તો મર્યાદિત જણાય પરંતુ ભુંગળુ છોડી દે તો ચારે બાજુ બધું દેખાય.

આ રીતે ઈન્દ્રિયનું દ્વાર છોડી દેવાથી જ્ઞાન બધું જાણી શકે એમ પણ લઈ શકાય અને વિશ્વના બધા પદાર્થો જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ જાય છે એમ પણ લઈ શકાય. આ બોલમાં જ્ઞાન સર્વપ્રદેશે ખુલ્લુ થઈ ગયું છે એવો ભાવ છે માટે કોઈ ચોક્કસ પ્રદેશ મારફત કામ થવાને બદલે બધા પ્રદેશે કાર્ય થાય છે અર્થાત્ બાહ્ય વિષયો સીધા જ્ઞાનમાં જણાય છે એ અર્થ યોગ્ય લાગે છે. જ્ઞાનની પર્યાય સંપૂર્ણ ખુલ્લી થઈ ગઈ. સર્વ પ્રદેશેથી વિષયને ગ્રહણ કરવાની શક્તિ પ્રગટ થઈ છે એ રીતે વિચારવું યોગ્ય છે આને અહીં સમંત શબ્દથી ઓળખાવવામાં આવે છે.

## અનંત પદાર્થોમાં વિસ્તૃત

અહીં જ્ઞાનની પર્યાય સર્વગત છે એમ દર્શાવવા માગે છે. જ્ઞેય જ્ઞાયક સંબંધનું એવું સ્વરૂપ છે કે જાણે કે જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા અને જ્ઞાન જ્ઞેયના ક્ષેત્રમાં પહોંચી ગયું એવું કામ થાય છે. આ બોલના શબ્દો ''સમસ્ત વસ્તુઓના જ્ઞેયાકારોને અત્યંત પી ગયું હોવાને લીધે'' દ્વારા આચાર્યદેવ જાણે કે જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા એવું દર્શાવવા માગે છે. ''પરમ વિવિધતામાં વ્યાપીને રહેલું હોવાથી'' શબ્દો દ્વારા જાણે કે જ્ઞાન સર્વગત થયું હોય એવો ભાવ દર્શાવવા

માગે છે. અહીં જ્ઞાન સર્વગત છે એ ભાવને મુખ્ય કરીને કહે છે કે જ્ઞાન અનંત પદાર્થોમાં વિસ્તૃત છે. આમ હોવાથી કોઈ વિષય જાણવામાં બાકી ન રહેવાને કારણે પરમાત્માને દુઃખ નથી.

કેવળજ્ઞાન વિમળ છે. જ્ઞાનમાં આવરણ કરનારા જ્ઞાનાવરણીય કર્મ અને સંશય વિમોહ વગેરે કરનારા મોહનીયયાદિ કર્મો અર્થાત્ ચાર ઘાતિ કર્મોનો પરમાત્માને અભાવ હોવાથી ત્યાં હવે મલિનતા નથી. તેથી કેવળજ્ઞાન વિમળ છે.

ક્ષયોપશમ જ્ઞાનમાં અવગ્રહ-ઈહા વગેરે ક્રમપૂર્વક જાણપણું થતું હતું. જયારે કેવળજ્ઞાન અક્રમે અર્થાત્ યુગપદ એક જ સમયમાં બધું જાણી લે છે.

આમ પાંચ પ્રકારે કેવળજ્ઞાનનું વર્ણન કરીને પરમાત્માને અનંત સુખ છે. એમ સિદ્ધ કર્યું.

## ◆ ગાથા - ૬૦

**જે જ્ઞાન 'કેવળ' તે જ સુખ, પરિણામ પણ વળી તે જ છે;**
**ભાખ્યો ન તેમાં ખેદ જેથી ઘાતિકર્મ વિનષ્ટ છે. ૬૦.**

***જે 'કેવળ' નામનું જ્ઞાન છે તે સુખ છે. પરિણામ પણ તે જ છે. તેને ખેદ કહ્યો નથી (અર્થાત્ કેવળજ્ઞાનમાં સર્વજ્ઞદેવે ખેદ કહ્યો નથી) કારણકે ઘાતિ કર્મો ક્ષય પામ્યા છે.***

૬૦ થી ૬૨ ગાથામાં પરમાત્માને ચાર ઘાતિકર્મોનો અભાવ છે તેની મુખ્યતાનું કથન છે. પરમાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તેની સાથોસાથ અનંત સુખની પણ પ્રાપ્તિ થાય છે. ઘાતિકર્મોનો અભાવ થતાં પરમાત્મદશાની પ્રગટતા થાય છે.

આ ગાથાના મથાળામાં ટીકાકાર આચાર્યદેવે એવી રજૂઆત કરી છે કે કોઈની એવી માન્યતા છે કે પરિણામ ખેદનું - દુઃખનું કારણ છે. તેથી તેનું નિરાકરણ આ ગાથામાં કરવામાં આવ્યું છે. એવી ઊંધી માન્યતાનું કારણ એ છે કે તેને ખરેખર દ્રવ્ય બંધારણ બેઠું નથી. સત્ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્ત જ હોય એ સિદ્ધાંત તેને માન્ય નથી. વળી પરમાત્મા કૃત્યકૃત્ય છે અર્થાત્ તેણે કરવા જેવું બધું કરી લીધં છે. તેનો અર્થ એ કરે છે કે સિદ્ધ દશામાં પર્યાય ન હોય. યુવાન વયે પૈસા કમાય લીધા હોય તો પછી મોટી ઉમરે આરામથી બેઠા બેઠા ભોગવવાનું હોય. ઘરડા થયા પછી વળી કમાવાની ચિંતા શું ? સિદ્ધાંતમાં જીવ સમસ્ત વિભાવનો નાશ કરીને પરમાત્મા થાય પછી સાદિ અનંતકાળ સુધી અનંત સુખને ભોગવે છે. સિદ્ધ દશામાં પછી પરિણામ ન હોય. નવું કરવાપણું ન હોય. માત્ર ભોગવવાનું જ હોય. પરંતુ તેની તે માન્યતા ખોટી છે. આ દૃષ્ટાંત અહીં લાગુ પડતો નથી.

દરેક પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત સત્ લઈને રહેલો છે. ટકીને બદલવું તે વસ્તુનું સ્વરૂપ છે. કારકથી વિચાર કરીએ ત્યારે કર્તા કારક અને સંપ્રદાન કારક ત્યાં જ છે. દ્રવ્ય પોતાના પરિણામને કરીને તેની ભેટ પોતાને જ આપે છે. પોતે કર્તા થઈને પોતાને જ ભોગવે છે. તેમ સિદ્ધ પરમાત્મા દરેક સમયે નવી નવી સિદ્ધ પર્યાયને કરે છે અને તેના ફળ સ્વરૂપે અનંત સુખને ભોગવે છે. માટે સિદ્ધ ભગવાનને પર્યાય ન હોય એવું પણ નથી અને તેને પરિણામ છે માટે દુઃખ છે એમ પણ નથી. પરિણમન વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુનું સ્વરૂપ દુઃખનું કારણ કયારેય બની શકે નહીં.

આ રીતે મૂળભૂત સિદ્ધાંત લક્ષ્યમાં લીધા પછી હવે ટીકાકાર આચાર્યદેવ કઈ રીતે સમજાવે છે તે વિચારીએ. પોતે કેવળજ્ઞાનની બાબતમાં ત્રણ પ્રશ્નો રજૂ કરે છે. ૧) ખેદ શો ? ૨) પરિણામ શા ૩) કેવળજ્ઞાન અને સુખનો વ્યતિરેક (ભેદ) શો. આ પ્રમાણે પ્રશ્ન રજૂ કરીને પોતે જ તે પ્રશ્નના વિસ્તાર સાથે તેનો જવાબ પણ આપે છે. અહીં મુખ્યતા

ખેદની છે તેથી જીવને દુઃખના કારણો કયા છે તેનો આપણી રીતે વિચાર કરીને પછી આચાર્યદેવ એ બધાને કઈ રીતે દર્શાવે છે તે જોઈએ.

જીવને દુઃખના કારણો મોહ-રાગ-દ્વેષ એવા શ્રદ્ધા અને ચારિત્રગુણના વિભાવ પરિણામો છે. અજ્ઞાની જીવને જ્ઞેય જ્ઞાયક સંકર દોષ છે, તેને અલ્પજ્ઞતા છે તથા જ્ઞપ્તિ પરિવર્તન છે. આ બધા જીવને દુઃખના કારણો છે. જ્ઞાની સંકર દોષ કરતો નથી પરંતુ અન્ય બે અલ્પજ્ઞતા તથા જ્ઞપ્તિ વર્તન તેને હોય છે. તે પણ તેને દુઃખના કારણો છે. ટીકાકાર આચાર્યદેવ નીચે મુજબ વર્ણન કરે છે.

## ખેદ શો ?

ખેદના આયતનો (સ્થાનો) ઘાતિ કર્મો છે. પરિણામ માત્રપણું નહીં. અર્થાત્ જીવને પરિણમન દુઃખનું કારણ નથી. ઘાતિકર્મોના ઉદયમાં જોડાઈને જીવ જે વિભાવભાવો કરે છે તે તેને દુઃખનું કારણ છે. જીવના દુઃખમાં ઘાતિ કર્મોનો ઉદય નિમિત્ત છે માટે ઘાતિકર્મોને દુઃખના સ્થાન કહ્યા છે. ઘાતિ કર્મોના ઉદયમાં જોડાવાથી શું થાય છે તે વાત પોતે જ રજૂ કરે છે. પ્રથમ મોહનીય કર્મથી અને તેમાં પણ દર્શન મોહનીય કર્મના ઉદયમાં જોડાવાથી જીવમાં ભાવ મિથ્યાત્વ થાય છે. મિથ્યાત્વના ત્રણ લક્ષણ છે. પરદ્રવ્યમાં આત્મબુદ્ધિ, પરનું કર્તાપણું અને પરનું ભોક્તાપણું માનવું. તેમાં સૌ પ્રથમ પરમાં હુંપણાની વાત કરે છે. ''અતત્માં તત્બુદ્ધિ'' તત્ એ પોતાના સ્વભાવની વાત છે. જે પોતાનો સ્વભાવ છે તે પરનો સ્વભાવ નથી માટે તે અપેક્ષાએ પરદ્રવ્યના સ્વભાવને અતત્ કહેવામાં આવે છે. તે જ પ્રમાણે પરદ્રવ્યનો સ્વભાવ તેના માટે તત્સ્વરૂપ છે અને તે પરના સ્વભાવથી પોતે અતત્ ભાવે રહેલો છે. જ્ઞાની આ સિદ્ધાંત માન્ય કરે છે જ્યારે અજ્ઞાનીને તે સ્વભાવનો સ્વીકાર નથી. તેથી તે શરીરાદિ પરદ્રવ્યમાં હુંપણું અને મારાપણું કરે છે.

પરનું કર્તાપણું અને ભોક્તાપણું માનવાને કારણે તેને ચારિત્રના પરિણામમાં બાહ્ય વિષયોને ભોગવવાની ઈચ્છારૂપ ભાવો થાય છે. તે અનુસાર તેની બાહ્ય વિષયો પ્રતિ પ્રવૃત્તિ થાય છે. અહીં શબ્દો છે. ''આત્માને જ્ઞેય પદાર્થ પ્રતિ પરિણમાવે છે'' તેને જ્ઞેયાર્થ પરિણમન પણ કહેવામાં આવે છે. હવે તેનું ફળ શું આવે છે તે કહે છે. આત્મા દરેક પદાર્થ પ્રતિ પરિણમી પરિણમીને થાકે છે અર્થાત્ દુઃખી થાય છે. આ રીતે મોહનીય કર્મના ઉદયમાં જોડાવાથી મોહ-રાગ-દ્વેષ એવા ભાવો જીવની દશામાં થાય છે તે જીવને દુઃખના કારણો થાય છે.

જ્ઞાનીને મિથ્યાત્વનો અભાવ થાય છે ત્યારે સાથે અનંતાનુબંધી કષાયનો પણ અભાવ થાય છે પરંતુ જે અસ્થિરતાનો રાગ જ્ઞાનીને થાય છે તે પણ તેને દુઃખનું કારણ થાય છે. અહીં ઘાતિકર્મોમાં મુખ્યપણે મોહનીય કર્મને જ દુઃખના કારણરૂપે દર્શાવવામાં આવ્યા છે. પરમાત્માને ઘાતિકર્મો નાશ પામ્યા છે. મિથ્યાત્વના સ્થાને સમ્યગ્દર્શન તથા રાગ-દ્વેષના સ્થાને વીતરાગ દશાની પ્રગટતા થાય છે.

શ્રદ્ધા તથા ચારિત્રના પરિણામનો આ રીતે મુખ્યપણે વિચાર કર્યા બાદ હવે જ્ઞાનની પર્યાય કેવી છે તેનો વિચાર કરીએ. અજ્ઞાની જીવને જ્ઞેય જ્ઞાયક સંકર દોષ હોય છે. અજ્ઞાની જીવ પણ પરથી જાુદો રહીને જ પરને જાણે છે પરંતુ તે અજ્ઞાની હોવાથી તેને સ્વ પરના ભેદજ્ઞાનનો અભાવ છે. જ્ઞાનીને સ્વ-પરનો વિવેક વર્તે છે તેથી તેને જ્ઞેય જ્ઞાયક સંકર દોષનો અભાવ છે.

જ્યાં સુધી પરમાત્મદશા પ્રગટ થતી નથી ત્યાં સુધી અલ્પજ્ઞતા છે. અજ્ઞાની અને જ્ઞાની બન્ને અલ્પજ્ઞ છે. અલ્પજ્ઞતાને મિથ્યાત્વ સાથે સંબંધ નથી પરંતુ રાગ-દ્વેષ સાથે સંબંધ છે. જ્યાં સુધી રાગ-દ્વેષ છે ત્યાં સુધી અલ્પજ્ઞતા છે. જ્યારે બારમાં ગુણસ્થાને

વીતરાગતાની પ્રગટતા થાય છે ત્યારે ૧૩માં ગુણસ્થાને સર્વજ્ઞ દશા પ્રગટે છે. અલ્પજ્ઞ એક સમયે એક વિષયને જાણે છે માટે અન્ય વિષયો ન જણાયાનું દુઃખ તેને છે. અજ્ઞાનીની ભૂમિકા અને જ્ઞાનીની ભૂમિકાની સરખામણી આ પ્રકારે કરી શકાય.

| **અજ્ઞાની** | **જ્ઞાની** |
|---|---|
| મોહ-રાગ-દ્વેષના પરિણામ | અસ્થિરતાના રાગ-દ્વેષ |
| અલ્પજ્ઞતા | અલ્પજ્ઞતા |
| જ્ઞેય જ્ઞાયક સંકર દોષ | સ્વ-પરનું ભેદજ્ઞાન |

## પરિણામ શા ?

પરમાત્માના પરિણામ કેવા હોય છે ? ઉપરોક્ત અજ્ઞાની અને સાધકને જેવા પરિણામ હોય છે તેના કરતા જાત્યાંતરરૂપના પરિણામ હોય છે. અહીં જ્ઞાનની પર્યાય કેવી હોય છે તે વાત લીધી છે. પરમાત્માને અલ્પજ્ઞ પર્યાયના સ્થાને સર્વજ્ઞ પર્યાયની પ્રગટતા થાય છે. શબ્દોમાં પ્રથમ વિશ્વના સમસ્ત પદાર્થોના ત્રણ કાળના અનંત પરિણામોની વાત લીધી છે. વિશ્વના પદાર્થો પરમાત્માના જ્ઞાનના જ્ઞેયો છે. તે દરેક પદાર્થની અનંત પર્યાયો તેને અહીં જ્ઞેયાકારો કહ્યા છે. તે પર્યાય અનેક પ્રકારની વિધવિધતા લઈને રહેલી છે. તે બધાને એકી સાથે એક સમયમાં જાણી લેવાનું કેવળજ્ઞાનનું સામર્થ્ય છે. આ બોલમાં જ્ઞાનની પર્યાયના સામર્થ્યની વાત લેવી છે. તે જ્ઞાનની પર્યાયમાં શું જણાય છે તે આ બોલમાં નથી લેવું. તે વાત ત્રીજા બોલમાં લેશે.

''ચીતરેલી ભીંતની માફક'' આ શબ્દો બે અર્થમાં સમજી શકાય. ભીંત ઉપર ભૂત વર્તમાન અને ભવિષ્ય ત્રણ ચોવીસીના ૭૨ ભગવાન એક સ્થાનમાં ચીતરી શકાય. ત્રણ કાળના પરિણામો વર્તમાનમાં સાથે ન થાય પરંતુ તેને ભીંતમાં સાથે દર્શાવી શકાય. વળી ચીતરેલી ભીંતની સામેની ભીંતમાં અરીસો હોય તો અરીસામાં પણ એવું જ જોવા મળે છે. આ રીતે જ્ઞાનને ચિત્રામણ અને ભીંત સાથે સરખાવીને જ્ઞાન અરીસાની જેમ વિશ્વના સમસ્ત જ્ઞેયાકારોને પોતાની જ્ઞાનની પર્યાય વડે જાણી શકે છે તેમ કહેવા માગે છે. અહીં જ્ઞાનની પર્યાયની જાણવાની શક્તિ દર્શાવવી છે.

પરમાત્માની જ્ઞાનની પર્યાયને સર્વજ્ઞદશા, અતીન્દ્રિય જ્ઞાન, કેવળજ્ઞાન, પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાન, ક્ષાયિક જ્ઞાન વગેરે અનેક નામ આપવામાં આવે છે. તે જ પરમાત્માની પર્યાય છે. અલ્પજ્ઞતા સમયે જે વિષય ન જણાય તેનું દુઃખ હતું. પરમાત્માના જ્ઞાનમાં કાંઈ અજાણ્યું નથી તેથી ત્યાં ઔદિયક અજ્ઞાન નથી. માટે આકુળતા અને ખેદ નથી. જણાવા લાયક બધું જાણી શકવાનો આનંદ છે. જેવો સ્વભાવ છે એવી પર્યાય પ્રગટ કર્યાનું સુખ છે. અલ્પજ્ઞતા દૂર કરીને સર્વજ્ઞતા પ્રગટ થયાનો નિર્ભેળ આનંદ છે. પરમાત્માને દુઃખના કારણ થાય એવા અન્ય પરિણામોનો અભાવ છે માટે પરમાત્માને દુઃખ નથી. સર્વજ્ઞ દશા તો એકાંતે સુખ સ્વરૂપ જ છે.

## કેવળજ્ઞાન અને સુખનો વ્યતિરેક શો ?

હવે કેવળજ્ઞાનનો વિષય કેટલો છે તે કહે છે. પરમાત્માને સર્વજ્ઞદશા પ્રગટી હોવાથી તે સમસ્ત પદાર્થોને જાણે છે. કઈ રીતે જાણે છે ? ''સકળ ત્રિકાલિક લોકાલોક આકારમાં વ્યાપીને'' શબ્દો દ્વારા જ્ઞાનનું સર્વગતપણું દર્શાવવામાં આવ્યું છે. પરમાત્મા વિશ્વથી તદન જુદા રહીને વિશ્વના સમસ્ત પદાર્થોને જાણે છે. જ્ઞેય જ્ઞાયક સંબંધને કારણે જ્ઞાન જાણે કે સર્વ જ્ઞેયોમાં વ્યાપી ગયું હોય, સર્વગત થયું હોય, એવું કામ થઈ જાય છે. અહીં જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે તેમ ન લેતા જ્ઞાન સર્વગત છે એમ કહ્યું. જ્ઞાન જ્ઞેયના આંગણામાં પેસીને જ્ઞેયને જાણે તેવું કામ થાય છે. ''ફૂટસ્થપણે અત્યંત નિષ્ક્રિય રહ્યું છે''

અર્થાત્ કેવળજ્ઞાન સર્વગતરૂપે સદાય એમ જ રહેશે. પરમાત્માને જ્ઞપ્તિ પરિવર્તનનો અભાવ છે એમ કહેવા માગે છે. અલ્પજ્ઞને તો રાગ અનુસાર વિષયની પસંદગી કરીને જ્ઞપ્તિ પરિવર્તન હોય છે. તેથી તેને દુઃખ છે. પરમાત્માને આખું વિશ્વ એકી સાથે જણાય છે. તેથી તેને ઔદયિક અજ્ઞાન નથી માટે આકુળતા નથી. વળી તેને જ્ઞપ્તિ પરિવર્તન નથી માટે આકુળતા નથી. દુઃખ નથી માટે સુખ છે.

આ રીતે પરમાત્માને કેવળજ્ઞાનની સાથે અનંતસુખ છે એમ દર્શાવ્યું છે.

***દર્શનાવરણીય કર્મના અભાવથી અનંતદર્શન***

***જ્ઞાનાવરણીય કર્મના અભાવથી અનંતજ્ઞાન***

***વીર્યાંતરાય કર્મના અભાવથી અનંતવીર્ય***

***મોહનીય કર્મના અભાવથી વીતરાગતા***

***ચારેય ઘાતિકર્મોના અભાવથી અનંત સુખ***

| | |
|---|---|
| મોહ-રાગ-દ્વેષ<br>જ્ઞેયજ્ઞાયક સંકર દોષ<br>અલ્પજ્ઞતા<br>જ્ઞપ્તિ પરિવર્તન | } અજ્ઞાન દશા |
| રાગ-દ્વેષ<br>અલ્પજ્ઞતા<br>જ્ઞપ્તિ પરિવર્તન<br>સમ્યગ્દર્શન | } સાધક દશા |
| વીતરાગતા<br>સર્વજ્ઞતા<br>અનંતસુખ<br>અનંતવીર્ય<br>અનંતદર્શન<br>જ્ઞપ્તિ પરિવર્તનનો અભાવ | } પરમાત્મ દશા |

## ◆ ગાથા - ૬૧

**અર્થાન્તગત છે જ્ઞાન, લોકાલોકવિસ્તૃત દૃષ્ટિ છે;**
**છે નષ્ટ સર્વ અનિષ્ટ ને જે ઈષ્ટ તે સૌ પ્રાપ્ત છે. ૬૧**

***જ્ઞાન પદાર્થોના પારને પામેલું છે અને દર્શન લોકાલોકમાં વિસ્તૃત છે; સર્વ અનિષ્ટ નાશ પામ્યું છે અને જે ઈષ્ટ છે તે સર્વ પ્રાપ્ત થયું છે. (તેથી કેવળ અર્થાત્ કેવળજ્ઞાન સુખ સ્વરૂપ છે)***

આ ગાથામાં ચાર ઘાતિ કર્મોનો અભાવ થતાં અનંત સુખની પ્રગટતા થાય છે તેમ દર્શાવવા માગે છે. આ ગાથામાં સ્વભાવ પ્રતિઘાતને દુઃખના કારણરૂપે સ્પષ્ટ જણાવે છે. જેવું શક્તિરૂપ સામર્થ્ય છે તેવું પ્રગટ ન થાય એ દુઃખનું કારણ છે. સ્વભાવ સર્વજ્ઞ અને પર્યાય અલ્પજ્ઞ કેટલો મોટો તફાવત! પરંતુ આપણને તે દુઃખરૂપે ખ્યાલમાં નથી આવતું. તેથી આચાર્યદેવ એ વાત સ્પષ્ટ કરે છે. એકેન્દ્રિયની સરખામણીમાં સંજ્ઞી પ્રાણીને જ્ઞાનનો ઉઘાડ ઘણો છે. જીવ સંજ્ઞી થાય ત્યારે અન્ય એકેન્દ્રિયાદિ જીવની સાથે પોતાની સરખામણી કરે છે. પોતાને જ્ઞાનનો ઘણો વિકાસ છે એમ માને છે. બાળક મોટું થાય ત્યારે તેના જ્ઞાનનો વિકાસ થાય છે એવો બધાને અનુભવ થાય છે. કોઈને અનેક વિષયોનું ઘણું જ્ઞાન જોવા મળે છે. ત્યાં તેને કેટલું બધું જ્ઞાન છે એવું અધધધ થાય છે. મારું જ્ઞાન અવરાયેલું છે એવું એને કયાંય લાગતું નથી.

તેની સામે સર્વોચ્ચ ક્ષયોપશમ જ્ઞાનના ધણી એવા ગણધરદેવને એમ થાય છે કે કયાં પરમાત્માનું કેવળજ્ઞાન અને કયાં મારું અલ્પજ્ઞાન. અજ્ઞાનીને જ્ઞાનનો ઉઘાડ દેખાય છે પરંતુ આવરણનો ખ્યાલ આવતો નથી. તેથી તેને સાચા અર્થમાં તે સ્વભાવ પ્રતિઘાત દુઃખરૂપે અનુભવમાં આવતું નથી. સ્વભાવ પ્રતિઘાત દુઃખનું કારણ છે એવું આચાર્યદેવ આપણને સમજાવવા માગે છે. તેના તરફ આપણું

ધ્યાન દોરવા માગે છે. જયારે પાત્ર જીવનું તેના તરફ ધ્યાન જશે ત્યારે જ તે પરમાત્મદશા પ્રગટ કરવા માટે પ્રયત્નશીલ થશે.

અજ્ઞાની જીવને ખરેખર જ્ઞાનનો મહિમા જ નથી. તે તો ભોગવવા પ્રધાની હોવાથી જે બાહ્ય વિષય જણાય છે તેને ભોગવવા લાગી જાય છે. ત્યાંથી સુખ મળશે એવી આશામાં સમયે સમયે ઠગાય છે. સુખ મેળવવા જ્ઞપ્તિ પરિવર્તન કરતો જાય છે. જ્ઞાની જે રીતે સ્વભાવ પ્રતિઘાતનું સ્વરૂપ દર્શાવવા માગે છે તે રીતે જયારે પાત્ર જીવના ખ્યાલમાં આવે છે. ત્યારે તેના પરિણામ પલટો ખાય છે. તે સાધક થઈને પરમાત્મપદ પ્રગટ કરે છે ત્યારે તેને સ્વભાવ પ્રતિઘાતનો અભાવ થાય છે. જયાં સુધી મોહ રાગ-દ્વેષ વિદ્યમાન છે, વીતરાગતા થઈ નથી ત્યાં સુધી સર્વજ્ઞતા પ્રગટતી નથી. અલ્પજ્ઞતા-જ્ઞપ્તિ પરિવર્તન અને રાગ-દ્વેષ એકબીજા સાથે સંબંધથી જોડાયેલા છે. વીતરાગતા થતા તુરત જ સર્વજ્ઞતા પ્રગટે છે. ચારિત્રમાં ક્રમપૂર્વક લીનતા-શુદ્ધતા-વધતી જાય છે. જયારે જ્ઞાનમાં ક્રમિક વિકાસ નથી. આગલા સમયે અલ્પજ્ઞતા અને બીજા સમયે સર્વજ્ઞતા.

સ્વભાવ પ્રતિઘાતનું કારણ સ્વભાવનો અનાદર છે. પ્રતિઘાતમાં નિમિત્ત કારણ જ્ઞાનાવરણીય કર્મ છે.

દર્શનાવરણીય કર્મનો અભાવ થતાં અનંત દર્શનની પ્રગટતા થાય છે. તેને અહીં ''લોકાલોક વિસ્તૃત દૃષ્ટિ'' શબ્દો દ્વારા દર્શાવવામાં આવ્યું છે.

## અનંત વીર્ય

પાત્ર જીવને શું કરવા જેવું છે અને શું છોડવા જેવું છે તેનો ખ્યાલ આવી જાય છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છોડવાલાયક છે અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર પ્રગટ કરવા લાયક છે. આવો ખ્યાલ મુમુક્ષુઓને આવતો હોવા છતાં તે માટે જરૂરી પુરુષાર્થ સમ્યક્ પુરુષાર્થ ન કરે ત્યાં સુધી અજ્ઞાન દૂર થાય નહીં અને સાધક દશા આવે નહીં.

જ્ઞાની થાય ત્યારે તેને ''તે મુક્ત જ છે'' એમ કહી દેવામાં આવે છે. પરંતુ સાધકને એ વાતનો સતત ખ્યાલ છે કે મારે કેટલું કામ કરવાનું બાકી છે. ભાવ અનુસાર શબ્દોની પણ રચના તેને અનુરૂપ થાય છે. સમ્યગ્દર્શનની પ્રગટતા થાય ત્યારે તેને અવિરત સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવ્યો. અવિરત એવું વિશેષણ તેને સતત જાગૃતિ કરાવે છે કે મારે વ્રત-નિયમ વગેરે લેવાના બાકી છે. પાચમું ગુણસ્થાન દેશવિરતિ છે. તે દર્શાવે છે કે મારે મહાવ્રત લેવાના બાકી છે. મુનિદશા આવે ત્યારે છઠ્ઠું ગુણસ્થાન પ્રમત ગુણસ્થાન નામ પામ્યું. આ રીતે સાધકને સતતપણે એ ખ્યાલ રહ્યા જ કરે છે કે મારે દરેક સમયે અનંત પુરુષાર્થ કરીને પરમાત્મદશા પ્રગટ કરવાની છે. સમ્યગ્દર્શનમાં જ અનંત પુરુષાર્થ જોઈએ છે. ત્યારબાદ દરેક ગુણસ્થાનમાં આગળ વધવા માટે તેને અનંત પુરુષાર્થ જરૂરી છે. એકવાર સમ્યક્ પુરુષાર્થ થયો પછી તો તેને માર્ગ પ્રાપ્ત થયો છે. આગળ વધવાની રીત આવડી ગઈ છે. તેથી તે મૂંઝવણ વિના આગળ વધી શકે છે. જયાં સુધી સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી જે મૂંઝવણ હતી. તે મૂંઝવણમાંથી તેણે માર્ગ કાઢી લીધો છે. અરૂપી આત્માને અરૂપીપણે - તેના સંપૂર્ણ શક્તિરૂપ સામર્થ્યરૂપે પોતાના જ્ઞાન-શ્રદ્ધાનમાં લઈ લીધો છે. સ્વરૂપ લીનતા જે વિધિથી થઈ શકે છે તે જ પ્રકારે સાધક આગળ કામ કરે છે. અસંકુચિત વિકાસત્વ શક્તિના કારણે તે ઝડપથી પણ પુરુષાર્થ પૂર્વક આગળ વધે છે. મારામાં વીર્ય શક્તિ છે. સ્વરૂપની રચનાનું સામર્થ્ય છે એવો ખ્યાલ તેને આવી ગયો છે તેથી તેના જોરમાં તે પુરુષાર્થ વધારીને પરમાત્મદશા પ્રગટ કરે છે.

પરમાત્મા થાય ત્યારે નાશ કરવા યોગ્ય બધા કારણોનો તેણે નાશ કરી નાખ્યો છે. અને પ્રગટ કરવા જેવા અનંત ચતુષ્ટય તેણે પ્રાપ્ત કરી લીધા છે અર્થાત્ પોતાનામાં અનંત વીર્યની પ્રગટતા કરી લીધી છે.

સ્વરૂપની રચનામાં અડચણરૂપ - નિમિત્તરૂપ- અંતરાય કર્મ છે. તે ઘાતિકર્મ છે. પરમાત્માને તે ઘાતિ કર્મનો અભાવ છે. આ રીતે ૧૨મા ગુણસ્થાને મોહનીય કર્મનો ક્ષય થાય છે અને ૧૩મા ગુણસ્થાને બાકીના ત્રણ દ્રવ્યકર્મો- દર્શનાવરણીય, જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મનો નાશ થાય છે. આ રીતે ચાર ઘાતિકર્મોનો અભાવ કરીને જીવ પોતાના પરિણામમાં અનંત ચતુષ્ટયની પ્રગટતા કરી લે છે. ત્યાં તેને હવે નિર્ભેળ સુખની પ્રાપ્તિ છે.

### ◆ ગાથા - ૬૨

**સુણી 'ઘાતિકર્મ વિહીનનું સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે.',**
**શ્રદ્ધે ન તેહ અભવ્ય છે, ને ભવ્ય તે સંમત કરે. ૬૨**

***''જેમના ઘાતિકર્મો નાશ પામ્યા છે તેમનું સુખ (સર્વ) સુખોમાં પરમ અર્થાત્ ઉત્કૃષ્ટ છે'' એવું વચન સાંભળીને જેઓ તેને શ્રદ્ધતા નથી તેઓ અભવ્ય છે; અને ભવ્યો તેનો સ્વીકાર (આદર, શ્રદ્ધા) કરે છે.***

આ ગાથામાં સુંદર ભાવ ભર્યા છે. માત્ર જાણવાના વિષયરૂપે નહીં પરંતુ પોતાને તે પ્રકારનું ભાવભાસન થાય છે કે નહીં તેની મુખ્યતા રાખીને આ ગાથાનો અભ્યાસ કરવા જેવો છે. ''પરમાત્માનું સુખ ઉત્કૃષ્ટ છે'' આ વાક્ય સાદુ લાગે છે પરંતુ તેમાં ગંભીર ભાવ ભર્યા છે. આ સાદુ સત્ય સ્વીકારવામાં ઘણી જ જવાબદારી છે. મુખ્ય જવાબદારી એનો નિર્ણય કરવાની છે. ઈન્દ્રિય સુખ અને અતીન્દ્રિય સુખ વચ્ચેનો તફાવત આપણા ખ્યાલમાં આવવો જોઈએ.

ચાર ઘાતિકર્મોનો અભાવ થતાં અનંત સુખની પ્રગટતા થાય છે તે સુખ સહજ સ્વાભાવિક-સ્વાધીન સુખ છે. જીવ એકલો પોતાની મેળે સુખી થાય એ વાત આપણે સહજરૂપે માન્ય નથી કરતાં. જાણવાનું કાર્ય જીવ કરે છે એમ નક્કી થયા બાદ પણ ઈન્દ્રિયના સાધનથી જાણપણું થાય છે તેમ સુખમાં પણ ઈન્દ્રિયોને સાધન માનવામા આવી છે. આપણને અનાદિકાળથી એવા ઈન્દ્રિય સુખ-દુ:ખનો જ અનુભવ છે. પરમાત્માને અનંત સુખ પ્રગટયું છે તે કહીએ ખરા પરંતુ તેને કેવા પ્રકારનું સુખ છે તેની કલ્પના પણ આપણે કરી શકતા નથી. શરીરમાં સુખ દુ:ખનો આપણને અનુભવ છે. શરીરને ધરીમાં રાખીને સંયોગોમાં સુખ દુ:ખનો આપણને અનુભવ છે. પરંતુ શરીર અને સંયોગો સાથે સર્વથા સંબંધ વિનાના એકલા આત્મોપન્ન સુખનો આપણને અનુભવ નથી. ઈન્દ્રિય પ્રત્યક્ષમાં તો આપણે વર્તમાનમાં જેટલા વિષયો સાથે ઈન્દ્રિયોનો સન્નિકર્ષ થાય છે તે પ્રમાણે જ ઈન્દ્રિય સુખનો અનુભવ કરીએ છીએ. જે વિષયો વર્તમાનમાં ઈન્દ્રિય પ્રત્યક્ષ નથી પરંતુ ભૂતકાળમાં જે વિષયો એ રીતે ઈન્દ્રિય સુખરૂપે અનુભવમાં આવ્યા હોય એવા અનેક વિષયોને મનના સંગે અનુમાન જ્ઞાનમાં લઈને એ રીતે પણ આપણે સુખનો અનુભવ કરીએ છીએ. તદ્ઉપરાંત વર્તમાનમાં સ્વર્ગના દેવને કેવા પ્રકારનું સુખ હોય તેની કલ્પના કરીને પણ એ રીતે સુખનો અનુભવ મનના સંગે કરી શકીએ છીએ. આ જીવ અનેકવાર સ્વર્ગના સુખ અને નરકના દુ:ખ ભોગવી આવ્યો છે માટે તે બધું તેનું પરિચિત છે. ભલે વર્તમાનમાં તે યાદ ન હોય પરંતુ એકવાર અનુભવમાંથી પસાર થયેલું છે. જયારે પરમાત્માના સુખનો તો કયારેય પરિચય નથી. તેથી પરમાત્માને કેવું સુખ હોય તેની કલ્પના પણ જયાં નથી ત્યાં તે સુખ ઉત્કૃષ્ટ છે એવો નિર્ણય કઈ રીતે શક્ય બને ?

આ ગાથામાં કહે છે કે પરમાત્માનું સુખ ઉત્કૃષ્ટ છે એ વચન ભવ્ય જીવ માન્ય કરે છે અને અભવ્ય માન્ય નથી કરતો. અહીં જ્ઞાની અને અજ્ઞાની એવા ભેદ પાડીને વાત નથી કરી. જ્ઞાનીને નિર્વિકલ્પ અનુભૂતિ સમયે પૂર્વે અનુભવેલા ઈન્દ્રિય સુખ કરતાં જાત્યાંતરરૂપના સુખનો અનુભવ છે. તે અતીન્દ્રિય સુખ અને પરમાત્માના અનંત સુખની જાત એક જ છે. તે બન્ને ઈન્દ્રિય સુખથી વિલક્ષણ છે. તેથી જ્ઞાની પોતાના જાત અનુભવપૂર્વક આ વાત માન્ય કરે છે. આ ગાથામાં તો જે એ વાત માન્ય નથી કરતા તે અભવ્ય છે તેમ કહ્યું છે. અભવ્ય જીવ તો કયારેય આ વાત સ્વીકારવાના નથી. જે ભવ્ય જીવ છે પરંતુ જેને આ વાત વર્તમાનમાં રુચતી નથી તેને દૂરભવી કહેવામાં આવે છે. તે ''વર્તમાનથી વિચારતા'' અભવ્ય જેવા જ છે.

હવે જે નિર્ણય કરવાનો છે તે કઈ રીતે થાય તે સમજવાનો પ્રયત્ન કરીએ. જે ઈન્દ્રિય સુખનો આપણને અનુભવ અનાદિનો છે તેની સૌ પ્રથમ સ્પષ્ટતા કરી લઈએ. અજ્ઞાની માને છે કે તેને બાહ્ય વિષયો ભોગવતા સુખ થાય છે. પરંતુ તે માન્યતા ખોટી છે. આ પહેલાની ગાથાઓના અભ્યાસથી આપણને ખ્યાલ છે કે જેને બાહ્ય વિષયને ભોગવવાની ઈચ્છા છે તે જીવને તે સમયે ઈન્દ્રિય દુઃખ છે. બાહ્ય વિષય પ્રાપ્ત થતાં તે વિષય સંબંધની ઈચ્છા અટકી તે તેને સુખનું કારણ છે. માટે ઈન્દ્રિય સુખ દુઃખને જીવની ઈચ્છા સાથે સંબંધ છે. આ સિદ્ધાંત કાયમ રાખીને હવે જે ઈન્દ્રિય સુખનો અનુભવ છે તેનો બીજી રીતે વિચાર કરીએ જ્ઞાનીઓ તેને સુખાભાસ કહે છે.

## સુખાભાસ

જે સુખ છે તે સુખાભાસ કઈ રીતે છે તે આપણા ખ્યાલમાં આવવું જરૂરી છે. જ્ઞાનીઓ તેને સુખાભાસ કહે માટે આપણે પણ તેને સુખાભાસ માની લઈને એ યોગ્ય નથી. તે સુખ ન હતું ત્યાં માત્ર સુખનો આભાસ હતો એવું આપણને પણ લાગવું જોઈએ. તેથી ફરીને આખા ક્રમનો વિચાર કરીએ.

૧) બાહ્ય વિષય વિદ્યમાન નથી ત્યારે તેની ઈચ્છા થાય છે તે ઈચ્છા ઈન્દ્રિય દુઃખરૂપે વેદાય છે.

૨) બાહ્ય ઈચ્છિત વિષયની પ્રાપ્તિ થતાં તે સંબંધીની ઈચ્છા અટકે છે જે ઈન્દ્રિય સુખરૂપે અનુભવાય છે.

૩) એ સમયે તે વિષયને તે જીવ ખરેખર ભોગવે છેય (અભિપ્રાયમાં) એને બાહ્ય વિષયમાંથી મને ઈન્દ્રિય સુખ મળ્યુ એવું માને છે પરંતુ તે માન્યતા પણ ગલત છે. તેને વિષયના ભોગવટાનું સુખ નથી મળ્યું પરંતુ ઈચ્છા અટકી તે સુખરૂપે અનુભવાયું હતું.

૪) જ્ઞેય જ્ઞાયક સંબંધના કારણે બાહ્ય વિષય પોતાના જ્ઞાનમાં જ્ઞેયાકારરૂપે જણાય છે અને જીવ પોતાની તે જ્ઞેયાકાર જ્ઞાનની અવસ્થાને ભોગવે છે. તે સમયે સ્વ-પરનું ભિન્નપણું જ છે પરંતુ તેને ભાન નથી તેથી બાહ્ય વિષયને ભોગવું છું એવું માને છે.

હવે સુખાભાસ કઈ રીતે છે તેનો નિર્ણય કરીએ.

૫) જીવ જ્ઞપ્તિ પરિવર્તન કરે છે. જે વિષયને ભોગવતા સુખનો અનુભવ તેને થયો તે વિષયને તે શા માટે છોડે છે તેટલો ભાગ આપણે વિચારમાં લેવો છે. તેનો સાચો જવાબ મેળવવા માટે આપણે પ્રયત્ન કરવો રહ્યો.

૬) જ્ઞપ્તિ પરિવર્તનનું કારણ અન્ય વિષયની રુચિ છે. ત્યારે વર્તમાન વિષયની રુચિ શા માટે ઓછી થઈ એ વાત ઉપર વજન આપવું જરૂરી છે.

૭) વિશેષ સુખ મેળવવા માટે નવા વિષયોમાં ઉપયોગ જાય છે તે જવાબ સાચો નથી.

૮) પોતાને વર્તમાન વિષયમાંથી સુખ મળતું નથી માટે ઉપયોગ છટકે છે તે જવાબ સાચો છે. તેની સ્પષ્ટતા એકવાર હઠ કરીને ઉપયોગ વર્તમાન વિષયમાં જ ટકાવવા માટે પ્રયત્ન કરો. ત્યાં ઉપયોગ ટકશે નહીં. પરંતુ પરાણે ટકાવશો તો માત્ર આકુળતાનો જ અનુભવ થશે. ત્યારે સાચો ખ્યાલ આવશે કે જયાં સુખ માન્યું હતું ત્યાં સુખ ન હતું. ત્યાં આભાસમાત્ર સુખ હતું. **દૃષ્ટાંત :** માખી ફટકડી ઉપર બેસે છે ત્યારે ફટ કરતી ત્યાંથી ઉડી જાય છે. માખી સાકર ઉપર બેસે છે ત્યારે ત્યાં ચોંટી રહે છે.

૯) ઉપયોગ એક જ વિષયમાં લાગી રહે છે તેથી પહેલાની જેમ જ ત્યાં જ્ઞેય જ્ઞાયક સંબંધ છે પરંતુ હવે તેને ત્યાં કંટાળો આવે છે માટે નક્કી થાય છે કે બાહ્ય વિષય સાથે જ્ઞેય જ્ઞાયક સંબંધ માત્ર સુખનું કારણ નથી.

૧૦) જે બાહ્ય વિષય પહેલા સુખરૂપે અનુભવમાં આવ્યો હતો તે હવે દુઃખરૂપે આકુળતારૂપે અનુભવમાં આવે છે તેથી નક્કી થાય છે તે ત્યાં સુખ ન હતું માત્ર આભાસરૂપ સુખ હતું. અર્થાત્ સુખાભાસ હતો.

૧૧) આ પ્રકારના પ્રયોગો વારંવાર કરવાથી જે ઈન્દ્રિય સુખ છે તે પરમાર્થે સુખાભાસ જ છે. એવો નિર્ણય થતો જાય છે. આથી બાહ્યમાંથી સુખ પ્રાપ્ત થાય છે એવી ઊંધી માન્યતા મંદ થતી જાય છે. અર્થાત્ અજ્ઞાની જીવ જે પ્રકારે ઈન્દ્રિય સુખ દ્વારા દરેક સમયે પોતાના મિથ્યાત્વને દૃઢ કરે છે તેને બદલે સુખાભાસનું વેદન પોતે વારંવાર કરે તો મિથ્યાત્વ મંદ થતું જાય છે.

## પરમાત્માનું સુખ

પરમાત્માને ચાર ઘાતિકર્મોનો અભાવ છે માટે તેને પારમાર્થિક અર્થાત્ સાચુ સુખ છે. સ્વભાવ પ્રતિઘાતનો અભાવ એ સુખનું કારણ છે. અને અનુકુળતા એ સુખનું લક્ષણ છે. જેવો પોતાનો સ્વભાવ છે એવી દશા પ્રગટ ન થાય તેને સ્વભાવ પ્રતિઘાત કહેવામાં આવે છે. તેમાં નિમિત્ત ઘાતિકર્મો છે. જીવ જયારે અનંતજ્ઞાન વગેરે સંપૂર્ણ શુદ્ધ પર્યાયની પ્રગટતા કરે છે ત્યારે ઘાતિકર્મોનો ક્ષય થાય છે. સ્વભાવ પ્રતિઘાત એ દુઃખરૂપ છે. જયારે સંપૂર્ણ શુદ્ધ પર્યાય એ સુખરૂપ છે.

અજ્ઞાની જીવ અનાદિકાળથી અનેક પ્રકારના દુઃખોને ભોગવે છે. કયારેક ઈન્દ્રિય સુખ અને કયારેક દુઃખ પરંતુ એ બધા પરલક્ષી ભાવોના ફળ છે. તેને ઈચ્છા અને સંયોગો સાથે સંબંધ છે. સુખનું અસ્તિરૂપ વર્ણન કરવામાં મુશ્કેલી છે. જેમ નિરોગતાનું વર્ણન કરવાનું કહે ત્યારે ત્યાં રોગનો અભાવ છે એમ જ વાત આવે છે. તેમ પરમાત્માનું સુખ કેવું એવો પ્રશ્ન આવે ત્યારે સંસારી જીવો ચાર ગતિના પરિભ્રમણમાં જે પ્રકારના દુઃખોનો અનુભવ કરે છે તે પ્રકારના એકપણ જાતના દુઃખો પરમાત્માને કયારેય ન હોય તેથી તે સુખી છે. ઈન્દ્રિય સુખ પછી ફરીને ઈન્દ્રિય દુઃખ આવે છે માટે ઈન્દ્રિય સુખને સાચા અર્થમાં સુખ ગણવામાં આવતું નથી. પરમાત્માને અનંત સુખ જ છે તેને દુઃખ છે જ નહીં અને ભવિષ્યમાં પણ કયારેય દુઃખ આવશે નહીં.

## ભવ્ય - અભવ્ય

હવે કહે છે કે ભવ્ય જીવ છે તે આ વાતનો સ્વીકાર કરશે અને અભવ્ય નહીં કરે. અહીં સ્વીકાર કરવો એટલે બહીર્લક્ષી જ્ઞાનમાં હા પાડવી એટલું પર્યાપ્ત નથી. પરમાત્મા સુખી છે એટલે કે તે સિવાયના અન્ય સંસારી જીવો દુઃખી જ છે અર્થાત્

હું દુઃખી જ છું એમ ખ્યાલમાં આવવું જોઈએ. પોતે પોતાની ભૂલને કારણે દુઃખી છે તેવું ભાવભાસન થવું જોઈએ. જેને ઈન્દ્રિય સુખ કહેવામાં આવે છે તે પણ દુઃખરૂપે જ અનુભવમાં આવવું જોઈએ. તે દુઃખના કારણોને છોડીને સુખના કારણો પ્રગટ કરવાની પહેલ કરવી જોઈએ. સમ્યગ્દર્શન એ ધર્મની શરૂઆત છે. તેથી પરમાત્માનું સુખ એજ સાચું સુખ છે તેનો નિર્ણય સમ્યગ્દૃષ્ટિ જ કરે છે. તે જ તેની ભવ્યતાની પ્રગટતા કરે છે. જે વર્તમાનમાં આ વાતનો સ્વીકાર નથી કરતા એ દુરભવિ છે અને જે કોરડુમઠ જેવા છે. જે કયારેય આ વાતનો સ્વીકાર કરવાના નથી તે અભવ્ય છે. તેને સંયોગના સુખ અને સ્વાધીન સુખ વચ્ચેનો તફાવત કયારેય લક્ષમાં આવવાનો નથી. તે કયારેય સ્વભાવનો આશ્રય લઈને પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરવાના નથી.

### ◆ ગાથા - ૬૩

**સુર-અસુર-નરપતિ પીડિત વર્તે સહજ ઈંદ્રિયો વડે,**
**નવ સહી શકે તે દુઃખ તેથી રમ્ય વિષયોમાં રમે. ૬૩**

***મનુષ્યેંદ્રો અસુરેન્દ્રો અને સુરેન્દ્રો સ્વાભાવિક (અર્થાત્ પરોક્ષ જ્ઞાનવાળાઓને જે સ્વાભાવિક છે એવી) ઈન્દ્રિયો વડે પીડિત વર્તતા થકા તે દુઃખ નહિ સહી શકવાથી રમ્ય વિષયોમાં રમે છે.***

પરમાત્માના સુખની વાત કર્યા બાદ હવે ફરી આચાર્યદેવ અજ્ઞાનીની શી સ્થિતિ છે તે વાત કરે છે. અજ્ઞાનીને અજ્ઞાનની ભૂમિકા અનાદિના સંસ્કારના કારણે સહજ છે. દર્શન મોહનીય કર્મના ઉદયમાં જોડાવાથી જીવમાં અનાદિથી ધારાપ્રવાહરૂપ ભાવ મિથ્યાત્વ પ્રવર્તે છે. ત્યાં તેને એવો અભિપ્રાય છે કે હું પરદ્રવ્યને ભોગવી શકું છું અને તેને ભોગવતા મને સુખ થાય છે. અજ્ઞાનીની એવી માન્યતાને કારણે સુખની ઈચ્છાને વશ તે અનેક પ્રકારના બાહ્ય વિષયોને ભોગવવા માટે પ્રયત્નશીલ છે. બાહ્ય વિષયો સુધી પહોંચવા માટે ઈન્દ્રિયો તેને સાધનરૂપ છે.

આ ગાથામાં આચાર્યદેવ અજ્ઞાની જીવને લોખંડના તપેલા ગોળા સાથે સરખાવે છે અને તે જીવ રોગી છે એમ સમજાવે છે. આ રીતે બે વાત સાથે કરે છે પરંતુ અજ્ઞાનની ભૂમિકા સમજવા માટે આપણે બે વાત અલગ લક્ષમાં લેશું.

### દૃષ્ટાંત

લોખંડનો ગોળો સ્વયં ઉષ્ણ નથી તેને પાણીની જરૂર નથી. અગ્નિના સંગમાં તે ઉષ્ણ થાય છે. ઉષ્ણ ગોળા ઉપર પાણી નાખવામાં આવે ત્યારે પાણીની વરાળ થઈને ઉડી જાય છે પરંતુ અહીં તે લોખંડનો ઉષ્ણ ગોળો પાણીને શોષી લે છે એમ દર્શાવવું છે. તેથી તેને પાણીની તૃષ્ણા છે એવા શબ્દો વાપરવામાં આવ્યા છે. દૃષ્ટાંતને અનુરૂપ સિદ્ધાંત સમજવા માટે દૃષ્ટાંતને અહીં જ અટકાવીને તેનો સિદ્ધાંત સાથે કેવો મેળ છે તે વિચારીએ.

| **અગ્નિ** | **લોખંડનો ઉષ્ણ ગોળો** | **પાણીની તૃષ્ણા** |
|---|---|---|
| દર્શન મોહનીય કર્મ | અજ્ઞાની જીવનું ભાવ મિથ્યાત્વ બાહ્ય વિષયને ભોગવતા સુખ થાય છે એવો અભિપ્રાય. | બાહ્ય વિષયોને ઈન્દ્રિયોના માધ્યમ વડે ભોગવવાની ઈચ્છા (ચારિત્રના પરિણામ) |

દર્શન મોહનીય કર્મ અને ભાવ મિથ્યાત્વને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે જેમ અગ્નિને અને લોખંડના ગોળાને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. લોખંડના ઉષ્ણ ગોળાને પાણીની તૃષા છે. અહીં ખરેખર તો તે ગોળાને ઠંડા થવા માટે પાણીની ઉપયોગિતા છે. પરંતુ શરૂઆતમાં પાણી વરાળ થઈને ઉડી જાય છે અને લોખંડને ઠંડુ કરતું જાય છે. તેને અહીં લોખંડ પાણીને શોષી લે છે. એ રીતે સમજાવવામાં આવ્યું છે. સિદ્ધાંતમાં અજ્ઞાની જીવને

મિથ્યાત્વના કારણે ભોગવવાની ઈચ્છા સહજપણે વર્તે છે. બસ આટલે સુધી જ આ દૃષ્ટાંત લક્ષમાં લેવો. દૃષ્ટાંત લંબાવવા જશું તો સિદ્ધાંત ખોટો પડશે.

ઉષ્ણ લોખંડનો ગોળો તો પોતે ઠંડો થવા માટે પાણીને ઈચ્છે છે અર્થાત્ તેના ઉપર પાણી પડશે તો તે ઠંડો થશે. સિદ્ધાંત એમ નથી. અજ્ઞાની જીવ મિથ્યાત્વને કારણે બાહ્ય વિષયોને ભોગવવા માગે છે. પરંતુ ત્યાં બાહ્ય વિષયનો ભોગવટો મિથ્યાત્વ દૂર થવાનો ઉપાય નથી. તે ખોટો ઈલાજ છે. તેનાથી મિથ્યાત્વ વિશેષ દૃઢ થાય છે તો મિથ્યાત્વ દૂર કરવાનો સાચો ઉપાય શો તે આપણે વિચારીએ.

બે પદાર્થો ભિન્ન હોવા છતાં તેમને એક માનીને પરદ્રવ્યને ભોગવતા સુખ થાય છે એમ માનવું તે મિથ્યાત્વ છે. માટે બે પદાર્થોનું અત્યંત જુદાપણું પોતાના જ્ઞાન શ્રદ્ધાનમાં લેવાથી જ મિથ્યાત્વ ઉત્પન્ન ન થાય તેને મિથ્યાત્વનો નાશ થયો એમ ગણવામાં આવે છે. આટલી વાત આ દૃષ્ટાંતમાં અનુસંધાનમાં વિચારવી યોગ્ય છે.

અજ્ઞાનીની દશા તપેલા લોખંડના ગોળા જેવી છે અર્થાત્ તે સ્વાભાવિક દશા નથી પરંતુ વિભાવરૂપ નૈમિત્તિક દશા છે. પરંતુ અજ્ઞાની અનાદિકાળથી એ રીતે જ રહ્યો છે તેથી તેને માટે એ સ્વાભાવિક અવસ્થા જ થઈ ગઈ છે. દૃષ્ટાંતઃ વીરમગામમાં જન્મેલા અને મોટા થયેલા માણસે ભાંભળા પાણીનો જ સ્વાદ લીધો છે તેને પાણીના મીઠા સ્વાદનો અનુભવ કયારેય થયો જ નથી. આ રીતે અજ્ઞાની જીવને અનાદિથી બાહ્ય વિષયોને ભોગવવાની ઈચ્છા સહજપણે વર્તે છે. અજ્ઞાનીની માન્યતા જ ભૂલ ભરેલી છે અર્થાત્ બાહ્ય વિષયો ભોગવી શકાતા જ નથી અને બાહ્ય વિષયોમાંથી સુખ આવતું જ નથી. જયાં માન્યતા જ ખોટી છે ત્યાં તેને અનુસાર થતી પ્રવૃતિ સાચી કેવી રીતે હોય. તેમ છતાં બધાના અનુભવમાં આવે છે કે પોતે અનેક પ્રકારની ઈચ્છા કરે છે. ઈચ્છિત વિષયને મેળવવા માટે પ્રયત્ન કરે છે. બાહ્ય વિષયો પ્રાપ્ત થાય છે. પોતે તે વિષયોને ભોગવીને સુખનો અનુભવ કરે છે. પોતાને આ પ્રકારનો અનુભવ અનાદિકાળથી થાય છે માટે તે પોતાની ઊંધી માન્યતાને પુષ્ટ કરે છે અર્થાત્ તેનું મિથ્યાત્વ દરેક સમયે દૃઢ થતું જાય છે.

હું સુખી છું. મારી પાસે અનેક પ્રકારના સુખના સાધનો છે અને તેને ભોગવતા મને સુખનો અનુભવ થાય છે માટે પોતે સાચે માર્ગે છે એવું તેને લાગે છે. પોતાના જીવન વ્યવહારમાં કોઈ ફેરફાર કરવાની તેને જરૂરત લાગતી નથી.

હવે એજ વાસ્તવિકતાને જ્ઞાની કઈ રીતે ખતવે છે તે વિચારીએ. જ્ઞાની થવા માગે તેણે પણ તે જ પ્રકારે વિચારીવું યોગ્ય છે. મિથ્યાત્વ એ જીવનો રોગ છે. તે અનુસાર ઈચ્છા કરવી તે રોગને મટાડવાનો ખોટો ઈલાજ છે. અજ્ઞાની જીવ દુઃખી હોવા છતાં પોતાને સુખી માને છે. જેને તે સુખ પ્રાપ્તિની પ્રવૃત્તિ માને છે તે ખરેખર રોગને મટાડવાને ખોટો ઈલાજ છે. ઉષ્ણ લોખંડનો ગોળો અને પાણીની તૃષ્ણા ત્યાં તો તે સાચો ઈલાજ હતો અહીં સિદ્ધાંતમાં તો વિષયને ભોગવવાની ઈચ્છા અને તે અનુસાર પ્રવૃત્તિ તે ખોટો ઈલાજ છે. આપણે જોયું કે તેનાથી તો મિથ્યાત્વ વધુ દૃઢ થાય છે.

આ ગાથા વાંચ્યા પછી આપણે વિચારવાનું છે કે આપણે જે કાંઈ કરીએ છીએ તે સુખી થવા માટે કરીએ છીએ અને આપણાને સુખનો અનુભવ પણ થાય છે તો પછી આપણી ક્યાં ભૂલ થાય છે કે જેથી જ્ઞાનીને અન્ય રીતે વિચારવાની જરૂર પડે છે.

અનાદિ અજ્ઞાન દશાને પોતાની સ્વાભાવિકતા માનવી એ પ્રથમ ભૂલ છે. જેને પોતાના સ્વભાવનો ખ્યાલ નથી, જેને દરેક પદાર્થના ભિન્ન અસ્તિત્વનો સ્વીકાર નથી તે જ્ઞાનમાં જ્ઞેય જ્ઞાયક સંકરદોષ અને શ્રદ્ધાનમાં શરીરાદિમાં હુંપણું, મારાપણું અને હિતબુદ્ધિ માને છે. દૃષ્ટાંતઃ જેમ પ્રથમ ઘડો ઊંધો

મૂકવામાં આવે તો તેના ઉપર બધા ઘડા ઊંધા જ ગોઠવાય. તેના ઉપર એક પણ સીધો ઘડો ન ગોઠવાય. એમ અજ્ઞાની જીવમાં માત્ર મિથ્યાત્વ જ નથી ત્યાં બધા ગુણમાં એવી વિપરીત દશા જ થાય. આ રીતે અજ્ઞાનીનું બધું ખોટું છે. જેમ સ્વપ્ન ચાલતું હોય ત્યારે બધું સાચુ જ લાગે. પરંતુ જાગે ત્યારે ખ્યાલ આવે કે તે બધુ ખોટું હતું. તેમ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી તે બધું સાચુ જ લાગે છે. તે જ્ઞાની થાય ત્યારે જ તેને ખ્યાલ આવે કે તે બધું ખોટું હતું. અહીં એક વાત ખ્યાલમાં રહે કે મુખ્ય જવાબદારી જીવની છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર-સુખ-પુરુષાર્થ વગેરે ગુણોના પરિણામમાં જે ભૂલ જોવા મળે છે તેની પાછળ મુખ્ય જવાબદાર તો જીવ પોતે જ છે.

આપણામાં કહેવત છે કે ***''રાજાને ગમે તે રાણી - ભલે છાણા વીણતી આણી''*** એમ જીવ પોતે અજ્ઞાન દશામાં દુઃખી હોવા છતાં પોતાને સુખી માને. ઈન્દ્રિય સુખ પરમાર્થે દુઃખ હોવા છતાં અજ્ઞાનીને તે સુખરૂપે લાગે છે. તેથી તે તેને છોડતો નથી.

ચા-બીડી કે નશીલા પદાર્થોમાં એવું તત્ત્વ છે કે એકવાર તેની ટેવ પડે ત્યારે તેના વિના ચેન ન પડે. અજ્ઞાનીને કોઈ એવી ટેવ પડી છે કે તે તેના વિના રહી શકતો નથી. વળી શરીરની એવી રચના છે કે તેના સ્વયં સંચાલન માટે પણ સુખ-દુઃખનો ભાવ જોડાયેલો છે. શરીરની અંદરની રચના વ્યવસ્થિત ચાલે તે માટેનું ચેતાતંત્ર એવું ગોઠવાયેલું છે કે જીવને માત્ર શરીરથી જ (અર્થાત્ બાહ્યના સંયોગો વિના પણ) સુખ દુઃખનો અનુભવ થાય. એ અનુભવ એવો છે કે જીવ તેમાં જોડાય જાય છે. આ બધી રીતે વિચારતા ખ્યાલ આવે છે કે વસ્તુનું યથાર્થ સ્વરૂપ બહિર્લક્ષી જ્ઞાનમાં લીધા બાદ પણ ભેદ જ્ઞાનનો પ્રયોગ કરીને શરીરથી જુદા પડવાનું આસાન નથી.

## રોગ અને રોગનો ઈલાજ

***દુઃખના વેગને નહિ સહી શકવાથી તેમને વ્યાધિના પ્રતિકાર સમાન (રોગમાં ઘડીભર અલ્પ રાહત આપનારા લાગે એવા ઈલાજ સમાન) રમ્ય વિષયોમાં રતિ ઉપજે છે.***

આ કથન દ્વારા આચાર્યદેવ રોગ અને તેના ઈલાજની વાત કરીને તેને સિદ્ધાંતમાં ઉતારે છે. અજ્ઞાનીને મિથ્યાત્વનો રોગ છે. બાહ્ય વિષયને ભોગવતા સુખ થાય છે એવી તેની માન્યતા છે. તેથી તે અનુસાર એ ઈચ્છા કરે છે. ઈચ્છિત વસ્તુ મેળવવા પ્રયત્ન કરે છે. વિષય પ્રાપ્ત થતાં તેને ભોગવે છે અને ઈન્દ્રિય સુખનો અનુભવ કરે છે. ઈચ્છિત વિષયના ભોગવટાને અહીં ક્ષણિક સુખ આપનાર ગણવામાં આવે છે. આ ઈલાજ ખોટો છે એવો શબ્દપ્રયોગ અહીં કર્યો નથી પરંતુ એવો ઈલાજ માત્ર ક્ષણિક સુખને આપનાર છે એવું દર્શાવ્યું છે. તેનું પ્રયોજન આપણે ખ્યાલમાં લેવું રહ્યું હવે આખી વાતનો પહેલેથી વિચાર કરીએ.

આચાર્યદેવ રોગની સાથે દુઃખને વણી લઈને વાત કરે છે. બધા રોગમાં દુઃખ નથી હોતું. સમજવા માટે થોડા દૃષ્ટાંતો લઈએ. કોઈ વ્યક્તિને ભુખ પહેલા કરતા વિશેષ લાગે ત્યારે તે તે પ્રમાણે ખોરાક લે. તૃષા વધારે લાગે તે પ્રમાણે પ્રવાહી વધારે લે. ખાધેલુ બરોબર પચી જતું હોય ત્યારે તે રાજી થાય છે. તેને ખ્યાલ નથી કે આ મીઠી પેસાબની શરૂઆત છે. ભુખ વધુ લાગવી એ રોગની નિશાની છે તેવો તેને ખ્યાલ નથી તો તે તેનો ઈલાજ પણ કરતો નથી. કોઈ બહેનને સ્તનમાં નાની ગાંઠ થઈ હોય. તે ધીમે ધીમે મોટી થતી જાય પરંતુ દુઃખે નહીં ત્યાં સુધી તેની વાત કોઈને કરે નહીં. ડૉક્ટરને દેખાડે નહીં. ગાંઠ દુઃખતી નથી પરંતુ તે કેન્સરની ગાંઠ છે માટે વહેલા નિદાન કરાવીને સારવાર લેવી જોઈએ તેમ કરતા નથી. આશય એ છે કે રોગને રોગરૂપે

જાણવું એ પ્રયોજનવાન છે. એકવાર તે રોગ છે એવું નક્કી કરે તો તેનો ઈલાજ કરે.

સિદ્ધાંતમાં અજ્ઞાની જીવને પોતાના પરિણામમાં મિથ્યાત્વ છે તે મોટામાં મોટો રોગ છે એવું ખ્યાલમાં જ નથી આવતું માટે તે તેને દૂર કરવા માટે પ્રયત્ન કરતો નથી. પૂ. ગુરુદેવશ્રીના પ્રતાપે મિથ્યાત્વ શું છે અને તેને દૂર કરવું જોઈએ એવું આપણા જ્ઞાનમાં આવ્યા બાદ પણ આપણા પરિણામમાં રાગ-દ્વેષ થાય છે તેનો ખ્યાલ આવે છે. પરંતુ આપણા પરિણામમાં મિથ્યાત્વ છે તેના તરફ એ રીતે લક્ષ જતું નથી. આટલી વાત રોગને રોગ તરીકે જાણવાની થઈ હવે તેના ઈલાજની વાત કરીએ.

સિદ્ધાંતમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એ જ મિથ્યાત્વરૂપ રોગને દૂર કરવાનો સાચો ઈલાજ છે પરંતુ મોટા ભાગના જીવોને મિથ્યાત્વ એ રોગ છે. તેનો ખ્યાલ નથી અને તેને દૂર કરવાનો સાચો ઈલાજ પણ તેના લક્ષમાં નથી. જૈન દર્શનમાં જેમ સમ્યગ્દર્શનની વાત છે એમ અન્ય મતમાં આત્મ સાક્ષાત્કારની વાતો છે ખરી - પરંતુ આત્મ સાક્ષાત્કાર પહેલા કેવી સ્થિતિ હતી અને એ સ્થિતિ એ અનાદિનો રોગ હતો તેવી કોઈ વાત આવતી નથી.

જીવનો સુખ સ્વભાવ છે. જીવને સુખી થવાની ભાવના છે. સુખ કેવી રીતે મળે તેનો તેને ખ્યાલ (માન્યતા-અભિપ્રાય) છે. બાહ્યમાં અનેક પ્રકારની ભોગ-ઉપભોગની સામગ્રીઓ છે અને ત્યાં સુધી પહોંચવા માટે પાંચ ઈન્દ્રિયોરૂપ સાધન પણ છે. પછી શેની વાર લાગે ! તે ભોગવવા લાગી જાય છે. ક્ષણિક ઈન્દ્રિય સુખનો અનુભવ કરે છે. તેથી તે સુખની મધલાળ છોડી શકતો નથી. જો તેને સુખનો જરા પણ અનુભવ ન હોય તો તે તેવી પ્રવૃત્તિ ચાલુ ન રાખે. અજ્ઞાની ધારાપ્રવાહરૂપ એ પ્રવૃત્તિ કર્યા કરે છે કારણકે ત્યાં તેને ઈન્દ્રિય સુખનો અનુભવ છે. ઈન્દ્રિય સુખ પરમાર્થે દુઃખ હોવા છતાં અહીં તેને ક્ષણિક સુખરૂપે કહ્યું છે. જો વિષયમાં પ્રવૃત્તિ ખરેખર દુઃખરૂપ લાગે તો ચાલુ ન રહે. ગુલાબજાંબુમાં સુખ નથી તેથી તેમાંથી સુખ કયારેય ન મળે. ઊંધુ જ્ઞાન, માન્યતા તે પ્રમાણે આચરણ તો તેના ફળમાં પણ દુઃખ જ થવું જોઈએ. ખરેખર દુઃખ થાય તો ઊંધી માન્યતા છૂટી જાય. પોતાના પરિણામનું ફળ પોતે ભોગવે છે. ઈચ્છા દુઃખરૂપે વેદાય છે. જયારે વિષયની પ્રાપ્તિ થાય છે ત્યારે ઈન્દ્રિય સુખ થાય છે. તે સમયે વિષયો બાહ્યમાં સંયોગરૂપે વિદ્યમાન છે તેથી તે વિષયમાંથી સુખ આવ્યું એવું માની લે છે અને એ રીતે પોતાનું અજ્ઞાન ચાલુ રાખે છે.

ઈન્દ્રિય સુખની આસકિત એવી છે કે તેને સાચું સુખ દેખાડનાર મળે તો પણ તે ઈન્દ્રિય સુખને છોડવા તૈયાર નથી. ઝાડની ડાળી ઉપર ટીંગાઈને મધનું ટીપું મોઢામાં લેનારની વાત અને ચિત્રનો બધાને ખ્યાલ છે. તેને બચાવવા માટે આવે તો પણ એક ટીપું મધ તેને વિશેષ લાભનું કારણ લાગે છે.

## ◆ ગાથા - ૬૪

**વિષયો વિષે રતિ જેમને, દુઃખ છે સ્વાભાવિક તેમને;**
**જો તે ન હોય સ્વભાવ તો વ્યાપાર નહિ વિષયો વિષે. ૬૪.**

***જેમને વિષયોમાં રતિ છે, તેમને દુઃખ સ્વાભાવિક જાણો; કારણકે જો દુઃખ (તેમનો) સ્વભાવ ન હોય તો વિષયાર્થે વ્યાપાર ન હોય.***

કાર્ય ઉપરથી કારણ શોધવાની પ્રવૃત્તિનો ઉપયોગ આ ગાથામાં કરવામાં આવ્યો છે. પ્રકાશ દેખાય તો પ્રકાશનો પૂંજ હોવો જોઈએ. સમજણનું કાર્ય થાય તો જ્ઞાયક હોવો જોઈએ. આ દૃષ્ટાંતો તો એક જ પદાર્થમાં દ્રવ્ય-પર્યાયના સ્વરૂપના અનુસંધાનમાં છે. ત્યાં સ્વાભાવિક પરિણામની વાત

છે. અહીં આ ગાથામાં તો અજ્ઞાનીની પ્રવૃત્તિના આધારે એ જીવને અજ્ઞાની સાબિત કરવાની વાત છે. અજ્ઞાની જીવ પોતાના ઉપયોગને ઈન્દ્રિયના સંગમાં બાહ્ય વિષયોમાં ધૂમાવે છે. આ ખ્યાલમાં આવે છે. તેના ઉપરથી એ જીવ અજ્ઞાની છે. અજ્ઞાની છે માટે દુઃખી છે. દુઃખથી છૂટવા માગે છે માટે આ પ્રકારનું કાર્ય કરે છે એમ સંધિ ખ્યાલમાં લે છે. શબ્દો કેવી રીતે લખાયા છે. જેમને વિષયોમાં રતિ છે તે સ્વભાવથી જ દુઃખી છે કારણકે જો તેમ ન હોય તો તેમને દુઃખથી છૂટવા માટે જ્ઞેયાર્થ પરિણમન પણ ન હોય. અજ્ઞાનીનું જ્ઞેય લુબ્ધ પરિણમન જ તેના અજ્ઞાનની જાહેરાત કરે છે.

જેમને હત ઈન્દ્રિયો જીવતી છે. તેમને દુઃખ બાહ્ય સંયોગોને કારણે નથી પણ સ્વાભાવિક જ છે. આ પ્રકારના કથન દ્વારા આચાર્યદેવ ઘણુ બધુ સમજાવવા માગે છે.

જીવ જ્ઞાયક છે. સર્વજ્ઞ સ્વભાવી છે જાણવું એ એની સ્વાભાવિક ક્રિયા છે પરંતુ જે જ્ઞાન અલ્પજ્ઞરૂપે છે, ક્ષયોપશમ ભાવે છે, જે જ્ઞાન બાહ્ય વિષયને જ જાણવામાં લાગેલ છે. જે જ્ઞાન માત્ર રૂપી વિષયોને જ જાણવા માગે છે, તે જ્ઞાનમાં ઈન્દ્રિયો સાથેનો સંબંધ અનિવાર્ય છે. ઈન્દ્રિયોનો વિષય માત્રરૂપી પદાર્થો જ છે. તેથી ઈન્દ્રિયો આત્મિક જ્ઞાન માટે તદ્દન નકામી છે. આ અપેક્ષાએ તેમને નિકૃષ્ટ કહી છે. મનનો ઉપયોગ પણ અજ્ઞાની સંજ્ઞી જીવ રૂપી પદાર્થોને જાણવામાં જ કરે છે. મનના સંગે આત્માનો નિર્ણય થઈ શકે પરંતુ અજ્ઞાનીને તેમાં રસ નથી તેથી અજ્ઞાની માટે ઈન્દ્રિય અને મન બધાનો ઉપયોગ પરદ્રવ્યને જાણવા માટે જ છે. જે જીવ આ પ્રવૃત્તિ કરે છે તેને તે ઈન્દ્રિયો જીવિત છે એમ કહેવામાં આવે છે. અરિહંત પરમાત્માને શરીર પરમ ઔદારિક હોવા છતાં તેને ઈન્દ્રિયોનો વ્યાપાર નથી માટે ત્યાં ઈન્દ્રિયો જીવિત નથી. સાધકને જો કે બાહ્ય વિષયોને જાણવામાં ઈન્દ્રિયોનો વ્યાપાર જોવા મળે છે પરંતુ જ્ઞાનીને પરમાર્થે તેમાં રસ નથી માટે તેને માટે પણ ઈન્દ્રિયો જીવિત નથી. જ્ઞાનીને જ્ઞાન શ્રદ્ધાનમાં તો જ્ઞાયકની જ મુખ્યતા છે. ચારિત્રમાં એક અંશ તો સ્વરૂપ લીનતારૂપ જ છે. તેથી અસ્થિરતાના - મચકના ભાવને ગૌણ કરીને તેને ઈન્દ્રિયો જીવિત નથી એમ કહેવામાં આવે છે.

અજ્ઞાની જીવ બાહ્ય વિષયોને જાણવા તથા ભોગવવા માટે ઈન્દ્રિયોનો ઉપયોગ કરે છે. તેના ઉપરથી અહીં આચાર્યદેવ કહે છે કે અજ્ઞાની જીવ દુઃખી છે. ઈન્દ્રિયો મારફત બાહ્ય વિષયો પ્રતિ જ્ઞેયાર્થ પરિણમનને અહીં દુઃખથી છૂટવાના ઈલાજરૂપે દર્શાવવા માગે છે. સિદ્ધાંત અહીં એ રીતે દર્શાવવા માગે છે કે અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાનના કારણે જ દુઃખી છે. અજ્ઞાનીને બાહ્યમાં અનેક પ્રકારના સંયોગો હોય છે. તે સંયોગો સાથે સંયોગી ભાવથી (ચારિત્રના પરિણામો) જોડાય છે. ઈન્દ્રિય સુખ દુઃખનો અનુભવ કરે છે. આપણે સુખ દુઃખને સંયોગ સાથે સાંકળવાનો પ્રયત્ન કરીને સંયોગોના અનુકૂળ અને પ્રતિકૂળ એવા બે ભેદો લક્ષમાં લઈએ છીએ. પ્રતિકૂળ સંયોગોને તો દુઃખરૂપ માનીએ છીએ જયારે અનુકૂળ સંયોગોને સુખના કારણ માનીએ છીએ. અહીં આચાર્યદેવ કહે છે કે બાહ્ય સંયોગો જીવને (સુખ) દુઃખનું કારણ નથી. આ વાત શાંતિથી સમજવા જેવી છે.

***પ્રશ્ન :સંયોગોમાં અનુકૂળ અને પ્રતિકૂળ એવા ભેદો છે કે નહીં?***

જવાબ:હા અને ના. જીવના ભૂતકાળમાં થયેલા શુભ ભાવો અનુસાર બંધાય પુણ્ય પ્રકૃતિ અને તેના ઉદય અનુસાર પ્રાપ્ત સંયોગો અનુકૂળ છે. ભૂતકાળના અશુભભાવો પાપ પ્રકૃતિ અને તેના ઉદય અનુસાર પ્રતિકૂળ સંયોગો. આ એક વાસ્તવિકતા છે. માટે આવા બે ભેદ છે. જીવ જો વર્તમાનમાં કોઈ સંયોગો

અનુકૂળ અને કોઈને પ્રતિકૂળ માને છે તો તે જીવ વર્તમાનમાં નવી ભૂલ કરે છે. ખરેખર તો સંયોગો જ્ઞાનનું પરજ્ઞેય છે. જીવ પરથી અત્યંત ભિન્ન હોવાથી એ સંયોગો સુખ કે દુઃખનું કારણ થતાં નથી માટે અનુકૂળ અને પ્રતિકૂળ એવા બે ભેદો સંયોગોમાં નથી. સંયોગ એટલે કે મારાથી ભિન્ન. આ અપેક્ષા મુખ્ય રહેવી જોઈએ.

વાસ્તવિકતા એ છે કે સંયોગી ભાવ દુઃખનું કારણ છે. સંયોગ અને સંયોગી ભાવને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. સંયોગ ને લક્ષે સંયોગી ભાવ થાય છે એવું લેવામાં આવે છે. તેથી સંયોગો સંયોગી ભાવનું કારણ અને સંયોગી ભાવને કારણે દુઃખ તેથી સંયોગો દુઃખનું કારણ છે એવું માની લેવામાં આવે છે પરંતુ ખરેખર તેમ નથી. સંયોગી ભાવ થાય ત્યાં સુધી જ સંયોગનું નિમિત્તપણું છે. તેનાથી આગળ નહીં. વળી પરમાર્થ વિચારીએ તો સંયોગી ભાવમાં નિયમભૂત નિમિત્ત તો ઘાતિકર્મોના ઉદયો છે. અઘાતિકર્મોના ઉદય અનુસાર સંયોગરૂપ સામગ્રી મળે છે. હવે ત્યારબાદ જીવ સંયોગી ભાવને અનુસરીને સંયોગો સાથે જોડાય છે. આ વાતને વિશેષ સ્પષ્ટ કરીએ તો જીવ મિથ્યાત્વના કારણે રાગનો ભાવ કરે છે તે ચારિત્ર મોહનીય કર્મના ઉદયમાં જોડાયને કરે છે. આ રીતે પોતાથી જ સ્વયં રાગરૂપે પરિણમેલા જીવને બાહ્યમાં અનેક પ્રકારના સંયોગો છે તેમાંથી કોઈ એક સંયોગની સાથે જાડાય છે. ત્યારે તે સંયોગ રાગનું નિમિત્ત છે એવું નામ પામે છે. સંયોગના કારણે રાગ થયો એમ નહીં પરંતુ પોતે રાગની ભૂમિકામાં ઊભો હોવાથી રાગ થયો છે. ત્યારે હવે જેમ ડાભોડિયું બીજાને ચોંટે તેમ તે જીવ બાહ્ય સંયોગમાં જોડાય છે. એ જીવ પોતાના સંયોગીની ભાવને કારણે દુઃખી છે. મિથ્યાત્વના કારણે પોતાને સંયોગી ભાવો થાય છે માટે અજ્ઞાની જીવ સ્વભાવથી દુઃખી છે એમ સિદ્ધ થાય છે. તે સમયે અનેક પ્રકારના સંયોગો વિદ્યમાન છે પરંતુ તે સુખ દુઃખના કારણો નથી.

અહીં સુખ અને દુઃખ એવા દ્વૈતનો વિચાર કરીએ છીએ ત્યારે ચારિત્રના પરિણામમાં શુભાશુભ ભાવો અથવા રાગ-દ્વેષની વાત ન લેતા ઈચ્છાનો સદભાવ અને ઈચ્છાનું અટકવું એ રીતે વિચારવું યોગ્ય રહેશે. ઈચ્છાની પ્રગટતા એ દુઃખ છે અને એ ઈચ્છા અટકે તે તેને ઈન્દ્રિય સુખરૂપે અનુભવાય છે.

અજ્ઞાની જીવ પોતે સહજપણે દુઃખી છે. તે દુઃખથી છૂટવા માટે વિષયો તરફ ધસે છે. બાહ્ય વિષયોને સુખનું સાધન માનીને તેને ભોગવવાની પ્રવૃત્તિ કરે છે તે ખરેખર દુઃખથી છૂટવા માટેના પ્રયત્નો છે. આચાર્યદેવ ટીકામાં પાંચ ઈન્દ્રિયોના વિષયને ભોગવવાની તીવ્ર લાલસા જેને છે એવા પાંચ દૃષ્ટાંતો આપે છે. તેવા જીવોને ઈન્દ્રિય વિષયને ભોગવવાના ભાવ એવા તીવ્ર હોય છે કે તેને ભોગવતા પોતાનો નાશ થાય તો પણ તે વિષય સેવન છોડતો નથી. આ પ્રકારના દૃષ્ટાંત આપીને પછી કહે છે કે જો તેમને દુઃખ ન હોય તો આવી પ્રવૃત્તિ કરતા નથી. ત્યાં ફરીને દૃષ્ટાંતો આપે છે કે જેને રોગ મટી ગયો છે તે રોગનો ઈલાજ કરતા નથી. આ રીતે અનેક દૃષ્ટાંતો આપીને રોગ અને તેના ઈલાજની વાત કરે છે. જેથી અજ્ઞાની જીવ અજ્ઞાનના કારણે દુઃખી છે. તેથી તે દુઃખથી મુક્ત થવાના પ્રયત્નો કરે છે એમ સાબિત કરે છે.

## ◆ ગાથા - ૬૫

**ઈંદ્રિયસમાશ્રિત ઈષ્ટ વિષયો પામીને, નિજ ભાવથી**
**જીવ પ્રણમતો સ્વયમેવ સુખરૂપ થાય, દેહ થતો નથી. ૬૫.**

***સ્પર્શનાદિક ઈન્દ્રિયો જેમનો આશ્રય કરે છે એવા ઈષ્ટ વિષયોને પામીને (પોતાના અશુદ્ધ) સ્વભાવે પરિણમતો થકો આત્મા સ્વયમેવ સુખરૂપ***

*(ઈન્દ્રિય સુખરૂપ) થાય છે. દેહ સુખરૂપ થતો નથી.*

આ ગાથામાં આચાર્યદેવ સિદ્ધ ભગવાનના સ્વરૂપને દર્શાવીને જીવ પોતે જ સુખનું કારણ છે તેમ નક્કી કરે છે. નાસ્તિથી શરીર સુખનું કારણ નથી એ સિદ્ધ કરવા માગે છે. સુખ જીવનો સ્વભાવ છે માટે સિદ્ધ ભગવાન સહજપણે સુખી છે. તેમને શરીર નથી. સુખને માટે શરીર આવશ્યક નથી કારણકે શરીર અચેતન છે. તેમાં સુખ નામનો ગુણ નથી. તેથી શરીરને સુખ અથવા તેના વિપરીત પરિણામરૂપ દુઃખ તેનો અભાવ છે.

સંસાર અવસ્થામાં જયારે શરીર સંયોગરૂપે વિદ્યમાન છે ત્યારે પણ તે શરીર સુખનું કારણ નથી. શરીર અતીન્દ્રિય આનંદનું તો કારણ નથી પરંતુ ઈન્દ્રિય સુખનું પણ કારણ નથી એવું આ ગાથામાં આચાર્યદેવ સમજાવવા માગે છે. જીવ અને શરીર એક જેવા થઈને રહ્યા છે તોપણ તે બન્નેના પરિણામો અલગ જ છે. જીવ અને શરીર બન્નેના સ્વાભાવિક પરિણામો તો જુદા છે જ. નૈમિત્તિક પરિણામો એકબીજા સાથેના સંબંધરૂપ છે તે સમયે પણ જીવ મોહરાગ દ્વેષરૂપે એકલો જ પરિણમે છે. તે જ પ્રકારે જીવની હાજરીમાં શરીરમાં હલન-ચલન બોલવું વગેરે જે કાર્યો થાય છે તે શરીરના જ કાર્યો છે.

જીવના અજ્ઞાનમય મોહરાગ-દ્વેષ પરિણામ પુદ્‌ગલ સાપેક્ષ હોવા છતાં ત્યાં દ્વિક્રિયાનો તો નિષેધ જ છે. અર્થાત્ જીવ અને પુદ્‌ગલ ભેગા મળીને એક પરિણામ કરે છે. એવું તો બનતું જ નથી. અજ્ઞાની જીવ કર્મો (જુના તથા નવા) શરીર એ બધા એકબીજા સાથે અનેક પ્રકારના નિમિત્ત નૈમિત્તિક સંબંધથી જોડાયેલા છે ત્યારે પણ તે દરેક પોતાના જ પરિણામોને કરે છે. કોઈ એકબીજાના કાર્યને કરતું નથી. એક દ્રવ્ય બે પદાર્થના કાર્યને કરતું નથી અને બે દ્રવ્યો મળીને એક પરિણામને કરતાં નથી. આ રીતે જીવ દ્રવ્યકર્મો અને શરીર બધાને સંબંધમાં જોઈએ ત્યારેપણ દરેક પોતાના જ પરિણામને કરે છે અને ભોગવે છે.

જીવના પરિણામમમાં આપણે ઈચ્છાનો સદ્‌ભાવ અને ઈચ્છાનું અટકવું એટલો જ વિચાર કરીશું. ઈચ્છા તે દુઃખ અને ઈચ્છા અટકવી તે સુખ. જીવના આ પરિણામ સમયે શરીર અને શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો પોતપોતાના કાર્યો કરે છે પરંતુ ત્યાં ઈચ્છાનો સદ્‌ભાવ કે અભાવ એવું કાર્ય નથી. શરીરનું એવું કાર્ય ન હોવાથી શરીરને ઈન્દ્રિય સુખ કે દુઃખ એવા ફળ પણ પ્રાપ્ત ન થાય. આ રીતે અનેક સંયોગો વચ્ચે પણ અજ્ઞાની જીવ પોતાના અશુદ્ધ પરિણામને કરે છે અને ફળ સ્વરૂપે ઈન્દ્રિય સુખ દુઃખ ભોગવે છે. શરીર શરીરનું કાર્ય કરે છે, પુદ્‌ગલમાં સુખ ગુણ ન હોવાથી ત્યાં સુખ દુઃખનું વેદન નથી.

ટીકાકાર આચાર્યદેવ કહે છે કે મોહને વશ થઈને, અર્થાત્ દર્શન મોહનીય કર્મના ઉદયમાં જોડાયને જીવ જયારે ભાવ મિથ્યાત્વરૂપે પરિણમે છે ત્યારે આ બાહ્ય વિષયો અમને ઈષ્ટ છે એવું માને છે. તેવી માન્યતા હોવાથી તે ઈન્દ્રિયોને સાધન બનાવીને વિષયો તરફ ધસે છે. શબ્દ પ્રયોગમાં ઈન્દ્રિયો વિષય તરફ ધસે છે એમ લખ્યું છે પરંતુ અચેતન ઈન્દ્રિયોમાં એ પ્રકારનું કાર્ય શક્ય જ નથી. જ્ઞેયાર્થ પરિણમન કરનારા જીવને જેવો પોતાનો શુદ્ધ સ્વભાવ છે તેવી પર્યાય કરવાનું સામર્થ્ય નથી. તેથી તેના દર્શન-જ્ઞાન અને વીર્યગુણની પરિપૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થતી નથી અર્થાત્ ત્યાં અનંત દર્શન-જ્ઞાન અને વીર્યની પ્રગટતા થતી નથી. તે દરેકની પર્યાયમાં આવરણ છે. જીવના આવા પરિણામ (અહીં ઈચ્છાનો સદ્‌ભાવ અને અટકવું એની મુખ્યતા રાખીને જીવના સમુચ્ચય પરિણામની વાત લેવી) જીવને ઈન્દ્રિય સુખનું કારણ છે. અર્થાત્ જીવ પોતાના પરિણામના ફળસ્વરૂપ ઈન્દ્રિયસુખને

અનુભવે છે. તે સમયે શરીર અને શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયોની પ્રવૃતિ ચાલે છે પરંતુ તેનું ફળ શરીરમાં જ છે. શરીર સુખી-દુઃખી થતું નથી કારણકે પુદ્ગલમાં સુખ નામનો ગુણ નથી. તે શરીર અને ઈન્દ્રિયોની પ્રવૃતિ જીવના સુખમાં મદદરૂપ નથી.

સામાન્ય રીતે ખાવાની ઈચ્છા, તે માટેના પ્રયત્નો અને ખાવાની વસ્તુ પ્રાપ્ત થતાં ખાવાનું કાર્ય થાય ત્યારે સુખનો અનુભવ થાય છે પરંતુ સિદ્ધાંત એમ કહે છે કે જીવની ઈચ્છા મુજબ બાહ્યમાં કાર્ય થાય કે ન થાય. જીવને પોતાના ભાવનું જ ફળ તે જ સમયે મળે છે. આવા અનેક દૃષ્ટાંતો આપણે વિચારી શકીએ. તાદુંલમચ્છનો દૃષ્ટાંત અને ભાવ લિંગી સંતના પગ નીતે મરતા જીવડાનું દૃષ્ટાંત લક્ષમાં લેવાથી આચાર્યદેવનો આશય સારી રીતે સમજી શકાશે.

## ◆ ગાથા - ૬૬

**એકાંતથી સ્વર્ગેય દેહ કરે નહિ સુખ દેહીને,**
**પણ વિષયવશ સ્વયમેવ આત્મા સુખ વા દુખ થાય છે. ૬૬.**

***એકાંતે અર્થાત્ નિયમથી સ્વર્ગમાં પણ દેહ દેહીને (આત્માને) સુખ કરતો નથી; પરંતુ વિષયોના વશે સુખ અથવા દુઃખરૂપ સ્વયં આત્મા થાય છે.***

જેણે શરીરમાં હુંપણું માન્યું છે તે બીજાને રૂપાળા દેખીને પોતાને પણ એવું રૂપ હોય એવું ઈચ્છે છે. યુવાન જીવો રૂપાળા સાથીને શોધે છે. વળી તે વર્તમાનમાં પોતે કુરૂપ હોય તો હીનતા પણ અનુભવે છે. મોટા ભાગના જીવો મરીને સ્વર્ગમાં જવાની ભાવના રાખે છે. આ બધા ભાવનું કારણ એ છે કે તેને શરીર સુખનું કારણ લાગે છે. પરમાર્થ જુદો જ છે. શરીરનું રૂપ સ્ત્રીઓને દુઃખનું કારણ બનતુ જોવા મળે છે. પૈસાદાર જીવો ભયના ઓથાર નીચે જીવતા જોવા મળે છે.

સ્વર્ગના દેવને વૈક્રિયક શરીર છે. ઈચ્છા મુજબ આકાર ધારણ કરી શકીએ તો તે આપણને આનંદનું કારણ લાગે છે. પરંતુ સ્વર્ગના દેવને પણ ઈન્દ્ર વગેરેના હુકમ અનુસાર હાથી કે ઘોડાનું રૂપ લેવાનું ગમતું નથી. સિદ્ધાંત એ દર્શાવવો છે કે સ્વર્ગનો દેહ પણ સ્વર્ગના દેવને સુખનું કારણ નથી. એ દેવ પોતાના ભાવ અનુસાર સુખ દુઃખનો અનુભવ કરે છે. તે જ પ્રકારે ઉપલક્ષણથી નારકીનો દેહ પણ જીવને દુઃખનું કારણ નથી. અહીં સંસારી જીવની વાત લેવી છે. ત્યાં જીવના પરિણામને કર્મોદય, શરીર અને સંયોગો સાથે અનેક પ્રકારના નિમિત્ત નૈમિત્તિક સંબંધો છે. તે સમયે પણ દરેક પદાર્થ પોતે સ્વતંત્રપણે પોતાના પરિણામને કરે છે અને ભોગવે છે. પોતાના ષટકારક અનુસાર અંતરંગમાં જ કર્તાપણુ અને સંપ્રદાનપણું છે. પોતાની પર્યાયને પોતે કરે છે અને તે પર્યાય પોતાના જ સ્વભાવને અર્પણ કરે છે. દરેક પદાર્થની આવી ભિન્ન સ્વતંત્રતાને લક્ષમાં લીધા પછી સંબંધનો વિચાર કરવો જોઈએ. સંબંધને મુખ્ય કરીને પદાર્થની સ્વતંત્રતાને ભૂલી જઈએ તો અનર્થ થાય. અજ્ઞાની આ રીતે અનર્થમાં જ ઊભો છે કારણકે તેણે પદાર્થની સ્વતંત્રતાનો અભ્યાસ કર્યો નથી-સ્વીકાર કર્યો નથી.

## ◆ ગાથા - ૬૭

**જો દૃષ્ટિ પ્રાણીની તિમિરહર, તો કાર્ય છે નહીં દીપથી;**
**જ્યાં જીવ સ્વયં સુખ પરિણમે, વિષયો કરે છે શું તહીં ? ૬૭.**

***જો પ્રાણીની દૃષ્ટિ તિમિરનાશક હોય તો દીવાથી કાંઈ પ્રયોજન નથી અર્થાત્ દીવો કાંઈ કરતો નથી, તેમ જ્યાં આત્મા સ્વયં સુખરૂપ પરિણમે છે. ત્યાં વિષયો શું કરે છે?***

આ ગાથામાં આચાર્યદેવ હવે સંયોગથી વાત કરે છે. ૬૬ ગાથામાં શરીર સુખનું કારણ નથી એમ લીધા પછી હવે સંયોગો સુખ દુઃખના કારણ નથી એમ નક્કી કરે છે.

દૃષ્ટાંતઃ નિશાચર પ્રાણીઓ જેવા કે સિંહ-ઘુવડ વગેરે રાત્રીના બધુ જોઈ શકે છે. અંધકારમાં પણ જોઈ શકે છે. તો તેમને પ્રકાશની જરૂર નથી. સિદ્ધાંતમાં સમજાવવું છે કે જીવને પોતાને ભાવ અનુસાર સુખ દુઃખ થાય છે. તેથી તેને સંયોગો કાર્યકારી નથી. ૬૬ અને ૬૭ ગાથાઓમાં સિદ્ધાંત એક સરખા જ છે. જો શરીર ઉપયોગી નથી તો સંયોગો તેનાથી પણ દૂર છે તે ઉપયોગી કેવી રીતે થાય ! પરંતુ જેને બે પદાર્થની સ્વતંત્રતાનો સ્વીકાર નથી તેને ઘણી મુશ્કેલી નડે છે. જિનાગમનો અભ્યાસ કરનારાને પણ અનાદિના અન્યથા સંસ્કાર હોવાને લીધે એટલી દૃઢતા આવતી નથી.

દૃષ્ટાંતમાં તર્કને સ્થાન છે. જેમ કે નબળી આંખ હોય તો તેને ચશ્માની જરૂર રહે છે. તેમ સંસારી જીવને બાહ્ય વિષયો સુધી પહોંચવા માટે ઈન્દ્રિયોની જરૂર રહે છે. તે રીતે જ તે પરજ્ઞેયો સાથે સંબંધમાં આવે છે. જ્ઞેયજ્ઞાયક સંબંધ થતાં જે જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય છે તેને જીવ ભોગવે છે અને સુખ અનુભવે છે. દૃષ્ટાંતમાં સિંહને પોતાનો શિકાર જોવા માટે ટોર્ચની જરૂર નથી પડતી. પરંતુ આપણને અંધારામાં પડેલી વસ્તુ ગોતવા માટે પ્રકાશની જરૂર રહે છે. સિંહ-ટોર્ચ-શિકાર તેમ અહીં જીવ-ઈન્દ્રિયો-બાહ્ય વિષયો પરમાત્મા આખા વિશ્વને જેમ છે તેમ ઈન્દ્રિયને મનના સાધન વિના જાણી લે છે પરંતુ છદ્મસ્થને ઈન્દ્રિય મનનું આલંબન જરૂરી છે. ત્યાં જીવના ભાવથી જ સુખ દુઃખનો નિર્ણય મુશ્કેલ બને છે.

વળી સંયોગો અનુસાર સંયોગી ભાવ થાય છે. દિકરાને જોઈને રાગ થાય છે. ત્યાં તમે રાગને દિકરાથી જુદો કેવી રીતે પાડી શકો ? દીકરો છે તો રાગ છે અને દિકરો નથી તો રાગ નથી. બાહ્ય વિષય નથી ત્યારે તેની ઈચ્છા છે. બાહ્ય ઈચ્છિત વિષયની પ્રાપ્તિ થાય છે ત્યારે ઈચ્છા અટકે છે ત્યારે સુખનો અનુભવ થાય છે. હવે યુક્તિ અનુસાર એવું માનીએ કે વિષયનો ભોગવટો સુખનું કારણ નથી પરંતુ ઈચ્છા અટકી તે સુખનું કારણ છે તોપણ વિષયની પ્રાપ્તિ વિના ઈચ્છા ક્યાં અટકે છે ? બાહ્ય વિષયને અને ઈચ્છાને કેવી રીતે જુદા પાડી શકાય ? આવા અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. તેથી તેનું યોગ્ય સમાધાન મેળવવું જરૂરી છે. વાસ્તવિકતા એ છે કે સંયોગ અનુસાર સંયોગીભાવ થાય છે એ વાત ખોટી છે. જેની એવી માન્યતા છે તે સંયોગોને ફેરવવા માગે છે. તે શુભાશુભ ભાવ વચ્ચે તફાવત પાડીને દ્વેષ અને આકુળતાના કારણોને દૂર કરીને રાગના કારણો એવા અનુકૂળ સંયોગો મેળવવા પ્રયત્ન કરે છે. આવુ અનાદિ કાળથી ચાલ્યા કરે છે. વાસ્તવિકતા નીચે પ્રમાણે છે.

ઘાતિકર્મોદય → જીવના વિભાવો

અઘાતિકર્મોદય → સંયોગો

ઈચ્છાનો ભાવ → સંયોગો

અર્થાત્ જીવ પોતાના અજ્ઞાનને કારણે મિથ્યાત્વના કારણે ચારિત્રના પરિણામમાં રાગ-દ્વેષ-ઈચ્છા વગેરે ભાવો કરે છે. ત્યારે ત્યાં નિયમભૂત નિમિત્ત ચારિત્ર મોહનીય કર્મનો ઉદય છે. સંયોગો એ અઘાતિ કર્મોના ઉદય અનુસાર ઉપલબ્ધ છે. હવે અજ્ઞાની જીવ પોતાના કારણે રાગરૂપે પરિણમે છે ત્યારે બાહ્યમાં તેને અનુકૂળ સામગ્રી શોધે છે. બાહ્યમાં અનેક પ્રકારના સંયોગો છે. સમજવા માટે અનુકૂળ અને પ્રતિકૂળ બન્ને પ્રકારના સંયોગો છે. આ જીવ અનેક પ્રકારના અનુકૂળ સંયોગોમાંથી પણ કોઈ એકને મુખ્ય કરી તેનું લક્ષ કરે છે અર્થાત્ રાગભાવરૂપે જ્ઞેયાર્થ પરિણમન કરે છે. આ રીતે સંયોગ અનુસાર સંયોગી ભાવ થાય છે એ વાત ન રહી. અજ્ઞાની જીવ સ્વભાવથી જ (અજ્ઞાન સ્વભાવથી જ) રાગરૂપે પરિણમે છે. એ રાગ ભાવપૂર્વક એ બાહ્ય વિષયોમાં જોડાય છે. યાદ રહે કે અહીં ક્રમની

વાત સમજવા માટે કરવામાં આવી છે ત્યાં સમય ભેદ લેવાની જરૂર નથી. જીવ પોતાના જેવા ભાવરૂપે (રાગ ભાવ) પરિણમે છે તે પ્રમાણે તેનું ફળ ભોગવે છે. તે જીવ રાગનો વિષય કોને બનાવે છે તે વાત ગૌણ છે. આ રીતે વિચારવાથી જીવ પોતાના પરિણામને જ ભોગવે છે અને તેમાં બાહ્ય વિષયો કાંઈ કાર્યકારી નથી એમ નક્કી કરવું યોગ્ય છે. જીવમાં મિથ્યાત્વ છે ત્યાં સુધી રાગ-દ્વેષ અવશ્ય થવાના છે માટે રાગ-દ્વેષને દૂર કરવાની ઈચ્છા જેમને છે તે સંયોગોને આઘા પાછા કરવાનો પ્રયત્ન નહીં કરે પરંતુ મિથ્યાત્વને દૂર કરવા માટેનો પુરુષાર્થ કરશે પ્રતિકૂળ સંયોગોને દૂર કરીને અનુકૂળ સંયોગો લાવવાનો પ્રયત્ન કરશે તો ત્યાં કાંઈ જીવના વર્તમાનભાવ અનુસાર સંયોગો બદલાતા નથી. વળી પ્રતિકૂળ સંયોગના લક્ષે અનુકૂળ સંયોગોના લક્ષે રાગ થશે. દ્વેષમાંથી એ તો ઉલમાંથી ચૂલમાં પડવાનું થયું. ત્યાં વીતરાગતાની પ્રાપ્તિ થતી નથી. માત્ર વિભાવની જાત જ બદલાય છે તેથી લાભ થતો નથી. રાગ દ્વેષ દૂર કરવાનો એ સાચો ઉપાય જ નથી. તેથી જીવ પોતાના ભાવ અનુસાર સુખ દુઃખ અનુભવે છે તેમાં બાહ્ય વિષયો કાંઈ કરતા નથી એ સિદ્ધાંત માન્ય કરવા જેવો છે.

## ◆ ગાથા - ૬૮

**જ્યમ આભમાં સ્વયમેવ ભાસ્કર ઉષ્ણ, દેવ પ્રકાશ છે,**
**સ્વયમેવ લોકે સિદ્ધ પણ ત્યમ જ્ઞાન, સુખ ને દેવ છે. ૬૮.**

***જેમ આકાશમાં સૂર્ય સ્વયમેવ તેજ, ઉષ્ણ અને દેવ છે, તેમ લોકમાં સિદ્ધ ભગવાન પણ (સ્વયમેવ) જ્ઞાન, સુખ અને દેવ છે.***

જ્ઞાન અને સુખ વચ્ચે સંબંધ દર્શાવતી ગાથાઓમાં આ છેલ્લી ગાથામાં ફરી પરમાત્માના જ્ઞાન અને સુખને યાદ કરે છે. દૃષ્ટાંતમાં સૂર્ય પોતે પ્રકાશનો પૂંજ છે, અહીં ચંદ્રનો દૃષ્ટાંત લાગુ ન પડે કારણકે ચંદ્ર સ્વયં પ્રકાશિત નથી. એ સૂર્યના પ્રકાશથી પ્રકાશીત દેખાય છે. સૂર્ય તે પ્રકારે અર્થાત્ સ્વયં ઉષ્ણ રૂપ છે. ટીકામાં લોખંડના ગોળાની વાત લીધી છે. તે સ્વયં ઉષ્ણ નથી પરંતુ તે અગ્નિના સંગમાં ગરમ થાય છે. વળી સૂર્યને અન્ય ધર્મો પણ દેવરૂપ માને છે અને જિનાગમમાં પણ સૂર્યના વિમાનમાં દેવો રહે છે એવી વાત આવે છે. માટે તે સ્વર્ગના દેવ માનવામાં આવે છે. હવે સિદ્ધાંત જોઈએ.

પરમાત્મા પરિપૂર્ણ જ્ઞાન અને સુખ સ્વરૂપ છે અને ત્રણ લોકના નાથ છે એમ દર્શાવે છે. જીવને જ્ઞાન અને સુખ સાથે અભેદપણુ છે તે લક્ષમાં લઈને પરમાત્મા સ્વયં જ્ઞાન અને સુખ સ્વરૂપ છે એવું નિરૂપણ કરવામાં આવે છે. જ્ઞાનમાં સ્વ-પરને જાણવાની સ્વયં શક્તિ છે. જ્ઞાન સર્વજ્ઞ સ્વભાવી છે. પરમાત્માએ સર્વજ્ઞ દશા પ્રગટ કરી છે. પરમાત્માને જ્ઞાન ગુણ સાથે અને સર્વજ્ઞ દશા સાથે તાદાત્મ્યપણુ છે તેથી પરમાત્મા સ્વયં જ્ઞાનરૂપ છે.

સુખ ગુણમાં વેદનની મુખ્યતા છે. ટીકામાં આત્મતૃપ્તિ અને પરિનિવૃત્તિ શબ્દો છે. પરમાત્મા પોતાથી જ તૃપ્ત થયા છે. અજ્ઞાની જીવ સુખ માટે બાહ્યમાં ભટકે છે. જ્ઞાનીને ખ્યાલ છે કે સુખ પોતાનો જ ગુણ છે તેથી સુખ પોતાનામાંથી જ આવે છે. બાહ્યમાંથી સુખ કયારેય આવ્યું નથી અને આવવાનું નથી. તેમ છતાં અનાદિકાળના સંસ્કાર અને શરીર સાથેના અસ્થિરતા રૂપના સંબંધના કારણે સાધક દશામાં પણ ઉપયોગ બાહ્યમાં જાય છે. જે વિકલ્પ (જ્ઞાનનો અને રાગનો) તે જીવને તે સમયે દુઃખનું વેદન કરાવે છે. નિર્વિકલ્પ અનુભૂતિમાં અતીન્દ્રિય આનંદ છે અને પરલક્ષી તથા ભેદલક્ષી વિકલ્પ માત્ર તેને દુઃખરૂપે વેદાય છે. તે જયારે પરમાત્મા થાય છે ત્યારે તેને નિર્ભેળ આનંદ છે.

*આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને આનાથી બન તું તૃપ્ત, ઉત્તમ થશે તુજને સુખ અહો !*

*સમયસાર ગા. ૨૦૬*

જ્ઞાની ગુરુના ઉપદેશ અને આદેશ અનુસાર કાર્ય કરતાં તે ખરેખર તેનાથી તૃપ્ત થાય છે. ધરાય જાય છે. તેને આનંદના ઓડકાર આવે છે. આવો ભાવ આત્મતૃપ્તિ શબ્દ દ્વારા સમજાવવા માગે છે.

આત્મતૃપ્તિની સાથે પરિનિવૃત્તિ સંકળાયેલી છે. પરમાત્માનો ઉપયોગ જેમ સંપૂર્ણપણે પોતાના સ્વભાવમાં લીન છે તે જ પ્રકારે તે ઉપયોગ સર્વથા બાહ્ય વિષયોથી નિવૃત્ત છે. હવે અસ્થિરતાના ભાવરૂપનું પણ પરદ્રવ્ય સાથે જોડાણ નથી. અજ્ઞાની જે રીતે હિતબુદ્ધિપૂર્વક બાહ્યમાંથી સુખ મેળવવા માટે જ્ઞેયાર્થ પરિણમન કરતો હતો. તેની હવે સંપૂર્ણ નિવૃત્તિ છે. પરમાત્મા માટે આખું વિશ્વ પરજ્ઞેય માત્ર રહી ગયું પોતે જ્ઞાતા હોવાથી જ્ઞાનનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ હોવાથી પરમાત્મા પરને જાણે છે એટલો વ્યવહાર રહી ગયો. સુખ તો સંપૂર્ણપણે પોતાનામાંથી જ મેળવે છે.

## દેવ

પરમાત્મા ત્રિલોક વડે પૂજ્ય છે. સો ઈન્દ્રો વડે વંદનિક છે. અહીં આચાર્યદેવ એમ જણાવે છે કે તે ગણધરદેવ વડે પૂજ્ય છે પરંતુ તે દર્શાવવાની રીત અલગ છે. ગણધર દેવાદિ બુધ પુરુષોના મનમાં શુદ્ધાત્મ સ્વરૂપની દિવ્યતાના સ્તુતિગાન કોતરાઈ ગયા છે. પરમાત્મા મહિમાવંત છે. મહિમાને કારણે તે સ્તુતિને યોગ્ય છે. અહીં મહિમાના સ્થાને દિવ્યતા શબ્દ વાપરવામાં આવ્યો છે. પરમાત્માની દિવ્યતા અને તેની સ્તુતિ બન્ને ગણધર દેવના મનમાં નિશ્ચિત સ્થાન પામી ચૂક્યા છે. આ રીતે પરમાત્માને અદ્વૈત નમસ્કાર કર્યા ત્યારબાદ જેવું પરમાત્માનું સ્વરૂપ છે. અર્થાત્ જેવા કાર્ય પરમાત્મા છે એવું જ કારણ તત્ત્વ અંતરમાં રહેલું છે. તેથી કાર્ય ઉપરથી કારણ તત્ત્વ સુધી પહોંચીને તેમાં પોતાના શુદ્ધાત્માને લક્ષમાં રાખીને તે પ્રમાણે નમસ્કારનો ભાવ દર્શાવ્યો છે. જે ગણધર દ્વારા પણ વંદનિક છે. તે સર્વ માટે પૂજનિક છે. આ રીતે પરમાત્માને દેવ કહ્યા છે.

## ◆ ગાથા - ૬૯

**ગુરુ-દેવ-યતિ પૂજા વિષે, વળી દાન ને સુશીલો વિષે,**
**જીવ રક્ત ઉપવાસાદિકે, શુભ-ઉપયોગસ્વરૂપ છે. ૬૯.**

***દેવ, ગુરુને યતિની પૂજામાં, દાનમાં, સુશીલોમાં તથા ઉપવાસાદિકમાં રક્ત આત્મા શુભ ઉપયોગાત્મક છે.***

આ ગાથાથી આચાર્યદેવ શુભભાવ અધિકાર શરૂ કરે છે. સૌ પ્રથમ તો શુભભાવો છે તેમ તેની સ્થાપના કરે છે. તે ભાવના ફળમાં પુણ્ય પ્રકૃતિનો બંધ અને તે કર્મોદય અનુસાર અનુકૂળ સંયોગોની પ્રાપ્તિ અને સુખનો અનુભવ આ બધુ જેમ છે તેમ સ્થાપશે. ત્યારબાદ ઈન્દ્રિય સુખ પણ પરમાર્થે દુ:ખ જ છે માટે શુભ અને અશુભ ભાવોમાં તફાવત પાડવા જેવો નથી એમ નક્કી કરાવશે. આ ગાથામાં શુભ ભાવો છે. એટલું દર્શાવવા માગે છે.

જીવો અનાદિકાળથી શુભાશુભ ભાવો કરતા આવ્યા છે. શુભ અને અશુભ ભાવો પલટાયા કરે છે. બન્નેના ફળ પ્રતિપક્ષી હોવાથી આવા પલટા થયા કરે છે. શુભ ભાવના ફળમાં મળેલી અનુકૂળ સામગ્રીને ભોગવતા જીવને સુખનો અનુભવ થાય છે. આ ભોગવટાનો ભાવ ખરેખર અશુભ ભાવ છે. તે ભાવના ફળમાં જીવને ભવિષ્યમાં પ્રતિકૂળ સંયોગો પ્રાપ્ત થાય છે જે દુ:ખ દેનારા છે. તેવા સમયે જીવ આર્તધ્યાન કરીને વિશેષ અશુભભાવ કરે અથવા સંજ્ઞી જીવ શુભ ભાવ તરફ વળે પણ ખરો. તે વિચારે કે પૂર્વે કરેલા અશુભ ભાવોને કારણે આ પ્રતિકૂળતા છે જે ગમતી નથી માટે શુભ ભાવ કરું.

અજ્ઞાની જીવને શરીરમાં હુંપણું છે. શરીર એ અઘાતિ કર્મોદય સાથે સંકળાયેલું છે. આયુ-નામ-ગોત્ર એ ત્રણને તો શરીર સાથે સીધો સંબંધ છે. વેદનીય કર્મનું ફળ શરીર અને સંયોગો બન્ને રૂપે હોય છે. ઘાતિ કર્મો તો બધી પાપ પ્રકૃતિઓ જ છે. અઘાતિ કર્મોમાં પુણ્ય અને પાપ એવા બે ભેદો પડે છે. જેને શરીરમાં હુંપણું છે તેને શુભભાવનો પક્ષ વ્યક્ત કે અવ્યક્તપણે સદાય હોય છે. જીવને શુભભાવનું ફળ ગમતું હોવા છતાં જીવનો મોટા ભાગનો સમય અશુભભાવમાં જ જાય છે. એ એક મોટું આશ્ચર્ય છે. આપણા જીવનના ચોવીસ કલાકનો વિચાર કરીએ તો-નિદ્રા-આહાર-વેપાર ધંધો વગેરે અશુભભાવો જ વધુ સમય લઈ જાય છે. આખા દિવસમાં ભગવાનના દર્શન-પૂજન-શાસ્ત્ર સ્વાધ્યાય-તત્ત્વનુ ચિંતવન વગેરેમાં કેટલો સમય આપીએ છીએ એની પોતે જ જાત તપાસ કરી લેવાની જરૂર છે.

આ ગાથામાં આચાર્યદેવે જીવો કેવા પ્રકારના શુભ ભાવો કરે છે. તે વાત લીધી છે. કેવા અશુભ ભાવોના સ્થાને ક્યા પ્રકારના શુભભાવો કરે છે તેનું વર્ણન છે. અહીં અજ્ઞાની જીવની વાત લીધી છે. કારણકે ટીકામાં તે જીવ પ્રીતિપૂર્વક આવા ભાવોમાં જોડાય છે એમ લીધું છે. અજ્ઞાની જીવને શુભભાવ કરવા જેવા લાગે છે. તેનાથી પોતાને સુખ થશે એવી માન્યતા છે તેથી તે શુભભાવોને કરવા જેવા માનીને હોંશથી તેમાં જોડાય છે. જે જ્ઞાની છે. તે શુભભાવને હેય માને છે. તેને છોડવાલાયક માને છે. નિર્વિકલ્પ અનુભૂતિમાં ટકાતું નથી અને અશુભમાં તો જવું જ નથી તેતી શુભભાવ સિવાય અન્ય વિકલ્પ રહેતો નથી. જ્ઞાની શુભભાવમાં સ્થિત દેખાય છે પરંતુ જ્ઞાનીને તેનો ખેદ છે. ત્યાં હોંશ અને ઉમંગ નથી.

આ રીતે આ ગાથામાં અજ્ઞાનીના શુભભાવની વાત લીધી છે એવું લાગે છે. પરંતુ એ અજ્ઞાનીમાં પણ જે આત્મકલ્યાણ કરવા માગે છે એવા પાત્ર જીવના ભાવની વાત લીધી છે. આ રીતે આ ગાથામાં જે વર્ણન છે તે અજ્ઞાની અને સાધક બન્નેને લાગુ પડે તેમ છે.

શુભભાવોના બે પ્રકાર છે. એક શુભભાવની પાછળ બાહ્ય વિષયોને ભોગવવાની મુખ્યતા છે. જયારે બીજા પ્રકારના શુભભાવના ફળમાં જીવને આત્મકલ્યાણમાં નિમિત્ત એવા સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનો યોગ પ્રાપ્ત થાય છે. પહેલા પ્રકારનો શુભભાવ છે. તે દેહલક્ષી છે જયારે બીજા પ્રકારનો શુભભાવ તે આત્મલક્ષી છે. આ એક મોટો તફાવત છે.

ગાથામાં દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજાની વાત લીધી છે. ત્યાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની વાત છે એમ આપણા લક્ષમાં લેવું જરૂરી છે. અન્યમતી જીવો કુદેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા અને પૂજા કરે છે ત્યાં અશુભભાવ નથી પરંતુ શુભભાવ છે એવા તર્કને, એવી દલીલને સ્થાન જરૂર છે. વળી તેને તે શુભભાવનું ફળ એવા અનુકૂળ સંયોગે પણ મળે પરંતુ તે પાપનુબંધી પુણ્ય છે. અર્થાત્ તેના ફળમાં સવિશેષરૂપે પાપનો બંધ થાય એવા પુણ્ય છે. સૌ પ્રથમ તો કુદેવને દેવ માનવા એ મિથ્યાત્વ છે. તે ગૃહિત મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એ સૌથી મોટુ પાપ હોવાથી તે જીવને મિથ્યાત્વ પ્રકૃતિનો બંધ થાય છે. જેને કારણે તેનો સંસાર વૃદ્ધિ પામે છે. ગૃહિત મિથ્યાત્વ હોવાથી તેને સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનો યોગ પ્રાપ્ત થતો નથી. તેથી તેને માટે આત્મ કલ્યાણનો માર્ગ બંધ થઈ જાય છે, મુશ્કેલ થઈ જાય છે.

વળી કુદેવ પ્રત્યે અનુરાગના ફળમાં જે સંયોગો આવે છે તે સંસારવર્ધક છે. બાહ્યમાં અનેક પ્રકારની ભોગ-ઉપભોગની સામગ્રી મળતા તે જીવ તેને ભોગવવા લાગી જાય છે. અને એ રીતે શુભ

ભાવના સ્થાને અશુભભાવ કરવા લાગે છે. પૂર્વે બંધાયેલો પુણ્ય પ્રકૃતિમાં પણ અપકર્ષણ થાય છે અર્થાત્ પૂર્વે બંધાયેલી પુણ્ય પ્રકૃતિમાં અનુકૂળ ફળ આપવાની શક્તિ ઘટી જાય છે અને સંક્રમણ પણ થાય છે અર્થાત્ પુણ્ય પલટીને તે પાપ પ્રકૃતિ થઈ જાય છે. આ રીતે કુદેવાદિ પ્રત્યેના શુભભાવના ફળમાં મિથ્યાત્વ થાય છે. પરંપરાએ વિષય ભોગવવારૂપ અશુભભાવો થાય છે અને બંધાયેલા પુણ્યમાં પણ ફેરફાર થઈ જાય છે.

આ ગાથામાં જે શુભભાવની વાત લીધી છે તે આત્મલક્ષી શુભભાવની વાત છે. જેને પરિભ્રમણનો ત્રાસ લાગ્યો છે તેવો જીવ સાચા અને ખોટા દેવ-શાસ્ત્ર-ગુરુ વચ્ચે વિવેક કરીને સાચા તરફ ખેચાય છે. એવો ભાવ લીધો છે. તે ઉપરાંત દાન-શીલ અને ઉપવાસની વાત આ ગાથામાં લીધી છે.

પરમાત્મા સકલ દોષ રહિત છે. ગુરુના વર્ણનમાં તે ભેદાભેદ રત્નત્રયના આરાધક છે તેમ લીધું છે.

## રત્નત્રય

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તે રત્નત્રય છે. તે સાધકદશામાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને હોય છે. આ સાધુત્રયને અહીં સાચા ગુરુ તરીકે દર્શાવ્યા છે. સમ્યગ્દર્શનરૂપ રત્નત્રય એ મોક્ષમાર્ગનું સ્વરૂપ છે. મોક્ષમાર્ગમાં સાધક દશામાં અંશે શુદ્ધતા અને અંશે અશુદ્ધતા હોય છે. અશુદ્ધતામાં શુભભાવો જે ભૂમિકાને યોગ્ય હોય છે તેની વાત છે. સાધક દશાની શુદ્ધતાને નિશ્ચય મોક્ષમાર્ગ, અભેદ અનુપચાર મોક્ષમાર્ગ, એવા નામથી પણ ઓળખવામાં આવે છે. જયારે સાધકના શુભભાવને વ્યવહાર મોક્ષમાર્ગ, ભેદ ઉપચાર રત્નત્રય એવા નામ આપવામાં આવે છે. અપૂર્ણ શુદ્ધતા વૃદ્ધિગત થઈને સંપૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષની પ્રાપ્તિરૂપ થાય છે. સાધકને ભૂમિકાને યોગ્ય શુભભાવો દૂર થતાં ભાવો છે જે ક્રમશઃ સંપૂર્ણ અભાવને પ્રાપ્ત થાય છે.

**મોક્ષમાર્ગની પર્યાય**

| શુદ્ધતા | શુભભાવ |
|---|---|
| નિશ્ચય મોક્ષમાર્ગ | વ્યવહાર મોક્ષમાર્ગ |
| અભેદ અનુપચાર મોક્ષમાર્ગ | ભેદ ઉપચાર મોક્ષમાર્ગ |
| | પરમાર્થે બંધમાર્ગ |

સાધકની ભૂમિકા પહેલા પાત્રની ભૂમિકાને લક્ષમાં રાખીને આગલા-પાછલા પરિણામની સંધિ ખ્યાલમાં રાખીને નિયમસાર શાસ્ત્રમાં ભેદ અને અભેદ અનુપચાર રત્નત્રય કઈ રીતે લીધા છે તે વાત પણ લક્ષમાં લેવા જેવી છે. જે નિજકલ્યાણ કરવા માગે છે તે સૌ પ્રથમ તો એ નક્કી કરે છે કે કોણે આત્મા જાણ્યો છે. તેનો નિર્ણય કર્યા બાદ તે તેની પાસેથી આત્માનું સ્વરૂપ સમજે છે. નિજકલ્યાણ માટે તે સાંસારિક પ્રવૃતિમાંથી થોડી નિવૃતિ પણ લે છે. તે વાત આ પ્રકારે સમજાવવામાં આવી છે.

| | ભેદ ઉપચાર રત્નત્રય | અભેદ અનુપચાર રત્નત્રય |
|---|---|---|
| જ્ઞાન | સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ અને | આત્માનું જ્ઞાન |
| દર્શન | કુદેવ-શાસ્ત્ર-ગુરુ વચ્ચેનો વિવેક | આત્માનું શ્રદ્ધાન |
| ચારિત્ર | અશુભની નિવૃત્તિ અને શુભની પ્રવૃતિ | આત્મામાં એકાગ્રતારૂપનું ચારિત્ર |

અહીં પહેલા ભેદ ઉપચાર રત્નત્રય અને પછી અભેદ અનુપચાર રત્નત્રય એમ ભેદ લેવામાં આવે છે. બન્ને સાથે હોય એ રીતે લીધું નથી.

આચાર્ય ભગવંત અન્ય પાત્ર જીવને દીક્ષા-શિક્ષાના દેનારા પણ છે. આ રત્નત્રય ગુરુપદરૂપ છે.

દાન દેવાની વાત છે ત્યાં ચતુર્વિધદાનમાં આહારદાન -અભયદાન-ઔષધદાન અને શાસ્ત્રદાન એ ચાર આવે છે. તેથી ખ્યાલ રહે કે મુનિને દાન દેવાની જ વાત કરવા માગે છે. અન્ય અનેક પ્રકારના દાન-શુભભાવરૂપે હોય છે પરંતુ અહીં તેની વાત નથી. આ રીતે આ ગાથામાં પાત્ર જીવ કેવા પ્રકારના શુભભાવો કરે છે તે કહ્યું છે. જે અશુભભાવને છોડીને આ શુભભાવ કરે છે. તેમાં પ્રતિકૂળ સંયોગો પ્રત્યે દ્વેષનો ભાવ અને બાહ્ય વિષયોને ભોગવવામાં રતિ એની મુખ્યતાથી વાત કરવામાં આવી છે.

### ◆ ગાથા - ૭૦

**શુભયુક્ત આત્મા દેવ યા તિર્યંચ વા માનવ બને;**
**તે પર્યયે તાવત્સમય ઈંદ્રિયસુખ વિધવિધ લહે. ૭૦.**

***શુભોપયોગ યુક્ત આત્મા તિર્યંચ, મનુષ્ય અથવા દેવ થઈને, તેટલો કાળ વિવિધ ઈન્દ્રિય સુખને પામે છે.***

| | | |
|---|---|---|
| શુભભાવ | ઈન્દ્રિય સુખ | દેવ-મનુષ્ય-તિર્યંચના દેહ |
| કારણ | તેનું કાર્ય-ફળ | તે સુખ ભોગવવાનું સ્થાન |

આ ગાથામાં આચાર્યદેવ એમ દર્શાવે છે કે જે જીવ શુભભાવ કરે છે તેને ઈન્દ્રિય સુખ પ્રાપ્ત થાય છે. શરીર એ સુખ ભોગવવાનું સ્થાન છે. જીવ જે સમયે જે પ્રકારના પરિણામને કરે છે તે સમયે તે તેનું ફળ ભોગવે છે એ વાત અહીં લેવા માગતા નથી. અહીં તો પૂર્વે કરેલા શુભભાવનું ફળ એ જીવ, પુણ્ય પ્રકૃતિ ઉદયમાં આવે ત્યારે, ભોગવે છે. તે ઈન્દ્રિય સુખ દેહલક્ષી છે. અર્થાત્ જીવ સુખ-દુઃખની કલ્પના દેહમાં કરે છે. ઈન્દ્રિય સુખ જીવના પરિણામ હોવા છતાં તેનો આરોપ દેહમાં કરે છે.

ચાર ગતિમાં અહીં નરકગતિની વાત નથી લીધી. સામાન્ય રીતે મનુષ્ય અને દેવ એ ગતિ સુખ ભોગવવાના સ્થાનરૂપે ગણાય છે. તિર્યંચગતિમાં પણ શુભભાવનું ફળ ભોગવવા મળે છે. ખ્યાલ રહે કે આયુષ્યનો (ગતિનો) બંધ તો આખી જીંદગીમાં એકવાર થાય છે અને તે સમયે જેવા ભાવ હોય તેવી ગતિ મળે છે. આખી જીંદગી શુભભાવો કર્યા હોય પરંતુ કોઈ કપટના ભાવ સમયે આયુષ્યનો બંધ પડે તો તે પછીના ભવમાં તિર્યંચ થઈને શુભભાવનું ફળ ભોગવે છે. આ રીતે શુભભાવનું ફળ શું છે અને તે ભોગવવાના સ્થાન ક્યા છે તે વાત અહીં લેવામાં આવી છે. આપણને વર્તમાનમાં મનુષ્ય અને તિર્યંચ બે જ ગતિ ખ્યાલમાં આવે છે પરંતુ સ્વર્ગ અને નર્ક પણ છે. તે વાત ન્યાય યુક્તિથી સિદ્ધ થઈ શકે છે. દૃષ્ટાંતઃ એક વ્યક્તિનું ખૂન કરનારને કદાચ સજા થાય તો પણ એકવાર ફાંસી મળે. અનેકના ખૂન કરનારને શિક્ષાની કોઈ વ્યવસ્થા અહીં નથી. પરંતુ કુદરતમાં છે. નરકગતિ એ એવા ક્રુર પરિણામનું ફળ ભોગવવાનું સ્થાન છે. એ જ રીતે સુખનું સ્થાન સ્વર્ગ છે.

### ◆ ગાથા - ૭૧

**સુરનેય સૌખ્ય સ્વભાવસિદ્ધ ન - સિદ્ધ છે આગમ વિષે;**
**તે દેહવેદનથી પીડિત રમણીય વિષયોમાં રમે. ૭૧.**

***(જિન દેવના) ઉપદેશમાં સિદ્ધ છે કે - દેવોને પણ સ્વભાવ નિષ્પન્ન સુખ નથી; તેઓ (પંચેન્દ્રિયમય) દેહની વેદનાથી પીડિત હોવાથી રમ્ય વિષયોમાં રમે છે.***

સ્વભાવ નિષ્પન્ન સુખ- અર્થાત્ સત્ય -

પારમાર્થિક સહજ સુખ તો માત્ર પરમાત્માને જ છે. ઉપલક્ષણથી આત્મ જ્ઞાનીને છે. તે સિવાય અન્ય કોઈને સહજ સુખ નથી. આ ચારેય ગતિના જીવો સ્વભાવથી (વિભાવ સ્વભાવથી) દુઃખી જ છે. આવું ભગવાનની વાણીમાં આવ્યું છે. સર્વજ્ઞના જ્ઞાનમાં આવ્યું છે. કોઈ માણસ સુખી છે. તેની પાસે અનેક પ્રકારની સુખની સામગ્રીઓ છે. તે એ બધાનો ભોગ-ઉપભોગ કરીને ઈન્દ્રિય સુખને અનુભવે છે. બીજા તેને સુખી માને છે. હું સુખી છું એવું એ પણ જાણે છે. માને છે. હવે જયારે પરમાત્માની વાત આવે ત્યારે પરમાત્મા જાણે છે કે તે (સંસારી જીવ) સુખી નથી. તે દુઃખથી છૂટવા માટેના પ્રયત્નો કરે છે. જેને સુખનો ઉપભોગ માનવામાં આવે છે તેને પરમાત્મા ક્ષણિક ઈલાજરૂપે અથવા ખરેખર ખોટા ઈલાજરૂપે જાણે છે.

અજ્ઞાની જીવ નિરંતર જે પ્રવૃત્તિ કરે છે તે કાર્ય છે. તેના ઉપરથી તેનું તારણ શોધીને પરમાત્મા કહે છે કે તે જીવ દુઃખી છે. જો દુઃખ ન હોય તો તેને દૂર કરવાનો ઈલાજ પણ ન હોય. ઈલાજ કરે છે તે પોતે દુઃખી હોવાની સાબિતી આપે છે.

શુભભાવ તેનું ફળ ઈન્દ્રિય સુખ તે સુખ ભોગવવાનું સ્થાન એ દેવગતિ એવું એકવાર કહીને હવે આ ગાથામાં એ બધું ખરેખર દુઃખ જ છે. એમ નક્કી કરાવે છે.

જે મનુષ્યાદિ શરીરને સુખને ભોગવવાના સ્થાનરૂપે દર્શાવવામાં આવ્યું છે. તે જ શરીર ખરેખર તો દુઃખનું સ્થાન છે. અનિત્ય ભાવના, અશુચિ ભાવના, અશરણ ભાવના, આ બધી ભાવનાઓ શરીરને દુઃખના સાધનરૂપે સિદ્ધ કરે છે. શરીરના રોમેરોમ અનેક રોગ ભર્યા છે. શરીરના પ્રત્યેક દ્વારથી અશુચિ જ નિતરે છે. ઈત્યાદિ પ્રકારે ભાવના નિરંતર ભાવવા યોગ્ય છે.

ટીકાકાર આચાર્યદેવ જીવ અને શરીર વચ્ચેના સંબંધને કઈ રીતે દર્શાવે છે તે સમજવા જેવું છે. અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાનના કારણે દુઃખી છે એ વાત કાયમ રાખીને અહીં શરીર જીવને દુઃખ આપે છે એમ સમજાવવા માગે છે. જીવનું સ્થાન એક ગુલામ જેવું છે. અહીં શરીરને ''પિશાચ'' કહ્યું છે. એ ભાવ સમજવા જેવો છે. મકાન, કપડા તથા ખોરાક પાણીની જરૂર શરીરને છે. આપણું શરીર આહારથી જ ટકે છે. શરીર સ્વયં અચેતન છે. તે પોતાની મેળે કેવી રીતે ખોરાક મેળવી શકે ? ત્યારે આપણને ખ્યાલ આવે કે શરીરનો પોષણ પહોંચાડનાર જીવ છે. જીવે શરીરમાં હુંપણું માન્યું છે. તેથી જે શરીરને મળે તે પોતાને મળ્યું એમ માને છે. જેનાથી શરીર ટકે ત્યાં સુધી પોતે ટકે છે એવું માને છે. શરીરના નાશથી પોતાનો નાશ માને છે. આ બધુ શું છે તેનો વિચાર કરીએ ત્યારે આપણને લાગે કે જીવ જ આ પ્રકારે માને છે માટે કરે છે. તેમાં શરીરનું કાંઈ નથી. અર્થાત્ જીવ પોતાના અજ્ઞાન અનુસાર આ પ્રમાણે કરે છે એવું આપણે ખ્યાલમાં લીધું છે. હવે અહીં આચાર્યદેવ એ વાતને જાુદી રીતે રજાુ કરે છે. શરીરને ઈચ્છા નથી કારણકે તે ચેતન સ્વરૂપ નથી. પરંતુ શરીરને પોતાની માગણી જરૂર છે. જીવનું સ્થાન શરીરના ગુલામ તરીકેનું છે. ગુલામી મનોવૃત્તિ એ અજ્ઞાનીનું જીવન છે. ગુલામને પોતાની માગણી પોતાની જરૂરિયાત તેનો કોઈ વિચાર જ નતી. માલિકની જે જરૂરિયાત હોય તેનો જે તે વિચાર કરે છે. માલિકની અનુકૂળતા એ જ એનું જીવન છે. તેનો પોતાનું સ્વતંત્ર કોઈ જીવન જ નથી. આને આપણે ગુલામી મનોદશા કહીએ છીએ. અજ્ઞાની જીવની એ સ્થિતિ છે. તે રીતે વિચારતા ઉપરોક્ત જે અજ્ઞાનીની માન્યતાની વાત કરી તે બધી ગુલામી મનોદશાનું જ વર્ણન છે. જીવ શરીરના સુખે સુખી છે અને શરીરના દુઃખે દુઃખી છે. આ વાત થઈ મનોવૃત્તિની. હવે આચાર્યદેવ જયારે શરીરને પિશાચ સાથે સરખાવે છે ત્યારે પિશાચ શું કરે છે. તેનો વિચાર કરીએ. પિશાચની પોતાની

મનોવૃત્તિ એવી છે કે બીજાને પીડા ઉપજાવીને રાજી થવું. એ દૃષ્ટિએ વિચાર કરીએ ત્યારે શરીર શું કરે છે ? જન્મથી મરણ સુધીના કાળપર્યંત જીવ ગુલામની જેમ શરીરની જરૂરિયાતને સંતોષતો રહે છે તોપણ શરીર તે જીવને દુઃખ પહોંચાડે છે. જેમ આપણે આપણું કાર્ય સિદ્ધ કરવા માટે સામ-દામ-ભેદ-દંડ બધાનો પ્રયોગ કરીએ છીએ તેમ શરીર પણ કયારેક જીવને થોડું સુખ પણ ઉપજાવે છે પરંતુ તેનું પ્રયોજન તો જીવ મારફત પોતાનું કાર્ય કઢાવવાનું જ છે. દૃષ્ટાંતમાં ગુલામને રહેવા માટે ઓરડી અને ખાવાનું મળે એમ કયારેક જીવને ક્ષણિક આભાસરૂપ સુખની પ્રાપ્તિ થાય ખરી - પરંતુ તેતો તેની પાસેથી કામ કઢાવવા માટે જ છે.

શરીરનું મુખ્ય કામ તો જીવને પીડા પહોંચડાવાનું જ છે. તે કઈ રીતે હવે વિચારીએ. દૃષ્ટાંત લઈએ. કોઈ વ્યક્તિ અન્યને લૂંટી લેવા માગે છે પરંતુ પોતે સીધો એ કામ કરવા માગતો નથી તો તે અન્યને સોપારી આપીને કામ કરાવે છે. એવું કરવા જતા તે વ્યક્તિને સજા પણ થાય - પરંતુ તેના વળતર રૂપે તો તેણે સોપારી આપી જ છે. હવે અહીં એ વાત સિદ્ધાંતમાં કઈ રીતે લાગુ પડે છે તે જોઈએ. શરીરને - આહાર - પાણી વગેરેની જરૂરિયાત છે. શરીર પોતાની મેળે તે મેળવી શકે તેમ નથી. તેથી તે જીવ મારફત તે મેળવવાની ગોઠવણ કરે છે. તેના વળતરરૂપે, સોપારીરૂપે, શરીર તેને થોડું ઈન્દ્રિય સુખ આપે પણ છે. હવે આહાર-પાણી શરીરને પહોંચાડવાનું કામ જીવરૂપી ગુલામ કરે તો છે. પરંતુ તેમ કરવા જતા તેને ભયંકર શિક્ષા સહન કરવી પડે છે. જીવ વિષયો તરફ ધસે છે તેને અહીં ભૃગુપ્તપ્રપાત સાથે સરખાવવામાં આવે છે. પર્વત ઉપરથી ખીણમાં પડવું એટલે અનિવાર્ય મૃત્યુ. તેમ વિષયો તરફ ધસવું અર્થાત્ હિતબુદ્ધિપૂર્વક સંયોગો તરફ ધસવું એટલે ભાવમરણ. આહારની જરૂર શરીરને છે. આહાર શરીરને મળે છે. તે આહાર મન મળ્યો એવું અજ્ઞાની માની બેસે છે. આ ગાથામાં આચાર્યદેવે સામાન્ય લાગતી એવી બાહ્ય વિષય પ્રવૃત્તિને પણ કેવી રીતે દર્શાવી છે તે ખ્યાલમાં લેતાં આપણને આચાર્યદેવ પ્રત્યેનું બહુમાન વધી જાય છે. સુખની પ્રવૃત્તિને ભાવમરણ એવું સ્વરૂપ આચાર્યદેવે આપ્યું છે.

## ◆ ગાથા - ૭૨

**તિર્યંચ-નારક-સુર-નરો જો દેહગત દુઃખ અનુભવે,**
**તો જીવનો ઉપયોગ એ શુભ ને અશુભ કઈ રીત છે ? ૭૨.**

***મનુષ્યો, નારકો, તિર્યંચો અને દેવો જો દેહોત્પન્ન દુઃખનો અનુભવે છે, તો જીવોનો તે (શુદ્ધપયોગથી વિલક્ષણ–અશુદ્ધ) ઉપયોગ શુભ અને અશુભ બે પ્રકારનો કઈ રીતે છે ? (અર્થાત્ નથી).***

| દ્વૈત | | | અદ્વૈત |
|---|---|---|---|
| શુભ | અશુભ | ⟷ | ભાવકર્મ |
| પુણ્યપ્રકૃતિ | પાપપ્રકૃતિ | ⟷ | દ્રવ્યકર્મ |
| અનુકૂળ સંયોગો | પ્રતિકૂળ સંયોગો | ⟷ | પોતાથી ભિન્ન માત્ર સંયોગો જ |
| દેવ-મનુષ્ય | તિર્યંચ-નારકી | ⟷ | ચતુર્ગતિ |
| ઈન્દ્રિયસુખ | ઈન્દ્રિયદુઃખ | ⟷ | માત્ર દુઃખ |

આ બધી ગાથાઓમાં ઉપરોક્ત પ્રકારે દ્વૈત અને અદ્વૈત દર્શાવવમાં આવ્યું છે. આ બધાનો સાથે વિચાર કરીએ તો ત્યાં ભાવકર્મ-દ્રવ્યકર્મ અને નોકર્મ એ ત્રણ વચ્ચેના અનેક પ્રકારના નિમિત્ત નૈમિત્તિક સંબંધો ખ્યાલમાં આવે છે.

આ ગાથામાં ચાર ગતિમાં જીવને સમાનપણે દુઃખ છે. એમ સમજાવવામાં આવે છે. જ્યાં દુઃખનો અનુભવ છે તેને તો બધા દુઃખ માને છે. આ ગાથાઓનું પ્રયોજન તો જે જીવ સુખ માને છે - અનુભવે છે - તે ત્યારે પણ દુઃખી છે એ દર્શાવવાનું છે. અહીં ઈન્દ્રિયસુખ-દુઃખના પ્રતિપક્ષમાં અતીન્દ્રિય સુખ લઈને તેની અપેક્ષાએ આ બન્ને દુઃખ છે એમ નથી લેવું પરંતુ જેને ઈન્દ્રિય સુખ ગણીએ છીએ તે ખરેખર દુઃખથી છૂટવાનો ક્ષણિક ઈલાજ છે. ખરેખર તો ખોટો ઈલાજ છે માટે ત્યાં દુઃખ જ છે એમ સમજાવવાનો છે. આગલી ગાથામાં શરીરને પિશાચની ઉપમા આપીને તેનું કાર્ય જીવને દુઃખ પહોંચાડવાનું જ છે. એમ સિદ્ધ કર્યું છે તેથી અહીં કહે છે કે ચાર ગતિમાં જીવ ગમે તે ગતિમાં હોય ત્યાં તેને દેહ તો પ્રાપ્ત થવાનો જ છે. જેણે દેહના અસ્તિત્વને જ પોતાનું અસ્તિત્વ માન્યું છે. તેને ફરીફરીને દેહ અવશ્ય પ્રાપ્ત થાય છે દેહ તે જ અજ્ઞાનીનું જીવન છે-સર્વસ્વ છે. હું દસ પ્રાણથી જીવું છું એવી જ એની માન્યતા છે પોતે જીવત્વ શક્તિથી જીવે છે એવો એને ખ્યાલ પણ નથી. મરીને જે દેહમાં જાય ત્યાં મારાપણું કરીને નવી જીંદગી શરૂ કરી દે છે. તેવો જીવ જ્યારે ગુરુગમે સાચી વાત સમજે ત્યારે દેહાધ્યાસ છોડે છે. શરીર દુઃખમાં જ નિમિત્ત છે એવો ખ્યાલ કરીને દેહ પ્રત્યેનું મમત્વ છોડે છે. તેથી દેહનું અસલ સ્વરૂપ શું છે તે અહીં સમજાવે છે અને કહે છે કે જો ચારેય ગતિમાં જીવ દુઃખી છે તો જીવના શુભ અને અશુભ ઉપયોગના દ્વૈતનું શું પ્રયોજન છે ?

## ◆ ગાથા - ૭૩

**ચક્રી અને દેવેન્દ્ર શુભ-ઉપયોગમૂલક ભોગથી**
**પુષ્ટિ કરે દેહાદિની, સુખી સમ દીસે અભિરત રહી. ૭૩.**

***વ્રજધરો અને ચક્રધરો (ઈન્દ્રો અને ચક્રવર્તીઓ) શુભોપયોગ મૂલક (પુણ્યોના ફળરૂપ) ભોગો વડે દેહાદિની પુષ્ટી કરે છે અને (એ રીતે) ભોગોમાં રત વર્તતા થકા સુખી જેવા ભાસે છે. (માટે પુણ્યો વિદ્યમાન છે ખરા)***

આચાર્યદેવ મૂળ વિષયને વળગીને એ જ સિદ્ધાંત બીજી રીતે સમજાવે છે. અજ્ઞાનીએ શરીરમાં હુંપણું માન્યુ છે. બાહ્ય વિષયોમાંથી જે સુખ મળે છે તે મને મળે છે. એટલે કે શરીરને મળે છે. તેમાં ભોગ-ઉપભોગની સામગ્રીની મુખ્યતા રાખીને તે વિચારે છે. શરીર સુંદર રહે, નિરોગી રહે, સશક્ત રહે તે માટે તે આહાર-પાણી અને અન્ય સામગ્રીનો તે માટે ઉપયોગ કરે છે તેથી આ ગાથામાં તે દેહાદિની પુષ્ટી કરે છે એમ માની લીધું છે. કેટલાક જીવો ખાઈ-પીને મોજ-મઝા કરવામાં જ પોતાના જીવનની ચરિતાર્થથા માને છે. સ્વર્ગના દેવને આજીવિકા માટે કાંઈ મહેનત કરવાની રહેતી નથી. તેથી તેનો સમય તો અનેક પ્રકારના આનંદ પ્રમોદમાં જ પસાર થાય છે તેમાં અહીં શરીરની પુષ્ટીની મુખ્યતા લીધી છે.

મૂળ ગાથાના ભાવને સ્પષ્ટ કરવા અને તે સુખના સાધનો સુખની ક્રિયા ખરેખર દુઃખના કારણરૂપ છે તેની સમજણ આપવા માટે ટીકાકાર આચાર્યદેવ એક સુંદર દૃષ્ટાંત આપે છે. એ સમયમાં પ્રચલિત રોગના ઈલાજની વાત કરે છે. શરીરમાં કોઈ ભાગમાં ખરાબ લોહી ભેગું થયું હોય તો તેને કાઢવા માટે જળોનો ઉપયોગ થતો હતો જળો એક જીવડું છે જે આવા ખરાબ લોહીને ચુસીને પી જાય છે. તેને તેનાથી ધરવ જ (તૃપ્તિ) નથી થતી તેથી તેનું પેટ ફાટે ત્યાં સુધી લોહી ચૂસ્યા કરે છે અને

પછી ચામડી ઉપરથી ખરી પડે છે. અહીં જળો દૂષિત લોહીની ઘરાક છે એવું સમજાવવા માગે છે. વિષ્ટાના કીડાને-ઈયળને વિષ્ટામાં જ મઝા આવે. પૂ. ગુરુદેવશ્રી વિષ્ટાના અને ગુલાબના વનના ભમરાનો દૃષ્ટાંત આપતા. વિષ્ટાના ભમરાને ગુલાબના વનમાં આવવા માટે આગ્રહ કરે પણ જાય નહીં. પછી એક વાર ગયો ત્યારે નાકમાં વિષ્ટાની બે ગોળી રાખીને ગયો. સમજી શકાય એવું છે કે તેને ગુલાબના વનમાં પણ વિષ્ટાની જ વાસ આવે. આ દૃષ્ટાંત ઉપરથી અજ્ઞાનીની મનોદશા સમજી શકાય તેમ છે. જ્ઞાની તેનું અજ્ઞાન છોડાવવા ગમે તેટલા પ્રયત્નો કરે તોપણ અજ્ઞાની શરીર અને સંયોગોનો પ્રેમ છોડવા તૈયાર થતો નથી. તેને ઈન્દ્રિય સુખમાં જ મઝા આવે છે. તે અતીન્દ્રિય સુખની વાત સાંભળ્યા પછી પણ ઈન્દ્રિય સુખ છોડવા તૈયાર થતો નથી.

બાહ્ય વિષયોનો પ્રેમ - તેની પકડ કેટલી મજબૂત છે કે જ્ઞાનીને પણ અસ્થિરતાનો રાગ સતાવ્યા કરે છે. તે દુઃખરૂપે ખરેખર અનુભવમાં આવે છે તોપણ વધુમાં વધુ અર્ધપુદ્‌ગલ પરાવર્તન જેટલો લાંબો સાધક દશાનો કાળ હોય છે. આ ગાથામાં તો આવા ઈન્દ્રિય સુખો પણ છે એટલું સિદ્ધ કરવું છે પરંતુ ટીકાકાર આચાર્યદેવ એ સાચું સુખ નથી પરંતુ પરમાર્થે દુઃખ જ છે માટે છોડવાલાયક છે એવી પૂર્વભૂમિકા બાંધે છે.

### ◆ ગાથા - ૭૪

**પરિણામજન્ય અનેકવિધ જો પુણ્યનું અસ્તિત્વ છે,**
**તો પુણ્ય એ દેવાન્ત જીવને વિષયતૃષ્ણોદ્‌ભવ કરે. ૭૪.**

***(પૂર્વોક્તરીતે) જો (શુભઉપયોગરૂપ) પરિણામથી ઉપજતાં વિવિધ પુણ્યો વિદ્યમાન છે, તો તેઓ દેવો સુધીના જીવોને વિષય તૃષ્ણા ઉત્પન્ન કરે છે.***

આચાર્યદેવ આ ગાથામાં એવું સમજાવવા માગે છે કે જે પુણ્યના ઉદય અનુસાર પ્રાપ્ત અનુકૂળ સંયોગો છે તેનું એક માત્ર પ્રયોજન જીવમાં તૃષ્ણા ઉત્પન્ન કરવાનું છે. જીવ અનાદિ કાળથી સંયોગોમાં સંયોગી ભાવથી જોડાય છે. જેમ દારૂડિયો જો દારૂના પીઠામાં જાય તો તેને દારૂ પીવાનું મન થયા વિના રહે નહીં. તેમ અજ્ઞાની જીવોને અનુકૂળ વિષયો પ્રાપ્ત થતાં તેમને ભોગવવાની તૃષ્ણા અવશ્ય ઉત્પન્ન થાય. તૃષ્ણાને કારણે જીવ દુઃખી થાય છે માટે પુણ્ય જીવને દુઃખનું કારણ થાય છે.

પાપના ઉદયો - પ્રતિકૂળ સંયોગો દુઃખનું કારણ છે એવું તો બધા માને જ છે. અનુકૂળ સંયોગો દુઃખ દેનારા છે એમ જો જીવ નક્કી કરે તો સંયોગ માત્ર જીવને દુઃખનું કારણ થાય છે એમ નક્કી થાય. અર્થાત્ સમસ્ત કર્મો જીવને દુઃખના કારણ છે એમ સિદ્ધ થાય. જળોને જેમ દુષિત લોહીમાં રસ છે તેમ તૃષ્ણાને બાહ્ય વિષયો ભોગવવામાં રસ છે. જીવ સુખને ઈચ્છે છે. સુખ પોતાના સ્વભાવમાંથી આવે છે પરંતુ અજ્ઞાનીને તેનું ભાન નથી. જે ઈન્દ્રિય સુખ છે તે પણ બાહ્ય અચેતન વિષયોમાંથી નથી આવતું ત્યાંથી આવી શકે જ નહીં. અજ્ઞાની પોતાના સુખ સ્વભાવને સ્વીકારતો નથી તેથી તેને સાચા સુખની પ્રાપ્તિ થતી નથી.

### ◆ ગાથા - ૭૫

**તે ઉદિતતૃષ્ણ જીવો, દુખિત તૃષ્ણાથી, વિષયિક સુખને**
**ઈચ્છે અને આમરણ દુખસંતપ્ત તેને ભોગવે. ૭૫.**

***વળી, જેમને તૃષ્ણા ઉદિત છે એવા તે જીવો તૃષ્ણાઓ વડે દુઃખી વર્તતા થકા, મરણપર્યંત વિષય સુખોને ઈચ્છે છે અને દુઃખથી સુતૃપ્ત થયા થકા (દુઃખ દાહને નહિ સહી શકતા થકા) તેમને ભોગવે છે.***

ચાલુ વિષયને આ ગાથામાં વિશેષ દૃઢ કરે છે. આચાર્યદેવ પુણ્ય અને તેના ફળની જ વાત

લંબાવે છે. પાપ પ્રકૃતિ અને તેના ફળમાં પ્રાપ્ત પ્રતિકૂળ સંયોગો તે જીવને દુઃખ આપે છે. તે તો બધાના અનુભવની વાત છે. અનુકૂળ સંયોગો પ્રાપ્ત થતાં તેને ભોગવવાની તૃષ્ણા જીવને સહજપણે થાય છે. આ અનુભવ અનાદિનો છે. તૃષ્ણાએ ચારિત્રનો દોષ છે. તેના મૂળમાં મિથ્યાત્વ છે. જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી તૃષ્ણા રહેવાની જ. બાહ્ય વિષયને ભોગવી શકું છું એવી માન્યતા છે તેથી ઈચ્છા થયા કરે છે. જેને પોતાના સ્વભાવનો ખ્યાલ નથી, પોતે સ્વયં સુખ સ્વભાવી છે એવું ભાન જેને નથી તે બાહ્યમાંથી સુખ મેળવવા ઝાંવા નાખે છે. જીવ એક છે. બાહ્ય વિષયો અનંત છે. તેથી જેને એક વિષય ભોગવવાની ઈચ્છા થાય છે તેને અનંત વિષયોને ભોગવવાની ઈચ્છાની વણઝાર ચાલુ થઈ જાય છે. અહીં આચાર્યદેવ બીજો દૃષ્ટાંત આપે છે. તૃષ્ણાને બીજરૂપે દર્શાવે છે. વડનું બીજ તદ્દન નાનુ છે. તેમાંથી વડ કેવડો મોટો થાય ? બીજમાંથી મોટું વટવૃક્ષ તૈયાર થાય છે. બીજ તદ્દન નાનુ લાગે પરંતુ તે ખતરનાક છે, એક વિષયને ભોગવવાની તૃષ્ણા સમજવા માટે કુદરતી સૌદર્ય જોવાનું મન થાય અને તે જોઈએ. તદ્દન નિર્દોષ લાગતી ક્રિયા છે. પરંતુ એના ફળમાં અનંત અન્ય વિષયોને ભોગવવાની તૃષ્ણા ઉત્પન્ન થયા જ કરશે એવો ભાવ આચાર્યદેવ દર્શાવવા માગે છે.

તૃષ્ણાનું ફળ જ દુઃખ છે. જીવ અને તેમાં તૃષ્ણાના ભાવ માત્ર આટલો જ વિચાર કરીએ ત્યારે બાહ્યની અનેક સંયોગરૂપ સામગ્રી ત્યાં હાજર હશે તેની આપણે નોંધ પણ નથી લેવી. જીવના આ વિભાવ પરિણામ સ્વયં પોતાથી જ દુઃખરૂપ છે. અહીં અજ્ઞાની જીવની વાત લેવી છે. સાધકને અસ્થિરતાનો રાગ પણ દુઃખરૂપે વેદાય છે પરંતુ તેની વાત નથી કરવી. તે જીવ કેટલા કાળ સુધી આવી તૃષ્ણાનો ભોગ બનશે તેનો જવાબ એ છે કે જીવ ભવપર્યંત અર્થાત્ મરણપર્યંત આવા દુઃખોને ભોગવે છે. તેમને તૃષ્ણા થાય છે અર્થાત્ ભોગવવાની ઈચ્છા થાય છે અને તે પ્રમાણે ભોગવવાની ક્રિયા કર્યા વિના રહી શકતા નથી.

ભાવાર્થમાં એ વાત જાુદી રીતે લીધી છે. જેને પરમાત્મદશા પ્રગટ થઈ નથી તેને અનંત સુખની પ્રાપ્તિ નથી. તેવા જીવોને નિરંતર તૃષ્ણા વર્તે છે. અજ્ઞાનની મુખ્યતા છે. તેથી તેમને વ્યક્ત કે અવ્યક્તપણે પણ તૃષ્ણા નિરંતર હોય જ છે. બાહ્યમાં ત્યાગ ભાવ દેખાય - બાહ્ય વિષયોનો ત્યાગ પણ થાય પરંતુ તે સમયે અન્ય વિષયોની તૃષ્ણા અથવા એવા જ વિષયો ભવિષ્યમાં ભોગવવા મળે એવી ભાવના વ્યક્ત-અવ્યક્તપણે નિરંતર વર્તે છે. આહાર છોડીને ઉપવાસનો ભાવ કરે ત્યારે પણ અવ્યક્તપણે-એ શુભભાવના ફળમાં ભવિષ્યમાં મને ભોગરૂપ સામગ્રી મળે એવો ભાવ હોય છે એવું સમજાવવા માગે છે. માટે તે પરમાર્થે ત્યાગ નથી.

## ◆ ગાથા - ૭૬

**પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;**
**જે ઈંદ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે. ૭૬.**

***જે ઈન્દ્રિયોથી પ્રાપ્ત થાય છે, તે સુખ પરના સંબંધવાળુ, બાધાસહિત, વિચ્છિન્ન, બંધનું કારણ અને વિષમ છે; એ રીતે તે દુઃખ જ છે.***

ઈન્દ્રિય સુખ વિષે પૂર્વે જે વાત આવી ગઈ છે તેનું અહીં પુનરાવર્તન કરવામાં આવ્યું છે. તે સુખ પરના સંબંધવાળુ હોવાથી પરાધીન છે. ત્યાં બાહ્ય વિષયો અને તે વિષયો સુધી પહોંચવા માટે શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો તથા પ્રકાશ-હવા વગેરે અન્ય સાધનોની ઉપસ્થિતિ જરૂરી હોવાથી ત્યાં પરાધીનતા છે. એક વિષયને ભોગવતા જે ઈન્દ્રિય સુખનો અનુભવ થાય છે તે જ સમયે અન્ય અનેક વિષયોને ભોગવવાની ઈચ્છા જન્મે છે. તેથી તે ઈચ્છાઓને કારણે દુઃખનો અનુભવ વર્તે છે માટે ઈન્દ્રિય સુખ

બાધા સહિત છે. જે સુખનો અનુભવ છે તે કર્મોદયનું ફળ છે. શાતા-અશાતા વેદનીય કર્મો તેનો અબાધાકાળપૂર્ણ કરીને સમયે સમયે ઉદયમાં આવ્યા જ કરે છે તેથી પુણ્યોદય અનુસાર ભવ્ય બંગલો બંધાવીને રહેવા જાય ત્યાં અશાતાના ઉદય અનુસાર ધરતીકંપમાં આખો બંગલો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ જાય માટે ઈન્દ્રિય સુખ વિચ્છિન્ન છે. તે ઈન્દ્રિય સુખમાં અનેક પ્રકારના હિનાધિકતાના ભેદો થયા કરે છે કારણકે પુણ્યના ઉદયોમાં તેની અનુભાગ શક્તિ તે પ્રકારની હોય છે માટે આ સુખ વિષમ છે.

આપણા વિચાર માટે સૌથી ઉપયોગી વાત એ છે કે એ સુખ બંધનું કારણ છે. જીવ જયારે વિષયોનો ઉપભોગ કરી રહ્યો છે ત્યારે તે વિષયને ભોગવવાનો ભાવ હોય છે. તે ભાવ જીવને નવા કર્મબંધનું કારણ થાય છે. તેથી આ સુખની પ્રવૃત્તિની સાથે બંધના કારણો વણાયેલા છે. ભોગવટાનો ભાવ વર્તમાનમાં નવીન કર્મબંધ તો કરે જ છે, પોતે વર્તમાનમાં તો પોતાના વિભાવના કારણે દુઃખનો અનુભવ કરે જ છે. પરંતુ નવા બંધાયેલા દ્રવ્યકર્મો જયારે ભવિષ્યમાં ઉદયમાં આવશે ત્યારે જીવને તેના તરફ આકર્ષીને ફરીને તેના દુઃખના કારણો થશે. આ વાતને લક્ષમાં લેવાથી સમજી શકાય છે કે સુખની પ્રવૃત્તિ ખરેખર દુઃખના કારણરૂપ છે.

## ◆ ગાથા - ૭૭

**નહિ માનતો - એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,**
**તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭.**

***એ રીતે પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો, તે મોહાચ્છાદિત વર્તતો થકો ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે.***

ચાલુ વિષયને આચાર્યદેવ આ ગાથામાં સંકેલી લે છે. આર્યવૃત્તિવાળા પાત્ર જીવને અશુભ ભાવો અને ઈન્દ્રિય દુઃખ તો દુઃખરૂપ લાગે છે. તે છોડવા જેવા લાગે છે. અને તેના છોડવા માટેના પ્રયત્નો પણ કરે છે. ઈન્દ્રિય સુખમાં તેને મઝા પડે છે. પોતાને સુખનો અનુભવ થાય છે માટે તેની મધલાળ છૂટતી નથી. માત્ર એટલું જ નહીં પરંતુ પોતાને થતો સુખનો અનુભવ તેના મિથ્યાત્વને દૃઢ કરે છે. હું બાહ્ય વિષયો ભોગવી શકુ છું અને તેને ભોગવતા સુખ થાય છે એવી માન્યતા અજ્ઞાની જીવને છે. હવે બાહ્ય વિષયને ભોગવતા જેને સુખનો અનુભવ થાય છે તેને પોતાની માન્યતા ખોટી હતી એવું વિચારવાનો અવકાશ જ ન રહે. પરંતુ તે પોતાની ઊંધી માન્યતાને પુષ્ટ કરે છે. આચાર્યદેવ સુખની પ્રવૃત્તિને દુઃખથી છૂટવાના ક્ષણિક ઈલાજરૂપે દર્શાવે છે. તે ખોટો ઈલાજ છે એવું દર્શાવવા માગે છે. આ હેતુને લક્ષમાં રાખીને આ બધી ગાથાઓમાં આચાર્યદેવે અનેક પ્રકારની ન્યાય-યુક્તિ આપીને એ વાત દૃઢ કરાવી છે. ઈન્દ્રિય સુખએ સુખ નથી પરંતુ દુઃખ છે, વર્તમાનમાં દુઃખરૂપ છે અને ભવિષ્યના અનંતકાળ માટે દુઃખના કારણરૂપ છે એવું સમજાવ્યું છે.

જ્ઞાનીનું જ્ઞાન જે રીતે વસ્તુના સ્વરૂપને, વસ્તુની વ્યવસ્થાને લક્ષમાં લે છે. તે રીત સાચી છે માટે પાત્ર જીવે પણ તે રીતે વિચારવાની ટેવ પાડવી જરૂરી છે. જ્ઞાનીની વાત સાચી છે. એમ પ્રથમ પોતાના બહિર્લક્ષી જ્ઞાનમાં, અનુમાન જ્ઞાનમાં, નક્કી કરવું જોઈએ પરંતુ એટલું જ પર્યાપ્ત નથી. પોતાને એ પ્રવૃત્તિઓ દુઃખરૂપે અનુભવમાં આવે તે જરૂરી છે. આ પ્રકારનું ભાવભાસન આત્મકલ્યાણ માટે ઉપયોગી છે. એ સુખરૂપ ન લાગે તેમાં રસ ન આવે એટલેથી અટકવા જેવું નથી. તે દુઃખરૂપ લાગે તે જરૂરી છે.

ઈન્દ્રિય દુઃખ તો દુઃખરૂપ લાગે જ છે પરંતુ જયારે ઈન્દ્રિય સુખ પણ દુઃખરૂપ લાગે ત્યારે તે પોતાની ઊંધી માન્યતાને પડકાર કરશે. બાહ્યમાંથી

સુખ મળે છે એવું તું કહેતો હતો ને! મને તો બાહ્યવૃત્તિના ફળમાં એકાંતે દુઃખ જ મળ્યું. તારી વાત ખોટી છે. તારી માન્યતા ખોટી છે. આ રીતે ચારિત્રના અનુભવના જોરમાં તે શ્રદ્ધ ગુણને પડકાર કરે છે અને તે પ્રમાણે થાય ત્યારે જ મિથ્યા માન્યતા ફરે. જે ચારિત્રના પરિણામો-ઈચ્છા અને ભોગવટાના ભાવો-ઈન્દ્રિય દુઃખ અને સુખરૂપના અનુભવના કારણે મિથ્યાત્વની પુષ્ટિ કરતાં હતા તે ચારિત્રના ભાવો હવે મિથ્યાત્વને મંદ કરવાના અને દૂર કરવાના કારણો બને છે.

જીવ અસંજ્ઞી છે ત્યાં સુધી તો અનાદિના સંસ્કારના કારણે સંયોગોમાં સંયોગીભાવથી જોડાય છે. ત્યાં તેને બીજો અવકાશ નથી. પોતાની ભૂલને કારણે જ પોતે એવી લાચાર પરિસ્થિતિમાં મૂકાયો છે. તે જીવ જયારે સંજ્ઞી પંચેન્દ્રિય થાય ત્યારે પોતાના હિતાહિતનો વિવેક કરી શકે એવો જ્ઞાનનો ઉઘાડ લઈને આવ્યો છે. પરંતુ મોટે ભાગે તે દિશામાં તે વિચારતો નથી માટે ભવના અભાવનું કામ થતું નથી.

અહીં તો જે જીવ આત્મકલ્યાણ કરવાની ભાવનાવાળો છે, જે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુના યોગમાં આવ્યો છે. જે આ સત્શાસ્ત્રના અભ્યાસમાં લાગ્યો છે તેવા જીવની વાત છે, જયારે આચાર્યદેવ ઈન્દ્રિય સુખ પણ દુઃખરૂપ છે એવું ન્યાયયુક્તિથી સિદ્ધ કરે છે. તેનો અભ્યાસ કર્યા બાદ પણ પોતે તે અંગે સ્વતંત્ર ચિંતવન નથી કરતો, એવી ઈન્દ્રિય સુખરૂપની પ્રવૃત્તિ પણ જેને ગુરુગમે દુઃખરૂપ અનુભવમાં નથી આવતી તેને માટે હજી અનંત સંસાર ઊભો છે એવું આચાર્યદેવ સમજાવવા માગે છે.

આ ગાથાની ટીકામાં આચાર્યદેવ શુભભાવથી શરૂ કરીને ઈન્દ્રિય સુખ સુધી અને અશુભ ભાવથી લઈને ઈન્દ્રિય દુઃખ સુધીના બધા દ્વૈતને છોડાવવા માગે છે. આ બધા વચ્ચે તફાવત લક્ષમાં લેવો તે અજ્ઞાનજન્ય ભાવ છે એવું સમજાવવા માગે છે. અજ્ઞાની જીવ જ્યાં સુધી મિથ્યાત્વની ભૂમિકામાં સ્થિત છે ત્યાં સુધી તેને શુદ્ધ ઉપયોગની ગંગોત્રી એવા પોતાના જ્ઞાયક સ્વભાવની સામે જોવાનું પણ મન થતું નથી. સ્વભાવના શક્તિરૂપ સામર્થ્યથી તે અજાણ છે. બાહ્યનો મહિમા અને પ્રેમ એટલો છે કે તેને સ્વભાવનો તિરસ્કાર વર્તે છે. બાહ્ય વિષયોને એક પછી એક ગ્રહણ કરે છે પરંતુ તેમાં કયારેય પોતાના સ્વભાવનો વારો આવતો નથી તેને શાસ્ત્રમાં અનંતાનુબંધીનો ક્રોધ કહ્યો છે. દ્વેષ અરોચક ભાવ-અજ્ઞાનીને પોતાના સ્વભાવ પ્રત્યે જ અનંત ક્રોધ છે. જે પોતે અજ્ઞાનમય ભાવને કરે છે. તેની માન્યતામાં પણ ''રાગને કરે તે જીવ'' એવો જ ખ્યાલ છે. જેને એવો ખ્યાલ છે તેના પરિણામમાં પણ રાગ જ થાય. અર્થાત્ તેના પરિણામોમાં શુભાશુભ ભાવનું દ્વૈત રહ્યા જ કરે. આ વિભાવભાવો એકસરખા રહે નહીં તેથી શુભ અને અશુભ ભાવોના પલટા થયા કરે. આવું ક્યાં સુધી? અનંતકાળ સુધી. અર્થાત્ સંજ્ઞીપણુ પ્રાપ્ત થયા બાદ પણ જે સ્વભાવ દૃષ્ટિ નથી કરતો તે અલ્પ સમયમાં ફરી પોતાના નિત્ય સ્થાન એવા નિગોદમાં લાંબા કાળ સુધી ચાલ્યો જાય છે. શુભ અને અશુભ ભાવ પ્રત્યે ભેદ પાડીને શુભ ભાવને કરવા જેવા માનવાના ફળમાં અનંત સંસાર ઉભો છે.

### ◆ ગાથા - ૭૮

**વિદિતાર્થ એ રીત, રાગદ્વેષ લહે ન જે દ્રવ્યો વિષે,**
**શુદ્ધોપયોગી જીવ તે ક્ષય દેહગત દુઃખનો કરે. ૭૮.**

***એ રીતે વસ્તુ સ્વરૂપ જાણીને જે દ્રવ્યો પ્રત્યે રાગ કે દ્વેષને પામતો નથી, તે ઉપયોગ વિશુદ્ધ વર્તતો થકો દેહોત્પન્ન દુઃખનો ક્ષય કરે છે.***

આચાર્યદેવની વાત સાંભળીને, સમજીને, વિચારીને પાત્ર જીવ શુભાશુભ ભાવોનું દ્વૈત દૂર

કરે છે. બન્ને વિભાવ ભાવો છે. આત્માની શાંતિ દાઝે ત્યારે ઉત્પન્ન થનારા છે તેથી એકાંતે દુઃખરૂપી ફળને આપનારા છે એવું સમજીને જે તે બન્ને ભાવોને છોડે છે. અશુભ ભાવો તો દુઃખ દેનારા છે માટે છોડવા તૈયાર થયેલો તે હવે શુભ ભાવો પણ દુઃખના જ કારણો છે તેમ જાણે છે તેથી તે શુભાશુભ ભાવને છોડીને શુદ્ધોપયોગને ગ્રહણ કરે છે. શુભાશુભ ભાવો અને શુદ્ધોપયોગ બધા ચારિત્રના પરિણામો છે. પરમાં એકત્વબુદ્ધિ અને હિતબુદ્ધિ એવું મિથ્યાત્વ અને અજ્ઞાન જ્યાં સુધી જીવિત છે ત્યાં સુધી શુભાશુભ ભાવો જ થાય. જયારે પોતાના જ્ઞાન અને શ્રદ્ધાનમાં જ્ઞાયકને લક્ષમાં લે, પરથી ભિન્નરૂપે લક્ષમાં લે ત્યારે જ શુભાશુભ ભાવોના સ્થાને શુદ્ધોપયોગની દશા પ્રગટ થાય છે. તેથી ટીકામાં સૌ પ્રથમ જ્ઞાન અને શ્રદ્ધાનની વાત લીધી છે. જ્ઞાનીની શ્રદ્ધામાં શુભ અને અશુભ બન્ને ભાવો દુઃખરૂપ છે એમ છે, જ્ઞાનીના જ્ઞાનમાં સ્વ-પરનો વિવેક છે. મારું સર્વસ્વ મારામાં જ છે. બાહ્ય વિષયો અનંત છે તે બધા મારાથી અત્યંત ભિન્ન છે માટે તે કોઈ મને હિતાહિતનું કારણ નથી એવું શ્રદ્ધાન અને જ્ઞાન હોવાથી તે જ્ઞાનમાં સ્વ અને પરનું જુદાપણું પણ સ્પષ્ટ ભાસે છે અને અન્ય દ્રવ્યોમાં રાગ-દ્વેષ એવું દ્વૈત થતું નથી. જ્યાં હિત લાગે ત્યાં રાગ થાય અને જે દુઃખના કારણ લાગે ત્યાં દ્વેષ જન્મે. જ્ઞાનીને બાહ્ય પદાર્થોમાં લાભ અને નુકશાનની બુદ્ધિ નથી તેથી તેને રાગ દ્વેષનો અભાવ થઈને ત્યાં શુદ્ધોપયોગની પ્રગટતા થાય છે.

અજ્ઞાનીએ શરીર અને સંયોગોને લાભનું કારણ માન્યા હતા. તે ભ્રમણા જ્યારે દૂર થાય ત્યારે તે પરદ્રવ્યનું અવલંબન છોડે છે. બાહ્ય પાંચ ઈન્દ્રિયોના વિષયો તરફથી લક્ષ હટાવે છે. તેથી તેને શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયોનું પણ કાંઈ પ્રયોજન નથી. આ રીતે તે સંયોગ અને શરીરનું લક્ષ છોડે છે, અવલંબન છોડે છે.દૃષ્ટાંતઃ અગ્નિ લોખંડનો સંગ કરે છે તો ઘણના ઘા પડે છે. લોખંડનો સંગ છોડે છે તો એકલી અગ્નિ ઉપર કોઈ ઘણના ઘા કરતા નથી. સિદ્ધાંતમાં શરીરમાં મમત્વ છે ત્યાં સુધી શરીર તેને દુઃખમાં નિમિત્ત થાય છે. પરમાત્મ દશા પ્રગટ થતાં શરીરના પરમાણુ પણ પલટીને પરમ ઔદારિક થઈ જાય છે તેથી તે શરીર નિમિત્તરૂપે પણ દુઃખનું કારણ નથી. ખરેખર તો જીવમાંથી વિભાવ-મોહ, રાગ, દ્વેષના ભાવો સર્વથા દૂર થયા હોવાથી દુઃખ થતું નથી. શુદ્ધોપયોગના ફળમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ કરનારને અંતરંગમાં વેદનપૂર્વકનો વિશ્વાસ છે કે આ શુદ્ધોપયોગ એક જ મને શરણભૂત છે. તેનાથી જ મારી મુક્તિ છે.

## ગા. ૭૯ નું મથાળું

આ ગાથામાં દ્રવ્યલિંગી મુનિને લક્ષમાં રાખીને વાત કરી છે. જો કે ગાથામાં સ્પષ્ટ શબ્દો દ્વારા એ કહ્યું નથી પરંતુ ભાવ તો એ પ્રકારનો જ છે. ભાવલિંગી સંત મોક્ષની પ્રાપ્તિ માટે મુનિધર્મનું પાલન કરે છે ત્યાં મુખ્યતા તો અંતરંગમાં પ્રચુર સ્વસંવેદનની, શુદ્ધોપયોગની જ છે. તે અનુસાર શુભ ભાવો અને વિધિવિધાન હોય છે પરંતુ અન્યને અંતરંગ પરિણતિ ખ્યાલમાં આવતી નથી તેથી પાંચ મહાવ્રત અને બાહ્યની ક્રિયાને મોક્ષનું કારણ માનીને દ્રવ્યલિંગ ધારણ કરે છે. તે જીવ સાવદ્યયોગ અર્થાત્ અશુભભાવો તો છોડે છે. હિંસા આદિ ભાવો તો છોડે છે અને તેના સ્થાને અહિંસા વગેરે પાંચ મહાવ્રત અર્થાત્ શુભભાવો કરે છે. દિગમ્બરના સાધુ થયા પછી પણ, ૨૮ મૂળગુણોનું નિરતિશયપણે પાલન કર્યા પછી પણ જયારે તેને મોક્ષની પ્રાપ્તિ નથી થતી ત્યારે તે વિચાર કરે છે કે મુનિપણુ લીધા પછી પણ તેનું ફળ મોક્ષ તે કેમ પ્રગટતો નથી? શાસ્ત્રાભ્યાસને યાદ કરે છે. જ્ઞાનીઓના ઉપદેશને ફરી ચિંતવનમાં લે છે. ત્યારે તેને ખ્યાલ આવે છે કે જ્ઞાનીઓનો ઉપદેશ તો શુભ અને અશુભ બન્ને

છોડવાનો હતો. બન્નેનું ફળ સંસાર છે. શુભાશુભ ભાવોના મૂળમાં તો મિથ્યાત્વ રહેલું છે. મિથ્યાત્વ એટલે પરદ્રવ્યમાં અધ્યવસાન. પાત્ર જીવ પ્રથમ મિથ્યાત્વ દૂર કરે છે. શુદ્ધોપયોગ પ્રગટ કરીને તે ભાવમાં જ રહેવા માગે છે પરંતુ પુરુષાર્થ એટલો ટકે નહીં. તેથી વિકલ્પ આવ્યા વિના રહે નહીં. તે અશુભમાં તો જવા માગતો જ નથી. તેથી શુભ ભાવમાં રહે છે પરંતુ તેને પણ છોડવા માગે છે. શુભભાવને છોડીને નિર્વિકલ્પ થાય છે. આ રીતે શુભભાવ અને શુદ્ધોપયોગમાં મુનિ-પ્રમત-અપ્રમત દશામાં ઝૂલે છે. આ રીતે વિચારીને તે મિથ્યાત્વને છોડવા તૈયાર થાય છે. મિથ્યાત્વને મૂળમાંથી ઉખેડવા તૈયાર થાય છે. ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટ કરવા તૈયાર થાય છે.

ટીકાકાર આચાર્યદેવ એવા જીવને લક્ષમાં રાખીને વાત કરે છે. જેણે મોક્ષની પ્રાપ્તિ માટે મુનિપણું લીધું છે છતાં શુભભાવ છૂટતા નથી. આ જીવે અનાદિથી આજ સુધીમાં આ પ્રકારે મુનિપણું અનેકવાર લીધું છે પરંતુ સંસારનું પરિભ્રમણ અટકયું નથી. તેથી અહીં કોઈ કાલ્પનિક જીવની દશાની વાત નથી પરંતુ ભવિ જીવો પણ આવું અનેકવાર કરી ચૂક્યા છે.

શુભાશુભ ભાવો મિથ્યાત્વ અનુસાર થાય છે. વિપરીત માન્યતા અનુસાર થતાં ભાવોનું ફળ પણ વિપરીત જ હોય પરંતુ અજ્ઞાનીને તે વાતનો સ્વીકાર નથી. બાહ્યમાંથી સુખ કયારેય ન આવે પરંતુ અજ્ઞાની બાહ્ય વિષયને ભોગવતા સુખને અનુભવે છે. તે રાગ અને દ્વેષ બન્ને કરવા જેવા માને છે. માતા પ્રત્યે રાગ અને દુશ્મન પ્રત્યે દ્વેષ કરવા જેવા માનીને કરે છે. તે જ પ્રમાણે શુભ અને અશુભ ભાવ બન્ને કરવા જેવા માને છે. ચારિત્રના આ બધા પરિણામો જીવના મિથ્યાત્વને દઢ કરે છે તે વાત તેના લક્ષમાં આવતી નથી.

શુભ ભાવના ફળમાં અનુકૂળ સંયોગો આવે જે પ્રાપ્ત થતાં જીવને તેને ભોગવવાનો ભાવ આવે જે અશુભભાવ છે. તે ભાવના ફળમાં તેને ફરી પ્રતિકૂળતા પ્રાપ્ત થાય. આ રીતે અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગોમાં આ જીવ રાગ-દ્વેષ અને શુભ અશુભ ભાવો વારાફરતી કરતો રહે છે. દરેક સમયે મિથ્યાત્વને દઢ કરે છે અને આ રીતે તેનો સંસાર લંબાવ્યા કરે છે.

જે જીવ આત્મ કલ્યાણ કરવા માગે છે તે અશુભ ભાવને તો છોડે છે. ભગવાનના દર્શન-પૂજન ભક્તિ વગેરે તથા શાસ્ત્ર સ્વાધ્યાય-ચિંતવન-મનન વગેરે કરે છે. આત્મ કલ્યાણ કરવા માગે તેણે બુદ્ધિપૂર્વક તો તત્ત્વ નિર્ણયમાં ઉપયોગ લગાડવો એવો જિનાગમમાં ઉપદેશ છે તેથી તે પ્રમાણે કરે છે. જે એ પ્રમાણે કરે છે તે બધાને સ્વાનુભવ થાય એવું નથી પરંતુ સ્વાનુભવ થાય તો તેને જ થાય. જે તત્ત્વ નિર્ણય કરતો નથી તેને તો ન જ થાય. આ રીતે શાસ્ત્ર સ્વાધ્યાય- કરવા યોગ્ય છે. તેથી તે પ્રમાણે કરે છે. ભોગવટાના અશુભ ભાવોને છોડીને તે અનેક પ્રકારના વ્રત-નિયમો લે છે. મુનિપણુ પણ લે છે. અહીં આવા અનેક પ્રકારના શુભભાવો કરે છે. કરવા જેવા માનીને કરે છે. તેવા ભાવ દ્વારા જ સ્વાનુભવ થશે એવા વિશ્વાસપૂર્વક કરે છે. તેથી પોતે ખોટું કરે છે એવું અને જરાપણ લાગતું નથી. એ જીવ અશુભ ભાવને છોડીને શુભભાવમાં સંતોષ માને છે. જેટલું બુદ્ધિપૂર્વકનું કાર્ય છે તેટલુ કરીને અટકી જાય છે. મિથ્યાત્વ છોડવાલાયક છે પરંતુ મિથ્યાત્વના પરિણામ પોતાના ખ્યાલમાં આવતા નથી. મિથ્યાત્વ અનુસાર થતાં શુભાશુભ બન્ને પ્રકારના પરિણામો જીવને સંસારમાં રખડાવનારા છે. એની દઢતા તેને થતી નથી. પાત્ર જીવ શુભભાવ ન કરે તો શું કરે ? શુદ્ધતા પ્રગટે નહીં ત્યાં સુધી જો તેને અશુભમાં ન જવું હોય તો તેને બીજો વિકલ્પ

જ નથી. તેથી તે બુદ્ધિપૂર્વક (અર્થાત્ કરવા જેવા માનીને તથા પોતાના જ્ઞાનમાં પકડાય એ પ્રકારના) શુભભાવોમાં લાગી જાય છે અને અબુદ્ધિપૂર્વકનું આગળનું કાર્ય થાય તેની રાહ જુએ છે.

બે પદાર્થને જુદા ન માનતા તેમને એક માનવા તે મિથ્યાત્વ છે. તેથી દેહાધ્યાસ છોડીને જ્ઞાયક સ્વભાવનું લક્ષ કરી તેમાં હુંપણું સ્થાપવું એ મિથ્યાત્વના નાશનો ઉપાય છે તે વાત કામય રાખીને અહીં બીજી રીતે વાત વિચારવા જેવી છે.

મિથ્યાત્વ અનુસાર થતાં શુભાશુભ બન્ને ભાવો છોડવા જેવા છે એવું જ્ઞાન શ્રદ્ધાન કરીને જે રીતે પ્રયત્નપૂર્વક અશુભભાવ છોડે છે તે જ પ્રકારે શુભભાવને પણ છોડવા જોઈએ. તે શુભભાવ છોડશે તો શુદ્ધતા પ્રગટ થશે એવો તેને વિશ્વાસ આવવો જરૂરી છે. દૃષ્ટાંતઃ દાંડી ઉપર ઊંધા લટકતા પોપટને દાંડી છોડી દેવાનું કહેવા જેવી વાત છે. દાંડી છોડશે તો તે ઉડી જશે પરંતુ તેને બીક છે તે દાંડી છોડવાથી તે નીચે પડીને મરી જશે. સિદ્ધાંતમાં એમ જ છે. શુભભાવ છોડશે ત્યારે જ શુદ્ધતા પ્રગટ થશે પરંતુ તે વિચારે છે કે શુદ્ધતા પ્રગટ થાય પછી શુભભાવને છોડીશ. શુદ્ધતા પ્રગટ થયા પહેલા શુભભાવને છોડી દઈશ તો પરિણામ તો થયા વિના રહે જ નહીં તેથી ત્યાં અશુભભાવ જ થશે. ઈત્યાદી અનેક પ્રકારના તર્ક જીવ કરે છે. શુભભાવનું એક માત્ર કાર્ય મારો સંસાર ચાલુ રાખવાનો છે તેથી મારે એ તો કરવું જ નથી એવું નક્કી કરવું જરૂરી છે. જે ઘરમાં ચારે બાજુથી આગ લાગી હોય તે ઘરમાં તો રહેવાય જ નહીં. જલદી ભાગો કાંઈ લેવા પણ ન રોકાય ત્યાં નવું ઘર ગોતીને પછી અહીંથી નિકળશું એને ક્યાં સ્થાન છે ? આ રીતે વિચારીને શુભભાવને છોડવાની તૈયારી રાખવી જોઈએ.

### ◆ ગાથા - ૭૯

**જીવ છોડી પાપારંભને શુભ ચરિતમાં ઉદ્યત ભલે,**
**જો નવ તજે મોહાદિને તો નવ લહે શુદ્ધાત્મને. ૭૯.**

***પાપારંભ છોડીને શુભ ચારિત્રમાં ઉદ્યત હોવા છતાં જો જીવ મોહાદિકને છોડતો નથી, તો તે શુદ્ધાત્માને પામતો નથી.***

ટીકામાં આચાર્યદેવે જીવના શુભભાવને ''ધૂર્ત અભિસા રિકા સમાન'' દર્શાવ્યો છે. વેશ્યાને તેના ઘરાક ઉપર સાચો પ્રેમ નથી. તે તો તેની પાસેથી પોતાનો અંગત લાભ જ લેવા માગે છે. તેમ શુભભાવનું એક માત્ર કામ જીવને દુઃખી કરવાનું છે. ખરેખર વિચારીએ તો પુણ્ય પ્રકૃતિના ઉદય અનુસાર જે કાંઈ સંયોગરૂપ સામગ્રી ઉપલબ્ધ થાય છે તેનું પ્રયોજન જીવને આકર્ષવાનું છે. જીવ રાગ ભાવથી તેમાં જોડાય છે અર્થાત્ દુઃખી થાય છે. મિથ્યાત્વ અને ચારિત્ર મોહનીય કર્મો જીવને સંસારમાં રખડાવનાર (નિમિત્ત) છે. આચાર્યદેવ અહીં તેને ''મોહનીય સેના'' કહે છે. મિથ્યાત્વ મુખ્ય છે અને ચારિત્ર મોહનીયના અનેક પ્રકારો જીવને અનેક પ્રકારે લોભાવનારા છે. તે કર્મો ''ભાવક'' રૂપે ઉદયમાં આવે છે ત્યારે જે જીવ મોહને વશ છે તે ''ભાવ્ય'' એવા તેને અનુરૂપ પોતાના પરિણામોને કરે છે, એવા પરિણમો થતાં જીવ અવશ્ય દુઃખી થાય છે.

પાત્ર જીવ આ વાસ્તવિકતાને સ્વીકારે છે. તેને અજ્ઞાન દશામાં એવો ખ્યાલ હતો કે મુનિપણુ લઈશ તેથી બાહ્ય ત્યાગ તો થઈ જશે સંયોગો નહીં હોય તો સંયોગને લક્ષે થતો સંયોગી ભાવ પણ નહીં થાય. વળી મારે અશુભભાવ તો કરવા જ નથી તેથી ભોગવટાનો ભાવ તો છોડવાની તેની તૈયારી છે. પછી તો બાકી વ્રત-નિયમ વગેરે શુભ ભાવો જ રહ્યા તેથી મને શુદ્ધાત્માની પ્રાપ્તિ થશે. મુનિપણાનું ફળ મોક્ષ છે. તેથી મને સ્વાનુભૂતિ તો થશે જ. પરંતુ

એવું મુનિપણુ લીધા પછી તેને ખ્યાલ આવે છે કે ભલે ભાવલિંગી સંત ૨૮ મૂળગુણનું પાલન કરતાં હોય પરંતુ નિરસ છે. તેવા ભાવોમાં પણ તે રોકાવા તૈયાર નથી. તેની સામે મારા તો અભિપ્રાયમાં એવું પડયું છે કે શાસ્ત્ર સ્વાધ્યાય પૂજા-ભક્તિ વગેરેથી મને સ્વાનુભવ થશે. બહિર્લક્ષી જ્ઞાનમાં આત્માનું સ્વરૂપ ખ્યાલમાં આવ્યું છે અને વૈરાગ્ય ભાવથી મુનિપણુ લીધું છે. જ્ઞાન અને તે પ્રમાણે આચરણ કરવાથી મિથ્યાત્વ તો દૂર થાય જ ને ! પરંતુ જયારે તેને ખ્યાલ આવે છે કે બહિર્લક્ષી જ્ઞાન સાચુ હોય અને જિન દિક્ષા અંગીકાર કરી હોય તોપણ મિથ્યાત્વને દૂર કરવું માનીએ એટલું સહેલ નથી માટે પોતે હવે એ મોહની સેનાને જીતવા માટે કમર કસે છે.

### ◆ ગાથા - ૮૦

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.**

***જે અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય લય પામે છે.***

આ ગાથામાં આચાર્યદેવ મોહના નાશનો ઉપાય દર્શાવે છે. અનાદિ કાળથી જીવની ભૂલ એ જ છે કે તે પોતાને ભૂલી ગયો છે. તેણે પોતાના અસલી સ્વરૂપને જાણ્યુ નથી. તેથી આચાર્યદેવ આ ગાથામાં જીવનું સ્વરૂપ શું છે તે દર્શાવે છે. જીવના સ્વરૂપને સમજાવવા માટે આચાર્યદેવ અરિહંત પરમાત્માને યાદ કરે છે. સમયસાર શાસ્ત્રમાં માંગલિકની ગાથામાં ભગવાનને પ્રતિચ્છંદના સ્થાને ગણ્યા છે. મૂળ અવાજ ધીમો હોય પણ પડઘો મોટો પડે. જીવને પોતાનું સ્વરૂપ જણાતું નથી પરંતુ તે ધર્મસભામાં પરમાત્માના દર્શન કરવા જાય છે. અરિહંત પરમાત્માની પર્યાય સંપૂર્ણ શુદ્ધ છે તેથી તેમને દ્રવ્ય-ગુણ અને પર્યાયરૂપે જાણવાની વાત સૌ પ્રથમ કરે છે. તેને જાણતા પાત્ર જીવ પોતાના સ્વરૂપને જાણી લે છે. ''સર્વ જીવ છે સિધ્ધ સમ'' દ્રષ્ટાંતઃ ચોખા ચડતા હોય ત્યારે એક દાણો દબાવી જોવાથી બધા ચોખા ચડી ગયાનો ખ્યાલ આવે છે. તેમ પ્રતિચ્છંદના સ્થાને રહેલા અર્હંતને જાણવાથી પોતાના સ્વરૂપને જાણી શકાય છે.

પરમાત્માની પર્યાય કાર્ય પરમાત્મ દશા પરિપૂર્ણ છે. જેવું શક્તિરૂપ સામર્થ્ય છે (કારણ પરમાત્મા) તેવી દશા પ્રગટ થઈ છે. તેથી પ્રગટ અવસ્થા ઉપરથી પરમાત્માના શક્તિરૂપ સામર્થ્યનો ખ્યાલ આવી જાય છે માટે અન્ય કોઈ જીવની વાત ન લેતા પરમાત્માની વાત લીધી છે.

હવે પરમાત્માનું સ્વરૂપ દર્શાવતા પહેલા દ્રવ્યનું સ્વરૂપ સમજાવે છે. તે સિદ્ધાંત છએ દ્રવ્યોને લાગુ પડે છે. દરેક પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ હોય છે. દ્રવ્યમાં એકરૂપતા છે. તે દ્રવ્યને અહીં અન્વયરૂપ કહ્યું છે. તે દ્રવ્ય પોતાની દરેક પર્યાયમાં વ્યાપે છે તે પર્યાયો અનેકરૂપતા લઈને રહેલી છે. તેથી પર્યાયોને અન્વયના વ્યતિરેકો કહ્યા છે. ક્ષણિક પર્યાય હંમેશા નિત્ય સ્વભાવની ઓથમાં જ રહેલી છે. વસ્તુ નિત્ય-અનિત્ય ઉભયાત્મક છે, તેને અહીં દ્રવ્ય પર્યાયરૂપ અથવા અન્વય-વ્યતિરેકરૂપ દર્શાવવામાં આવી છે.

સત્ એકાંતિક એક ન હોય તેથી પદાર્થ પણ એકાંતિક એક નથી. તેથી જેને દ્રવ્ય સામાન્યરૂપ એક કહેવામાં આવે છે. તેમાં નિત્યપક્ષનું જ પોષણ કરનારા અનંત ગુણો હોય છે. તે અનંતગુણો પણ દ્રવ્યની માફક ત્રિકાળશુદ્ધ પારિણામિક ભાવે જ રહેલા છે. તે ગુણોને અહીં ''અન્વયના વિશેષણો'' એવા શબ્દોથી ઓળખાવ્યા છે. અહીં અન્વયના વિશેષણો કહેતા અન્વય એવા દ્રવ્યના ભેદરૂપ વર્ણનો - ગુણો બધા પોતાના અલગ સ્વભાવને લઈને રહેલા છે. દરેક ગુણનો એક સ્વભાવ છે. તે અપેક્ષાએ દ્રવ્ય બહુસ્વભાવી એક છે. બહુસ્વભાવી

એક એવા દ્રવ્યનું વર્ણન કરવું હોય તો તેમાં રહેલા ગુણોના વર્ણન દ્વારા તેનું વર્ણન થાય છે. દ્રવ્યના સ્વરૂપને સમજવા માગનારા પાત્ર જીવો પણ ગુણ ભેદને જ સમજી શકે છે તેથી અહીં ગુણોને દ્રવ્યના અન્વયના વિશેષણો કહ્યા છે.

છ દ્રવ્યોને લાગુ પડતું બંધારણ ખ્યાલમાં લીધા બાદ હવે જીવને લક્ષમાં રાખીને વર્ણન કરે છે. ત્યાં અન્વયરૂપ દ્રવ્ય માટે 'ચેતન' શબ્દ વાપરે છે. અન્વયના વિશેષણરૂપ ગુણોમાં જીવના અસાધારણ ગુણને લક્ષમાં રાખીને તેને માટે ''ચૈતન્ય'' એવો શબ્દ પ્રયોગ કર્યો છે. પરિણામને ચિદ્‌વિવર્તનની ગ્રંથિઓ કહી છે. પર્યાયમાં બદલતું સ્વરૂપ હોય છે. એક પર્યાયનું રૂપાંતર થઈને અન્ય અવસ્થા ત્યાં પ્રગટ થાય છે. આ પ્રકારે પર્યાયની ફેરણીને અહીં (જીવ ચૈતન્ય સ્વરૂપ હોવાથી, ચિદ્‌વિવર્તન શબ્દ દ્વારા સમજાવવામાં આવ્યો છે. ગ્રંથિનો અર્થ ગાંઠ થાય છે. દૃષ્ટાંતઃ શેરડીની બધી કાતરી વચ્ચે ગાંઠ હોય છે. જે એક કાતરીને અન્ય કાતરીથી જુદી પાડે છે. હવે આ બધુ ટેબલરૂપે લક્ષમાં લઈએ

| પદાર્થ | | જીવ |
|---|---|---|
| અન્વય | દ્રવ્ય | ચેતન |
| અન્વયના વિશેષણો | ગુણો | ચૈતન્ય |
| અન્વયના વ્યતિરેકો | પર્યાયો | ચિદ્‌વિવર્તનની ગ્રંથિઓ |

***આ રીતે જીવનું (પોતાનું) સ્વરૂપ લક્ષમાં લીધા પછી શું કરવું ?***

આ પ્રમાણે આપણા જ્ઞાનમાં ખરેખર આવતું નથી. આપણને શબ્દોનો પરિચય થયો પરંતુ તેટલા માત્રથી જીવની ઓળખાણ થાય નહીં. સંજ્ઞી પંચેન્દ્રિય જીવ બાહ્ય વિષયોને કેવી રીતે જાણે છે તેનો ખ્યાલ કરીએ. આપણા જ્ઞાનમાં ગુણ અને પર્યાયો જણાય છે. દ્રવ્ય સામાન્ય જણાતું નથી. એકવાર ગુણ કે પર્યાયને જાણ્યા બાદ આપણું જ્ઞાન વિશેષ તર્કણાત્મક થઈને પદાર્થ સુધી પહોંચે છે. ઈયળને કેરીનો સ્વાદ આવે પરંતુ આ કેરી છે તેમ જાણી શકે નહીં. જયારે આપણે કેરી ચીજ સુધી પહોંચી જઈએ છીએ. હવે તેવો જ પ્રયોગ આત્માને જાણવા માટે કરવાનો છે. પુદ્‌ગલના ચાર રુપી ગુણો જેમ ઈન્દ્રિયજ્ઞાનમાં જણાય છે તેમ જીવના જ્ઞાન અને સુખ બે ગુણો વેદનભૂત હોવાથી સ્વયં અનુભવમાં આવે છે. પદાર્થ સુધી પહોંચવામાં બે કે ત્રણ ગુણો વડે કામ સરે છે તેમ અહીં પણ સમજવું. જ્ઞાન ગુણ વડે પોતાના અસ્તિત્વનો તથા સ્વક્ષેત્રનો સ્હેજે ખ્યાલ આવે છે. વિશેષ પ્રયત્નથી અન્ય ગુણોને પણ જાણી શકાય છે. હવે આપણે બંધારણને યાદ કરવું. ગુણો હંમેશા દ્રવ્યના આશ્રયે જ હોય છે. તેથી જ્યાં સમજણનું કાર્ય થતું દેખાય ત્યાં જીવ અવશ્ય હોવો જોઈએ. આ રીતે ગુણોને ગૌણ કરીને ત્યાં જ તેના આધારરૂપ દ્રવ્ય રહેલું છે. દ્રવ્ય અને ગુણોની એક સત્તા છે. અનંત ગુણોના સમુદાયરૂપ દ્રવ્ય છે. માટે ગુણોના સમૂહ તરફ નજર નાખીને તે બધાના આશ્રય સ્થાન સુધી પહોંચવું. પદાર્થમાં દ્રવ્ય ગુણ-પર્યાયની અખંડ એક સત્તા છે. પદાર્થનું અખંડપણું હોવાથી શ્રુત જ્ઞાનને લંબાવીને દ્રવ્ય સામાન્યને જાણી શકાય છે. ગુણોના સમૂહની દૃષ્ટિ છોડવી જરૂરી છે. ગુણો જેમ સત્ છે તેમ દ્રવ્ય પણ સત્ છે. બન્ને અહેતુક પારિણામિક ભાવરૂપે છે. પોતાના ત્રૈકાલિક સામર્થ્યને જાળવીને રહેલા છે. અનંતગુણો દ્રવ્યરૂપે એક રસ છે. ત્યાં ભિન્નતા રહેતી નથી. માટે જયારે દ્રવ્ય સામાન્ય લક્ષગત થાય છે ત્યારે ત્યાં ગુણના કોઈ ભેદ ખ્યાલમાં આવતા નથી. પર્યાયાર્થિક નય જે ગુણ ભેદને લક્ષમાં લે છે તે છોડીને દ્રવ્યાર્થિક નયથી વસ્તુને જોવાનો અર્થ-દૃષ્ટિ એક સ્થાનેથી ફેરવીને અન્ય સ્થાને લઈ જવાની નથી. જ્યાં ગુણો છે. ત્યાંજ દ્રવ્ય છે. ગુણના ભેદોને ગૌણ કરીને તે બધા ગુણોના આશ્રય સ્થાન પાસે જવાનું છે. ભેદને ગૌણ કરવાથી જ અભેદ સારી રીતે ખ્યાલમાં આવે છે.

હવે પર્યાય ભેદથી વિચાર કરીએ. પદાર્થનું બદલતું સ્વરૂપ આપણા જ્ઞાનમાં સહજભાવે જણાય છે. તે બદલતા સ્વરૂપમાં અન્વયરૂપ દ્રવ્ય સામાન્ય જ રહેલું છે પરંતુ આપણે તે એકરૂપ સ્વરૂપને લક્ષમાં લેતા નથી. દ્રવ્ય સામાન્ય તો પર્યાયની ગંગોત્રી છે. ઈન્દ્રિય સુખ બાહ્ય વિષયોમાંથી આવે છે તેવી માન્યતા સમયે પણ તે જીવની પર્યાય જીવમાંથી જ આવે છે. ઈન્દ્રિય જ્ઞાનમાં બાહ્યરૂપી પદાર્થોને જણાય છે તેથી આપણું વજન પોતાના પરિણામ અને સ્વભાવ ઉપર ન રહેતા બાહ્ય વિષયો તરફ ચાલ્યુ જાય છે. અનાદિ કાળથી જ્ઞાનનો પ્રવાહ એજ પ્રમાણે કાર્ય કરી રહ્યો છે. જીવ જ્ઞેય લુબ્ધ થઈ વિષય સેવન ઉપર જોર આપવા લાગે છે. તેના સ્થાને હવે નવેસરથી વિચારવું છે. જ્ઞેય છે માટે જણાય છે તેવી માન્યતાના સ્થાને જાણનાર છે માટે જણાય છે એવી નવી ટેવ પાડવાની છે. જ્ઞેય જ્ઞાયક સંબંધ સમયે જ્ઞાન અને જ્ઞેય બન્ને છે. પરંતુ તેમાં જ્ઞાનની જ મુખ્યતા છે. માટે તેની મુખ્યતા રહેવી જોઈએ. દૃષ્ટાંતઃ પ્રકાશ્ય પ્રકાશક સંબંધમાં જ્યાંથી પ્રકાશ આવે છે તેની મુખ્યતા છે. પ્રકાશનો પૂંજ છે માટે પ્રકાશ છે. પ્રકાશ છે માટે અન્ય પદાર્થો પ્રકાશિત થાય છે. પ્રકાશિત થવાની યોગ્યતા સિવાય અન્ય પદાર્થોમાં કોઈ વિશેષતા નથી. બધું કાર્ય પ્રકાશ જ કરે છે. પ્રકાશનું સામર્થ્ય દીપકમાં જ છે. તે પ્રમાણે સિદ્ધાંતમાં એકેન્દ્રિય જીવ, સંજ્ઞી પંચેન્દ્રિય જીવ અને પરમાત્માનું જ્ઞાન ત્રણેમાં મોટો તફાવત જોવા મળે છે પરંતુ તે બધી પર્યાયો જેમાંથી આવે છે તે પોતાનો સર્વજ્ઞ સ્વભાવ છે. તે ત્રિકાલિક સામર્થ્ય લઈને રહેલો છે અને તે પોતાની બધી પર્યાયોમાં વ્યાપક થઈને પણ પોતાનું એકરૂપપણું જાળવી રાખે છે. અર્થાત્ નિગોંદના જીવમાં પણ તેનો જ્ઞાયક સ્વભાવ એવોને એવો એકરૂપ છે.

અહીં અર્હંત ભગવાનને તેની પ્રગટ પર્યાયરૂપે જોતા આપણને સર્વજ્ઞ સ્વભાવનો ખ્યાલ આવે છે. જેવું કારણ પરમાત્માનું સ્વરૂપ છે એવી જ કાર્ય પરમાત્મ દશા પ્રગટ થઈ છે. જ્ઞાનની પર્યાયના બધા ભેદો આ રીતે જ્ઞાયકને અભિનંદે છે. અર્થાત્ વર્તમાન પર્યાયમાં જ્ઞાનનો ઉઘાડ ઓછો હોય તોપણ તે પોતાના પરિપૂર્ણ જ્ઞાયક સ્વભાવને અવશ્ય દર્શાવે છે. માટે જ્ઞાનની પર્યાય ક્યાંથી ઉત્પન્ન થઈ તેની મુખ્યતા કરવી જોઈએ. જ્ઞાનની પર્યાય શું જાણે છે તેના તરફ નજર નાખતા તો ત્યાં અનેકવાર ભોગવેલા રૂપી વિષયો જ જણાશે અને તેમને ભોગવવાનો ભાવ થયા વિના રહેશે નહીં. તેથી જ્ઞાનની પર્યાય ક્યાંથી આવી એ દિશામાં જ્ઞાનને લંબાવવા જેવું છે. ફરી ફરી એવું કરવાથી મારો જ્ઞાયક સ્વભાવ હાજરાહજુર છે. કામ આપી રહ્યો છે અને પોતાના સામર્થ્યને ટકાવીને રહેલો છે એવું મહેસુસ થશે. દૃષ્ટાંતઃ કોઈ સાથે જોખમ લઈને મુસાફરી કરતો હોય તો અવાર-નવાર પોતાનું પાકીટ સલામત છે ને! તેમ નજર નાખી લે છે. તેમ અહીં પણ પોતાના જ્ઞાયક સ્વભાવ સુધી પહોંચીને તેને વારંવાર યાદ કરી લેવા જેવો છે.

દ્રવ્ય સામાન્ય સુધી પહોંચતા પ્રગટ પર્યાયને ગૌણ કરવી જરૂરી છે. જેમ ગુણભેદ ઉપરની દૃષ્ટિ છોડી એ જ રીતે પર્યાય ભેદની દૃષ્ટિ પણ છોડવા જેવી છે. આ રીતે ગુણ અને પર્યાયના ભેદો, જે પોતાના જ્ઞાનમાં સીધા જણાય છે, તેને જાણીને તેના દ્વારા જ દ્રવ્ય સામાન્ય સ્વભાવ સુધી પહોંચવાની વાત પ્રયોગરૂપે કરવાની છે. ગુણોનો આધાર કોણ અને પર્યાયની ગંગોત્રી ક્યાં એ ગોતવા નીકળશો એક સ્થાને જ, દ્રવ્ય સામાન્ય સુધી, પહોંચી જશો, આ રીતે હવે આપણને દ્રવ્ય-ગુણ-પર્યાયનું સાચું જ્ઞાન થયું. શબ્દની ગોઠવણ એ તો પુદ્ગલની રચના છે. એનાથી ત્યાં ન પહોંચાય. અરૂપી ગુણો અને અરૂપી પર્યાયો અરૂપીપણે પોતાના જ્ઞાનમાં જણાય તો પછી તેની મારફત અરૂપી જ્ઞાયક સ્વભાવ સુધી પહોંચી શકાય.

દૃષ્ટાંતઃ કોઈ સીવવાનો સંચો ખરીદે તો તે પેકેટમાં બધા પાર્ટ છૂટા હોય. સાથેના પત્રમાં પાર્ટસના ચિત્રો તથા તેને કઈ રીતે ભેગા કરવા તેની સૂચના હોય પરંતુ કોઈ તે કાગળના ચિત્રોને કાપીને ભેગા કરવા જાય તો ત્યાં સીવવાનો સંચો તૈયાર ન થાય. સંચાના પાર્ટસને જોડો તો સંચો તૈયાર થાય.

ગુણ અને પર્યાયના ભેદોને ગૌણ કરીને જ અભેદ એવું દ્રવ્યસામાન્ય સારી રીતે લક્ષ્યગત કરવું જરૂરી છે. એ સ્વભાવને અજ્ઞાની જીવે કયારેય જાણ્યો નથી. તેમાં હુંપણું સ્થાપવા યોગ્ય છે. તેનો આશ્રય લેવા યોગ્ય છે. માટે પરદ્રવ્યની રુચિ તોડીને ઉપયોગને અંતરંગમાં વાળવો જરૂરી છે. પહેલા વિકલ્પની ભૂમિકામાં અને પછી નિર્વિકલ્પ દશારૂપે ત્યારે પોતે જાણનારો પોતે જ્ઞપ્તિ ક્રિયા કરીને પોતાને જ જાણે છે ત્યારે જ્ઞાતા-જ્ઞાન જ્ઞેયના ભેદ વિલીન થાય છે. આ રીતે સ્વાનુભવ થાય તેનો મોહ નાશ પામે છે. મિથ્યાત્વનો અભાવ થતાં ચારિત્ર મોહ પણ દૂર થવાની પ્રક્રિયા ચાલુ થઈ જાય છે.

હવે ટીકાના શબ્દો અનુસાર સમજીએ. ''હવે ત્રિકાલિક આત્માને પણ એક કાળે કળી લેતો'' આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ છે. પરિણામ અપેક્ષાએ પણ એ અનાદિથી અનંત કાળ સુધીમાં અનંત પર્યાયોને કરે છે. આવા આત્માનો નિર્ણય કરવામાં અનંતકાળની જરૂર નથી. આપણી વર્તમાન જ્ઞાનની પર્યાયમાં આત્માના (છ દ્રવ્યોના) દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ બંધારણ જાણી શકાય છે.

આચાર્યદેવ મોતીના હારનો દૃષ્ટાંત આપે છે. (તે સમયે લોઢાની કે સોનાની સાંકળી નહીં હોય) ઝૂલતા હારનો દૃષ્ટાંત છે. બધા મોતી વેરવીખેર નથી પરંતુ દોરા વડે એકસૂત્રરૂપે એકબીજા સાથે સંબંધથી જોડાયેલા છે. હારમાં મોતીઓ એક પછી એક છે અને ક્રમપૂર્વક રહેલા છે હવે મોતીઓને અલગરૂપે ન જોતા હારરૂપે જોવાની વાત છે. હાર ખરીદ કરતા સમયે મોતી કેવા છે તે લક્ષમાં લેવું જરૂરી છે. તે મોતીની સફેદી વગેરે કેવી છે તે પણ ખ્યાલમાં હોવું જોઈએ. એકવાર ખરીદ કર્યા બાદ જયારે તે પહેરવાનો પ્રસંગ આવે ત્યારે ત્યાં હાર પહેર્યાનો નિર્ભેળ આનંદ જ છે. ત્યાં મોતી અને તેની સફેદી એવા ભેદ ઉપર લક્ષ નથી.

આ દૃષ્ટાંત ઉપરથી આચાર્યદેવ સિદ્ધાંત રજૂ કરે છે. જીવને પોતાના પરિણામો લક્ષમાં આવે છે. પોતાના સંયોગી ભાવોને સંયોગ સાથે સંબંધમાં જોવાની ટેવ છે. તે રીતે જોવાને બદલે પોતાના પરિણામો આ રીતે એક પછી એક ક્રમપૂર્વક ધારાપ્રવાહરૂપ ક્યાંથી આવે છે ? આંતરો પડયા વિનાનો પ્રવાહ ક્યાંથી આવે છે ? જ્ઞાનમાં અનેક ભિન્ન પદાર્થો જણાય પરંતુ તેને ગૌણ કરીને આ જ્ઞપ્તિ ક્રિયા રૂપનો પ્રવાહ ક્યાંથી આવે છે ? આ પ્રમાણે વિચારવાની નવી ટેવ પાડવી જરૂરી છે. નદીનો પ્રવાહ ક્યાંથી આવે છે તે શોધવા નિકળે તો તેનું ઉદ્ભવસ્થાન જડે તેમ પોતાની પર્યાયો ક્યાંથી આવે છે તેના તરફ નજર કરે તો ખ્યાલમાં આવે કે મારો એકરૂપ જ્ઞાયક સ્વભાવ છે, જે દ્રવ્ય સામાન્ય તત્ત્વ છે તેમાંથી જ આ પર્યાયોનો પ્રવાહ આવે છે. ટીકામાં આ વાત સમજાવતા કહે છે ''ચિદ્વિવર્તોને ચેતનમાંજ સંક્ષેપીને (અંતર્ગત કરીને)''.

હવે ગુણ ભેદથી વાત કરે છે ''વિશેષણ વિશેષ્યપણાની વાસનાનું અંતર્ધાન થવાથી'' અહીં દ્રવ્ય વિશેષ છે અને ગુણો તેના વિશેષણો છે. આ દ્રવ્યોના આ ગુણો છે એમ દ્રવ્ય અને ગુણનું કથંચિત જાુદાપણું આપણા ખ્યાલમાં આવે છે. તેને અહીં વાસના અર્થાત્ વલણ, કલ્પના, અભિપ્રાય કહ્યો છે. દ્રવ્ય અને ગુણો જાુદા છે એવો અભિપ્રાય એવી કલ્પના અર્થાત્ પરમાર્થે દ્રવ્ય અને ગુણની એક જ સત્તા છે તે વાત લક્ષમાંથી છૂટી જાય અને દ્રવ્ય-ગુણ-ભિન્ન છે એવું લાગ્યા કરે તેને 'વાસના' કહે

છે. તે વાસના અંતર્ધાન થાય અર્થાત્ અલોપ થાય દૂર થાય ત્યારે ગુણભેદ ઉપરથી દૃષ્ટિ ખસીને દ્રવ્ય સામાન્ય લક્ષમાં આવે. દ્રવ્ય અભેદ છે અને ગુણ તથા પર્યાયો તેના ભેદો છે. તેથી ગુણભેદમાંથી પ્રવેશ કરો કે પર્યાય ભેદમાંથી પ્રવેશ કરો પરંતુ તમે પહોંચો તો દ્રવ્ય સામાન્ય જ્ઞાયક સ્વભાવ સુધી.

જીવે અનાદિકાળથી આજ સુધીમાં જેમ પરદ્રવ્યોને જાણ્યા છે એમ કયારેક પોતાના પરિણામોને તથા ગુણોને પણ જાણ્યા છે. રાગ દ્વેષને કરે તે જીવ, સુખ દુઃખનો અનુભવ કરે તે જીવ, અંકેન્દ્રિયાદિ અથવા મનુષ્યાદિ શરીર સાથેના સંબંધથી પણ જીવને જાણ્યો છે પરંતુ પોતાના દ્રવ્ય સામાન્ય સ્વભાવ સુધી પહોંચ્યો નથી. ''જે સ્વરૂપ સમજયા વિના પામ્યો દુઃખ અનંત'' જીવે પોતાનું આ સ્વરૂપ જ્યાં સુધી જાણ્યું નથી ત્યાં સુધી તે અજ્ઞાની છે દુઃખી છે. એ જીવ જયારે પોતાના દ્રવ્ય સામાન્ય સ્વભાવ સુધી પહોંચે છે ત્યારે શું થાય છે તે હવે કહે છે. ''તેમ કેવળ આત્માને જાણતાં, તેની ઉત્તરોત્તર ક્ષણે કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ ક્ષય પામતો જાય છે'' જીવ પોતે જાણનાર માટે જ્ઞાતા, પોતે જાણવાનું કાર્ય કરે છે તે જ્ઞપ્તિ ક્રિયા અને પોતાને જ જાણે છે માટે તે સ્વજ્ઞેય. આ રીતે આ જ્ઞાતા અને આ જ્ઞેય એવો ભેદ શરૂઆતમાં રહે છે. પરંતુ એ વિકલ્પ તૂટીને ઉત્તરોત્તર ક્ષણે ત્યાં નિર્વિકલ્પતાની પ્રાપ્તિ થાય છે ત્યારે ત્યાં જ્ઞાતા-જ્ઞાન અને જ્ઞેય અથવા કર્તા, કર્મ અને ક્રિયા એવા ભેદ રહેતા નથી. વિકલ્પ રહિત નિર્વિકલ્પદશામાં તેને અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે. તે ધર્મની શરૂઆત છે. તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપનો મોક્ષમાર્ગ છે.

જીવ સુખ માટે નવા નવા બાહ્ય વિષયોમાં ભટકતો હતો ત્યાં જ્ઞાન અને ચારિત્ર બન્ને વિકલ્પરૂપ હતાં ત્યાં સુખ મળતું ન હતું તેથી વિકલ્પરૂપ-દુઃખરૂપદશા ચાલુ રહેતી હતી. જીવ પોતાના ગુણભેદ અને પર્યાય ભેદને જાણે ત્યારે પણ વિકલ્પ જ રહે છે માટે ત્યાં પણ દુઃખ છે માટે ઉપયોગની ચંચળતા છે. ઉપયોગ જયારે સ્વભાવમાં જાય છે ત્યારે શરૂઆતમાં હું જ્ઞાતા હવે મને જાણું છું એવો વિકલ્પ રહે છે પરંતુ સ્વભાવમાં ટકવાથી ત્યાં તેને અતીન્દ્રિય આનંદ આવે છે માટે ઉપયોગ ત્યાં ટકી રહે છે તેને અહીં મણિના પ્રકાશની સાથે સરખાવવામાં આવ્યો. ફાનસના પ્રકાશમાં કે ઈલેકટ્રીક બલ્બના પ્રકાશમાં હિનાધિકતા થાય પરંતુ બાહ્યમાં ગમે તેવો વરસાદ અને વાવાઝોડુ હોય તોપણ મણિનો પ્રકાશ અકંપ રહે છે. તેમ નિર્વિકલ્પદશામાં જીવ સ્વરૂપમાં જામી જાય છે એવું દર્શાવવા માગે છે.

## ગા. ૮૧ નું મથાળું

ગા. ૮૧ માં આચાર્યદેવ સમ્યગ્દર્શન થયા બાદ પરમાત્મ દશા કઈ રીતે પ્રગટ થાય છે તે સમજાવે છે. મોહનો નાશ કર્યા બાદ રાગ દ્વેષનો અભાવ કરીને જીવ વીતરાગ સર્વજ્ઞ થાય છે. મૂળ ગાથામાં એવું લખાણ છે કે જો જીવ રાગ દ્વેષ દૂર કરે તો પરમાત્મા થાય છે. આ ''જો'' શબ્દ સૂચક છે. એક વાત નિર્વિવાદ છે કે જે બીજ ઉગી એટલે પુનમ થયે છૂટકો એ રીતે જેને સમ્યગ્દર્શન થાય એ જીવ અવશ્ય મોક્ષને પામવાનો છે. જેણે દર્શન મોહ (મિથ્યાત્વ) દૂર કર્યું. એ અલ્પકાળમાં ચારિત્ર મોહ (રાગ-દ્વેષ) દૂર કરવાનો જ છે. આચાર્યદેવે એમ નથી લખ્યું કે જીવ જયારે રાગ દ્વેષ છોડશે ત્યારે પરમાત્મા થશે. પોતે ''જો'' શબ્દ વાપર્યો છે તેના ઉપરથી ટીકાકાર આચાર્યદેવ આ ગાથાના મથાળામાં આપણને અગમચેતી વાપરવા માટે જાગૃત કરે છે. ''પ્રમાદ ચોર છે'' એવું સૂત્ર આપે છે. જે સૂત્ર સદાય યાદ રાખવા જેવું છે. વચનામૃતના એક બોલમાં આવે કે સાધકને ભૂમિકા ટકાવવા માટે પુરુષાર્થ કરવો પડતો નથી. કારણકે તેને આગળ વધવા

માટેનો પુરુષાર્થ ચાલુ જ છે. અન્ય બોલમાં આવે કે અધ્યાત્મમાં ડગલે અને પગલે પુરુષાર્થ જ જોઈએ. સાધકને માર્ગની મૂંઝવણ ટળી ગઈ છે. ઈત્યાદિ અનેક પ્રકારના બોલ વાંચવા મળે. સર્વજ્ઞના જ્ઞાનમાં હશે તે પ્રમાણે થશે તેવા કથનના જોરદાર વિરોધમાં પુરુષાર્થ જ મુખ્ય છે. કાર્ય થાય ત્યારે પાંચેય સમવાય સાથે જ હોય છે પરંતુ આપણા માટે પુરુષાર્થની જ મુખ્યતા છે. સમયસાર શાસ્ત્રમાં શક્તિના વર્ણનમાં અસંકુચિત વિકાસત્વ શક્તિની વાત આવે. સાધકને જે શુદ્ધતાની પ્રગટતા થઈ છે તે વૃદ્ધિગત થઈને અલ્પકાળમાં પરિપૂર્ણતાને પામે છે. આગમો અને પરમાગમોમાં પણ એજ વાતની મુખ્યતા રહેલી છે અને બધા જ્ઞાનીઓએ એજ પ્રકારે ઉપદેશ આપ્યા છે. પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વભાવની તો મુખ્યતા છે જ. ત્યારબાદ બીજો નંબર પુરુષાર્થનો જ લાગે છે. બધા જ્ઞાનીઓ વચ્ચે આ સર્વસંમત વાત છે. ત્યારે આપણને થાય કે જ્ઞાનીને માટે સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ સહજ છે. તો પછી પ્રમાદ ચોર છે એવા કથનની શી જરૂર ?

અજ્ઞાની સુખ માટે બાહ્ય વિષયોમાં ભટકે છે. તેને સુખ નથી મળતુ માટે વિષયો બદલાવ્યા કરે છે. જ્ઞાનીને નિર્વિકલ્પ અનુભૂતિ સમયે અપૂર્વ જાત્યાંતરરૂપનું સહજ અતીન્દ્રિય સુખ અનુભવાય છે. જે સુખની શોધમાં હતો તે સુખ પ્રાપ્ત થાય છે. હવે તેને શા માટે છોડે ? તે જીવ ફરી સવિકલ્પદશામાં આવે છે ત્યારે તેને તે અતીન્દ્રિય સુખ છૂટી જાય છે. તેના સ્થાને તેને દુઃખનો અનુભવ થાય છે. તેને રાગ અને દ્વેષ, ઈન્દ્રિય સુખ અને દુઃખ બધુ દુઃખરૂપ જ અનુભવાય છે. તેને તે દુઃખ ગમતું નથી માટે ફરીને નિર્વિકલ્પ થવા માટે પુરુષાર્થ વધારે છે તેથી આપણને એમ લાગે કે જીવ નિર્વિકલ્પ દશામાંથી બહાર આવવો જ ન જોઈએ. પરંતુ સાધક જીવ વારંવાર સવિકલ્પ દશામાં આવે છે. ચોથા ગુણસ્થાને વિકલ્પદશાનો કાળ લાંબો હોય છે પરંતુ જેને ''ચારિત્ર ખલુ ધર્મ'' કહીએ એ મુનિરાજ પણ વારંવાર છઠ્ઠા સાતમા ગુણસ્થાનમાં પ્રમત-અપ્રમત દશામાં ઝૂલે છે ત્યારે આપણે વિચાર કરતા થઈ જઈએ કે સ્વરૂપમાં લીન રહેવાના આટલા ઉગ્ર પુરુષાર્થવંત સંત શા માટે નિર્વિકલ્પદશામાં ટકી નહી શકતા હોય ? અંતમુહૂર્ત સ્વરૂપમાં જામી જાય તો કેવળજ્ઞાન પ્રગટે.

## ◆ ગાથા - ૮૧

**જીવ મોહને કરી દૂર, આત્મસ્વરૂપ સમ્યક્ પામીને,**
**જો રાગદ્વેષ પરિહરે તો પામતો શુદ્ધાત્મને. ૮૧.**

***જેણે મોહને દુર કર્યો છે અને આત્માના સમ્યક્તત્ત્વને (સાચા સ્વરૂપને) પ્રાપ્ત કર્યું છે. એવો જીવ જો રાગદ્વેષને છોડે છે, તો તે શુદ્ધાત્માને પામે છે.***

મૂળ ગાથામાં તો જે જીવે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે તે રાગ દ્વેષને છોડે છે ત્યારે શુદ્ધાત્માને અર્થાત્ પરમાત્મદશાને પામે છે એવો ભાવ દર્શાવે છે. આ રીતે વિચારતા પહેલા દર્શન મોહ જાય અને પછી ચારિત્ર મોહ જાય એ પ્રકારનો ક્રમ દર્શાવવામાં આવ્યો છે એવો ભાવ ખ્યાલમાં આવે છે. અનંત જીવો એ જ પ્રકારે પરમાત્મ દશાને પામ્યા છે અને ભવિષ્યમાં પામશે.

પરંતુ ગાથામાં જયારે રાગદ્વેષને છોડશે ત્યારે શુદ્ધાત્માને પામશે તેવા લખાણના સ્થાને જો રાગદ્વેષને છોડશે તો શુદ્ધાત્માને પામશે એવું લખાણ છે. અર્થાત્ જયારે અને ત્યારે શબ્દ વાપરે તો તે સમય-કાળ દર્શાવે છે. જો અને તો ના અર્થ જ ફરી જાય છે. તેથી ટીકાકાર આચાર્યદેવે પ્રમાદ ચોર છે એ વાત મથાળામાં લીધી છે.

અનાદિની રાગ દ્વેષના ભાવને કરવાની ટેવ

પડી ગઈ છે તેથી સમ્યગ્દર્શન બાદ પણ જો પ્રમાદ કરે તો મોક્ષની પ્રાપ્તિ દૂર જાય અને કયારેક ફરી મિથ્યાદૃષ્ટિ થવાની પણ શક્યતા રહે છે તેથી આચાર્યદેવ પાત્ર જીવોને લાલ બત્તી ધરીને પહેલેથી જ જાગૃત કરે છે. સાવધાન કરે છે. જેથી સાધકદશા સમયે તે ઉગ્ર પુરુષાર્થ ઉપાડીને વહેલો મોક્ષમાં જાય.

## ◆ ગાથા - ૮૨

**અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત થયા; નમું તેમને. ૮૨.**

***બધાય અર્હંત ભગવંતો તે જ વિધિથી કર્માંશોનો (જ્ઞાનાવરણાદિ કર્મભેદોનો) ક્ષય કરીને તથા (અન્યને પણ) એ જ પ્રકારે ઉપદેશ કરીને મોક્ષ પામ્યા છે તેમને નમસ્કાર છે.***

આ ગાથામાં તીર્થંકર પરમાત્માને નમસ્કાર કરે છે. તેની પાસેથી પોતાને આત્મકલ્યાણનો માર્ગ પ્રાપ્ત થયો છે માટે નમસ્કાર કરે છે. પરમાત્માએ પ્રથમ દર્શનમોહ અને પછી ચારિત્ર મોહનો નાશ કર્યો છે. એ રીતે પોતે વીતરાગ-સર્વજ્ઞ અર્થાત્ આપ્ત થયા છે. પોતે જે માર્ગે પરમાત્મદશા પ્રગટ કરી તે જ માર્ગ અન્ય મુમુક્ષુઓને ઉપદેશ્યો છે. પરિપૂર્ણતા પ્રાપ્ત કરીને પછી ઉપદેશ આપ્યો છે.

ભૂતકાળમાં અનંત જીવો આ એક જ પ્રકારે મુક્તિને પ્રાપ્ત થયા છે અને ભવિષ્યકાળ જે અનંત છે ત્યારે પણ એજ પ્રકારે જીવો મોક્ષને પામશે. ભૂતકાળમા થઈ ગયેલા અનંત તીર્થંકરોએ આ જ પ્રકારે ઉપદેશ આપ્યો છે. ભવિષ્યના તીર્થંકરો પણ એ જ માર્ગની એ જ રીતે પ્રરૂપણા કરશે. નમસ્કાર મંત્રમાં પાત્ર જીવ માત્ર વર્તમાનના અર્થાત્ જેની પાસેથી પોતાને લાભ મળ્યો છે તેને જ નમસ્કાર કરે છે તેમ નથી. અતીત તીર્થંકરોને જ નમે છે એમ નથી. ''ણમો લોએ ત્રિકાળવર્તી સવ્વ અરિહંતાણં'' ત્રણે કાળના ભગવંતોને નમસ્કાર કરે છે. અનંત જ્ઞાનીઓની વાત એક સરખી જ હોય છે.

પરમાત્માએ પ્રથમ મોક્ષમાર્ગની શરૂઆતમાં દર્શનમોહ અને અનંતાનુબંધી કષાયનો અભાવ કર્યો. બાદમાં અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન કષાયો છોડયા. ત્યારબાદ સંજવલન કષાયમાં ક્રોધ, માન, માયા અને લોભ એ ક્રમપૂર્વક છોડયા અને વીતરાગતા પ્રગટ કરી. ત્યારબાદ અન્ય ઘાતિકર્મો તો અભાવ કરીને પરમાત્મા થયા. તીર્થંકર પદે રહીને મોક્ષનો માર્ગ પ્રકાશ્યો. ત્યારબાદ નિવૃત થયા અર્થાત્ સિદ્ધ થયા. ભગવાનની વાણી તો ઈચ્છા વિના હોય છે પરંતુ તે સર્વજ્ઞના જ્ઞાનને અનુસરનારી છે.

મોહના નાશના ઉપાયની જે વાત છેલ્લી ગાથાઓમાં લેવામાં આવી છે. તે વિષયને સંકેલતા તે નાશનો ઉપાય દર્શાવનારનો મહિમા અને નમસ્કાર કરે છે. બધા જ્ઞાનીઓ વતી ટીકાકાર આચાર્યદેવ પણ પરમાત્માને નમસ્કાર કરે છે. ટીકાકાર જયસેન આચાર્યદેવ સાથોસાથ કુંદકુંદાચાર્ય દેવને પણ નમસ્કાર કરે છે. જેનાથી પોતાને મોક્ષમાર્ગ મળે અથવા જેનાથી તેનું દૃષ્ટિ કરણ થાય તેના પ્રત્યે બહુમાનનો ભાવ આવ્યા વિના રહે નહીં.

## ◆ ગાથા - ૮૩

**દ્રવ્યાદિકે મૂઢ ભાવ વર્તે જીવને, તે મોહ છે;**
**તે મોહથી આચ્છન્ન રાગી-દ્વેષી થઈ ક્ષોભિત બને. ૮૩.**

***જીવને દ્રવ્યાદિક વિષે જે મૂઢ ભાવ (દ્રવ્ય-ગુણ-પર્યાય વિષે જે મૂઢતારૂપ પરિણામ) તે મોહ છે, તેનાથી આચ્છાદિત વર્તતો થકો જીવ રાગ અથવા દ્વેષને પામીને ક્ષુબ્ધ થાય છે.***

હવે આચાર્યદેવ મોહનું સ્વરૂપ સમજાવવા માગે છે. તેના ભેદો પણ સમજાવે છે. જે મોહનો નાશ કરવા તૈયાર થાય તેને મોહના સ્વરૂપનો તો

બરોબર ખ્યાલ હોવો જોઈએ. આ ગાથામાં મોહનું સ્વરૂપ કઈ રીતે દર્શાવ્યું છે તે વિચારીએ. આચાર્યદેવ મૂળમાં જાય છે. પદાર્થના અંતરંગ બંધારણની વાત એ પાયાની વાત છે. તેની યથાર્થ સમજણ ઉપર તો જીવના કલ્યાણનો વિચાર કરી શકાય છે. પદાર્થમાં દ્રવ્ય-ગુણ-પર્યાય તથા ઉત્પાદ-વ્યય-ધ્રુવ આટલી છ વાત જ આવે છે. તે છ નું અલગ સ્વરૂપ. તેમાંના બે વચ્ચે સંબંધો અને એ રીતે છેવટ પદાર્થમાં તે બધાનું તાદાત્મ્યપણુ આ બધું યથાર્થરૂપે ખ્યાલમાં આવવું જોઈએ. પદાર્થ બંધારણ એ એક મોટો વિષય છે જે અહીં ન લઈ શકાય. તેથી અહીં મોહમાં શું કહેવા માગે છે તેને મુખ્યપણે વિચારમાં લઈએ.

શ્રદ્ધા એ આત્માનો અસાધારણ ગુણ છે. શ્રદ્ધામાં મિથ્યાત્વ અને સમ્યકત્વ એવા બે પ્રકારના પરિણામો છે. મિથ્યાત્વ અનાદિનું છે. તે દૂર થતાં જે સમ્યકત્વ પ્રગટે છે. તે સાદિ અનંતકાળ ટકે છે. મિથ્યાત્વ છે તે વિપરીત માન્યતા છે તેના ફળમાં જીવને અનંત સંસાર ચાર ગતિના પરિભ્રમણ અને દુઃખની પ્રાપ્તિ થાય છે. સમ્યકત્વ એ મોક્ષમાર્ગની શરૂઆત છે તેના ફળમાં પરિપૂર્ણ શુદ્ધ સિદ્ધ દશાની પ્રાપ્તિ થાય છે. ત્યાં હવે જીવ અનંત કાળ સુધી અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે.

શ્રદ્ધાનની વાત આવે ત્યારે જીવ હુંપણું ક્યાં રાખે છે તે વાત ખ્યાલમાં આવે છે. અજ્ઞાની જીવે હુંપણું શરીરમાં રાખ્યું છે. જ્ઞાની હુંપણું પોતાના જ્ઞાયક સ્વભાવમાં સ્થાપે છે. પોતે જ્ઞાયક છે એ વાત ભૂલીને અજ્ઞાનીએ પરમાં હુંપણું માન્યું છે. તેથી તેને જીવનું અર્થાત્ પોતાનું સ્વરૂપ સમજાવવામાં આવે છે. અનેકાંતસ્વરૂપ જીવને દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે તેના સાચા સ્વરૂપને જાણીને ગુણ ભેદો અને પર્યાયભેદોને દ્રવ્ય સામાન્યમાં અભેદ કરીને ત્યાં હુંપણું સ્થાપીને એકાગ્ર થવાથી મોહનો નાશ થાય છે એ વાત આવી ગઈ છે. એના અનુસંધાનમાં જીવ અન્ય દ્રવ્યોથી પોતાનું અત્યંત ભિન્નપણું સદાયને માટે રાખીને રહેલ છે એવો નિર્ણય પણ જરૂરી છે. તે નિર્ણયના જોરમાં જીવ ભેદ જ્ઞાનનો પ્રયોગ કરે છે.

## જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન

જયારે શ્રદ્ધા ગુણના કાર્યની સમીક્ષા કરીએ છીએ ત્યારે જ્ઞાન અને શ્રદ્ધા ગુણની પર્યાયમાં ક્યા પ્રકારનો સંબંધ છે તે પણ ખ્યાલમાં લેવું જરૂરી છે. જીવની સત્તા પાસે બધા ગુણો મેળ વિશેષરૂપ રહેલા છે. શાસ્ત્રમાં વાત આવે કે ''જાણેલાનું શ્રદ્ધાન'' તેના ઉપરથી આપણને એ ખ્યાલ આવવો જોઈએ કે ભલે બધા ગુણોના પરિણામ એકી સાથે જ થાય છે પરંતુ અહીં જ્ઞાનમાં કાર્ય થાય છે તેના ઉપર શ્રદ્ધા પોતાનું કાર્ય કરે છે. જ્ઞાન વસ્તુ સ્વરૂપને તેના અનેક પ્રકારના ભેદ સહિત જાણે છે. તે પરદ્રવ્ય સાથેના સંબંધોને પણ લક્ષમાં લે છે. સંસારી જીવોની એકાંત માન્યતા હોવાથી જ્ઞાન પણ તેનાથી રંગાયેલું હોવાથી તે પણ વિસ્તારમાં જતું નથી. પરિણામે તેને એક જ પડખાથી જોવાની ટેવ પડે છે. એવા જ્ઞાનમાં જે નિર્ણય થાય એ સાચો ન હોય. દૃષ્ટાંતઃ વેદાંતી વસ્તુને સર્વથા નિત્ય માને છે. તેથી તેને પદાર્થના બદલતા સ્વરૂપનો સ્વીકાર ન આવે. તેને ભ્રમણા માની બેસે છે. પરિણામે તેને વસ્તુના અનેકાંત સ્વરૂપનો ખ્યાલ જ ન આવે. એવો જીવ જયારે વાસ્તવિક સ્વરૂપ સમજવા માગે ત્યારે તેણે પોતાના જ્ઞાનમાં વસ્તુના અનેકાંત સ્વરૂપને સમજવાની માનસિક તૈયારી કરી લેવી પડે. વસ્તુના સ્વરૂપને બધે પડખેથી ખ્યાલમાં લે ત્યારે જ તેને તેનો સાચો ખ્યાલ આવે છે. જ્ઞાન જયારે વસ્તુના સ્વરૂપને આ પ્રકારે લક્ષમાં લે છે ત્યારે જ તે જ્ઞાનમાં વસ્તુનો સાચો નિર્ણય થાય છે.

શ્રધ્ધાનું કામ તો જ્ઞાનમાં જે વસ્તુ સ્વરૂપ આવ્યું છે તેની કસોટી કરવાનું છે. તે કસોટી કરીને તેનો સ્વીકાર કરે તે ઉપયોગી છે. જ્ઞાનમાં વસ્તુનું

સ્વરૂપ વિપરીત આવે તો તેના સાચા ખોટાના નિર્ણય કરવાની જવાબદારી શ્રધ્ધાની છે. અજ્ઞાની જીવના જ્ઞાન, દર્શન, ચારિત્ર બધા પરિણામ વિપરીત છે. બાહ્યમાંથી સુખ કયારેય ન આવે પરંતુ અજ્ઞાની જીવ વિષયોને ભોગવતા ઈન્દ્રિય સુખનો અનુભવ કરે છે. ઊંધી માન્યતા અનુસાર બધુ લોલેલોલ ચાલે છે પરંતુ ત્યાં મુખ્ય જવાબદાર જીવ પોતે જ છે. તે જીવ જયારે સાચું સમજવા માગે ત્યારે પોતાની ભૂલ કયાં થાય છે તે શોધી કાઢવાનુ કાર્ય જ્ઞાનને સોંપવામાં આવે છે. જ્ઞાન સર્વ પ્રથમ તો પોતાના પરિણામની જ ભૂલ ખ્યાલમાં લે છે. પોતે પરદ્રવ્યથી જાુદો રહીને પરને જાણતો હોવા છતાં પોતે જ્ઞેય જ્ઞાયક સંકર દોષ કરે છે. તેના અનુસંધાનમાં શ્રધ્ધામાં પણ પરને પોતાના માનવારૂપ મિથ્યાત્વ અને પરમાં કર્તાપણા અને ભોક્તાપણાની ભૂલ થાય છે. માન્યતા અનુસાર આચરણ થાય છે. અજ્ઞાની જીવ બાહ્ય વિષયોને ભોગવતા સુખનો અનુભવ કરે છે માટે એ રીતે પોતાની ઊંધી માન્યતાને પુષ્ટ કરે છે. મિથ્યાત્વને દ્રઢ કરે છે.

જ્ઞાન વસ્તુ સ્વરૂપને યથાર્થરૂપે જાણે ત્યારે મિથ્યાત્વ દૂર થાય એવું આપણને લાગે છે. પૂ. ગુરુદેવશ્રીના પ્રતાપે અભ્યાસી જીવને પોતે અરૂપી જ્ઞાયક છે અને પરદ્રવ્યથી સદાય ભિન્ન છે એવો જ્ઞાનમાં નિર્ણય હોય છે. પાત્ર જીવોને વૈરાગ્યમય જીવન પણ હોય છે. તેમ છતાં મિથ્યાત્વનો અભાવ થતો નથી. તેના કારણ શોધવા જરૂરી છે. ઊંધી માન્યતા અનુસાર બાહ્યમાંથી સુખ મેળવવાની જીવને ઈચ્છા થાય. તે વિપરીત આચરણ છે. તે અનુસાર થવું ન જોઈએ પરંતુ તે સુખનો અનુભવ કરે છે અને તે રીતે મિથ્યાત્વને દ્રઢ કરે છે. તેને જે ઈન્દ્રિય સુખનો અનુભવ થાય છે તે બાહ્યમાંથી આવતું નથી. જે સુખનો અનુભવ છે તે પણ ખરેખર દુઃખ જ છે એવું સુખ તેને દુઃખરૂપે અનુભવાય ત્યારે જ તેનું મિથ્યાત્વ મંદ પડીને દૂર થવાની શક્યતા છે. પાત્ર જીવ પદાર્થના અંતરંગ બંધારણને ખ્યાલમાં રાખીને પરદ્રવ્ય સાથેના અસ્તિ નાસ્તિને લક્ષમાં રાખીને વિચારે છે કે અચેતન પદાર્થોમાં સુખ છે જ નહીં માટે તેમાંથી સુખ આવે જ નહીં. પોતાના પરિણામોમાં પણ શ્રધ્ધા-ચારિત્ર વગેરેમાં પોતે ક્યાં ભૂલ કરે છે તેની જાગૃતિ રાખે અને ભૂલનો સ્વીકાર કરવાની અને ભૂલ સુધારવાની ટેવ પાડે તે જરૂરી છે. પોતાના બધા પરિણામોના મેળ વિશેષમાં જ્યાં ભૂલ થવાની શક્યતા હોય ત્યાં જાગૃતિ રાખે તો તેની શ્રધ્ધાની ભૂલ દૂર થઈ શકે. માત્ર જ્ઞાનમાં વસ્તુ સ્વરૂપને યથાર્થપણે લેવાથી શ્રધ્ધા સમ્યક્ ન થાય.

## તત્ત્વ અપ્રતિપત્તિ એ મોહનું લક્ષણ છે.

આચાર્યદેવ મોહનું મૂળ સ્વરૂપ શું છે તે સમજાવે છે. પોતાના વિષે અજ્ઞાન અને અનિર્ણય એને મિથ્યાત્વ કહે છે. પોતે એક જીવ નામનો અરૂપી જ્ઞાયક પદાર્થ છે પરંતુ અજ્ઞાનીને પોતાના સ્વભાવનો ખ્યાલ જ નથી. તેને પોતાના અસ્તિત્વનો પણ સ્વીકાર ન હોય, શરીરથી જાુદું કોઈ જ્ઞાયક તત્ત્વ છે એની કદાચ પ્રાથમિક હા આવે તો પણ તેને વિસ્તારથી સમજવાની કોઈ જરૂર અજ્ઞાનીને લાગતી નથી. તેને શરીરમાં હુંપણું કઈ રીતે છે તે વાત દૃષ્ટાંતથી સમજી શકાય. દૃષ્ટાંતઃ સ્ફટિક મણિ સ્વચ્છ છે. તેને લાલ વસ્ત્રના સંગમાં જોતા તે આખો લાલ દેખાય છે. તે સમયે સ્ફટિકના સ્વભાવની સ્વચ્છતા અને પર્યાયની સ્વચ્છતા બન્ને વિદ્યમાન છે. તેથી તો લાલ વસ્ત્રની ઝાંય સ્ફટિકમાં જોવા મળે છે પરંતુ તે ઝાંયના કારણે સ્ફટિકની સ્વચ્છતા ઢંકાય જાય છે. તેમ જીવ જ્ઞાયક થઈને શરીરથી જાુદો રહીને શરીરને જાણે છે પરંતુ રૂપી શરીરની ઓથમાં અરૂપી જ્ઞાયક દેખાતો નથી. તેથી અહીં કહે છે કે મોહની અસર નીચે એ પરદ્રવ્ય(શરીર) ના દ્રવ્યગુણ-પર્યાયને સ્વ દ્રવ્યગુણ-પર્યાયરૂપ માને છે. શરીરમાં હુંપણું રાખીને શરીરના કાર્ય હું કરૂં છું એવું માને છે.

જેને શરીરમાં હુંપણું છે તેને સંયોગોમાં મમત્વ અને હિતબુદ્ધિ હોય જ છે. બાહ્ય વિષયો સુધી પહોંચવા માટે ઈન્દ્રિયો જ્ઞાનમાં સાધન છે. માટે તેને ઈન્દ્રિયોની મુખ્યતા હોય છે અહીં ઈન્દ્રિયોને દગ્ધ અર્થાત્ હલકી દર્શાવી છે કારણકે એ ઈન્દ્રિયો જીવના ઉપયોગને બહાર ભમાવવામાં સાધન છે.

અજ્ઞાનીએ પોતાના સ્વભાવને જાણ્યો નથી ત્યાં હુંપણું રાખ્યું નથી તેથી તેની સંપૂર્ણ પ્રવૃત્તિ દેહલક્ષી અને સંયોગલક્ષી જ છે. આ રીતે જીવના પરિણામનો વેગ હિતબુદ્ધિપૂર્વક બહાર જ ભટકે છે. એ ઉપયોગ એકરૂપ અને એકધારો છે. અર્થાત્ ધારાપ્રવાહરૂપ નિરંતર છે. આટલી વાત થઈ મિથ્યાત્વને કારણે થતાં બહિર્લક્ષી ઉપયોગની. હવે આચાર્યદેવ એ એકરૂપ પ્રવાહ ભેદરૂપ કઈ રીતે થાય છે તે દૃષ્ટાંતપૂર્વક સમજાવે છે. દૃષ્ટાંતઃ નદીમાં પાણીનો પ્રવાહ એકરૂપ ચાલ્યો જાય છે. નદી પાર કરવા માટે પૂલ બનાવ્યો હોય તેના સ્થંભ-થાંભલા નદીમાં હોય તેને કારણે નદીનો પ્રવાહ બે ભાગમાં વહેંચાય જાય છે. અર્થાત્ નદીના પ્રવાહમાં વચ્ચે કોઈ ખડક વગેરે આવે ત્યારે પ્રવાહ ફંટાઈ જાય છે.

**સિધ્ધાંતઃ** જીવનો હિતબુદ્ધિપૂર્વકનો ઉપયોગ બાહ્યમાં ધસે છે. તે ઉપયોગ બાહ્ય સંયોગને જાણતા રાગ અને દ્વેષ એવા બે ભાગમાં વિભાજીત થાય છે. ખરેખર શું થાય છે. તે વિસ્તારથી વિચારીએ. પરદ્રવ્યને જાણતા જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય છે ત્યારે જ્ઞેયો કેમ જાણે જ્ઞાનમાં (પોતાનામાં) આવી ગયા એવું અજ્ઞાની માને છે. જ્ઞેય જ્ઞાયક સંકર દોષના કારણે અજ્ઞાનીને એવી માન્યતા થાય છે. દૃષ્ટાંતરૂપે જીવને સુગંધ કે દુર્ગંધનું જ્ઞાન થાય છે ત્યારે મારે ભાગે તો જ્ઞાન જ છે. જ્ઞેયાકાર જ્ઞાનનો જ મને ભોગવટો છે એવું ન માનતા મને સુગંધ કે દુર્ગંધ પ્રાપ્ત થઈ એવું માને છે. તેમ થતાં તે ગમે છે કે નથી ગમતી એવા ભાગ પડી જાય છે. જે ગમે છે તેના પ્રત્યે રાગ અને અણગમતી ચીજ પ્રત્યે દ્વેષ થાય છે. ખરેખર તો રાગ અને દ્વેષ વારાફરતી નથી થતાં પરંતુ તે બન્ને એક જ સિક્કાની બે બાજુઓ છે. બાહ્ય વિષયો અનેક છે. અલ્પજ્ઞનું જ્ઞાન એક સમયે એકને વિષય કરી શકે છે. તેથી તેને વિષયની પસંદગી કરવી રહી. ત્યાં મુખ્ય ગૌણ અવશ્ય થાય છે. જેને મુખ્ય કરે તેના પ્રત્યે રાગ અને અન્ય ગૌણ પ્રત્યે દ્વેષ થાય જ. આ રીતે મુખ્ય ગૌણ શૈલીમાં રાગ દ્વેષ થાય જ. મૂળ દૃષ્ટાંત સાથે સરખાવીએ ત્યારે નદીના પ્રવાહને મિથ્યાત્વના બહિર્લક્ષી પ્રવાસ સાથે સરખાવી શકાય. પુલના થાંભલાને બાહ્ય સંયોગ રૂપે લેતા બહિર્લક્ષી પ્રવાહ રાગ અને દ્વેષ એવા બે ભાગમાં થઈ જાય છે. અહીં મિથ્યાત્વ એ શ્રધ્ધાનો દોષ અને રાગ દ્વેષ એ ચારિત્રનો દોષ એમ બે જાુદા ગુણોની વાત ન વિચારતા જે જીવ હિતબુદ્ધિપૂર્વક બાહ્ય લક્ષ રાખે છે. તે સંયોગોમાં રાગ દ્વેષ કરી લે છે એવો ભાવ ખ્યાલમાં લેવો જરૂરી બની જાય છે. ત્યાં બહિર્લક્ષી ભાવ એકરૂપ છે અને રાગ-દ્વેષ એ દ્વૈતરૂપ ભાવો છે.

સંયોગો - અદ્વૈત - (પરમાર્થ જીવથી ભિન્ન)

અનુકૂળ    પ્રતિકૂળ    દ્વૈત

બાહ્ય વિષયોમાં હિતબુદ્ધિપૂર્વકનો ઉપયોગ અદ્વૈત

રાગ    દ્વેષ    દ્વૈત

આ રીતે અજ્ઞાની જીવ સંયોગો પોતાથી અત્યંત ભિન્ન હોવા છતાં તેમાં અનુકૂળ અને પ્રતિકૂળ એવા બે ભેદ પાડે છે. અદ્વૈતમાં દ્વૈત કરે છે. તેથી તેના બહિર્લક્ષી ઉપયોગમાં પણ રાગ અને દ્વેષ એવું દ્વૈત પ્રવર્તે છે. મિથ્યાત્વ એ અદ્વૈત અને રાગ દ્વેષ એ દ્વૈતરૂપ ભાવો છે. આ રીતે બહિર્લક્ષી વ્યાપારને મોહ-રાગ અને દ્વેષ એવા ત્રણ ભાવરૂપ વિચારી શકાય છે.

ભૂતકાળમાં કરેલા શુભાશુભ ભાવો તે

અનુસાર પુણ્ય અને પાપ પ્રકૃતિઓ અને તેના ફળમાં અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગો એવા ભેદો છે ખરા. માત્ર કલ્પના નથી. સ્વર્ગ અને નરકના સ્થાનો છે ખરા. પરંતુ જે જીવ વર્તમાનમાં પોતાને ભૂલીને પરમાં અનુકૂળ અને પ્રતિકૂળપણું માને છે તે નવું મિથ્યાત્વ અને રાગ દ્વેષ કરે છે. જ્ઞાની પોતાના જ્ઞાયક સ્વભાવમાં હુંપણું રાખે છે. પરને જાણતા તે મારાથી ભિન્ન છે એવું ભેદ જ્ઞાન સતત ચાલુ હોવાથી પરને પર જાણીને તેને ત્યાગે છે. તેથી તે મોહ-રાગ-દ્વેષના નવા પરિણામો કરતો નથી.

## ◆ ગાથા - ૮૪

**રે! મોહરૂપ વા રાગરૂપ વા દ્વેષપરિણત જીવને**
**વિધવિધ થાયે બંધ, તેથી સર્વ તે ક્ષયયોગ્ય છે. ૮૪.**

***મોહરૂપે, રાગરૂપે અથવા દ્વેષરૂપે પરિણમતા જીવને વિવિધ બંધ થાય છે; તેથી તેમને (મોહ-રાગ-દ્વેષને) સંપૂર્ણ રીતે ક્ષય કરવા યોગ્ય છે.***

આ ગાથામાં મોહ-રાગ-દ્વેષને બંધના કારણ કહ્યા છે માટે તે સર્વથા છોડવા યોગ્ય છે. એ ત્રણ બંધના કારણ કઈ રીતે છે તે સમજાવવા માટે ટીકાકાર આચાર્યદેવ દૃષ્ટાંત આપે છે. દૃષ્ટાંતમાં હાથીને પકડવાની રીત દર્શાવે છે. ત્રણ રીત છે.

૧) જમીનમાં મોટો ખાડો કરીને તેના ઉપર ડાંખરા-ઘાસ વગેરે પાથરીને જમીન જેવું લાગે તેમ કરે છે. હાથી તે રસ્તે આવે અને આ જમીન નથી પરંતુ ત્યાં ખાડો છે એવું તેના ખ્યાલમાં ન આવે તો તે ખાડામાં પડે છે. આ દૃષ્ટાંત મોહને દર્શાવવા માટે છે. મોહ અર્થાત્ વિપરીતતા ખાડાને સીધી જમીન માનવાની ભૂલ છે.

૨) હાથણીને પકડીને તેને શીખવવામાં આવે છે જેથી તે હાથીને પોતાના તરફ આકર્ષે છે. આકર્ષીને તે ધીમે ધીમે દૂર ખસતી જાય છે અને વાડામાં હાથીને લઈ આવે છે. પછી વાડો બંધ કરી દેવાતા હાથી બંધાય જાય છે. હાથણીના બદલે ખાડા ઉપર હાથણી જેવો દેખાવ કરીને પણ હાથીને આકર્ષવામાં આવે છે. જેથી હાથી ખાડામાં પડે છે. આવી કૃત્રિમ હાથણીને કૂટણી કહેવામાં આવે છે. આ રાગનું દૃષ્ટાંત છે.

૩) હાથણીના સ્થાને કોઈ હાથીને શીખવીને તૈયાર કરવામાં આવે છે. તે અન્ય હાથી સાથે ઝઘડો કરીને તેને લલકારે છે ત્યારે આ પીછેહઠ કરતો વાડાની અંદર આવે છે તેની પાછળ બીજો હાથી પણ આવીને બંધનને પ્રાપ્ત થાય છે. આ દ્વેષનું દૃષ્ટાંત છે.

આ રીતે મોહ-રાગ અને દ્વેષને કારણે જેમ હાથી બંધનને પ્રાપ્ત થાય છે. તેમ સંસારમાં જીવ પોતાના વિભાવ ભાવના કારણે બંધનને પ્રાપ્ત થાય છે માટે વિભાવ સર્વ પ્રકારે અને સંપૂર્ણપણે છોડવાલાયક છે.

## ◆ ગાથા - ૮૫

**અર્થો તણું અયથાગ્રહણ, કરુણા મનુજ-તિર્યંચમાં,**
**વિષયો તણો વળી સંગ, -લિંગો જાણવાં આ મોહનાં. ૮૫.**

***પદાર્થનું અયથા ગ્રહણ (અર્થાત્ પદાર્થોને જેમ છે તેમ સત્ય સ્વરૂપે ન માનતાં તેમના વિષે અન્યથા સમજણ) અને તિર્યંચ-મનુષ્યો પ્રત્યે કરુણાભાવ તથા વિષયોનો સંગ (અર્થાત્ ઈષ્ટ વિષયો પ્રત્યે પ્રીતિ અને અનિષ્ટ વિષયો પ્રત્યે અપ્રીતિ) આ મોહના લિંગો છે.***

આ ગાથામાં મોહ અને રાગ-દ્વેષના લક્ષણો દર્શાવવામાં આવ્યા છે. મોહના બે લક્ષણ દર્શાવ્યા છે.

૧) **વસ્તુનું અયથા ગ્રહણ :-** વસ્તુના સ્વરૂપને તેના સાચા અર્થમાં ન જાણતા તે અન્યથા જણાય તે મોહ છે. પોતે એક અરૂપી જ્ઞાયક તત્ત્વ

વિશ્વના સમસ્ત અન્ય દ્રવ્યોથી સર્વથા જાુદો છે. પરંતુ પોતાનું પરથી ભિન્નત્વ લક્ષમાં ન લેતા સ્વ-પર વચ્ચે જ્ઞાન અને શ્રધ્ધાનમાં એકમેકપણું જાણે અને માને તે મોહ છે. પોતે અનેકાંત સ્વરૂપ હોવા છતાં પોતાને સર્વથા નિત્ય વગેરે એકાંતરૂપ માને તે પણ મોહનું લક્ષણ છે. પોતાના અસલી સ્વરૂપથી અજાણપણું અને પર સાથે એકત્વપણું એ મોહનું લક્ષણ છે.

૨) **કરુણા મનુષ્ય-તિર્યંચ પ્રતિ :-** આટલું વાંચતા આપણને તે સહજપણે શુભભાવ છે એવું ખ્યાલમાં આવે છે. શુભ ભાવ એ ચારિત્રનો દોષ છે. શ્રધ્ધાનો દોષ નથી. તેથી આને મોહના લક્ષણરૂપે શા માટે દર્શાવવામાં આવે છે એ વાત વિચારવી રહી. અહીં આચાર્યદેવ ''પરનું હું કરી શકુ છું'' એવા ભાવ અનુસાર અન્ય જીવો પ્રત્યે કરુણા આવે છે એવું સમજાવવા માગે છે. કરુણાના ભાવની મુખ્યતા નહીં પરંતુ હું કરુણા કરી શકુ છું એવા ભાવની મુખ્યતા દર્શાવવા માગે છે.

રાગ-દ્વેષ અને શુભાશુભ એને બન્નેના મૂળમાં મિથ્યાત્વ રહેલુ છે. તેથી પરમાર્થે બન્નેની જાત એક જ છે તેથી અન્યને બચાવવાના ભાવની જેમ જ મારવાના ભાવને પણ મોહના લક્ષણરૂપે લેવામાં આવી શકે છે. અહીં માત્ર કરુણાની વાત લીધી છે માટે એકલો શુભભાવ જ ન સમજવો. પરનું કરી શકુ છું એવી માન્યતા હોય ત્યાં શુભાશુભ બન્નેને સ્થાન છે. આ વાત કાયમ રાખીને અહીં શુભ ભાવની વાત કેમ લખી તેનો વિચાર કરીએ આપણને ખ્યાલ આવે કે અજ્ઞાની શુભને મોક્ષમાર્ગમાં સ્થાન આપે છે. અશુભને તો છોડવાલાયક માને છે. પરંતુ શુભભાવને કરવા જેવો માને છે. તેથી અહીં કરુણાના ભાવને પણ મોહ સાથે જોડીને શુભ ભાવનું અસલ સ્થાન શું છે તે દર્શાવ્યું છે.

૩) **વિષયો તણો સંગ :-** જયારે ઉપયોગ હિતબુદ્ધિપૂર્વક બાહ્યમાં જાય છે. ત્યારે બાહ્યમાં અનેક પદાર્થો છે. તે અનેક પદાર્થોમાંથી કોઈ એક બાહ્ય વિષય તરફ ઉપયોગ લાગે છે અનેકમાંથી કોઈ ચોક્કસ એક સુધી તે મુખ્ય ગૌણ કરીને જ પહોંચી શકે. એકને મુખ્ય કરીને ત્યાં એકાગ્ર થયો તેને રાગ કહે છે. અન્યને ગૌણ કરીને જ આ કાર્ય થઈ શકયું છે માટે જેને ગૌણ કર્યા તેના પ્રત્યે દ્વેષ છે. અર્થાત્ મુખ્ય ગૌણ કરીને અનેકમાંથી એક સુધી પહોંચવું ત્યાં રાગ અને દ્વેષ બન્ને ભાવ પ્રગટ થઈ જાય છે.

હવે જે બાહ્ય એક વિષયમાં ઉપયોગ લાગ્યો તે ફરીથી રાગ-દ્વેષના ભાવ કરે છે અર્થાત્ તે પદાર્થ પોતાને ઉપયોગી કે બિનઉપયોગી એવી ખતવણી તે નવેસરથી કરે છે. ઉપયોગ તો હિતબુદ્ધિપૂર્વક જ બહાર ગયો છે છતાં ત્યાં ગ્રહણ-ત્યાલ એવા બે પ્રકારના ભાવો જોવા મળે છે. સમજવા માટે લઈએ કે ઉપયોગ અરુચિકર વિષયને જાણે છે. તેને જાણતા તેને દૂર કરવાનો ભાવ આવે છે. પ્રતિકૂળ સંયોગોની વાત બાજુમાં રાખીને રુચિકર વિષયથી વાત વિચારીએ. ખાવાની ભાવતી ચીજ એ રુચિકર વિષય છે પરંતુ પેટ ભરેલું હોય તો તે રુચિકર વિષયને પણ ગ્રહણ નહીં કરે. આશય એ છે કે અનાદિ કાળથી આ જીવ બાહ્ય વિષયોમાં અનુકૂળ અને પ્રતિકૂળ એવા ભેદ પાડતો આવ્યો છે પરંતુ તેને ટેબલરૂપે બે ખાના અનુકૂળ અને પ્રતિકૂળ બનાવીને તેમાં વિષયોના નામ લખવાનું કહેશું તો તે લખી નહીં શકે, વિમાસણમાં પડી જશે. જેમ કે ઈચ્છા મુજબ પ્રાપ્ત થયેલી પત્ની પ્રત્યે પણ કયારેક ગુસ્સો આવી જશે. સામાન્યરૂપે કોઈ ગાળ આપે તે ન ગમે પરંતુ ફટાણા તેને ગમશે. આ રીતે હિતબુદ્ધિ પૂર્વક બાહ્ય જતો ઉપયોગ પણ જયારે બાહ્યમાં કોઈ એક વિષયને જાણે છે ત્યારે ત્યાં પોતે નવેસરથી તેના પ્રત્યે રાગ-દ્વેષ કરી લે છે.

આ રીતે આચાર્યદેવે મોહના બે લક્ષણો અને

રાગ દ્વેષ થવાનું એક કારણ આપણને દર્શાવ્યું. આવા પરિણામો પોતાની સત્તામાં થતા વૈત જ તેનો નાશ કરવા યોગ્ય છે એવું ટીકાકાર આચાર્યદેવ સમજાવવા માગે છે. ખરેખર તો તેને ઉત્પન્ન જ ન થવા દેવા એવો આશય છે. વિભાવ ભાવથી ભેદ જ્ઞાનમાં પણ એમ જ સમજાવવામાં આવે છે. જીવના ત્રિકાળ શુદ્ધ સ્વભાવને અને એક સમયની વિભાવ પર્યાયને તે બન્નેને તેમના સ્વલક્ષણ વડે પ્રજ્ઞા જાણીને જુદા પાડે છે. સ્વભાવને ગ્રહણ કરે છે. વિભાવનો ત્યાગ કરે છે. એટલે કે બીજા સમયે પોતે વિભાવરૂપે પરિણમતો નથી. વિભાવનો કાળ જ એક સમયનો છે તેથી જે સમયે તે વિદ્યમાન છે તે સમયે તેનો નાશ ન થઈ શકે. બીજા સમયે વિભાવ ન થાય એને નાશ કર્યો કહેવાય.

## ◆ ગાથા - ૮૬

**શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી જાણતો જે અર્થને,**
**તસુ મોહ પામે નાશ નિશ્ચય; શાસ્ત્ર સમધ્યયનીય છે. ૮૬.**

***જિન શાસ્ત્ર દ્વારા પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પદાર્થોને જાણનારને નિયમથી મોહોપચય (મોહનો સંચય) ક્ષય પામે છે, તેથી શાસ્ત્ર સમ્યક્ પ્રકારે અભ્યાસવા યોગ્ય છે.***

આ ગાથામાં ફરીને મોહના નાશનો ઉપાય દર્શાવવામાં આવે છે. પોતાના દ્રવ્ય-ગુણ પર્યાય સ્વરૂપ અનેકાંત આત્માને જાણીને ગુણ અને પર્યાય ભેદોને દ્રવ્ય સામાન્યમાં અંતર્લીન કરીને તે જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપવાથી મોહનો નાશ થાય છે તે વાત મુખ્ય રાખીને હવે ઉપાયાંતર દર્શાવે છે. ઉપાયાંતર એટલે એકને બદલે બીજો ઉપાય એવો અર્થ નથી. મુખ્ય ઉપાયના પુરક ઉપાયરૂપે આચાર્યદેવ શાસ્ત્ર સ્વાધ્યાયની અગત્યતા સમજાવે છે.

જે શુદ્ધાત્મ સ્વભાવનો મહિમા કરવામાં આવે છે ત્યાં સુધી પહોંચવાનું કાર્ય માનીએ એવું સહેલું નથી. જીવે પદાર્થની દ્રવ્યગુણ-પર્યાયરૂપ અંતરંગ વ્યવસ્થા જાણવી જોઈએ. જીવની મુખ્યતાથી છ દ્રવ્ય અને નવ તત્ત્વનું સ્વરૂપ જાણવું જોઈએ. આ રીતે બધે પડખેથી વસ્તુના અનેકાંત સ્વરૂપનો નિર્ણય કર્યા પછી જ, અનેકાંતના સમ્યક્ જ્ઞાન પછી જ જ્ઞાયક સ્વભાવ સુધી પહોંચવાનું છે. માટે શાસ્ત્ર સ્વાધ્યાય ઉપયોગી છે.

પ્રત્યક્ષ જ્ઞાની અથવા તીર્થંકરદેવનો ઉપદેશ તો મળવો દુર્લભ છે. વળી તે તત્કાળ બોધક છે. નિત્ય બોધક તો શાસ્ત્રો છે. શાસ્ત્રમાં બધી અપેક્ષા લઈને વિસ્તારથી સમજાવવામાં આવ્યું હોય છે માટે પાત્ર જીવને જયારે પ્રશ્નો ઊઠે ત્યારે શાસ્ત્રમાંથી તેનો જવાબ મળે અને મનનું સમાધાન થાય. પ્રત્યક્ષ જ્ઞાની પાસેથી સમજવા મળે તે તો ઉત્તમ છે પરંતુ તેની અવેજીમાં શાસ્ત્ર ઉપયોગી છે. તે એન્સાઈકલોપીડીયા છે. જ્ઞાનીને પણ સવિકલ્પ દશાનો કાળ મોટો હોય છે તેથી તેને માટે પણ શાસ્ત્ર સ્વાધ્યાય મુખ્ય રહે છે.

જેને સંસારની પ્રવૃત્તિમાં રસ નથી તે ભગવાનની પૂજા ભક્તિ કરે છે પરંતુ તેની મુખ્યતા નથી. તેમાં વધુ સમય ગાળવા માગતો નથી. તેને માટે શાસ્ત્ર સ્વાધ્યાય જ એક વિકલ્પ રહે છે. વળી ચિંતવનની મુખ્યતા હોય ત્યાં પણ સ્વાધ્યાય વિના તો ચિંતવન શક્ય જ નથી. અવલંબન વિનાનું ધ્યાન તો સાધકદશામાં આગળ વધેલાને હોય છે. નીચલી ભૂમિકામાં અવલંબન અનિવાર્ય છે. શાસ્ત્રની ગાથાઓ, તેના ઉપરની ટીકા અને તે ઉપરના જ્ઞાનીઓના પ્રવચનો આ બધા અવલંબનો છે. તેમાં પણ આચાર્ય ભગવંતોના મૂળ શાસ્ત્રોનો અભ્યાસ ખાસ જરૂરી છે. પ્રવચનોનો ઉપયોગ પણ મૂળ શાસ્ત્રની ગાથાના ભાવ સમજવા માટે કરવો જોઈએ. માત્ર પ્રવચનો જ વાંચવાથી પ્રયોજન ન

સરે. પ્રવચનો વાંચીને તેને ગૌણ કરી ગાથાની ટીકા વાંચી તેને પણ ગૌણ કરી, મૂળ ગાથાને લક્ષમાં રાખીને ચિંતવન કરે, આચાર્યદેવના આશય સુધી પહોંચવાનો પ્રયત્ન કરે. તેમાંથી નવા નવા ભાવો કાઢવા માટેનો સ્વતંત્ર પ્રયત્ન કરે તે વિશેષ લાભનું કારણ થાય છે. આ વાત આવે ત્યારે સહજપણે પ્રશ્ન થાય કે આપણી ભૂમિકા ન હોય અને આપણે વિચારવા લાગીએ તો કૃતર્ક થઈ જવાની શક્યતા રહે ને ! જે પ્રવચન વાંચીને ભાવ સમજવાનો પ્રયત્ન કરે છે તેને તેવી શક્યતા નથી. પૂજ્ય સદ્ગૂરુદેવ શ્રી કાનજી સ્વામીએ સુંદર પ્રણાલિકા પાડી છે, પ્રવચન સમયે દરેક શ્રોતા પાસે શાસ્ત્ર હોવું જોઈએ. પોતે ગાથા પહેલેથી ઘેર બેસીને વાંચે પ્રવચન દરમ્યાન બરોબર ધ્યાન રાખે અને પ્રવચન પુંરું થયા બાદ ફરીને એ ગાથા વાંચે. મુમુક્ષુઓને આ પ્રકારની ટેવ હોવાથી કુતર્કનો પ્રશ્ન રહે નહીં. વળી શાસ્ત્રમાં આવે છે કે પાત્ર જીવ વિચારે અને આગમ સાથે મેળવે. તફાવત જણાય તો ફરીને વિચારે. આવું ક્યાં સુધી ? આગમની વાત અને પોતાની વિચારણા સરખી થાય ત્યાં સુધી. સ્વતંત્ર રીતે વિચારવું વિશેષ લાભનું કારણ છે.

શાસ્ત્રમાં પ્રયોજનભૂત વાત તો હંમેશા ન્યાય-યુક્તિથી જ દર્શાવવામાં આવે છે. જ્ઞાનીઓ એવો અનુરોધ કરે છે કે અમારી વાત સીધી માની ન લેતા, તમો પોતે ન્યાય યુક્તિથી પ્રથમ નક્કી કરજો અને પછી માન્ય કરજો, યુક્તિથી જે નિર્ણય થાય તે અનુમાન જ્ઞાન છે અને પછી આગળ વધીને અનુભવ પ્રમાણ કરીને જ હા પાડજો, વીતરાગ માર્ગમાં કયાંય ભૂલ નથી, તેને કાંઈ ગોપવવાનું નથી. વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું પ્રતિપાદન કરે છે તેથી શાસ્ત્રો એ ઉઘાડી કિતાબ છે.

''જિન શાસ્ત્રો'' એવો શબ્દ પડયો છે. દરેક ધર્મમાં તેના માનેલા, દેવ ગુરુ અને શાસ્ત્રો હોય છે. અન્યમતના કથનો એકાંત સ્વરૂપને દર્શાવનાર હોય છે. તેથી અહીં જિનશાસ્ત્રોની, સત્ શાસ્ત્રની, વાત આચાર્યદેવ કરવા માગે છે. પાત્ર જીવને સાચા અને ખોટા દેવ-શાસ્ત્ર-ગુરુ વચ્ચેનો વિવેક જરૂરી છે.

શાસ્ત્રો પદાર્થોના સ્વરૂપને દર્શાવનારા છે. શુદ્ધાત્માને કેન્દ્રમાં રાખીને આત્માનું સ્વરૂપ અને છ દ્રવ્ય નવ તત્ત્વનું સ્વરૂપ સમજવું જોઈએ. શાસ્ત્રમાં એજ રીત છે અને પાત્ર જીવે પણ એને અનુસરવું જોઈએ. ગુરુ-શિષ્ય વચ્ચે શબ્દોનું માધ્યમ છે. તેમ નય વિભાગનું પણ એક માધ્યમ છે. જ્ઞાની પાસે સંપૂર્ણ ચિત્ર છે. તે શબ્દો દ્વારા સમજાવવું હોય તો સ્યાદવાદ શૈલીથી જ સમજાવી શકાય માટે ત્યાં નય વિભાગ દાખલ થાય છે. શ્રોતા અથવા શાસ્ત્ર વાંચનારો નય વિભાગથી સમજીને તેના ઉપરથી વસ્તુના વાસ્તવિક સ્વરૂપ સુધી પહોંચવા માગે છે. તેથી પ્રથમ પ્રવેશ નય દ્વારા જ થાય છે.

નયમાંથી પ્રવેશ લઈને અલગ નયોના અવિરોધપૂર્વક પાત્ર જીવ વસ્તુનો નિર્ણય કરે છે. આવો નિર્ણય મનના સંગે થાય છે માટે તેને અનુમાન પ્રમાણ અથવા પરોક્ષ પ્રમાણ કહેવામાં આવે છે. આ રીતે પાત્ર જીવ જયારે પોતાના સ્વભાવનો નિર્ણય કરે છે ત્યારે તે શુદ્ધાત્માને પ્રાપ્ત કરવાની તેને જિજ્ઞાસા જાગે છે. અનુમાન પ્રમાણ અનુભવવત્ હોય તો પણ ત્યાં આનંદ આવતો નથી. અનુમાનમાં વસ્તુ પરોક્ષ રહી જાય છે. જેવો આત્મા જ્ઞાનીને અનુભવમાં આવ્યો છે. એવો જ આત્મા અનુમાન જ્ઞાનમાં આવે છે એવું કહેવાય છે પરંતુ તેવા જ્ઞાનનું ફળ અતીન્દ્રિય આનંદ નથી. એ જીવ જયારે મનનું અવલંબન છોડીને પોતાના સ્વભાવની સન્મુખ થાય છે ત્યારે જ અતીન્દ્રિય આનંદ આવે છે. તેને પ્રત્યક્ષ પ્રમાણ જ્ઞાન કહેવામાં આવે છે. માટે અહીં કહે છે કે પાત્ર જીવ શાસ્ત્રો દ્વારા પદાર્થનો નિર્ણય પ્રત્યક્ષાદિ પ્રમાણ દ્વારા કરે છે ત્યારે તેનો

મોહ નાશ પામે છે. અહીં પ્રત્યક્ષ પ્રમાણની વાત લીધી ''આદિ'' શબ્દ દ્વારા આપણે અનુમાન પ્રમાણનો વિચાર કરીએ છીએ ત્યાં પ્રથમ પ્રત્યક્ષ પ્રમાણની વાત કરવાનો આશય એ જણાય છે કે આ જીવે અનુમાન જ્ઞાનમાં પણ વસ્તુ સ્વરૂપને અનેકવાર લક્ષમાં લીધું છે પરંતુ ઉપયોગને અંદરમાં વાળીને નયાતિક્રાંત થયો નથી. પ્રત્યક્ષ પ્રમાણ વડે સ્વાનુભવ કરનારને જીવની સાથે ઉભયબંધને પ્રાપ્ત થયેલ દર્શન મોહનીય કર્મનો નાશ થાય છે એવું અહીં કહેવા માગે છે. ૮૦ ગાથામાં દર્શાવેલો ઉષાય અને આ ગાથાની વાત એકબીજાની પુરક છે. જ્ઞાની પણ શાસ્ત્ર સ્વાધ્યાયમાં ઉપયોગ લગાડે છે. શાસ્ત્રાભ્યાસ અસ્તિપણે વસ્તુના યથાર્થે નિર્ણય માટે અને નાસ્તિરૂપે વૈરાગ્ય વધારવા માટે ઉપયોગી છે.

હવે ટીકામાં આચાર્યદેવ કેવી રજુઆત કરે છે તે જોઈએ. પ્રથમ કેવા જીવને લક્ષમાં રાખીને આ વાત કરવામાં આવી છે તે દર્શાવે છે. પ્રાથમિક જીવોને અનુલક્ષીને કહે છે કે આગમો છે તે પ્રમાણિત છે. સર્વજ્ઞ પરમાત્માએ સ્વયં જાણીને કહેલી વાત છે માટે તે નિર્દોષ છે. એવા આગમોની પ્રાપ્તિ થવી એ પણ ઊંચા પુણ્યનું ફળ છે. પાત્ર જીવ શાસ્ત્રની ઉપયોગીતા જાણી લે છે. પૂ. સદ્‌ગુરુદેવશ્રી કાનજી સ્વામીના હાથમાં પ્રવચનસાર પુસ્તક આવ્યું ત્યારે ''આ અશરીરિ થવાનું શાસ્ત્ર છે'' એવા ભાવ તેઓશ્રીને આવેલા. શાસ્ત્રમાં ક્રિડા કરવી. ''જે જિન વચનમાં રમે છે'' એનો આશય એ છે કે શાસ્ત્રના શબ્દો વાચકરૂપે જે વાચ્ય એવા પોતાના આત્માને દર્શાવે છે તેવા આત્મામાં જે પ્રીતિપૂર્વક પોતાના ઉપયોગને લગાવે છે તેને શાસ્ત્ર સ્વાધ્યાય લાભનું કારણ બને છે. જે રુચિપૂર્વક શાસ્ત્રાભ્યાસ કરે છે તેને કેવું ફળ પ્રાપ્ત થાય છે ? જો કોઈને ભણતર ન હોય અને શાસ્ત્રના શબ્દો સમજાતા ન હોય પરંતુ તેનો અભ્યાસ કરવાની રુચિ હોય તો તેના ફળમાં અલ્પકાળમાં તે શાસ્ત્રના ભાવ સમજી શકે તેવો જ્ઞાનનો ક્ષયોપશમ તેને થાય છે. એવો પાત્ર જીવ જયારે સ્વાનુભૂતિ પ્રગટ કરે છે, પ્રત્યક્ષ પ્રમાણ જ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે તેને અપૂર્વ અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.

એવી સ્વાનુભૂતિ પહેલા એને અનુમાન જ્ઞાનમાં વસ્તુનો યથાર્થ નિર્ણય થાય છે તેને પરોક્ષ પ્રમાણ પણ કહેવામાં આવે છે. એવા જ્ઞાન વડે પણ એકાંત માન્યતાઓનો અભાવ થાય છે. ભાવ મિથ્યાત્વના કારણો દૂર થાય છે અને સમ્યગ્દર્શન પણ ક્ષાયિક ભાવે પ્રગટે છે. વિભાવનો મૂળમાંથી નાશ થાય છે. માટે પાત્ર જીવો માટે શાસ્ત્ર સ્વાધ્યાય એક ઉપયોગી અંગ છે.

### ◆ ગાથા - ૮૭

**દ્રવ્યો, ગુણો ને પર્યયો સૌ 'અર્થ' સંજ્ઞાથી કહ્યાં;**
**ગુણ-પર્યયોનો આતમા છે દ્રવ્ય જિન-ઉપદેશમાં. ૮૭.**

***દ્રવ્યો, ગુણો અને તેમના પર્યાયો ''અર્થ'' નામથી કહ્યા છે. તેમાં, ગુણ-પર્યાયોનો આત્મા દ્રવ્ય છે (અર્થાત ગુણો અને પર્યાયોનું સ્વરૂપ સત્ત્વ દ્રવ્ય જ છે, તેઓ ભિન્ન વસ્તુ નથી) એમ (જિનેન્દ્રનો) ઉપદેશ છે.***

આચાર્યદેવ આ ગાથામાં દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણ માટે એક નામ ''અર્થ'' આપે છે. આ વાંચીએ ત્યારે આપણને વિચાર થાય કે ત્રણ માટે એક જ નામ શા માટે ? એ શબ્દનો ભાવ કેવી રીતે સમજી શકાય ? પરંતુ જયારે શાંતિથી વિચારીએ ત્યારે આપણને ખ્યાલ આવે કે આતો સરસ વાત કરી છે. પદાર્થનું અખંડપણુ રાખીને તેમાં દ્રવ્ય-ગુણ અને પર્યાય એવા ત્રણ ભેદ પાડવામાં આવે છે. એવા ભેદો ખરેખર છે અને એ ત્રણના અલગ નામો પણ છે ત્યારે ત્રણને એક સંજ્ઞા આપવાનું પ્રયોજન હોવું જોઈએ એવો ખ્યાલ આવે છે. અર્થ શબ્દ ઋ ધાતુમાંથી બન્યો છે. તેનો અર્થ જે પામે,

પ્રાપ્ત કરે અથવા પહોંચે તેમજ જેનાથી પમાય, પ્રાપ્ત કરાય અને પહોંચાય એવો થાય છે. હવે દ્રવ્ય અને ગુણો તો ત્રિકાળ છે તેને નવા પ્રાપ્ત કરવાના રહેતા નથી. દ્રવ્ય અને ગુણો બન્નેને પરિણામરૂપે જોઈએ તો તે નવા નવા પરિણામોને પ્રાપ્ત કરે છે. તેથી ત્યાં ક્રમપૂર્વક પ્રાપ્ત કરવાની વાત કરી શકાય.

દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ પદાર્થની વ્યવસ્થા શાશ્વત છે તેથી ત્યાં કાંઈ નવીન કરવાપણું નથી. એક એક પર્યાયનો અલગ વિચાર કરીએ તો ત્યાં ઉત્પાદ અને વ્યયથી ક્રમ ખ્યાલમાં આવે પરંતુ પર્યાયનો સમુચ્ચયરૂપે વિચારતા ત્યાં પ્રાપ્ત કરવાનું નથી. એક અનેક તથા નિત્ય-અનિત્ય એવા બન્ને પ્રકારના વિરોધી દેખાતા ધર્મોને ધારણ કરીને પદાર્થ સદાયને માટે રહેલ છે. તેથી આ ગાથામાં પદાર્થનું અખંડપણુ દર્શાવવાની મુખ્યતા છે. દ્રવ્યને ગુણ અને પર્યાયથી અતત્‌પણુ હોવા છતાં એ ત્રણેય એકબીજા સાથે તાદાત્મ્ય, તન્મય, અવિનાભાવ સંબંધથી અખંડ અભેદરૂપ સદાય રહેલા જ છે. આવા દ્રવ્ય બંધારણનો ઉપયોગ કરીને હવે આચાર્યદેવ એ ત્રણ માટે અર્થ સંજ્ઞા શા માટે કહે છે તે લક્ષમાં લઈએ.

આ પૂર્વ ભૂમિકાપૂર્વક હવે આચાર્યદેવ જ્ઞાનની વાત કરવા માગે છે. ખરેખર તો શ્રુત જ્ઞાનની વાત કરવા માગે છે. આત્માની ઓળખાણનું જેને પ્રયોજન છે તે પરદ્રવ્યથી પાછો ફરીને આત્માના દ્રવ્ય-ગુણ કે પર્યાય કોઈપણ એક ભેદમાં આવે તે જરૂરી છે. જે એક ભેદમાં આવે છે તે હવે સહજરૂપે અન્ય બે ભેદો પણ લક્ષમાં લઈને એ રીતે જીવ પદાર્થને જાણી લે છે. પદાર્થનું અખંડપણુ હોવાથી એ શક્ય છે. એક અંશમાંથી પ્રવેશ લઈને તેના દ્વારા અન્ય અંશો અને અંશી સુધી પહોંચવાનું કાર્ય શ્રુતજ્ઞાન કરે છે. શ્રુતજ્ઞાન તર્કણાત્મક છે તેથી તે જ્ઞાન લંબાયને બધે ફરી વળે છે. કેવળજ્ઞાનમાં ભેદ-અભેદ બધુ સાથે જણાય છે તેની અહીં વાત નથી લેવી. ગુણભેદ અથવા પર્યાય ભેદમાંથી પ્રવેશ મળે છે. તે પ્રવેશ મળે એટલે તેનું કામ થઈ ગયું. જીવના દ્રવ્ય-ગુણ કે પર્યાય તેમાં કયાંય પણ પ્રવેશ લેવો તેને શાસ્ત્રમાં ''તદ્ ગુણ સંવિજ્ઞાન'' શબ્દોથી ઓળખાવવામાં આવે છે. પંચાધ્યાયી શાસ્ત્રમાં એ શબ્દ પ્રયોગ આવે છે. એક પદાર્થમાં જ નય વિભાગ લાગુ પાડે છે. બે પદાર્થ વચ્ચેના સંબંધોને ત્યાં નયાભાસ કહ્યા છે. તદ્‌ગુણસંવિજ્ઞાન અર્થાત્ તમો જીવના (એક પદાર્થના) કોઈપણ અંશ સુધી પહોંચ્યા તો ત્યાંથી આખા પદાર્થને લક્ષમાં લઈ શકશો કારણકે પદાર્થની એક સત્તા છે ત્યાં શ્રુતજ્ઞાન કામે લાગી જાય છે.

હવે આપણે આ ત્રણ માટે અર્થ શબ્દનો પ્રયોગ શા માટે કર્યો છે તે સમજી શકીશું. તમે ગુણની પર્યાયને લક્ષમાં લીધી તો તે પર્યાય મારફત તમો ગુણ સુધી અને દ્રવ્ય સુધી જઈ શકશો. જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય મારફત જ્ઞાન ગુણ અને એ ગુણ મારફત જીવ સુધી પહોંચવાનો સદ્‌ભૂત વ્યવહાર નય પંચાધ્યાયીમાં દર્શાવવામાં આવ્યો છે. એક અંશ વડે અન્ય અંશો પ્રાપ્ત કરાય છે એવું અહીં સમજાવવાનો આશય છે.

દ્રવ્ય - ગુણ અને પર્યાયોને પામે છે, પ્રાપ્ત કરે છે, પહોંચે છે.

દ્રવ્ય - ગુણ અને પર્યાયો વડે પમાય છે, પ્રાપ્ત કરાય છે, અને પહોંચાય છે.

ગુણ - દ્રવ્ય અને પર્યાયોને પામે છે, ગુણ-દ્રવ્ય અને પર્યાયો વડે પમાય છે. પર્યાય દ્રવ્ય અને ગુણને પ્રાપ્ત કરે છે અને પર્યાય દ્રવ્ય અને ગુણ વડે પ્રાપ્ત કરાય છે.

ટીકામાં આચાર્યદેવે દૃષ્ટાંતમાં સુવર્ણને દ્રવ્યરૂપે, પીળાશને ગુણરૂપે અને કુંડળને પર્યાયરૂપે દર્શાવી છે.

## ◆ ગાથા - ૮૮

**જે પામી જિન-ઉપદેશ હણતો રાગ-દ્વેષ-વિમોહને,**
**તે જીવ પામે અલ્પ કાળે સર્વ દુ:ખવિમોક્ષને. ૮૮.**

***જે જિનના ઉપદેશને પામીને મોહ-રાગ-દ્વેષને હણે છે, તે અલ્પ કાળમાં સર્વ દુ:ખથી મુક્ત થાય છે.***

જીવ અનાદિનો છે, તેણે આજ સુધીમાં અનેક વાર ભગવાનની દિવ્ય ધ્વનિ સાંભળી છે. પરંતુ હજુ સ્વાનુભૂતિ કરી નથી. તેથી અહીં કહે છે કે જે વાણી સાંભળીને, અર્થાત્ મોહના નાશનો ઉપાય લક્ષમાં લીધા પછી પણ તે પ્રકારનો પુરુષાર્થ કરે છે. તે જ મોહનો અભાવ કરે છે. સમયસાર શાસ્ત્રમાં પણ એ વાત લીધી છે. પોતે શા માટે બંધાણો તેનું ચિંતવન કર્યે બંધન ન છૂટે. બંધનમાંથી છૂટવાના રસ્તા વિચારવાથી પણ બંધન તૂટે નહીં પરંતુ તે માર્ગ નક્કી કરીને તે પ્રમાણે અમલ કરે તો મુક્તિ થાય.

સંસાર અનાદિનો છે માટે અતિ દીર્ઘ છે. સંસાર હંમેશા દુ:ખરૂપ જ છે માટે તેને ઉત્પાતરૂપ કહ્યો છે. અહીં ઉત્પાદ શબ્દ નથી પરંતુ ઉત્પાદ અર્થાત્ દુ:ખમય ભાવની વાત છે. ભગવાનની વાણી અસ્તિ સિધારા સમાન છે. શરીરનું કોઈ અંગ સડી જાય તો તેને કાઢી જ નાખવું પડે. તેને કાપે નહીં તો મરણ થવાની શક્યતા. આવા રોગમાં દવા કામ ન આવે, તેથી અહીં મિથ્યાત્વરૂપ રોગને દૂર કરવા માટે ભગવાનનો ઉપદેશ અસિધારા સમાન છે. મિથ્યાત્વ જ દુ:ખનું મૂળ કારણ છે માટે તેના ઉપર જરા પણ દયા રાખ્યા સિવાય તેનો નિર્મૂળ નાશ કરવા યોગ્ય છે, જે આ રીતે પુરુષાર્થ ઉપાડે છે તે અલ્પ કાળમાં મુક્તિ પામે છે.

મોહના નાશનો અર્થાત્ આત્મકલ્યાણનો આ એક જ માર્ગ છે એ રીતે પોતાની મતિને પ્રથમ વ્યવસ્થિત કરવાની જરૂર છે. સૌ પ્રથમ આ નિર્ણય જરૂરી છે. આ નિર્ણય આવવો પણ સહેલ નથી. એ નિર્ણય થયા બાદ એનો અમલ કયારે કરવો તે નક્કી કરવાનું છે. આ કર્યા સિવાય છૂટકો જ નથી એવું ભાસવું જોઈએ. મકાનમાં ચારે બાજુથી આગ લાગી હોય તો લાંબો વિચાર કર્યા વિના ત્યાંથી ભાગવાનું જ હોય પરંતુ જેને સંસાર એવો દુ:ખરૂપ ન લાગે તે ઢીલ કરે છે. પૂ. બહેનશ્રીના વચનામૃતમાં જીવ કેમ અટકયો છે તે દર્શાવવા માટેનો એક બોલ છે. તેનો અભ્યાસ કરવા યોગ્ય છે. જ્ઞાનની સાથે વૈરાગ્યનું કાર્ય થાય ત્યારે જ જીવ સાચો પુરુષાર્થ કરે છે, વાસ્તવિકતા એ છે કે જીવ ચાર ગતિમાં અનેક પ્રકારના દુ:ખો સહન કરે છે. તેનાથી ટેવાય જાય છે. નરકના પ્રથમ દુ:ખ સહન કરતાં તેને લાગે કે અહીં તો કેમ જીવાય ? પરંતુ ત્યાં પણ જીવ ૩૩ સાગરની સ્થિતિએ અનેકવાર રહ્યો છે. તેથી જે જીવ સંસારથી ખરેખર થાકે તે જીવ જ પુરુષાર્થ કરે છે. વૈરાગ્ય આવવા પાછળ પણ જ્ઞાન જ કારણરૂપ છે કારણકે જ્ઞાન જ સ્વ પરની ભિન્નતા સ્પષ્ટપણે સમજાવી શકે છે.

## ◆ ગાથા - ૮૯

**જે જ્ઞાનરૂપ નિજ આત્મને, પરને વળી નિશ્ચય વડે**
**દ્રવ્યત્વથી સંબદ્ધ જાણે, મોહનો ક્ષય તે કરે. ૮૯.**

***જે નિશ્ચયથી જ્ઞાનાત્મક એવા પોતાને અને પરને નિજ નિજ દ્રવ્યત્વથી સંબંધ (સંયુક્ત) જાણે છે, તે મોહનો ક્ષય કરે છે.***

દરેક પદાર્થનું સ્વરૂપ અસ્તિત્વ અલગ છે, અંતરંગની દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ વ્યવસ્થા સિલ બદ્ધ છે. દરેક પદાર્થને પોતાના કહેવાય એવા અનંતગુણો છે. આવો એક પદાર્થ બીજા પદાર્થથી પોતાનું અત્યંત ભિન્નપણું સદાયને માટે ટકાવીને રહેલો છે. જે પાત્ર જીવ છે તેને દરેક પદાર્થની સ્વથી એકત્વ અને પરથી વિભક્ત વ્યવસ્થાનો ખ્યાલ છે. એ રીતે જેને સ્વ-પરનો વિવેક છે તે જ મોહનો નાશ કરી શકે છે.

તેથી પાત્ર જીવે આવા વિવેક માટે પ્રયત્નશીલ રહેવું યોગ્ય છે.

ભેદજ્ઞાનનો પ્રયોગ કરતાં પહેલા સ્વ અને પરને તેના ભિન્ન લક્ષણો વડે જાણવા અત્યંત જરૂરી છે.

## ◆ ગાથા - ૯૦

**તેથી યદિ જીવ ઈચ્છતો નિર્મોહતા નિજ આત્મને,**
**જિનમાર્ગથી દ્રવ્યો મહીં જાણો સ્વ-પરને ગુણ વડે. ૯૦.**

***માટે (સ્વ-પરના વિવેકથી મોહનો ક્ષય કરી શકાતો હોવાથી) જો આત્મા પોતાને નિર્મોહપણું ઈચ્છતો હોય તો જિનમાર્ગ દ્વારા ગુણો વડે દ્રવ્યોમાં સ્વ અને પરને જાણો (અર્થાત્ જિનાગમ દ્વારા વિશેષ ગુણો વડે અનંત દ્રવ્યોમાંથી ''આ સ્વ છે અને આ પર છે'' એમ વિવેક કરો)***

ગાથાના મથાળામાં આચાર્યદેવ સ્વ-પરના વિવેક માટે જિનાગમ એક જ સાધન છે એવું દર્શાવવા માગે છે. વસ્તુ અનેકાંત સ્વરૂપ છે. તેનો વાસ્તવિક નિર્ણય જૈન દર્શનમાં જ છે. અન્યમતો એકાંત માન્યતાવાળા છે માટે જિનાગમ સિવાય વસ્તુનુ યથાર્થ સ્વરૂપ કોઈ દર્શાવી શકે નહીં. વિશ્વના અનંત પદાર્થો છે તે છ પ્રકારના છે એવી પ્રરૂપણા જિનાગમમાં છે અન્ય ધર્મો છ પ્રકારના દ્રવ્યોને માનતા નથી. છ પ્રકારના દ્રવ્યો ત્યારે જ સંભવે કે જયારે દરેક પદાર્થની કોઈ વિશિષ્ટતા હોય જેનાથી તેઓ એકબીજાથી જાુદા જણાય. જિનાગમ છ પ્રકારના દ્રવ્યોને તેના અસાધારણ ગુણો વડે સ્પષ્ટ રીતે દર્શાવે છે. અસાધારણ ગુણનો અર્થ એ છે કે તે ગુણ એક જ દ્રવ્યમાં હોય અન્ય પાંચ દ્રવ્યોમાં ન હોય.

દરેક પદાર્થમાં અનાદિથી અનંત કાળ સુધી અનંત પર્યાયો થયા કરે છે. તે બધી પર્યાયો વિધવિધ છે. તેથી દરેક પદાર્થ નિરંતર નવારૂપ દર્શાવે છે. દરેક પદાર્થ પોતાના મૂળભૂત સ્વભાવને ટકાવીને સ્વભાવ અંતર્ગત વિધવિધતાને દર્શાવે છે. જેને દ્રવ્ય પર્યાયરૂપ આવા સ્વભાવનો ખ્યાલ ન હોય તેને સ્વભાવમાં ફેરફાર થાય તેમાં વાંધો ન આવે. રૂપાંતર થાય છે ત્યાં જીવ ચેતન મટીને જડ થાય એવું માનવામાં તેને વાંધો ન આવે. પરંતુ એવી શક્યતા જ નથી. દરેક પદાર્થનો જે સ્વભાવ છે તે ત્રિકાળ એકરૂપ જ છે. તેમાં કોઈ ફેરફાર શક્ય જ નથી. જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતનભાવ કોઈ કોઈ પલટે નહીં છોડી આપ સ્વભાવ જિનાગમ સિવાય પદાર્થની આ વ્યવસ્થા કોઈ સમજાવી શકે નહીં.

આચાર્યદેવ આ ગાથામાં એક અપેક્ષાએ જીવની કસોટી કરે છે. ''જો તે નિર્મોહ થવા ઈચ્છે તો'' આ શબ્દો સૂચક છે. મોક્ષમી વાતો કરનારા ખરેખર મુક્ત થવા ઈચ્છે છે? જીવને ખરેખર સંસારના પરિભ્રમણનો ત્રાસ લાગવો જોઈએ ચાર ગતિ દુ:ખરૂપ છે એમ નહીં પરંતુ ઈન્દ્રિય સુખ પણ તેને દુ:ખરૂપ અનુભવમાં આવે તો જ તે પાછો ફરે. તો જ તે મુક્તિને ઈચ્છે. જ્યાં સુધી એ ન થાય ત્યાં સુધી તેને સ્વભાવ સન્મુખનો યોગ્ય માત્રામાં પુરુષાર્થ ન ઉપડે. હમણાં ફરી સુખના દિવસો આવશે એવી આશામાં તે દુ:ખના દિવસો પસાર કરી લે છે. વળી તે દુ:ખમાં પણ ટેવાય જાય છે. સીગરેટ પીનારા ઉધરસથી અને દમના દરદી શ્વાસની તકલીફથી ટેવાય જાય છે તે આપણા ખ્યાલમાં છે. નરકમાં જનારાને સૌ પ્રથમ તો એમ જ થાય કે આ નરકમાં કેમ રહેવાય? પરંતુ ત્યાં પણ આ જીવ ૩૩ સાગરની સ્થિતિએ અનેકવાર રહી આવ્યો છે. તેથી દુ:ખ અને સુખ તે જ તેનું જીવન છે તેમ તે સ્વીકારી લે છે. છ દ્રવ્યોમાં જીવ એક જ રાગ-દ્વેષને કરે છે અને ઈન્દ્રિય સુખ દુ:ખને અનુભવે છે. તેથી રાગને કરે અને સુખ-દુ:ખને અનુભવે તે જીવ એવું આપણે સહજપણે માનતા આવ્યા છીએ. શુદ્ધ જીવ એનાથી રહિત છે પરંતુ તે

વાત પોતાના જ્ઞાન-શ્રધ્ધાનમાં આવે અને પોતાની ભૂલ સુધારી લેવાની તૈયારી હોય તે જરૂરી છે. તેથી અહીં કહે છે કે જો જીવ નિર્મોહ થવા ઈચ્છે તો તેણે જિનાગમનો અભ્યાસ કરવો જોઈએ.

જિનાગમના અભ્યાસમાં અસાધારણ ગુણો મુખ્ય રાખ્યા છે. તેના વડે જ દરેક પદાર્થ બીજા પદાર્થથી જુદો ખ્યાલમાં આવી શકે છે. પંચાધ્યાયીમાં વ્યવહારનય અને સદ્‌ભૂત વ્યવહારનયનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. પદાર્થની એક સત્તા હોવાથી દ્રવ્યના અનંત ગુણોમાંથી કોઈ એક ગુણમાંથી પ્રવેશ કરીને દ્રવ્ય સ્વભાવ સુધી પહોંચી શકાય છે. દ્રવ્ય અભેદ છે અને ગુણ તેનો ભેદ છે. બન્નેની ખરેખર એક સત્તા છે માટે તે ભેદ અભેદને દર્શાવે છે એને વ્યવહાર નય કહ્યો. વસ્તુના વચન ગોચર ધર્મ દ્વારા વસ્તુની ઓળખાણ કરાવવી તે વ્યવહારનયનું પ્રયોજન છે.

વસ્તુનો અસાધારણ ગુણ વસ્તુને પર દ્રવ્યથી ભિન્ન દર્શાવે છે. અર્થાત્ એ ગુણ પોતાના દ્રવ્યને તો દર્શાવે પરંતુ તેને પરદ્રવ્યથી જુદો પણ પાડે. આ કાર્ય અસાધારણ ગુણ દ્વારા જ શક્ય છે. તેથી તેને સદ્‌ભૂત વ્યવહારનય કહ્યો છે. જ્ઞાન ગુણ આત્માને દર્શાવે કારણકે તે જીવનો ગુણ છે. વળી આત્માને અન્ય અચેતન દ્રવ્યોથી જુદો પાડવામાં પણ જ્ઞાન ગુણ ઉપયોગી છે. તેથી અનેક પર દ્રવ્યોમાંથી જ્ઞાન લક્ષણ વડે જીવને જુદો પાડવો. ત્યારબાદ ગુણ અને ગુણીની એક સત્તા હોવાથી તે જ જ્ઞાન ગુણ વડે પોતાના આત્મ સ્વભાવ સુધી પહોંચવું આ સદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન છે.

સ્વ અને પરને તેના લક્ષણથી ભિન્ન જાણવા અને જુદા પાડવા તેને માટે જીવના અને અન્ય દ્રવ્યોના અસાધારણ લક્ષણો ખ્યાલમાં લેવા જરૂરી છે. આ માર્ગ દર્શન પાત્ર જીવને જિનાગમમાંથી જ મળે છે.

અસાધારણ ગુણોની ઉપયોગીતા આ રીતે ખ્યાલમાં લઈને હવે જીવના અન્ય વિશેષ ગુણોનો વિચાર કરીએ તો તેઓ પણ ભેદજ્ઞાનમાં અસાધારણ ગુણને સહાયક છે. વિશેષ ગુણો એકથી અધિક દ્રવ્યોમાં છે પરંતુ બધા દ્રવ્યોના નથી હોતા. વિશેષ ગુણોમાં અસ્તિરૂપ અને નાસ્તિરૂપ એમ બે પ્રકારના ગુણો છે તેમાં અહીં નાસ્તિરૂપ ગુણો ઉપયોગી છે. એક દ્રવ્યના અસાધારણ ગુણનો પ્રતિપક્ષી ગુણ અન્ય પાંચ દ્રવ્યોમાં નાસ્તિરૂપ ધર્મરૂપે હોય છે. પુદગલમાં રૂપી ગુણો છે તો અન્ય પાંચ દ્રવ્યો અરૂપી છે. અરૂપીપણું એ નાસ્તિરૂપ ધર્મ છે. જીવ ચેતન સ્વભાવી છે અને અરૂપી છે. તેથી જીવ પુદ્‌ગલરૂપે નથી અને જીવરૂપે છે એમ ખ્યાલમાં આવે છે. આ રીતે અસાધારણ ધર્મો ઉપરાંત નાસ્તિરૂપ ધર્મો પણ જીવને પરદ્રવ્યથી ભિન્ન દર્શાવવામાં સહાયક છે.

ટીકામાં આચાર્યદેવ આ વાતને વિસ્તારથી સમજાવે છે. દરેક પદાર્થ સત્‌મય છે. સ્વતઃસિદ્ધ છે માટે શાશ્વત છે. જીવમાં સ્વ-પર પ્રકાશક સ્વભાવવાળો જ્ઞાન ગુણ છે. જીવના જ્ઞાન-દર્શન-ચૈતન્ય વગેરે ગુણો દ્રવ્યની જેમ જ શાશ્વત છે. તે ચૈતન્ય ગુણ દરેક જીવમાં અલગ અલગ છે. એ જ પ્રમાણે વિશ્વના બધા પદાર્થો પોતાના અનંત ગુણોને ધારીને શાશ્વત ટકનારા છે. વિશ્વના બધા પદાર્થો સ્વતંત્રતાથી શોભાયમાન છે. બધા દ્રવ્યો લોકમાં આકાશના એક ક્ષેત્રે સામાન્ય અવગાહરૂપે રહેલા છે. એક ક્ષેત્રાવગાહ સંબંધ સમયે પણ બધા પદાર્થો પોતાના ભિન્ન અસ્તિત્વને ટકાવીને રહેલા છે. એક પદાર્થ અંતર્ગત જે સંબંધો છે તે તાદાત્મ્યરૂપ છે. તે સિવાયના અન્ય બધા સંબંધોની જાત તદન જુદી છે. તેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ એવું એક નામ આપી શકાય, પોતાના સ્વભાવની મર્યાદામાં રહેવા માટે મારું તાદાત્મ્ય ક્યાં છે તેટલો જ વિચાર કરવા યોગ્ય છે. જ્યાં તાદાત્મ્યપણું નથી ત્યાં ભિન્નતા છે તેમ લક્ષમાં લેવું જરૂરી છે. એક ક્ષેત્રાવગાહ સંબંધ

સમયે દરેક પદાર્થની ભિન્નતા દર્શાવવા માટે આચાર્યદેવ એક ઓરડામાં રહેલા અનેક દીપકના પ્રકાશનો દૃષ્ટાંત આપે છે.

### ◆ ગાથા - ૯૧

**શ્રામણ્યમાં સત્તામયી સવિશેષ આ દ્રવ્યો તણી**
**શ્રદ્ધા નહીં, તે શ્રમણ ના; તેમાંથી ધર્મોદ્દ્ભવ નહીં. ૯૧.**

***જે (જીવ) શ્રમણપણામાં આ સત્તા સંયુક્ત સવિશેષ પદાર્થોને શ્રદ્ધાતો નથી, તે શ્રમણ નથી, તેનાથી ધર્મ ઉદ્દ્ભવતો નથી (અર્થાત્ તે શ્રમણાભાસને ધર્મ થતો નથી).***

દ્રવ્યલિંગ ધારણ કરનારને પણ ધર્મ લાભ થતો નથી એમ દર્શાવવા માગે છે.

''સાદૃશ્ય અસ્તિત્વ વડે સમાનપણું ધરતાં છતાં સ્વરૂપ અસ્તિત્વ વડે વિશેષ સહિત છે.''

દરેક પદાર્થ પોતાનું સ્વતંત્રપણું ટકાવીને રહેલ છે તે દરેક પદાર્થને સ્વરૂપ અસ્તિત્વ નામે ઓળખાવવામાં આવે છે. વિશ્વમાં આવા અનંત પદાર્થો છે. વિશ્વની સત્તાને સાદૃશ્ય અસ્તિત્વ કહે છે. વિશ્વ મહાસત્તા છે. તો પદાર્થો તેમાં અવાંતર સત્તારૂપે લક્ષગત થાય છે. જેમ દ્રવ્યની સત્તા પાસે બધા ગુણો એકબીજા સાથે સંબંધમાં જોવામાં આવે છે ત્યારે પણ જો ગુણભેદ તરફથી વિચારીએ તો દરેક ગુણ પોતાની સ્વતંત્રતા રાખીને રહ્યો છે. નિર્ગુણ દૃષ્ટિમાં બધા ગુણો પોતાના સ્વભાવને ટકાવીને રહ્યા છે. દ્રવ્યની સત્તા તરફથી જોતા ત્યાં કોઈ ગુણ અલગ ભેદરૂપે લક્ષમાં આવતો નથી. દ્રવ્યની એક સત્તા એકરૂપ સત્તા છે. ત્યાં દરેક ગુણો એકબીજા સાથે તાદાત્મ્યરૂપે જોવા મળે છે.

દ્રવ્ય અને ગુણ વચ્ચે જેમ મહાસત્તા અને અવાંતર સત્તારૂપ સંબંધ છે. તેમ વિશ્વને અને પદાર્થ વચ્ચે પણ એવો જ સંબંધ છે. વિશ્વ એક છે પરંતુ જે રીતે પદાર્થ એક જ છે એવી રીતે વિશ્વ એક નથી. વિશ્વનું એકરૂપપણું નાટકનારૂપે લક્ષમાં લેવું અદ્વૈત બ્રહ્મરૂપે નહીં.

આ ગાથામાં સાદૃશ્ય અસ્તિત્વને યાદ કરવાનું પ્રયોજન એ છે જયારે વિશ્વની સત્તાથી વિચારીએ છીએ ત્યારે તેમાં બધા પદાર્થો એકબીજા સાથે સંબંધમાં જોવા મળે છે. સંબંધરૂપે જીવ અને પુદ્દ્ગલને જોવાને ટેવાયેલા અજ્ઞાની જીવોને જીવ અને પુદ્દ્ગલના અલગ સ્વભાવનો ખ્યાલ નથી. જીવ અને પુદ્દ્ગલ બન્ને તદન અલગ જ છે. બન્ને વચ્ચે અસ્તિ-નાસ્તિ છે. તે ટકાવીને સંબંધમાં જરૂર આવે છે. પરંતુ અજ્ઞાનીને આવું નિર્દોષ બંધારણ જ્ઞાન શ્રધ્ધાનમાં આવતું નથી. અજ્ઞાની જીવ પણ શરીરથી ભિન્ન રહીને જ તેને જાણે છે પરંતુ અજ્ઞાની પોતાને ભૂલીને શરીર તે જ હું છું એવું પોતાના જ્ઞાન-શ્રધ્ધાનમાં લે છે. વિશ્વ નાટકરૂપે એક હોવાને કારણે વિશ્વના બધા પદાર્થો પોતાનું ભિન્ન અસ્તિત્વ ટકાવીને એકબીજા સાથે સંબંધમાં આવે છે. આવું બંધારણ જેના જ્ઞાન અને શ્રધ્ધાનમાં નથી તેને સ્વભાવ અને સંબંધ બન્નેમાં ભૂલ થાય છે. આ ભૂલને જ્ઞાન અપેક્ષાએ જ્ઞેય જ્ઞાયક સંકરદોષ કહેવાય છે અને શ્રદ્ધા અપેક્ષાએ ભાવ મિથ્યાત્વ કહેવાય છે.

ટીકામાં જે જીવને વિશ્વના બધા પદાર્થો આ રીતે રહેલા છે તેનો ખ્યાલ નથી. તે જીવ મુનિપણુ ધારણ કરીને પણ આત્માને દુઃખી કરે છે. તે ખરેખર શ્રમણ નથી.

દરેક ધર્મોમાં તેનું પાલન કરનારા સાધુઓ હોય છે, પરંતુ જિનાગમમાં જે મુનિપણાની વાત છે એવું બાહ્ય ચારિત્ર અન્ય ધર્મોમાં જોવા મળતું નથી. જિનાગમમાં તો ભાવલિંગ સહિત દ્રવ્યલિંગની વાત છે. સમ્યદૃષ્ટિ જીવને ભાવલિંગ હોય છે. તેને સ્વ-પરનો વિવેક છે. તેણે ભેદ જ્ઞાનના પ્રયોગ વડે પોતાના આત્માને જુદો પાડયો છે. જેને અંતરંગમાં

ત્રણ કષાયના અભાવપૂર્વકનું ભાવલિંગ છે તેને બાહ્યમાં પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત દેહ પરિગ્રહરૂપે હોય છે. ભાવલિંગ જીવને મુક્તિનું કારણ થાય છે. માત્ર દ્રવ્યલિંગ ધારણ કરનારા પોતાના દેહનું દમન કરે છે એમ નહીં પરંતુ આત્માને દુઃખ આપે છે. તેની માન્યતામાં શરીર અને જીવ એક જ હોવાથી શરીરને જે કષ્ટરૂપ છે તે પોતાને કષ્ટરૂપે લાગે છે. આ રીતે માત્ર દ્રવ્યલિંગ ધારણ કરવું એ નિરર્થક છે એમ સમજાવવામાં આવ્યું છે.

ટીકામાં ધૂળધોયાનું દૃષ્ટાંત છે. જ્યાં સોનાના દાગીના બનતા હોય ત્યાં સોનાની ઝીણી કણીઓ નીચે પડી જાય. જમીન ઉપર ધૂળ હોય તેમાં ભળી જાય. ધૂળધોયા તે ધૂળને ભેગી કરીને તેને ધૂએ છે, ત્યાં સોનાની કણી વજનદાર હોવાથી નીચે બેસી જાય છે અને ધૂળ પાણી સાથે નીકળી જાય છે. જેને ધૂળ અને સોનાની ખબર ન હોય તેમાં ભારે હલકાપણાનો વિવેક ન હોય તે કદાચ એવી ધૂળ ભેગી કરીને ધૂળધોયા જે ક્રિયા કરે છે એવી ક્રિયા કરે તોપણ તેને સુવર્ણની પ્રાપ્તિ થતી નથી. એ રીતે જેને સ્વ અને પરનો વિવેક નથી તેને બાહ્યમાં દ્રવ્યલિંગનું પાલન કરે તોપણ સ્વાનુભૂતિ અને મુક્તિની પ્રાપ્તિ થતી નથી.

### ◆ ગાથા - ૯૨

**આગમ વિષે કૌશલ્ય છે ને મોહદૃષ્ટિ વિનષ્ટ છે,**
**વીતરાગ-ચરિતારૂઢ છે, તે મુનિ-મહાત્મા 'ધર્મ' છે. ૯૨.**

***જે આગમમાં કુશળ છે, જેની મોહ દૃષ્ટિ હણાઈ ગઈ છે અને જે વીતરાગ ચારિત્રમાં આરૂઢ છે, તે મહાત્મા શ્રમણને (શાસ્ત્રમાં) ''ધર્મ'' કહેલ છે.***

જ્ઞાન તત્ત્વ પ્રજ્ઞાપનની આ છેલ્લી ગાથા શરૂ કરતાં પહેલા આચાર્યદેવે શાસ્ત્રની શરૂઆત કઈ રીતે કરી અને મુનિદશાની ભાવના કરતાં પોતે શુદ્ધોપયોગ, ઈન્દ્રિય અને અતીન્દ્રિય જ્ઞાન તથા સુખ, શુભોપયોગ વગેરે વર્ણન કરીને છેવટે મોહનો નાશ કરવાનો ઉપાય દર્શાવીને પોતે સ્વયં મુનિદશાને પામ્યા છે. આ રીતે પોતાના જીવન પ્રવાહમાં ઉપદેશને વણી લઈને હવે પોતે મુનિદશામાં સ્વયં ધર્મરૂપે (સામ્યભાવરૂપે) પરીણમ્યા છે. એ ભાવ આ ગાથામાં દર્શાવે છે.

સ્વયં ધર્મરૂપે પરિણમેલા મુનિરાજ પોતે જ ધર્મસ્વરૂપ છે. પાત્ર જીવોની એ પ્રકારની જ ભાવના રહેલી છે. જીવોને સંસાર વર્ધક અનેક પ્રકારની ઈચ્છા આકાક્ષાઓ હોય છે. તેમના આદર્શરૂપે સમાજમાં સારું સ્થાન અને નામ પામનારામાંથી કોઈને કોઈ હોય છે. એ બધા લૌકિક માન પામનારાઓ ખરેખર તો આઠ પ્રકારના મદથી મસ્ત બનેલા હોય છે. ટેનીસ રમનારને વિમ્બલડન ખાતે રમવાની અને ક્રિકેટ પ્રેમીને લોર્ડઝના મેદાનમાં રમવાની એક ભાવના હોય છે તેમ પાત્ર જીવો મુનિદશાની ભાવના ભાવે છે. પૂ. બહેનશ્રીના વચનામૃતમાં મુનિદશાને લગતાં કેટલા બોલ છે! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી. તેથી ટીકાકાર પ્રથમ જ લખે છે કે આ આત્મા સ્વયં ધર્મ થાય તે ખરેખર મનોરથ છે.

પોતાનું અજ્ઞાન ચાલુ રાખીને મુનિદશા અને મોક્ષની ભાવના કરવી એ સાચી ભાવના નથી. આવી સાચી ભાવના તો જ્ઞાનીને હોય છે. જેને વીતરાગી પરમાત્મા અને વીતરાગ દશા રુચે છે તે સમ્યગ્દર્શન અવશ્ય પ્રાપ્તિ કરે છે. શુદ્ધતાનો અંશ પ્રગટ થાય તેને તેમાં આગળ વધવાની ભાવના રહે છે. તે સાચા અર્થમાં મનોરથ છે. આવી દશા પ્રગટ થવામાં અવરોધક એક ભાવ મિથ્યાત્વ જ છે. અહીં તેને ''બહિર્મોહ દૃષ્ટિ'' એવું નામ આપ્યું છે. મોહને કારણે જેની દૃષ્ટિ સદૈવ બાહ્યમાં જ રહ્યા કરે છે તેને ભાવ મિથ્યાત્વ કહે છે. તે જીવ પોતાનું લક્ષ કરતો જ નથી. તે પોતાને કેમ જાણે સદાયને માટે ભૂલી ગયો હોય એ રીતનું જ તેનું વર્તન છે. તેને

પરદ્રવ્યનો પ્રેમ છે. પરમાં હુંપણું - મારાપણું અને હિતબુદ્ધિ વર્તે છે. જેમ વેશ્યાના પ્રેમમાં પડેલાને ઘર યાદ નથી આવતું તેમ અજ્ઞાની જીવ હંમેશા બાહ્યમાં જ ભટકે છે. તેને અજ્ઞાન ચેતનારૂપના પરિણામો છે. અર્થાત્ તેની ચેતન જાગૃતિ બાહ્ય વિષયો તરફ જ ઢળેલી છે, ઉપયોગને અંદરમાં લઈ જવામાં બાધક એક મિથ્યાત્વ જ છે. તે જ અનંત સંસારનું કારણ છે. પૂ. ગુરુદેવશ્રીના ૪૫ વર્ષના ઉપદેશનો વિચાર કરો તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કેમ થાય, મિથ્યાત્વ કેમ ટળે તે જ તેમના ઉપદેશનો કેન્દ્રવર્તી વિચાર હતો. આ ગાથામાં પણ પોતાનું મુનિપણું કેવું છે તેનું વર્ણન કરતાં કરતાં પણ એવી દશામાં હરકત કરનાર એક મોહ જ છે તે વાત ફરી તાજી કરાવે છે. પછી કહે છે કે મેં મારા મોહનો નિર્મૂળ નાશ કરી નાખ્યો છે. કઈ રીતે મોહનો નાશ કર્યો છે ? આગમ કૌશલ્ય અને આત્મજ્ઞાન વડે મેં મારા મોહનો ક્ષય કર્યો છે. તેથી ફરીને પોતે કયારેય અજ્ઞાની થવાના નથી એવી દૃઢતા દાખવે છે.

મોહના નાશનો ઉપાય ૮૧-૮૨ ગાથામાં દર્શાવ્યા બાદ ૮૬ ગાથામાં તેના પૂરકરૂપે શાસ્ત્ર પણ અભ્યાસ કરવા યોગ્ય છે એ જે વાત લીધી હતી તે અહીં ફરીથી રજૂ કરે છે. આગમમાં નિપુણતા અર્થાત્ આગમના રચનારાના મનોભાવને સમજીને તે શબ્દો વડે પોતે કઈ રીતે આત્મ કલ્યાણના માર્ગે આગળ વધી શકે તેનું લક્ષ કરીને તેનો પ્રયોગ કરવો. શબ્દો ગૌણ થાય અને તેનું વાચ્ય મુખ્ય થાય. આ રીતે આચાર્યદેવની આંગળી પકડીને તે જે માર્ગે પોતાને દોરી જાય તે માર્ગે જે ચાલે છે તેને આગમના અભ્યાસનો લાભ થયો એમ કહેવાય છે. શુદ્ધાત્માને મુખ્ય રાખીને જીવનું સ્વરૂપ, છ દ્રવ્ય અને નવ તત્ત્વનું સ્વરૂપ જાણે. પોતાના પરિણામમાં થતી ભૂલને લક્ષમાં લઈને સુધારતો જાય. પોતે સ્વતંત્ર ચિંતવન કરતો જાય પરંતુ સાથે આગમની ઓથ પણ રાખતો જાય. સ્વાધ્યાયની સાથો સાથ મનન પણ કરતો જાય જે રીતે પોતાને માર્ગની સુઝ પડતી જાય તે રીતે આગળ વધે તેને શાસ્ત્ર લાભનું કારણ થાય છે.

## આત્મજ્ઞાન

શાસ્ત્રની વાત લીધા બાદ આચાર્યદેવ આત્મજ્ઞાનની વાત કરે છે. શાસ્ત્રાભ્યાસનું ફળ સ્વાનુભૂતિ છે. સ્વાનુભૂતિ થતાં મિથ્યાત્વનો નાશ થાય છે. આત્મજ્ઞાન એ ભાવશ્રુત પ્રમાણ જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન એ દ્રવ્યશ્રુતનું જ્ઞાન છે. સ્વાનુભૂતિ પહેલા શાસ્ત્રજ્ઞાન હોય છે ખરું. પાત્ર જીવ ત્યાં ન અટકતા તેના વાચ્ય સુધી પહોંચી જાય છે. પહેલા પોતાના આત્માના ગુણ ભેદ વગેરેને અરૂપી તરીકે ભાવ ભાસનમાં લે છે અને બાદમાં અભેદ સ્વભાવમાં એકાગ્ર થતાં નયાત્મક શ્રુતજ્ઞાનનો અભાવ થઈને ત્યાં પ્રમાણજ્ઞાનની પ્રગટતા થાય છે. તે સાચું આત્મજ્ઞાન છે. આ રીતે જેને આગમ જ્ઞાન પૂર્વક આત્મજ્ઞાનની પ્રગટતા થાય છે તેને મોહનો નાશ થાય છે. તેને ફરીને મિથ્યાત્વ ઉત્પન્ન ન થાય એવો ભાવ દર્શાવવામાં આવ્યો છે.

આત્માના જ્ઞાન અને શ્રદ્ધાનપૂર્વક હવે પોતે વીતરાગ ચારિત્રને પ્રગટ કરીને મુનિદશા સુધી પહોંચ્યા છે. સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે, શરૂઆત છે. જયારે ચારિત્રને ખરેખર ધર્મ કહેવામાં આવ્યો છે. સમ્યગ્દર્શન થતાં અંશે આચરણ તો હોય છે. અહીં તો સ્વરૂપ લીનતામાં આગળ વધેલા એવા મુનિની વાત લેવામાં આવી છે. અજ્ઞાની પોતાના આચરણથી મિથ્યાત્વને દૃઢ કરે છે. જયારે જ્ઞાની પોતાના આચરણથી સમ્યગ્દર્શનની મજબૂતી કરે છે. ચારિત્રને વીતરાગ ચારિત્ર કહ્યું છે. સાધકને પર્યાયમાં અંશે શુદ્ધતા અને અંશે અશુદ્ધતા રહેલા છે. મોક્ષમાર્ગની પર્યાયને મોક્ષનું કારણ કહેવાય છે. એ એક સમયની મોક્ષમાર્ગની પર્યાયમાં જેટલી શુદ્ધતા છે તે ખરેખર મુક્તિનું કારણ છે. શુદ્ધતાની

દશાને અનુરૂપ જે શુભભાવો હોય છે તે પરમાર્થે બંધમાર્ગ છે. જ્ઞાની સ્વભાવના આશ્રયે તે રાગ ભાવનો ક્રમશઃ અભાવ કરતો જાય છે. રાગના સ્થાને વીતરાગતાના અંશો પ્રગટ થતા જાય છે અને વૃદ્ધિગત થાય છે. મુનિદશાને યોગ્ય જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધતાને સામ્ય અથવા ધર્મ એવું નામ આપવામાં આવ્યું છે.

મુનિદશામાં પોતાના પરિણામ સ્થિર થયા છે. રાગ રહિતનું જ્ઞાન હવે નિષ્ક્રય પ્રકાશી રહ્યું છે. ચોથા ગુણસ્થાનની નિર્વિકલ્પ દશાને સિદ્ધ દશા સાથે સરખાવવામાં આવી છે. જયારે અહીં તો મુનિદશાથી વાત છે. દેહને પ્રાપ્ત પાંચ ઈન્દ્રિયોનો ઉપયોગ બાહ્ય વિષયોને ગ્રહણ કરવા માટે કરવામાં હવે તેને રસ નથી તેથી તે મૃતપ્રાયઃ જેવી છે. ઉપયોગ અંદરમાં આવતા અતીન્દ્રિય આનંદ અનુભવે છે માટે ત્યાં હવે ઉપયોગ જામી જાય છે એવો ભાવ દર્શાવે છે. પોતાને કૃતકૃત્ય અનુભવે છે. બુદ્ધિપૂર્વક જે કરવા જેવું હતું તે થઈ ગયું છે ખરેખર તો બારમાં અને તેરમાં ગુણસ્થાને જીવ કૃતકૃત્ય છે. પરંતુ અહીં મુનિદશામાં એ વાત લીધી છે. સાતમાં ગુણસ્થાન પછી તો નિર્વિકલ્પતા જ છે. ત્યાં બુદ્ધિપૂર્વકનું કોઈ કાર્ય નથી. અર્થાત્ હું આ પ્રમાણે કરું એવું મનના સંગે કરવાનું રહ્યું નથી. આ અપેક્ષાએ મુનિ પણ પોતાને કૃતકૃત્ય માને છે. દષ્ટાંતઃ સોનાને શુદ્ધ કરવા માટે અગ્નિ ઉપર મૂકવામાં આવે છે. એક સ્થિતિએ તેને અગ્નિની આંચ આપવાનું બંધ કરવામાં આવે છે. સોનું પોતે જ ગરમ થયું છે તેથી તેની ગરમીમાં અલ્પ બાકી રહેલી અશુદ્ધિ નાશ પામી જાય છે. બહેનો કુકરમાં રસોઈ કરે ત્યારે ચૂલા ઉપરથી નીચે ઉતારીને તુરત ઢાકણું નથી ખોલતા. અંદરની ગરમીથી થોડું વધારાનું કામ થઈ જાય છે.

મુનિરાજે આ રીતે કૃતકૃત્યપણું અનુભવીને વિકલ્પ તોડી નાખ્યા. એ પ્રમાણે અન્યને ઉપદેશ દેવાનો વિકલ્પ પણ તોડી નાખે છે પરંતુ હજુ એક વિકલ્પ રહી જાય છે તે રજૂ કરે છે. બધા જીવોને જે લાભનું કારણ છે એવો સ્યાદવાદ મુદ્રિત જૈનેન્દ્ર શબ્દબ્રહ્મ તે જયવંત વર્તે એવો વિકલ્પ એવી ભાવના વ્યક્ત કરે છે. વિશ્વના વિષે તીર્થંકરો, મુનિરાજ અને આગમ જયવંત જ છે પરંતુ જેનાથી પોતાને અને સર્વને લાભ થાય છે એવો શબ્દબ્રહ્મ જયવંત રહે તેવી ભાવના વ્યક્ત કરે છે. સર્વજ્ઞનું જ્ઞાન, તે અનુસાર દિવ્યધ્વનિ, ગણધર દેવો અને અન્ય આચાર્યોનું જ્ઞાન અને તે અનુસાર બાર અંગ અને આગમોની રચના આ બધું જિનેન્દ્ર ભગવાનની પરંપરારૂપે જયવંત વર્તો એવો ભાવ દર્શાવવામાં આવ્યો છે.

આગમનો મહિમા કરીને પછી કહે છે કે શબ્દબ્રહ્મ મૂલક આત્મતત્ત્વ ઉપલબ્ધિ જયવંત વર્તો શાસ્ત્ર સ્વાધ્યાયનું ફળ સ્વાનુભૂતિ છે ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. શાસ્ત્ર સ્વાધ્યાય કરીને તે શબ્દો વાચક થઈને જે વાચ્ય એવા પોતાના આત્મસ્વરૂપને દર્શાવે છે. તે સ્વરૂપને જાણવું તે શાસ્ત્ર સ્વાધ્યાયનું પ્રયોજન છે. સ્વાનુભવ થાય ત્યારથી મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. પછી કહે છે તે સ્વાનુભવ કરીને જે વીતરાગ ચારિત્રનું પાલન કરે છે તે સામ્યભાવ અને ધર્મને પામે છે તેથી તે મુનિદશા જયવતં વર્તો એવો ભાવ દર્શાવે છે. આ રીતે ભગવાનની વાણી, સ્વાનુભવ અને મુનિદશા એ બધા કારણ કાર્યરૂપે લક્ષમાં લઈને આ બધું જયવંત વર્તો એવો ભાવ દર્શાવવામાં આવ્યો છે.

## શ્લોક - ૬

***આત્મારૂપી અધિકરણમાં રહેલા (અર્થાત્ આત્માના આશ્રયે રહેલા) જ્ઞાન તત્ત્વનો એ રીતે યથાર્થપણે નિશ્ચય કરીને, તેની સિદ્ધિને અર્થે (કેવળજ્ઞાન પ્રગટાવવા અર્થે) પ્રશમના લક્ષે (ઉપશમ પ્રાપ્ત કરવાના હેતુથી) જ્ઞેય તત્ત્વ***

***જાણવાનો ઈચ્છક (જીવ) સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે કે જેથી મોહાંકુરની બિલકુલ ઉત્પત્તિ ન થાય.***

જ્ઞાન તત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર પૂર્ણ થાય છે અને હવે જ્ઞેય તત્ત્વ પ્રજ્ઞાપન શરૂ થાય છે. તેથી તેની સંધિરૂપે આ શ્લોક લેવામાં આવ્યો છે. આ અધિકારમાં આચાર્યદેવે જ્ઞાનનું મુખ્યપણે વર્ણન કર્યું. કેવળજ્ઞાનને જ જ્ઞાનરૂપે દર્શાવ્યું. અન્ય મતિ-શ્રુતાદિ જ્ઞાન તે જ્ઞાન જ નથી એ રીતે સમજાવ્યું. જ્ઞાન કેવી રીતે કાર્ય કરે છે એ સમજાવ્યું. પરથી જુદા રહીને જ્ઞાન પરને કઈ રીતે જાણે છે વગેરે વિસ્તારથી સમજાવવામાં આવ્યું ત્યારે પાત્ર જીવને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની ભાવના થઈ. આ અધિકારમાં મોહના નાશનો ઉપાય દર્શાવવામાં આવ્યો છે. મોહનો નાશ કરવો એટલે ઔદયિક ભાવોના સ્થાને ઔપશમિક ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવોની પ્રગટતા કરવી. તેથી કહે છે કે 'પ્રશમના લક્ષે' એટલે કે શુદ્ધ પર્યાયને પ્રગટ કરવા માટે હવે એ પાત્ર જીવને જ્ઞેયનું સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા થઈ છે.

જ્ઞેય શબ્દ સાંભળતા સહજપણે આપણું જ્ઞાન પરજ્ઞેય તરફ જાય છે કારણકે આપણે અનાદિ કાળથી પરદ્રવ્યને જ જાણ્યા છે. તેથી એમ લાગે કે જેમ જીવને જ્ઞાનરૂપી અસાધારણ લક્ષણ વડે જાણ્યો તેમ હવે અન્ય પાંચ દ્રવ્યોને પણ તેના અસાધારણ લક્ષણ વડે જાણીએ. દરેક પદાર્થને આ રીતે તેના અસાધારણ લક્ષણ વડે જાણવાથી સ્વ-પરનું ભેદજ્ઞાન સુગમ થાય. સ્વને સ્વરૂપે અને પરને પરરૂપે જાણવા જરૂરી છે એવી વાત આપણા ખ્યાલમાં છે. વળી શબ્દો પડયા છે કે ''સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત'' જાણે છે. તેથી આપણી માન્યતાને અનુરૂપ એ વાત આવી એવું લાગે છે. આ રીતે સ્વ-પરને જ્ઞાનમાં લેવાથી બેને એક માનવારૂપ મોહ ઉત્પન્ન ન થાય એ પ્રયોજન દર્શાવવામાં આવ્યું છે.

હવે આજ વાતને બીજી રીતે વિચારીએ. સર્વ પદાર્થોના જ્ઞાનમાં સ્વ અને પર બન્ને આવે છે. જીવને જ્ઞાન સ્વભાવી કહ્યો તેથી જીવનું સ્વરૂપ લક્ષમાં આવી ગયું એવું આપણે માની લીધું. હવે વિચારો આપણે કયારેય આપણા આત્માને સ્વજ્ઞેય બનાવ્યો છે? ''જ્ઞાન માત્ર આત્મા'' શબ્દથી અનંત શક્તિથી ભરેલો એવો જ્ઞાયક એ રીતે ખ્યાલ કર્યો છે? અનેકાંત સ્વરૂપ આત્માને અનેકાંતરૂપે જોવાની દરકાર કયારેય કરી છે? જ્ઞાનમાં ઉછળતી ૪૭ શક્તિઓની (ખરેખર તો અનંત) વાત વાંચીને પોતાનામાં એવી શક્તિઓ ખરેખર છે કે નહીં તેની ચકાસણી કરવાનું કયારેય મન થયું છે ખરૂં? આ રીતે વિચારશો ત્યારે ખ્યાલ આવશે કે આચાર્યદેવ ખરેખર તો પોતાના આત્માને સ્વજ્ઞેય બનાવવાની વાત કરે છે. જે ઉપયોગ બહાર છે તેને અંદર લાવવાની વાત કરે છે. અંદરમાં ખજાનો ભર્યો છે. જ્ઞાનીઓએ પોતાના એ નિધાનને જોયા છે. જ્ઞાનીઓને તેનો મહિમા છે, તેનું વર્ણન કરતાં તેને શબ્દો ઓછા પડે છે. તેના ગુણ ગાન ગાતા તે થાકતા નથી, તેથી હવે પછીના અધિકારમાં જ્ઞેય તત્ત્વ પ્રજ્ઞાપન અધિકારમાં આચાર્યદેવ પોતાના આત્માનું અંતરંગ સ્વરૂપ દર્શાવે છે. વિશ્વમાં જીવનું એક પદાર્થરૂપે સ્થાન છે. તે શાશ્વત સત્તા છે. એવો જીવ નામનો હું એક પદાર્થ છું જે વિશ્વના અન્ય અનંત પદાર્થોથી અલગ મારું એક સ્વતંત્ર સ્થાન સંભાળીને રહેલો છું. હું એક સ્વતંત્રતાથી શોભાયમાન પદાર્થ છું. પરથી વિભક્ત એવો હું અંતરંગમાં એકત્વ સ્વરૂપ છું. પરથી ભિન્ન એવો 'એક' જીવ અનેકાંત સ્વરૂપ હોવાથી 'એકત્વ' સ્વરૂપ છે. જીવ નામના પદાર્થમાં જે કાંઈ છે તે બધું તાદાત્મ્યરૂપ છે. કથંચિત અતદ્‌ભાવ દર્શાવતા ભેદો પણ તાદાત્મ્યરૂપે રહેલા છે. આવું અંદરનું રહસ્યમય બંધારણ આચાર્યદેવ આ જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકારમાં આપણને સમજાવવાના છે. ✤✤✤